:: અનુક્રમણિકા ::


| ક્રમ | વર્ષ | અંક | વિષય | પે.નં. |
|---|---|---|---|---|
| ૧. | ૧૭ | ૪૩ | **ધ્યાન અને જીવન** | ૧ |
| ૨. | ૧૭ | ૪૩ | મંત્રી કલ્પક | ૬ |
| ૩. | ૧૭ | ૪૪ | જાપમાં મન કેમ પકડાય ? | ૧૩ |
| ૪. | ૧૭ | ૪૪ | સ્વાધ્યાય અને ધ્યાન | ૧૬ |
| ૫. | ૧૭ | ૪૫ | કોણિક કેમ ડુબ્યો ? | ૧૯ |
| ૬. | ૧૭ | ૪૬ | મનને પવિત્ર કરનારી ભાવનાઓ | ૩૦ |
| ૭. | ૧૭ | ૪૭ | રોગમાં આર્તધ્યાન કેમ નહિ ? | ૩૯ |
| ૮. | ૧૭ | ૪૮ | બીજાનો ઝગડો જોવામાં સમકિતનો નાશ | ૪૨ |
| ૯. | ૧૭ | ૪૮ | શુભ કાર્ય માટે બે તત્ત્વ જરૂરી, | ૪૮ |
| ૧૦. | ૧૮ | ૧ | સ્વ.પૂ. ગુરુદેવને શાસ્ત્ર મોંઢે | ૫૨ |
| ૧૧. | ૧૮ | ૧ | આર્તધ્યાનનાં લક્ષણો | ૫૬ |
| ૧૨. | ૧૮ | ૨ | મમ્મણને પૂર્વભવના શોકના ગુણાકાર | ૫૮ |
| ૧૩. | ૧૮ | ૩ | શેઠના બંગલાનું દૃષ્ટાન્ત | ૬૬ |
| ૧૪. | ૧૮ | ૪ | માનવજીવનમાં શું કરવાનું ? | ૭૮ |
| ૧૫. | ૧૮ | ૪ | દ્વારિકા નગરીના બધાયલોકોના કર્મ બળવાન | ૭૯ |
| ૧૬. | ૧૮ | ૫/૬ | ધર્મપ્રવૃત્તિમાં રાગદ્વેષ ? | ૮૪ |
| ૧૭. | ૧૦ | ૨૨ | **• ચિંતા ચાર પ્રકારની •** | ૯૧ |
| ૧૮. | ૧૦ | ૨૨ | કુચિંતાથી અંતે દુર્દશા | ૯૩ |
| ૧૯. | ૧૦ | ૨૩ | ચરમાવર્તમાં આત્મચિંતા | ૧૦૨ |
| ૨૦. | ૧૦ | ૨૪ | ચન્દ્રકાન્તની કથા | ૧૦૯ |
| ૨૧. | ૧૦ | ૨૪ | જિનવચનની ભાવના | ૧૧૨ |
| ૨૨. | ૧૦ | ૨૫ | ધર્મની નિશાળના વર્ગો | ૧૧૮ |
| ૨૩. | ૧૦ | ૨૫ | જુદાં જુદાં દર્શનોનું કારણ | ૧૨૧ |
| ૨૪. | ૧૦ | ૨૫ | આપમતિનાં કારણ | ૧૨૫ |
| ૨૫. | ૧૦ | ૨૬ | મહાપુરુષોના ભાવ મન પર લાવો | ૧૨૮ |
| ૨૬. | ૧૦ | ૨૬ | **૨. કામચિંતા** | ૧૩૨ |





| | | | | |
|---|---|---|---|---|
| ૨૭. | ૧૦ | ૨૬ | વિષય-કષાય કેમ ઘટે ? | ૧૩૭ |
| ૨૮. | ૧૦ | ૨૭ | રાજા દીવાનો બન્યો | ૧૩૯ |
| ૨૯. | ૧૦ | ૨૭ | ખોટો વિચાર અટકાવવા શું કરવું ? | ૧૪૩ |
| ૩૦. | ૧૦ | ૨૮ | વિષયરસની સજા | ૧૪૯ |
| ૩૧. | ૧૦ | ૨૮ | ફોજદારને જેલમાં | ૧૫૫ |
| ૩૨. | ૧૦ | ૨૯ | વિષયચિંતાના અનર્થ | ૧૬૧ |
| ૩૩. | ૧૦ | ૨૯ | **૩. અર્થચિંતા** | ૧૬૩ |
| ૩૪. | ૧૦ | ૨૯ | દેગુશાનો પ્રસંગ | ૧૬૭ |
| ૩૫. | ૧૦ | ૩૦ | અર્થચિંતાથી ૩ અનર્થ | ૧૭૬ |
| ૩૬. | ૧૦ | ૩૨ | લક્ષ્મીદેવીનો શ્રાપ | ૧૯૧ |
| ૩૭. | ૧૦ | ૩૨ | **૪. પરચિંતા** | ૧૯૪ |
| ૩૮. | ૧૦ | ૩૩ | પ્રભંજના સતીનો પ્રસંગ | ૨૦૭ |
| ૩૯. | ૧૦ | ૩૪ | જ્ઞાન-ધ્યાન એટલે ? | ૨૧૩ |
| ૪૦. | ૧૦ | ૩૪ | સૂત્રાર્થ-પારાયણ એ મહાન ધ્યાનયોગ | ૨૧૯ |
| ૪૧. | ૧૦ | ૩૫ | જડ-ચેતનની વિચિત્રતા વિચારવાથી રાગ ઘટે | ૨૨૫ |
| ૪૨. | ૧૦ | ૩૬ | બાપમરી દીકરો થઈ મૌન | ૨૨૮ |
| ૪૩. | ૧૦ | ૩૬ | યશોમતીનો પ્રસંગ | ૨૩૩ |
| ૪૪. | ૧૦ | ૩૭ | પરમાત્મપૂજામાં ચોકસાઈ | ૨૩૯ |
| ૪૫. | ૧૦ | ૩૭ | ગુરુવચન એ પ્રભુવચન | ૨૪૩ |
| ૪૬. | ૧૦ | ૩૮ | યાત્રામાં આપણો વિચાર | ૨૪૮ |
| ૪૭. | ૧૦ | ૩૮ | મંત્રી સુબુદ્ધિ અને રાજાની દીક્ષા | ૨૪૯ |
| ૪૮. | ૧૦ | ૩૮ | પરચિંતાથી બચવું હોય તો | ૨૫૪ |
| ૪૯. | ૧૦ | ૩૯ | નરકની ઘોર વેદના | ૨૬૧ |
| ૫૦. | ૧૦ | ૩૯ | વીતરાગદર્શન કે સરાગદર્શન ? | ૨૬૩ |
| ૫૧. | ૧૦ | ૪૦ | પરમાત્મા પ્રત્યે કૃતજ્ઞતા | ૨૭૨ |
| ૫૨. | ૧૦ | ૪૧ | સ્વાર્થભોગના આનંદ-નાશવંત | ૨૭૯ |
| ૫૩. | ૧૦ | ૪૧ | મનની અજોડ પ્રાપ્તિ | ૨૮૨ |
| ૫૪. | ૧૦ | ૪૧ | સડકનો ઉપકાર કે સડક બનાવનારનો ? | ૨૮૩ |
| ૫૫. | ૧૦ | ૪૧ | કૃતજ્ઞતા પર નિરાશંસભાવ | ૨૮૮ |
| ૫૬. | ૧૦ | ૪૨ | 'એમાં શું ?' માંથી મહાઅનર્થ | ૨૯૪ |
| ૫૭. | ૧૦ | ૪૨ | લોકોત્તર ભાવ કોને કહે છે ? | ૨૯૮ |
| ૫૮. | ૧૦ | ૪૪ | ધર્મસાધના ધર્મસંજ્ઞાથી કરો,<br>ચાતુર્માસિક આરાધના કયારે જામે ? | ૩૦૧ |

# ધ્યાન અને જીવન

**ખોટા વિચાર કેમ અટકે ?**

-માનવમન એ મહામૂડી છે એની બરાબર કિંમત સમજાય તો અતિઊંચી મનમૂડીને આડાઅવળા યા કષાયોના વિચારમાં વેડફી નાખતાં આંચકો લાગે, મન માત્ર વેડફાતું નથી, પરંતુ મહા નુકસાનમાં ઊતરે છે. એનો આંચકો ન લાગે ? આઘાત ન લાગે ? બોલો, આવો અનુભવ કયારે ય કર્યો છે ખરો કે કોઇ એવા ફજુલ વિચાર યા રાગ-દ્વેષાદિમાં મન પડયું ને પછી આઘાત લાગ્યો કે અરર ! આ મેં શું કર્યું ? જો આવો આંચકો લગાડતા જાઓ, તો કંઇક કંઇક સાવધાની આવતી જશે, ને મન ખોટા વિચારમાં ચડવા જાય ત્યાં એને અટકાવવા પ્રયત્ન થશે, અને બીજી બાજુ તત્ત્વનું ચિંતન ચાલુ કરાશે, જેથી પેલો વિચાર ભૂલાશે, બાજુએ પડયો રહેશે. એમ જયારે જયારે અવકાશ મળ્યો કે તરત તત્ત્વ ચિંતનનો અભ્યાસ રખાશે. માત્ર આટલું સમજી રાખવાનું કે માનવમન એ મહામૂડી છે એનો વારે વારે તત્ત્વચિંતનથી સદુપયોગ કરી લઉં, એને ફજુલ અથવા કષાયના વિચારમાં વેડફી ન નાખું.

**કયા કયા તત્ત્વને કેમ લગાડવું ? :-**

બસ આટલો નિર્ધાર કરી રાખ્યો, પછી તો જીવનમાં બનતા પ્રસંગે પ્રસંગને તત્ત્વની દ્રષ્ટિથી જોવાનું બનશે. જીવ યા અજીવ, બંનેમાંથી કોઇ એક તત્ત્વ ત્યાં લાગુ તો થાય જ. એટલે પ્રસંગને જીવના કે અજીવના ગુણ-સ્વભાવ-ખાસિયતની દ્રષ્ટિથી નિર્લેપપણે વિચારી શકાય અથવા પુણ્ય કે પાપ બંનેમાંથી કોઇ એકના ઉદયની દ્રષ્ટિથી જોઇ શકાય કે પુણ્યોદય છે યા પાપોદય. અથવા,

આશ્રવ કે સંવર બેમાંથી એકનો વિચાર થઇ શકે. કેમકે પ્રસંગને કાં પાપસ્થાનરૂપ બનાવાય, યા ધર્મ પ્રસંગરૂપ. દા. ત. ઋતુની ગરમી પર વિચાર આવ્યો તો જોવાય કે જો આમાં મનને ઉદ્વેગ થયો કે હાય ! બહુ ગરમી ! તો આ વિચાર કષાયકારી બનવાથી આશ્રવના પ્રસંગરૂપ થશે. એના બદલે જો મનને એમ થયું કે ચાલો, આ એક પરિષહ સહવાની તક મળી. ગરમી સહવી તો પડવાની જ છે. પછી ઊંધો વિચાર ઉદ્વેગ શા માટે કરવો ? ગરમીનો પરિષહ વધાવી લઇ સારી રીતે સહી લેવાય તો એ સંવર તત્ત્વ બની જાય.

એમ બનતા પ્રસંગને બંધ કે નિર્જરા, બેમાંથી એક તત્ત્વની દ્રષ્ટિએ જોઇ



શકાય. દુન્યવી સુખ મળ્યું ત્યાં વિચારી શકાય કે જીવ ! ધ્યાન રાખજે, આમાં મળેલા સુખના પ્રમાણમાં પુણ્યકર્મ ભોગવાઇને ખત્મ થઇ જવાનું, એ તો નિશ્ચિત વાત છે. હવે જો દિલમાં વૈરાગ્ય, દયા, દાન, દેવગુરુભક્તિ વગેરેનો શુભ ભાવ રાખીશ તો શુભ કર્મનો બંધ થશે, અને સ્વાર્થ, મમતા, નવો વેપાર, નવો આરંભ-સમારંભ વગેરેનો વિચાર લાવીશ તો અશુભ કર્મનો બંધ થશે.

એમ કોઇ સેવાનો પ્રસંગ આવ્યો, ત્યાં જો જીવ ઉપેક્ષા-આંખ મિચામણા કરવા જાય, તો સ્વાર્થાંધતાના વિચારને લીધે કર્મબંધ થાય, ને હોંશથી સેવા ઉપાડી લે તો કર્મનિર્જરાને અવકાશ મળે.

**આશ્રવ-સંવર તરફ ગ્લાની-આંનદ :-**

કહેવાનું તાત્પર્ય આ છે કે નવ તત્ત્વમાંના કોઇ ને કોઇ તત્ત્વને પ્રસંગ-પ્રસંગમાં લાગુ કરી શકાય, ઉતારી શકાય. ત્યાં હેય તત્ત્વના હિસાબે ગ્લાનિ અને ઉપાદેય તત્ત્વના હિસાબે આનંદ સાથે રહે, તો એ તત્ત્વ-વિચાર સાચું તત્ત્વચિંતન બને. કોરા સર્ટિફિકેટથી ન ચાલે. કોરા હૃદયે કહી દીધુ કે આ આશ્રવનો પ્રસંગ છે કે નિર્જરાનો પ્રસંગ છે. આટલેથી ન ચાલે. સાથે હૃદયને ઉદ્વેગ યા આનંદનું વલણ થાય. જો બંધ કે આશ્રવ છે એ વિચારની સાથે ગ્લાનિ હોય, એમ સંવર યા નિર્જરાનો પ્રસંગ છે તો એવા વિચારની સાથોસાથ આનંદનો ભાવ હોય. ત્યારે એ સાચું તત્ત્વચિંતન બને.

**આશ્રવના વિચાર સાથે ગ્લાનિ : કુમારપાળ :-**

મહારાજા કુમારપાળને કુબેર શેઠની સંપત્તિ જોવા જવાનો પ્રસંગ આવ્યો. ગયા, અને નજીક પહોંચતા સાથેના માણસો કહે છે,

મહારાજા ! આ સામે ઊંચે ધજાઓ ઊડતી દેખાય છે એ કુબેર શેઠની હવેલીઓ ઉપરની ધજાઓ છે.

ત્યાં કુમારપાળ રાજાને એ અનિત્ય અજીવ તત્ત્વ તરીકે દેખાય છે, સાથે એના મોહ પ્રત્યે ગ્લાનિ થાય છે, એટલે એ કહે છે, જુઓ આ ધજાઓ ફરફર થઇને કહી રહી છે કે આ મહેલાતનો સંયોગ અનિત્ય છે, એક દિ ફરફર થઇને ઊડી જવાનો છે.

હજુરિયાઓ સાંભળીને સ્તબ્ધ થઇ ગયા. કેમકે એમને તો આ હવેલીઓની કતાર જોઇને મનમાં રાગનાં ગિલગિલિયાં થતાં હતાં, અને અહીં તો વૈરાગ્યનું વચન સાંભળવા મળ્યું. એવું અંદર જતાં હાથીઓની કતાર વગેરે અઢળક સંપત્તિ અંગે પણ કુમારપાળ રાજાનાં વચન વૈરાગ્યભર્યા જ સાંભળવા મળ્યાં.

આ હતી કુમારપાળ રાજાની તત્ત્વવિચારણા. ગુરુ શ્રીહેમચંદ્રસૂરિજી મહારાજ

પાસેથી તત્ત્વનો બોધ મળ્યા પછી અંતરમાં એવો ઊઘાડ થઇ ગયો કે કોઇ પણ દર્શન, શ્રવણ કે સ્મરણચિંતન તત્ત્વની દ્રષ્ટિએ જ ચાલે. ત્યારે તો એનો પ્રભાવ એ પડયો કે સંસારને ત્રણ ભવમાં જ મર્યાદિત કરી દીધો ! વધારામાં ગણધર પદવી નક્કી થઇ. કેમ ? તત્ત્વચિંતન સાથેનો કરુણાભાવ એટલો ઊંચો હતો કે પોતાની અઢાર દેશની પ્રજાને જુગાર-શિકાર વગેરે સાત વ્યસનો અને હિંસાના પાપથી બચાવી, જેથી કેમ એ ક્રમશઃ જિનશાસનરસિક થઇ મોક્ષમાર્ગે ચડી જાય.

**જિન-ગણધર-કેવળી કેમ બને ?**

**'પંચસંગ્રહ'** શાસ્ત્ર કહે છે કે જગતના જીવોને મોક્ષમાર્ગે ચડાવવાની કરુણાભાવના પ્રગટે તો તીર્થંકર નામકર્મનું પુણ્ય ઉપાર્જિત થાય છે, અને દેશ - જ્ઞાતિ-કુટુંબને પ્રભુશાસનના માર્ગે ચડાવી તારવાની કરુણા જાગે તો ગણધરપણાનું પુણ્ય ઊભું થાય છે. ત્યારે જો પોતાના આત્માને તારવાની ભાવના જાગે તો એ ક્રમશઃ મુણ્ડ કેવલી થાય છે, અર્થાત્ પોતે કેવળજ્ઞાન ઉપાર્જી જાતનો ઉદ્ધાર કરનાર બને છે. કુમારપાળ મહારાજાએ પોતાના રાજયની પ્રજાની કરુણા ચિંતવી, ગણધર પદનું પુણ્ય ઉપાર્જ્યું.

**કરુણા આગળ પૈસા શી વિસાતમાં ? :-**

સહેલું કામ છે ? પ્રજામાં કેઇ જુગારી-શિકારી-માંસાહારી હોય, હિંસા કરનાર ખાટકીઓ પારધી, માછીમારો હોય, એમના મન વધારી એ બધા પાપ બંધ કરાવવા એ કામ ભારે કઠિન છે. એ બધાને આજીવિકાનો પ્રબંધ કરાવવો પડે ને ? કેટલો ખર્ચ થાય ? પરંતુ દિલમાં જીવો પ્રત્યે ભાવકરુણાનો ધોધ ઊછળ્યા પછી પૈસાનું શું મહત્ત્વ છે ?

સર્વજ્ઞ ભગવાન શ્રી જિનેશ્વરદેવે પ્રકાશેલાં જીવ અજીવ વગેરે તત્ત્વોનું જ્ઞેય-હેય-ઉપાદેય તરીકે ચિંતન અભ્યસ્ત થાય ત્યાં દ્રવ્ય-ભાવ કરુણા સહેજે આવે. સમકિતના પાંચ લક્ષણમાં આસ્તિક્ય ઉત્પન્ન થયા પછી અનુંકપા પ્રગટે છે. તત્ત્વચિંતન કોરું ન ચાલે.

**જયારે ખરેખર તત્ત્વચિંતન કરવું છે, તો જ્ઞેય-હેય-ઉપાદેય તરીકે ધરીને જ તત્ત્વનું યર્થાથ ચિંતન થાય.** ત્યાં અમૈત્રીભાવ, અપ્રમોદભાવ વગેરેને કમમાં કમ તત્ત્વચિંતન કાળ પૂરતું અલગ જ રાખવા પડે. આમાં દા.ત. અમૈત્રી નડતી હોય, દ્વેષ-ઈર્ષ્યા નડતી હોય, તો એ હટાવવા મૈત્રી-પ્રમોદ ભાવ કેળવવા પડે. એ હોય તો જ તત્ત્વચિંતન સાચું ચાલે.

બસ, મોક્ષ માટેના પાંચ યોગ પૈકી પ્રથમ પાયાના અધ્યાત્મયોગમાં તત્ત્વચિંતન કર્તવ્ય છે. એ તત્ત્વ જ્ઞેય-હેય-ઉપાદેય તરફ દિલમાં એને એને અનુરૂપ વલણ



રાખીને કરાવું જોઇએ.

અહીં મન એક બચાવ કરવા પ્રેરાય કે,

**પ્ર.**- તત્ત્વની શ્રદ્ધા સાથે તત્ત્વચિંતન કરાય ત્યાં અંતરાત્મામાં રાગાદિ દોષો તો હજી બેઠા હોય છે એટલે મૈત્રી-કરુણાને બદલે અમૈત્રી, કઠોરતા સંભવી શકે છે. અલબત્ત 'એ દોષો સારા છે. કરવા જેવા છે.' એવું ન લાગે, પણ ત્યાજય લાગે, પછી શો વાંધો ?"

ઉ.- આપણું મન ચોર છે એટલે આવો બચાવ કરવા પ્રેરાય, અને દિલમાં વૈર-વિરોધ, ઈર્ષ્યા વગેરે હોવા છતાં તત્ત્વચિંતન પર અધ્યાત્મનો સિક્કો લગાવે.

પરંતુ અહીં યોગબિંદુ શાસ્ત્રમાં અધ્યાત્મયોગની વ્યાખ્યામાં તત્ત્વચિંતન સાથે અહિંસાદિ વ્રત અને મૈત્રીભાવ આદિ ભાવને સામેલ કરેલ છે, તે સૂચવે છે કે અધ્યાત્મયોગ બનાવવા માટે મૈત્રીભાવ વગેરેની જ ખાસ જરૂર માની છે, પણ અમૈત્રીભાવ હોય અને એનો ખેદ હોય એ ન ચાલે. દા.ત. કોઇના પર હૈયામાં ઈર્ષ્યા સળગતી હોય અને મનને એમ થાય કે આ હું ઈર્ષ્યા કરું છું એ ખોટું છે, તો તેટલા માત્રથી ન ચાલે, કેમકે ત્યાં તત્ત્વચિંતન જ ચોકખું ન ચાલી શકે.

અધ્યાત્મયોગ એટલે તો શુદ્ધ આત્માની સાથે તાર બાંધવાના છે. આ મોક્ષ માટેનો યોગ છે ને ? તો મોક્ષ એટલે શુદ્ધ આત્મા, એના તરફ પ્રયાણ જોઇએ. એ કોરા તત્ત્વચિંતનથી ન થાય. અંતરમાં વૈર-વિરોધ કે ઈર્ષ્યા સળગતી હોય ત્યાં આત્માના શુદ્ધ સ્વરૂપની ખરેખરી જાગૃતિ કયાં ? ખરેખરો ખ્યાલ કયાં ?

**શુદ્ધ આત્માની જાગૃતિ હોય તો દ્વેષ-ઈર્ષ્યા કેમ ન થાય ?**

કારણ આ છે કે જયાં જે ખામી માટે સામા પર દ્વેષ-વૈર ઊઠવા જતાં હોય ત્યાં એ માટે મનને એમ થાય કે

**'આ ખામી એ કાંઈ સામાના શુદ્ધ આત્માનું સ્વરૂપ નહિ, એ તો બિચારાને ભાડુતી કર્મની વિટંબણા છે, તો એ બિચારો એ કર્મ વિટંબણા ભોગવતો હોય ત્યાં મારે દ્વેષ શો કરવો ?'**

**એમ વિચાર કરવા પર દ્વેષ ઓસરી જાય.**

**ઈર્ષ્યા કેમ ટળે ?**

એમ ઈર્ષ્યા થવા જાય એ શાના પર ? સામાના કોઇ બાહ્ય ધન-સન્માન વગેરેના વિકાસ પર, યા આભ્યન્તર જ્ઞાનાદિ ગુણવિકાસ ઉપર. પરંતુ શુદ્ધ આત્માની જાગૃતિ-સાવધાનીના લીધે એમ વિચાર થાય કે

**જો હું શુદ્ધ આત્માનો પ્રેમી છું, ખપી છું, તો (૧) સામાનો આત્મા ગુણવિકાસ પર તો શુદ્ધ સ્વરૂપની દિશામાં છે તો ત્યાં પ્રેમ થવો જોઇએ, ઈર્ષ્યા શું કામ ?**

ઈર્ષ્યામાં તો ઊલટું મારો જ આત્મા અશુદ્ધ થઇ રહ્યો છે, પછી ત્યાં મારા પોતાના શુદ્ધ સ્વરૂપની દિશા કયાં રહેશે ?

**ત્યારે (૨) જો સામાના ધન-સન્માન વગેરે બાહ્ય વિકાસ પર ઈર્ષ્યા થાય છે, તો એ વિકાસ કોઇ એના આત્માનું શુદ્ધ સ્વરૂપ નથી, કે શુદ્ધ સ્વરૂપની દિશા નથી, પછી એને મારે શા સારું લેખામાં જ લેવું ?**

**આત્માના અરૂપી નિર્વિકાર સ્વરૂપના ખપી મારે ભળતી વસ્તુને મહત્ત્વ જ ન આપવું.**

**મનની પવિત્રતા અને સ્થિરતા કેળવવા** આ મહાન ચાવી સર કરવા જેવી છે. ચાવી આ, કે આત્માના શુદ્ધ સ્વરૂપનો અનહદ રાગ અને તીવ્ર ભૂખ ઊભી કરવી.

આત્માનું શુદ્ધ સ્વરૂપ શું ? અરૂપિતા અને નિર્વિકારતા. હવે જુઓ કે એનો અનહદ રાગ કેમ ઊભો થાય ? એટલા જ માટે કે રૂપી દેહ, ઇંદ્રિયો અને એને અનુકૂળ રૂપી પૌદ્‌ગલિક ચીજોમાં ચિંતા-સંતાપ-દુર્ધ્યાન વગેરે આપદાઓ છે, અને એ રૂપીમાં સરવાળે મીડું છે, તો એના રાગ કરતાં પોતાના અરૂપી આત્માનો રાગ શો ખોટો ? એમ રાગદ્વેષ-કામ-ક્રોધ-લોભ-મદ-ઈર્ષ્યા વગેરે તો વિકારો છે, રોગ છે, ભવમાં ભટકાવનારા છે. એમાં તણાવા કરતાં આત્માનું નિર્વિકાર સ્વરૂપ શું ખોટું ? આમ અરૂપી અને નિર્વિકાર સ્વરૂપ પર ભારે રાગ થાય, પછી એની ભૂખ ઊભી કરાય.

આને દિલમાં ખૂબ મમરાવાય, તો એ એક એવી ચાવી સર થાય કે પછી મનને અપવિત્ર બનાવનારા લોટબંધ (જથાબંધ) દોષો સામે ટક્કર ઝીલાય. મહાપુરુષોએ મહાપ્રલોભનના પ્રસંગમાં શું, કે વિચિત્ર સંયોગમાં યા મહા ઉપદ્રવોના પ્રસંગમાં શું મન ન બગાડ્યું, એ શાના બળ પર ? આત્માની અરૂપી અને નિર્વિકાર સ્વરૂપના અતિરાગ અને તીવ્ર ભૂખના બળ ઉપર.

વજ્રસ્વામી વિચરતા વિચરતા એક એવા નગરમાં પહોંચ્યા કે જયાં એક ક્રોડપતિ શેઠની કન્યા રુક્મિણીએ નક્કી કર્યું હતું કે પરણું તો વજ્રસ્વામીને જ પરણું, બીજાને નહિ ! આમ નિર્ણય કરવાનું કારણ એ બનેલું કે સાધ્વીઓએ વજ્રસ્વામીજીના રૂપની ખૂબ પ્રશંસા કરેલી. આ છોકરી બિચારી ભોળી, તે એને ખબર નહિ કે આ તો ત્યાગી સાધુ મહારાજ હોઇ લગ્ન કરે નહિ. હવે વ્રજસ્વામી મહારાજ ત્યાં પધાર્યા એટલે છોકરીના બાપે એમને એક ક્રોડ રૂપિયાના ધન સાથે રૂપાળી છોકરી સ્વીકારવા પ્રાર્થના કરી.

કેવું પ્રલોભન આવ્યું ? યુવાન વય છે, રૂપવતી યુવતી મળે છે, સાથે મોટી ક્રોડ જેવી રકમ મળે છે. પરંતુ સ્વાત્માના અરૂપી અને નિર્વિકાર સ્વરૂપના ભૂખ્યા



એ રૂપમાં શાના ખેંચાય ? કામરાગ અર્થરાગનો વિકાર શું કામ વહોરે ? એમણે તો એવો ઉપદેશ કર્યો કે રુક્મિણી ચારિત્ર માર્ગે વળી ગઇ.

**મંત્રી કલ્પક :-**

રાજા પહેલા નંદનો કલ્પક મંત્રી હતો. બાળપણથી સંસ્કાર સારા મળેલા, કેમકે પિતા બ્રાહ્મણ છતાં મુનિઓના સંપર્કથી જૈનધર્મની પાકી શ્રદ્ધાવાળા બનેલા, તે દીકરાને ય ખાસ કરીને ધર્મના જ સંસ્કાર આપતા. વળી મુનિઓનો સમાગમ પણ સાધતા. એથી તત્ત્વજ્ઞાન મળ્યું. એમાં જીવ તત્ત્વનું અરૂપી નિર્વિકાર અને અનંત જ્ઞાનાદિમય સ્વરૂપ જે સમજવા મળેલું, એણે કલ્પકનું દિલ પકડી લીધું.

કલ્પકને આત્માના આ શુદ્ધ સ્વરૂપની એવી ભૂખ લાગેલી કે એને પરણવું ય નહોતું, તેમ મંત્રી પણ બનવું નહોતું. ગૃહસ્થ જીવન પણ એ એવું ઉપશમ ભર્યું જીવતો કે ન તો એને ચામડાના રૂપ-સ્પર્શ ભોગવવાની કોઇ ખણજ, કે ન તો એને રૂપિયા ઘર ભેગા કરવાનો કોઇ અભરખો. આત્મા અરૂપી સ્વરૂપની આગળ પુદ્‌ગલનાં રૂપ એને મન કૂછ નહિ, કોઇ વિસાતમાં નહિ. એમ સ્વાત્માના નિર્વિકાર સ્વરૂપની માયા એવી લાગેલી કે કામ-ક્રોધ-લોભ વગેરે વિકાર પોષવાનું એને ગમતું નહિ.

**બ્રાહ્મણનો કન્યાદાનનો પેતરો :-**

આમ છતાં એક બ્રાહ્મણના પેંતરાથી એને વચને બંધાવું પડ્યું. બ્રાહ્મણે પહેલા તો કલ્પકની આગળ માંગણી કરી કે મારી કન્યા તમે પરણો. પણ કલ્પકે ઘ સીને ના પાડતાં એણે એવો પેંતરો રચ્યો કે કલ્પકના જવા-આવવાના રસ્તામાં એક ખાડો ખોદાવી એમાં પોતાની કન્યા ઉતારી દીધી. પછી રસ્તા પર પોક મૂકતો બેઠો કે હાય ! મારી કન્યા ખાડામાં પડી ગઇ છે ! તે કોઇ કાઢી આપે એનો બહુ ઉપકાર માનું. કલ્પક ત્યાંથી જતો હતો તે એને દયા આવી ગઇ. ઝટ ઊતર્યો ખાડામાં, અને કન્યાને બહાર લઇ આવ્યો,

અહીં પેલા બ્રાહ્મણે પોક મુકેલી એમાં ધીમા સ્વરે સાથે ઉમેરેલું કે તો એને હું કન્યા આપી દઉં. પરંતુ કલ્પકના દિલમાં માત્ર દયા ઊછળતી હતી તે દયા કરવાના શબ્દ સાંભળતાં એકદમ જ દયાના કામમાં લાગી ગયો, તે પેલાં પાછળના શબ્દ સાંભળેલા નહિ. નહિતર જો પહેલેથી ચોખવટ કરત કે જો ભાઇ ! તારી કન્યા બહાર કાઢી આપું, પરંતુ પરણવાની શરત ન હોય તો ! હવે કન્યા બહાર તો કાઢી પણ બ્રાહ્મણ કલ્પકને ગળે પડયો કે આ કન્યાને પરણી લે. હું તો બોલી ચૂકેલો છું એટલે મારાથી ફરી જવાય નહિ. મારે તો કન્યા દેવી જ જોઇએ. વળી તું ના પાડે તો ય બીજાને દેવાય નહિ, કેમકે કન્યા તો એક વાર જ અપાય. તો એનો ખાડામાંથી ઉદ્ધાર કરનારને મેં દઇ દીધેલ છે તેથી બીજાને કેમ અપાય ?

બસ, આમ કલ્પકને ફસાવું પડયું અને પરણવું પડયું.

**રાજાનો મંત્રી બનાવવાનો પેંતરો :-**

ત્યારે નંદરાજાએ એને મંત્રીપદ લેવા આગ્રહ કરેલો, પરંતુ આત્માના નિર્વિકાર સ્વરૂપના ભૂખ્યા કલ્પકને એમાં મહાવેઠ લાગતી, તેથી એનો સ્વીકાર ન કર્યો, તો રાજાએ એવો પેતરો રચ્યો કે કલ્પક જે ધોબીને કપડાં ધોવા આપતો, એ ધોબીને રાજાએ આજ્ઞા કરી કે તારે કલ્પકના કિંમતી કપડાં ધોવા આવે ત્યારે તારે એને પાછા ન આપવા.

ધોબીએ એમ કરવા બહાનાં કાઢી બે વરસ સુધી કપડાં પાછા ન આપ્યા કલ્પક શાંત સ્વભાવી, કપડાંની ઉઘરાણી કરે, પરંતુ પેલો બહાનું કાઢી ન આપતાં ગુસ્સો ન કરે. છતાં હવે બે વરસ થઇ ગયા ત્યારે સહેજ કડકાઈથી ઉઘરાણી કરતાં ધોબી રાજાની હુંફ પર જેમ તેમ બોલ્યો એટલે કલ્પકને આવેશ આવી ગયો અને આવેશમાં એવું મારી દીધું કે ધોબી મરી ગયો, એથી ધોબીની નાત ખળભળી ઊઠી અને રાજા પાસે ફરિયાદ લઇ ગઇ.

રાજાને આટલું જ જોઈતું હતું, કલ્પકને ગમે તેમ કરી ગુનામાં લાવવો હતો, તે આવી ગયો ગુનામાં. બસ, રાજાએ કલ્પકને બોલાવી મંગાવ્યો.

અહીં કલ્પકને પોતાના હાથે આવેશમાં થઇ ગયેલ ધોબીની હત્યા માટે પારાવાર પસ્તાવો હતો, તેથી ગમે તે સજા વહોરી લેવાની તૈયારી સાથે રાજા પાસે ગયો, રાજાએ ધોબીઓને રવાના કર્યા, અને કલ્પકને કહ્યું આવો ભયંકર ગુનો તે કર્યો ?

'હા, ગુનો થઇ ગયો છે. જે સજા કરવી હોય તે સ્વીકારી લેવા તૈયાર છું.'

રાજા કહે, 'બસ તારે મંત્રીપદ સ્વીકારી લેવું. એ જ તને સજા છે.'

થયું ? કલ્પકે ગમે તે સજા વધાવી લેવાની તૈયારી બતાવી છે, એટલે વચનથી બંધાઇ ગયેલો છે. હવે ક્યાં છૂટે ? આમ એને મંત્રી બનવું પડયું.

આત્માના અરૂપીપણાની અને નિર્વિકાર દશાની મમતા ઘણી, તેથી જ લગ્ન અને મંત્રીપદ બંનેથી કલ્પક દૂર રહેલ. છતાં કર્મસંજોગે બંને ય માથે આવી પડયાં. તો હવે એને નભાવે છે પણ રસ તો પેલો આત્માના શુદ્ધ સ્વરૂપનો જ છે. લગની કેવી લાગી હશે ? જન્મ બ્રાહ્મણને ત્યાં, પણ પિતાનું સંસ્કરણ અને સાધુ સમાગમ બંનેને કલ્પકે કેવા ઝીલ્યા હશે કે આટલી બધી નિસ્પૃહા !

**શુદ્ધ આત્મ સ્વરૂપની મમતા નહિ તેથી અપાર તૃષ્ણા :-**

આજે તો જુઓ છો ને સારી રૂપાળી કન્યા પરણવા માણસ કેટકેટલા અભરખા કરે છે ! ત્યારે M.L.A. પાર્લામેન્ટના સભ્ય તરીકે ચૂંટાઇ અને આગળ વધીને મુખ્ય



મંત્રી તરીકે ચૂંટાઇ આવવા કેટકેટલા પ્રપંચ થાય છે ? કેવી કેવી આત્મ શ્લાઘા ગવાય અને ગવરાવાય છે ! જે કાળમાં આવડી મોટી ભૂખ, અભરખા, અને મથવાનું ચાલતું હોય તે કાળમાં નાની વસ્તુની લાલસાનું તો પૂછવું જ શું ! પૈસા-માનપાન-સત્તા વગેરેની કેટલી ભૂખ અને કેટલા અભરખા છે ? કેમ એમ ? કહો પોતાના આત્માના અરૂપી અને નિર્વિકાર સ્વરૂપની કોઇ જ મમતા નથી, આકર્ષણ નથી, ભૂખ નથી.

કલ્પકને અનિચ્છાએ માથે આવી પડેલી મંત્રીપણાની જવાબદારી અદા કરવી પડી. પરંતુ એનો પ્રતાપ પડયો કે બહારના રાજાઓને દબાયેલા રહેવું પડયું. આટલો બધો કલ્પકનો પ્રભાવ વિઘ્નસંતોષીઓ કે ઈર્ષ્યાળુ યા સત્તાના ભૂખ્યાઓ કેમ સહન કરી શકે ? એટલે કલ્પકને હલકો પાડવાની પેરવીઓ ચાલી. પરંતુ નંદ રાજાને એના પર એટલો બધો વિશ્વાસ છે કે કશું ધ્યાન પર લે નહિ.

**કલ્પક પર આરોપ :-**

ત્યારે એકવાર એવું બન્યું કે કલ્પકને પોતાને ત્યાંના કોઇ પ્રસંગ પર રાજાને સુંદર મુગટ વગેરે ભેટ કરવા માટે એ ઘડાવાનું ચાલ્યું. કલ્પકના ઘરે જ કારીગરો કામ કરતા. ઈર્ષ્યાળુઓએ આ તકનો લાભ લઇ રાજાને એવું ભળાવ્યું કે હવે કલ્પકની આપને ઉઠાડી મૂકી પોતાના પુત્રને ગાદીએ બેસાડવાની તૈયારીઓ ચાલી રહી છે. એ માટે તપાસ કરાવો તો દેખાશે કે ખાનગીમાં એના ઘરે મુગટ વગેરે સામગ્રી તૈયાર થઇ રહી છે. સેના વગેરે બધું એના તંત્રમાં તો છે જ હવે આ તૈયાર થાય એટલી જ વાર, આપનું રાજ્ય જવાનું એના છોકરાના હાથમાં,

વાત એવી રીતે મિલાવીને કરી કે રાજાને રોજ કાન પર એવું કાંઇ ને કાંઇ આવતું તો હતું જ, એમાં આવી વાત આવી એટલે એને એ સાચી હોવાનો વહેમ પડયો. તપાસ કરાવી તો માલુમ પડયું કે મુગટ વગેરે રાજાયોગ્ય સામગ્રી તૈયાર થઇ રહી છે. બસ, રાજાનું મન ફર્યું, હવે કલ્પકને પૂછવા વાર ન રાખી કે 'આ કેમ તૈયાર થઇ રહી છે ?' માની લીધું કે પૂછીએ તો ય એ સાચું શાનો બોલે ? એટલે એને ભયંકર દ્રોહી સમજીને તરત કુંટુંબ સાથે પકડાવી એક કૂવામાં કેદ દીધો. કોઇ ખુલાસો પૂરાવો, સાંભળવાનો અવકાશ જ રાખ્યો નહિ.

**ગમે તે નિમિત્ત પર કર્મ-ઉદય :-**

કહો, અહીં કલ્પકની કોઇ ભૂલ હતી ? એ તો ઊલટું રાજાને રાજસામગ્રી ભેટ કરી રાજાનું સન્માન કરવા ચાહતો હતો. તો પછી આવું ઊલટું જ કેમ બન્યું ? બસ, અહીં કર્મ-થિયરી કર્મસિદ્ધાંત આગળ આવે છે. અશુભ કર્મનો ઉદય થવાનો હોય ત્યારે એ ગમે તે નિમિત્ત મેળવી લે છે. નિમિત્ત ખોટું જ હોય એવું નહિ,

સારું ય નિમિત્ત એમાં કામ કરી જાય.

એક માણસે ચોર-ડાકુ ચડી આવવાની ગરબડ સાંભળી, એટલે એણે બંદુક તૈયાર કરી ઘોડો ચડાવીને ટેબલ પર તૈયાર મૂકી બીજા કામમાં લાગ્યો. બન્યું એવું કે એના નાના છોકરાએ ત્યાં આવી કાંક ગરબડ મચાવી, તે બંદુક ટેબલ પરથી નીચે પડી ઘોડો દબાઇ ગયો, ગોળી છૂટી, અને એ છોકરો જ એમાં ફસાઇ ગયો, તે મર્યો. આ શું ? બાપનો ને છોકરાનો અશુભનો ઉદય, તે ચોરથી બચવાનું સાધન જ એ કર્મના ઉદયમાં ઉપયોગી થયું.

કલ્પકને એવું જ બન્યું. પોતાના અશુભનો ઉદય થવાનો તેથી સારું પણ સાધન એમાં નિમિત્ત બની ગયું. ભેટ માટે તૈયાર થતા મુગટ વગેરે, એ રાજ્ય પડાવી લેવા માટે છે એવો ભાસ ઊભો કરાયો. આમાં માણસનું શું ચાલે ? આમાં મોટા તીર્થંકર ભગવાનનું ય ચાલતું નથી. મહાવીર પ્રભુને અશુભનો ઉદય આવવાનો તે સર્વજ્ઞ હોઇ પહેલેથી ગોશાળો આવી શું કરશે એ જાણવા છતાં એની સામે કશી આડ ન ઊભી કરી, તેમ જઘન્યથી એક કરોડ દેવતા હંમેશા પ્રભુની સાથે રહેનારા, એ ય કાંઇ કરી શકયા નહિ. પ્રભુની પાસે ગોશાળો આવ્યો, બખાળો કાઢ્યો, અને પ્રભુની ઉપર તેજોલેશ્યા મૂકી. અલબત્ત બીજો કોઇ હોત તો એથી બળીને ખલાસ થઇ જાત, પણ અહીં તો પ્રભુ લોકોત્તર પુરુષ છે, ઉત્કૃષ્ટ પુણ્ય સમૂહ અને અનંત વીર્ય વગેરે અતિશયોથી ભરેલા છે, નિરુપક્રમ આયુષ્યવાળા છે. એથી તેજોલેશ્યા પ્રભુના શરીરમાં પેસી શકી નહિ, પરંતુ પ્રભુને પ્રદક્ષિણા દઇને પાછી ફરી અને ગોશાળાના શરીરમાં પેસી ગઇ. પ્રભુને પ્રદક્ષિણા દઇને ગઇ એથી પ્રભુના શરીરમાં દાહની પીડા ઊભી થઇ.

બોલો, અહીં તીર્થંકર ભગવાનનું ય શું ચાલ્યું ? કર્મનો ઉદય થતાં કોઇનું ય ન ચાલે,

કલ્પકને ય એવા અશુભ કર્મનો ઉદય થયો કે પોતાની સારી પણ રાજસન્માન કરવાની પ્રવૃતિ પોતાને કૂવાની કેદમાં ઉતારનારું નિમિત્ત બન્યું. પરંતુ એ જરાય વ્યાકુળ ન થયો, હાયવોય કરવા ન બેઠો, કેમકે એની નજર સામે આત્માનું શુદ્ધ અરૂપી નિર્વિકાર સ્વરૂપ હતું.

**અશુભોદય કોણ જુએ ? :-**

આપણે ભાગ્યે જ આવા કોઇ અશુભ કર્મનો ઉદય જોવાનો અવસર આવે છે. આવે તો સામાન્ય સામાન્ય અશુભોદય આવીને ઊભો રહે, પરંતુ એમાં, વિચારો કેટલા બધા આકુળ-વ્યાકુળ થઇએ છીએ ? કેવા કષાયમાં ચડીએ છીએ ? કેવા દુર્ધ્યાનમાં ઊતરી જઇએ છીએ ? ત્યાં ભાન નથી રહેતું કે,



'આ સામો કાંઇ તારું બગાડે તો એ તારા અશુભના ઉદય વિના નહિ. એટલે મુખ્ય બગાડનાર તો પોતાનું અશુભ કર્મ છે. વળી એ કાંઇ ઉદયમાં આવ્યા ફળ દેખાડયા વિના રહે નહિ એવા છે. તો શા સારુ ઊંચો-નીચો થાય ? પોતાના અશુભ સામે ન જોવું અને સામા પર ઊતરી પડવું, કષાય કરવા, સામા પર ન ચાલે ત્યાં અંતરમાં બબડાટ કરવો, આ બધું તો પશુને ય આવડે છે. માનવમનથી તારી શી વિશેષતા ? અશુભોદય જોવાની આવડત પશુમાં નહિ, તારામાં છે. તો એના કોઇ ઉપયોગ ખરો કે નહિ ? તારો માનવમનથી અશુભોદય જોવાનો નહિ ? ખરું આભ્યન્તર કારણ ન જોતાં બહારના ઉપલકિયા નિમિત્તને જોવામાં વિશિષ્ટ શક્તિવાળા માનવમનની શી વિશેષતા ?'

**દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૧૭,અંક-૪૪,તા.૨૬-૭-૧૯૬૯**

કલ્પક કૂવામાં પૂરાયો છે, પોતાના જ અશુભ કર્મને દોષ દે છે, પણ વિશેષ તો પોતાના શુદ્ધ આત્મસ્વરૂપને જુએ છે અરૂપી આત્મા પર આવા ઉપદ્રવોથી કશી હાનિ નથી આ કેદ વગેરે તો રૂપી દેહ પરની આપત્તિ છે, તો હું તો અરૂપી આત્મા, તે મારે એનું મહત્ત્વ લેખવા જેવું નથી. વળી હું નિર્વિકાર આત્મા, એનામાં રાગ-દ્વેષ વગેરે વિકાર શા સારું ઘાલવા ?

**શાંતિ માટે શુદ્ધ આત્મસ્વરૂપની મમતા કેળવો :-**

કલ્પકનું આ શુદ્ધ આત્મસ્વરૂપદર્શન, અને એના મનને અરૂપી અને નિર્વિકાર સ્વરૂપની મમતા, આકર્ષણ, એવાં જોરદાર હતાં કે મોટા મંત્રીપણાના હોદ્દા પરથી નીચે કૂવામાં કેદ પૂરાવાની સ્થિતિ પર ઊતરી જવું પડયું છતાં આ બધું તો રૂપી પુદ્‌ગલના ખેલ સમજી એના પર મન જરાય બગાડયું નહિ, કે દીનહીન કર્યું નહિ. કૂવામાં ખોરાક પણ પરિમિત ભાત આવતો જે બધાને પૂરે નહિ. તેથી કલ્પકે અંતે પોતે ભૂખ્યા રહી એ કુટુંબને આપવાનું રાખ્યું. આટલી બધી આપદામાં પણ પોતે મનથી શાંતિ સ્થિર ધીર રહેતો, શુદ્ધ આત્મ-સ્વરૂપની મમતા કેવી શાંતિ આપે છે !

**નંદરાજા પર શત્રુની ચડાઈ :-**

એમાં બન્યું એવું કે નન્દના દુશ્મન રાજાએ જોયું કે હવે કલ્પક મંત્રી નથી તેથી નન્દના રાજ્ય પર આક્રમણ કરવાથી વિજય મળશે, તેથી એણે લશ્કર લઇ આવી નન્દની રાજધાનીને ઘેરો ઘાલ્યો. રાજા નન્દનો નવો મંત્રી એવો બાહોશ છે નહિ તેથી નન્દ કિલ્લાના દરવાજા બંધ કરાવી અંદર બેઠો ખરો, પરંતુ ચિંતામાં પડયો કે દુશ્મનને હટાવવો શી રીતે ? કલ્પક જેવો કોઇ હોશિયાર અને પ્રભાવવંતો

મંત્રી છે નહિ ને આમ ને આમ કેટલું ચાલી શકે ? અંતે કલ્પકની સહાય લેવી એમ નક્કી કર્યું.

**રાજાને કલ્પકની ગરજ પડી :-**

કહે છે કે જેનાં કામ જે કરે. માણસને અજ્ઞાન દશામાં ભાન નથી રહેતું કે 'અમુક મારે હિતકારી છે, તો એનો સંગ ન છોડું', તેથી કોઇ અસત્ કલ્પનાવશ આવેશમાં આવીને એને તરછોડી દે છે. પરંતુ ગરજ પડે એટલે ક્યાં જાય ? નંદ રાજાને કલ્પકની સહાયની ગરજ પડી, પરંતુ એને તો પોતે બૂરી હાલતમાં મૂક્યો છે તે હવે એની પાસે માંગણી કેમ મૂકવી એ વિચાર થઇ પડયો. ગમે તેમ પણ કટોકટી એવી છે કે બીજો કોઇ ઉપાય જ નહોતો તેથી કલ્પકને બહાર કાઢવો પડયો અને પાસે બોલાવી બધી પરિસ્થિતિ સમજાવી, માગણી કરી કે, 'હવે લશ્કરનું સુકાન હાથમાં લઇ જે રીતે ઠીક લાગે તે રીતે રાજ્યની રક્ષા કરો. અમારી ભૂલ થઇ કે આપ જેવાને અમે કેદમાં પૂર્યા.'

**ઊચીં તત્ત્વદષ્ટિ :-**

અહીં જુઓ કે ક્લ્પકની ઊંચી તત્ત્વદ્રષ્ટિ અને એના પર કેળવાઇ તૈયાર થયેલ અતિ ઉમદા દિલ કેવા આગળ આવે છે ! મન પર સ્વાત્માના અરૂપી અને વિકારરહિત સ્વરૂપનું ભારે મહત્વ છે, મમત્ત્વ છે, તેથી દેખે છે કે, 'જીવને એક વાર જેલવાસનું અપમાન મળે કે બીજી વાર પુનઃમહામંત્રીપદનું સન્માન મળે, એ બધું રૂપી પુદ્ગલના ખેલ છે. ખેલ-નાટકના પલટતા ભાવને શા મહત્ત્વ આપવા હતા ? રૂપીના ભાવો સાથે આત્માના અરૂપીપણા પર શી લાભ-હાનિ ? કાયા રૂપી છે, એ નાનીમાંથી મોટી થાય, કે કુબડીમાંથી સારી થાય, એથી આત્માના અરૂપીપણા પર શો ફેરફાર ? કશો નહિ. જો કાયાથી ય નહિ, તો બહારના ધન-માલ-ભોજન વગેરેથી તો ફેરફારની વાતે ય શી ? માટે એમાં દિલ ક્ષુદ્ર નહિ કરવું.'

કલ્પક આ બરાબર સમજે છે તેથી 'રાજાએ પહેલાં અપમાન સાથે વિટંબણા કરી તો હવે લાવ એને ચોકખું સંભળાવી દઉં કે હવે શું કહેવા આવ્યા છો ? રાજ્યની રક્ષા તમારા નવા મંત્રીથી કરી લેજો. મારાથી એ નહિ બને', આવો કશો હલકો વિચાર ન આવ્યો.

**રૂપી પુદ્ગલના ખેલ પર એવા ક્ષુદ્ર વિચાર શા કરવા હતા ?**

**ગમે તે સંયોગમાં આત્માનું અરૂપીપણું તદવસ્થ છે, માટે સંયોગો પર હરખ-શોક નકામો.**

**તેમ રાગ-દ્વેષ, હરખ-શોક એ વિકાર છે તેથી આત્માના નિર્વિકાર સ્વરૂપથી આઘા પડવાનું થાય, માટે એવા વિકાર કરવા યોગ્ય નહિ.**



કલ્પક ખૂબ સ્વસ્થ મનવાળો છે. એણે રાજાની માગ ઝીલી લીધી અને કહ્યું કે કોઇ ચિંતા ન કરો. મારી શારીરિક શક્તિ નથી, તેથી મારાથી ચલાશે નહિ. પણ માત્ર મને ખાટલામાં બેસાડી કિલ્લાની ઉપર ફેરવો જેથી બહારનું લશ્કર અને એનો સેનાપતિ રાજા વગેરે મને દેખી શકે. પછી ચિંતા નહિ રહે.

**કલ્પકનો પ્રભાવ :-**

બસ, રાજાએ એ પ્રમાણે કરાવ્યું. શત્રુ રાજા કલ્પકને જોતા ઠંડો પડી ગયો. લાગ્યું કે 'ઓહો ! કલ્પક હજી મંત્રી તરીકે જીવંત છે ? તો તો કદાચ એના વ્યુહમાં ફસાઇ જવું પડે' વિચારણા માટે એનો મંત્રી આવ્યો. એને કલ્પકે બુદ્ધિપૂર્વકની યોજનાથી એવો ડઘાવી દીધો કે 'તમારા આખા લશ્કરનો છૂંદો કરી નાખવાનો છે, તે એ બિચારો પોતાના રાજા પાસે જઇ એને સમજાવીને તરત પાછા ફરી જવાનું કરાવ્યું.

કલ્પકની આવી બુદ્ધિશક્તિ હતી, પ્રભાવ હતો, પ્રતિષ્ઠા હતી, છતાં એને ઘમંડ નહિ, લાલસા નહિ, કે પૂર્વે રાજાએ એને ખોટી રીતે ભયંકર દંડી નાખેલ છતાં રાજા પર કોઇ દ્વેષ કે પછી એને ડામવાની વાત નહિ. બધું શાના પર ? પોતાના આત્માની અરૂપી સ્વરૂપની મમતા પર, કે જેની સામે રૂપી જડ પદાર્થની કોઇ કિંમત નહિ. એમ આત્માના નિર્વિકાર સ્વરૂપ પર મમતા, કે જેના લીધે વિકારો ઝેરરૂપે લાગે, આત્માના શુદ્ધ સ્વરૂપની મમતાની બલિહારી છે.

**સ્વાત્મા-પરમાત્મા સાથે તાર જોડો :-**

તત્ત્વચિંતન એવું થવું જોઇએ કે જેથી આત્માના પરમાત્મા સાથે હૈયાના તાર જોડાય. તે શું એમજ જોડાશે ? જડ રૂપી પુદ્ગલો પર પ્રેમ-આસ્થા-આશ્વાસન એટલા ને એટલા ઊભા રાખવા છે, તો અંતરાત્મા-પરમાત્મા સાથે તાર જોડવા છે, બે વાત નહિ બને. રૂપીની આસ્થા ને હુંફ પડતા મૂકી અરૂપીનો પ્રેમ-આસ્થા વધારવા જોઇએ. એ આસ્થામાં એનું અરૂપીપણું બહુ ગમે, એની નિર્વિકાર દશા બહુ ગમે.

અધ્યાત્મયોગ યાને શ્રદ્ધા અને વૈરાગ્ય સાથેનું તત્ત્વચિંતન દિલને સાબદું (જાગતું) અને કૂણું તથા સીધી લાઇનનું કરી આપે છે. સર્વજ્ઞ ભગવાને જીવ અજીવ આદિ તત્ત્વોનું સ્વરૂપ જ એવું કહ્યું છે કે એને જેમ વિસ્તારથી ચિંતવતા જઇએ તેમ તેમ આત્મા સાબદો થતો જાય, શુદ્ધ સ્વરૂપની દિશામાં પ્રયાણ કરતો રહે. અને આત્માના કેઈ દોષો ધક્કે ચડે રવાના થતા જાય, ઘસાતા જાય.

**જીવાદિ તત્ત્વચિંતનમાં આત્માના નિર્વિકાર શુદ્ધ સ્વરૂપની જેમ જેમ મમતા વધતી જાય, તેમ તેમ દોષોની પકડ દોષોનું જોર ઘટતું આવે.**

**તત્ત્વચિંતનથી કેવી ગુણવૃદ્ધિ ? :-**

ધર્મી જીવન જીવીને આ જ કરવાનું કે અંતરમાં જામ થઇ ગયેલા મિથ્યામતિ, સંસાર રસ, અને વિષય-રાગ-મદ-માયા અને ઈર્ષ્યા, દેહાધ્યાસ અને હિંસાદિ પાપવૃતિ વગેરે દોષો ઘસાતા આવે. એથી જ ઉપર ઉપરના ગુણસ્થાનની પરિણતિ જાગતી જાય છે. તો જેમ જેમ શ્રદ્ધાપૂર્વક તત્ત્વના વિસ્તારનું ચિંતન વધતું જાય, તેમ તેમ સર્વજ્ઞ વચન-શ્રદ્ધા, મોક્ષ-પ્રીતિ, વિષયવૈરાગ્ય, મૈત્રી-પ્રમોદ-કરુણા, લઘુતા-સરળતા, અહિંસકવૃતિ વગેરે વધતું આવે છે, એથી પેલા દોષો કપાતા જાય એ સહજ છે. બીજી બાહ્ય ધર્મસાધના દેખાવમાં કદાચ એની એ જ ચાલુ હશે, પરંતુ આ ગુણવૃદ્ધિથી સાધનાનો પાવર સાધવાનું ઓજસ વધતું જાય છે. અને એ ગુણવૃદ્ધિ શ્રદ્ધા યુકત તત્ત્વચિંતન પર આવે છે.

બસ, આવા મહાલાભદાયી તત્ત્વચિંતન માટે તત્ત્વનું અધ્યયન તત્ત્વ-સ્વાધ્યાય જરૂરી છે. સ્વાધ્યાય શું આપે ? આવાં મહાકિંમતી તત્ત્વચિંતન આપે, અધ્યાત્મયોગ આપે, એટલા માટે શાસ્ત્ર કહે છે ને કે,

**सज्झायसमो तवो न भूओ न भविस्सइ ।**

સ્વાધ્યાય જેવો તપ થયો નથી, થવાનો નથી. આ ચોથો આભ્યન્તર તપ છે. એના લાભ અવર્ણનીય છે. સ્વાધ્યાયમાં તત્ત્વચિંતન ચાલું રહે છે, એથી મોટો લાભ આ, કે મન એમાં પકડાયેલું રહેવાથી એ ખોટા વિચારોમાં જતું નથી મનનુ કામ સીધું છે. એને એક ઠેકાણે પકડાયેલું રાખો, તો એના જ વિચાર કરશે, ત્યાં બીજાના વિચાર નહિ ચાલે.

**પ્ર.**- તો નવકારવાળીમાં ચિત્તને નવકાર વગેરેનો જાપ તો પકડાવીએ છીએ, છતાં ત્યાં બીજા વિચાર કેમ આવે છે ?

**ઉ.**- ચિત્ત બરાબર પકડાય જ કયાં છે ? ચિત્ત જો જાપના અક્ષર અક્ષર પર બરાબર પકડાયેલું રખાય તો બીજા વિચાર નહિ આવે.

**જાપમાં મન કેમ પકડાય ? પ્રત્યેક અક્ષર પર ધ્યાન :-**

**'પકડાયેલું'** એટલે સમજો છો ને ? ચિત્ત બંધ આંખે જાણે નજર સામે બરાબર એ અક્ષર વાંચે, એના હ્રસ્વ-દીર્ઘ ઇ-ઉ કાનો માત્ર બરાબર જુએ. આંખ મીચીને એક નમસ્કાર-મંત્ર બરાબર આ રીતે એક જ વાર ગણી જુઓને ! અક્ષર-અક્ષર જુદો પાડીને જોજો, એટલે જણાશે કે મન એમાં કેવું પકડાય છે, અને બીજો કોઇ વિચાર જ નહિ. જોવાનું આમ 'ન...મો...અ...રિ...હં...તા...ણં,... ન...મો...' બસ, એ પ્રમાણે આંખ મીંચીને મનથી નજર સામે જોતા આવે તે ઠેઠ છેલ્લા 'મં...ગ...લં' અક્ષર સુધી. પછી એમાં જુઓ કે મન કેવું પકડાયું એમ એક



વાર નવકાર ધાર્યા પછી ફરીથી તરત જ એ પ્રમાણે બીજી વાર શરૂ કરો મન બરાબર પકડાયેલું રહેશે. કોઇ બીજો વિચાર નહિ આવે. ત્યારે તમને લાગશે કે,

**પ્ર.**- પણ આમાં તો કેટલો બધો વખત લાગે ?

**ઉ.**- કિંતુ સમય બચાવી ને શું કરવું છે ? કાં તો સાંસારિક અસત્ બાબતોનો બહુ રસ છે, એટલે આ ઝટ પતાવીને એમાં સમય જોઇએ છે અથવા મનમાની રીતે બીજી સત્પ્રવૃતિ માટે સમય જોઇએ છે. તો ત્યાં એવા અસત્‌ના રસ શા કામના ? એ હોય ત્યાં મન સારામાં કયાંથી ચોટવાનું ? ત્યારે સત્પ્રવૃતિ પણ મનમાની રીતે કરવી છે, રખડતા ચિત્તે કરવી છે, તો એથી ય શો બહુ લાભ થવાનો ? માટે ધીરજ રાખો. ગણતરીના ૨૦૦-૫૦૦ નવકાર ગણી કાઢવા છે, એ લોભ પણ રહેવા દો.

**ભલેને બહુ ઓછી સંખ્યામાં નવકાર ગણાય, પરંતુ એમાં ઠરો ડૂબો, તન્મય તરબોળ બની જાઓ. અનંતાકાળથી ભટકતા આવેલા ચિત્તને કયાંક સારામાં અલ્પ વાર પણ સ્થિર થવા દો.**

**એનો આ એક સરળ પ્રયોગ છે કે** 'સવારે જાગીને તરત પરમેષ્ઠિ-નમસ્કાર કરી પછી એક જ નવકારજાપ, પણ અક્ષર છૂટા પાડીને અને એ દરેક અક્ષર નજર સામે દેખાય એ રીતે, બોલો યા ચિંતવો, એ રીતે કરવામાં મન પકડાશે, પરોવાઇ જશે. ત્યાં પછી બીજો કોઇ વિચાર નહિ ઘૂસે. એમ એક લોગસ્સ યા એક ઉવસગ્ગહરં બોલી શકાય.'

હવે આ તો એક નવકારની વાત. પણ વધુ નવકાર ગણવા હોય, યા ચૈત્યવંદન પ્રતિક્રમણ જેવામાં સૂત્ર બોલવા હોય ત્યાં આ રીતે એકેક અક્ષર પર ધ્યાન તો રહે નહિ, પછી મન સ્થિર કેમ રહે ? એમ પ્રશ્ન થાય. પરંતુ એનો ય રસ્તો છે.

**વધુ જાપ યા ક્રિયામાં મન સ્થિર રાખવા માટે,**

અક્ષર અક્ષર જુદા જુદા બોલવાનું ન પાલવે પરંતુ પદ પદ તો અલગ અલગ સ્પષ્ટ બોલી શકાય ને ? તે એ જ રીતે જાણે સામે એ પદ પદ લખેલ વંચાય. બોલતાં કે સાંભળતા એક પણ પદ જાણે સામે લખેલું વંચાયા વિના ન જાય. એમ કરવામાં મનને એમાં પરોવવું પડે, પરોવ્યા વિના પદ જયારે પદે પદના અર્થ આવડે ત્યારે એ અર્થ પર મન લગાવાય.

**લક્ષ વિના ક્રિયા જમે ન થાય :-**

હવે જયારે સમૂહ ક્રિયા થતી હોય, ત્યારે સમૂહમાંનો કોઇક સૂત્ર બોલે તે સાંભળવાનું હોય. પરંતુ એમાં ઘણાનો અનુભવ છે કે મનને શ્રવણમાં જોડયું ન

જોડયું ને થોડાં જ પદ સાંભળતાં મન બીજા વિચારમાં ચડી જાય છે. એ વખતે બોલાતા પદ પર મન નહિ રહેવાથી પદો સાંભળ્યા જ નથી, અને સૂત્ર તો એક કે અનેક બીજાથી એમજ બોલાઇ ગયા, છતાં સાંભળવામાં લક્ષ વિના જ જીવ એને જમે કરી લે છે ! કેમ જાણે આપણા વતી કોઇ બોલ્યું તે ભલે આપણે સાંભળ્યું કે નહિ, કિન્તુ આપણી ક્રિયા ખાતે જમે થઇ ગયું ! તે એને પોતે યાદ કર્યા વિના એમજ આગળની ક્રિયામાં લાગુ થઇ જાય છે, આ કેવી રેઢિયાળ ક્રિયા ?

કહે છે, 'પણ ભાઇસાબ ! એમ તો મન સૂત્રે સૂત્રે વચમાં કયાંક ચાલ્યું જાય, તે પછી ન સાંભળેલાં પદ કયાં ફરી ફરી બોલવા બેસીએ ?' આમ કહેવાનો અર્થ તો એ જ ને કે ક્રિયામાં આપણે પદો ન સાંભળ્યા ન બોલ્યા, છતાં ય ક્રિયા થઇ ગઇ માની લેવાની ?

**લક્ષનો સચોટ ઉપાય :-**

ખરી રીતે શું કરવું જોઇએ ? સાંભળવાની રીતમાં ફેરફાર કરવાનો. ફેરફાર આ, કે આપણા કાનનું લક્ષ, સામો બોલતો હોય એના મોં પાસે એના શબ્દ પાસે લઇ જઇએ છીએ. કિન્તુ એમ નહિ. એથી ઊલટું એના શબ્દો આપણા કાનમાં ધારી ત્યાં જ આપણા કાનની અંદર એના પર લક્ષ કેન્દ્રિત કરવાનું. એટલે કે કાનને દૂર શબ્દ તરફ ન લઇ જતાં, શબ્દને કાનમાં લાવવાના. શબ્દ ઉત્પન્ન થતાં ચારે બાજુના પ્રદેશમાં પ્રસરી જ જાય છે. એટલે એ પ્રદેશમાં આપણે હોઇએ તો આપણા કાનમાં પણ શબ્દ આવે જ છે. કિન્તુ કાનનું લક્ષ બહાર ન લઇ જતાં અંદરમાંના ઉત્પન્ન શબ્દ પર લગાવવાનું છે.

હવે આ અંદરમાં લક્ષ જો બાંધીએ તો મન એ ચોક્કસ શબ્દને પકડવામાં લાગે છે. મનને જાણે એ તત્પરતા તાલાવેલી રહેશે કે અંદરમાં કયા શબ્દ આવે છે. પછી આમાં મનને બીજા વિચારમાં જવા માટે જગા જ નથી.

આખા ને આખા ભાષણ વ્યાખ્યાન આ રીતે સાંભળી શકાય. એટલું ધ્યાનમાં રાખવાનું કે અંદરમાં સાંભળવું છે એટલે આંખ અડધી મીચેલી જોઇએ, જેથી બહારનું બહુ નજરે ન ચડે, એથી મનની ચોંટ અંદરમાં કયા શબ્દ આવે છે એના પર જ રહે. નહિતર બહાર દેખાતામાં મન સહેજે સરી પડે છે.

**અંદરમાં જોવાનો પ્રયોગ :-**

આંખ અર્ધ-મીંચેલી રાખી અંદરમાં જોવાનો કે સાંભળવાનો પ્રયોગ એટલો બધો જોરદાર છે કે મન એમાં બરાબર પકડાય છે. ત્યાં પછી બીજા-ત્રીજા વિચારને જગા નથી મળતી દા.ત. અંદરમાં શ્રી સિદ્ધિગિરિ મહાતીર્થ ને ક્રમસર તળેટીથી જોવા બેઠા, તો તળેટીના બાબુનાં દેરાસરનું દ્રશ્ય, પછી ઉપરના હડાનું દ્રશ્ય...એમ કરતાં



ઠેઠ ઉપર ક્રમસર નવટૂંકનાં દ્રશ્ય, અંતે દાદાની મૂળ ટૂંકનાં દ્રશ્ય મનની સામે આવ્યા કરશે. મન ચાહીને એ જોવાનું કરે છે એટલે મનને એમાં જ પરોવાવું પડે.

**અંદરમાં સાંભળવાનો પ્રયોગ :-**

એવું અંતરમાં સાંભળવા અંગે છે. ભલે બહાર કોઇ બોલનારું નથી, તો ય અર્ધ-મીંચેલી આંખે અંદરમાં કોઇ મોઢું બોલતું દેખાય, એના માત્ર હોઠ ફફડતા દેખાય, અને એમાંથી નીકળતા શબ્દ સંભળાય. જાતે એકલા જ કોઇ ચૈત્યવંદન-પ્રતિક્રમણની ક્રિયા કરતા હોઇએ ત્યારે આ પ્રયોગ ઉપયોગી થાય. એમાં ચિત્ત ગાથા ગાથા અલગ સાંભળશે, ગાથાના પદ પદ સ્પષ્ટ સાંભળશે, એમાં કાનને સરવા રાખવા પડે. એ સાંભળવા સજાગ હોય. આખાં શાસ્ત્ર આ રીતે અંદરમાં સાંભળી શકાય. સાથે એ દરેક પદના અર્થ પર પણ મન લાગશે અને મન પદાર્થનો ખ્યાલ કરતું જશે.

વાત આ છે કે મનને કશા સારામાં પકડાયું રાખો. તો એ રખડતું રઝળતું નહિ બને, બીજા-ત્રીજા વિચાર માટે નવરું જ નહિ હોય. **શાસ્ત્ર-સ્વાધ્યાય આ અપૂર્વ અદ્‌ભૂત ચીજ છે,** કે એ ભણવા-ભણાવવામાં-પુનરાવર્તન કરવામાં, એના પર ચિંતન-મનન કરવામાં મન પકડાયેલું રહે છે. તેથી એટલો સમય મનમાં અસત્ વિકલ્પો વિચારો, દુર્ધ્યાન વગેરેથી બચી જવાય છે. વધારામાં શાસ્ત્રવાણી જિનવાણીમાં મન લીન બનવાથી ભરપૂર કર્મક્ષય થાય છે. એટલે સ્વાધ્યાય એ જબરદસ્ત નિર્જરા કરાવનાર આભ્યન્તર તપ છે.

## : સ્વાધ્યાય અને ધ્યાન :

**પીડા કેમ ભુલાય ?** વળી સ્વાધ્યાય અને ધ્યાનનો મહિમા એવો છે કે મન એમાં પકડાયેલું રહેવાથી પરીસહોની પીડા તરફ લક્ષ નથી જતું. જેમ ચોપડા લખવામાં લીન બનેલા વાણિયાને એટલો સમય ભૂખ-તરસ-ટાઢ-તાપ, માખી-મચ્છર વગેરેનું ભાન રહેતું નથી. એમાથી નવરો પડશે એટલે ભલે લાગશે કે 'ભૂખ લાગી છે.' 'તાપ બહુ પડે છે', પરંતુ પેલી લીનતા વખતે આ કશો ખ્યાલ નહિ એમ મહાત્માઓ સ્વાધ્યાયની લીનતામાં એ પરિસહોની પીડા ભૂલી જાય છે. અરે ! આગળ વધીને ઉપસર્ગ-ઉપદ્રવ સહવાનો આવે, ત્યાં પણ મન સ્વાધ્યાય-ધ્યાનમાં લીન રહી એની પીડા ભૂલી શકે છે. અંતકાળે કોઇ એવી પીડા છતાં પણ નવકારમંત્ર કે અરિહંતનાં ધ્યાનમાં મન લીન બને છે, અને એ મરણાન્ત કષ્ટ તરફ પણ ધ્યાન રહેતું નથી, તો ત્યાં દુર્ધ્યાનથી બચી પરમેષ્ટિ કે અરિહંતના ધ્યાનમાં લીન બનતાં જીવ સદ્‌ગતિમાં જાય છે.

ત્યારે સદ્‌ગતિ એમ જ થોડી મળે છે ? મન પીડાની હાયવોયમાં કે પીડા આપનાર પ્રત્યે કષાયમાં હોય તો કાંઇ સદ્‌ગતિ મળે કરે નહિ.

જુઓ પાર્શ્વકુમારે કમઠ તાપસના બળતા કાષ્ઠમાંથી બહાર કઢાવેલો સાપ મરીને ધરણેંદ્ર થયો, એને એજ પાર્શ્વકુમાર પોતે પહેલાં ભવમાં મરુભૂતિ શ્રાવક છતાં કમઠના હાથે શિલાનો માર ખાતાં મરીને હાથણીના પેટમાં ગયા ! પેલો એક સાપ એટલે જનમનો પાપી, અને આ શ્રાવક એટલે વરસો સુધી સુંદર ધર્મનું પાલન કરનારા. બોલો,

**સદ્‌ગતિનો કોણ હકદાર ?** સહેજે કહેવાય કે ધર્મનો પાલક. ત્યારે અહીં ઊંધુ બને છે. ધર્મપાલક તિર્યંચ ગતિમાં અને પાપી દેવગતિમાં જાય છે તે પણ ઇન્દ્રપણાના હોદ્દા પર ! આમાં કોનો પ્રભાવ ? કહેવું જ પડે કે આયુષ્ય બંધાવા વખતે ચિત્ત જો શુભ ભાવમાં હોય તો સદ્‌ગતિનું આયુષ્ય બંધાય, અને અશુભ ભાવમાં હોય તો દુર્ગતિનું આયુષ્ય બંધાય.

**સાપ અને મરુભૂતિ- ધ્યાન નવકારમાં અને પીડામાં :-**

કમઠના લાકડામાંથી નીકળેલા અર્ધ-બળેલા સાપને મરણાંત કષ્ટની પીડા છતાં ધ્યાન નવકારમંત્રમાં રહ્યું તો એ શુભ ભાવ બન્યો, અને પીડામાંથી મન ઉચકાઇ ગયું તો અશુભ ભાવથી બચી જવાયું. સંભવ છે કે આયુષ્ય ત્યાં બંધાયું હોય, મરીને ધરણેંદ્ર થયો !

**નવકારની એકલી ખબર નહિ ચાલે :-**

ત્યારે મરુભૂતિને ય મરણાંત કષ્ટ તો આવ્યું પરંતુ ત્યાં ધ્યાન પીડામાં ગયું. એ શ્રાવક છે એટલે નવકારમંત્રની ખબર તો ખરી પરંતુ એકલી ખબર શું કરે ? ચિત્તનો ઉપયોગ યાને મનનું ધ્યાન એવાં જોઇએ ને ? ધ્યાન ગયું પીડામાં, એ અશુભ ભાવ છે. તો કર્મને કાંઇ શરમ છે ? તીર્થંકરના જીવની કે સારા સાધુ યા શ્રાવકની કશી શરમ નહિ, જેવું ધ્યાન જેવા ભાવ, એવા કર્મ બાંધો, અને જેવાં બાંધો એવાં ભોગવો. મરુભૂતિ તીર્થંકરનો જીવ છે. સારો શ્રાવક છે પરંતુ પીડાની હાયવોયમાં અશુભ ધ્યાનમાં તિર્યંચ ગતિમાં ફેંકાઇ ગયો.

**હાથીને મરણ પીડામાં શુભ ધ્યાન :-**

એજ હાથી પાછો અંતકાળે કમઠના જીવ સાપથી મરણાંત કષ્ટ પામ્યો, પરંતુ હવે તો ત્યાં પૂર્વ જીવનનું સ્મરણ અને અરવિંદ રાજર્ષિથી બોધ પામેલો છે. એટલે પૂર્વના મૃત્યુકાળે બનેલ અશુભ ધ્યાનની સ્થિતિ તથા એનું દુઃખદ ફળ જાણતો હોઇ હવે અહીં મન પીડાને બદલે નવકારમંત્ર અને અનશન પચ્ચકખાણ તથા સમતા-ઉપશમમાં લગાવ્યું. તો એ શુભ ધ્યાનથી મરીને સ્વર્ગમાં ગયો.



ધ્યાન એ આભ્યન્તર તપ છે. અને ધ્યાનની બલિહારી છે. ક્ષણવારનું શુભ ધ્યાન દેવલોક દેખાડે છે, અને ક્ષણવારનુ દુર્ધ્યાન દુર્ગતિ દેખાડે છે, પ્રસન્નચંદ્ર રાજર્ષિએ રૌદ્રધ્યાનમાં સાતમી નરકનાં પાપ ભેગાં કર્યા, અને મરુભૂતિ શ્રાવક આર્તધ્યાનમાં તિર્યંચ હાથી થયા. એ જ પાછા શુભ ધ્યાનથી દેવ થયા.

ધ્યાનનો આ મહિમા બતાવે છે કે મનને બને તેટલું શુભધ્યાનમાં રાખો. એ માટે જીવને શક્ય એટલી શુભ પ્રવૃતિમાં જોડી રાખો.

**સારી ધર્મક્રિયા સારા ધર્મ-બોલ, સારા આચાર, સારી ભાવના-વિચારણા, એમાં જોડાયા રહેવાથી મન સહેજે શુભ ધ્યાનમાં રમતું રહી શકે.**

**''દિવ્ય-દર્શન''-''પ્રવચન મહોદધિ'' વર્ષ-૧૭,અંક-૪૫,તા.૨-૮-૧૯૬૯**

**ક્રિયામાં ધ્યાનનો ઉદ્દેશ છે ?**

**પ્ર.**- આમાંય બીજા-ત્રીજા વિચારોમાં મન રખડે છે તેનું કેમ ?

**ઉ.**- એનું કારણ એ છે કે શુભ પ્રવૃત્તિથી મનને શુભ ધ્યાનમાં રાખવાનો ઉદ્દેશ નથી રાખ્યો. એવું પ્રણિધાન નથી એવી ચોંટ નથી કે મારે શુભ પ્રવૃત્તિ દ્વારા મનને શુભ ધ્યાનમાં રાખવું છે, ત્યારે, બાઇ ચૂલો સળગાવે, પણ મનમાં જો ઉદ્દેશ રાખે છે કે મારે આનાથી રસોઇ કરવી છે, તો જ રસોઇ થાય છે. પરંતુ એવો જો ઉદ્દેશ ન હોય અને શિયાળાનો દહાડો હોય, તો તો એ રસોઇને બદલે તાપણું જ કરવાની. પરંતુ તેથી કંઇ એમ ન કહેવાય કે ચૂલો રસોઇનું સાધન તો જરૂર છે, પણ જેને રસોઇ કરવી હોય એના માટે એ સાધનરૂપ થાય એમ શુભ પ્રવૃત્તિ શુભ ધ્યાનનું સાધન જરૂર છે, કિન્તુ જેને એનાથી શુભ ધ્યાન કરવું હોય એના માટે એ સાધનરૂપ અવશ્ય બને.

**શુભ પ્રવૃત્તિ શુભ ધ્યાન માટે જ કરવી :-**

એટલે હવે આ સવાલ છે કે 'બોલો' શુભ પ્રવૃત્તિ કરો છો એથી શુભ ધ્યાન જ કરવું છે ? શુભ ધ્યાન માટે જ એ પ્રવૃત્તિ કરો છો ? ત્યાં વાંધા પડે છે. ઉદ્દેશ કોઇ બીજા હોય છે. જેમકે ધર્મ કરવાથી લોકમાં ધર્મી તરીકે સારા દેખાઇએ લોકમાં કીર્તિ મળે, માન મળે, પુણ્ય વધવાથી પૈસા મળે, દીકરો મળે, એવા એવા ઉદ્દેશ હોય છે. દિલમાં એ બેઠું હોય છે કે 'મારે આ જોઇએ, આ જોઇએ, માન જોઇએ, માલ જોઇએ' પરંતુ મારે શુભ ધ્યાન જોઇએ એવો ઉદ્દેશ કયાં છે ? એ ઉદ્દેશ હોય તો એના માટે તકેદારી ન રહે ? ખબર નથી કે,

**દુન્યવી એકાદ પણ ચીજની તીવ્ર લાલસા રાખવા જતાં કયારેક ભયંકર**

દુષ્કૃત્ય આવીને ઊભુ રહે છે.

**કોણિક કેમ ડુબ્યો ?**

કોણિક પહેલાં તો પિતા શ્રેણિકનો વૈરી અને પિતાને કેદમાં નાખનારો હતો. પરંતુ પછીથી પશ્ચાત્તાપ સાથે પોતાની જાતે પિતાને જેલમાંથી બહાર કાઢવા જનારો, અને શ્રેણિકે ગેરસમજથી આપઘાત કરતાં એના પર ભારે શોક કરનારો બનેલો. શોક એટલો બધો કે હવે સમૃદ્ધ રાજધાની રાજગૃહ-નગરી ખાવા ધાય છે. તેથી એણે ચિત્તની સમાધિ માટે ચંપાનગરીને રાજધાની બનાવી ત્યાં જઇ રહેવાનું રાખ્યું. વળી ભગવાન મહાવીરદેવ પધાર્યા ત્યારે યાદગાર સામૈયું કરેલું તે માન મેળવવા નહિ, પણ પ્રભુ પ્રત્યેની દિલની ભક્તિથી.

બોલો તીર્થંકર પ્રભુ પ્રત્યે આટલી ભક્તિ, એટલી દુષ્કૃત્યની ગર્હા, પશ્ચાત્તાપ, વગેરે હોય ત્યાં દુર્ગતિ થાય ? છતાં કેમ દુર્ગતિ થઇ ? એનું એક કારણ આ, કે એને હલ્લ-વિહલ્લ પાસેથી દિવ્ય હાર અને સેચનક હાથી મેળવવાની તીવ્ર લાલસા થઇ. એમાંથી મહાયુદ્ધ થયું, પ્રપંચ ચાલ્યો અને લશ્કરનો ખોડો નીકળ્યો.

બન્યું એવું કે શ્રેણિકે અભયકુમારની દીક્ષા પછી જોયું કે હવે રાજ્ય કોણિકને આપવાનું છે, તેથી એક દિવ્ય હાર અને સેચનક હાથી હલ્લ-વિહલ્લને આપ્યા. પછી તો કોણિક પોતે જ રાજ્યગાદી પર ચડી બેઠો, અને ભાઇઓને રાજ્યમાંથી ભાગ આપવાના અવસરે હલ્લ-વિહલ્લને દિવ્ય હાર અપાયો છે માટે રાજ્યભાગ ન આપ્યો. દુન્યવી એક ચીજની લગન કેવું કામ કરે છે ? મોટું મગધ દેશનું રાજ્ય મળ્યું છે પરંતુ મનને લાલસા મારે છે, 'મને દિવ્ય હાર કેમ નહિ' એની રીસમાં એક નાનો રાજ્યભાગ ભાઇઓને ન આપ્યો.

એક વાર કોણિકની પટ્ટરાણી પદ્માવતી એ હલ્લ-વિહલ્લની રાણીઓને એ હાર પહેરી સેચનક હાથી પર બેસી મસ્તીથી ફરતી જોઇ, કોણિક પાસે એ મેળવી લેવાની માગણી કરી, કોણિકે પહેલાં તો કહ્યું કે પિતાજીએ એમને આપેલ હોવાથી કેમ પડાવી લેવાય ? પરંતુ સ્ત્રીહઠ આગળ નમતું જોખી હલ્લ-વિહલ્લ પાસે એની માગણી કરી.

હલ્લ-વિહલ્લે કહ્યું 'રાજ્યનો ભાગ આપો, તો આપીએ.'

**કોણિકની શિરજોરી :-**

અહીં કોણિકને હું પદ નડયું. મનને થયું કે એમ હું સોદો કરીને શાનો લઉં ? હું મગધસમ્રાટ છું તે સત્તાના બળથી લઇશ. એટલે હલ્લ-વિહલ્લને હુકમ કરે છે કે સીધી રીતે હાર અને હાથી આપી દો. નહિતર તમારે આપી દેવાની ફરજ પડશે.



હલ્લ-વિહલ્લે જોયું કે અહીં આપણે નિરાધાર છીએ તેથી કોણિકની સામે કઇ ચાલશે નહિ, માટે કોઇ આધાર પકડી લઇએ ! એમ વિચારીને રાતોરાત હાથી અને હાર સાથે વૈશાલીમાં દાદા ચેડામહારાજ પાસે પહોંચી ગયા, અને હકીકત કહી. ચેડા રાજાની પુત્રી ચેલ્લણા, એના કોણિક, હલ્લ અને વિહલ્લ પુત્રો હતા. એટલે ત્રણેના ચેડા રાજા માતામહ દાદા થાય. એમણે હલ્લવિહલ્લને આશરો આપ્યો.

કોણિકને ખબર પડી કે હલ્લ-વિહલ્લ દાદા પાસે પહોંચી ગયા છે, તેથી દાદાને કહેવરાવ્યું કે એમની પાસેથી હાર અને હાથી લઇને મોકલી આપો, અથવા એમને ત્યાંથી કાઢો.

ચેડા મહારાજે કહેરાવ્યું કે તું રાજ્યનો ભાગ આપ તો તને એ બંને વસ્તુ આપી દેવા તૈયાર છે. બાકી તો એ અહીં શરણે આવેલા છે. એટલે શરણાગતને છેહ કેમ દેવાય ?

બસ, કોણિકને આ વાત શાની ગળે ઊતરે ? એણે મોટું લશ્કર લઇ ચેટક રાજાના રાજ્ય ઉપર ચડાઇ કરી. કેટલી વાત પર ચડાઇ ? કોના પર ચડાઇ ? વહાલી પત્નીને હાર-હાથી જોઇએ છે માટે દાદા પર જ યુદ્ધ !

**સ્ત્રી ઝગડાનું નિમિત્ત :-**

આ જગતમાં સ્ત્રીઓ કયાં કયાં સગાસંબંધીઓમાં ઝગડો કરાવનારી બની હશે એ તપાસો તો શું માલુમ પડે ? દીકરા માબાપથી જુદા રહેવા જાય છે કોના કારણે ? ભાઇ-ભાઇને જુઆરા થાય એ કોના કારણે ? ઘણા ભાગે સ્ત્રીના કારણે. સ્ત્રીનો સહજ ક્ષુદ્ર સ્વભાવ અને ઈર્ષ્યા એવી કે એ સાસરિયાનું સારું સહન ન કરી શકે. પાડોશી સાથે પણ ઝગડા કરાવે.

**સ્ત્રીમાં જ સહજ તુચ્છતા અને ઈર્ષ્યા કેમ ?**

કારણ સ્પષ્ટ છે એ જે સ્ત્રીવેદ ભોગવે છે એનું કર્મ પૂર્વ બાંધેલું તે માયા-તુચ્છતા-ઈર્ષ્યા વગેરે મલિન ભાવના કારણે બાંધેલું, એટલે એ ભાવોના સંસ્કાર સાથે આવેલા કહો, કે એનાં મોહનીય કર્મ સાથે બાંધી લાવેલ કહો, તે અહીં ઉદય પામતા પોતાનું ફળ દેખાડે, એ સહજ છે. ત્યારે પૂછો,-

**સ્ત્રી ગુણિયલ કેમ ? :-**

**પ્ર.**- પણ કોઇક સ્ત્રીઓમાં ઉદારતા ગંભીરતા ક્ષમા વગેરે સારા ગુણો દેખાય છે તેનું કેમ ?

**ઉ.**- એનું કારણ એ છે કે પૂર્વ જીવનમાં એનામાં ગુણો સારા હશે, ધર્મ સારો હશે, પરંતુ કયારેક કોઇ છૂપી માયા વગેરેની ભૂલ થઇ હશે તેથી માત્ર એ સ્ત્રીવેદનું કર્મ બાંધી દીધું હશે એટલે અહીં સ્ત્રીપણું મળ્યું, કિંતુ પૂર્વના સારા ધર્મ

અને ગુણમય જીવનનો આ પ્રભાવ પડયો કે એનો અહીં વારસો મળ્યો, અને એના બળમાં પેલું મોહનીય કર્મ દબાઇ ગયું, તેથી અહીં તુચ્છતા વગેરે નથી દેખાતા.

જુઓ, સીતા, દમયંતી, રાજીમતી, વગેરે વગેરેને સ્ત્રીનો અવતાર મળ્યો હતો, છતાં એમનામાં સ્ત્રીસુલભ ક્ષુદ્રતા, માયા, ઈર્ષ્યા વગેરે દોષો નહોતા. કેમ નહિ ? એટલા જ માટે કે પૂર્વના જીવન સુંદર ગુણસંપન્ન હતાં. સ્ત્રીવેદ કર્મ તો એમને કોઇ અણધારી પળની ગફલતમાં બંધાઇ ગયું હશે, તેથી સ્ત્રી બનવું પડયું. પરંતુ પૂર્વના લગભગ સમગ્ર જીવનના ગુણોની આ છાયા, કે અહીં એ ગુણો સારા વિકસ્વર રહ્યા, તેથી કોક વારના અલ્પ દોષને દબાઇ જવું પડયું.

બાકી સામાન્યથી જીવનમાં વારે વારે દોષોમાં રમવાનું ચાલુ હોય, સહેજમાં માયા, સહેજમાં ઈર્ષ્યા, સહેજમાં અહંકાર એવાને તો એનો રસાલો ભવાંતરે કેટલાય જનમો સુધી ચાલ્યા કરે છે. એવા રસાલા-વાળી સ્ત્રીજાત સસરાને, જેઠને, દિયરને, નણંદને, દેરાણી-જેઠાણીને ન સહન કરે અને ઝગડો કરાવે એમાં શી નવાઇ ?

**કેવી સ્ત્રીજાત પર પ્રેમ ? :-**

વિચારો, આવી સ્ત્રીજાત પર પણ હૈયાથી કેટલો પ્રેમ વરસી જાય છે ? ખબર છે કે પોતાના માતા-પિતા ભાઇ-બેન વગેરે પ્રેમાળ અને પ્રેમપાત્ર હતા, છતાં પોતાની સ્ત્રી પરણીને આવી પછી રગડા ઊઠયા, એ જ ખણખોદ કરવી લાગી કે આ જુઓને તમારા બાપાજી કેવા છે ? તમારી બા કેવી છે ? આમ બોલે છે, આમ ચાલે છે... ખબર ન પડી કે આ ઝગડો ઘાલે છે ? છતાં એના પર પ્રેમ કેટલો ? વિશ્વાસ કેટલો ? સગા મા-બાપ કરતાં વધુ ! કેમ ? એક કામરાગના અંધાપાને લીધો.

પરલોકમાં એ કયાં લઇ જશે ? આવી સ્ત્રીજાત જીવનભર કેટલાંય જોઇતાં ન-જોઇતાં પાપો કરાવે, રગડા કરાવે, દોષો સેવરાવે, એનો પરલોકે વારસો કેવો ચાલવાનો ? પરણીને શો સાર કાઢવાનો ? છતાં વાંઢાને પરણવાના જ વિચાર ચાલ્યા કરે છે, અને પરણેલાને કોઇ દિવસ આનો પશ્ચાત્તાપ નથી કે અરેરે ! આ એક સ્ત્રીને ઘરમાં ઘાલીને હું કેટલો બધો પતનના રસ્તે છું ? કેવી મોહિની !

**અબુઝ જીવને મોહનો નશો એવો કે હકીકતની ખબર જ ન પડવા દે.**

**ઊલટું, મોહના નશામાં વાંક સગાઓનો કાઢે, માબાપનો કાઢે, અને સ્ત્રીને તારણહાર માને !**

પછી સંતાનો માટે પણ એવાં લગ્નજીવન જ ઇચ્છે, એમાં શી નવાઇ ? કહો, કદી તમને વિચાર આવે છે ખરો કે આ મેં સ્ત્રી કર્યા પછી જીવનમાં દોષો અને પાપોનું સેવન વધ્યું કે ઘટયું ? સ્ત્રીએ આવીને મને શું આપ્યું ? રાગના



મોહના વિષકટોરા ? કે દાનાદિ ધર્મના રસઘુંટડા ? આ વિચાર નહિ, પછી સ્ત્રીને તારણહાર માને એમાં નવાઇ નથી.

રાણી પદ્માવતીના આગ્રહથી રાજા કોણિકે હલ્લ-વિહલ્લનો હાર અને હાથી લેવા માટે દાદા ચેડા મહારાજ સામે યુદ્ધ જમાવ્યું. યુદ્ધ તે કેવું મચ્યું ? ભયંકર ખૂનખાર, કરોડો માણસ મર્યા હશે છતાં જીતાયું નહિ. ત્યારે દેવીના, કહેવાથી જણાયું કે 'કુલવાલક મુનિનો માધવિકા વેશ્યા સાથે સંબંધ થાય તો વૈશાલીમાં પ્રવેશ મળે.' એટલે હવે એ સંબંધ કરાવવાની તૈયારી કરી.

વિચારજો આ બધું શાની પાછળ ? એક દુન્યવી ચીજની તુચ્છ લાલસા અને દુરાગ્રહ પાછળ. 'બસ, મારે સત્તાની રૂએ હલ્લ-વિહલ્લનો હાર અને હાથી જોઇએ', -આ અભિમાન સાથેની લાલસામાં ખૂનખાર યુદ્ધ કર્યું અને તે ય ઉપકારી જનેતાના પિતા તથા ભાઇઓ સાથે લડયો. હવે વળી મુનિને વેશ્યાથી પતિત કરવાનો નિર્ણય લીધો.

આપણી વાત એ ચાલે છે કે ધર્મપ્રવૃતિ કરવી, તે શુભ ધ્યાનના ઉદ્દેશથી કરવી, એ પ્રવૃત્તિના હિસાબે મન સારાં ધ્યાનમાં રહે એ ઉદ્દેશથી કરવી, પરંતુ દુન્યવી ચીજવસ્તુના ઉદ્દેશથી નહિ. કેમ એમ ? એનું આ એક દ્રષ્ટાન્ત છે કે દુનિયાની વસ્તુની લાલસા જીવને કેટલી અધમતા સુધી ઘસડી જાય છે, અને કેવી નરકની તૈયારી કરાવે છે. કોણિક હલ્લ-વિહલ્લનો હાર અને હાથી પડાવવા માટે એ કરી રહ્યો છે. દાદા સાથેના ખૂનખાર યુદ્ધમાં ચેડા મહારાજ પાછા પડયા છતાં વૈશાલીમાં પ્રવેશ નથી મળતો તેથી હવે મુનિને પતિત કરવાનું કરે છે.

**વેશ્યાની ચાલ બાજી :-**

રાજાએ માગધિકા નામની વેશ્યાને બોલાવી કુલવાલક મુનિને વશ કરવા કહ્યું, રાજાનું કથન એટલે, એક તો આમે ય જાતની વેશ્યા, પછી કરવામાં શું બાકી રાખે ? ઉપડી શ્રાવિકા બનીને કયાં ? જંગલમાં. કેમ ? કુલવાલક મુનિ તપસ્યા કરી જગંલમાં આતાપના લેતા હતા. જઇને મુનિને વંદના કરી. મુનિએ ધર્મલાભ આપ્યો એટલે એ પોતાનો પરિચય કહેતા કહે છે,-

'આ હું શ્રાવિકા છું. યાત્રાએ જતી હતી, એમાં અકાળે આંબો ફળવા જેમ આપસરખા મહામુનિનાં દર્શન મળ્યા ! આજનો દિવસ મંગળ બની ગયો. મારાં તો ભાગ્ય ઊઘડી ગયાં. મને ભાતામાંથી લાભ આપી પાવન કરો.'

એની સુફિયાણી ભાષામાં મુનિ લપટાયા, એને લાભ આપ્યો, વહોરી લાવીને વાપર્યું, પરંતુ વેશ્યા કાંક એવું બનાવી લાવેલી કે એ વાપર્યા પછી મુનિને ઉપરાપર ઝાડા લાગ્યા. વેશ્યાને એટલું જ જોઇતું હતું. જંગલમાં મુનિનું સંભાળનાર બીજું

કોઇ હતું નહિ, એટલે વેશ્યાને ફાવતું જડ્યું. મુનિની સેવા એ કરવા લાગી. મુનિ બહુ અશક્ત થઇ ગયા છે એટલે ઊઠવા કરવાની ય હામ નથી. ઉઠાડવા પડે, સુવાડવા પડે, કપડાં સાફ કરવા પડે, શરીર દબાવવું જોઇએ,...આ બધામાં વેશ્યા શું કામ બાકી રાખે ? મુનિને એક તો તબિયત ઢીલી, ને એમાં વેશ્યાના રેશમ જેવા હાથના સુંવાળા સ્પર્શ મળે, પછી પતનના જ માર્ગે કે સંયમના ?

એમાં વળી વેશ્યા 'હેં મહારાજ સાહેબ ! બહુ અશક્તિ ? તમે તો બહુ તપસ્યા કરી કરી જુઓને આ કાયા કેવી કરી નાખી છે ? તે હેં મહારાજ સાહેબ ! આપણે શરીર આમ તોડી નાખવાનું ? શરીરથી તો આગળ આરાધનાનું કામ લેવું છે તે એકદમ એને તોડી નખાય હેં મહારાજ સાહેબ ! તે આપની સેવામાં કોઇ નથી ? પણ સારું થયું, નહિતર વળી મને આવો સેવાનો અપૂર્વ લાભ કયાંથી મળવાનો હતો ?' એવા એવા 'હેં મહારાજ સાહેબ !' ના લટકાળા સંબોધન-ભર્યા કોમળ આકર્ષક બોલ બોલતી જાય છે, હાવભાવ, અંગ મરોડ અને આંખના કટાક્ષ વગેરે કરતી જાય છે, ત્યાં કુલવાલક મુનિ શે ટકી શકે ? મંડયા પડવા.

**કુળવાન પણ પડે :-**

એકલા વિચરવામાં મુનિને આ ભય છે. એમ સમજતાં નહિ કે વેશ્યા જ પાડે, ને બીજી કુળવાન બાઇ ન પાડે. દારૂ ને દેવતાનો સંયોગ થયો કે ભડકો થાય. એમ એકલા મુનિ અને એકલી બાઇનો યોગ થાય એ ખતરનાક છે, બંનેને ભલે ને પહેલાં ખોટો વિચાર ન હોય, પરંતુ એમનો સમાગમ વસ્તુ જ ભૂંડી, નિમિત્ત પાડનારું, માટે સાધુને એકલા વિચરવામાં મોટું જોખમ છે. છેવટે શરીર માદું પડે ત્યાં પુરુષો તો સવારે સાંજે ખબર લે, પરંતુ બપોરે એ ધંધાર્થે ગયા પછી તો બાઇઓ જ ખબર લેવા આવવાની ને ? ત્યારે એકાંત ભયંકર છે. સહેજે મનને થાય કે અહીં કોણ બીજુ જુએ છે ? એમ કરી સામાન્ય સ્પર્શમાં પડાય, પછી પતન આગળ વધે.

ત્યારે શાસ્ત્રકારો કહે છે ને કે એકાંત સેવો નહિ. મુનિઓને પણ એક જ સ્થાનમાં સાથે બેસવા-ઊઠવા-સૂવાનું કહ્યું. કોઇ મુનિ જો જુદી ઓરડી સેવે તો એને પ્રાયશ્ચિત કહ્યું, તે ય ધરાર એમ દુરાગ્રહથી ચાલુ જ રાખે તો બીજા મુનિઓ સાથેના વ્યવહારથી બહાર થઇ જાય, જ્ઞાનીઓની આમાં દીર્ઘ અને ઊંડી દ્રષ્ટિ છે. સમુદાયની સાથે રહેવામાં પણ જો એકાંત સેવવાનો નહિ, તો એકલા વિચરીને તો એકાંત સેવવાની વાતે ય શી ? ત્યાં કાંઇ શુભ ધ્યાનની ધારા ન ટકે ? કેમકે જગતની વચમાં રહેવાનું છે, તે કેઇ ભાતના સંયોગ-પ્રસંગ આવે, પદાર્થો નજર સામે આવે. એમાં રાગ-દ્વેષ અને આકર્ષણ-અરુચિ વિનાના શુદ્ધ ભાવમાં ટકાય શી



રીતે ? સમુદાયમાં તો સમુદાયની રૂએ કેટલાક સંયોગ ન આવે. દા. ત. એકલી બાઇ આવતી હોય તો સમુદાયને દેખીને અટકી જાય. કદાચ પરગામથી વંદનાર્થે કોક આવી તો કોઇ સાધુ સાથે વાત કરવાની હામ નહિ. ત્યારે એકલા સાધુ પર આક્રમણ કેવાં ?

**ગૃહસ્થની મર્યાદા :-**

ગૃહસ્થ માટે પણ આ આપત્તિ જોઇ શાસ્ત્રે એકલી સ્ત્રીવાળા ઘરમાં જવાની શ્રાવકને મનાઇ કરી, પછી ભલેને મિત્રનું કે સગા ભાઇનું ઘર હોય તો ય શું ? ઘરમાં જો પુરુષ નથી તો નહિ જવાનું. શું શાસ્ત્રકારો બધાને લુચ્ચા યા ઢીલા સમજે છે ? ના, પણ અનંતકાળના વિજાતીયના આકર્ષણના સંસ્કાર એવા પાડેલા છે કે એથી નિમિત્ત મળતાં સારો પણ જીવ ગોતું ખાય.

અરે ! એકાંત સંયોગ કે દર્શનની તો શી વાત, માત્ર વિજાતીયનું સ્મરણ જ કરે તો ય વિચાર બગડવા માંડે છે. ઉંમરે પહોચેલો વૃદ્ધ પણ જો એવું વિચારવા જાય કે 'ફલાણાની છોકરી સારી રૂપાળી છે...' તો ય એના દિલમાં કામરાગ ઊછળવા માંડશે.

**જો સ્ત્રીનાં સ્મરણમાં પણ કામરાગ ઊછળે, તો દર્શનમાં પૂછવાનું શું ?**

આજે જાહેરાતોમાં શું આવે છે ? છાપાઓમાં શું ? પુસ્તકોમાં શું ? પિકચરોમાં શું ? રસ્તાઓ પર પુરુષ કેટલા મળે ને સ્ત્રીઓ કેટલી મળે ? તે ય કેવા વેશમાં ? દિવસભરમાં આ સ્ત્રીદર્શનો મળ્યા કરે પછી અંતરમાં એના જ ફોટા વધુ પડવાના ? કે પ્રભુનાં ને મુનિઓનાં ? આજના કેવા જગતમાં રહો છો ? આવા અસદ્ દર્શન ઢગલાબંધ મળે એવા ને ? તો કોઇ ભડક નથી લાગતી ? કોઇ ચિંતા નથી કે આ સ્ત્રીદર્શનોના કચરા મગજમાં ભરી ભરીને મારે કયાં જવાનું ! ને કેવી મારી અધમ દશા થવાની ? વળી આ કચરા બહુ ભરાય ત્યાં પરમાત્મા સ્મરણ અને તત્ત્વચિંતન પણ કયાંથી બહુ ચાલે ? તેમ,

**પેલાં સ્ત્રીદર્શનો મિઠાશથી કર્યા હોય, પછી આ પ્રભુદર્શન-સ્મરણ વગેરે મિઠાશથી કયાંથી થાય ?**

પ્રભુનાં દર્શન અને સ્મરણ ગદ્ગદ્ દિલે કરવાં છે ? તો મિઠાશથી સ્ત્રીદર્શનોને કરવાનું બંધ કરો.

**વિષયની મિઠાશ અને વીતરાગની મિઠાશ બે સાથે ન અનુભવી શકાય, બેમાં સાથે હુંફ ન લાગે.**

કેમકે વિષયોના રંગ મુદ્દલ છોડ્યા છે. એના પ્રત્યે લેશ પણ રાગ નથી, તેથી જ વીતરાગ બન્યા છે. હવે જો આપણને વિષયો ગમે છે, તો વીતરાગ પ્રભુ

ક્યાંથી ગમવાના ? વીતરાગ એટલે જ વિષયવિરોધી. વિષયોમાં જો હુંફ લાગતી હોય, તો એના વિરોધીમાં હુંફ ક્યાંથી લાગવાની ?

**'હુંફ' સમજો છો ને ?**

પૈસા મળ્યા, સ્ત્રી મળી, રુડા ખાનપાન મળ્યાં, એટલે મનને જો લાગે કે હાશ ! આપણે નિરાંત. આ બધું મળ્યું છે એથી હવે આપણે કોઇ ચિંતા નથી, સુખ જ સુખ ભોગવશું, આવું લાગે તો એ વિષયોમાં હુંફ લાગી ગણાય. હવે આવા જીવને વીતરાગમાં શી હુંફ લાગે ? શી મિઠાશ લાગે ?

એ તો વિષયો ભડકાવે, અકારા લાગે, એમાં હુંફને બદલે ભય લાગે, તો જ વીતરાગમાં હુંફ મનાય, મનને એમ થાય કે 'અરે ! આ વિષયો કેવા ગોઝારા મળ્યા છે ? સારું થયું કે વીતરાગ પ્રભુ મળ્યા છે, તેથી એમને દિલથી યાદ કરતાં કરતાં એ વિષયોનાં ઝેર નહિ ચડે. વીતરાગ મળ્યા છે, તેથી હાશ ? હવે ચિંતા નહિ.'

**શેમાં હુંફનો અનુભવ ?**

ત્યારે તપાસો કે હુંફનો અનુભવ ક્યાં થાય છે ? દુનિયાના અનુકૂળ વિષયો મળ્યા છે એમાં ? કે વીતરાગ મળ્યા છે એમાં ? જો જો હોં, બંનેમાં હુંફ કહેતાં નહિ, નહિતર ઢોંગ થશે. બ્રહ્મદત્ત ચક્રીને વિષયોમાં હુંફ હતી તેથી વીતરાગમાં હુંફ નહોતી લાગતી. શ્રેણિક, કૃષ્ણ મહારાજને વીતરાગમાં હુંફ લાગતી હતી, તેથી વિષયોમાં એમને જો કે રાગ થતો પરંતુ હુંફનો અનુભવ નહોતો, કિંતુ ભડક હતી, રોતા હતા 'અરે ? આ ગોઝારા વિષયો પર રાગ કરી એને અમે છોડતા નથી, તો અમારું શું થશે ?' એવી સ્થિતિ આનંદ-કામદેવાદિ મહા શ્રીમંત શ્રાવકોની હતી.

**સમ્યગ્દ્રષ્ટિ દેવતાઓને પણ વિષયોમાં હુંફ નથી.**

વિષયો કેવા મળ્યા છે ? વિમાન કેવા ? દેવાંગનાઓ કેવી ? ઉદ્યાન કેવા ? બધું દિવ્ય મનુષ્યની કલ્પનામાં ન આવે એવું ! એ પણ ૫૦-૧૦૦ વર્ષ માટે નહિ, કિન્તુ અસંખ્ય વર્ષો માટે મળ્યા છે. છતાં એમાં સમકિતી દેવને હુંફ નથી કે 'હાશ ! આ ઠીક મળ્યું, ચાલો નિરાંત થઇ, હવે આપણે કોઇ ચિંતા નહિ, કોઇ ભય નહિ. ના, એ તો એમાં સચિંત છે, એને કર્મનું ગોઝારું નાટક દેખે છે. નાટક એટલે ના ટકે એવું ભલે અસંખ્ય વર્ષે પણ જાય એવું. અને ગયા પછી દશા કઇ ? અરે ! જવાનું છે એમ દેખાય ત્યાં પણ કેવી દશા ? શાસ્ત્ર કહે છે પાણી બહાર કાઢેલી માછલી તપેલી રેતી પર તરફડે એવી દશા દેવતાની, આયુષ્યના છેલ્લા છ માસ બાકી રહેતાં થાય છે. કેમકે એને અત્યાર સુધી ડોકમાંની પુષ્પમાળા રોજ તાજી રહેનારી હવે કરમાયેલી દેખાય છે, વિમાનનાં રત્ન ઝાંખાં દેખાય છે. દેવાગંનાનાં પ્રેમ ફિક્કા જણાય છે, તેથી એને સમજાઇ જાય છે કે હવે હું અહીંથી



ઊડયો ! મારું નિકટમાં મોત છે. કહો,

**આ અંતિમકાળની સ્થિતિના વિચાર પર સમકિતી દેવતાને વિષયોમાં હુંફ ક્યાંથી લાગે ?**

ત્યારે તમને દેવની અપેક્ષાએ શું મળ્યું છે ? વિષયોમાં શો ભલીવાર છે ? તે પણ કેટલી હાડમારી ભય ચિંતા-જંજાળથી ભરેલા વિષયો ? તે ય કેટલો કાળ ટકનારા ? છતાં એમાં તમને હુંફ લાગે છે કે, 'હાશ ! ઠીક મળ્યું છે. ચિંતા નથી. આટલાથી આપણને કશો વાંધો નહિ આવે.' પેલા સમકિતી દેવતાને મહાન વિષયો મળ્યા છતાં એથી ભારે વાંધો આવવાનો દેખાય છે, અને તમને ઠીકરા જેવા મળ્યા અને એમાં કષાયો તથા પાપોથી ચિટકાઇ ગયા છતાં વાંધો આવવાનો નથી લાગતો ?

ભૂલો નહિ,

**વિષયોમાં હુંફને બદલે ભડક ઊભી કર્યા વિના વીતરાગમાં હુંફનો અનુભવ નહિ થાય.**

એટલું વિચારો કે 'વિષયો ક્યાં મળે ? ભવોભવ વીતરાગ ક્યાં મળે ? આર્ય માનવ અવતારે તો પછી મારે આ દુર્લભ વીતરાગ વહાલા કરવા છે, એમનામાં હુંફનો અનુભવ કરવો છે, એમનાથી જ મારે નિરાંત નિશ્ચિન્તતા અનુભવવી છે, તો વિષયોને અકારા કરવા દે. અનંતા ભવોમાં અનંતીવાર વિષયોને તો દેખ્યા છે, અહીં એ નવા શા જોવાના હતા ? વળી,

**જે વિષયો**

(૧) અઢળક પાપસ્થાનકો સેવરાવે છે,

(૨) પૂર્વનાં પુણ્યને ખત્મ કરે છે,

(૩) વીતરાગને અને એમણે કહેલી ધર્મસાધનાને ભૂલાવે છે, શુભ ધ્યાનને આઘું રખાવે છે,

(૪) રાતદિન આર્તધ્યાન, ચિંતા, સંતાપ, અસમાધિ તથા બગડવા નાશ-પામવાના ભય કરાવ્યા કરે છે,

(૫) અને જે અંતે તો ખોવાઇ જ જવાના છે, ને તે પણ રોવરાવીને જશે.

એવા વિષયોમાં હુંફ અનુભવવી એ મહામૂઢતા છે, સરાસર મૂર્ખાઇ છે, બુદ્ધિનો વિકાર છે. માટે હવે એ ન કરતાં ભડક અનુભવું. વિષયોને સુખકારક મિત્રવત્ નહિ કિન્તુ ભયંકરતા સર્જનાર દુશ્મન દેખું.

-આમ વિષયોમાં ભડક અનુભવાય, તો વીતરાગમાં હુંફનો અનુભવ થાય.

પેલા કૂલવાલક મુનિને વેશ્યાના હાથેથી સેવા મળી, તો વિષયોમાં મિઠાશનો સુખનો અનુભવ થયો. એ પડયા, અને વેશ્યામાં લીન બન્યા. તપમાં વીતરાગમાં હુંફ લાગતી, તે હવે સેવા લેવામાં, વિષયોમાં, વેશ્યામાં હુંફ લાગવા માંડી ગબડયા નીચે, સાધુપણાનું લીલામ કરી નાખ્યું. દુનિયાની એક પણ ચીજની જોરદાર લાલસા લંપટતા જાગી તો જીવનો મામલો ખત્મ ! માટે ચેતતા રહેવા જેવું છે. કોણિક કેટલો નીચે ઊતરી ગયો છે ! શાના પર ? એક હાર અને હાથી મેળવવા પર જ ને ? એટલે,

**જો જીવનમાં શુભધ્યાન ખૂબ સાચવવું સેવવું હોય તો દુન્યવી ચીજના આગ્રહ, આવેશ ને લાલસા લંપટતા છોડો.**

કૂલવાલક મુનિને હવે વેશ્યા રાજા કોણિક પાસે લઇ આવી. રાજાએ સ્વાગત કર્યું માનભેર બેસાડી પૂછે છે,-

'મહારાજ ! આ વિશાલા કેમ જીતાતી નથી ? આપ કાંઇક ઉપાય બતાવો તો આપનો બહુ ઉપકાર માનું.'

રાજાના આ પ્રશ્ન વખતે વેશ્યા સાથે છે એ એમાં ટેકો પૂરતી કહે છે, 'ખરી વાત, આવા મોટા મહારાજા જયારે આપણને વિનંતિ કરે, ત્યારે તો આપણે એ ધ્યાન પર લેવી જોઇએ !

મુનિને મન હવે વેશ્યા કોણ છે ? પ્રાણથી અધિક અને સુખનો ભંડાર, એટલે એનું વચન જાણે બ્રહ્માનું વચન ! તે રાજાને કહે છે કે, 'હું નગરીમાં જઇને તપાસ કરું છું.'

બસ કૂલવાલક ઊપડયો નગરમાં તપાસ કરતાં જોયું કે 'અહીં ભગવાનનો સ્તૂપ એવા શુભ મુહુર્તે પ્રતિષ્ઠિત થયો છે કે એના પ્રભાવે નગરી બીજાથી લઇ શકાતી નથી.' એણે એના પર એ સ્તૂપને ઉખેડી નખાવવાનો વિચાર કર્યો. કોણિકને એના ખબર આપ્યા. કોણિક ખુશ થયો.

કેટલો ભયંકર વિચાર ? કૂલવાલક એકવાર મુનિ હતો, અરિહંતનો ભક્ત હતો, તે આજે અરિહંતનો પ્રભાવશાળી સ્તૂપ તોડાવી નાખવા તૈયાર થઇ ગયો. કેમ વારુ ? વેશ્યામાં આસક્ત થઇ ગયો હતો તેથી...



ત્યારે આ જોવાનું છે કે એક સ્થાને પતિત થયા પછી શતશઃ વિનિપાત થાય છે, અહીં સ્તૂપનો નાશ ચિંતવવામાં સમ્યક્ત્વ કયાં ઊભું રહે ? વેશ્યાના સંપર્કમાં ચારિત્ર ગયું, પણ સમ્યક્ત્વ જાય એવો વિચાર શા માટે આવે ?

આપણને એમ લાગે કે એક ભૂલ કરી એક દોષ સેવ્યો એને બીજી ભૂલ કે દોષ સાથે શો સંબંધ ?

પરંતુ ભૂલો વચ્ચે ન ધારેલી કડી જોડાઇ જાય છે. અહીં વેશ્યાથી પતન થયું એમાં પછી વેશ્યાની ઉપર એટલે બધો રાગ બંધાઇ ગયો કે પછી એ જે કહે તે માની લેવું છે. તો એમાં આવું સ્તૂપનાશનું ઘોર કૃત્ય કરવાનું કહે તો એ પણ માન્ય કરી લેવું છે. પછી ત્યાં સમ્યક્ત્વ પણ કયાંથી ટકે ? એક પતન પછી બીજા પતનની કેવી કડી જોડાઇ ગઇ !

સિંહ ગુફાવાસી મુનિ માત્ર ઈર્ષ્યા અને અભિમાનમાં ચડયા હતા કે વેશ્યાને ત્યાં ચોમાસું કર્યાથી સ્થૂલભદ્રમુનિ દુષ્કર-કારક ? લાવ, એમ તો હું પણ એમ ચોમાસું કરી બતાવું ! પરંતુ આ એક પતનમાંથી બીજા એ પતનમાં પડયા કે ગુરુએ એમને વેશ્યાને ત્યા ચોમાસું કરવાની ના પાડી છતાં એ ઉપડયા વેશ્યાને ત્યાં ચોમાસું કરવા, અને ગુરુની આજ્ઞા અવગણી.

પછી પતનના માર્ગે આગળ વધ્યા. વેશ્યાને ત્યાં જઇ એને જોતાં જ મોહમૂઢ બન્યા. તો પછી હવે પોતાની નબળાઇ જાણીને પાછા ન આવતા રહે ? પણ ના, કામવાસના બિચારી સ્થૂલભદ્રજીથી હારી, એટલે જાણે વૈર વાળવા એણે આ મુનિ ઉપર જોરદાર હુમલો કર્યો.

પછી તો વેશ્યા આગળ મુનિએ ભોગની પ્રાર્થના કરી, પેલીએ નેપાળ દેશમાંથી રત્નકાંબળ લઇ આવવા કહ્યું તો એ લેવા માટે ચોમાસામાં ઊપડયા નેપાળ. ત્યાંના રાજા પાસેથી કાંબળ મેળવી લઇને આવતાં ચોરો ઝુટવી ન લે એ માટે પોલા વાંસમાં છૂપાવીને ચાલ્યા. કેવાં કેવાં પતન પર પતન થતાં જ ગયાં? ચોમાસામાં વિહાર, કિંમતી કાંબળનો પરિગ્રહ, એ મળવા પર ચાલો હવે વેશ્યાના ભોગ મળશે એવી વિષયભોગની હોંશ, કાંબળ છૂપાવીને લાવવાની માયા...વગેરે વગેરે કેટલુંય ચાલ્યું. એ તો સારું થયું કે વેશ્યાએ રત્નકાંબળ ખાળમાં નાખી દઇ મુનિની આંખ ખોલી નાખી અને ગુરુ પાસે પાછા વાળ્યા. નહિતર તો વેશ્યા અનુકુળ થતાં પૂરું પતન જ થઇ જાત. એક પતનમાંથી બીજા કેટલા પતન ઊભાં થાય છે !

કુલવાલક ચાલ્યો છે પતનના માર્ગે. એણે હવે જોષીનો વેશ કર્યો અને વૈશાલીમાં જયોતિષ કહેતા ફરે છે. ત્યારે લોકોએ પૂછયું કે,-

'આ વૈશાલી પરનો કોણિકનો ઘેરો કેમ નથી ઊઠતો ?'

કૂલવાલક કહે છે, 'જયાં સુધી આ સ્તૂપ છે ત્યાં સુધી ઘેરો નહિ ઊઠે. જો એને ઊખેડી નાખો તો તરત ઘેરો ઊઠી જશે. તમારે આનો પ્રયોગ કરવો હોય તો કરવા માંડો એટલે દેખાશે કે જેમ જેમ સ્તૂપ ઊખેડાતો જશે તેમ તેમ દુશ્મનનું લશ્કર પાછું હટતું જશે.

બસ, આટલે સુધીની ખાતરી આપી પછી લોકોમાં મન પર એ વાત બેસતાં શી વાર ? અને કૂલવાલકે કોણિક સાથે એવો સંકેત સાધી રાખ્યો કે સ્તૂપ વધુ ને વધુ ખોદાવાના જેમ જેમ સમાચાર મળે તેમ તેમ લશ્કરને વૈશાલીથી આઘે ને આઘે લઇ જવું.

થયું. અહીં લોકને વિશ્વાસ બેસવાથી સ્તૂપને ખોદી નાખવાનું કામ શરૂ થયું. બીજી બાજુ કોણિકનું લશ્કર હટતું ગયું. એટલે લોકોને ખાતરી થઇ કે આ સ્તૂપ જ અપમંગળરૂપ હતો તેથી દુશ્મનનો લશ્કરી ઘેરો હતો. માટે હવે એને તદ્દન સાફ જ કરી નાખો.

જોયું ? કૂલવાલક કેટલા ભયંકર પાપ વધારી રહ્યો છે ! એક તો પ્રપંચ લગાવ્યો, અને બીજુ લોકોના દિલમાં સ્તૂપ પ્રત્યેની જે પવિત્ર ભાવના હતી તેનાથી બિલકુલ ઊલટી જ દ્વેષની ભાવના કરાવી. કોઇ એકની પણ ધર્મભાવના તોડાવી- એ કેટલું મોટું પાપ ? ત્યારે અહીં તો જનસમૂહની તોડી નાખી, ત્યાં પાપનો પાર રહ્યો ? એમાં વળી લોક મહાપવિત્ર જિનસ્તૂપને હોંશ પૂર્વક તોડતા ગયા, એ તોડવાના ગોઝારા કૃત્યને કરાવવાનાં પાપે તો માઝા મૂકી. શ્રી મુનિસુવ્રતસ્વામી ભગવાનનો એ સ્તૂપ એટલે લાખો વરસથી એ પૂજાતો આવ્યો હશે, કેટલાય લાખો જીવોને ભવિષ્યમાં પણ બોધિબીજ, બોધિ સમ્યગ્દર્શન વગેરે પામવા અને પામેલાને શુદ્ધ કરવામાં એ કારણભૂત, એને તોડાવી નાખવાના પાપની અવધિ રહે ?

બસ, કૂલવાલક મરીને તો નરકમાં ગયો, પરંતુ પછી અનંત સંસાર ભટકવાનું ઊભું કર્યું. કોણિકે સ્તૂપ પૂરેપૂરો ખોદાઇ સાફ થઇ ગયાના સમાચાર મળતાં પાછા ફરી વૈશાલી પર છાપો માર્યો, કોણિકને આ નગરીનું ખેતર બનાવી ગધેડાથી ખેડી નખાવવી છે એટલે હલ્લો જોરદાર કર્યો. અહીં એને તો લોકદયા છે જ કયાં ? પરંતુ સુજયેષ્ઠાના પુત્ર સત્યકી મહેશ્વરને દયા આવી એણે પોતાની પાસેના વિશાળ વિદ્યાના બળે લોકોને ત્યાંથી બચાવી લઈ બીજે મૂકી દીધા. કોણિકે વૈશાલી જીતવામાં મહેનત પડી એનું ખુનસ વૈશાલીને સાફ કરી નાખવામાં ઉતાર્યું. આ અને બીજા પાપોથી અંતે એ છઠ્ઠી નરકમાં ગયો.

એકવાર મન બગડયા પછી માણસ કેવો નીચે નીચે ઊતરતો જાય છે ? કેવા અધિક અધિક ખરાબ ધ્યાનમાં પડે છે અને ભયંકર દુષ્કૃત્યો આચરતો જાય છે ?



**મન બગડયા પછી જાણે કોઈ બચાવનાર બેલી જ ન મળે.**

કોણિકને અને કૂલવાલકને એવું જ બન્યું, કૂલવાલકે વેશ્યામાં મન બગાડયા પછી હવે આગળ મન વધુ ને વધુ બગાડતો ગયો, એમાં કોઈને એને રોકયો નહિ ત્યારે જાતે અટકવાની તો ત્રેવડ જ કયાં છે ?

**કોણિકને ઇંદ્રની સહાય :-**

કોણિકે સેચનક હાથી અને દિવ્ય હારમાં મનને બગાડયા પછી એ પણ વધુ ને વધુ મન બગાડતો ચાલ્યો. એણે યુદ્ધમાં પોતાના દશ બળવાન ભાઈઓ કાળ, મહાકાળ વગેરે એકેકને એકેક દિવસ આગેવાની આપેલી પરંતુ ચેડા રાજાના અમોઘ બાણથી એ બધા ખત્મ થયેલા. ત્યારે કોણિકે અઠ્ઠમ કરી સૌધર્મેન્દ્રને સાધ્યા, અને ચેડા રાજાને વશ કરી આપવા માગણી કરી. ઇંદ્રે ના પાડી, કહ્યું 'એ મહાન શ્રાવક છે, એના પ્રત્યે અમારાથી એવું થાય નહિ. પરંતુ તને હારવા નહિ દઇએ.'

જુઓ મન બગાડયા પછી કોઇ બેલી છે ? અહીં સમ્યગ્દૃષ્ટિ ઇન્દ્ર આવે છે, એ પણ કોણિકને પાપથી પાછો વાળતા નથી. કોણ જાણે આમ પાછો કોણિક ભગવાનનો ભક્ત છે તે એના દાક્ષિણ્યમાં ઇંદ્ર તણાયા કે શું, તે એના પાપમાં સહાયક બન્યા.

**સમકિતી પાપ પોષવા જાય ?**

**પ્ર.**- સમ્યગ્દૃષ્ટિ અને તે ય ઇંદ્ર જેવા આવું કરે ?

ઉ.- પાપ પોષવાની દ્રષ્ટિથી ન કરે, કિંતુ ભગવાનના એક ભક્તને સહાયક થવું એ દૃષ્ટિ હોય. તમે સાધર્મિકને ત્યાં લગ્ન હોય અને એ કામકાજમાં તમને ઊભા રહેવા કહે તો જાઓ છો કે નહિ ? તે જાઓ એ શું પેલા પરણનાર છોકરો કે છોકરી સારી રીતે હવે સંસારપાપ ચલાવશે એને પોષવા માટે જાઓ છો ? ના, તમે તો સાધર્મિકને માત્ર સહાયક થવું એ દ્રષ્ટિથી જાઓ છો. બસ, એવું અહીં.

વાત, આ છે મન બગાડયા પછી બેલી મળવા મુશ્કેલ છે. માટે જાતે સમજીને જ મન બગડવા દેવું નહિ. મન સુધારવાનો ઉપાય પવિત્ર ધર્મસાધનાઓ છે, પરંતુ ઘણાની ફરિયાદ છે કે 'એમાં મન સ્થિર જ રહેતું નથી.' એટલે જ આ વિચારણા ચાલે છે કે બધી ય ધર્મસાધના કરતાં આ ચોંટ રાખો કે 'મારે આ સાધના મનને સુધારવા સ્થિર કરવા માટે કરવાની છે. એટલે મન એવું બને છે ને ? એ જોયા કરું.'

ત્યારે જો મનને એમ થાય કે,-

**મનને પવિત્ર કરનારી ભાવનાઓ :-**

(૧) 'દુનિયાદારીમાં તો મન બહુ અશુભ વિચારોમાં અને અશુભ ધ્યાનમાં

જાય છે. એવા પાપી બન્યા રહેતા મનને પવિત્ર શી રીતે કરવાનું ? ત્યારે દુનિયાદારી તો જીવનભર રહેવાની. તો પછી ઠેઠ સુધી મન શું અપવિત્ર પાપી જ રાખવાનું ? ના, રખાય નહિ, કેમકે ભવાંતરે એનાં ભયંકર દુઃખદ પરિણામ છે. ત્યાં વારસો આ અપવિત્ર પાપી મનનો જ મળવાનો, અને તેથી તો પ્રવૃતિ બધી પાપિષ્ઠ જ ચાલે ત્યારે ભાવી ભવો માટે આ એક ભયંકર વારસો બની જાય ! એ કયાં લઇ ચાલુ ? માટે મનને પવિત્ર શુભ ધ્યાનવાળું રાખવા શુભ પ્રવૃતિમાં રહું.'

(૨) 'વળી અહીં મન પાપી અપવિત્ર રહ્યા કરવાથી આત્મા પર અશુભ કર્મોના ગંજના ગંજ ખડકાયા કરે, એનાં ફળમાં દારુણ દુઃખ કયાં વેઠયા કરું ? માટે, એ અટકાવવા મનને પવિત્ર રાખું, ને એ શુભ પ્રવૃતિથી રહે.'

(૩) 'ત્યારે મોટી વાત આ, કે મન પવિત્ર કરવા માટે ને ભાવ શુભ કેળવવા માટે તો મનુષ્ય ભવ જ અનન્ય સાધન છે. એટલે આ ભવને જો એ કાર્ય કર્યા વિના એળે કાઢું, તો પછી ફરી આવો માનવભવ કયાં મળવાનો ? અને મન પવિત્ર કરવાનું કાર્ય કયાં થવાનું ? મન અપવિત્ર રાખીને તો હલકા તિર્યંચના ભવોમાં તે ઠેઠ એકેન્દ્રિય સુધીના ભવોમાં ઊતરી જવાનું થાય. પછી ઊંચે કયારે અવાય ?' એટલે,

માનવભવ મનને પવિત્ર કરવા માટેની જ Refinery છે સંશોધનશાળા છે.

'એમાં એ જ કામ કરવાનું હોય, અને એ મન પવિત્ર કરવા માટે શુભ ધ્યાન કેળવવું પડે, એ કાંઇ દુનિયાદારી ચલાવવામાં ન થાય.'

-આમ જો વાંરવાર વિચારવામાં આવે, તો મનને પવિત્ર બનાવવાની એક ભૂખ ઊભી થાય. એ ભૂખ પણ જોરદાર ભૂખ બને તો પછી એના માટે ખોજ રહે કે 'કયાં કયાં મનને પવિત્ર રાખ્યા કરું ?' ત્યાં દેખાય કે,

**દુનિયાદારીની પ્રવૃતિમાં તો મન આંરભ-પરિગ્રહ, વિષયો-વિલાસો, અને મદ-માનાકાંક્ષાદિમાં રમ્યા કરે છે, ત્યાં પવિત્રતા કયાં ?**

'એમાં તો મન અપવિત્ર જ રહ્યા કરે. માટે શુભ ધર્મક્રિયા, ધર્મ-બોલ, ધર્મ-આચાર જો સેવ્યા કરું તો મનને એમાં સહેલાઇથી શુભ ધ્યાનમાં રમતું રાખી શકાય, અને એથી મન પવિત્ર બન્યા કરે. બસ, બધી ય મન-વચન-કાયાથી અને ધન-ઈન્દ્રિયોથી ધર્મપ્રવૃત્તિ કરું તે શુભ ધ્યાન માટે, મન પવિત્ર રાખવા માટે.'

આ ધગશ જો જાગી જાય, તો દરેક દરેક ધર્મપ્રવૃત્તિ કરતાં કરતાં આ ચોંટ રહેશે કે આમાં મન શુભ ધ્યાનમાં રહે છે ને કોઇ અશુભ ધ્યાન ઘુસી નથી જતું ને ?

વાત આ છે કે,

**ધર્મપ્રવૃત્તિ શુભ ધ્યાનના ઉદ્દેશથી થવી જોઇએ.**



**'આ ધર્મપ્રવૃત્તિ, કરતા કરતાં મારે મનને શુભ ધ્યાનમાં રાખવું છે,'**-એ ઉદ્દેશ, એ ચોંટ, એ તકેદારી જોઇએ પછી એ ચોંટથી ધર્મપ્રવૃત્તિ શરુ કરી એટલે એમાં સાવધાની રહેશે કે મન એ પ્રવૃત્તિના જ ધ્યાનમાં છે ને ? નાની દેવદર્શનની ક્રિયા-વખતે પણ આ ચોંટ રાખી એટલે પછી ત્યાં મન બીજા-ત્રીજા વિચારમાં નહિ જાય, કોઇ કષાયમાં નહિ જાય, કે ડાફોળિયાં નહિ મરાય, યા મન સુસ્ત નહિ બને, ભય છે કે 'રખે ને શુભ ધ્યાન ગુમાવાય તો ?' એટલે દર્શન કરતાં કરતાં મનને બરાબર પરમાત્માનાં સ્વરૂપમાં, જીવનમાં, ગુણોમાં, અને ઉપકારમાં લગાવાશે, ત્યાં મનને એમ થશે કે,-

**પ્રભુદર્શને શુભ ધ્યાન શું કરવું ?**

**'પ્રભુ ! તમારું જીવન કેટલું બધું આદર્શ અને અદ્‌ભુત' !** ઠેઠ બાળપણાથી વૈરાગ્ય ઝળકતું ! માતા પિતા વગેરે તમારા પર અથાગ રાગ વરસાવે છે, પરંતુ તમને એમના ઉપર કોઇ આસક્તિ નથી, કોઇ રાગ નથી.

**જીવન કેટલું ઉમદા ?** કે રાજકુળમાં વૈભવવિષયો તો ઊંચી કોટિના છે જ, એમાં વળી દેવતાઓ તમારા હિસાબે ઘરમાં કરોડો રત્નમોતી-સોનૈયાના વરસાદ વરસાવે છે છતાં તમને એનું જરાય ગુમાન નથી, એના પર લેશમાત્ર રાગ-આકર્ષણ મમત્ત્વ નથી.

**વાહ પ્રભુ ! કેવું પરાક્રમી જીવન ?** કે સુકોમળ અને સમૃદ્ધિ-સન્માનભર્યા શરીરે પણ કઠોર સંયમ, અને ભીષ્મ ત્યાગ-તપસ્યા આદરવાનું તથા ઘોર ઉપસર્ગ-પરિસહોને સહવાનું કર્યું !

**કેવું દિવ્ય જીવન ?** કે કેવળજ્ઞાન પામી કૃતકૃત્ય બન્યા, શિવસુંદરી સાથે સગાઇ થઇ જઇ વિવાહ-લગ્ન નક્કી થઇ ગયા, છતાં આપ પાછા ઘરે ન જઇ બેઠા, પણ પૃથ્વીતલ ઉપર પગે ચાલીને ચારિત્રજીવનથી વિચર્યા !

આમ, કેટલું બધું ઊચું ધન્ય જીવન તમારું !

'ત્યારે હે નાથ ! તમારા અનંત ગુણોને હું તો શું કિંતુ મોટા કેવળજ્ઞાની પણ ન ગાઈ શકે. એ એકેક ગુણ કેવો ઊંચો ! વૈરાગ્ય-અનાસક્તિ-મમત્ત્વ અજોડ કોટિના !

**ગંભીરતા કેવી ઊંચી** કે સ્વયંભૂરમણ સમુદ્રને ટપી જાય એવી ! ઘરમાં રહ્યા પણ અવધિજ્ઞાનથી બીજાના પૂર્વ ભવ અને અહીંના ખાનગી માયા-પ્રપંચ જાણી શકો છો, છતાં સાગરવર-ગંભીર આપ એ કશી જાણકારી બહાર દેખાડતાં નથી !

**ત્યારે, આપનો કરુણાગુણ કેટલો બધો ભવ્ય,** કે આપના પર ઘોર ઉપસર્ગ-ઉપદ્રવ વરસાવી જાય એના માટે પણ દયા ચિંતવો છો કે 'આ બિચારાનું શું થશે !'

**મારા નાથ ! આપનો વિનય-ગુણ કેટલો અદ્‌ભૂત !** કે જન્મથી આપ અવધિજ્ઞાની

અને ઈંદ્રપૂજ્ય છતાં માતાપિતા-મોટાભાઈની આગળ આપની ગજબ નમ્રતા ભારે અદબ-આમન્યાનું પાલન ! આની સામે અમારી કેવી રાંકડી અભિમાન-ઉદ્ધતાઈની સ્થિતિ ! અમારામાં જ્ઞાનનાં કે માન મળવાનાં કોઈ ઠેકાણાં નહિ, છતાં અકડાઈ-અતડાઈનો પાર નહિ ! પ્રભુ ! મારે ક્યાં ઊભાં રહેવાનું ? આપ મહાજ્ઞાની છતાં અજ્ઞાન મા-બાપ પ્રત્યે પણ નમ્રતા, અને અજ્ઞાની અમારી મહાજ્ઞાની ગુરુ પ્રત્યે પણ ઘમંડિતા ! ત્યારે,

**નાથ ! આપનામાં મૈત્રી આદિ કેવા અનુપમ !** પ્રભુ ! આપના ગુણના શા ગુણ ગાઉં ? આપનામાં જીવો પ્રત્યે અ-મૈત્રી, ઈર્ષ્યા, દુર્ભાવ-તિરસ્કારનું નામનિશાન નહિ, ભય-કાયરતા-નિઃસત્ત્વતા કે અસહિષ્ણુતા-ક્ષુદ્રતાનું નામનિશાન નહિ, કિન્તુ આપનામાં મહામૈત્રી, મહાગુણાનુરાગ, સદ્ભાવ, મહાસત્ત્વ, મહાસહિષ્ણુતા, મહાઉદારતા,.... વગેરે ગુણો અનન્ય, અદ્ભૂત અને અપરંપાર !

**આપનો સહનવૃતિનો ગુણ કેટલો ગજબ** કે સાધના કાળમાં એકલા અટુલા વિચરતાં, અનાડી યા કષ્ટમય પ્રદેશમાં પણ પ્રસન્ન ચિત્તે વિચર્યા, જેથી સહન કરવાનું ખૂબ મળે ! અને એવું ઘોર સહન કરવા વખતે પણ આપનો તત્ત્વચિંતન અને શુભધ્યાનનો ઉપયોગ કેટલો ગજબ ! પ્રભુ ! આપની આગળ અમે કયાં ઊભીએ ? કશું ખાસ સહન કરવાનું અમે રાખતા નથી, છતાં મન શુભ ભાવમાં નહિ !

**ત્યારે, નાથ ! તમારા ઉપકારની અવધિ નથી.** જગતને ટંકશાળી મોક્ષમાર્ગ અને તત્ત્વજ્ઞાન આપો છો, સૂક્ષ્મ પણ જીવોની એવી ઓળખ આપો છો કે એથી એ અનંત જીવો પ્રત્યે ભવ્યાત્માઓ દયા પાળે છે, પ્રભુ ! કેટલો ગજબ ઉપકાર કે આપ જીવોને સમ્યગ્દર્શન, દેશવિરતિ અને સર્વવિરતિ ચારિત્ર આપી એની અનંત ભવપરંપરા છેદી નાખો છો !

**ધ્યાનાદિ એ અરિહંતનો જ ઉપકાર છે :-**

હે અરિહંત નાથ ! મોક્ષમાં જઈ બેઠા છતાં તમારો ઉપકાર ચાલુ છે ભક્તો(૧) આપની મૂર્તિનું (૨) આપની વાણીનું અને(૩) આપના જીવનનું આલંબન લઈ અચિંત્ય અકલ્પ્ય સિદ્ધિ પ્રાપ્ત કરે છે. અહીં ભક્તો જે આપનું દર્શન, આપના ગુણગાન, આપનું સ્મરણ, આપનું ધ્યાન, આપની ભક્તિ...વગેરે વગેરે જે કરે છે એમાં પ્રધાનતા દર્શનાદિની કરતાં આપની છે. ધ્યાન વગેરે તો કરે, પણ જો બીજાનું કરે તો ફળ ફાસફુસિયું, જયારે ધ્યાનાદિ આપનું કરે તો અચિંત્ય ફળનો લાભ થાય છે. અર્થાત્ ધ્યાનાદિ ક્રિયા તો બંને ઠેકાણે સરખી છે છતાં ફળમાં આટલો મોટો તફાવત આલંબનના ફરકને લીધે પડે છે. તેથી પ્રધાનતા આલંબનની છે. તો પ્રભુ ! તું અમારા માટે વિશ્વશ્રેષ્ઠ આલંબન બની મહાલાભ કરાવે છે એ તારો કેટલો બધો અનન્ય ઉપકાર !



આમ પ્રભુ ! તારા ઉપકારોની પણ અવધિ નથી. આપનું સ્વરૂપ નિર્મળ સ્ફટિક જેવું, નિર્જન, નિર્વિકાર, અનંત જ્ઞાનમય છે...

-આ રીતે પ્રભુદર્શનની ક્રિયામાં જો ચિંતવના રખાય તો ત્યાં મન સુસ્ત ન બને, બીજા-ત્રીજા વિચારો ન કરે, પણ સારા ધ્યાનમાં પકડાય. એમ દરેક ક્રિયામાં લક્ષ આ જોઈએ કે 'આથી મારે મનને સારા ધ્યાનમાં રાખવું છે, તો એ હેતુ સિદ્ધ કરવા માટે ક્રિયાનું રહસ્ય ચિંતવાય, સ્વરૂપ વિચારાય, ક્રિયામાં સૂત્ર બોલવાનું હોય તો સૂત્રના પદ પદ લક્ષમાં લેવાય કે એનો અર્થ-ભાવાર્થ વિચારાય. ક્રિયાનો ઉદ્દેશ જ આ રાખ્યો કે 'આ કરીને મનને સારા ધ્યાનમાં રાખવું છે', તો સહેજે એનો પ્રયત્ન રહેવાનો, સારું ચિંતવન રહેવાનું, તેથી(૧) મન પવિત્ર બનતું જવાનું, અને(૨) શુભ સંસ્કાર સંચય તથા(૩) વિપુલકર્મક્ષયનો લાભ મળવાનો, (૪) ધ્યાનથી સર્વકર્મક્ષય થાય છે. ભૂલતા નહિ, શુભ ધ્યાનથી સારું સંસ્કરણ થાય અને શુભ કર્મનો બંધ થાય તેમજ વિપુલ પાપક્ષયનો પણ લાભ મળે, -આવી વાત આવે ત્યારે આ શુભધ્યાન એટલે માત્ર ખૂણામાં એકાંતમાં બેસીને કોઈ 'ૐ' 'અર્હં' વગેરેનું ધ્યાન ધરાય એ જ ધ્યાન, એમ સમજતા નહિ, કિન્તુ કોઈ પણ શુભ પ્રવૃતિમાં મન નિરાશંસ ભાવે વિશુદ્ધ ભાવનાથી તન્મય થાય એ બધું અહીં શુભ ધ્યાન તરીકે સમજવાનું છે.

મનને થશે કે 'તો શું આના આટલા ઊંચા લાભ ?'

હા, આના એવા ઊંચા લાભ કે જે આપણી કલ્પનામાં ન આવે. જુઓ,-

**"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૧૭,અંક-૪૭,તા.૨૩-૮-૧૯૬૯**

કુમારપાળ રાજાના જીવે પૂર્વ ભવમાં માત્ર પાંચ કોડીથી ફુલ ખરીદી ભગવાનની પુષ્પપૂજા કરી, એટલા માત્રમાં બીજા ભવે ૧૮ દેશનાં સામ્રાજ્ય જેટલો મોટો વૈભવ, સત્તા, સન્માન વગેરે મળવાનું પુણ્ય શી રીતે ઊભું થયું ?

કહો એ શુભ ક્રિયામાં મન કોઈ પણ જાતના ફળની આશંસા વિના ઊછળતી વિશુદ્ધ ભાવનાથી તન્મય થઈ ગયું, અર્થાત્ પ્રબળ શુભ ધ્યાનમાં લાગી ગયું, એથી એવાં ઊંચા પુણ્ય, સાથે કેઈ પાપના ક્ષય, અને જબરદસ્ત શુભ સસ્કરણ થયું.

આ પૂજામાં જો મન બીજે રખડતું હોત, અગર આમાં ઊછળતા વિશુદ્ધ ભાવનાથી તન્મય ન હોત, તો કાંઈ આવા ઊચાં ફળ નીપજત નહિ. આ રીતે તો તમેય કયાં કમીના રાખો એમ છો ? પાંચ શું પાંચસો કોડીનાં ફૂલ ચડાવી દો એમ છો. તો તેથી શું એ હિસાબનાં તમને ફળનાં ઢગલાં મળશે ? ભગવાન ભગવાન કરો, એમ કાંઈ રખડતાં ચિત્તે કે મુડદાલ ચિત્તે એવાં કાંઈ ફળ મળે કરે

નહિ. આ બતાવે છે કે કોઇ પણ ધર્મપ્રવૃતિમાં ઊછળતી વિશુદ્ધ ભાવનાથી મન તન્મય થાય, અર્થાત્ ધ્યાનસ્થ બને એનાં અકલ્પ્ય અચિંત્ય ઊંચા ફળ મળે છે.

**પુષ્પપૂજામાં ધ્યાનથી કયાં ફળનાં કેવાં પરિણામ ?**

રાજા કુમારપાળના જીવને એવાં પુષ્પપૂજામાંના ઊચાં ધ્યાનનાં જે ફળ નીપજ્યાં એના પરિણામ કેવાં આવ્યા એ જુઓ.

(૧) પુણ્યોનો થોક ઉપાર્જ્યો એથી ૧૮ દેશનું સામ્રાજય, એટલો ઊચો વૈભવ, ક્રોડો કે અબજોનું ધન, સુંદર શરીર, મહાસત્તાધીશતા, મહાન સન્માન-યશ-સૌભાગ્ય વગેરે વગેરે કેટલું ય મળ્યું. ત્યારે,

(૨) જે પાપક્ષય થયા, એથી સંસારનો તીવ્ર રાગ-વિષયોની આંધળી આસક્તિ, મહામિથ્યાત્વ, ક્ષુદ્રતા, નિર્દયતા, પાપની પ્રચંડ પ્રીતિ વગેરે કરાવનારાં કેઇ પાપો નષ્ટ થઇ ગયાં.

આની સામે બીજા પાપ જુઓ કે સિદ્ધરાજના ભયથી જીવ બચાવવા વર્ષો સુધી રખડતા અને ચિથરેહાલ રહેવું પડ્યું, એ પાપોદય આ સંસારનો તીવ્રરાગ વગેરે કરાવનાર પાપોદયની સામે શી વિસાતમાં છે ? એટલે એવા ભટકાવનારા પાપોદયને મહત્ત્વ આપતા નહિ. મહત્ત્વ તો જે મહામિથ્યાત્વાદિ કરાવનારા પાપો ગણાય એનું છે પરંતુ એ તો સાફ થઇ ગયા. તેથી જ આત્મિક મહા ઉન્નતિને જગા મળી.

નહિતર તો સંસારરંગ, મહામિથ્યાત્વ, અંધવિષયાસક્તિ વગેરે કરાવનારા પાપ ઊભાં હોય પછી ગુરુ કલિકાલ સર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્ય જેવા ભલે ને મળે, તેમજ કાન પર જિનવાણીના ધોધ ભલે ને વરસે, એનું એવું સારું ફળ ન આવે. એ તો એ પાપક્ષય પહેલાં કરો, પછી જ સારું પામવાની આશા રાખો. એ પાપોનો ક્ષય શુભ ધ્યાનથી થાય. હવે,

(૩) શુભ સંસ્કરણના લાભની વાતમાં કુમારપાળને પૂર્વ ભવે પુષ્પ પૂજામાંનાં શુભ ધ્યાનથી ત્રીજો લાભ શુભ સંસ્કરણનો થયો એનું પરિણામ વળી કેવું સુંદર આવ્યું એ જુઓ. પુણ્યયોગે આચાર્ય ભગવાન શ્રી હેમચંદ્રસૂરિજી મહારાજ મળીગયા. કુમારપાળ જન્મે જૈન નહોતા પરંતુ આચાર્ય મહારાજ પાસેથી વીતરાગ અરિહંત પરમાત્મા, નિર્ગન્થ મુનિ અને જૈન ધર્મનું સ્વરૂપ સાંભળવા મળ્યું તો તે પૂર્વના સુસંસ્કારના યોગે ઝટ ઊતરી ગયું. એવું ઊતરી ગયું કે એનો ચોળમજીઠ રંગ લાગી ગયો, અને શક્ય અમલ ચાલુ થઇ ગયો.

**શ્રવણ ગળે ઊતર્યું શાને કહેવાય ? :-**

સાંભળેલું આ ગળે ઊતરવું સહેલું નથી, અંતરને પૂછી જોજો કે આપણને પણ આ સાંભળવા કયાં ઓછું મળે છે ? છતાં કેટલું ગળે ઊતરી અસ્થિમજ્જા



ચોંટી જાય છે ? અહીં તો કુમારપાળને પૂર્વભવની પૂજામાંના પ્રબળ ધ્યાનથી એવું શુભ સંસ્કરણ થઇ ગયું છે કે એ સંસ્કારના યોગે અહીં સાંભળવા મળેલા શુદ્ધ ધર્મ માટે એમ લાગે છે કે બરાબર આ વાજબી છે. દેવ-ગુરુ-ધર્મ આવાજ હોય, અને એ જો મહાદુર્લભ વસ્તુ અહીં મળે છે તો એને શા માટે જતી કરવી ? આ તો એટલી બધી ઊંચી ચીજ છે કે આની આગળ દુન્યવી કોઇ ચીજ, કોઇ સુખ, કોઇ સન્માન કિંમતી નથી, લેશ પણ મહત્ત્વનાં નથી.

**શુદ્ધ દેવ-ગુરુ-ધર્મ ગળે ઊતરવા એટલે એની આગળ કોઇ જ દુન્યવી સુખ-સગવડ-સામગ્રી-સન્માન લેશ પણ મહત્ત્વનાં ન લાગે, કશી જ કિંમતના ન લાગે.**

બોલો, તમને આ રીતે દેવ-ગુરુ-ધર્મ હૈયે ચોંટી ગયા છે ? એજ મહત્ત્વનાં, અને દુનિયાના પદાર્થ માલ વિનાના લાગે ખરા ? હૈયે ચોટયાની આ પરીક્ષા છે. તપાસી જોજો. એવું ન દેખાય તો હૃદયમાં દેવ-ગુરુ-ધર્મ ચોટાડવા માટે આ ઉપાય છે કે દુનિયાને માલ વિનાની લેખો. પૈસા-ટકા, મેવા-પકવાન, સારાં રૂપ સ્પર્શ, કામિની-કુટુંબ વગેરેનું કશું મહત્ત્વ નથી એમ દિલને ઠસાવો. એ બધું મરણ પછી આપણું નથી, તેમ પરલોકમાં સારું સ્થાન નક્કી કરી આપતું નથી, ને ઊલટું દુર્ગતિમાં ઉતારનારું છે. તો પછી એનું મહત્ત્વ શું લેખાય ?

મહારાજા કુમારપાળને ધર્મ મળ્યા પછી દુનિયા કોડીની લાગી ગઇ હતી, તેથી દેવ-ગુરુ-ધર્મ હૈયામાં તાણેવાણે વણાઇ ગયા હતા. તેથીજ એમના જીવનની ધર્મની વાતો અલૌકિક જેવી જાણવા મળે છે. અઢાર દેશનો સમ્રાટ પોતાના ૧૧ લાખ ઘોડાને પણ ગળેલું જ પાણી પીવરાવવાની કાળજી રાખે ? લડાઇ લડવા જવું છે એ વખતે યુદ્ધના ઘોડે બેસતાં પહેલાં બેસવામાં કોઇ જીવજંતુ ન મરે એ માટે પુજણીથી પલાણ પૂંજે ? ચોમાસાના ચારે માસ બ્રહ્મચર્ય, નિત્ય એકાસણાં, પાંચ વિગઇત્યાગ, પાટણ બહાર તો નહિ પણ પાટણમાંય જીવરક્ષાર્થે ઘર દેરાસર અને ઉપાશ્રય સિવાય પ્રાયઃ કયાંય ફરવું નહિ...આવો આવો ધર્મ કરે ?

કુમારપાળે એવો ઉચ્ચ કોટિનો ધર્મ કર્યો, આખા રાજયમાંથી જુગાર શિકાર માંસાહાર દારૂ ચોરી પરસ્ત્રી અને વેશ્યાગમન એ સાત વ્યસન દૂર કરાવી એમાં ભલે લાખોના ખર્ચ કરીને પણ પ્રજાને ઘોર પાપોથી બચાવી....આ બધું શી રીતે બન્યું ? દેવ-ગુરુ-ધર્મ હૈયે ચોંટી ગયા હતા અને એ માટે દુન્યવી સુખ-સામગ્રીને કોડીના લેખ્યા હતાં એટલે એ બન્યું.

આ બનવાની પાછળ મૂળ કારણ કોણ ? પૂર્વ જન્મની પાંચ કોડીના પુષ્પથી કરેલી જિનેન્દ્રપૂજામાં ઊછળતાં ભવોલ્લાસવાળું તન્મય ધ્યાન રહ્યું હતું એનો પ્રતાપ હતો કે એથી ઊભા થયેલા સુસંસ્કરણે અહીં ધર્મશ્રદ્ધા અને ધર્મસાધના અવ્વલ

કોટિના બનાવ્યા ત્યારે. કહો,

શુભ ક્રિયામાં એવું શુભ ધ્યાન શું કામ કરે છે ? આ અથાગ પુણ્યોપાર્જન, અઢળક પાપક્ષય અને જબરદસ્ત શુભ સંસ્કરણ. શ્રાવક કે સાધુ ધર્મના શુભ આચાર અને શુભ ક્રિયાઓની બેપરવાઇ કરી એકાંતમાં ખૂણે બેસી ૐ કે એવું કોઇ ધ્યાન કરે એનાં આવાં ઊંચા ફળ આવ્યાના દાખલા ઓછા જાણવા મળશે. ત્યારે શુભ ક્રિયા વખતનાં શુભ ધ્યાનનાં ઊચા ફળનાં દાખલા બહુ જાણવા મળશે. જુઓ,-

દાનધર્મમાં શાલિભદ્રના જીવે પૂર્વ ભવે કરેલ ખીરનાં દાન વખતે જે ઊછળતી વિશુદ્ધ ભાવના સાથે તન્મયતા સાધી અર્થાત્ એમાં એકતાન ધ્યાન કર્યું તો કેટલું ઊચું ફળ આવ્યું ? દાન કર્યા પછી પણ મર્યો ત્યાં સુધી અહો કેવા ગુરુ ! કેવું દાન ! એમ અનુમોદનાનું જ ધ્યાન રાખેલું એટલે ક્રિયાના વિષયમાં મન એ જ ધ્યાન. એથી મહાલાભ !

શીલ યાને વ્રત-નિયમના ધર્મમાં વંકચૂળ ચોર જેવાએ નિયમ-પાલનમાં જે તન્મયતા યાને શુભ ધ્યાન રાખ્યું, એનું ફળ કેટલું ઊચું આવ્યું ? એ, બારમા દેવલોકે જઇ અવતર્યો !

દયાધર્મમાં મેઘકુમારના જીવ હાથીએ જે સસલાની દયા કરવામાં તન્મય મન રાખ્યું એનાં ઊચ્ચ ફળમાં મેઘકુમારનો અવતાર અને રાજઋદ્ધિ છોડી ચારિત્ર-ગ્રહણ મળ્યા.

બધે શુભ ક્રિયામાં વિશુદ્ધ ભાવોલ્લાસથી મનની તન્મયતા યાને શુભ ધ્યાન રહેવું જોઇએ.

તપ ધર્મમાં એજ શાલિભદ્ર સંયમ લઇ સંયમ-તપ-સ્વાધ્યાયમાં એકતાન ધ્યાનવાળા બન્યા, તો એના ઉચ્ચ ફળ તરીકે અનુત્તર વિમાનમાં અવતાર પામ્યા ! અરે ! સ્થૂલભદ્રનો ભાઇ શ્રીયક માત્ર એક ઉપવાસના તપમાં આયુષ્ય પૂર્ણ થતાં નીતરતા શુભ ધ્યાનવાળા બન્યા રહ્યા, તો સ્વર્ગમાં ગયા !

**ક્રિયામાં નિરાશંસ વિશુદ્ધ તન્મયતાથી ઉચ્ચ આત્મદશા :-**

ભરત મોટા ચક્રવર્તી અને બાહુબળજી મોટા બળવાળા કેવી રીતે બન્યા ? એમાં ય વળી એકને આરિસાભવનમાં અને બીજાને યુદ્ધભૂમિ પર કેવળજ્ઞાન મળવા જોગી ઉત્તમ આત્મદશા કેમ બની આવી ! પૂર્વ જીવનની કઈ સાધના પર ? કયા શુભ ધ્યાન પર ? શાસ્ત્રે કહ્યું છે કે ૫૦૦ મુનિઓની ભક્તિ-વૈયાવચ્ચમાં ચિત્તની તન્મયતા કરેલી, એના પર એ સમૃદ્ધિ, એ બળ અને એમાંય એ ઉચ્ચ આત્મદશા મળી, હવે જુઓ,

(૧) મન વિનાની ભક્તિ-વૈયાવચ્ચથી કોઇ એવું ઊચું ફળ મળે નહિ. તેમ,

(૨) મન હોય છતાં કોઇ પૌદ્ગલિક ફળની આશંસાવાળી ભક્તિ-વૈયાવચ્ચથી



કોઇ એવી ઉચ્ચ આત્મદશા ન મળે.

(૩) સુસ્ત મન, સામાન્ય મન રાખ્યું હોત તો ય તે એવું ઊચું ફળ મળત નહિ.

એ તો એ ભક્તિ-વૈયાવચ્ચની ક્રિયામાં બહુ ઊંચા ઊછળતા ભાવવાળું મન રાખેલું તેથી એટલું ઉચ્ચ ફળ અને ઉચ્ચ આત્મદશા પ્રાપ્ત થઇ. કહેવાનું તાત્પર્ય આ છે કે,

**એકલી ક્રિયાથી ઉંચુ ફળ નહિ, કિન્તુ ક્રિયામાં એને અનુરૂપ ઉચ્ચ ભાવોલ્લાસ ઉચ્ચ લેશ્યા અને ઉચ્ચ પ્રણિધાન યાને તન્મયતા રખાય એવી જે ધ્યાનદશા, એથી એટલા ઊંચા ફળ અને ઊંચી આત્મદશા પ્રાપ્ત થાય.**

ભરત અને બાહુબળના જીવે પૂર્વ ભવે આ કરેલું, આને બાજુએ મૂકી ગુફામાં જઇ કોઇ ધ્યાન લગાવીને બેઠેલા નહિ. **ધ્યાન આ હતું કે આ ભક્તિ-વૈયાવચ્ચની સાધનામાં ભારે વિશુદ્ધ ભાવોલ્લાસવાળું તન્મય મન રાખેલું એ જ ધ્યાન એથી જ એવી ઉચ્ચ આત્મદશા મળી.**

આ ઉપરથી શીખી લેવા જેવું છે કે ભગવાને કહેલ શ્રાવક અને સાધુ જીવન માટેના સુંદર આચાર તથા અનુષ્ઠાનની આરાધના કરતા રહેવું, માત્ર એમાં આવી ઊંચી મનની તન્મય સ્થિતિ લાવવી, એ જ ધ્યાન દશા કેળવવી. એથી અચિંત્ય ફળના અધિકારી બનાય.

**ખરું કેળવવા જેવું આ ક્રિયામાં શુભ ધ્યાન છે.**

નાની પ્રભુ દર્શનની ક્રિયા કરતા હોઇએ, પણ એમાં મન કેવું લાગેલું હોય ? **દરેક ધર્મ ક્રિયામાં ઊંચા સંવેગ-વૈરાગ્ય સાથે પરમાત્મ-ભક્તિના ઊછળતા ભાવોલ્લાસ અને ઊંચી ધર્મ લેશ્યા સાથે તન્મય મન બનેલું હોય.** મનની આવી કેળવણી કરવા જેવી છે કે એ બધીય ક્રિયા આરાધના-સાધનામાં આ રીતે મન લાગેલું હોય. એનાથી આ ભવે, નહિતર આગામી ભવે અચિંત્ય ઊંચી આત્મદશા પ્રાપ્ત થાય.

**મનનો રખડપાટ કેમ અટકે ? :-**

જયારે ક્રિયામાં આવી ઊંચી માનસિક તન્મયતા જરૂરી છે, તો સવાલ થાય કે રખડતા મને એ લાવવી કેવી રીતે ? એનો જવાબ આજ છે કે ક્રિયાને આવું તન્મય મન બનાવવા માટે જ આરાધવી, જીવને જાગ્રત રાખવો કે 'હું આ ક્રિયા કેમ કરું છું ? મનને તન્મય બનાવવા માટે. તો લાવ એમ મન તન્મય રાખું.' આ ઉદ્દેશ નક્કી કરીને પછી વારે વારે એ નજર સામે લાવવાથી મનનો રખડપાટ ઓછો કરી શકાય, તન્મયતા વધારી શકાય, ઊંચા ભાવોલ્લાસ જગાવી શકાય.

મનને એમ રહ્યા કરવું જોઇએ કે,

**મારે આ જીવનમાં શું કમાઈ જવા જેવું છે ?**

**'સારું મન, સારું ધ્યાન,**

બસ, એ માટે જ બધીય સાધના કરું. સાધના કરતાં કરતાં એવા ઊછળતા વિશુદ્ધ ભાવોલ્લાસ સાથે મન તન્મય રહે એ જોયા કરું. બીજા ફળની ચિંતા નથી આવું મન આવું ધ્યાન બન્યું રહે એ જ મારે મહાન ફળ છે. એથી જ જીવની મુક્તિ નિશ્ચિત થઇ જવાની,'

**વલ્કલ ચીરીને** ભાંડાની પડિલેહણમાં મન લાગ્યું તો કેવળજ્ઞાન ઉત્પન્ન થયું. **નાગકેતુને** પુષ્પ પૂજામાં એવી તન્મયતા થવાથી કૈવલ્ય પ્રાપ્ત થયું. **ધર્મરુચિ અણગારે** જીવસંહારક કડવી તુંબડી જાતે જ ખાઇ જઇ જીવદયામાં મન પરોવ્યું તો અનુત્તર વિમાને જઇ અવતર્યા.

શાસ્ત્ર કહે છે કે,

**દરેક ધર્મપ્રવૃતિ-ધર્મક્રિયા જો મનના એકાગ્ર ઉપયોગથી થાય તો એ ધ્યાનમય બને છે, કેમકે એકાગ્ર ચિંતન એ ધ્યાન છે.** એટલે જ સાધુ એક તો જ્ઞાનમાં અર્થાત્ સ્વાધ્યાયમાં લીન હોય તથા બીજુ ધ્યાનમય ક્રિયા આચરતા હોય તો એ 'જ્ઞાનધ્યાન'માં લીન રહેનારા ગણાય. પછી અવસરે વિશેષ ધ્યાન ધર્મધ્યાન કરે, એ એના આજ્ઞાવિચય, અપાયવિચય, વગેરે પ્રકારનું ચિંતન રાખ્યાથી થાય. પરંતુ સામાન્યથી 'જ્ઞાન ધ્યાનમાં ઉદ્યમ રાખજો' એમાં 'ધ્યાન'નો અર્થ એકાગ્ર ચિત્તથી ક્રિયા. હવે, એકલા ધ્યાનમાં ધ્યાન પણ કાયોત્સર્ગ સાથે હોય એનો જબરદસ્ત પ્રભાવ છે. કેમકે કાયોત્સર્ગમાં પ્રતિજ્ઞા સાથે કાયાને અને વાણીને સ્થિર કરી દેવામાં આવે છે, તથા અમુક ચોક્કસ પ્રકારનું નક્કી કરેલ ચિંતન કરાય છે.

**મન-વચન-કાયાની સ્થિરતા એ અતિ ભવ્ય સાધના છે. કાયોત્સર્ગમાં એ મળે છે.** એથી કોટિ જનમનાં પાપ નાશ પામતાં વાર લાગતી નથી. મોટા ઉપસર્ગમાં ગજસુકુમાળ, ખંધકસૂરિના ૫૦૦ શિષ્ય વગેરે એ સ્થિરતાથી સર્વ કર્મક્ષય કરી મોક્ષ પામ્યા. ગિરિરાજ પર ૫ ક્રોડ, ૧૦ ક્રોડ વગેરે મુનિઓ પણ એ સ્થિરતાથી મોક્ષ પામ્યા.

**રોગમાં આર્તધ્યાન કેમ નહિ ? :-**

આર્તધ્યાનના પ્રકરણમાં આ વાત આવી કે મુનિને રોગ આવે તો એમને વેદનાનુબંધી આર્તધ્યાન કેમ નહિ ? એના ઉત્તરમાં કહ્યું કે મુનિ સમજે છે કે 'એવા કર્મનો ઉદય થાય તો રોગ આવેજ. પરંતુ રોગ ભોગવાતાં કર્મ ભોગવાઇ જાય છે. ને એથી કર્મક્ષય થાય છે, એ લાભ છે. તો પછી રોગમાં હાયવોય શી ?

'આ જનમના કર્મ તો પ્રતિક્રમણ-આલોચના-પ્રાયશ્ચિત્તથી નાશ પામે છે. ત્યારે ભવાંતરના કર્મ તપથી યા ભોગવાઇને નષ્ટ થાય છે. એટલે પૂર્વનાં નષ્ટ નહિ થયેલાં કર્મ આ જનમમાં ઉદય આવતાં ભોગવવાં ય પડે.' મુનિને આમ સમજ હોય



એટલે રોગ ભોગવતાં એમને આર્તધ્યાન ન થાય.

**પ્ર.**- તો પછી એ રોગ ભોગવી જ લે ને ? દવા-ઉપચાર શું કામ કરે ? એથી થોડો જ કર્મ-ઉદય મટે ?

**ઉ.**- કર્મના ઉદય બે જાતના હોય છે, -એક, દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવની અપેક્ષા રાખનારા, અને બીજા, એવી અપેક્ષા નહિ રાખનારા. બહુ મરચા ખાઇ જાય તો અંદરમાં લાય ઊઠે એ મરચાદ્રવ્યની અપેક્ષા રાખીને અશાતાવેદનીય કર્મ ઉદયમાં આવ્યું ગણાય. પરંતુ એમજ એકાએક કેન્સર-લકવા જેવો વ્યાધિ ઊઠયો અને પીડા ઊપડી એમાં બાહ્ય દ્રવ્યાદિની અપેક્ષા વિના અશાતાકર્મનો ઉદય જાગ્યો કહેવાય.

**કર્મના ઉદય બે પ્રકારે :-**

ત્યારે અહીં પ્રશ્ન થાય કે,

**પ્ર.**- દ્રવ્યાદિની અપેક્ષાથી જે કર્મ ઉદય પામે તેને શું ઉદયનો નિયત કાળ નહિ કે અમુક કાળની જ એની સ્થિતિ હોય અને એ કાળસ્થિતિ પાકે ત્યારે ઉદય થાય જ ?

**ઉ.**- દરેક કર્મને કાળસ્થિતિ તો નિયત હોય, પરંતુ કેટલાંક કર્મ સનિમિત્તક ઉદયવાળા હોય છે, એટલે એવાં કર્મ એની કાળસ્થિતિ પાકયે ઉદય તો પામે પરંતુ નિમિત્ત કોઇ દ્રવ્ય-ક્ષેત્રાદિ જો ત્યાં હાજર હોય તો ઉદય વ્યકત દેખાય, ફળ પ્રગટ થાય, અને નિમિત્ત હાજર ન હોય તો ફળ પ્રગટ ન થાય, અને કર્મ એમજ ઉદય પામી ચાલ્યું જાય.

**નિમિત્તની વ્યક્ત કર્મોદય પર પ્રચંડ અસર :-**

દા.ત. બિમાર હતા તો ત્યાં અશાતા વેદનીય કર્મ ઉદયમાં હોઇ ફળ પ્રગટ હતું. પણ પછી આબૂ પર જઇ રહ્યા ને તબિયત સુધરી ગઇ, તો ત્યાં એ ક્ષેત્રના નિમિત્તથી શાતા-વેદનીય પ્રગટ ઉદય પામ્યું, ને ફળ પ્રગટ દેખાયું, ને અશાતાવેદનીય હવે કાળ પાકેલું ઉદય તો પામ્યું પરંતુ ફળ દેખાડયા વિના એમ જ ચાલ્યું જાય છે. એથી ઊલટું સાજા સારા હોય અને પ્લેગની હવામાં જઇ વસે ત્યાં બને છે.

આવું મોહનીય કર્મમાં પણ બને છે. મંદિરમાં ગયા, સારા ભાવ જાગે છે ત્યા મોહનીય કંઇક દબાય છે, પરંતુ એવામાં કોઇ આધુનિક વેશવાળી સ્ત્રી આવી, એના પર જો દ્રષ્ટિ ગઇ તો એ નિમિત્તથી રાગ-મોહનીય કર્મ વ્યકત ઉદયમાં આવે છે, અને પ્રબળ રાગ પ્રગટ દેખાડે છે. પહેલાં એવું જ કર્મ સારા નિમિત્ત યાને સારા ભાવની સામે એવું પ્રગટ ફળ નહોતા દેખાડી શકતા. પરંતુ હવે એ માટેનાં નિમિત્ત આવી મળતાં જોર મારે છે, અને પોતાનું ફળ પ્રગટ કરે છે.

**કેવાં કેવાં નિમિત્ત કેવી લપ ઊભી કરે છે :-**

આ સનિમિત્તક ઉદયવાળાં મોહનીય કર્મનો અર્થ એ થયો કે જ્યાં સુધી ખરાબ નિમિત્ત ન સેવો ત્યાંસુધી એ કર્મ તેવા પ્રગટ ફળ ન દેખાડે, ને અસત્ નિમિત્ત સેવો કે તરત પ્રગટ ફળ ઊભું થયું જ સમજો દા.ત.

(૧) કોઇનો સારો બંગલો બગીચો મોટર વગેરે યા પરસ્ત્રી કે એનું ચિત્ર વગેરે ન જુઓ ત્યાં સુધી જીવ ડાહ્યો શાણો, પરંતુ એ જોયું તો રાગનો ઉછાળો આવ્યો સમજો.

(૨) એમ, ધર્મપુસ્તક વાંચો ત્યાં શાણપણ, કિન્તુ નોવેલ-નવલિકા કે દુનિયાના સમાચાર જ્યાં વાચ્યાં કે તરત રાગદ્વેષ ઊછળ્યા જ સમજો. એમ,

(૩) બીજા પણ ક્રોધનાં-અભિમાનનાં-લોભનાં નિમિત્ત સાથે જો ટકરાયા તો એ ક્રોધાદિનાં કર્મ ફળરૂપે તરત ક્રોધ આદિની લાગણી ઊભી કરવાનાં. આમ નિમિત્તથી કહો, કેવી લપ ઊભી થાય છે !

આ ઉપરથી ધ્યાન રાખવા જેવું છે કે અસત્ યાને ખરાબ નિમિત્તોથી આઘા જ રહીએ, નહિતર મોહનીય કર્મમાંનું કોઇ ને કોઇ કર્મ ઉદય દેખાડશે.

**ઝગડો જોવામાં શું નુકસાન ?**

દા.ત. તમે રસ્તેથી ચાલ્યા જાઓ છો, એમાં વચમાં કોઇ માણસોમાં ઝગડો ચાલી રહ્યો છે. હવે જો તમે જોવા ઊભા, તો સમજી રાખો કે એ ઝગડો કરનારામાંથી એકના પર રાગ અને બીજા પર દ્વેષ જાગવાનો. શી જરૂર હતી ભાઇ ! આ રાગ દ્વેષ વહોરવાની ?

**પ્ર.**- પણ ન્યાયી પર રાગ થાય એમાં શો વાંધો ?

**ઉ.**- વાંધો એ, કે પછી ઝગડો કરે છે એનાં પર પણ રાગ થવાનો, ને એ ખોટું.

**ન્યાયીને પણ ઝગડો કરવાનો અધિકાર નથી.**

**ઝગડો ચીજ જ સારી નથી કેમકે એમાં ચિત્ત કલેશ-કષાયમાં પડે છે.**

હવે ન્યાયી પર રાગ કરવા ગયા એટલે સહેજે એના ઝગડા એનો ચિત્ત-કલેશ અને એનો કષાય વાજબી લાગવાના, એની અનુમોદના થવાની. મનને એમ થવાનું કે 'આવો તે અન્યાય કેમ સહન થાય ? એવા અન્યાયીને તો બરાબર દબાવવા જ જોઇએ !' શું કર્યું આ ? ચિત્તકલેશ તો કર્યો, પણ 'સહન ન થાય. સહન કરાય એ ખોટું' એમ કરી ચિત્તકલેશના પાપ પર કર્તવ્યતાની મહોર છાપ મારી, કષાયને વ્યાજબી ગણ્યો. આમાં તો સમ્યકત્વ પણ નાશ પામે. તો કેટલું ખોયું ?





**બીજાનો ઝગડો જોવામાં સમકિતનો નાશ.**

મનની વૃત્તિઓ તપાસવા જેવી છે એ મિથ્યાત્વ સુધી તો નથી પહોચી જતી ને ? એની તકેદારી રાખવી પડે. આપણે પોતે ન્યાયી હોઇએ, આપણે ગુનો ન કર્યો હોય, ગુનો સામાનો હોય, છતાં એ શાહ થતો હોય, ઉપરથી પોતાનું ઢાંકી આપણને દબડાવતો હોય તો ત્યાં આપણા મનને શું લાગે ? સામા અન્યાયીને દબાવવો જ જોઇએ, આપણે ન્યાયી છીએ તો સામા અનાડીને દબાવવાનો આપણો અધિકાર છે.-આવું લાગે કે નહિ ? ને જો લાગે તો આપણે મિથ્યાત્વમાં પડયા કે નહિ ? ભૂલશો નહિ, સામાને દબાવવાનું કષાય કર્યા વિના કરી શકીશું ? ના. તો પછી દબાવવાનું કર્તવ્ય માન્યું ને ? ત્યારે જુઓ,

**જૈનશાસન શું કહે છે ?**

'સામાનો વાંક હોય તો એના પર ક્રોધ કર્તવ્ય, અને નહિ તો ક્રોધ કર્તવ્ય નહિ'-એવું કહે છે ? ના અપ્રશસ્ત કષાયોને તો અકર્તવ્ય જ કહે છે પછી ભલે સામો અનાડીવેડા કરતો હોય, પણ કષાય એટલે તો ઝેર, વિષભક્ષણ. આપણે તો એ અકર્તવ્ય જ.

ઝાંઝરિયામુનિ, ખંધકમુનિ, ગજસુકુમાળ વગેરે કેવળજ્ઞાન કેમ પામ્યા ? એમના પર ઉપસર્ગ કરનાર સામા અનાડી જ હતા ને ? હવે જો એના પર કષાય કરવાનું કર્તવ્ય માન્યું હોત તો કેવળજ્ઞાન મળત ? ના, સામાને પછીથી ભારે પશ્ચાત્તાપ થતાં કેવળજ્ઞાન થયું, પરંતુ આ મુનિ જો કષાયને કર્તવ્ય માનવા ગયા હોત તો કેવળજ્ઞાનની તો વાતે ય શી ? સમ્યકત્વ પણ ગુમાવી નાખત.

**પ્રસન્નચંદ્ર રાજર્ષિએ** સમ્યકત્વ ગુમાવ્યું ને ? નહિતર સમકિત ગુમાવ્યા વિના સાતમી નરકનાં પાપ કયાંથી બાંધત ? નરકને યોગ્ય કર્મ પહેલે જ મિથ્યાત્વ ગુણસ્થાનકે બાંધે એ નિયમ છે. એટલે ભલે પોતાના મનથી પોતાની જાતને ન્યાયી માની, 'દિવાને નાના છોકરાનું રાજ્ય બથાવી લીધું એટલે ભારે વિશ્વાસઘાતી છે, ગુનેગાર છે', એમ કરી એને અન્યાયી માન્યો, અને હવે એને શિક્ષાયોગ્ય માની એના પર કષાયમાં ચઢ્યા, કષાય એ પાપ છે એમ જોવું ભૂલ્યા, એટલે પણ મિથ્યાત્વ-ગુણઠાણે ઊતર્યા, અને કષાય અતિ ઉગ્ર કોટિનો અનંતાનુબંધીના ઘરનો કર્યો તેથી પણ સમ્યકત્વ ગુમાવી મિથ્યાત્વે પડ્યા. પછી તો ત્યાં ઉત્તરોત્તર નીચી નીચી નરકનાં પાપ બાંધવા માંડયા, તે ઠેઠ સાતમી સુધી પહોંચ્યા ! અન્યાયીને તો દબાવવા જ જોઇએ એવો અધિકાર બજાવવામાં શું પરિણામ આવ્યું ?

**સારાંશ, ન્યાયીને પણ કષાય કરવાનો ને સામાને દબાવવાનો અધિકાર પહોંચતો નથી, અધિકાર માને અર્થાત્ સામાને એના અન્યાય પર દબાવવો જ જોઇએ એવું માને એમાં તો પર પીડા, અભિમાન, વગેરેને કર્તવ્ય માનવાનું થાય, ને એમાં તો સમકિત જાય.** પ્રસન્નચંદ્ર રાજર્ષિ કેમ પડ્યા હતા ? અન્યાયી દિવાનને દબાવવાનો અધિકાર માન્યો અને એથી મનોમન એની સાથે ઝગડ્યા એમાં સ્તો.

લાખો પૂર્વના માસખમણ પારણે માસખમણ કરનારો અગ્નિશર્મા કેમ પડયો ? રાજાને પારણું ચૂકાવનાર તરીકે અન્યાયી માની એને દબાવવાનું કર્તવ્ય માન્યું એટલે ચૂકયો.

**ખંધકસૂરિ અન્યાયી ભાંજઘડમાં અટક્યા ?**

પાલક પાપીએ ખંધકસૂરિના ૫૦૦ મુનિશિષ્યોને ઘાણીમાં પીલી નાખ્યા, એમાં આચાર્ય મહારાજે છેલ્લા બાળ મુનિની પહેલાં પોતાને પીલવા લેવાનું કહ્યું, અને પાલકે તે માન્યું નહિ, એટલે આચાર્યને એનો અન્યાય લાગી એને દબાવવાનું મનમાં આવ્યું. તો જો કે પાંચસો તો ઘાણીમાં પીલાઇ પીલાઇને મોક્ષ પામી ગયા. પણ આચાર્ય ઘાણીમાં પીલાવા છતાં સંસારમાં અટકી પડયા. મરતાં આર્ત-રૌદ્ર ધ્યાન એવું નહિ  હોય એટલે દુર્ગતિમાં ન જતાં દેવગતિમાં ગયા, પણ ત્યાં જઇને પછી કામ શું કર્યું ? ગુસ્સામાં આવી આખા નગરને ધૂળથી દાટી દીધું. નગરના બધા સ્ત્રી-પુરુષ બાળબચ્ચા પશુ બધા જ સાફ ! કેવું ભયંકર કૃત્ય ?

‘હું ન્યાયી, ને પાલક છેલ્લે આટલું પણ મારું નથી માનતો તે અન્યાયી, એમ ન્યાય-અન્યાય કરવા ગયા એમાં શું પામ્યા ? ૫૦૦ તરી ગયા, કેમકે એમને આચાર્યે જ બતાવ્યું કે’ ‘જોજો હોં પાલકને દુશ્મન અન્યાયી માનતા નહિ કે ‘અમને વગર વાંકે પીલવા તૈયાર થયો છે.’ આપણા પોતાના પૂર્વ પાપકર્મ સિવાય આપણને પીડા આવે જ નહિ. બાકી પાલક તો ઉપકારી છે કે આ રીતે આપણાં કર્મ ભોગવાઇ નાશ પામવામાં સહાય કરી રહ્યો છે માટે એને ઉપકારી માની એના પર લેશ માત્ર પણ દ્વેષ નહિ કરતા. આમ સાધુઓને શિક્ષા મળેલી તેથી એમના મનમાં પાલકનો જરાય અન્યાય ન લાગ્યો, તો જ મોક્ષ પામ્યા. પીલાઇ તો ગયા હોત પણ ન્યાય-અન્યાયની ગડમથલમાં પડયા હોત તો સંસારમાં અટકી પડત, મોક્ષ પામત નહિ.

ખંધકસૂરિ પોતે પણ અહીં સુધી અન્યાય પર ચિત્ત લઇ ગયા નહોતા, પરંતુ બાળ મુનિની પહેલાં પોતાને પીલવાની માગણી કરી, અને પાલકે એ ન સ્વીકારી. ત્યાં મન પાલકના અન્યાયની ગડમથલમાં પડ્યું,-‘હેં ? ૪૯૯ને તું પીલી નાખે ત્યાં સુધી હું બોલતો નથી, ને તું આટલું પણ નથી માનતો ? હવે બતાવીશ તારા



અન્યાયનું ફળ.’ બતાવ્યું, પણ એથી વળ્યું શું ? પોતાનો મોક્ષ થયો ? ના, તો શું પાલક સુધરી ગયો ? ના, નગરવાસીઓ ધૂળમાં દટાઇ ગયા એમની સદ્ગતિ થઇ ? ના, કશું સારું નહિ, ચારસો નવાણુંને પીલી નાખવા સુધીમાં અન્યાય ન જોયો અને છેલ્લા બાળ મુનિને પોતાની પહેલાં ન લેવાનું ન કર્યું એમાં અન્યાય માન્યો, તો ય સંસારમાં અટકી ગયા, પાંચસોને જે ક્ષપકશ્રેણી ને કેવળજ્ઞાન પર ચડાવ્યા હતા તે પર પોતે ન ચડી શકયા. તો પછી સામાના વિશેષ અન્યાયની ગડમથલમાં પડવામાં શું થાય ?

એમ સમજતાં નહિ કે ‘આ તો સાધુ મહારાજની વાત છે, તો એમને બીજાના અન્યાય જોવાના ન હોય, બાકી ગૃહસ્થને તો એ જોવા પડે, એને વાંધો નહિ. આવું સમજતા નહિ. કેમકે ગૃહસ્થ પણ એ જોવા જશે તો એને ય કષાય, પરપીડાબુદ્ધિ, અને દુર્ધ્યાન જ થવાનું, એથી દુર્ગતિ જ થાય.

**શ્રેણિકને કોણિકનો અન્યાય જોતાં શું થયું ? :-**

રાજા શ્રેણિક ન્યાયી હતા, કોણિક અન્યાયી. કોણિક ગર્ભમાં આવ્યો ત્યારે માતાને એના પાપે પતિ શ્રેણિકના આંતરડા ખાવાનો દોહદ થયેલો. એથી માતાએ કોણિકને જનમતાં ઉકરડે મુકાવેલો. પરંતુ શ્રેણિકને ખબર પડતાં એને પાછો લેવરાવી અલગ ઉછેરાવેલો. હવે એ મોટો થઇ જતાં અભયકુમારની ગેરહાજરીનો લાભ લઇ પ્રપંચ કરીને પિતા શ્રેણિકને કેદમાં નખાવી પોતે રાજ્યગાદી પર ચડી બેસે છે. બોલો, ઉકરડેથી બચાવી લેનાર પિતાના આ હાલ કરવા, એ ઘોર અન્યાય ખરો ને ? પરંતુ શ્રેણિકે એ મન પર લેવાનો અધિકાર ખરો ? ના, અને શ્રેણિકે કેદમાં પડયા પણ એ મન ઉપર લીધો નહિ, ત્યાંસુધી લેશ્યા સારી. પરંતુ અંતકાળે ભૂલ્યા. મન પર એ આવી ગયું કે ‘હેં મેં તને જનમતાં બચાવેલો, ને તું હરામખોર આ અન્યાય કરે ?...’ બસ, સામાનો અન્યાય મન પર લીધો એટલી વાર ! શુભધ્યાન ગયું, ભયંકર રૌદ્રધ્યાન અને કૃષ્ણ લેશ્યામાં ચડયા. પરિણામ ? પટકાઇ ગયા નરકમાં. બોલો, બીજાનો અન્યાય જોવામાં કાંઇ સારું મળે ?

**સામાનો ધરાર અન્યાય પણ આપણે મન પર ન લઇએ તો જ સુખી અને શાંત.**

**શું શ્રીપાળે ધવળનો અન્યાય મન પર લીધો ? :-**

શ્રીપાળકુમારની સામે ધવળશેઠનો કેટકેટલો અન્યાય હતો ? પહેલાં તો એણે થંભેલાં વહાણ ચલાવવા શ્રીપાળનો બત્રીસલક્ષણા પુરુષ તરીકે ભોગ આપવા ધારેલું, અને એ માટે ઝઝુમેલો. પણ એમાં પાસા ઊંધા પડયા. પોતાના જ સુભટો ઘવાયા. હવે એ શ્રીપાળને વિનવણી કરે છે કે ‘મારાં વહાણ ચલાવી આપવા મહેરબાની કરો’, તો શું અહીં શ્રીપાળકુમારે એનો અન્યાય મન પર લઇ એને

તતડાવ્યો ખરો કે શું મોઢું લઈને આ માગણી કરી રહ્યો છે ? તારે તો મારો ભોગ આપીને વહાણ ચલાવવા હતા ને ? ચલાવ ત્યારે.' શું આવો ટોણો માર્યો ? ના, જરાય નહિ. એ તો તરત ઊઠીને ગયા બંદરે, અને વહાણ ચલાવી આપ્યા. કેમ ? મન પર સામાના અન્યાયની લોથ લીધી નહોતી. તો શું બગડ્યું ? પરોપકાર કરવાની તક મળી તે સાધી.

**અન્યાયના વમળમાં અટવાયેલું મન પરોપકાર માટે મુડદાલ હોય છે,**

પછી પણ ધવળે શ્રીપાળને દરિયામાં ફેંકવા જેટલો મહાન અન્યાય કરેલો છતાં, અને થાણાના રાજાની આગળ શ્રીપાળને ડુંબ-ભંગીના સગા તરીકે ઓળખાવવા અન્યાય પેંતરો રચેલો છતાં, રાજાને સાચી હકીકત ખબર પડી તો શ્રીપાળની વાહવાહ થઈ, રાજાએ ધવળને મારી નાખવા લીધો ત્યાં શ્રીપાળે શું કર્યું ? એનો ઘોર પણ અન્યાય મન પર ન લેતાં એને જીવતદાન અપાવ્યું. શ્રીપાળનું એમાં શું બગડ્યું ?

**પ્ર.**- બગડ્યું તો ખરું જ ને ? ધવળ એમને મારી નાખવા રાતના એમના મહેલ પર ચડ્યો ને ?

**ઉ.**- ચડ્યો ખરો, પણ શું તેથી શ્રીપાળનું બગડ્યું ? ના, ભાગ્ય જોરદાર હતું તેથી બગડે શાનું ? ને ભાગ્ય જ નબળું હોય તો બગડે, પણ તે કાંઈ અન્યાયીને પીટો એટલે ન જ બગડે એવું નહિ. માનો ને કદાચ ધવળને થાણાના રાજાએ મારી નાખ્યો હોત, તો પણ જો શ્રીપાળનું ભાગ્ય નબળું હોત તો બીજા કોઈ તરફથી એનું બગડત. એટલે,

આપણું બગડવા ન બગડવાનો આધાર તો આપણાં ભાગ્ય પર છે, પણ નહિ કે અન્યાયીને શિક્ષા ન કરવા પર, યા શિક્ષા કરવા ઉપર.

જ્ઞાની કહે છે,-

**'सव्वो पुव्वकयाणं कम्माणं पावए फलविवागं ।**
**अवराहेसु गुणेसु य निमित्तमित्तं परो होइ ॥'**

-અર્થાત્ 'જીવને બધો ય (સારો નરસો) ફળપાક પોતાના પૂર્વકૃત કર્મનો જ મળે છે. નરસુ થાય કે સારું થાય એમાં બીજો તો નિમિત્તમાત્ર હોય છે, (ખરું તો સ્વકૃત પૂર્વ કર્મ જ જવાબદાર છે)

આ સનાતન સત્ય છે. સર્વકાળ માટે આ નિયમ કે જીવને પોતાના શુભાશુભ કર્મથી સારું-નરસું ભોગવવાનું થાય. પંચસૂત્રકાર કહે છે,-

**જીવ અનાદિ છે, જીવનો સંસાર અનાદિ છે. એ અનાદિ કર્મસંયોગથી બનેલો છે.**



જીવને કર્મનો સંયોગ અનાદિ કાળથી ચાલ્યો આવે છે, એ હોય એટલે એનું ફળ ભોગવવું પડે જ, ફળ ભોગવતાં એ કર્મ જાય. ત્યાં વળી કર્મસંયોગના કારણ હાજર હોય એટલે નવાં કર્મસંયોગ થાય. પછી એના લીધે ફળભોગ કરવા પડે.

સમ્યક્ત્વનાં ષટ્સ્થાનમાં ત્રીજું-ચોથું સ્થાન આ છે,-

**'જીવ કર્મનો કર્તા છે, કર્મના ફળનો ભોક્તા છે.'**

આહાર-વિહારની મર્યાદાનું ઉલ્લંઘન કરે એટલે રોગ ઊભો થાય. એ ઊભો થયો એટલે પીડા ભોગવવી પડે. એ ભોગવતાં વળી ચૂકે તો રોગવિકાર ઊભા. પછી એની પીડા ભોગવવાની, રોગ વિના પીડા નહિ. કર્મ વિના ફળભોગ નહિ.

**કર્મફળની શ્રદ્ધા હોય તો શુભ ફળમાં અભિમાન-ઉન્માદ ન થાય, અશુભ ફળમાં દુઃખદીનતા નહિ.**

શુભ ફળમાં દેખાય કે 'આ તો કર્મની શાબાશી છે. મારે અભિમાન શું કરવું ? એ કર્મ વળી શાશ્વત નથી, નાશવંત છે, ભોગવાઈ પૂરું થઈ જશે પછી શુભકર્મ ખલાસ તો શુભ ફળ ડૂલ. માટે વર્તમાન ચંચળ ફળમાં ઉન્માદ ઘેલછા શી કરવી ? ત્યારે અશુભ ફળ એ અશુભ કર્મના ઉદયમાં નિર્ધારિત સ્થિતિ છે. એવાં કર્મ ઉદય પામે એટલું આવું ફળ આવે જ. સાંજ પડે એટલે સૂર્યાસ્ત થાય જ. ત્યાં દુઃખ શું કરવું ? દીન રાંક શું બનવું ?

આ જબરદસ્ત આશ્વાસન છે કે શુભાશુભ ફળ શુભાશુભ કર્મના લીધે જ. ત્યાં જાતવડાઈ-અભિમાન નકામું, બીજાને દોષ દેવો નકામો. શ્રીપાળકુમાર આ સમજતાં તેથી ધવળને દુઃખ દેનાર તરીકે નહિ, પણ પોતાનાં અશુભ કર્મને દુઃખદાયી માને છે. પછી ધવળને એના અન્યાયની શિક્ષા કરવાનો અધિકાર માનતા નથી. મગજમાં એનું ખાનું જ નહિ.

**'બીજાનાં અન્યાય-આચરણ પર ગડમથલ કરવા મારું મન નવરું કયાં છે ? મનને પોતાના કર્મ-કર્મ ફળ-કર્મ કારણ પર નજર રાખવાનું ચિંતવવાનું ઘણું છે.'**

**પ્ર.**- પણ સામો અન્યાય કરવામાં આપણી પૂંઠે જ પડયો હોય તો ?

**ઉ.**- ધીરજ રાખો, ભૂલો નહિ કે આપણા અશુભ કર્મ વિના તો આપણું કોઈ બગાડી શકે જ નહિ. ઠીક છે આપણા ચિત્તની સમાધિ માટે એવાથી આપણે આઘા ખસી જઈએ. પરંતુ અનિવાર્ય જ હોય, પાસે આવી જ પડે, તો **એના અન્યાયને દબાવવાનો અધિકાર માનવા કરતાં સમાધિનો તથા નવાં અશુભ કર્મના કારણ રોકવાનો અધિકાર જ માનવો.**

આ અધિકાર બજાવવામાં કેવો સરસ લાભ ? સમાધિથી શાંતિ-અને નવાં પાપ-સેવન બંધ.

જયારે આપણી પોતાની પ્રત્યેના અન્યાય પર પણ ગડમથલ નહિ કરવાની, તો આપણે લેવા દેવા નહિ એવા બહાર ચાલતા અન્યાય પર તો વિચાર જ શા માટે કરવો ?

ત્યારે બોલો, કોઈનો ઝગડો જોવા ઊભા, તો એ નિમિત્ત પામી શું કમાયા ? ત્યાં ન્યાય-અન્યાયમાં મન ઘાલવા જતાં રાગ-દ્વેષ કમાયા. એમાં વળી અન્યાયીને તો દબાવવો જ જોઈએ, ઠોકવો જ જોઈએ એવી માન્યતામાં હિંસા ક્રોધ અભિમાન વગેરે પાપને કર્તવ્ય માનવા જતાં કદાચ સમકિતનો નાશ અને મિથ્યાત્વનો ઉદય કમાવવાનો અવસર આવીને ઊભો રહે, દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવનું નિમિત્ત પામીને કર્મ ઉદયમાં આવે એ આનું નામ. એ નિમિત્ત સેવો એટલે કર્મ ઉદય પામી ફળ દેખાડે.

વાત એ હતી કે મુનિ જો રોગને કર્મનો નિર્ધારિત ઉદય સમજે છે તો પછી દવા-ઉપચાર શું કામ કરે ? આના ઉત્તરમાં કહ્યું કે મુનિને અલબત્ત પીડાની હાયવોય નથી. કિન્તુ એમાં પોતાના સ્વાધ્યાય-વૈયાવચ્ચ આદિ યોગ સીદાય છે, તેથી ઔષધોપચાર કરી રોગ શાંત થતાં એ યોગની સાધના બરાબર થઈ શકે એ માટે એનું સેવન કરે છે. તો શું દવાથી રોગનાં કર્મ અટકી જાય ? ના, કર્મ તો એની સ્થિતિ પાકયે ઉદયમાં આવવાનાં, પરંતુ પ્રબળ નિમિત્ત મળ્યે તેવાં તેવાં કર્મ પ્રગટ ઉદય દેખાડશે, ને ત્યાં બીજા કર્મ અવ્યક્ત ઉદયથી ચાલ્યા જશે. દવાથી શાતા વેદનીય કર્મ પ્રગટ ઉદયમાં આવતાં અશાતા-વેદનીયકર્મ એમજ અવ્યકત ઉદય પામી નષ્ટ થવાનાં. ત્યારે જો અશાતાકર્મ બળવાન હશે તીવ્ર રસવાળા હશે, તો દવાની અસર જ નહિ પડવા દે,

**મુનિ દવા કેમ કરે ?**

(૧) એટલે મુનિ અશાતા-વેદનીયકર્મને નિમિત્ત પામી દબાવવાનો સંભવ માની દવા-ઉપચાર કરે છે. પરંતુ એ પોતાના સ્વાધ્યાય વૈયાવચ્ચ આદિ યોગ ન સીદાય અને બરાબર સેવાતા રહે એ હેતુથી ઔષધ ઉપચાર કરે છે.

(૨) અથવા મુનિ જુએ કે મારી પાસે જે શ્રુતશાસ્ત્રબોધ છે, એ બિમાર અવસ્થામાં બીજાને આપી નથી શકતો, અને એમ તો આ શ્રુત એમજ મારી સાથે નષ્ટ થઈ જશે, આગળ પરંપરા નહિ ચાલે, તો પછી શાસન શી રીતે ટકવાનું ? માટે ઔષધોપચારથી રોગ ટાળી સ્વસ્થ થાઉં, જેથી બીજાને શ્રુતદાન કરી શાસન પરંપરા ટકે. આ હિસાબે મુનિ દવા ઉપચાર કરે.

(૩) અથવા, મુનિની માથે ગચ્છ સંભાળવાની જવાબદારી હોય તો એની રક્ષા કરવી એ બહુ મોટું કર્તવ્ય છે, ફરજ છે. એ અદા કરવી જ જોઈએ. પરંતુ રોગની પીડામાં એ થઈ શકતું ન હોય, તેથી રોગ હટાવવા દવા લેવી પડે. તો



અહીં ઉદ્દેશ બહુ ઊંચો છે. જો આ દવાથી સ્વસ્થતા થાય, તો હું ગણને સંભાળી શકું, સારણા-વારણાદિ કરી શકું, આ ઉદ્દેશમાં વેદના મટવાની ઇંતેજારી નથી, પરંતુ ગણરક્ષાની ઇંતેજારી છે. તેથી અહીં આર્તધ્યાન નથી.

આમાં બહુ સરસ મુદ્દો બતાવ્યો. રોગ કાઢવાની ચિંતા તો મુનિ કરે જ છે, છતાં એમાં આર્તધ્યાન કેમ નહિ ? (૧) પોતાના સ્વાધ્યાયાદિ યોગ સીદાય છે એ ન સીદાય. યા (૨) શ્રુતપરંપરા ટકાવવી છે એટલે કે આગળ જ્ઞાન પોતાની પછીનાં મુનિઓમાં ચાલુ રાખવું છે અને તે સ્વસ્થ શરીરે જ બીજાઓને જ્ઞાનદાન કરીને ટકી શકે, અથવા (૩) ગણરક્ષા સ્વસ્થ શરીરે જ થઈ શકે એમ છે, એવા શુભ ઉદ્દેશથી જ રોગ કાઢવાની ચિંતા છે, માટે એ આર્તધ્યાન નહિ. આમ,

**ઉદ્દેશ જો પવિત્ર આવી જાય તો એ ચિંતાને અશુભને બદલે શુભ કરી દે છે.**

એટલે કોઈપણ કાર્ય કરતી વખતે ઉદ્દેશની શુદ્ધિ-પવિત્રતા-પ્રશસ્તતા એ બહુ મહત્ત્વની ચીજ છે. અલબત્ત કાર્ય કરવાના ઉપાય પણ શુદ્ધ જોઈએ, સાધન પવિત્ર નિર્દોષ ન્યાયયુકત જોઈએ. એટલા જ માટે અહીં મુનિ રોગનિવારણની ચિંતા કરે છે તે રોગને નિર્દોષ ઉપાયથી નિવારવાની. ઔષધ-ઉપચાર સેવે તે નિરવદ્ય, નિર્દોષ, યાને જેમાં સાધુને પોતાને માટે એ દવાપથ્ય બનાવેલા ન હોય, અથવા એ સચિત-સજીવ ન હોય. મુનિ આવા ઔષધ-ઉપચાર કરે.

તો એમાં બે વસ્તુ આવી, -(૧) ઉદ્દેશશુદ્ધિ અને (૨) ઉપાયશુદ્ધિ. એ હોય એટલે મુનિના રોગનિવારણની ચિંતા આર્તધ્યાન નહિ બને. આ વસ્તુ દરેક શુભ કાર્યમાં લાગુ થાય.

**શુભ કાર્ય માટે બે તત્ત્વ જરૂરી,-**

**(૧) ઉદ્દેશ શુદ્ધ જોઈએ અને**

**(૨) ઉપાય શુદ્ધ જોઈએ.**

મંદિર બંધાવવું છે તો આંરભ-સમારંભ તો થવાનો, પરંતુ એ પાપકાર્ય કેમ નહિ ? કહો, (૧) ઉદ્દેશ શુદ્ધ છે, (૧) સ્વયં પરમાત્મભક્તિ કરવાનો, અને (૨) બીજાઓને સમ્યગ્દર્શનાદિ પમાડવાનો. તથા (૩) પામેલાને નિર્મળ કરાવવાનો છે. વળી સાથે(૨) ઉપાય શુદ્ધ છે એટલે કે એના ખર્ચનું દ્રવ્ય ન્યાયોપાર્જિત છે, અને ભૂમિ શુદ્ધ, પાષાણ વગેરે શુદ્ધ, તથા કારીગરોને પ્રસન્ન રાખી કામ લેવાનું છે. આમ ઉદ્દેશશુદ્ધિ અને ઉપાયશુદ્ધિ સચવાય, એટલે મંદિર-નિર્માણમાં આંરભ-સમારંભ કાર્ય હોવા છતાં એ પવિત્ર કાર્ય બને છે.

**મૂર્તિપૂજા વિરોધીને પ્રશ્ન :-**

મંદિરનિર્માણ અને મૂર્તિપૂજામાં નહિ માનનારને આ ખબર નથી એટલે

વિરોધ કરે છે, કિન્તુ એને બીજે ઠેકાણે તો આ માનવું જ પડે છે. દા.ત.

ચોમાસામાં વરસતા વરસાદમાં યા વરસ્યા પછીના કાચા પાણીમાં ચાલીને શ્રાવક સાધુને વંદન કરવા અને વ્યાખ્યાન સાંભળવા જાય કે નહિ ?

જો કહો ન જાય, તો એનાં આ આવશ્યક ધર્મ-કર્તવ્ય ગુરુવંદન તથા જિનવાણી-શ્રવણ નહિ ચૂકે ? વળી એટલો સમય ઘરમાં બેસી રહી આરંભસમારંભ કે વિષય-ભોગનાં પાપકાર્યમાં રહેશે તેનું શું ? અલબત્ત કાચા પાણીમાં ચાલીને જતાં એટલો જીવ-વિરાધનાનો આરંભ-સમારંભ છે, પરંતુ સાથે સાધુવંદન અને જિનવાણીશ્રવણનો મહાન લાભ મળવાનો ઉદ્દેશ છે, એ ઘરમાં બેસી રહેવાથી નહિ મળે. કદાચ મનને રહે કે સાધુ પાસે જાય તો ત્યાં વરસાદના સચિત્ત પાણીના જીવની હિંસા થાય તેનું શું ? પરંતુ અહીં સમજવાનું છે કે આ સાધુસેવા માટે વરસાદમાં જવાની પ્રવૃત્તિનો ઉદ્દેશ શુદ્ધ છે, તેમજ જયણાપૂર્વક જાય એટલે ઉપાયશુદ્ધિ પણ સચવાય. આમ ઉદ્દેશશુદ્ધિ-ઉપાયશુદ્ધિથી થતું વ્યાખ્યાન-શ્રવણાર્થ ગમન એ શુભ કાર્ય બને છે.

**એટલે જ મંદિર-નિર્માણ અને મૂર્તિપૂજા વગેરેનાં કાર્યમાં ઉદ્દેશશુદ્ધિ અને ઉપાયશુદ્ધિ રહેવાથી એ કાર્ય પ્રશસ્ત બને છે.**

એવાં તો અનેક શુભ કાર્ય છે. યાત્રાસંઘ, સાધર્મિકવાત્સલ્ય, તપસ્વિની પારણાભક્તિ, મુમુક્ષુ દીક્ષાર્થીની ભક્તિ, એનો દીક્ષાવરઘોડો, ગુરુનો પ્રવેશ મહોત્સવ,... આ બધાં કાર્યોમાં આરંભસમારંભ તો થવાનો જ છતાં ઉદ્દેશ ઊંચો છે.

**યાત્રાસંઘમાં ઉદ્દેશશુદ્ધિ શી ?** આ કે આવેલા એટલા દિવસ સાંસારિક ગડમથલ અને વૈષયિક પ્રવૃત્તિથી બચવાના, અને રાત દિવસ પરમાત્મા તીર્થ અને ધર્મના વિચાર-વાણી-વર્તાવમાં રક્ત રહેશે, અંતરમાં અધ્યવસાય મોટા ભાગે એના ને એના ચાલવાના. આ બધું કેટલા બધા મહાન લાભ માટે થાય ? આવો પગપાળો યાત્રાસંઘ જ ન હોય, તો કયાંથી એ લાભ ? તેમ સંઘ કાઢનાર પણ એ બધા યાત્રિકોને એ આરાધના કરવામાં નિમિત્ત બનવાનો એમની આરાધનાની, સક્રિય સભોગ અનુમોદના કરવાનો લાભ પામે, સાધર્મિક અથવા તપસ્વીની ભક્તિમાં ધર્મબહુમાન, ધર્મિ-બહુમાન, તપઆદિની અનુમોદના... વગેરે લાભ મળે. દીક્ષાદિના વરઘોડાથી ઇતરોમાં જૈનધર્મની પ્રભાવના, જૈનોમાં વિશેષ ધર્મપ્રેરણા... ઇત્યાદિ લાભ મળે.

આવા લાભ યાત્રાસંઘ આદિ દ્વારા જ મળે. હવે જો એક જ અજ્ઞાન પૂછડું પકડી રાખે કે એમાં તો આરંભ-સમારંભ થાય માટે એવાં કાર્ય ન કરવા. તો પછી એ બધા અનન્ય લાભ કયાંથી મળવાનાં ? એટલે એવા ઉચ્ચ લાભના ઉદ્દેશથી



યાત્રાસંઘ લઇ જવા વગેરે સુકૃત કરે તો એમાં ઉદ્દેશ સુંદર ભવ્ય આરંભ-સમારંભવાળાં પણ એ કાર્યો પ્રશસ્ત કાર્ય છે.

**મુનિ દવા કરે એમાં ઉદ્દેશશુદ્ધિ-**

આજ હિસાબ મુનિ દવા કરે એમાં છે. ઉદ્દેશ ઊંચો છે. ઉદ્દેશ એવો હોય કે (૧) ભગવાનની જ જ્ઞાનપરંપરા મારા સુધી ચાલી આવી છે, એ જો હું સાજો થઈ જાઉં તો બીજાને આપી એ પરંપરા આગળ પહોંચાડું. આ ઉદ્દેશ કેટલો બધો ભવ્ય છે ? જો દવા ન કરવાનો આગ્રહ પકડી રાખે તો બિમારી વશ પોતે બીજાને જ્ઞાન ન આપી શકે. પછી જ્ઞાનપરંપરા શી રીતે આગળ ચાલવાની ? એટલે મુનિનો ઉદ્દેશ દવા કરીને શરીર સ્વસ્થ બનાવી જ્ઞાનપરંપરા અખંડ ચાલુ રાખવાનો છે. દવા વિના મનોબળથી રોગ સહન થઈ શકે છે, પણ શાસનનો ટકાવ કરવા દવા લે. આ પ્રશસ્ત આલંબન છે. આલંબન એટલે આધાર, નિમિત્ત. સુંદર ભવ્ય આલંબન રાખીને અપવાદ-માર્ગ સેવે તે પણ મોક્ષ માટે થાય. (૨) સાધુને પોતાને માટે પણ અપૂર્વ શ્રુતગ્રહણની યા (૩) ગણરક્ષાની તમન્ના હોય તો એ ય સુંદર નિમિત્ત છે. એ નિમિત્તે ય દવા લઈ શરીર સ્વસ્થ કરે. આ શ્રુતઆરાધનાની તમન્ના કેટલી બધી એકાકાર હોય એનું દૃષ્ટાંત જુઓ.

**શ્રુતઆરાધના પર દુર્બલિકાપુષ્યમિત્રનું દૃષ્ટાન્ત :-**

દુર્બલિકાપુષ્યમિત્ર નામના એક મહામુનિ થઈ ગયા. જ્ઞાનાભ્યાસમાં એટલા બધા મગ્ન રહેતા, રાત દિવસ સૂત્રો ગોખવા, ગોખેલાનો પહેલેથી બોલીને મુખપાઠ કરી જવો, બોલીને અર્થચિંતન કરી જવું, આ બધી પ્રવૃત્તિ એવી ચાલતી કે એમાં ખાધેલું બધું હજમ; તે શરીર જ વધે નહિ. ગુરુ સાથે વિહાર કરતાં એક વાર પોતાના સંસારી વતનમાં પધાર્યા. મહારાજના સગાં આવ્યાં. પોતાના મહારાજને દુબળા જોઈ આચાર્ય મહારાજને કહે 'ભગવાન્ ! અમારા મહારાજ દુબળા કેમ રહે છે ? એમને ત્યાગ, તપસ્યા બહુ કરાવતા લાગો છો.'

આચાર્યદેવ કહે છે, 'એવું કાંઈ નથી. એ તો સ્વાધ્યાયમાં એટલા બધા ઓતપ્રોત રહે છે કે એમનું વાપરેલું એમાં ફુટ્ ફુટ્ સ્વાહા થઈ જાય છે. પછી શરીર તગડું ન થાય.



પેલા કહે, 'આપ કહો છો તે બરાબર હશે પરંતુ અમને તો લાગે છે કે જરા ઘી દૂધ ઠીકઠીક લે, તો શરીર વળી જાય. માટે અમારું વહોરાવેલું એમને વાપરવા દો. અમારા ઘેર અલગ જગામાં એમને રાખો.'

આચાર્ય મહારાજે જોયું કે આ સંબંધીઓને મનમાં ચારિત્રધર્મ માટે કોઇ ઊલટો ભાવ ન આવે કિન્તુ બહુમાન વધે એવું કરવું જરૂરી છે. તેથી એમણે કહ્યું, 'ભલે' દુર્બલિકાપુષ્પમિત્ર મુનિને બીજા મુનિ સાથે મોકલ્યા એમના ઘેર, અને કહી રાખ્યું કે 'સગાઓ જે ઘી દૂધ વહોરાવે તે વાપરજો.'

મુનિ ગયા; અલગ સ્થાનમાં ઊતર્યા. સગાંઓ વહોરાવે તે વાપરતા. ૪ દિવસ, ૮ દિવસ, ૧૨ દિવસ થયા, પણ મુનિ તો દૂબળા ને દૂબળા.

એટલે સગાઓ આવીને આચાર્ય મહારાજને કહે 'સાહેબ ! આ તો હજુ દૂબળા જ રહે છે તો કોઇ રોગ તો નહિ હોય?'

આચાર્ય મહારાજ કહે; 'જુઓ, રોગ હોય તો તો ભારે પદાર્થ પચે જ શાના? બસ, કારણ તમને પહેલાં કહ્યું તે સ્વાધ્યાય પરિશ્રમ છે. આ જોવું હોય તો જાઓ જોજો, હવે એમને માત્ર લુખ્ખું લુખ્ખું વહોરાવજો; અને એમને સ્વાધ્યાયશ્રમ બંધ કરવા કહેજો. પછી જોજો, તમને વસ્તુસ્થિતિ સમજાશે.'

સગાં ગયાં, આચાર્ય મહારાજના આદેશથી મુનિશ્રીએ પણ એ રીતે લુખ્ખું વહોરી વાપરવાનું રાખ્યું, સ્વાધ્યાયશ્રમ બંધ રાખ્યો, ન. ૮-૧૦ દિનમાં શરીર લષ્ટ-પુષ્ટ થવા માંડ્યું. સગાંઓને એ દેખી ખાતરી થઇ ગઇ ને આનંદ પૂર્વક મહારાજને ગુરુ પાસે વળાવી આવ્યા. કહો, સ્વાધ્યાયની મગ્નતા એકાકારતા કેવી?

આવી શ્રુતજ્ઞાનમાં મનની એકાકારતા કેટલી અપરંપાર નિર્જરા કરાવે? આના ઉદ્દેશથી મુનિ બિમારી ટાળવા જરૂર પડ્યે દવા લે. જુએ છે કે લાભ કેટલો બધો? પૂર્વના કાળે એવાં શાસ્ત્રો લખેલાં નહોતા મળતાં ત્યારે એ બધાં ગુરુ પાસેથી ભણીને અક્ષરશઃ કંઠસ્થ રાખવાનું કાર્ય કેટલું બધું કપરું?

**પંડિતને શાસ્ત્ર મોંઢે :-**

આજે પણ કાશીના એવા પંડિત હોય છે કે જેમને ન્યાયશાસ્ત્રનાં ગ્રંથ અક્ષરશઃ મોંઢે હોય છે. અમારે ત્યાં એક પંડિતજી આવતા તે એવી રીતે ભણાવતા કે વિષય ન્યાયશાસ્ત્ર-તર્કશાસ્ત્રનો; એમાં પણ મહા કઠિણ ગણાય એવો અનુમાન ખંડમાંના હેત્વાભાસ-પ્રકરણનાં 'સામાન્યનિરુક્તિ' 'સવ્યભિચાર' જેવા જટિલ ગ્રન્થનો વિષય! પરંતુ તેનું પુસ્તક પોતાને જરાય હાથમાં લેવાનું નહિ. તેમ અમને પણ



પંક્તિઓ બોલવા ન દે. માત્ર પ્રારંભના ૨-૩ શબ્દ બોલીએ કે તરત કહે કે 'દેખિયે મહારાજ! સુણિયે.' બસ એમ કહીને ભારે કઠિન એવી ન્યાયની ૫-૭-૧૦ લીટી એટલી બધી સ્પષ્ટ કરીને સમજાવે કે પછી ગ્રંથમાં જોઇ લેતાં મૂળ પંક્તિ અક્ષરશઃ મળી આવે, અને પદાર્થ ચાટલા જેવો દેખાઇ જાય. પંડિતજીને એમ આગળ આગળ લગભગ આખો ગ્રંથ મોંઢે. તે રાત્રે પણ એમ મોંઢે ભણાવે.

**સ્વ.પૂ ગુરુદેવને શાસ્ત્ર મોંઢે :-**

ત્યારે સ્વર્ગસ્થ પૂ ગુરુદેવશ્રી આચાર્ય ભગવંત વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજને કર્મ સિદ્ધાન્તનો અતિ વિશાળ વિષય પણ એવો તૈયાર હતો કે છ કર્મ-ગ્રંથ તો સામાન્ય, કિન્તુ કમ્મપયડી મહાશાસ્ત્ર જેવાના પદાર્થ પણ પુસ્તક હાથમાં લીધા વિના મોંઢે જ કલાકોના કલાકો સમજાવ્યે જ જાય. ભણનાર તૈયાર જોઇએ, દિવસે શું કે રાતે શું, 'લે લેતો જા, માલ તૈયાર જ છે, તારી શક્તિ હોય તેટલું સાંભળ અને યાદ કરી લે,' આ ધગશ અને એવી પ્રવૃત્તિ ચાલુ હતી.

**આમ ગ્રંથો મોંઢે શી રીતે બનતા હશે?**

કહો કે જ્ઞાનના પૂર્ણ પરિશ્રમથી અને મનની એમાં એકાકારતાથી. એ એકાકારતા લાવવી હોય ત્યારે બાહ્ય ખાનપાન કપડાલત્તા વગેરેની બહુ કિંમત ન અંકાય. એમાં સહેજ સહેજ અંગે 'આ બરાબર, આ ઠીક, આ સરસ,' અથવા 'આ બરાબર નહિ, આ આપણને ન ફાવે,'.... વગેરે મનને ન લાગવું જોઇએ.

**પૂજ્યશ્રીનું જીવન :-**

સ્વર્ગસ્થ આચાર્યદેવશ્રીનું ૬૮ વર્ષનું સમસ્ત ચારિત્ર જીવન એવું હતું. ૩૪ વર્ષ તો હું સાથે રહ્યો એમાં કદી એવું જોયું નથી કે એઓશ્રી 'આ કપડું જરા જાડું છે,' યા 'કપડાં મેલાં થઇ ગયાં છે,' કે 'આ ગોચરી જરા અનુકૂળ નહિ' અથવા 'આ જગા ઠીક નહિ, ઘામવાળી છે,' કે 'અમુક સાધુ મને આવી બોલી ગયો'.... આવું કશું મન પર લાવ્યા હોય, 'પ્રતિકૂળ જે આવે તે સહર્ષ સહી જ લેવાનું, ને અનુકૂળને નહિવત્ ગણવાનું, -આ મુદ્રાલેખ આ જીવનસિદ્ધાન્ત રાખેલો. આ ગુણ સામાન્ય કોટિનો સમજતા નહિ. આમાં તો વીતરાગ બનવાની સજ્જડ ભૂમિકા પડેલી છે.'

**મનને પૌદ્ગલિક સંયોગ મહત્ત્વ વિનાના લાગે, અને એ ઈષ્ટ-અનિષ્ટ અસર કરનારા ન બને ત્યારે જ્ઞાનધ્યાનમાં ખરી લીનતા આવે.**

નહિતર તો સહેજ સહેજ અનુકૂળ પ્રતિકૂળ સંયોગોમાં જો મન લહેવાઇ જતું હોય, તો તો સ્વાધ્યાય-ધ્યાન ખંડિત બન્યા કરવાના, શાસ્ત્રવાંચન અને તત્ત્વ-ચિંતન એવા હૃદયના ઉંડાણને સ્પર્શનારા અને દિલને હચમચાવનારા નહિ બને. બાકી

મનને જડ-સંયોગનું મહત્ત્વ મુકાવી દઈ સ્વાધ્યાય-ધ્યાનમાં એકાકાર કરાય એના લાભમાં પાપક્ષય, પુણ્યાર્જન અને શુભ સંસ્કરણની અવધિ નહિ. આ મહાન લાભો નીરોગી શરીરે થાય, તેથી મુનિ બિમારીમાં દવા લે તે આ ઉદ્દેશથી લે, અને ત્યાં એમને આર્તધ્યાન ન લાગે.

**ગણરક્ષણાર્થે મુનિ દવા લે :-**

હવે બિમાર મુનિને દવા લેવાનો એક બીજો ઉદ્દેશ ગણરક્ષાનો હોય. જીવનમાં પોતે તો ઘણું સાધ્યું હોય, પણ સાધુ-ગણને પોતાની નીરોગી સ્થિતિમાં જે સંભાળી શક્તા હોય તે રોગી થવાથી અટકી પડ્યું હોય, તો શું કરે? પોતે ભલે પોતાના શરીર પ્રત્યે નિસ્પૃહ હોય, છતાં મુનિઓનાં જ્ઞાન-દર્શન-ચારિત્રની રક્ષા એ બહુ મહત્ત્વની ચીજ હોવાથી, એ માટે દવાનો ઉપયોગ કરી આરોગ્ય પ્રાપ્ત કરે. ત્યાં એમને વેદના સંબંધી અર્તધ્યાન નહિ. ઉદ્દેશ ઊંચો છે. રોગની વેદનાની ચિંતા નથી. ચિંતા ગણરક્ષાની છે.

**ગણરક્ષાનું મહત્ત્વ : નેતા કોક :-**

સાધુસમુદાયના સંયમની રક્ષા થઈ જાય તો એ સાધુ સ્વપરની જ્ઞાનાદિ સાધનારૂપ કલ્યાણમાં આગળ વધે; અને એ સુયોગ્ય નેતાની દેખરેખ નીચે થઈ શકે. કહે છે ને કે 'જેનો સેનાપતિ આંધળો, એ લશ્કર કૂવામાં,' ત્યારે જો સેનાપતિ દેખતો હોય, યાને સમર્થ હોય તો એ સેના વિજય પ્રાપ્ત કરે, એમ આચાર્ય સામર્થ્ય-સંપન્ન હોય, પ્રભાવ પડે એવા હોય, જાગતા સાવધાન હોય, તો સમુદાયને મોક્ષમાર્ગે આગળ ધપાવી શકે. અવસરે એ કડવું ય કહે, ને અવસરે મીઠું ય કહે, એમની આંખની અસર પડે.

એવા સમર્થ સુયોગ્ય નેતાપણાનું પુણ્ય કોકમાં હોય. જ્ઞાની અનેક મળે, ગુણિયલ અનેક મળે, પરંતુ સમુદાય પર જેનો પ્રભાવ પડે, અને જે સમુદાયનું આરાધનાના માર્ગે સફળ સંચાલન કરી શકે, એવી વ્યક્તિ તો બહુ વિરલ.

**આર્ય પ્રભવસ્વામી નેતા શોધે છે :-**

'આર્ય પ્રભવસ્વામી પાસે જ્ઞાની અને ગુણિયલ શિષ્યો નહિ હોય? હતા, પરંતુ એમને પોતાનું આયુષ્ય હવે અલ્પ બાકી રહ્યે ચિંતા થઈ કે ગચ્છનો ભાર કોને સોંપવો? ગચ્છનો પોતાની પછી નેતા કોણ?' આખા મુનિગચ્છમાંથી એવો એક ન જડ્યો, તે બહાર નજર નાખતાં બ્રાહ્મણ શય્યંભવ પર નજર ગઈ, એ સમર્થ લાગ્યા, એમનામાં શું દૈવત જોયું હશે? એનો સહેજ ખ્યાલ શય્યંભવના તત્ત્વલગન અને સત્ત્વ-પ્રગટીકરણ પરથી આવી શકે.



**શય્યંભવ બ્રાહ્મણને કેવી રીતે લીધા? :-**

આર્ય પ્રભવસ્વામી જ્ઞાનથી પરખીને શય્યંભવને લેવા માટે એમના નગરમાં આવ્યા, ત્યાં શય્યંભવ યજ્ઞ કરાવતા હતા, એમના યજ્ઞવાટકે ગોચરી અર્થે મુનિઓને શિખવાડીને મોકલ્યા. મુનિ ત્યાં પહોંચતા શય્યંભવ એમને યજ્ઞના વાડામાં પેસવા ઈન્કાર કરે છે. કેમ વારુ? મુનિઓ સ્નાન ન કરે ને? તેથી યજ્ઞનો વાડો અભડાઈ જાય એવી માન્યતા.

**મુનિઓને ના કહેતાં, મુનિઓ કહે છે, -**

**'अहो कष्टम् अहो कष्टम्, तत्त्वं न ज्ञायते परम्'**

એટલે? 'અરે! અફસોસ છે, અરે! અફસોસ છે, કે (અહીં આડંબર છે.) પરંતુ તત્ત્વની ગતાગમ નથી!' આટલું બોલીને મુનિઓ ચાલી ગયા.

તત્ત્વની લગનવાળા શય્યંભવ આ સાંભળીને શાના ઝાલ્યા રહે? એ એટલું સમજે છે કે જૈન મુનિઓ ભલે એમના નિયમ મુજબ સ્નાન ન કરે, પરંતુ એ મહાવ્રતધારી હોય છે. તેથી કદી અસત્ય ન બોલે. તો મુનિઓ આ જે અહીં બોલી ગયા તે સત્ય જ હોય એ હિસાબે અહીં જે ચાલ્યું છે તેમાં કશું તત્ત્વ ઢંકાઈ ગયેલું લાગે છે. તો એ જાણ્યા વિના આ બધો યજ્ઞનો આડંબર નકામો છે. માટે પહેલાં એ જાણું'

બસ, શય્યંભવે સીધા યજ્ઞના મુખ્ય ગોરને જ પકડયા, પૂછે છે, 'બોલો આ બધા પાછળ તત્ત્વ શું છે?'

તે બ્રાહ્મણભાઈ એમ સાચો જવાબ દે? એ તો કહે 'અરે! તત્ત્વ? વેદશાસ્ત્રના આ મંત્રો અને યજ્ઞ-ક્રિયા એ જ તત્ત્વ છે. એનો જ પ્રભાવ પડે છે. સ્વર્ગના દેવતાઓ આ આહૂતિઓ સ્વીકારી યજ્ઞકારક પર પ્રસન્ન થાય છે....'

**શય્યંભવનો દમ :-**

શય્યંભવ કહે 'એ બધું હું જાણું છું. પણ તત્ત્વ જુદું છે. એ કહો છો કે નહિ?'

ગોર ગલ્લાં તલ્લાં કરે છે, આડું અવળું કહે છે. એટલે શય્યંભવે જોયું કે ચમત્કાર વિના નમસ્કાર નહિ,' તે સીધા તલવાર લઈ આવી ઉગામીને ગોરને તતડાવે છે કે,

'ગપ્પાં મારો છો? બોલો, જલ્દી સાચું તત્ત્વ કહો નહિતર આ તલવારથી તમારું ડોકું ધડથી જુદું કરી નાંખીશ.'

**તત્ત્વ જિનમૂર્તિ :-**

બસ, ગોરભાઈ ચકચકતી ધારવાળી તલવાર પોતાના પર ઉગામેલી જોઈ ગભરાયા, તે ઝટ બોલી ઊઠ્યા;' ઊભા રહો, ઊભા રહો, તત્ત્વ કહું છું. મારા

ગુરુ કહી ગયા છે કે મરણાન્ત કષ્ટ આવે ત્યારે તત્ત્વ કહેવું. તત્ત્વ છે કે અહીં આ મુખ્ય યજ્ઞસ્તંભની નીચે તીર્થંકર શાંતિનાથ ભગવાનની મૂર્તિ છે. એના પ્રભાવે અહીંના યજ્ઞનો ચારે બાજુ મહિમા ફેલાય છે!'

શય્યંભવે આ સાંભળીને તરત તપાસ કરી, સ્તંભને ઊખેડી નંખાવી નીચે ધરતીમાં જોતાં એ જ કહ્યા પ્રમાણે શાંતિનાથ પ્રભુની મૂર્તિ જોઇ, પારાવાર આનંદ સાથે ખેદ થયો કે વાહ! કેવી પ્રશમ રસભરી પ્રભુની મુદ્રા! કેવો એનો પ્રભાવ અરે! તો અત્યાર સુધી મેં ભૂંસા કૂટ્યા? આટલો બધો ખર્ચ કરતાં પણ તત્ત્વને જોયા જાણ્યા વિના જ ખોટા આડંબરમાં રાચ્યો?'

**શય્યંભવનો તત્ત્વનો ખપ કેવો?** તત્ત્વની જિજ્ઞાસા કેવી? મુનિના વચન પર શ્રદ્ધા કેવી? 'જિંદગીભર જે શાસ્ત્ર જે ધર્મ માન્યો એમાંની મુખ્ય સાધના યજ્ઞની, એમાં વળી આ જૈન મુનિઓ એમ કહેવા નીકળી પડ્યા છે કે તત્ત્વની ગતાગમ નથી. તે એના પર શી મદાર બાંધવી હતી?' એવું લેશ પણ મનમાં નથી આવતું. સહેલું છે આ? જિંદગીભર પકડેલા ધર્મ, સિદ્ધાન્ત અને રિવાજ પર તો મન મુગ્ધ હોય છે, મુસ્તાક હોય છે, એમાં મન ગળાબૂડ ડૂબેલું હોય છે એની પકડ શે છૂટે? એનાથી વિરુદ્ધ એક પણ વાત તરફ કાન પણ શાના મંડાય?

ત્યારે આ શય્યંભવ બ્રાહ્મણ એક જ વારનાં મુનિવચન પર ડોલી ઊઠે છે! એ વેદ, એ યજ્ઞ, એ ગોર, બધું જ તત્ત્વશૂન્ય દેખે છે! અને હવે તત્ત્વ જાણવા અત્યંત આતુર બની જાય છે. મુખ્ય ગોરને દમ મારીને પણ એની પાસેથી તત્ત્વ કઢાવે છે. તત્ત્વ મળતાં પારાવાર આનંદ અનુભવે છે, ને સાથે અત્યાર-સુધી અંધારામાં રહ્યાનો ખેદ અનુભવે છે. તેમજ તત્ત્વમાં છૂપી જિનમૂર્તિ જણાઇ એ પર, યજ્ઞની એક મુખ્ય વસ્તુ જે સ્તંભ-સ્તૂપ, એને જ ઊખેડાવી તત્ત્વભૂત જિન પ્રતિમાને બહાર કઢાવે છે.

**શય્યંભવ સાધુ બને છે :-**

**શય્યંભવનું સત્ત્વ કેવું?** તત્ત્વધગશ કેવી? ખોટું ખોટું જાણ્યા પછી કાચી સેકંડમાં છોડવાની તૈયારી કેવી? તત્ત્વ હાથમાં આવ્યા પછી, પૂર્વે મહાતત્ત્વ માનેલાને પણ હવે તત્ત્વશૂન્ય દેખવાની નિર્મળ દૃષ્ટિ કેવી? તત્ત્વને જાણવા માટે થનગનાટ કેવો કે તત્ત્વ છૂપાવનાર પૂર્વના ગુરુને ય ભારે દમ દઇ દેવાય? તત્ત્વરૂપે જિનમૂર્તિ જાણ્યા પછી એને દબાવી રાખનાર મહાપવિત્ર માનેલા યજ્ઞસ્તંભને ય ઊખેડી નાખવાનો જોસ કેવો ? આગળ વધીને તો એ તરત પહોંચ્યા આર્ય પ્રભવસ્વામીજી પાસે, તત્ત્વસ્વરૂપ જાણ્યું, અને ત્યાં જ સંસાર નિર્ગુણ-નિસ્સાર જાણી એનો ત્યાગ કરી ચારિત્ર લઇ લીધું. આ સત્પરાક્રમ કેવું? બસ, આ બધી વિશેષતાઓમાં



ગચ્છનાયક બનવાનું દૈવત અને નેતાપણાની યોગ્યતા ભરેલી છે. આર્ય પ્રભવ-સ્વામીજીએ જોઇને એમને પોતાની પાટે ગચ્છસંચાલક સમર્થ આચાર્ય તરીકે બેસાડવા યોગ્ય ધાર્યા.

એવા એક સમર્થ આચાર્ય હજારો લાખો મુનિઓની રક્ષા કરી શકે, સંચાલન કરી શકે. એ જ કરી શકે, બીજા વિદ્વાન કે ગુણિયલ પણ નહિ. તેથી જો એવા નેતા બિમાર પડે તો ગણરક્ષા કોણ કરે? અને આ ગણરક્ષાનું કાર્ય સામાન્ય ન ગણાય; એટલે તો ખાસ સાચવી જ લેવું પડે. એ માટે જ એવા ગણસંચાલક મુનિ રોગ મિટાવવા નિર્દોષ ઔષધિનું સેવન કરી લે ત્યાં એમને રોગ-વેદના-ઔષધિનું આર્તધ્યાન નથી હોતું. એ તો મોક્ષમાર્ગે આગળ ધપી રહ્યા હોય છે.

એવા મુનિ બાહ્ય ઔષધ સેવે છે છતાં સાથે તપ અને સંયમના સાચાં ઔષધ બિલકુલ છોડતાં નથી, બલ્કે એમને આના પર જ મુખ્ય મદાર હોય છે. એ તો સમજતા હોય છે કે **'શારીરિક રોગનો ખરેખર પ્રતિકાર ઔષધ નથી, પરંતુ પ્રતિકાર તપ અને સંયમ છે.'**

**'કેમકે, ખરેખર રોગ તાવ ખાંસી નહિ, કિન્તુ કર્મ-રોગ એ રોગ છે. માટે જ કર્મ-રોગ સામે ખરો પ્રતિકાર તપ-સંયમ છે.'**

કર્મરોગ છે ત્યાં સુધી તો એકલા તાવ ખાંસી જ નહિ કિન્તુ બીજી કેઇ આપદાઓ આવશે. માટે કર્મરોગ કાઢવાની મુખ્ય પ્રવૃત્તિ રાખવાની મુનિને આ સાવધાની છે, માટે દવા સેવનમાં એમને આર્તધ્યાન નહિ.

## ● આર્તધ્યાનનાં લક્ષણો ●

જીવનને ધ્યાન સાથે એવો ગાઢ સંબંધ છે કે જરા કોઇ વાત પર મન એકાગ્ર કરો કે ત્યાં ધ્યાન લાગ્યું જ છે. એ વાત જો શુભ (પ્રશસ્ત) વાત હોય તો શુભ ધ્યાન અને અશુભ અપ્રશસ્ત હોય તો અશુભ ધ્યાન લાગવાનું. શુભ ધ્યાનથી શુભ કર્મ અને અશુભથી અશુભ કર્મ બંધાય છે. દુન્યવી ગમતી વાતવસ્તુ કેમ મળે, કેમ ટકે,' અગર 'અણગમતી કેમ ટળે, કેમ ન આવે' એ અશુભ વિષય છે. અથવા રોગ-વેદનાની આકુળ-વ્યાકુળતા હાયવોય, 'કેમ એ ટળે,' યા પૌદ્ગલિક કોઇ સુખ-સત્તા કેમ મળે...વગેરે એ અશુભ અપ્રશસ્ત વિષય છે. એના પર મન કેન્દ્રિત થાય તો આર્તધ્યાન છે, અશુભ ધ્યાન છે. અને શાસ્ત્ર કહે છે આર્તધ્યાનથી તિર્યંચગતિનાં કર્મ બંધાય છે તથા રૌદ્રધ્યાનથી નરકનાં,

**'अट्टेण तिरियगई रुद्दज्झाणेण गम्मइ नरयं।'**

જીવનમાં આર્તધ્યાન કેટલી વાર આવે છે? કોઇ વાત બનવા પર કેટલીકવાર માણસ કહે છે કે 'હું' આર્તધ્યાન નથી કરતો. પરંતુ શાસ્ત્ર આર્તધ્યાનનાં જે લક્ષણ

બતાવે છે એની તપાસ કરે કે એ પોતાનામાં વર્તે છે કે નહિ, તો તે પરથી ખબર પડે કે અંતરમાં આર્તધ્યાન છે કે નહિ? માટે એ લક્ષણો જાણવાની જરૂર છે, જેથી એ લક્ષણો પોતાનામાં હોય તો આર્તધ્યાન હોવાથી ખબર પડે, અને પછી એને અટકાવવાના પ્રયત્ન કરાય. મનથી જો એમજ માની લેવાય કે 'હું આર્તધ્યાન નથી કરતો,' તો એને અટકાવવાનો પ્રયત્ન જ ક્યાંથી હોય? એટલે અહીં જોઇએ કે અંતરમાં આર્તધ્યાન હોવાનાં કયાં લક્ષણ શાસ્ત્ર કહે છે.

કેટલાંક લક્ષણ ઉગ્ર હોય છે, કેટલાંક મધ્યમ અને કેટલાંક સામાન્ય દા.ત. માણસ આક્રંદ કરતો હોય. ચીસો પાડીને રોતો હોય તો એ ઉગ્ર લક્ષણ છે. જેમ કે 'રુએ પોક મૂકે કે 'હાય! મારી ઘડિયાળ ક્યાં ગઇ?' એ તીવ્ર આર્તધ્યાનનું સૂચક છે. પણ એના બદલે મનને દુઃખ થાય, શોક કરે ગ્લાનિ રહે, તો એ મધ્યમ કહેવાય. મોઢું ઉદાસ રહે રોતડ રહે, એ બહારનાં લક્ષણ છે. એ અંદરના કોઇ આર્તધ્યાનને સૂચવે છે.

મમ્મણ શેઠ જેવો જીવ હોય તો શિરસ્તાડણ પણ કરે, કશું ખોવાઇ જવા પર યા મફતિયું કે સસ્તું ન મળવા પર માથું કૂટે, પેટ કૂટે, એ તીવ્ર આર્તધ્યાનનું લક્ષણ છે. બહુ ભારે કામ છે. કેમકે એમાં પૂર્વના કોઇ કુસંસ્કારમાંથી વધીને આવી ભારી સ્થિતિ ઊભી થાય છે. એમ થવાનું કારણ એ છે કે,

**માનવભવે વાવેલા 'સુ' અથવા 'કુ' સંસ્કારોનો કેટલીકવાર ભવાંતરે ગુણાકાર થાય છે.**

**ચંડકોશિયા નાગના જીવ સાધુને** આવું જ બનેલું ને? મુનિ પર તો ક્રોધ ફક્ત એટલો જ કરેલો કે 'નાના સાધુને બરડામાં એક ડંડૂકી લગાવી જરા ચમચમ કરાવું,' બસ પછી બચ્ચો ચીડવવાનું ભૂલી જશે, એટલે ગુસ્સો કરવાની જરૂર નથી. પરંતુ એનો ગુણાકાર ચંડકોશિક સાપના ભવે કેટલો બધો મોટો? ગુનો જોવાની તો વાત જ નહિ, કિન્તુ સ્ત્રી કે પુરુષ, બાળ કે બુઢ્ઢો, મનુષ્ય કે પશુ, ગમે તે નજરમાં આવો, એનું મડદું પાડવાની જ વાત! કેટલાંય મડદાં પાડ્યાં, છતાં હજી ગુસ્સો ઊભો! તે મહાવીર પ્રભુને ય છોડ્યા નહિ; એમના ચરણે ય બચકું ભર્યું! આ ગુસ્સાના સંસ્કારોનો સરવાળો? કે ગુણાકાર? ગુણાકાર જ ને?







**મમ્મણને પૂર્વભવના શોકના ગુણાકાર:-**

મમ્મણ શેઠને પણ પૂર્વના કુસંસ્કાર પર આવું જ બન્યું. પૂર્વ ભવે મહારાજને લાડવો વહોરાવ્યા પછી એની અફસોસી ઊભી થયેલી, એમાં આર્તધ્યાનના કુસંસ્કાર વવાયા. લાડવો કંઇકથી આવ્યો હશે, સિંહ-કેશરિયો મોદક! સાધુ આવ્યા બહુ ઊંચા ભાવથી વહોરાવ્યો. ત્યારે તો એના બહુ ઊંચા પુણ્યમાંથી પાછળની અફસોસી અને પોતાના જ દાનસુકૃતની નિંદાથી કેટલું બધું બળી ગયું, છતાં પુણ્યના જે શેષ કણિયા વધ્યા એથી મમ્મણને અપાર સમૃદ્ધિ મળી. ત્યારે એ મૂળ પૂણ્ય કેટલું બધું ઊચું? અને એ બાંધતાં ભાવ કેટલા બધા ઊંચા?

એવા ઊંચા ભાવથી લાડવો વહોરાવ્યો છતાં ગમે તે થયું, કોઇ પાડોશી લાલે કહ્યું 'શું મારા ભાઇ! આવો લાડવો થોડોય ખાધો નહિ? જુઓ તો ખરા આના કણિયાનો ય સ્વાદ કેવો અફલાતુન છે!' એમ કરી કણિયા ચખાડ્યા, તે હવે લાડવો પાછો લાવવા દોડ્યો.

દૂરથી સાધુને જોતાં કહે છે 'મહારાજ સાહેબ! ઊભા રહેજો'

મહારાજ કહે 'ખપ નથી.'

'પણ મારે ખપ છે.'

મહારાજના મનને કે 'એણે લાડવો તો વહોરાવ્યો પરંતુ હવે કંઇ બાધા-નિયમનો ખપ હશે,' તે ઊભા રહ્યા. પેલો આવ્યો. લાડવો માગવો છે પણ એમ સીધેસીધો કંઇ મંગાય?

તે ભૂમિકા કરે છે - 'સાહેબ! અહોભાગ્ય મારાં કે આપ મારાં આંગણે પધાર્યા. વળી પણ પધારજો સંયોગ હશે તો દશ લાડવા વહોરાવીશ.'

સાધુ કહે 'બહુ સારી ભાવના છે. પણ અત્યારે શું છે?'

'આ તો સાહેબ! બીજું તો કાંઇ નથી. આ તો માળો જીવ જરા લાલચુડો બન્યો છે તે એને પેલો લાડવો વહોરાવ્યો હતો ને? એ ખાવાની લાલસા જાગી છે, માટે જરા મને પાછો દઇ દ્યો મારો એ લાડવો.'

સાધુ કહે 'વહોરાવ્યા પછી મંગાય? હવે તો આ ચારિત્રનો માલ થયો. તે પણ ગુરુ મહારાજ કરે તે થાય. વહોરેલા પર અમારો હક નહિ. અમો તો ચિઠ્ઠિના ચાકર, ગુરુના માત્ર આજ્ઞાપાલક.'

વાણિયો કહે,-'પણ ના મહારાજ! મેં તો તમને આપેલો, એટલે તમને જ ઓળખું. તો દઇ દ્યો મારો લાડવો.'

સાધુ ઘણું ય સમજાવે, પણ સમજવું છે કોને? એને તો એક જ કવિતાની ટેક ગાવાની છે 'દઇ દ્યો મારો લાડવો.' સાધુએ જોયું કે આ લાડવો છે ત્યાં સુધી એનો રાગ નહિ ઊતરે; તેથી સીફતથી ગુપ્તપણે લાડવો ધૂળભેગો ચોળી નાખ્યો, હજી ય પેલો માગે છે એને કહી દીધું 'લાડવો તો જો આ ધૂળમાં મળી ગયો છે. માટે એનો મોહ મૂકી દે.' કહીને ચાલી ગયા.

મમ્મણના જીવ વાણિયાએ તો પહેલેથી અફસોસી શરૂ કરેલી કે હાય! મેં લાડવો ક્યાં વહોરાવી દીધો? તે એનાં આર્તધ્યાન અને શોકના સંસ્કારનું વાવેતર કર્યું. પછી જુઓ કે મમ્મણ શેઠના ભવમાં એના ગુણાકાર કેવા થયા? કરોડોની સંપત્તિ છતાં ચિંતા-સંતાપ-શોકનો પાર નહિ, ને આર્તમાંથી રૌદ્રધ્યાનમાં રમ્યો! પરિગ્રહના સંરક્ષણનું ધ્યાન જીવને રૌદ્રધ્યાનમાં ચડાવી દે છે. મમ્મણ મરીને સાતમી નરકે ગયો.

બાહ્ય આક્રંદન, શોક, ઉદ્વેગ, બખાળા, વગેરે આર્તધ્યાનનાં લક્ષણ છે. એ પ્રવર્તતા હોય એટલે સમજાય કે અંતરમાં આર્તધ્યાન ચાલી રહ્યું છે.

જીવની આ ઘેલછા જ છે ને, કે ભલે ગમતી પણ વસ્તુ બગડી ગઇ, આઘી પાછી થઇ ગઇ, ખોવાઇ કે નષ્ટ થઇ ગઇ, પણ હવે એ બનવાની વાત બની ગઇ, છતાં એનો ઉદ્વેગ શોક ચિંતા બળાપો કરે છે!

**સૂર્યાસ્તનાં દૃષ્ટાન્તથી ઉદ્વેગવારણ :-**

ખરી રીતે આ વિચારવું જોઇએ કે 'પુદ્ગલ નામ જ એવું જ છે કે જે બતાવે છે કે આમાં પૂરણ ગલન થયા જ કરે, સડન-પડન વિધ્વંસન હોય જ. એકવાર એ સારું બન્યું, પછી ખરાબ થવાનું નક્કી. સંયોગ પાછળ વિયોગ હોય જ. તો જેમ સૂર્યના ઉદય-ઊર્ધ્વગમન પછી અસ્ત થાય જ છે, દિવસ પછી રાત પડે જ છે, અને તેથી કાંઇ શોક-ઉદ્વેગ નથી થતો; તેવી રીતે વસ્તુ બગડવા, ખોવાવા કે નષ્ટ થવા પાછળ શોક શા સારુ?

**નાશવંતની પાછળ શોક-ઉદ્વેગ-બળાપા કરવા એ માનવમનની કમજોરી છે.**

શા માટે મનને કમજોર કરું? હવે ન સુધરે એના પર સંતાપ કરવો એ મૂર્ખતા છે.'-આ વિચાર કરે તો સંતાપ અટકી જાય, આર્તધ્યાન ન સળવળે.

**સબળ શરીરે નબળું મન :-**

પહેલવાન જેવા માણસનું પણ મન કેટલું બધું કમજોર હોય છે કે કોઇ ગમતી વાત વસ્તુ જવા બગડવા પર યા અણગમતી આવી પડવા પર માણસ આક્રંદ કરતો હોય છે, ચીસ પાડીને રોતો હોય છે, અથવા ચીસ પાડ્યા વિના રુદન કરતો હોય છે! તો એ લક્ષણ સૂચવે છે કે અંતરમાં આર્તધ્યાન વર્તે છે.



અંતરમાં એના સંતાપ-બળાપા વિના બહારમાં આક્રંદ રુદન શાનું કરે? દા.ત. દીકરો મરી ગયા પછી એની યાદ પર ચીસ પાડીને રોવાઇ જતું હોય. આંખમાં અનેકવાર આંસુ આવતા હોય ત્યાં માનવું પડે કે મનને એનો વિયોગ-સતાવી રહ્યો છે, મન વિયોગની અર્તિમાં છે, તીવ્ર આર્તધ્યાનમાં છે.

**શબ્દથી રોદણાં શા માટે ? :-**

આ તો જરા વિશેષ પીડા કહેવાય કે આંસુ પડે. પરંતુ આંસુ ન હોય, પણ બોલવામાં રોદણું હોય, એ પણ આર્તધ્યાનનું ચિહ્ન છે. અંતરમાં આર્તધ્યાન છે એટલે તો એવા રોદણાનો શબ્દ નીકળે છે. ત્યાં શેખી મારે કે 'હું આર્તધ્યાન કરતો નથી,' એ ભ્રમ છે. દા.ત. રસ્તે જતાં જતાં એકને કહે બીજાને કહે...કે 'જુઓને આજે ઊઠી; ખીસાના કાણામાંથી પાંચ રૂપિયા પડી ગયા. આપણે કંઇ આર્તધ્યાન કરતા નથી, પણ આજ ધોબીઓ કેવા બેદરકાર કે કપડામાં કાણાં પાડી દે છે?' આવું કહેતો ફરે, એને પૂછાય કે 'અલ્યાભાઇ! જો તને આર્તધ્યાન નથી, તો પછી આ બીજા આગળ રોદણું શાનું? રૂપિયા પાંચ ગયા એને 'પાંચની ઊઠી' કેમ માને છે? 'ધોબીઓ કેવા!' એ દુઃખના શબ્દ શા માટે?

**રોદણાનો શબ્દ એ તો ધૂમાડો છે. એ સૂચવે છે કે અંદરમાં આર્તધ્યાનનો અગ્નિ** છે. દૂમાડો હોય ત્યાં અગ્નિ હોય જ. અગ્નિમાંથી એ બહાર નીકળે છે. આગ વિના ધૂમાડે શાનો? કેટલીક વાર બીજા આગળ શબ્દ ન ય નીકળે, પણ પોતાને જ વારે વારે એ દુઃખથી યાદ આવી જતું હોય તો ય તે અંદરનાં આર્તધ્યાનનું સૂચક છે. મોટા ગિરિરાજ પર આદેસર દાદાની પૂજાભક્તિમાં લાગ્યો, પણ ત્યાં જો વારે વારે યાદ આવ્યા કરે કે 'આ ફૂલવાળાએ આપણને ધાબડ્યા, આપણી પાસેથી રૂા. પાંચ પડાવ્યા, અને એટલા જ ફૂલ આપણી જોડેવાળો ત્રણ રૂપિયામાં લાવ્યો,' આવી યાદ એ આર્તધ્યાનમાંથી ઊઠે છે. ત્યારે વિચારો કે આર્તધ્યાનની કેવી ખંધાઇ છે, કે મોટા આદીશ્વર પ્રભુની ભક્તિ કરવાનો અવસર મળ્યો તો ય ચિત્ત એમાં તન્મય ન બનતાં વચમાં આર્તધ્યાન ઘૂસી જાય છે! પૂછો,

**પ્ર.**- ફૂલ લેતાં ઠગાયા તે લાગે નહિ?

ઉ.- ક્યારે લાગે? જો મહાતીર્થ પર દાદાની પૂજા ભક્તિ મળ્યાનો અગણિત લાભ મન પર ન હોય તો લાગે. જો મનને એમ હોય કે

**'અહો પૂજાભક્તિનાં મૂલ્ય શું આંકું? ખર્ચ નહિવત સમય-ભોગ નહિવત, ને ક્રોડો-અબજોથી ય અધિક કિંમતના ફળને આ પૂજાભક્તિ રજીસ્ટર્ડ કરી આપે છે!'**

જો મનને આવું કાંઇ હોય તો ફૂલમાં બે રૂપિયા વધુ ખર્ચાયા એનો શોક શાને? પણ અંતરમાં એનું આર્તધ્યાન સળગે છે, એ મહાન પૂજા ભક્તિનાં કાર્યને

ય પોચલું દુબળું બનાવી દે છે.

આર્તધ્યાનની ખંધાઇ વિચારવા જેવી છે. મોટા આચાર્ય ભગવાનની લાખ રૂપિયાની વ્યાખ્યાન વાણી સાંભળવા મળી હોય, પણ ત્યાંય વચમાં વચમાં જો મનને થયા કરે કે 'કોઇ જોડા તો નહિ ઉપાડી જાય?' અથવા 'પેલી વાર જોડા ઉપડી ગયેલા, અંતરમાં ભૂતકાળનું આર્તધ્યાન હોવાનું સૂચવે છે. ખબર છે ને કે 'ભૂતકાળની વસ્તુ-સંબંધી ય આર્તધ્યાન હોય?' પહેલાં અનિષ્ટ બનેલું એ ઠીક ન થયું, 'આ સ્મરણની પાછળ અંતરમાં આર્તધ્યાન છે. બનાવ ભૂતકાળમાં બની ગયેલ' પરંતુ એનો ખટકો અર્તિ પીડા જો અત્યારે થાય છે, તો એ વર્તમાનમાં જ ભૂતકાળ સંબંધી આર્તધ્યાન છે.

**પોતાનાં કાર્ય વખોડવામાં આર્તધ્યાન :-**

વિચારવા જેવું છે કે જીવનમાં આર્તધ્યાનનાં ઉત્થાન કેટલીવાર? ડગલે ને પગલે, કોક વાર? શાસ્ત્ર કહે છે કે પોતાનાં કાર્યને વખોડવાનું અને બીજાનાં કાર્યને વખાણવાનું બનતું હોય તો એ પણ અંદરનાં આર્તધ્યાનનું ચિહ્ન છે. દા.ત. માને કે 'આપણને ભાઇ! કપડાં ધોતાં એવું ન આવડે. પેલો સરસ ધુએ છે;' યા સાધુને ય જો થાય કે 'આપણું વ્યાખ્યાન સામાન્ય, પેલાનું હાઈક્લાસ.' તો આ પણ આર્તધ્યાનના ઘરના શબ્દ છે. પૂછો,

**પ્ર.**- મારું બરાબર નહિ, ને બીજાનું સારું-આ નિરભિમાન અને ગુણાનુવાદના શબ્દો છે, આમાં આર્તધ્યાન શાનું?

**ઉ.**- આર્તધ્યાન એથી, કે અંતરમાં પોતાનું કાર્ય ઈષ્ટ નહિ એની પીડા છે. 'અનિષ્ટ-સંયોગ કયાં થયો?' એના પર દુઃખથી મન લાગ્યું, એકાગ્ર થયું, એ આર્તધ્યાન છે.

**નિરભિમાન અને આર્તધ્યાનમાં ફરક :-**

'મારા કાર્યમાં કાંઇ માલ નથી,' એ શબ્દો નિરભિમાનના ઘરના હોઇ શકે પરંતુ ત્યાં મન મહાપુરુષોની અપેક્ષાએ જાતની લઘુતા પર લાગેલું છે. ત્યારે અહીં આર્તધ્યાનમાં તો કાર્ય બરાબર ન થયા પર દુઃખથી મન લાગેલું છે. આ બંને વચ્ચે ફરક છે. વાત એ છે કે

**પૌદ્ગલિકની બાબત પર હરખ કે દુઃખ-વિષાદ ન જોઇએ, તો જ આર્તધ્યાનથી બચાય.**

'પોતાને વ્યાખ્યાન બરાબર નથી આવડતું' એ પણ ખેદ શાના અંગે છે? શ્રવણથી બિચારા લોકો એવું પામી શકતા નથી એના પર? કે 'મારો પ્રભાવ નથી પડતો, વાહ વાહ નથી થતી એના પર? જો રોદણું પ્રભાવ ન પડવા અંગે છે તો



એ પૌદ્ગલિક બાબતનો ખેદ છે, માટે આર્તધ્યાન છે.

અનંતાનંત કાળથી જીવનો જાણે સ્વભાવ પડી ગયો છે કે દુન્યવી ઈષ્ટ-અનિષ્ટ વસ્તુ કે પ્રસંગ પર હરખ-ભેદ ઝટ થઇ જાય. એના પરજ જોયું ને કે પેલી તીર્થાધિરાજ પર ભક્તિ કરવાના પ્રસંગે પણ ફૂલમાં બે રૂપિયા ગુમાવ્યા પરના ખેદે લાખ રૂપિયાની ભક્તિ ડહોળી નાંખી? ઊંચા શુભ અધ્યવસાયની વચમાં હલકું આર્તધ્યાન ઘૂસી ગયું?

**તુચ્છ વસ્તુના હરખ-ખેદ અને એના પરનાં આર્તધ્યાન કેમ ખતરનાક? એટલા માટે કે એ મહાન પણ સત્કૃત્ય અને શુભ અધ્યવસાયના પ્રસંગને ડહોળી નાંખે છે.**

**આર્તધ્યાન રોકવા ૨ ઉપાય :-**

આ સૂચવે છે કે કાયા અને વાણીથી સારાં સુકૃતો સત્કૃત્યો કરવાં હોય, મનમાં ઊંચી શુભ ભાવની લહેરી લહેરાવવી હોય, તો એની આ ભૂમિકા તૈયાર કરો કે,

(૧) દુન્યવી લાભાલાભની વસ્તુ કે બાબત તુચ્છ લાગે, મન એને તુચ્છકાર્યા કરે કે 'તું કુછ નહિ, કોઇ વિસાતમાં નહિ. અવસરે મોટા ચક્રવર્તીઓ તને ફેંકી દઇ ત્યાગ ધર્મ લે છે. છેવટે યમરાજ તો તને તરછોડાવેજ છે.

(૨) આવો તુચ્છકાર ઊભો કર્યા પછી, એને તુચ્છ લેખ્યા પછી, એના અંગેના હરખ-ખેદ ઓછા કરો, બંધ કરી દો. તો જ પછી સત્કૃત્ય-સદ્ભાવનાને એ દખલ નહિ કરે.

**કિંમત કોની? આશ્રવની? કે સંવરની?**

ફૂલમાં બે રૂપિયા ગુમાવ્યા એ કોઇ ચીજ નથી, એની કોઇ વિસાત નથી, કિંમત ધર્મ ક્રિયા-ધર્મ પરિણામ ન ડહોળાય એની છે.' એમ જો મનને બરાબર લાગી જાય, તો પછી એનો ખેદ શો? અને પૂજાભક્તિમાં એની દખલ શાની થાય? અને પેલી બિન કિંમતી ચીજના વિચારથી મહાકિંમતી સંવરમાર્ગને ડહોળીએ એનો પ્રત્યાઘાત કેવો પડે?

**આપણું મન ફૂલમાં ગુમાવેલા બે રૂપિયાને કિંમતી માને છે? કે સુંદર જિનપૂજાની ક્રિયામાં રહેતા અખંડ ઉત્તમ અધ્યવસાયને?**

ભૂલશો નહિ, રૂપિયાનો પ્રેમ તો આશ્રવ તત્ત્વ છે, જીવને કર્મબંધન કરાવનારું તત્ત્વ છે. ત્યારે પૂજા-ભક્તિના ઉત્તમ ભાવ એ સંવર માર્ગ છે. એટલે રૂપિયાને મહત્ત્વ આપી આપણે આશ્રવને કિંમતી માનનારા બન્યા ને? એની સામે સંવરને કિંમતવિનાનું ગણ્યું ને? સંવરને કિંમતવિનાનું અને આશ્રવને કિંમતી ગણે ત્યાં

સમ્યક્ત્વ રહે?

આ ખૂબ ધ્યાનમાં રાખવા જેવું છે કે જીવની જુની ઘરેડથી લક્ષ્મી અને ઇન્દ્રિયોના વિષયોને મહત્ત્વ આપવાનો દુરાગ્રહ રાખીએ, તેમજ અહંત્વ-રાગ-દ્વેષ વગેરેને ન મૂકવાનો દુરાગ્રહ રાખીએ, ને એની સામે ધર્મને ઓછી કિંમતનો માની ડહોળાવા દઈએ, તો સમ્યગ્દર્શનના અંશ કેવી રીતે ટકે?

**સમ્યગ્દર્શનના અંશ છે આશ્રવની હેયતાની શ્રદ્ધા અને સંવરની ઉપાદેયતાની** શ્રદ્ધા, અર્થાત્ (૧) 'આશ્રવ એ હેય છે, કિંમત વિનાના છે' એવી શ્રદ્ધા અને (૨) 'સંવર એ ઉપાદેય કિંમતી છે એવી શ્રદ્ધા, આ બે સમ્યક્ત્વના અંશ છે. હવે જો આશ્રવને કિંમતી માનવા જઈએ તો શ્રદ્ધાઅંશ ઊડી જવાથી સમ્યક્ત્વ ક્યાં રહે?' વિચારવા જેવું છે કે તુચ્છ બે રૂપિયાને મહત્ત્વ આપવા જતાં ધર્મ-આચરણ તો ડહોળાય જ છે, પણ સાથે જો સમ્યક્ત્વ ડહોળાય તો એ કેટલું બધું ખતરનાક?

સમ્યક્ત્વના સાચા ખપી આત્માઓ આ સમજે છે માટે તો મોકા ઉપર સાવધાન બન્યા રહે છે.

**રાવણની પ્રભુભક્તિ :-**

**રાવણ અષ્ટાપદજી ઉપર** સુંદર જિનભક્તિ કરતા હતા, ને ત્યાં ધરણેંદ્ર યાત્રાએ આવે છે. રાવણની એકતાન ભક્તિ જોઇ એ ખુશ થઇ કહે છે,-

'રાવણ! તમારી ભક્તિથી હું ખુશ થયો છું.' રાવણ કહે, 'જિનેશ્વરદેવનો ભક્ત એમની ભક્તિ થતી જોઇ ખુશ થાય એ સ્વાભાવિક છે.'

'એ તો સાચું, પણ ભક્તિમાં તમારી સ્થિરતા અને અદ્ભુત રંગ જોઇ તમારા પર મારું મન મુગ્ધ બને છે. માટે કંઇક માગો. માગો તે આપું.'

રાવણ અહીં લલચાતા નથી. એમને મન ભક્તિ આગળ દુન્યવી કોઇ ઇનામ કશી કિંમતનું નથી. કારણ કે જિન-ભક્તિ એ ઉપાદેય તત્ત્વ છે, દુન્યવી સંપત્તિ એ હેય તત્ત્વ છે. હેયને ઉપાદેય કરતાં કિંમતી કેમ મનાય?

ધરણેંદ્રને રાવણ કહે છે,-'ભક્તિની અનુમોદનામાં તમે કાંઇ આપો એ તમારા માટે યોગ્ય છે, પરંતુ ભક્તિના બદલામાં હું કાંઇક લેવા ઇચ્છું એ મારા માટે શોભાભર્યું નથી. વળી ભક્તિનાં ફળરૂપે મારે જે જોઇએ છે તે તમે આપી શકો એમ નથી, ને તમે આપી શકો એ મારી ભક્તિનાં ફળરૂપે જોઇતું નથી.'

**ભક્તિનું ફળ માગતાં આશ્રવનું મહત્ત્વ મનાઇ જવાનો ભય :**

રાવણ સમ્યગ્દષ્ટિ જીવ છે. એ મોકા પર સાવધાન છે. અહીં ધરણેંદ્ર તરફથી માગવાની પ્રાર્થના છે એ મોકો છે. ત્યાં માગી લેવાની લાલચ થઇ જાય. પરંતુ રખે ને એથી આશ્રવનું મહત્ત્વ મનાઇ જાય તો? દુન્યવી સુખ-સાધન મળવા પર 'ચાલો ભક્તિ ફળી' એમ મનમાં આવી જાય તો? મારે એવું માગવાની ઇચ્છા જ નથી.



**પ્રભુભક્તિથી સમ્યગ્દર્શન વધુ નિર્મળ થાય છે;**

**સમ્યગ્દર્શનની વધુ નિર્મળતામાં તો આશ્રવો વધુ હેય લાગે, તથા સંવર વધુ ઉપાદેય લાગે.**

પછી એ ભક્તિનાં ફળરૂપે આશ્રવની ચીજ માગવાનું મન જ કેમ થાય? 'સમ્યક્ત્વ જે પ્રાપ્ત થાય છે, અથવા નિર્મળ થાય છે. એનો પ્રભાવ કેટલો બધો ઊંચો છે કે

**સમ્યક્ત્વનો પ્રભાવ :-**

એ વખતે જો આયુષ્ય બાંધે તો શાસ્ત્ર કહે છે કે વૈમાનિક દેવલોકનું આયુષ્ય બાંધે નરક-તિર્યંચ-મનુષ્ય ગતિ નહિ, તેમજ દેવગતિમાં ય ભવનપતિ-વ્યંતર જ્યોતિષીનું આયુષ્ય નહિ, પણ એની ય ઉપરનું વૈમાનિકનું આયુષ્ય બાંધે. ત્યારે એ હિસાબે એની સાથે શાતા વેદનીય, યશનામ કર્મ, સૌભાગ્ય નામકર્મ વગેરે શુભ કર્મો પણ કેવા ઊંચા બાંધે? હવે આયુષ્ય તો જીવનમાં એક જ વાર કોઈ અમુક અંતર્મુહૂર્તમાં જ બંધાતું હોઈ તે સિવાયના કાળે ન બંધાતું હોય, છતાં પણ બીજાં પેલાં શાતા વેદનીય, યશનામકર્મ, સૌભાગ્ય નામકર્મ, વગેરે પુણ્યોનો જથો કેટલો ઉમદા બંધાય?

**ધર્મસાધનાને તુચ્છલાભથી નહિ વટાવવી :-**

એટલે જ આ વિચારવાનું છે કે આ સમ્યક્ત્વ તેમજ જિનભક્તિ વગેરે ધર્મસાધનાઓ જ્યારે આત્માની ભાવી મહાન સ્થિતિ સરજે છે, તો પછી એને લૌકિક તુચ્છ લાભથી શા માટે વટાવવી જોઈએ? માનપાન પૈસા ટકા વગેરે વર્તમાન લાભ તો આશ્રવો છે, દિલમાં રાગ-મમત્વ તૃષ્ણા વગેરેને વધારનારા છે, એથી આત્મા પર પાપકર્મના ભાર વધતા જાય છે. તો પછી શું જિનભક્તિ-સમ્યગ્દર્શન વગેરેના ફળમાં એ પૈસા ટકા માગીને યા મેળવીને સંતોષ માનવો? રાવણ આ સમજે છે. તેથી ધરણેંદ્રે એવું કાંક માગી લેવા કહ્યું કિંતુ રાવણે જિનભક્તિનાં ફળરૂપે એ માગવા સાફ ના પાડી.

શું? રાવણને જિનભક્તિથી દુનિયાની ચીજ જોઈતી નથી. આશ્રવો પ્રત્યે નફરત વધારવાનું ચાલુ રખાય એની મન પર મોટી અસર પડવાની.

**થોડી પણ જિનભક્તિની મોટી અસર :-**

ભલે કદાચ આ દૈનિક દેવદર્શનાદિ ધર્મક્રિયાઓનો સમય ચોવીસ કલાકમાંથી બહુ ઓછા કલાકનો હોય, છતાં ત્યાં તન્મય થઈને જે ભક્તિરંગ વધાર્યો, અને એ

માટે પાપો-આશ્રવો પ્રત્યે ઘૃણા વધારી, એની બાકીના સમય પર મોટી અસર પડે છે. એનું પરિણામ એ આવે કે સામાન્ય સામાન્ય વાત વસ્તુ પર રોદણાં અને આર્તધ્યાન જે થાય છે એ ન થાય.

**વાતવાતમાં રોદણાં શાના અંગે ચાલે છે?**

આ કાયા-માયા-વિષયો અંગે જ ને? 'મારું શરીર બરાબર નથી, છોકરો માનતો નથી, મોંઘવારી બહુ વધી ગઈ....' આ અને એવાં બીજા રોદણાં આના અંગે શું કામ ચાલે? કહો, આ ચીજો અંગે વિચાર નથી કે મારો જીવ જે અઢળક રાગ-દ્વેષ ક્રોધ લોભ-મદ વગેરે આંતરિક દોષો પોષે છે, અને કર્મોના ભાર વહોરે છે, એ આ કાયા-માયા-વિષયોની ઘેલછાને લીધે જ. હવે જો આ આશ્રવો અને એનાં સાધનો પ્રત્યે સૂગ છે, ઘૃણા છે, તો પછી એ થોડા બગડવા પર રોદણાં શા રોવાં? આર્તધ્યાન શા કરવાં?

પૂર્વના મહાન પુરુષોએ જીવનમાં થોડો પણ ધર્મ સેવવાનું કર્યા પછી એ એકદમ આગળ કેમ વધી ગયા? કારણ આ, કે થોડા પણ ધર્મના સેવનમાં આશ્રવો પાપસાધનો પ્રત્યે નફરત બહુ કેળવી. બસ, **ધર્મમાં પ્રગતિનો આધાર પાપ-પાપસાધનો-આશ્રવો પ્રત્યે વધતી નફરત ઘૃણા પર છે. કેમ કે એ પાપઘૃણાથી શુભ ધ્યાન વધે છે. શુભધ્યાનનું જેમ જોર, એમ ધર્મ વધુ બળવાન.**

આશ્રવો, પાપસ્થાનકો, કર્મબંધના હેતુઓ પ્રત્યે એવી નફરત-ઘૃણા-અરુચિ નહિ હોવાથી એમાં હોશ રાખીને વર્તાય છે. એથી જ એના અંગે આર્તધ્યાન ચાલતું રહે છે, ને એનાં લક્ષણ બહાર તરી આવે છે. મનગમતું મળ્યું તો હરખ હરખ, પછી એની પ્રશંસા વગેરે ચાલે છે. અણગમતું બન્યુ કે કોઇ રોગ આવ્યો તો એની પાછળ શોક ચાલુ થઇ જાય છે. જુઓ તો દેખાય કે જીવનમાં આર્તધ્યાનનાં કેવાં કેવાં લક્ષણ સેવાયે જાય છે.

(૧) કાં તો પોતાના કાર્ય પોતાને નહિ ગમે, પોતે એનો હલકો ખ્યાલ બાંધ્યા કરશે. આ શું છે ? પોતાને જોઇએ એવું ઇષ્ટ નથી બન્યું એનો સંતાપ છે. એની પાછળ ઇષ્ટનો સંયોગ ન બનવાનું આર્તધ્યાન કામ કરી રહ્યું છે.

(૨) અથવા બીજાનાં કાર્ય, બીજાના વૈભવ, બીજાની હોંશિયારીની પ્રશંસા કરશે. એમાં પણ આર્તધ્યાન છુપાયેલું છે. કેમ કે પોતાને એ ઇષ્ટ લાગે છે. અને એના સંયોગનું ધ્યાન ચાલે છે, એટલે પ્રશંસા ચાલે છે.

મૂળમાં રાગ-દ્વેષ ચાલતા હોય એ આર્તધ્યાનના પ્રેરક છે. જે વસ્તુની પ્રશંસા કરે છે તે એને ગમે છે, એના પર રાગ છે, અને ગમતી વસ્તુ પોતાને મળી નથી એનું દુઃખ અથવા તેના સંયોગની ચિંતા યા મળેલી હોય તેનો વિયોગ થવાની



ચિંતા આર્તધ્યાન કરાવે છે.

**આર્તધ્યાન અશુભ અધ્યવસાયનું કેન્દ્રીકરણ છે.**

અધ્યવસાય યાને દિલનો ભાવ, વિચાર કે વિકલ્પ એક વસ્તુ પર કેન્દ્રિત થાય ત્યારે તે ધ્યાનરૂપ બને છે પછી એ શુભ હોય તો શુભ ધ્યાનરૂપ બને, અને અશુભ હોય તો અશુભ ધ્યાનરૂપ બને. કોઈનો બંગલો ગમી જાય એની પ્રશંસા કરો, ત્યાં એ બંગલો અશુભ વસ્તુ છે, આશ્રવ છે, મોહજનક છે, માટે એનું ધ્યાન એ અશુભ ધ્યાન છે. એ પેલી પ્રશંસા પાછળ કામ કરતું હોય છે. એના બદલે કોઇના જિનમંદિરની પ્રશંસા કરો ત્યાં એની પાછળ મંદિર એ શુભ વસ્તુ હોવાથી એનું ધ્યાન શુભ ધ્યાન કામ કરતું હોય છે.

**"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૧૮,અંક-૩,તા.૨૦-૯-૧૯૬૯**

આમાં ખુબી એ છે કે એનો એજ વિષય અશુભ છતાં જો શુભ બનાવી દો તો પછી એની પ્રશંસામાં અશુભ ધ્યાન બંધ, અને શુભ ધ્યાન કામ કરતું થાય. પેલા શેઠના બંગલાનું દૃષ્ટાંત જાણો છો ને ?

## ● શેઠના બંગલાનું દૃષ્ટાંત ●

શેઠે બંગલો બાંધ્યો. એ બાંધવામાં વરસો લાગ્યાં. કેમકે દેશ-પરદેશથી એવી એવી ખાસ ચીજો મંગાવી એનો એમાં ઉપયોગ કરેલો. ક્યાંકથી આરસ, ને ક્યાંકથી નકશીકામવાળા પાટિયા, તો બીજેથી ઝુમર, તો કશેકથી અરિસા ને કશેકથી ગલીચા, એવું એવું મંગાવેલ એની સાથે કાનપુર, ને આગ્રા, ને સીકન્દરાબાદ,...વગેરે સ્થળેથી કારીગરો બોલાવી ચિત્રકામ, નકસીકામ, ઓપકામ, એવું એવું અનેરૂં કામ કરાવેલું, બંગલો અનન્ય બની ગયો.

હવે શેઠ જેની તેની આગળ એની પ્રશંસા જાતે કરતાં ને લોક પાસે સાંભળતાં હરખા હરખ થઇ જાય છે. બોલો, એની પાછળ એના દિલમાં કેટલું આર્તધ્યાન કામ કરતું હશે ? પરંતુ હજીય આટલા લોકો તરફથી મળતી પ્રશંસા ઓછી પડે છે, તે એમને વિચાર આવે છે કે,-

**શેઠને બંગલાની ગામેગામ પ્રશંસા જોઇએ છે :-**

'આ બેનમૂન બંગલાની પ્રશંસા દેશોદેશમાં થાય તો કેવું સારું ? પરંતુ એ બને કેવી રીતે ? ગામે ગામ કોઈ માણસો ઢોલ પીટતા થોડા જ મોકલાય ? એમાં ખર્ચો ય કેટલો બધો ? અને લોકમાં સારું ય ન દેખાય...પણ હા, એક ઉપાય છે

સાધુ મહારાજ ગામે ગામ વિચરતા હોય છે. એમને જો આ બંગલો દેખાડી દીધો હોય તો એમના દિલમાં આ ચોંટી ગયા પછી સેહેજે એ ગામે ગામ બીજાઓ આગળ વાતચીતમાં આ બંગલાની પ્રશંસા કરે એમાં કાંઇ સાધુ મહારાજને પગાર મહેનતાણું પણ ન દેવુ પડે, અને દેશોદેશમાં જાહેરાત પણ સારી થઈ જાય.' જોયું ? કેવો ઘેલો વિચાર છે આ ?

**સાધુ મહારાજ પાસેથી શું ઈચ્છો ? :-**

**ધન ? ધર્મ ? પ્રતિષ્ઠા ? કે એનો વૈરાગ્ય ? પરિવારની બેડી ? કે પરિવારથી મુક્તિ ? સાધુ મહારાજની પાસેથી શું ઈચ્છવાનું ? વાત આ છે કે, ધન-પ્રતિષ્ઠા પરિવારનું મહત્ત્વ તો સંસારીઓ બહુ સમજાવે છે, પણ ધર્મ-વૈરાગ્ય-ઉપાધિમુક્તિનું મહત્ત્વ સાધુઓ સમજાવે છે. એમની પાસેથી એ જ લેવાનું હોય, એ જ સમજવાનું હોય.**

જૈનશાસનના સાધુમહાત્માઓ શાસનનું રહસ્ય આ સમજાવે છે કે **'આશ્રવો ભવહેતુઃસ્યાત્ સંવરો મોક્ષકારણમ્'** માટે 'આશ્રવો સંસારવર્ધક હોવાથી સર્વથા ત્યાજ્ય છે, ને સંવર મોક્ષસાધક હોઈ આદરવા યોગ્ય છે. આ શ્રદ્ધા હોય તો જ સમ્યગ્દર્શન આવે ને સાચી જિનભક્તિ થાય. બોલો છો ને પૂજામાં,

**'કેવલિ-નિરખિત સૂક્ષ્મ-અરૂપી, તે જેહને ચિત્ત વસિયો રે, જિન ઉત્તમ પદ પદ્મની સેવા કરવામાં ઘણું રસિયા રે.'**

અહીં સૂક્ષ્મ=કર્મ અને અરૂપી=આત્મા. કર્મ અને આત્મા જેના ચિત્તમાં વસી ગયા, જેને પાકી શ્રદ્ધા થઈ ગઈ, કે પોતાની જ આશ્રવ ખેલવાની ભૂલના યોગે ઊભાં થયેલ કર્મ જીવને સંસારનો કરૂણ કેદી બનાવે છે. ત્યારે જિનેશ્વર ભગવાને કહેલ સંવરતત્ત્વના માર્ગે ચાલતાં અંતે સર્વકર્મમુક્ત બની અનંતજ્ઞાન-સુખમય શુદ્ધ સ્વરૂપમાં આત્મા આવી જાય છે. આ સૂક્ષ્મ અને અરૂપી જેને દિલમાં ઉતરી ગયા, એ સમ્યગ્દર્શન પામી જિનભક્તિનો પાકો રસિયો બની જાય.

**સાધુ મહારાજની વાત આ છે કે, જિનભક્તિનો અને સમ્યગ્દર્શનનો જ્યાં રંગ જામે ત્યાં રાગાદિ દોષો અને અશુભકર્મો વધારનારા પૈસાટકા-પરિવાર-પ્રતિષ્ઠા વગેરે આશ્રવ વધુ હેય લાગે, ત્યાજ્ય લાગે, આત્માના અપકારક લાગે.** તેથી જિનભક્તિનાં ફળરૂપે એ મેળવવાની લેશ ઈચ્છા ન હોય.

એટલે જ આપણે જે કહીએ કે 'કોઇ તીર્થમાં પ્રભુની ભક્તિ કરવામાં, યા ગામમાં જ બેસતા મહિને પ્રભુનો સ્નાત્ર-મહોત્સવ ઉજવવામાં ખૂબ આનંદ આવ્યો,' ત્યાં આ જોવું જોઈએ કે એથી આશ્રવો વધુ ત્યાજ્ય અને ખતરનાક લાગ્યા ? ના, એ પૈસા ટકા પરિવાર વગેરે તો એટલા જ ગમતા રહ્યા, એના પરનો રાગ-



મમતા-અભિમાન વગેરે જરાય ઓછા ન થયા કે જરા પણ ખટક્યા નહિ, તો ભક્તિનો રંગ શો લાગ્યો ?

**દર્શન નિર્મળ થયાનું માપ શાના પર :-**

તીર્થયાત્રા, પ્રભુદર્શન, જિનભક્તિ વગેરે સાધના સમ્યગ્દર્શનને વધુ નિર્મળ કરનારી કહી છે. તો એથી આપણું સમ્યગ્દર્શન વધુ નિર્મળ થતું આવે છે ને એનું માપ કાઢવાની આ ચાવી છે કે,

(૧) અંદરખાને એ જોવાનું કે પૈસાટકા-વિષયો-કષાયો-અવ્રત વગેરે આશ્રવો પહેલાં જે ત્યાજ્ય લાગતા હતા એના કરતાં વધુ ત્યાજ્ય લાગે છે ને ? ન લાગતા હોય તો લગાડવાના.

(૨) એમ વ્રત-નિયમ-દેવગુરુભક્તિ તથા ક્ષમાદિ સદ્ગુણો વધુ આદરણીય લાગે છે ને ? ન લાગતા હોય તો લગાડવાના. સંસારના પાપ-ખાતાઓ તરફ વધુ ને વધુ નફરત થતી જાય, કામ-ક્રોધ-લોભ વગેરે પર અધિકાધિક તિરસ્કાર વરસતો થાય' અને સંયમ, વ્રતનિયમ, ત્યાગ, તપસ્યા, ક્ષમાદિગુણો વધુ ને વધુ પ્રિય લાગતા જાય, એવું કરવાનું; પછી દેવદર્શન કરતાં, પૂજાભક્તિ કરતાં, કે દાનાદિ ધર્મ કરતાં પ્રભુ પાસેથી શી આશા રાખવાની ? એમની પાસેથી શું લેવાનું ? દુનિયાની વાહવાહ ? સંસારનું કામકાજ ? સગવડ ? કે આત્મહિતની વસ્તુ ? તમે મુનિ મહારાજ આપણું શું કરી આપે એવું ઇચ્છો ? પૈસા ટકાનો લાભ, સંસાર વ્યવહાર, સંસારની કોઇ સગવડ, સંસારનું કોઇ કામકાજ કરી આપે એવું ઇચ્છો ? કે માત્ર આપણું આત્મહિત સધાવી આપે એવું ઇચ્છો ?

આજે આવાય માણસ અમને મળે છે. આવીને કહેશે 'મહારાજ ! દેશાવર ધંધા માટે જવું છે. સારો દિવસ કયો છે ?' ત્યારે કોઇ કહેશે 'સાહેબ ! જરા તબીયત સારી નથી રહેતી, તો વાસક્ષેપ નાખી આપો, જેથી સારું થઇ જાય.' એક ભાઇ એવા આવ્યા, અમને કહે 'સાહેબ ! અમુક મકાન પર અમારી સગીનો હક પહોંચે છે. તો તમે પેલા ભાઇને કહો ને કે એ આપી દે. આપનું એ માને એમ છે !'

સાધુ પાસે શું આવાં કામ કરાવવાના ? સાધુ એ કરે એમાં એનાં મહાવ્રતને ધક્કો પહોંચે એનો વિચાર ખરો ? ના, શું કામ વિચાર રાખે ? સ્વાર્થ સાધવામાં બીજું કશું જોવાનું ખરું કે 'સાધુ સંસારની હોળીમાંથી કેટલા બધા પ્રયત્ને માંડ તો બહાર નીકળ્યા હોય, તે આપણે એમને ફેર પાછા એ હોળીમાં નાંખવા ? તે ય આપણા સ્વાર્થ માટે ? કેટલી આ અધમ વૃત્તિ છે ?' આવો વિચાર કોણ કરે ?

પેલો શેઠ બિચારો એમ ઇચ્છે છે કે કોઇ સારા સાધુ મહારાજને બંગલો દેખાડી દઉં તો પછી એ ગામે ગામ વિચરે એટલે લોકો સાથેની વાતચીતમાં સહેજે

કહે કે 'ભાઇ ! બંગલો જોવો હોય તો અમુક ગામમાં ફલાણા શેઠનો ! શું બંગલો છે ! દુનિયામાં જોટો ન જડે એવો.' એમ મારા બંગલાની પ્રસિદ્ધિ મફતમાં ગામેગામ થાય !

**સાધુ થયા એટલે નવરાશ ? :-**

વાણિયો શું સમજતો હશે ? 'કેમ જાણે સાધુ-મહારાજને નવરાશ બહુ, બીજું કાંઈ કામ નહિ, એટલે કુથલી જ કરતા હશે ! તે એમાં એના બંગલાનીય વાત કરશે !' આવી આજે કેટલાયની સમજ હોય છે, તેથી નવરા પડ્યા 'ચાલો ઉપાશ્રયે, મહારાજ જોડે જરા બે ઘડી વાતો કરીશું;' એમ કરી જેને જ્યારે ફાવે ત્યારે આવવાની છૂટ લે છે, અને આડીઅવળી કુથલી વિકથા-નિંદા વગેરે કરવામાં એને આંચકો જ નહિ. 'કેમ જાણે મહારાજ તો આખો દિવસ નવરા જ બેઠા હોય ! માટે ગમે તે ટાઈમે જવાય અને વાતો કરાય.' આવી ને આવી ભ્રમણા રાખીને ઢીલા પોચા કે શરમાળ સાધુનું બગાડે. એમને ખબર નથી કે 'સાધુની પાસે શાસ્ત્રો એટલા બધા જોવા-વિચારવા-યાદ કરવાના છે કે જિંદગી ખૂટશે, આ કામ નહિ ખૂટે.'

**જીવનમાં અભ્યાસ શાનો કરવાનો ? :-**

રાગ-દ્વેષ, કામ-ક્રોધ-લોભ, મદ-મત્સર વગેરે દોષોના અનંતાકાળના અભ્યાસથી આત્મા પર કુસંસ્કાર કેટલા લાગેલા છે ? એ આત્મા પરથી ઊખેડવા માટે વૈરાગ્ય, ઉપશમ શુભભાવનાઓ વગેરેનો સામો અભ્યાસ કેટકેટલો કરવો પડે ? જીવનભર સળંગ સતત અભ્યાસ કરાય તો ય ઓછો છે. એ વિના રાગાદિના સંસ્કાર ઊખડે કેમ ? અજ્ઞાન મૂઢ માણસને આનો વિચાર જ નથી હોતો એટલે આવા ઉત્તમ મનુષ્ય જીવનમાં હજી ય પાછા આહાર-વિષયો-પરિગ્રહ અને નિદ્રાની રાચી-માચીને પ્રવૃત્તિ કરી કરી એ જ રાગાદિ દોષોનો અભ્યાસ ચાલુ રાખે છે. ત્યારે કેટલાક વળી શાસ્ત્રનો અભ્યાસ જ્ઞાનનો અભ્યાસ કરવાનું હજી ય કરશે, પરંતુ વૈરાગ્ય ઉપશમ વગેરે ગુણોનો અભ્યાસ કરવા તરફ એમને કોઇ વિચાર જ નથી હોતો. બોલો, તમને આ વિચાર છે ? ક્યારે ? રાતે ? પ્રભાતે ? બપોરે ? સાંજે ? ક્યારે આ વિચાર કરો છો કે,-

**એક અમૂલ્ય વિચાર :-**

'હું બીજા જનમ કરતાં આ મનુષ્ય જનમ કેમ પામ્યો છું ? બીજા પ્રાણીઓ કરતાં મારો જન્મ ઊંચો શાથી છે ? એટલા જ માટે કે અનંત કાળના અભ્યાસથી જામ થઇ પડેલા રાગાદિને ઊખેડવા માટે અહીં વૈરાગ્યાદિનો અભ્યાસ કરવાની ગમ પડે, ને અભ્યાસ કરી શકાય. બીજા જીવોને આની ગમ પણ ક્યાં છે ? પછી એના



અભ્યાસની તો વાતે ય શી ? અરે ! મનુષ્યોમાં ય કરોડો માનવો એવા છે કે જેમને આની ગમ જ નથી ત્યારે આની સમજ પડે છે, તો લાવ, આ અભ્યાસ ખાસ અને બહુ કરતો રહું.'

**મુનિ કેમ નવરા નહિ ? :-**

ખરા મુનિઓને આ વિચાર હોય છે તેથી વૈરાગ્યાદિના અભ્યાસાર્થે ત્યાગ-તપ-સંયમ-અનુષ્ઠાન સાથે જિનાગમનો ભરપૂર વ્યવસાય રાખે છે. એક મિનિટ પણ નકામી ન જાય એટલા બધા શાસ્ત્ર સ્વાધ્યાયમાં તત્ત્વચિંતન મનનમાં એ રચ્યા પચ્યા રહે છે. હવે કહો, આવા મુનિઓને નવરાશ હોય ? શાસ્ત્રોનાં વાંચન-મનન-પરાવર્તન કરી વૈરાગ્ય ઉપશમ વગેરેનો જોરદાર અભ્યાસ કર્યે જવાનો હોય ત્યાં ક્ષણની ય નવરાશ કેવી ?

**શેઠ મુનિને લાવી બંગલો બતાવે છે :-**

પેલો શેઠ બિચારો આ સમજતો નથી, એ તો સાધુને ગામેગામ વાતોચીતો કરનારા તરીકે સમજે છે; તેથી પોતાના બંગલાની ગામેગામ વાત કરે એ માટે કોઈ મુનિને તપાસ કરી પોતાના ગામમાં લઇ આવે છે.

શેઠિયો મહારાજને લાવીને ગોચરી-પાણીની ભક્તિ કરી, મહારાજ બહાર જંગલે જઇને પાછા વળતાં, એમને રસ્તામાં પોતાના બંગલામાં લઇ આવે છે. બંગલાનો ભોંય મજલો બતાવતાં કહે છે. 'જુઓ સાહેબ ! આ ફરસી ખાસ અમુક પહાડના આરસપહાણની. એની ભાત બનાવવા માટે મોટા કળાકાર પાસે પહેલાં સ્કેચ કરાવેલો. આ દિવાલો પર કળા પણ એ રીતે ઉતારવામાં આવી છે. આ ઉપરની છત જોઇ સાહેબ ? એમાં શાસ્ત્રમાં આવે છે એવા દેવલોકના ઉદ્યાનનું દૃશ્ય ચિતરાવવામાં આવ્યું છે....' ચાલી મોહના નશાની વાણી.

**મુનિનું કર્તવ્ય :-**

વાણિયો બોલતો જાય છે અને સાધુના મોં સામે જોતો જાય છે કે આ દેખી-સાંભળીને ચમત્કાર પામે છે ? રાજી રાજીનો પોટલો થઇ જાય છે ? પરંતુ સાધુ પહેલાં તો વિચારમાં જ પડી ગયા કે આ તે અહીં જરા વિસામો લેવા લાવ્યો છે ? કે આ બધું લેકચર કરવા ? પણ પછીથી બંગલાના કામનું વર્ણન કરવા મંડ્યો છે એ જોઇ સમજી ગયા કે આ બિચારો આ નવા બંગલામાં ભારે આસક્ત થઇ ગયો લાગે છે, તેથી આ ગુણગાનમાં લાગ્યો છે, ને સાથે અમારા સારા પ્રમાણપત્રને ઇચ્છતો લાગે છે. પણ સહેજ મોં મલકાવી કે આંખ ચમકાવીને ય આવા મહા આરંભના કામમાં અમારાથી ભૂલેચૂકે જરાય અનુમોદન ન થાય, એના રાગને જરાય પોષણ ન અપાય, એ સાવધાની રાખવાની છે. તેથી મહારાજ આંખ અને

મુખ પર ખાસ ગંભીરતા સાચવે છે.

**સાધુતામાં રહેવા જગત પ્રત્યે ઉદાસીનતા :-**

ત્યારે શેઠીયો બિચારો 'બંગલો એટલે શી વાત ?' એમ એમાં પાગલ થયેલો સાધુના દિલની વાત ક્યાંથી સમજી શકે ? એ તો હવે ઉપરના મજલે લઇ જાય છે. ત્યાં વળી આગ્રાના કારીગરોનું નક્સીકામ, જયપુરના કળાકારોનું ચિત્રકામ, ઇરાનની ફરસી કાનપુરી કાચકામ વગેરે વગેરે કેટલુંય વર્ણન કરે છે. જાતે ને જાતે ભારે આશ્ચર્ય પામવા સાથે બોલતો જાય ને મહારાજના મોં સામે જોતો જાય, પરંતુ સાધુ એમની સાધુતામાં રહેલા, તે એમના ચહેરા પર કોરી કડકડતી ઉદાસીનતા જોવા મળે છે. સાધુતા જાળવવી હોય તો જગત પ્રત્યે ઉદાસીનતા જ જોઇએ.

વાણિયો વિચારમાં પડે છે કે 'અહો ? હજી આમને આમાં કઇ પણ સારું ન લાગ્યું ? કેમ કાંઇ ખુશી નથી દેખાતી ? ભલે હજી ઉપર દેખાડું.' એમ કરી વળી ઉપરના મજલે લઇ જાય છે. ત્યાં વિશિષ્ટ ગોખલાનાં નક્સીકામ, આરીસા પરનાં ઉપસાવેલાં ચિત્રકામ, ઝરુખાની વિશિષ્ટ રચના, એવું એવું કેટલુંય બતાવે છે, ને કવિત્વભર્યું એનું વર્ણન કરતો જાય છે.

**માનવમનનો કેવો ઉપયોગ ?**

પોતાની સાદી ચીજની પ્રશંસાની પાછળ એ કેટકેટલા આર્તધ્યાનમાં સબડી રહ્યો છે ! ઇષ્ટ વસ્તુનું આર્તધ્યાન અને સાધુ પાસેથી અનુમોદન-રાજીપો મેળવવાનું પણ આર્તધ્યાન ! મહાકિંમતી માનવમનનો આ જ ઉપયોગ ને ? કેમ બોલતા નથી ? બોલવામાં ગભરાઓ છો કે 'ના, આ ઉપયોગ નહિ' એમ કહેવા જતાં ક્યાંક આપણને પકડશે કે 'તો પછી તમે શું કરી રહ્યા છો ? મનનો કેવો કેવો ઉપયોગ કરી રહ્યા છો ?' પરંતુ એમ ગભરાવા માત્રથી શું વળશે ?

મનનો ગેરઉપયોગ કરવાની ભૂલ તો ક્યારેક અમારાથી પણ થઇ જાય છે. પરંતુ તરત પાછા વળવું પડે છે. માટે પહેલું એ નક્કી કરો કે

**મહામોંઘેરા માનવમનનો કયો સદુપયોગ હોઇ શકે ? અને શાને ગેર-ઉપયોગ કહેવાય ?**

છોકરાને લખવાની એક સારી ભારેમાંની નોટ જેવી મામુલી વસ્તુ વસાવી આપ્યા પછી નક્કી કરો છો કે 'જો જે આ નોટમાં ગમે તેવા રફ દાખલા ન ગણાય. યા ગમે તેવું કાચું લખાણ ન કરાય. એમાં તો વ્યવસ્થિત પાકું લખાણ ને તે સારા અક્ષરે જ કરાય.' ત્યાં છોકરો કાચા ગમે તેવા રફ લખાણમાં નોટનો ઉપયોગ કરે તો એ જોઇ તમારો જીવ કપાય છે ? ઝટ છોકરાને ઠપકો આપો છો કે 'મૂર્ખ ! આ માટે આવી ભારી નોટ છે ?' બસ, તો પછી મહાકિંમતી માનવમનના



ગેરઉપયોગ અંગે જીવ કપાય છે ખરો ?

**ગોવિંદ બ્રાહ્મણની પત્ની :-**

મહાનિશીથ આગમમાં એક મુનિનું આવું વર્ણન આવે છે. પછીના ભવે એ ગોવિંદ બ્રાહ્મણની પત્ની બની. પુત્રની ઉદ્ધતાઈનું નિમિત્ત મળતા મહાવૈરાગ્ય અને ઉચ્ચ તત્ત્વજ્ઞાન પામી જાય છે. પછી પોતાના પતિ તથા બીજાને એ ત્યાં ને ત્યાં વેધક વાણીથી મિથ્યા માર્ગ મુકાવી સમ્યક્ ચારિત્ર માર્ગમાં સ્થાપિત કરી દે છે, સ્વયં પણ ચારિત્ર લઇ લે છે. ત્યારે એ સાંભળી ગૌતમસ્વામી પ્રભુને પૂછે છે કે 'ભગવાન્ ! આટલી બધી એ ઉચ્ચતા શી રીતે પામ્યા ?'

**એક મુનિએ વચનસ્ખલના પર શું કર્યું ? :-**

ભગવાન કહે છે, 'ગૌતમ ! પૂર્વ ભવે એ સાધુ બનેલ. એમાં ફક્ત એકવાર એમનાથી સહેજ અજુગતો વચનપ્રયોગ થઇ ગયો. બસ ત્યાં એ ચોંક્યા કે અરે ! આ શું કર્યું મેં ? માનવભવની મહાકિંમતી વચનશક્તિ અને મનની શક્તિનો ઉપયોગ કેટલો ઉચ્ચ કોટિનો હોય, અને આ મેં કેટલો અધમ ઉપયોગ કર્યો ?

બસ, મુનિને મહાકિંમતી માનવ વચન-શક્તિનો એકજ વારનો ગેરઉપયોગ એટલો બધો ખૂંચ્યો કે એમણે સદંતર માટે એ ટાળવા તરત (૧) જીવનભર માટે મૌનનો અભિગ્રહ કરી લીધો. સાથે એ (૨) એકેન્દ્રિય જીવોની દયા-અહિંસા, તથા (૩) બ્રહ્મચર્યનું નવવાડ સાથેનું વિશિષ્ટ પાલન, -એમાં પણ ખબરદાર બની ગયા.

**મૌન-દયા-બ્રહ્મગુપ્તિનો પ્રભાવ :-**

ભગવાન કહે છે, 'ગૌતમ ! આ મૌન, દયા અને વિશિષ્ટ બ્રહ્મવ્રત-ગુપ્તિનું પાલન, એનાથી એ મહામુનિ ભવાંતર માટે સુલભ બોધિ થઇ ગયા. એટલે જ આ જનમે **બ્રાહ્મણી** થવા છતાં સહેજ નિમિત્ત મળતાં ઝટ તત્ત્વજ્ઞાન વૈરાગ્ય અને ચારિત્રધર્મ પામી ગયા; તથા પૂર્વનાં મૌનથી એવી વિશિષ્ટ વચન શક્તિ પામ્યા કે એથી પતિ અને બીજાઓને પણ સહેજમાં મિથ્યા માર્ગ છોડાવી પરમ અહિંસાદિમય સમ્યગ્ માર્ગ પમાડનાર બન્યા.'

**ખોટો વિચાર કે આર્તધ્યાન ઊઠતાં શું કરવું ? :-**

મહા મૂલ્યવંતા માનવ મન-વચનની કદર જોઇએ. **ગોવિંદ બ્રાહ્મણની પત્નીને** પૂર્વ ભવે કદર હતી તો એ સહેજ વચનનો ગેર ઉપયોગ થતાં એવા સાવધાન બની ગયા કે જીવનભરનું મૌન, એકેન્દ્રિય જીવોની દયામાં ખૂબ જ તકેદારી, અને બ્રહ્મચર્ય વાડનું અણીશુદ્ધ પાલન,-એ ત્રણને આત્મસાત્ કરનારા બની ગયા. 'બસ, વચન આડું ગયું ? મૂક એના પર જોરદાર અંકુશ,'-એ જેમ એમણે કર્યું એમ

આપણે સહેજ મન આડું જતાં એના પર અંકુશ મૂકી દેવો જોઈએ. અંકુશ બીજો ભારે ન બને તોય એના પશ્ચાત્તાપ સાથે કમમાં કમ ઝટ બાર નવ સાત કે ત્રણ નવકાર ગણી લેવાનું કરાય. મનમાં ખોટો વિચાર કે આર્તધ્યાન આવતાં જ ઝટ આ અંકુશ અજમાવવાનો.

પેલો શેઠ બિચારો માનવમનની કિંમત સમજતો નથી. એટલે ચડ્યો છે. આર્તધ્યાનમાં, તે પોતાના બંગલાની પોતે જ ભારોભાર પ્રશંસા કર્યે જાય છે, મુનિને એની વિશેષતા પર ચમત્કાર પમાડવા અને એમના દિલમાં ઠસાવી દેવા ઝંખી રહ્યો છે. આ પણ શું છે ? ઈષ્ટસંયોગ કેમ બની આવે એવા પહેલા પ્રકારનું નર્યું આર્તધ્યાન છે.

**શેઠિયો મુનિને ત્રીજે મજલે લે છે :-**

મુનિ બીજા મજલાની વિશેષતાઓ સાંભળીને પણ ચમક્યા નહિ, ચક્તિ ન થયા, એ જોઈ એના મનને લાગ્યું કે 'સંભવ છે મુનિ મહારાજ તો ગામે ગામ ફરતા, એટલે ક્યાંક આનાથી પણ ચડિયાતું દેખ્યું હોય; તો લાવ, હવે છેલ્લા ત્રીજા મજલાની વિશેષતાઓ બતાવવા દે. એ જોઈને તો જરૂર ચકિત થઈ જશે.' એમ કહી મુનિને લઈ ગયો ઉપર, અને ત્યાંની છતમાંનાં જીવતા જેવા ચિત્રામણ, હાંડી-ઝુમર, ઝરૂખા, દિવાલો પરનાં આબેહુબ બગીચા તથા દેવાંગનાઓ વગેરેનાં ચિત્રામણ,.... ઈત્યાદિ ઈત્યાદિ ઘણુંજ બતાવ્યું. એ બનાવવા ક્યાં ક્યાંની ચીજવસ્તુ લાવેલી, ક્યાં ક્યાંના કારીગર બોલાવેલા, અને કેવી કેવી કરામતથી એ બનાવેલું, એનું હરખી હરખીને વર્ણન કર્યું.

પરંતુ બિચારો પામર શેઠ વર્ણન કરતો જાય ને મુનિનું મોઢું જોતો જાય કે 'એના પર ચમકારો આશ્ચર્ય આનંદ દેખાય છે ?' તો ના, અહીં તો ભારે ઉદાસીનતા દેખી, તેથી નિરાશ થઈ ગયો કે 'હાય ! ત્યારે આટલા જાલિમ ખર્ચ અને ભારે મહેનત તથા સમય લઈ બંધાવેલા આ બંગલામાં કોઈ માલ નહિ ! મહારાજે જરૂર આના કરતાં કોઈ અવ્વલ બંગલા જોયા હશે એટલે આ ડેમક્લાસ બંગલો જોઈ શાના હરખાય ?'

વાણિયો અકળાઈ ગયો, તે હવે મુનિને પૂછે છે, 'હેં મહારાજ સાહેબ ! ત્યારે શું આને ય ટપી જાય એવો બંગલો ક્યાંય આપના જોવામાં આવેલો ? જરૂર લાગે છે કે જોયો હોય, તેથી આ બંગલામાં વિશેષતા ન જણાય. ખેર, પણ હવે આપ છેલ્લું નીચેનો ગેઈટ (દરવાજો) જુઓ, કેમ લાગે છે ?' જાતે ને જાતે કલ્પના કરી બોલે છે.

એમ કરીને મુનિને ઉતારી લાવ્યો નીચે, ને બંગલાની બહાર નીકળી ગેઈટ



બતાવે છે; કહે છે, 'જુઓ મહારાજ સાહેબ ! માત્ર આ ગેઈટ બનાવવામાં રૂપિયા પચ્ચીસ હજાર ખર્ચ્યા છે. આમાં ઝીણી ઝીણી નકસી કોતરણી તો જુઓ કેવી બેનમુન છે ! આમાં ઉતારેલ રાજસવારીની ભાત, દેવપુરીના નૃત્યમંડપ, આબેહુબ દેવી-દેવતાઓનાં બાવલાં.......હવે વિશેષ તો શું કહું, આપ નજરે જુઓ કેમ લાગે છે ?'

**ગેઈટ પર મુનિ મોં મલકાવે છે :-**

આમ કહી વાણીયો મહારાજના મોં સામે તાકીને જુએ છે કે કાંઈ ચમકારો દેખાય છે ? ત્યાં મુનિએ સહેજ મોં મલકાવ્યું. બસ, હવે એના મનને તેજી આવી, મુનિને કહે છે,-

'બસ સાહેબ ! આ અદ્‌ભુત કામ છે ને ? દુનિયામાં ક્યાંય આવું જોવા ન મળે ને ? કહો, આથી ચડિયાતું તો શાનું, પણ આનો નમૂનો ય ક્યાંય મળે ?'

મુનિ હજીય બોલતા નથી, પણ મોં પર મલકાટ ચાલુ છે. વાણિયો પૂછે 'હે મહારાજ સાહેબ ! તો કેમ કાંઈ બોલતા નથી ? મારી ગણતરી ખોટી છે ? તો પછી કહો આપ હસ્યા કેમ ?'

**દરવાજો મૂકવાની મૂર્ખાઈ કેમ :-**

મહારાજ કહે, 'જુઓ ખોટું લગાડતા નહિ, મને હસવું એમ આવ્યું કે 'હેં ! હેં ! આમણે બિચારાએ આટલી ભારે મહેનત અને આવા જંગી ખર્ચે બંગલો બાંધી આને આવો દરવાજો મૂકવાની મૂર્ખાઈ કેમ કરી ?'

'કેમ સાહેબ ! તો દરવાજામાં કાંઈ વાંધો છે ?'

'હા, વાંધો એ છે કે જ્યારે તમારું અહીં જીવન પુરું થશે, મૃત્યુ થશે. ત્યારે તમને આ દરવાજામાંથી જ બહાર કાઢીને સ્મશાને લઈ જશે, તમને મર્યા પછી અહીંથી કાઢી મૂકવા આ દરવાજો જ ઉપયોગી થશે. જો દરવાજો જ ન હોત તો તો તમને તમારા જ આવા મહાકિંમતી બંગલામાંથી બહાર કાઢે જ શી રીતે ?' એમ તમને આમાં કાયમી રહેવાનું મળત ને ? એટલે આ દરવાજો મૂકવાની મૂર્ખાઈ પર જરા હસવું આવ્યું.'

**શેઠ ઠંડગાર : બોંબ-આઘાત :-**

બસ, આ સાંભળીને વાણીયો ઠંડગાર પડી ગયો. જાણે બોંબનો ધડાકો થયો. તે પૂર્વની સઘળી વિચારમાળા મૂકાઈ ગઈ અને હવે એ પોતાના મૃત્યુની ચિંતામાં ચડ્યો કે 'હેં ત્યારે શું આટલી જંગી ખર્ચે બંગલો બાંધ્યા પછી મારે આમાંથી ડીસમીસ થવાનું ? ત્યારે મહારાજ વળી કહે છે કે મર્યા પછી કદાચ અહીં કૂતરા થયા, અને બંગલો જોઈ પૂર્વ જનમ યાદ પણ આવી જાય, ને પોતાનો

બંગલો માની અંદર ઘૂસવા જાઓ તો પોતાનાં સગા જ હડ હડ કરીને કે જરૂર પડ્યે લાકડી ઠોકીને આ જ બંગલામાંથી બહાર કાઢે ! અરે ! બંગલા પછી કેવી કરુણ દશા ?'

**પસ્તાવો ને રૂદન :-**

શેઠ મુનિરાજને કહે છે, મહારાજ સાહેબ ? આ શું કહો છો ? મૂર્ખાઇ દરવાજો મૂકવાની નહિ, પણ આવો બંગલો બાંધવાની આપ કહી રહ્યા છો. તો પ્રભુ ! મેં આ કેટલી બધી મૂર્ખાઇ કરી ? અરરર ! જે મહાધનથી અનેકાનેક સુકૃત-સત્કાર્યો કરી શકત એ તો બધું મેં આ બંગલામાં વેડફી નાંખ્યું ! ઉપરથી આ બંગલા પર કારમો રાગ કરી કરી નાચ્યો. હવે મારું શું થશે ?

**શું માનવ જિંદગી આ ઈંટ-ચૂના પાછળ બરબાદ ?**

બોલતાં બોલતાં શેઠનું હૈયું ભરાઇ આવ્યું, રોઇ પડ્યો, ને આંખમાંથી દડદડ પાણી પડવા માંડ્યું. શોક કરે છે; 'અરેરેરે ! જે ભગવાનના પ્રભાવે આ રુડો માનવ અવતાર અને અઢળક લક્ષ્મી મેળવી એ ભગવાનની સેવામાં ન તો આ કાયા જોડી કે ન આ ધન વાપર્યું, કેવી મારી પ્રભુ પ્રત્યે કૃતઘ્નતા ?

રોતો જાય છે ને વિચારતો જાય છે કે 'કેટલાંય ધર્મક્ષેત્રોને સીંચી શકાત ને હજારો ગરીબોનાં દુઃખ ફેડાત એટલી લક્ષ્મી આ પાપમાટીમાં ઘાલી ? માટી તો અહીં રહેવાની, ને પાપનાં પોટલાં સાથે ઉપાડવાના. હું ક્યાં જઇશ ? મારું શું થશે ? બંગલો તો સગા-વ્હાલા ભોગવશે, ને મારે પાપના માર ખાવા પડશે ?'

**"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ"  વર્ષ-૧૮,અંક-૪,તા.૨૭-૯-૧૯૬૯**

**કરોડો રૂ. લઇ વિલાયત : ત્યાં જેલવાસ :-**

મુનિનાં એક વચન પર શેઠને કેવો ધક્કો લાગી ગયો ? બંગલાની વિશેષતાનો બધો મોહ ઊતરી જઇ હવે એના પ્રત્યે ઘૃણા થાય છે. 'આ જ બંગલાના દરવાજામાંથી મારી હકાલપટ્ટી ?' આ વિચાર પર જીવનસરવૈયું કાઢી સરાસર બરબાદી દેખી. જાણે કરોડો રૂપિયા લઇ વિલાયત કમાવવા ગયો અને ત્યાં રૂપિયા તો ગયા તો ગયા, પણ ઉપરથી ભેદી પરદેશી તરીકે ત્રાસમય જેલનાં સળિયા પાછળ પૂરાવું અને રીબાવું પડ્યું ! એવી ભાવી દુર્દશા નજર સામે આવી ગઇ.

**મુનિવચને ખોટું કેમ ન લાગ્યું ?**

મહારાજને ગામે ગામ પોતાની ભાટાઇ ગવડાવવાના તુચ્છ સ્વાર્થે લઇ આવ્યો હતો, પરંતુ શેઠાઇનું એને એવું અભિમાન નહોતું તેથી મહારાજના એ



માર્મિક વચન પર ઊછળી ન પડ્યો કે 'બેસો બેસો મહારાજ ! આ શું બોલો છો ? મારા મરી જવાની વાત કરો છો ? પધારો પધારો આપના રસ્તે. મારી ભૂલ થઇ તે મારું મોત સાંભળવા તમને તેડી લાવ્યો....' આવો કોઇ લવારો કરત. પરંતુ મહારાજ પ્રત્યે અભિમાન નહોતું એટલે આવું કાંઇ બક્યો નહિ. આજે શ્રીમંતાઈનાં અભિમાનના બોલ વિચિત્ર સાંભળવા મળે છે. મોટા આચાર્યને પણ સાંભળવા મળે ! એ બિચારા અજ્ઞાન પામર શ્રીમંતોને ભાન નથી કે કર્મસત્તા હસી રહી છે, રાહ જોઇ રહી છે કે,- 'તું અહીંનો પટ્ટો પૂરો કર ને, પછી તારી વલે જોજે.'

**જે ધન-માલ અંતે ખોવાઇ જવાના, ને એ પાપ પ્રેરીને જીવનું પરભવે દુર્ગતિમાં પારસલ કરવાના એ ધનમાલની ઉપર અભિમાન શા કરવા ?**

પરંતુ આ કોણ સમજે ? અભિમાની ન સમજે. આ શેઠને એવું અભિમાન નહોતું તેથી 'મર્યા બાદ આ જ દરવાજેથી આ તારાજ કિંમતી બંગલામાંથી તને કાઢી જશે' એ સાંભળતાં ચોંક્યો, ને હવે પાપના પસ્તાવે ચડ્યો.

મુનિને શેઠ કહે છે, 'મહારાજ સાહેબ ! ત્યારે મેં તો જીવનભર લક્ષ્મી મેળવવા-સંઘરવા ભોગવવા વગેરેનાં અને વધારામાં આ બંગલો બંધાવવામાં અઢળક ભારે આરંભ-સમારંભો કરવાનાં તથા આના પર જુલ્મ રાગ કરવાનાં ઘોર પાપો કર્યા છે, તો પ્રભુ ! મારું શું થશે ? બળી આ લક્ષ્મી ને બળ્યો આ બંગલો ! હવે મારો બચાવ ક્યાં ?

સાધુ એને આશ્વાસન આપે છે કે 'ચિંતા ન કરો. જુઓ હવે તમને એ પાપો અને પાપસાધનરૂપ આ બંગલા પર સાચો તિરસ્કાર છૂટ્યો છે ને ? તો હવે બચાવનો એક મહાન રસ્તો છે.'

**તીવ્ર પસ્તાવામાં કેટલી તૈયારી ? :-**

મુનિમહારાજ એટલું બોલીને ઊભા રહી ગયા, શેઠ તરત કહે 'સાહેબજી ! બોલતાં કેમ અટકી ગયા, જલદી કહો, શો ઉપાય છે ! ઘોર પાપોથી બચાવ મળતો હોય તો જે કહો તે કરવા તૈયાર છું. જો પાપોથી ન બચું તો તો પરભવે મારે ઘોર દુઃખોની લાંબી હારમાળા જ ચાલે. માટે ફરમાવો જે ઉપાય હોય તે.'

**બંગલાને દેરાસર કરો : ચારિત્ર લો :-**

સાધુ એનો દૃઢ નિર્ણય જોઇ કહે છે, 'જુઓ, આ બંગલાને દેરાસર બનાવી દો. ત્રણે મજલામાં ભગવાન બિરાજમાન કરાવી દો, પછી જુઓ આ કેવું આલીશાન જિનમંદિર દીપશે ! ગામેગામ આની પ્રસિદ્ધિ થતાં લોકો દૂર દૂરથી પણ અહીં દર્શનાર્થે આવશે, હજારો માણસો દર્શન-પૂજન કરી કરી સમ્યગ્દર્શન પામશે, એને નિર્મળ કરશે, અને જિનશાસન પ્રત્યે અધિકાધિક રાગવાળા બનશે. એથી તમારે

અઢળક પાપક્ષય અને પુણ્યાનુબંધી પુણ્ય ઊભું થશે. બસ, પછી તાકાત-વીર્યોલ્લાસ વધારી ચારિત્રમાર્ગે ચડી જાઓ, અહિંસા-સંયમ-તપની ખૂબખૂબ આરાધના કરો, તમારાં માત્ર આ જનમનાં જ નહિ, પણ પૂર્વના અસંખ્ય જનમોનાં પાપ સાફ થઇ જશે.'

**આશ્રવ તે સંવર :-**

સાધુની અમૃતવાણી સાંભળી શેઠનો ઉલ્લાસ ભારે વધી ગયો એને ચમત્કાર લાગ્યો કે 'અહો ! હું તો માનતો હતો કે આ બંગલામાં લાખોની લક્ષ્મી વેડફાઇ ગઇ : પણ હવે એને જ દેરાસર બનાવવાથી પાપલક્ષ્મી પુણ્યલક્ષ્મી બને છે !! તો તો બહુ સારું હવે એ જ કરું.' આશ્રવ એ સંવર બને તે આનું નામ.

મુનિને કહે છે 'પ્રભુ ! આતો અજબ ઉપાય બતાવ્યો. આપે મહાન ઉપકાર કર્યો. બસ, આજથી આ દેરાસર બને છે. હવે ભગવાન લઇ આવું, આપ પ્રતિષ્ઠા કરાવી આપો.' મુનિ કહે 'ભલે ! શેઠિયો પ્રાચીન જિનબંબો લઇ આવ્યો. બંગલાના ત્રણે મજલે પ્રતિષ્ઠા કરાવી દીધી. નવીન ભાતનું આ દેરાસર બન્યું. બહાર કીર્તિ પ્રસરતી ગઇ. હજારો ભાવિકો દર્શને આવતા ગયા. શેઠની છાતી ગજગજ ફૂલતી ગઇ. હવે તો આ સુકૃતની ભારે અનુમોદના થાય છે. બંગલાનું ધ્યાન દુર્ધ્યાન હતું, એ જ હવે દેરાસર બન્યું, તો એનું ધ્યાન શુભ ધ્યાન બને છે. દેરાસરની જેટલી પ્રશંસા કરે એ બધી શુભધ્યાનમાં જાય. ત્યારે પ્રશંસા બંગલાની આર્તધ્યાનની પોષક બને. **માનવમનની આ કેવી વિટંબણા કે એને રૂડા શુભધ્યાનને બદલે ગોઝારા આર્તધ્યાનમાં સબડાવવાનું ?**

**જડલંપટ મન વેશ્યાલંપટ માનવી જેવું છે :-**

માનવમન તો મહા મૂલ્યવંતું છે. પરંતુ આર્તધ્યાન એને કાળું ધુંધરું અને જડલંપટ બનાવી દે છે. માણસ વેશ્યાલંપટ બનેલો કેવો થાય છે. એ જાણો છો ને ? જેવો વેશ્યા પર સ્નેહવાળો એવો પોતાની સુશીલ પણ પત્ની, માતા, પિતા, કોઇના ય ઉપર સ્નેહવાળો રહે ખરો ? એનું દિલ આ કોઇનું ય વફાદાર હવે હોય ? ના, બસ એ જ રીતે જડ-લંપટ બનેલું મન સ્વાત્મા, પરમાત્મા, ગુરુ સાધર્મિક કે કોઈપણ દાન વગેરે ધર્મ પર સ્નેહવાળું બને નહિ, એવું મન આ કોઇનું ય વફાદાર કે સમર્પિત થાય નહિ. એ તો મુખ્યપણે જડને જ જોવાનું; કાયા-કંચન-કીર્તિ-કુટુંબ વગેરેનું જ અનુકૂળ જોયા કરે; ત્યાં આત્મચિંતા શાની થાય ? આર્તધ્યાન જ સળગ્યા કરે; એના પર શોક-ઉદ્વેગ, યા સ્વકૃત્યની નિંદા, પરકૃત્યની પ્રશંસા થયા કરશે.

**જીવની ઘેલી ઝંખનાઓ કેવી કેવી ? :-**



આર્તધ્યાનનું એક લક્ષણ એવું પણ બને છે કે જગતની સમૃદ્ધિ, વૈભવ, વેપાર, સત્તા, સન્માન વગેરેની પ્રશંસા ચાહના કર્યા કરતો હોય. મોંઢેથી એક યા બીજા રૂપે બોલે જેમકે 'દાક્તરી ધંધો સારો, પૈસાનો ઢગલો થાય. છોકરાને એ જ ધંધો લેવરાવું.' અથવા 'પાસે બે-ચાર લાખ હોય તો દુનિયામાં વટબંધ રહી શકાય.' યા 'મોટા ઓફિસર થઇએ તો રુઆબ પડે, સત્તા ચાલે.' અથવા 'એકાદ સંઘ કાઢીએ. ઉપધાન કરાવીએ. તો લોકોમાં પ્રતિષ્ઠા જામી પડે બબલાને સારી કન્યા મળે.' યા 'કોઇ ટ્રસ્ટ ખાતાનાં ટ્રસ્ટી યા સંઘમાં હોદ્દેદાર બનીએ તો સન્માન સારું મળે.'

**જડલંપટતામાં શું શું ગુમાવે છે ? :-**

આ બધી કેવી કેવી ઝંખાનાઓ છે ? જીવ એમાં એવો કેમ જકડાયેલો રહે છે ? અંતરમાં એનાં આર્તધ્યાન રહ્યા કરે છે માટે. મોહરાજાની મોહિની છે કે જીવને આંજી દઇ આર્તધ્યાનમાં સબડતો રાખીને એવી ઘેલી ઘેલી ઝંખનાઓ કરાવ્યા કરે છે. વળવાનું કેટલું ? માલ નહિ, છતાં લંપટતા જડની.

**માનવજીવનમાં શું કરવાનું ? :-**

આવા જીવો આત્માની શી ચિંતા કરી શકે ? કરવાને જગા જ ક્યાં હોય ? એમને માનવજનમમાં જ થઇ શકે એવી ઉચ્ચ કોટિના તત્ત્વચિંતા, ઉમદા કોટિની પરમાર્થ-પરોપકાર-ક્ષમા આદિના મનોરથો, ઉત્તમ પ્રકારની પરમાત્મ સ્વરૂપની વિચારણા, -આ બધું કરવાનું સૂઝતું જ નથી. બિચારાને મોહની મોહિનીના અંજામણમાં આના તરફ દૃષ્ટિ જ શાની ? 'આ જીવનમાં કોઇ ઊંચા ઉદ્દેશ છે, જીવન ઉત્તમ સંયમ-સુકૃતો-સત્કૃત્યો માટે છે, માનવમનને ઊંચા ગુણો ભાવનાઓ વગેરેના અભ્યાસથી સુસંસ્કારિત કરવા માટે આ જીવનમાં ભરપૂર અવકાશ છે, અને એનો ઉપયોગ કરી જ લેવો જોઇએ, 'આનો કોઇ જ વિચાર જડલંપટ મનને ન આવે. પછી આર્તધ્યાન જ લમણે લખાયેલું રહે ને ?

આર્તધ્યાનના યોગે જેમ જડની ઝંખતાની વાતો કરે, ગુણ ગાય, એમ એમાંની પ્રતિકૂળતાનાં રોદણાં પણ ચાલુ રહે છે, જેમકે અવરનવર બોલ્યા કરશે,- 'આ મોંઘવારી ભારે ! કંઇ ભાવ ચડ્યા છે ભાવ ! જુલ્મ છે.' બોલવામાં વળવાનું શું ? ભલેને કાંઇ નહિ, મોંઘવારી ટળવાની નથી, પણ ઝંખ્યા કરશે. 'સોંઘવારી થાય તો બહુ સારું' અનુકૂળ પ્રતિકૂળ બંનેની ઝંખના અને લવારામાં વળવાનું કશું નહિ, કિંતુ ગમા-અણગમાની હોળી રાતદિવસ ચાલુ, આર્તધ્યાનની ચિનગારીઓ સદા સળગતી !

**પ્ર.-** આવું તો અમારે ચાલ્યા જ કરે છે. તો બચવાનું કેવી રીતે ?

ઉ.- બચવાનો ઉપાય છે;

**કાળબળ, કર્મબળ અને ભવિવ્યતાના બળનો વિચાર હૃદયથી કરવામાં આવે, તો મોંઘવારી જ શું, બીજી કેઈ આપત્તિની બળતરા ઓછી થાય.**

વિચારણા આ રીતે કરાય, -આ જગતમાં જે બનાવો બન્યા કરે છે, એમાં કાળ, કર્મ અને ભવિતવ્યતા, ભારે કારણભૂત બને છે. ક્યાંક કાળ તો ક્યાંક કર્મ ત્યારે ક્યાંક વળી ભવિતવ્યતા અથવા ક્યાંક બે-ત્રણ સંમિલિત થઈ પ્રધાન કારણ બની જાય છે. કારણ એવા કે અકાટ્ય કારણ. એના અનુસાર જ કાર્ય બને. હવે જ્યાં આ શિરજોરી હોય ત્યાં આપણે આર્તધ્યાન કર્યું શું કામનું કે આ સારું ગમતું થયું, ને આ ખરાબ અણગમતું બન્યું ? મનમાં આ સદા રમતું રહેવું જોઈએ કે,-

**(૧) કાળબળ :-**

કાળકર્મ અને ભવિતવ્યતા જગત પર જબરદસ્ત સામ્રાજ્ય ભોગવે છે. કાળનું સામ્રાજ્ય કેવું કે અનંતાનંત કાળ વહી ગયા, ભરત-ઐરવત ક્ષેત્રમાં છ છ આરાનો કાળ નિયમિત ચાલ્યા કરે છે. વરસોવરસ ૬ ઋતુઓ આવ્યા જ કરે છે. વર્તમાનમાં ય ભૌતિકવાદ વિલાસવાદ આખા જગત પર કેવા જાલિમ ફેલાઈ ગયા છે ? આધુનિક વિજ્ઞાન શું છે ? કોરા-કકડતા-ભૌતિકવાદનો જ નાચ ને ? કે અધ્યાત્મવાદની ઝાંખી ખરી ? ભૌતિકવાદના નશામાં માનવપ્રજાની બેફામ વધેલી તૃષ્ણાઓ પછી મોંઘવારી, અછત, લાંચરુશ્વત લાવે એમાં શી નવાઈ ? આ ફાટેલા આભમાં થિગડાં ક્યાં લાગે ? ત્યાં આર્તધ્યાન કરવાને બદલે જાતને બચાવી લેવાની જ જાગૃતિ જોઈએ.

**(૨) કર્મબળ :-**

ત્યારે કર્મબળ પણ કેટલું જોરદાર છે ? શ્રેણિક ક્ષાયિક સમકિત પામી ચૂક્યા છે, તીર્થંકર-નામકર્મ પણ ઉપાર્જન કર્યું છે, પરંતુ ભગવાન પાસેથી જાણ્યા પછી જ્યારે પ્રભુને વિનંતી કરે છે કે 'મારી નરક મિટાવો.' ત્યારે ભગવાન કહે છે 'શ્રેણિક ! બંધાઈ ગયેલું આયુષ્યકર્મ તો ભોગવવું જ પડે એનો એમજ નાશ ન થાય. પરંતુ તું મુંઝવણ ન કરીશ પછીથી તું આ ભરતક્ષેત્રમાં તીર્થંકર થઈ મોક્ષ પામનાર છે.'

મહાવીરપ્રભુએ આમાં શ્રેણિકને શું બતાવ્યું ? બાંધેલું આયુષ્ય કર્મ ભોગવવું જ પડે; અર્થાત્ કર્મ બળવાન છે. એકવાર એને માથે ચડાવ્યા, પછી એ પોતાનો ભારે પ્રભાવ દેખાડે છે.

**દ્વારિકા નગરીના બધાય લોકોનાં એવા કર્મ બળવાન** હતા કે બધાયને દ્વૈપાયનના કોપના ભોગ બનવું પડ્યું. ત્યાં કોઈનું કશું ચાલ્યું નહિ. નેમનાથ ભગવાને ભાખ્યું હતું કે **'આ દ્વારિકા બળીને ખલાસ થશે.'** તો કેઈ ભવ્યતાત્માઓએ યાવત્ કૃષ્ણ વાસુદેવની રાણીઓએ ચારિત્રપંથે પ્રયાણ કર્યું. બાકી લોકોએ તપ જપ પ્રભુભક્તિ વગેરે ધર્મસાધના કરવા માંડી. પરંતુ બાર વર્ષ થયા એટલે માન્યું કે 'હવે દ્વૈપાયન દેવ દ્વારિકા બાળવાનું ભૂલી ગયો હશે. તેથી હવે મોજ કરો.' એમ કરી પાછા રંગરાગ અને અમનચમનમાં પડ્યા ! અને ત્યાં દેવતાને છિદ્ર જડ્યું. દ્વારિકાને ચારે કોરથી સળગાવી. લોકો ભાગી ભાગી બહાર નાસવા લાગે એમને, એવા પવનના સુસવાટા-વાવાઝોડા નગર તરફ ફૂંકાય કે, બહારથી ઊંચકી ઊંચકીને લાવીને નગરની આગોમાં નાખે. કર્મ બળવાન ત્યાં કોઈ બચાવે ?

કૃષ્ણ બળદેવ માતા-પિતાને રથમાં લઈને ભાગવા જાય છે. ત્યાં દેવતાએ રથ ભાંગી નાંખ્યો. તો માતા-પિતાને ઊંચકીને લઈ જવા માંડ્યા. પરંતુ આકાશવાણી થઈ; હે કૃષ્ણ ! બળરામ ! મેં માત્ર તમને બચાવવાનું કહ્યું છે એટલે તમે બચશો, બીજું કોઈ નહિ બચી શકે.' હવે શું કરવાનું ? કર્મ બળવાન છે એ વસ્તુ માતાપિતા સમજી ગયા, અને એમણે પોતે જ કૃષ્ણ-બળરામને કહ્યું 'ભાઈ ! રહેવા દો કર્મ બળવાન છે. ભાવી એમજ હશે. દેવવાણીને મિથ્યા નહિ કરી શકાય.' શું કરે ? એમને મૂકી દેવા પડ્યા.

**કૃષ્ણ-બળરામ વનમાં :-**

હવે બંને ભાઈ આગળ વનમાં ચાલે છે પાછળ નજર નાંખે છે તો ૧૨ યોજનની દ્વારિકાને ભડકે બળતી જુએ છે, કેટલો ખેદ થાય ? એક પણ કર્મ બળવાન, ત્યાં શું ચાલે ? વખતના વાસુદેવ-બળદેવ ત્રણ ખંડનું સામ્રાજ્ય ભોગવનારા આજે વનમાં ચિંથરેહાલ ભટકતા થયા છે ! લ્હાવ-લશ્કર ખત્મ ! પરિવાર ખલાસ ! વૈભવ-સંપત્તિ ડૂલ ! કૃષ્ણ બળરામને કહે 'ભાઈ ! આપણી આવી કરુણ સ્થિતિ !' ત્યારે બળદેવ શો જવાબ દે છે ? એજ કે 'બંધુ ! કર્મ બળવાન છે. ભગવાને શીખવ્યું છે કે 'કરેલાં કર્મથી, ભોગવ્યા યા તપ કર્યા વિના, મુક્તિ-છૂટકારો ન મળે.' બળદેવને મનમાં ધૈર્ય છે. આપત્તિ કેટલી મોટી છે ? પરંતુ કર્મબળ ઉપર નજર છે, તેથી કૃષ્ણને આશ્વાસન આપી શકે છે' નહિતર તો એની સાથે એ ય રોદણું રોવા બેસી જાત. તો પૂછોને કે

**પ્ર.**- કૃષ્ણજી તો ક્ષાયિક સમકિત હતા, તો શું એમને કર્મબળની ખબર ન હોય ? તો પછી રોદણું શાને ?

ઉ.- ખબર તો ખરી, કિન્તુ જોતજોતામાં ત્રણ ખંડનું સમ્રાટપણું વિખરાઈ જવાથી એની અનહદ માનસિક પીડાના ભારને લીધે તત્કાલ મનમાં કર્મબળનો વિચાર સ્ફૂરાયમાન નહિ; એથી રોદણું આવી જાય એવા પ્રકારની પીડા ચિત્તને

એવું પકડી લે છે કે ચિત્તનો ઉપયોગ તત્ત્વ પર ન જાય, રોગની બહુ વેદના હોય તો એવું બને છે ને ? ત્યાં સમજુને શું ખબર નથી કે 'કર્મ બળવાન એટલે આવી વેદના આવે, પણ વેદનાથી એટલા અશુભ કર્મ રવાના થાય છે ?' ખબર તો ખરી, પરંતુ તીવ્ર વેદનાની વ્યગ્રતામાં મનનો ઉપયોગ એની પર ન હોય તેથી સહેજ પણ હાયવોય થઈ જાય.

**(૩) ભવિતવ્યતાનું બળ જબરદસ્ત :-**

વાત આ છે કે કર્મ-બળ જબરદસ્ત છે; એમ ભવિતવ્યતાનું બળ પણ જબરદસ્ત છે. કૃષ્ણજીને એટલેથી ક્યાં પત્યું છે ? નેમનાથ ભગવાને એમને બાર વરસ પૂર્વે ભાખેલું કે 'જરાકુમારથી તારું મૃત્યુ છે;' તે સાંભળી જરાકુમાર જે કૃષ્ણજીનો ભાઈ છે, એ તો હેબતાઈ જ ગયો,- 'અરે ! મારા હાથે ભાઈનું મૃત્યુ ?' તે નિર્જન વનમાં જ ભાગી ગયો, જેથી એ પાપ ન થાય, પરંતુ ભવિતવ્યતા બળવાન છે તે હવે બરાબર બાર વરસ પછી કૃષ્ણ-બળરામને રખડતાં રખડતાં એજ વનમાં લઈ આવે છે.

**કૃષ્ણજી પર જરાકુમારનું બાણ :-**

કૃષ્ણજીને ભારે તરસ લાગી છે. ને બળદેવજી પાણી શોધવા ગયા, અહીં કૃષ્ણજી પગપર પગ ચડાવી સૂતા છે. અહીં જરાકુમાર દૂરથી જુએ છે, તો હરણ જેવું દેખાય છે તેથી એણે શિકાર કરવા બાણ છોડ્યું, એ બાણ ઊંચા પગના તળિયાને વીંધી સીધું કપાળમાં પેઠું. શ્રીકૃષ્ણે ચીસ પાડી 'કોણ છે આ મારી હદમાં, જે મને બાણ મારી શકે છે ?'

**જરાકુમારનું રુદન અને આશ્ચર્ય :-**

જરાકુમાર ભાઈનો અવાજ પરખી દોડતો આવ્યો. ભાઈને હણાયો જોઈ ધ્રુસકે રુએ છે,- 'અરે ભાઈ ! તું અહીં ? અને આ સ્થિતિમાં ? મારો ભાઈ ત્રણ ખંડોનો સમ્રાટ વાસુદેવ, હજારો રાજવી સેવકોથી પરિવરેલો રહેનારો, આમ એકલો અટુલો ? અને તેય ચિંથરેહાલ દશામાં ? કલ્પનામાં ન બેસે એવું આ કેમ બન્યું ? જે ભાઈની હત્યા મારે હાથે ન થાય એ માટે તો હું નિર્જન વનમાં રહ્યો, બાર બાર વરસ જંગલમાં કાઢ્યા, તો ય એ ભાઈને હણવાનું અરરર ! આ ઘોર પાપ મારા લમણે લખાયું ?' જરાકુમાર આક્રંદ કરે છે.

**કર્મનું કામ કેટલું ?**

અહીં એવી ખૂબી જોવાની છે, કૃષ્ણજીને આવી પીડા આવી તે તો પોતાના અશુભ કર્મના ઉદયે આવી. અશાતાકર્મનું કામ આટલું જ કે પીડા આપવી. પરંતુ એમાં એ લખેલું ન હોય કે અમુક જીવથી જ એ પીડા આવે. તેમ એવું ન પણ



લખાયું હોય કે 'સામો જાણીને જ મારવા આવશે યા અજાણે મારી બેસશે.' તો પછી સવાલ થાય કે-

**પ્ર.-** અહીં કૃષ્ણજી પર ભાઈ જરાકુમારનો જ હલ્લો કેમ આવ્યો ? અને તે પણ ભ્રમણા થવાથી જ હલ્લો કેમ આવ્યો ? અશાતા વેદનીય કર્મની પ્રકૃતિ સ્વભાવમાં તો શારીરિક પીડા આપવાનું હોય, પણ અમુક માણસથી જ અને ભ્રમણાથી જ એ પીડા આવે એવું કર્મના સ્વભાવમાં ન હોય.

ઉ.- આનું સમાધાન ભવિતવ્યતા નામના તત્ત્વથી મળે છે. 'ભવિતવ્યતા' એટલે ચોક્કસ પ્રકારના સંયોગ મેળવી આપનાર તથા ચોક્કસ પ્રકારના બનાવને સર્જનાર એક કારણ. આ કારણ કર્મ, સ્વભાવ, પુરૂષાર્થ તથા કાળથી વિલક્ષણ છે, જુદું છે. **કર્માદિ ચાર કારણો જે સંયોગ બનાવનું સમાધાન ન આપી શકે, તેનું સમાધાન ભવિતવ્યતા નામના કારણથી થાય.**

**સમરાદિત્યને અગ્નિશર્માનો યોગ ભવિતવ્યતાથી :-**

દા.ત. સમરાદિત્યને જનમે જનમે પીડા ભોગવવાના કર્મ હતાં તો તે તે કર્મથી એમને પીડા આવતી ગઈ. પોતાનાં અશુભ કર્મ વિના તો વેઠવાનું આવે નહિ. પરંતુ એ પીડા અગ્નિશર્માથી જ કેમ અને બીજાથી કેમ નહિ ? આનો જવાબ સમરાદિત્યના કર્મ, સ્વભાવ, કાળ તથા પુરૂષાર્થથી ન મળે. ત્યારે અગ્નિશર્માને વૈરનું નિયાણું હતું, તો સમરાદિત્યના જીવ પર વૈર અને મારવાની બુદ્ધિ સ્ફુર્યા કરે; પરંતુ તે એમનો સંબધી થઈને જ મારક બને છે એ શાથી ? કોઈ ભવમાં અગ્નિશર્મા એમનો પુત્ર થઈને, તો કોઈમાં માતા થઈને, ત્યારે કોઈ ભવમાં પત્ની, તો કોઈમાં ભાઈ થઈને એમને મારવાનું કરે છે એ ક્યા કારણે ? ત્યાં એમ નહિ કહી શકાય કે 'સ્વભાવથી એમ બને છે,' યા 'કાળાનુસાર બને છે' કે 'તેવા કર્મને લીધે બને છે.' કર્મ તો પત્ની આપે, પુત્ર આપે.... પરંતુ અમુક જ વ્યક્તિનો પત્નીરૂપે સંયોગ થયો કે પુત્રરૂપે, એમાં કારણ તરીકે ભવિતવ્યતા જ કહેવી પડે. માટે તો એમ કહેવાય છે કે 'ભવિતવ્યતા વશ અગ્નિશર્મા એમના પુત્ર તરીકે જન્મે છે...'

**"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૧૮,અંક-૫/૬,તા.૪-૧૦-૧૯૬૯**

ચોક્કસ પ્રકારનો સંયોગ કે બનાવ બની આવ્યો એ ભવિતવ્યતાને લીધે. કૃષ્ણજીના ભાગ્યમાં બાણની પીડા હશે તે કર્મવશ કહેવાય, પરંતુ જરાકુમારના જ હાથે બાણપ્રહાર થયો, તે ભવિતવ્યતા વશ ગણાય. એમાં પણ જરાકુમારની ભાઈને

મારવાની જરાય બુદ્ધિ નહિ, છતાં ભાઇમાં હરણની ભ્રમણા ઊભી થઇ તે ભવિતવ્યતા વશ.

**જરાકુમાર પર દ્વેષ નહિ :-**

કર્મ અને ભવિતવ્યતા બંને બળવાન છે, પોત-પાતાનું કામ અચૂકપણે કરે છે. કૃષ્ણજીએ જરાકુમારને દ્વારિકા બળ્યાની બધી વિગત સમજાવી કહ્યું 'જ્ઞાનીએ ભાખેલું અન્યથા શાનું થાય ? તેં મારી ખાતર ૧૨-૧૨ વરસ વનવગડો સેવ્યો છે. તો હવે તું આ મારી છાતીમાંથી કૌસ્તુભ મણિ લઇને પાંડવો પાસે જા, સમાચાર કહેજે, તને રાજ્ય આપશે. જો અહીંથી પાછા પગે ચાલજે. જેથી ભાઇ બળદેવજીને ખબર ન પડે કે તું અહીં આવીને ગયો છે. નહિતર મારી પરના પ્રેમને લીધે મારા મારક તરીકે તને મારી નાંખશે.' જરાકુમાર જવા તૈયાર નહિ, પરંતુ કૃષ્ણજીના આગ્રહથી જવું પડ્યું.

કર્મ અને ભવિતવ્યતાની બળવત્તા જુઓ કે કૃષ્ણજી તો બળદેવજી આવે તે પહેલાં જ કાળ કરી જાય છે. બળવાન આયુષ્ય કર્મ પુરું થઇ જવાથી હવે એ અહીં ટકી શકતા નથી. તેમજ ભવિતવ્યતા જ એવી કે પાણી લેવા ગયેલા બળદેવજીને પાણી જલ્દી ન મળે, દરમિયાન દૂરથી જરાકુમારનું બાણ લાગી જાય, એ નજીક આવી જાય. કૃષ્ણજી ખુલાસો કરે અને જરાકુમાર કૃષ્ણજી કહે તે મુજબ ત્યાંથી ચાલ્યો જાય, ત્યાં સુધીમાં બળદેવજી આવી ન પહોંચે........આ બધું કેવું ગોઠવાઇ ગયું છે ? ત્રણેયનાં તેવાં તેવાં કર્મની સાથે ભવિતવ્યતા એમાં કામ કરી રહી છે.

**કૃષ્ણજીને વેદના વખતે કેમ ભાઈ યાદ ન આવ્યો ?**

ભવિતવ્યતા ક્યાં સુધી કામ કરી ગઇ કે બળદેવજી હજી આઘે છે એમાં જ અહીં કૃષ્ણજીની જીવનબાજી સંકેલાઇ જાય ! જે મોટાભાઇ પર કૃષ્ણજીની ભારે પ્રીતિ છે એ દૂર હોય અને પોતાને તીવ્ર મરણાન્ત વેદના ઊપડે ત્યાં ભાઇ યાદ ન આવે ? મનને શું એમ ન થાય કે 'ઓ મોટાભાઇ ! આ તમે ક્યાં ગયા છો ? હું મરી રહ્યો છું. ના, કૃષ્ણજીને ભાઇ યાદ નથી આવતા, કેમ વારુ ?

**કૃષ્ણજીનું ક્ષાયિક સમ્યગ્દર્શન અહીં ઝળહળે છે. એમને એ સમ્યકત્વ કાળ કર્મ અને ભવિતવ્યતાની અકાટ્યતા પરખાવી રોદણાં રોવાનું મુકાવીને જીવન કર્તવ્યમાં સાબદા સાવધાન કરી દે છે.**

**એવી તીવ્ર વેદના વખતે જીવનું કર્તવ્ય શું ? આ, કે વારંવાર અરિહંતાદિ ચારનું શરણ સ્વીકારવું....**

'પંચસૂત્ર' શાસ્ત્ર કહે છે भुज्जो भुज्जो संकिलेसे । -જ્યારે જ્યારે રાગ દ્વેષનો સંકલેશ હોય, ચિત્તકલેશ હોય, ત્યારે ત્યારે વારંવાર ચાર શરણનો સ્વીકાર,



દુષ્કૃતગર્હા અને સુકૃતાનુમોદના કરવી.' મન રાગદ્વેષમાં પડ્યું હોય એને એના બદલે આ ૩ સ્થાને લગાવવું.

રાગ કે દ્વેષ થાય એ કોઇ પદાર્થ કે પ્રસંગ પર થાય છે. ત્યાં એ વખતે મનને એ પદાર્થ કે પ્રસંગ ઉપરથી ઉઠાવી આ ત્રણમાં પરોવવું.

(૧) પહેલું તો મનને અરિહંત-સિદ્ધ-સાધુ-સર્વજ્ઞોક્ત ધર્મ પર લગાવવાનું, અને મનથી એ અરિહંતાદિનું શરણ સ્વીકારવાનું. હૃદયથી બોલવાનું કે 'હે અરિહંતદેવ ! હે સાધુમહાત્મા ! હે સર્વજ્ઞકથિત ધર્મ ! મારે તમારું જ શરણ છે. વર્તમાન સંયોગમાં શું કરવું ? મારા આત્માને રાગદ્વેષથી કેમ બચાવવો ? હું અજાણ છું. મારે તમારાથી જ બચાવ છે, તમારું જ શરણ છે. 'અરિહંતા મે સરણં સિદ્ધા મે સરણં....' આમ વારંવાર વિચારે.' સાથે

(૨) બીજું મનથી આ જીવન અને પૂર્વ જીવનોનાં દુષ્કૃત્યોની હાર્દિક પશ્ચાત્તાપ સાથે નિંદા ઘૃણા કરે, અને

(૩) મનથી અરિહંત ભગવાનથી માંડી નીચે ઠેઠ માર્ગાનુસારી જીવોનાં સુકૃતોની અનુમોદના કરે.

તાત્પર્ય, મનને શરણસ્વીકાર-દુષ્કૃતગર્હા-સુકૃતાનુમોદનમાં લગાવવાથી પેલા રાગ કે દ્વેષનું મન પર Tension દબાણ ઓછું થઇ જશે, અને જીવનનું કર્તવ્ય આ જ છે કે રાગ-દ્વેષથી બચવું.

**'ઉપદેશરહસ્ય'** નામના શાસ્ત્રમાં પૂ. ઉપાધ્યાયજી યશોવિજયજી મહારાજે ઉપદેશનાં રહસ્યો બતાવી અંતે સર્વસારરૂપે આ કહ્યું કે,-

'तह तह पयट्टियव्वं जह जह रागद्दोसा विलिज्जंति'

**તેવી તેવી પ્રવૃત્તિ કરવી કે જેથી જેથી રાગ-દ્વેષ વિલય પામતા આવે ઘસાતા આવે.**

**ધર્મપ્રવૃત્તિમાં રાગદ્વેષ ?**

જ્યાં રાગ-દ્વેષને દુબળા પાડવાની રાગ-દ્વેષનો હ્રાસ કરવાની વાત હોય, ત્યાં પછી કોઇ પણ ધર્મ-પ્રવૃત્તિમાં રાગદ્વેષને પોષવાની તો વાતે ય શી ? બે પૈસા ધર્મમાર્ગે ખર્ચો અને એમાં દુન્યવી સુખ-સમૃદ્ધિ-સન્માન લેવાની કામના રાખી તો નર્યું રાગનું પોષણ થયું. એવું કોઇ તપસ્યા કરીને યા વ્રતનિયમ લઇને ઇચ્છ્યું તો રાગનું પોષણ થયું. 'લ્યો ઉપાશ્રયમાં હું પૈસા આપું, પણ મારાં નામનું બોર્ડ લાગવું જોઇએ' આમ કર્યું તો કીર્તિની કામના થઇ એમાં રાગ પોષાયો. એમ કોઇની પ્રત્યેની ઇર્ષ્યાથી 'એના કરતાં હું સારું કરી બતાવું' એવી ભાવના રાખી ધર્મ કર્યો, તો તેમાં દ્વેષનું પોષણ થયું. રીસમાં ચડીને ઉપવાસ કર્યો તો એમાંય એવું.

**પ્રશસ્યરાગદ્વેષથી સંસાર-રાગ ઘટે છે :-**

શાસ્ત્ર જે કહે છે કે જીવે ચારિત્ર સુધીની ક્રિયાઓ અનંતી વાર કરી, છતાં એ સંસારમાં ભટકતો રહ્યો, એનું કારણ આ જ કે એ ક્રિયાઓમાં કોઇને કોઇ પૌદ્ગલિક રાગ યા દ્વેષનું જ પોષણ કર્યું. હા, દેવગુરુધર્મનો રાગ થાય ને વધે તે તો પ્રશસ્ય છે, આદરણીય છે; કેમકે એવો રાગ વધવાથી પાપપ્રવૃત્તિ ઘટી ધર્મપ્રવૃત્તિ વધતી જાય છે, અને દેવ-ગુરુ વધુ ગમવાથી સંસારનો રાગ ઘટતો આવે છે. બાકી દુન્યવી ચીજના રાગ-દ્વેષ પોષવાથી કર્મબંધન અને સંસાર વધે છે, પછી ભલે ત્યાં દાનાદિ ધર્મપ્રવૃત્તિ થતી હોય.

એટલે ધર્મમાં તે તે રીતે પ્રવર્તવું જોઇએ કે જેમ જેમ રાગદ્વેષ ઘટતા આવે. રાગદ્વેષનો હ્રાસ કરવો એ જીવનકર્તવ્ય બની રહે છે. આ વસ્તુ અરિહંતાદિ ચારશરણનો સ્વીકાર, સ્વદુષ્કૃતગર્હા અને મહાન આત્માઓનાં સુકૃતોની અનુમોદના કરતા રહેવાથી સરળ સુલભ બને છે. રાગદ્વેષની આંધી ચડે ત્યાં તો આ વારંવાર વિશેષ રૂપે કરવું જોઇએ.

**કૃષ્ણજીની અંતિમ આરાધના :-**

કૃષ્ણજી આ સમજે છે. એટલે મરણાન્ત ભયંકર વેદનામાં ચતુઃશરણ-સ્વીકાર આદિમાં મન લગાડી દે છે. એ સમજે છે કે 'જે કાંઇ બન્યું એમાં તો કર્મ અને ભવિતવ્યતાની બળવત્તા કારણભૂત છે. ત્યાં રાગદ્વેષ, હાયવોય, 'ઓ મારા ભાઇ ! વગેરે કરવાથી કાંઇ વળે એવું નથી, ને ઉપરથી માથે નવા કર્મસમૂહનો ભાર વધી જાય.'

કૃષ્ણજી આ સમજથી ચાર શરણનો સ્વીકાર કરે છે. નેમનાથ ભગવાનનું શરણું લે છે. સુકૃતાનુમોદનમાં જેમણે જેમણે ચારિત્ર લીધાં એમને ધન્યવાદ આપે છે. દુષ્કૃતગર્હામાં પોતાનાં જનમ-જન્માંતરમાં વિષયસેવાદિ દુષ્કૃત્યોની ગર્હા-નિંદા કરે છે.

**કૃષ્ણજીની લેશ્યા ફરી :-**

પરંતુ હવે જ્યાં મૃત્યુ સમય આવી લાગે છે ત્યાં લેશ્યા ફરી જાય છે. કારણ એક જ કે પૂર્વે નરકનું આયુષ્ય બાંધી દીધું છે, અને નિયમ છે કે દેવ-નરકની લેશ્યા તેડવા આવે, એટલે ત્રીજી નરકમાં જવાનું હોવાથી એની ક્રૂર લેશ્યા અહીં અંતિમકાળથી શરૂ થઇ જાય છે. એમાં નિમિત્ત આ મળ્યું કે સુકૃતાનુમોદન-દુષ્કૃતગર્હા કરતાં કરતાં દ્વૈપાયન તાપસ પર નજર ગઇ, અને એના પર ગુસ્સો ઊઠી આવ્યો, 'હૂં' ? મારી દ્વારિકા બાળી નાંખી ? હરામખોર ! છોકરાની થોડી ભૂલમાં આ ભયંકરતા સર્જી ? વાંક છોકરાનો હતો એમાં આખી દ્વારિકાના લોકોને વિના વાંકે



બાળી નાંખવાની પિશાચલીલા ? દુષ્ટ ! શું સમજે છે ?...' ચડ્યા રૌદ્રધ્યાનમાં.

**સામાના ગુન્હે પણ ગુસ્સો ન કરાય :-**

જુઓ આપણે કહીએ છીએ કે 'આપણો ગુનો જરાય ન હોય અને સામો જુલ્મ કરે તો એ કેમ સહાય ? પછી એના પર ગુસ્સો થાય એમાં શો વાંધો ?' આવું આપણને લાગે છે. પરંતુ આ લાગે ત્યાં ઝટ્ કૃષ્ણજી પર નજર કરવી કે કૃષ્ણજી આ મૂર્ખ ધોરણ પર ગુસ્સો કરવા ગયા, દ્વૈપાયનનો જુલ્મ ન સહી શક્યા, અને એના પર કૃષ્ણ લેશ્યામાં ચડ્યા તો વાંધો કેટલો બધો આવ્યો ? શાસ્ત્ર કહે છે કે એ મરીને ત્રીજી નરકે ગયા.

આ સૂચવે છે કે

**બીજાના ગુન્હા પર પણ આપણને ગુસ્સો કરવાનો અધિકાર નથી. નહિતર એ ગુસ્સાની સજા અવશ્ય મળવાની.**

**કર્મ બળવાન છે. :-**

પૂર્વે બંધાઇ ચુકેલા આયુષ્ય કર્મના લીધે ત્રીજી નરકે ઊતરી જવું પડ્યું. ત્યારે કર્મ કેવાં બળવાન છે એ જુઓ. કૃષ્ણજીના મર્યા પછી બળદેવજી મોહવશ કૃષ્ણને જીવતા માની છ માસ સુધી એમનું મડદું ખભે લઇને ફર્યા ! આ પણ મોહનીય કર્મની બળવત્તા કે બળદેવજી જેવા ડાહ્યાને દિવાના બનાવે. અંતે દેવતાના પ્રયાસથી સમજ્યા, મડદાને અગ્નિસંસ્કાર કરી વૈરાગ્ય પામી ચારિત્ર લીધું, પાળીને આયુષ્ય પૂર્ણ થયે પાંચમાં દેવલોકે દેવ થયા અવધિજ્ઞાનથી જુએ છે કે ભાઇ ક્યાં ? ત્રીજી નરકમાં જોઇ ત્રાસ પામ્યા કે 'અરરર ! આટલું બધું ભયંકર દુઃખ ?' બચાવવા માટે ગયા નીચે. નરકમાંથી કૃષ્ણજીને ઊઠાવે છે. મહાન શક્તિવાળા દેવ છે. કહો, બચાવી શકે ને ? ના,

**કર્મબળ આગળ દેવતાઇ શક્તિ પણ નિર્બળ છે.**

બળદેવજીએ કૃષ્ણજીને નરકમાંથી ઉઠાવતાં, રસી-ગોળામાંથી રસી ટપકે એમ કૃષ્ણના શરીરમાંથી ટીંપાં નીચે ટપકે છે, જેની ભયંકર વેદના થાય છે. કૃષ્ણજી કહે 'ભાઇ ! આ તો સહન જ નથી થતું. આના કરતાં અહીંની પીડા ઓછી છે. માટે રહેવા દો મને અહીંજ.' શું થાય ? મૂકી દેવા પડ્યા. કર્મ કઠિન, ત્યાં દેવશક્તિ અકિંચિત્કર બને છે.

તીર્થંકર ભગવાન પણ જીવોનું મહામિથ્યાત્વ-કર્મ દુબળું પડ્યા વિના ઉન્નતિ ન કરાવી શકે. નહિતર તો જો એમજ બળજબરીથી કામ થતું હોય તો તો ભગવાનની સેવામાં અસંખ્ય સમકિતી સુર સુરેંદ્રો છે; ત્યારે મનુષ્યો તો ગણતરીના છે; એટલે એકેક મનુષ્ય પાછળ અનેક દેવો-ઇંદ્રોને ઉન્નતિના કામે ન લગાડી દે ?

પણ ના, એ મનુષ્યોના બળવાન મિથ્યાત્વકર્મના ઉદયથી એમને ઉન્નતિ સૂઝે જ નહિ માટે ધર્મ પરાણે નથી પમાડી શકાતો;

**પ્ર.- તો પછી કર્મ સામે જીવનું કાંઇ જ ન ચાલે ? ભગવાન કાંઈ ન કરે ?**

**ઉ.-** મહામોહનીય કર્મ નબળું પડ્યું હોય એના પર જ ભગવાનનો ઉપકાર થાય, અને પછી એ જ આત્મા કર્મ સામે લડી શકે, ચારિત્રમોહનીય કર્મને ઢીલું પાડી ચારિત્રનાં કષ્ટ ઉઠાવે. મોહને કચડીને ચારિત્ર લીધું, પછી પણ મોહની છાતી પર ઊભો રહી મોહની સામે લડે તો જ કર્મને કચડી શકે. **ચારિત્ર લેવા છતાંય જો જગતના રાગદ્વેષ કરાવનારા સંયોગોની વચ્ચે લડતો ન રહે તો તો કર્મ એને કચડી નાંખે.**

**કર્મબળ જબરદસ્ત છે.** મહાવીર ભગવાન જગતના તારણહાર, ને પાસે ઓછામાં ઓછા ૧ ક્રોડ દેવો, છતાં ગોશાળાએ એમના પર તેજોલેશ્યા મૂકી તો આયુષ્યના બળે જીવનદોરી ન ટૂંકાઇ, પરંતુ દાહની પીડા ઊભી થઇ. દેવતાઓ તેજોલેશ્યાને ન રોકી શક્યા કે દાહને ન મિટાવી શક્યા. ભવિતવ્યતાએ એમને અન્યમનસ્ક બનાવી દીધા.

ભવિતવ્યતા અને કર્મ બળવાન છે. સુભૂમ ચક્રવર્તીના વિમાનને ૧૬૦૦૦ યક્ષદેવતાઓ ઉપાડનાર છતાં ભવિતવ્યતાએ, દેવોને ભુલાવ્યા, દરેકને એક સાથે વિકલ્પમાં ચડાવ્યા કે 'લાવને હું એકલો ખાંધ ખેંચી લઉં એમાં શું થવાનું છે ?' એમ બધાએ ખાંધ ખેંચી લીધી. સુભૂમનું પાપ જાગ્યું, ક્રોડોના લશ્કર સાથે વિમાન સમુદ્રના તળિયે ! બધાયનાં કર્મ બળવાન તે ડૂબી મર્યા.

**ઈશ્વર કર્તા નહિ :-**

ઈતરો કહે છે "ઈશ્વરેચ્છા બળવાન છે. ઈશ્વર સર્જનહાર છે. 'ઈશ્વરઃ અકર્તુમ્, અન્યથા કર્તું સમર્થઃ' ઈશ્વર સર્જન કરવાને, ફોક કરવાને, અને ફેરફાર કરવાને સમર્થ છે." પરંતુ પહેલી વાત તો આ, કે ઈશ્વર પાસે કર્મ જ નહિ, તો કર્મ વિના શરીર પણ ન હોય, અને શરીર નહિ તો સર્જન કરે જ કેવી રીતે ? મુખ વિના તત્ત્વ-ઉપદેશ પણ કેમ કરે ? કહેશે 'જીવોનાં કર્મથી એ સર્જન કરે ને ?' પરંતુ જો એમ જીવોનાં કર્મ અનુસાર જ થતું હોય તો 'ઈશ્વરઃ કર્તુમ્ અકર્તુમ્ અન્યથાકર્તું સમર્થઃ' ક્યાં રહેશે ? સામર્થ્ય ઈશ્વરનું ક્યાં ? સામર્થ્ય તો કર્મનું થયું.

**કાર્ય બનવામાં પાંચ કારણ છે. દરેકની વિશેષતા છે,** કર્મ પણ કારણ છે, કાળ સ્વભાવ પુરુષાર્થ પણ કારણ, અને ભવિતવ્યતા ય કારણ છે. પાંચે કારણો પોતપોતાના સ્થાનમાં બળવાન છે. કર્મ માનવભવ આર્યકુળ વગેરે સામગ્રી આપે



તો જ પુરૂષાર્થ ચારિત્ર પમાડી શકે; એટલા અંશે કર્મ બળવાન. જીવ સારો પુરૂષાર્થ કરે તો જ સારા કર્મ ઊભાં થાય અને પાપકર્મોનો ધ્વંસ થાય; એટલા અંશે પુરૂષાર્થ બળવાન થયો. બંને છતાં કોરડુ મગને ન રાંધી શકે ત્યાં સ્વભાવની બળવત્તા થઇ. ત્રણેય છતાં ગોટલો વાવી આજ ને આજ કેરી ન ઉગાડી શકે, ત્યાં કાળ બળવાન થયો. એનો કાળ થાય ત્યારે જ એ પાકે ને કેરી આપે. આમ, ભવિતવ્યતા અવળી હોય તો બીજા ચાર કારણોનું કાંઇ ન ચાલે અને ભવિતવ્યતા કરે તે થાય.

મહાવીર ભગવાને ગોશાળાને તેજોલેશ્યા શિખવી. કેમ વારું ?

**ભગવાન ભૂલ્યા ? ના,** જરાય ભૂલ્યા ન કહેવાય, આશાતના લાગે. ભગવાન તો માતાના ગર્ભમાં આવ્યા ત્યારથી અવધિજ્ઞાની હોય છે. એમાં વધી દીક્ષા લેતાં મનઃપર્યાય જ્ઞાન પ્રગટે છે. શાના પર ? ચિત્તની અત્યંત વિશુદ્ધિ ઉપર. એટલા બધા ચકોર સાવધાન અને સાધનાતન્મય છે કે ઉપસર્ગની પીડા વખતે પણ પોતાના તત્ત્વધ્યાનમાં એકતાન રહે છે. એટલા બધા જાગ્રત અને સાવધાન પ્રભુ ભૂલે ખરા ? તો પછી એમણે અપાત્ર ગોશાળાને કેમ તેજોલેશ્યાની વિદ્યા આપી ? કહો, ભવિતવ્યતા જ તેવી હતી.

**ભવિતવ્યતાનું અનુસંધાન જુઓ એટલે સમજાશે.** આગળ ઉપર ભગવાનને કેવળજ્ઞાન પછી દાહની પીડા ભોગવવાની છે. પરંતુ એનું કર્મ ઉદયમાં ક્યારે આવે ? તેજોલેશ્યા જેવું કાંઇ આવી પડે ત્યારે જ ને ? ત્યારે એવું આક્રમણ ગોશાળા વિના બીજો કોણ કરે ? તો ગોશાળાને તેજોલેશ્યાની વિદ્યા આવડ્યા વિના એ તેજોલેશ્યા મૂકે શી રીતે ? બસ, ભવિતવ્યતામાં આ ભાવો નક્કી થઇ ગયેલા કે ભગવાન પૂરા સાવધાન છતાં એમનાથી ગોશાળાને તેજોલેશ્યા મળે; અને એનું અનુસંધાન આગળ ઉપર ભગવાનના અશાતાવેદનીય કર્મના ઉદય સાથે થાય. તો પૂછો,-

**પ્ર.-** શું એમ ન કહેવાય કે ભગવાનના આ કર્મે ભગવાનને તેજોલેશ્યા શીખવવા પ્રેર્યો ?

**ઉ.-** ના, આ કર્મનું કામ તો માત્ર પીડા આપવાનું છે; તે પણ એ ઉદયમાં આવે ત્યારે. એમ ને એમ સત્તાગત યાને સિલિકમાં પડી રહેલ કર્મની કશી અસર નહિ. એટલે ભગવાને તેજોલેશ્યા શીખવવા પ્રેરનાર તરીકે ભવિતવ્યતા જ માનવી પડે. તેમજ પછીથી પણ ભવિતવ્યતા પ્રભુ આગળ ગોશાળાને ક્રોધથી ધમધમતો ખેંચી લાવે છે, ને પ્રભુ પર તેજોલેશ્યા મૂકાવે છે. એ પેલા કર્મને ઉદયમાં આવવા નિમિત્ત બને છે અને ત્યાં દાહની પીડા ઊભી થાય છે.

**ચંદનબાળાના અભિગ્રહમાં કર્મ-ભવિતવ્યતાનું સંમિલિત કાર્ય** જુઓ, મહાવીર ભગવાને અભિગ્રહ કર્યો છે. રાજકુમારી હોય, માથે મૂંડી હોય, પગમાં બેડી હોય,.... તો ભિક્ષા લેવી.' હવે જ્યાં સુધી અશુભ કર્મ ઉદયમાં છે ત્યાં સુધી તેવી ભિક્ષા નથી મળતી. છ મહિનામાં પાંચ દિવસ બાકી છે ત્યારે ભિક્ષા મળવાનું પુણ્ય ઉદયમાં આવે છે. લાભાંતરાયનો ક્ષયોપશમ પ્રગટ થાય છે. હવે એનું કામ તો એ કે ગમે તે કોઈ X, Y, Z. વ્યક્તિ પાસેથી ભિક્ષા મળે. પરંતુ અહીં ચંદનબાળા જ એ અભિગ્રહ પૂરે છે એ ભવિતવ્યતા વશ, ત્યારે ચંદનાને દાન માટે આવા ભગવાન મળે છે એનાં પ્રબળ શુભ કર્મનો ઉદય.

બસ આ વાત છે કાળ કર્મ ભવિતવ્યતાનાં બળનો જાગતો વિચાર રખાય તો દિનભરમાં બનતા અનુકૂળ પ્રતિકૂળ પર આર્તધ્યાન કરવાની જરૂર નહિ. પોતાનું કાર્ય નરસું લગાડવાની કે બીજાનું પ્રશંસવાની જરૂર જ નહિ; કેમકે વસ્તુ કાળ-કર્મ-ભવિતવ્યતાના અનુસારે થાય છે, પછી ચાહ્ય આપણી હોય કે બીજાની હોય. બાહ્ય પ્રાપ્તિમાં જ્યાં આપણું કે બીજાનું ચલણ નહિ, ત્યાં મનને શું ઓછું વધારે લાવવું. આ ધ્યાનમાં રહે એટલે આર્તધ્યાન અટકે.

'ધ્યાન અને જીવન' ના વિષયમાં આર્તધ્યાનનાં લક્ષણ સમજવા જેવાં છે. ગમતી વસ્તુ ય આર્તધ્યાન કરાવે છે, ને અણગમતી ય કરાવે છે. અંતરમાં એ ચાલતું હોય એનાં બહાર લક્ષણો દેખાય છે. ગમતું મળ્યાની બહાર બહુ પ્રશંસા કરતો ફરે, યા પોતાની જ અણગમતા કાર્યની બહાર નિંદા કરે 'આ કંઈ ઠીક ન થયું, આપણને બરાબર આવડ્યું નહિ,' કે ગમતું બગડ્યા પર બહાર બળાપો કાઢ્યા કરે, બીજાના વૈભવ-વિલાસ સત્તા-સન્માન પર આશ્ચર્ય પ્રગટ કર્યા કરે, એના ગુણ ગાય,.... આ બધાં લક્ષણ અંદરમાંના આર્તધ્યાનનાં છે.

**વેપાર ધંધા માટે બહુ દોડાદોડ કરે, એમાં રચ્યોપચ્યો રહે, એ પણ અંતરમાં આર્તધ્યાન હોવાનું સૂચવે છે.**

**આર્તધ્યાન તિર્યંચગતિનાં ભાતાં બંધાવે છે.**

જાણો છો ને ભગવાન શ્રી મુનિસુવ્રતસ્વામીએ પેલા ઘોડાને પ્રતિબોધ કરેલો, એ ઘોડો પૂર્વે કોણ હતો ? સાગરચંદ્ર શેઠ હતો, મોટો વેપારી આમ તો એ શૈવધર્મી, પરંતુ એણે જૈનમિત્રના સંયોગથી મહારાજનાં વ્યાખ્યાનમાં **'જિનપ્રતિમા ભરાવે એને ભવાંતરે બોધિ (જૈનધર્મ) સુલભ થાય'** એ સાંભળી ભગવાનની વિધિપૂર્વક પ્રતિમા ભરાવેલી, અને વિધિપૂર્વક એની પ્રતિષ્ઠા કરાવેલી તે એથી તો એ સ્વર્ગનો દેવભવ કે સારો મનુષ્યભવ પામે ને ? પણ એના બદલે ઘોડાનો અવતાર કેમ પામ્યો ? આજ કારણે, કે વેપારમાં એ બહુ રચ્યોપચ્યો રહેતો; 'ક્યાં



ક્યો માલ સસ્તો મળે છે, ક્યાં ક્યો ઊંચા ભાવે વેચાય છે, બજારમાં કયા માલની વધારે આવક છે ?' વગેરે વગેરેની ખબર મેળવવી, માલ લેવરાવવો, વેચાવવો, મોકલવો, મંગાવવો, વગેરેમાં પરોવાયો રહે. એથી અંતરમાં આર્તધ્યાન બહુ, એના યોગે તિર્યંચગતિનું આયુષ્યકર્મ અને બીજા કર્મ બાંધી બીજા જન્મે ઘોડા તરીકે અવતર્યો. પૂછો,

**પ્ર.**- જિનપ્રતિમા ભરાવવાનો ને પ્રતિષ્ઠા કરાવવાનો મહાન ધર્મ કરેલો તે ન બચાવે ? કહે છે ને કે 'દુર્ગતિમાં પડતાને ધારી રાખે તે ધર્મ.'

ઉ.- વાત સાચી કે ધર્મ દુર્ગતિમાં પડતાને બચાવે; પરંતુ સાથે વિરુદ્ધ વર્તન ન હોય તો. બોલો, ઔષધ શું કરે ? રોગ મટાડી આપે ને ? પરંતુ સાથે કુપથ્ય સેવે તો ? ન્યુમોનિયા તાવ હોય, અકસીર દવા ખાય, પરંતુ સાથે પંખાની હવા ખાય તો ? રોગ ક્યાંથી મટે ? સંગ્રહણીના ઝાડા થયા હોય, દવા તો ઉમદા ખાય, પણ સાથે વાલ ખાઈ લે તો ? દર્દ ન મટે. કુપથ્ય ટાળી દવા ખાય તો જ આરોગ્યની પ્રાપ્તિ થાય. એમ પાપ ટાળી ધર્મ સેવે તો સદ્‌ગતિ પામે. ધર્મ એ દવા છે, પાપ કુપથ્ય છે. પાપ છોડીને ધર્મ સેવે તો પાપનાં ફળ દુઃખદુર્ગતિ અટકી ધર્મના ફળ સુખ-સદ્‌ગતિ મળે.

**પાપ ન છૂટે છતાં ધર્મ કામનો :-**

**પ્ર.**- તો પછી અમારાથી પાપ છૂટતાં ન હોય તો ધર્મ કરવો નકામો ?

ઉ.- ના, નકામો નહિ. ધર્મનાં ફળ મળવાનાં; પરંતુ પાપનાં ય ફળ મળવાનાં. દાન દીધું તો લક્ષ્મી મળશે, પણ બીજાના અનાદર કર્યા, તો દૌર્ભાગ્ય પણ મળશે, એટલા પૈસા છતાં બીજાને તમારા પગલાં નહિ ગમે; સાથે બેઠા હો એ ગમશે નહિ.

**ધર્મ કરવાથી સાથે કરેલાં પાપને બચાવ નથી મળતો કે એ પાપ માફ થાય.**

ધર્મ કરનાર એમ સમજે છે કે 'અમે ધર્મ કરીએ છીએ એટલે હવે અમારાં સંસારી પાપ ધોવાઈ જશે.' જો આ સમજ ન હોય તો પાપમાં ઓછપ કરવાનું કેમ ન કરે ? 'ક્યારે આ પાપ સર્વથા છોડી ચારિત્ર લઉં' એવી ભાવના કેમ ન કરે ?

**ધર્મના ઓઠા હેઠળ એવી નિરાંત હોય કે પાપ કરડતાં ન હોય, પછી એ છોડવાનું મન શાનું થાય ?**

માટે આ કરો. 'પાપનો ભારે ઉદ્વેગ રાખી એ ઘટાડવા પ્રયત્ન રાખો.'

“દિવ્ય-દર્શન”-“પ્રવચન મહોદધિ” વર્ષ-૧૮,અંક-૫/૬,તા.૪-૧૦-૧૯૬૯

# ચાર પ્રકારની ચિંતા

**उत्तमा ह्यात्मचिन्ता स्यात् कामचिन्ता तु मध्यमा ।**
**अधमा त्वर्थचिन्ता स्यात् परचिन्ताऽधमाधमा ॥**

## • ૧, આત્મચિંતા. •

**ચિંતા એટલે ? :-**

પરમ દયાળુ શાસ્ત્રકાર મહર્ષિ આ શ્લોકમાં ચાર પ્રકારની ચિન્તા બતાવે છે. ચિન્તા એટલે કાળજી, વિચારણા, ગડમથલ, ફિકર, ઉદ્વેગ, અજંપો આવા અનેક અર્થમાં ચિન્તા શબ્દ વપરાય છે. માતાને જાત કરતાં છોકરાની વધુ ચિન્તા રહે છે, અર્થાત્ વધારે કાળજી રહે છે. પુદ્ગલ રસિયું મન સામાયિકમાં પણ દુન્યવી ચિન્તા કરે છે એટલે કે દુનિયાદારીની વિચારણા કરે છે, વિચારો કરે છે. ‘કેમ શી ચિંતામાં પડ્યા છો ?’ અર્થાત્ મનમાં શી ગડમથલ કરી રહ્યા છો ? મંદિરમાં ગયા પણ બહાર જોડા મૂક્યા છે તેની ચિંતા રહે છે’ અર્થાત્ ફિકર રહે છે કે ઊપડી તો નહિ જાય ? ‘હવે પૈસા ગયા તે ગયા ચિંતા શું કરો છો ? એટલે કે ઉદ્વેગ, ખેદ, શોક શા માટે ? પૈસા તો મળ્યા પણ ચિંતા કોટે વળગાડી, અર્થાત્ અજંપો ઊભો કર્યો. આમ અનેક અર્થમાં ‘ચિંતા’ શબ્દનો ઉપયોગ થાય છે. અહીં ખાસ કરીને કાળજી, ફિકર અર્થ લેવાનો છે, પછી પ્રસંગવશ બીજા પણ અર્થનો સમાવેશ થાય છે.

**ચિંતા કરાય અને ન કરાય :-**

જીવન છે એટલે સહેજે કોઈ ને કોઈ ચિંતા રહે છે, રહેવાની. માત્ર જોવાનું એટલું છે જે શાની ચિંતા કરવી જોઈએ અને શાની નહિ. આનું કારણ એ છે કે ચિંતાનો આત્મા પર મોટો પડઘો પડે છે, આત્મામાં વિકાસ યા વિકાર ઘડાય છે. સારી ચિંતામાં રહેવાથી વિકાસ સધાય છે, અને ખરાબ ચિંતાના લીધે આત્મા વિકૃત બને છે, વિકારનો ભાગી બને છે. આ વિકાસ કે વિકાર પર જીવન સારું કે નરસું બનવાનું અને પરલોક તેવો સર્જાવાનો, માટે જ ખરાબ ચિંતામાંથી બચવાનું છે, અને સારી ચિંતા ઊભી કરવાની છે, ટકાવવાની છે, વધારવાની છે.

**‘ચિંતાસે ચતુરાઈ ઘટે...ચિંતા ચિતા સમાન’**

એ ખોટી-ખરાબ ચિંતા નહિ કરવાની. બાકી તો કહેવાય છે ને કે ચિંતા વિનાનો માણસ નઘરોળ, મૂઢ ગણાય ! એ સારી ચિંતાનો સૂચક છે. કર્તવ્ય, જવાબદારી,



સ્થાન વગેરેની ચિંતાથી પરવારેલો હોય એની પાસે શી સારી આશા રખાય ?

**સારી ચિંતાથી ચાનક ને ઉદ્યમ :-**

સારી ચિંતા તો રહેવી જ જોઈએ. જીવને એ ચાનક લગાડે છે, ઉદ્યમી બનાવે છે. ચિંતા સતેજ હશે તો ચાનક જોરદાર લાગશે અને શક્ય ઊણપમાં પણ જોશ રહેશે. ત્યારે જો ચિંતા મોળી, તો ચાનક અને ઉદ્યમ મોળા. એટલે જ પહેલાં કહ્યું કે સારી ચિંતા ઊભી કરવાની, ટકાવવાની અને વધારવાની, એના વિના ચાલે પણ નહિ, એને ખોવી પણ પાલવે નહિ, તેમ વધાર્યે ગયા નહિ તો સારી ચાનક અને સારો ઉદ્યમ વિકાસ પણ ન પામે.

મન મળ્યું છે પશુ કરતાં ઊંચી કોટિનું, તો નરસી ચિંતાઓ ઓછી કરવાની છે, અને સારી સારી ચિંતાઓ વધાર્યે જવાની છે એ લક્ષમાં રાખજો. પાછો આર્ય દેશમાં, આર્ય કુળમાં અને ઉત્તમ દેવ-ગુરુ-ધર્મના સંયોગવાળો જન્મ મળ્યો છે; એટલે તો સારી ચિંતા ઊભી કરવા, ટકાવવા અને વધારતા જવાની અવ્વલ તક છે, એ તકને સફળ કરવાનું કર્યું તો આ ભવચક્રમાં ભમતાં ભમતાં અહીં આવ્યા પર મહાન ઉન્નતિ સધાશે.

**વિકાસ કે વિકાર શાથી ? :-**

ચિંતા પર અહીં અને પરલોકના મહાન વિકાસ કે વિકારનો આધાર છે, કેમ કે ચિંતા જીવન પર પડઘો પાડે છે, આત્માનું ઘડતર કરે છે, તેવા તેવા વાણી-વિચાર-વર્તાવને પ્રવર્તાવે છે. એમાં જો સારી ચિંતા નહિ રાખી અને નઘરોળ નહિ હો તો ખોટી ખરાબ ચિંતા ઘર કરી ગઈ સમજો.

**જેવી ચિંતા તેવું સંસ્કરણ :-**

ત્યારે ભૂલતા નહિ કે જન્મ-જન્માંતરોમાં ખોટી ચિંતાઓ કરવામાં બાકી નથી રાખી. એનું આ પરિણામ છે કે અહીં તેવા તેવા કુસંસ્કારો-કુવાસનાઓનો વારસો લઈને આવવાનું બન્યું છે. જુદા જુદા જીવોમાં જુદી જુદી ખાસિયતો દેખાય છે તે શું એમ જ અકસ્માત ઊભી થઈ ગઈ છે ? ના, એ તો જન્મોજન્મમાં સેવેલી ચિંતાઓથી ઊભા થયેલા ને પોષાયેલા સંસ્કારોનું પરિણામ છે. ફેક્ટરીમાં કપડાને જેવા જુદા જુદા પાશ અને રંગ દેવાય છે, તે તે પ્રમાણે એ બહાર બજારમાં આવે છે. દિવાળીમાં મીઠાઈવાળો કંદોઈ ઘઉં પર જેવી જેવી પ્રક્રિયાઓ કરી માલ તૈયાર કરે છે તે પ્રમાણે જુદી જુદી જાતની મીઠાઈ બહાર મૂકે છે. જુદા જુદા વિષયના શિક્ષકો વિદ્યાર્થીને વર્ષભર જેવું જેવું ભણાવે છે અને વિદ્યાર્થી મહેનત કરે છે, વર્ષના અંતે તે તે પ્રમાણે વિદ્યાર્થીમાં તે તે વિષયની હોશિયારી આવે છે. કાંઈ આ બધું એમ ને એમ ઉપરથી ટપકી નથી પડતું. ગણિતનો માસ્તર જો કાબેલ, તો

વિદ્યાર્થી એમાં હોશિયાર થાય છે, ને ઇતિહાસનો માસ્તર જો રોબડ, તો ચાલાક પણ વિદ્યાર્થી એમાં તેવો હોશિયાર નથી થતો. તાત્પર્ય, તે તે રીતે ઘડાતાં ઘડાતાં જુદી જુદી જાતના કાપડ, મીઠાઈ અને કેળવણી ઊભાં થાય છે. બસ એ રીતે સમજો કે જુદી જુદી ચિંતાઓએ આપણને ઘડ્યા છે, આપણા સંસ્કારોને ઊભા કર્યા છે, એ કાંઈ આકસ્મિક ઊભા નથી થઈ ગયા. તેમ જીવનના અંતે સરવાળો આના પર નીકળશે કે કઈ ચિંતામાં જીવન વિતાવ્યું છે.

**કુચિંતાથી અંતે દુર્દશા :-** માણસ જીવન પસાર કરતી વખતે તો બેદરકાર હોય છે, અને હલકી ચિંતાઓ કરી કરી ભયંકર રીઢું કુસંસ્કરણ કરે છે, પરંતુ અંત વખતે એ મહા દુર્દશા ભોગવે છે, અને પરભવમાં તો પૂછવું જ શું ? ભૂલશો નહિ જેવી તન્મય ચિંતા કરો છો એવું મહત્ત્વ એ વિષયને અપાય છે; પછી એ જ વિષય મગજમાં ઘર કરી જાય છે, અંતે ચિત્ત એમાં જ ચોંટ્યું રહે છે, ભવાંતરે એ જ સૂઝે છે. માટે જ સારું પરિણામ લાવવું હોય તો હલકી ચિંતા છોડો, સારી કરો.

ત્યારે સવાલ આ આવીને ઊભો રહે છે કે

**કેવી કેવી જાતની ચિંતા કેવું કેવું ઘડતર કરે છે ?**

શાસ્ત્રકાર ચિંતાના ચાર પ્રકાર બતાવતાં એમાં જીવની કક્ષાઓ બતાવી ગર્ભિત રીતે એના ફળનો નિર્દેશ કરે છે. ચાર ચિંતાઓમાં પહેલી આત્માની ચિંતા, બીજી કામ અર્થાત્ વિષય સુખોની ચિંતા, ત્રીજી અર્થ-પૈસા ટકાની ચિંતા અને ચોથી પરની ચિંતા ગણી.

આત્મચિંતા એ ઉત્તમ છે, વિષયસુખની ચિંતા મધ્યમ છે, અર્થ (પૈસાટકાની) ચિંતા અધમ છે, અને પરચિંતા અધમાધમ છે.

આ પરથી જીવની કક્ષા આ બને કે-આત્મચિંતાથી જીવ ઉત્તમ બને છે, કામચિંતાથી મધ્યમ, અર્થચિંતાથી અધમ અને પરચિંતાથી અધમાધમ બને છે.

**આમાં પહેલી આત્મચિંતા :-**

આત્મચિંતા એટલે ભવ-ભવ ભટકી રહેલા અને અત્યારે આ કાયામાં કેદ પુરાયેલા પોતાના આત્માની ભારે ચિંતા હોવી, કાળજી કરવી, દુર્દશાભરી એની પૂર્વસ્થિતિ ખ્યાલમાં રાખી ભવિષ્યની સ્થિતિ કેમ સારી બને એ માટે ખબરદાર રહેવું તે.

આત્માની આ કાળજી ખરેખર જાગતી રાખવા માટે એની સામે શરીરની ચિંતા, કાળજી તુલનામાં ઓછી રાખવી પડશે, એવી વિષય સુખો, પૈસાટકા, અને પરની 'તથા' ઓછી કરવી જોઈશે. તો જ આત્મચિંતા મુખ્યપણે પ્રવર્તતી રહેશે. આત્મચિંતા એટલે બસ આત્મચિંતા, 'મારો આત્મા એ મારે મુખ્ય સંભાળવાની



વસ્તુ. બાકી બધું એની પાછળ,' આ વિવેક જાગ્રત રાખવો પડે.

**મંત્રીનું પ્રતિક્રમણ :-**

એક મંત્રીનો પ્રસંગ આવે છે. રાજ્ય રાણી કરે છે, એક પ્રસંગે કોઈ દુશ્મન રાજા સામે લડવા જવાનો પ્રસંગ આવ્યો. યુદ્ધભૂમિ પર પહોંચી ગયા છે, કાલ સવારે સૂર્યોદય પછી યુદ્ધ શરૂ થવાનું છે. મંત્રી પરોઢિયે તંબુમાં બેઠો પ્રતિક્રમણ કરે છે. એ પ્રતિક્રમણ ક્યાં ? યુદ્ધભૂમિ પર ! જ્યાં માથા પર ભારે ચિંતા હોય, જ્યાં માનવ સંહારની ક્રિયા થવાની છે; જ્યાં બીજાઓ યુદ્ધની ધમાલમાં છે ! ત્યાં મંત્રીની આત્મચિંતા કેટલી બધી સજાગ કે પ્રતિક્રમણ સૂઝે છે. એમાં પાછી જતના પૂર્વકની બધી ક્રિયા, એક ખમાસમણું આવ્યું તો બેસતાં પહેલાં ચરવળાથી પાછળ પગે ત્રણવાર, આગળ પગે ત્રણવાર નીચે ઢીંચણ માંડવાની જગ્યાએ ત્રણવાર બેસીને આખા બે હાથ અને લલાટે બેવાર, માથું નીચે અડાડવાની જગાએ ત્રણવાર એમ ૧૪ વાર પૂંજી પંચાંગ નમસ્કાર કરી ઊભા થતાં પહેલાં પગની એડી પાછળની જગાએ ત્રણવાર પૂંજી લેવાનું, એમ સત્તર સંડાસામાં પૂંજવાની ક્રિયા., એવી રીતે વાંદણામાં તેમજ જ્યારે-જ્યારે બેસવાનું આવે ત્યારે ત્યારે પાછળ પગ તથા નીચે જમીન પૂંજી-પ્રમાર્જી લેવાના !

આ બધી જીવ રક્ષાપૂર્વકની પ્રતિક્રમણ ક્રિયા જોઈ બીજાઓને લાગ્યું કે આ શું લડશે ?

રાણીને કહે છે, 'ભગવતી ! આ મંત્રી તો નાના જીવજંતુની પણ આવી આવી દયા કરે છે એ આ યુદ્ધમાં મોટા હાથી-ઘોડા અને માણસોને ઠાર કરવાનું શું કરશે ?'

**રાણીનો વિશ્વાસ :-** રાણી મનમાં ક્ષોભ તો પામી, પરંતુ મંત્રી પર અથાગ વિશ્વાસ હતો એટલે કહે છે, 'તમે ધીરજ ધરો; લડાઈમાં એનું પરાક્રમ જોજો.'

મંત્રીએ કેટલી નેકી, પ્રામાણિક્તા અને એકદિલીથી જીવન જીવ્યું હશે કે રાણી એના પર આવા પ્રસંગે પૂરો વિશ્વાસ મૂકે છે ! આત્મચિંતા વિના બનવું મુશ્કેલ છે.

**જો રૂપિયા જ ભેગા કરી લેવાની મુખ્ય ચિંતા હોય તો તો નેકી-બેકી બાજુએ મુકાય છે.**

આજે જુઓ છો ને ? રાજ્યસેવકોમાં લાંચરુશવત-ગોટાળા કેટલા ચાલ્યા છે ! કારણ કે વિચાર જ નથી કે 'આમાં મારા આત્માનું શું થશે ! હું કયા ખાનદાનનો ! સકલ જીવરાશિમાં મારા આત્માને આ માનવ ભવરૂપી કેટલો ઊંચો હોદ્દો મળ્યો છે ! આવો કોઈ સ્વાત્માનો વિચાર નહીં, પછી આત્મચિંતા,

આત્મરક્ષણની કાળજી શાની હોય ?

**મોટાની અસર નાના પર :-** મંત્રી આત્મચિંતાવાળો છે, પ્રામાણિક છે, વફાદાર છે, કર્તવ્યનિષ્ઠ છે. એટલે રાણીને હૈયે વિશ્વાસ છે કે આ મને ધોખો નહિ દે. સૂર્યનો ઉદય થઈ ગયો એટલે ત્યાં લડાઈ થઈ. મંત્રી આગળ ઉત્સાહથી લડે છે એટલે લશ્કર પણ જોરથી લડે છે. આગેવાનની પ્રવૃત્તિની અનુયાયી પર મોટી અસર પડે છે. એમાંય ઢીલાશની છાયા વહેલી પડશે. માટે જ મોટાએ વધુ સાવચેત રહેવાનું છે. નાનાઓના હિતની ખાતર પણ મોટાનું જીવન વિનયબદ્ધ, ઔચિત્યપૂર્ણ, વિવેકી, ત્યાગી, સંયમી વગેરે ગુણસંપન્ન જોઈએ, કોઈ પણ બૂરી આદત ન જોઈએ. નહિતર નાના તો દેખશે એવું શીખશે.

**લડાઈનું પરિણામ :-** અહીં સાંજ પડતાં પડતાં તો મંત્રીએ વિજય મેળવ્યો, દુશ્મન હારી ગયો. પરંતુ મંત્રીના શરીરે ઠીક ઠીક ઘા લાગેલા, તે એને ઘવાયેલી સ્થિતિમાં છાવણીમાં લઈ આવ્યા, હવે તેની માવજત થઈ રહી છે, રાણી પાસે બેસી મંત્રીના પરાક્રમના ગુણ ગાય છે. ગવાઈ જ જાય; ગુણની કદર એવી ચીજ છે કે પ્રાયઃ હૈયે અનુમોદના અને મોઢે પ્રશંસા થઈ જાય.

**સાધર્મિકની ઉપબૃંહણા-અનુમોદના :-**

સમ્યગ્દર્શનમાં ઉપબૃંહણાને એક આચાર અને અનુપ-બૃંહણાને અતિચાર-દોષરૂપ ગણ્યો છે. ઉપબૃંહણા એટલે કે સંઘ-સાધર્મિકના સુકૃત-સદ્ગુણ નજરે ચઢતાં એની પ્રશંસા કરવી જોઈએ, એનું સમર્થન કરવું જોઈએ. સમ્યગ્દર્શન ગુણ હોય તો સહેજે એ થઈ જાય, કેમ કે સમ્યગ્દર્શન એવી ચીજ છે કે આત્માને હવે પાપની, દોષની પકડ અને પાપ-દોષ-દુર્ગુણના પક્ષપાત મુકાઈ જાય છે. અને ગુણની પકડ-પક્ષપાતમાં દિલ ઢળે છે. સંસાર પર નિર્વેદ, ઉદ્વેગ, કંટાળો એટલે સંસારના કારણભૂત દોષ-દુર્ગુણ પર ઉદ્વેગ, કંટાળો જાગ્યો, અને મોક્ષ પર રુચિ થઈ અર્થાત્ મોક્ષના કારણભૂત સદ્ગુણ-સુકૃત ઉપર રુચિ પક્ષપાત જાગ્યા પછી ચાહ્ય તે એક બાળકના હો કે દુશ્મનના.

**બહુ દોષો વચ્ચે એ આરોગ્ય.**

જ્યારે જ્યારે આ ઉપબૃંહણામાં ખામી દેખાય ત્યારે ત્યારે અંદરખાને તપાસવું જોઈએ કે 'કેમ આમ થઈ રહ્યું છે ? શું ખરેખર દોષઘૃણા અને ગુણપક્ષપાત મારા હૈયામાં ઝળહળી રહ્યા છે કે નહિ ?' એટલું ધ્યાન રાખજો કે કોઈપણ જીવમાં દોષ-દુષ્કૃત્યો તો ઘણા છે અને તે બધા એક સાથે નથી જવાના, એમ સદ્ગુણ - સુકૃતો બધા એક સાથે નથી આવવાના, તો સંભવ છે સામા આત્મામાં અનેક દોષ-દુષ્કૃત હોય છતાં જો થોડો પણ ગુણ પ્રગટ્યો છે તો એટલું આરોગ્ય પ્રાપ્ત થયું છે. હવે



એ ગુણની કદરનો અવસર આવે ત્યારે ગીધની આંખે એના દોષો તરફ જોતાં ન બેસી રહેવાય. હા, કોઈ મહામિથ્યાદષ્ટિ યા મહાદુરાચારી હોય તો જુદી વાત. સાવધ રહેવું પડે. બાકી સાધર્મિકના અનેક દોષ વચ્ચે રહેલા ગુણ તરફ દૃષ્ટિ જોઈએ. સ્નેહી-કુટુંબી બીમાર હોય, તાવ, ખાંસી, માથાનો દુખાવો, શરીરે કળતર વગેરે અનેક રોગ હોય, પરંતુ જો એમાં ફેર પડીને એકાદ પણ રોગ શાંત પડે છે તો ખુશી થવાય છે, બીમારને આશ્વાસન-પ્રોત્સાહન અપાય છે કે 'મૂંઝાશો નહિ, જુઓ આ એક રોગ મટ્યો એ સરસ થયું છે, હવે બીજા પણ રોગ મટતાં આવશે.'

રોગ પર ઘૃણા અને આરોગ્ય પર પ્રીતિ છે તો થોડું પણ આરોગ્ય પ્રાપ્ત થતાં તેની ખુશાલી અનુભવાય છે. એવું આત્માના ભાવરોગ-ભાવઆરોગ્ય સંબંધમાં સમજવાનું છે. જો ભાવઆરોગ્ય ગમે છે તો સંઘ-સાધર્મિકમાં સદ્ગુણ-સુકૃત દેખાય તો એની પ્રશંસા, પ્રોત્સાહન કર્યા વિના કેમ રહેવાય ?

ત્યારે તમે કહેશો કે 'પણ અમારી નજરે એના બીજા દોષ તરવરી આવે છે એનું કેમ ?'

એનું એ કે સામા પર એક સાધર્મિકબંધુ તરીકે સ્નેહ ઊભરાય છે ખરો ? એ પહેલું તપાસો. સમ્યગ્દર્શન જેમ દેવ-ગુરુ-ધર્મ પર શ્રદ્ધા-પ્રીતિ જગાવે જ, એમ સાધર્મિક પર સ્નેહ પણ ઊભરાવે. સમ્યગ્દર્શન ચીજ એવી છે. દુનિયામાં સગાં એટલે કુછ નહિ, આત્માનાં સગાં એ જ એને સાચાં સગાં લાગે. સાધર્મિક એ આત્માનાં સગાં છે. ધર્મહીન સગાભાઈ કરતાં એના પર સ્નેહ વધુ હોય. સ્નેહાળ ભાઈના દોષ ઢાંકવા અને ગુણ ગાવાનું મન કેમ થાય છે ? તો સ્નેહપાત્ર સાધર્મિક માટે એવું ન થાય ?

**દુનિયામાં દોષદર્શી કોણ કોણ ?**

ત્યારે દુનિયામાં જુઓ કે દોષ જ જોયા કરવાનું અને ગુણને ઓળખવાનું કોણ કરે છે ? ઓરમાન માતા ઓરમાયા છોકરાના દોષ જ કાઢ્યા કરે છે, અને એની પેટભરી નિંદા કરે છે. તો શું સાધર્મિક એ તમારા ઓરમાયા છે કે એના દોષ જ દેખાયા કરે અને એની પેટ ભરીને નિંદા થયા કરે ? શોક્ય શોક્યને આંખમાં કણાની જેમ ખૂંચે છે તો એના દોષ જ જોવા-ગાવાનું જ કર્યા કરે છે. તો શું સ્વામીભાઈ તમારે શોક્ય જેવો છે તે આંખમાં કણાની જેમ ખૂંચ્યા કરે ? અને એના દોષ જ જોવા-ગાવાનું થયે જાય ? ગામમાં રાતના કૂતરાની દશા જોઈ છે ને ? એકને બીજો ખમાતો નથી. જાત-ભાઈની સામે ઘૂરક્યા કરે છે. શું આપણે એ સ્થિતિમાં છીએ કે સાધર્મિક બંધુ આંખમાં ખમાય જ નહિ ! ને એના દોષ જ જોયા

કરાય ? એની નિંદા જ લઈ બેસાય ? એની સામે ઘૂરકિયાં કરાય ? શું ઉપબૃંહણા-પ્રોત્સાહન-સમર્થન અને પ્રશંસાપાત્રની સામે ઘૂરકિયાં ? એની નિંદા ?

સાધર્મિક અને સંઘ તથા ગુરુઓ વગેરેની નિંદા કરતાં બહુ વિચાર કરજો, એની સાથે લડતાં ક્લેશકંકાસ કરતાં પહેલાં થોભજો, વિચારજો કે આપણા માટે ભગવાને સંઘ-સાધર્મિક પ્રત્યે કેવા બનવાનું કર્તવ્ય ફરમાવ્યું છે ?

કર્તવ્યનો ભંગ અને જિનાજ્ઞાની વિરાધના આત્માને કેટલો બધો નીચે ઉતારી દેશે ?

- કેવાં ઘોર પાપ બંધાવશે ? ભવાંતરે જીભ રહેવા દેશે ?
- દુર્ગતિ નહિ દેખાડે ? દુર્ગતિ થઈ તો વિટંબણા-દુર્દશા વેઠી જશે ?

**"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ"** **વર્ષ-૧૦,અંક-૨૩,તા.૨૪-૨-૧૯૬૨**

શાસ્ત્રમાં એક પ્રસંગ આવે છે કે ગુરુએ પોતાના વાદી, તપસ્વી, વગેરે શિષ્યોની નિંદા નહિ, ઘૂરકિયાં નહિ, કિંતુ માત્ર ઉપબૃંહણા જ ન કરી, પ્રશંસા-પ્રોત્સાહન ન કર્યું, અને એના અવસરે મૌન રહ્યા. તો એ આ સંસાર કૂવામાં નીચે ઊતરી ગયા, ભવમાં ભટકતા થઈ ગયા ! ચારિત્રનું બળ હતું, ત્યાગી મુનિ હતા તેમ નિંદા-તિરસ્કાર પણ નથી કર્યા, છતાં આ દશા ! તો એવું કાંઈ બળ નથી અને નિંદા, ઘૂરકિયાં, ઉતારી પાડવાનું આવડે છે, પરિણામ કેવું આવવાનું ?

સમ્યગ્દર્શનનો ખપ કરવો હોય તો સામાના ગુણની, સુકૃતની અનુમોદના પ્રશંસા-પ્રોત્સાહનનો ખપ કરવો પડશે, માલિક પ્રભુના અનુયાયી સંઘ-સાધર્મિક પ્રત્યે નીતરતું વાત્સલ્ય ધરાવવું પડશે. હૈયામાં હેત ઊભરાતાં રાખવાં જોઈશે, નિંદા, ઉપેક્ષા, અવગણના કે દ્વેષ-ઈર્ષ્યા-અસૂયા નહિ ચાલે.

**રાણીનો સવાલ :-**

પેલી રાણી મંત્રીના પરાક્રમના ગુણ ગાય છે, ગુણ ગાતાં ગાતાં મંત્રીને એક સવાલ કરે છે,

'મંત્રીશ્વર ! એક શંકા પૂછું ? આ તમે પરોઢિયે તો એગિંદિયા-બેઈંદિયા કરતા હતા, સૂક્ષ્મ પણ જીવ ન મરે એની ચીવટ રાખતા હતા તો આવા મોટાં પંચેંદ્રિય જીવોના ખૂનખાર જંગ કેમ ખેલી શક્યા ! એ સમજાતું નથી.'

મંત્રી કહે છે, 'ઓહો ! એમાં શું ન સમજાય એવું છે ? જુઓ ભગવતી ! સૂર્યોદય પહેલાં શરીર પર મારા આત્માનો અધિકાર હતો તે એણે એનો અધિકાર બજાવ્યો અને સૂર્યોદય પછી આ શરીર પર તમારી નોકરીના



હિસાબે તમારો અધિકાર હતો એટલે ત્યાં શરીરે એની રૂએ એ કામ બજાવ્યું.'

શું ? બે ખાતાં જુદાં પાડી નાખ્યાં, ને કહે છે આત્માના અધિકારની રૂએ શરીરે સૂક્ષ્મ પણ જીવોની જતના-રક્ષા કરી પ્રતિક્રમણની ક્રિયા બજાવી. અને રાણીના અધિકારની રૂએ યુદ્ધ કર્યું. પ્રતિક્રમણ ક્રિયા ક્યાં ? યુદ્ધ ભૂમિ ઉપર ! ત્યારે રોજ પ્રતિક્રમણ ચાલુ તો હશે જ ને ? કેટલી આત્મચિંતા ! 'આજે જરા કામ છે, પ્રસંગ છે માટે પડિક્કમણું નહિ' એમ નહિ, યુદ્ધભૂમિ પર પણ પ્રતિક્રમણ ખરું. તે પણ કેટલી બધી જાગૃતિ અને બરાબર અણીશુદ્ધ વિધિસર ! હૈયે આત્મચિંતાનો કેટલો પ્રબળ આતશ સળગતો હશે !

આ તમારા પૂર્વજોનો જ્વલંત ઈતિહાસ છે એનું ગૌરવ હૈયે નથી ઊભરાતું ? એ બેઠા ત્યાથી ઊભા કરી દે એવી પ્રેરણા નથી મેળવી શકતા ? વીતરાગ-સર્વજ્ઞ ભગવાનનો ઉપદેશ અને એને જીવનમાં ઉતારનાર મહાન આત્માઓના દૃષ્ટાન્તોનું ભવ્યાતિભવ્ય આલંબન મળવા છતાં જો આત્મા નહિ જાગે તો પછી ક્યાં અને ક્યારે જાગવાનો હતો ? 'મારા પૂર્વજો આવું આવું ધર્મજીવન જીવી ગયા છે, આવા આવા સદ્ગુણ-સુકૃતો કરી ગયા છે, તો હું પણ કેમ બાકી રાખું ? હું એ જ વીર પુરુષોનો વીર વારસદાર છું, કાયર નહિ.'

**પ્રતિક્રમણ પર ટીકા ખોટી છે :-**

મૂળ, આત્મચિંતા જાગવી જોઈએ, જાગતી રહેવી જોઈએ. તો યુદ્ધભૂમિ પર પણ પ્રતિક્રમણ અઘરું નથી. આજના ધર્મ-વસ્તુને ઉડાવનારા કહે છે, 'લ્યો કર્યું પ્રતિક્રમણ ! એવા પ્રતિક્રમણમાં શું માલ કે જ્યાં પછી તો લડાઈઓ લડવી છે ? ધૂમ વેપાર ખેલવા છે ?' પરંતુ આવું કહેનારને એ ખબર નથી કે લડાઈ લડનાર અને વેપાર ખેલનાર કે રંગરાગ ઉડાવનાર તો દુનિયામાં ઘણા છે, પણ એમાંથી પ્રતિક્રમણ કરનાર કેટલા ? ત્યારે શું એ પ્રતિક્રમણ કરનારાઓ દંભી છે ? દંભથી કરે છે ? ના, કંઈક પણ પાપના ડરથી, ધર્મની બુદ્ધિથી અને જિનાજ્ઞાપાલનના ઉત્તમ આશયથી કરે છે. કરીને પછી પાપમાં જવું પડે છે તેને કમનસીબી માને છે, અને પાપ કરતાં કંઈક પણ ગ્લાનિ અનુભવે છે. આ કેવાક સુંદર લાભ છે ? પ્રતિક્રમણને ઉવેખનારાની દશા જુઓ કે એને છે એ ? એને પાપમાં જવું પડવામાં ક્યાં કમનસીબીનો અનુભવ છે ? કે પાપ કરતાં ક્યાં લેશ પણ ગ્લાનિ છે ? તો વળી પેલા પાપભય, ધર્મબુદ્ધિ અને જિનાજ્ઞાનો આશય ક્યાં છે ?

**પાપભય, ધર્મબુદ્ધિ અને જિનાજ્ઞારસ**

આ ત્રણ મહાન ગુણ છે, ઉન્નતિનાં અદ્ભુત સાધન છે, માનવમનના અલંકાર છે, દીવા છે. એના પર અનેક ગુણોનું સર્જન થાય છે, ઉન્નતિસાધક

કેટકેટલાં સુકૃત્યો અને સદાચારોને એ જીવંત કરી દે છે, અને મનમાં પ્રકાશના પુંજ રેલાવી સાત્ત્વિક શુભ ભાવના વગેરેને એમાં વસતા કરી દે છે.

**હિતોપદેશ પાછળ બળ :-**

ત્રણેય ગુણો આત્મચિંતામાંથી જાગવાના એ ન ભૂલશો. એકલા શરીર અને બહારનાની જ ચિંતા હશે એને તો પરલોકનો વિચાર જ ક્યાં છે ? એને તો આ ભવ મીઠાં કરવા છે પછી પાપથી ડરવાનું શું ? ધર્મની તાલાવેલી શી ? અને જિનવચનનો માથે ભાર શો ? કંઈક પણ મનને એમ થાય કે 'બધું ખરું પરંતુ મારા આત્માને ન ભૂલું, બીજું તો ખોવાઈ જવાનું છે, અને ભવ ભવ ચાલી આવેલા મારા આત્માએ ઊભું રહેવાનું છે, તો આત્મહિત કેમ ભુલાય ? મહાજ્ઞાનીઓ તથા ઉત્તમ પુરુષોએ આત્મચિંતાની ભરપૂર વાતો ઉપદેશી તથા સ્વજીવનમાં આચરી તે વિચાર વિનાની થોડી જ છે ? કમ અક્કલની કે મૂઢપણાની એ વસ્તુઓ નહિ.

જ્ઞાનીઓએ ફરમાવેલી આત્મહિતની વસ્તુઓ પાછળ તો મહાન ચિંતન, મહાન આત્મભોગ અને દિવ્યાતિદિવ્ય જ્ઞાનનું બળ કામ કરતું હતું. એ તરફ મારાથી આંખમિચામણાં કેમ કરાય ?...' આવી કોઈ આંતરિક ગડમથલ, સમજ અને જાગૃતિ હોય ત્યારે જ પાપનો ભય, ધર્મની બુદ્ધિ અને જિનવચનની માયા લાગે છે. અલબત્ત એની પણ થોડી-વધુ માત્રા હોય નાની-મોટી કક્ષા હોય છે; એટલે શરૂ શરૂમાં એવો જોરદાર પાપભય, પ્રબલ ધર્મબુદ્ધિ અને જિનવચનની જોરદાર માયા ન દેખાય, એટલે હજી પાપમાં પ્રવૃત્તિ ચાલુ હોય, ધર્મને મૂકી સંસારની ઘડભાંગમાં પડવાનું થતું હોય, તથા દુન્યવી સુખ-સાધનમાં ખેંચાવાનું બનતું હોય, કિન્તુ એટલા માત્રથી સિક્કો ન મરાય કે 'એનામાં પાપનો ભય જ નથી, ને જિનવચનની પરવા જ નથી,' કેમ કે હજી એ ત્રણ અલ્પમાત્રામાં હોય, પ્રારંભિક સ્વરૂપનાં હોય, તો એટલા બહારથી જોસવાળા ન દેખાય અને પાપ, સંસાર અને દુન્યવી સુખ સામગ્રીને એકદમ ધક્કો ન મારી શકે એ સહજ છે.

**કક્ષા વિચારી અવગણનાથી બચો :-**

આ બહુ ધ્યાનમાં રાખવાનું છે કે આત્મચિંતા અને આત્મહિતની પ્રવૃત્તિ તથા ગુણો અનેક કક્ષાના, થોડી-વધુ માત્રાવાળા હોય છે, પ્રારંભ અમુક અલ્પ પ્રમાણમાં થઈ, ધીમે ધીમે પુષ્ટ બનનારા હોય છે, અને કેટલીય વાર જનમ જનમની મથામણ પછી જ પરાકાષ્ઠાએ પહોંચનારા હોય છે. તેથી સ્વજીવનમાં હાલ અલ્પ જ પ્રમાણમાં જોઈ ખોટી નિરાશા કે ખોટા સંતાપ નથી કરવાના, કિન્તુ આગળ વધવાનો એક સરખો પ્રયત્ન ચાલુ રાખવાનો છે; તેમજ બીજાના જીવનમાં ઠીકઠીક માત્રામાં એ ન દેખાતા જોઈ એનો તિરસ્કાર, અવગણના કે અરુચિ નથી



કરવાના, પરંતુ જે કાંઈ અલ્પ પણ માત્રામાં છે, એને ન્યાય અને પ્રોત્સાહન આપવાનું છે. આ વિશાળ દુનિયામાં કરોડો-અબજો પશુપંખી તો બાજુએ મૂકો પણ માનવ બનેલાય કરોડોને લેશ માત્ર પણ આત્મચિંતા ક્યાં છે ? લેશ પણ પાપભય, ધર્મબુદ્ધિ અને જિનવચનની માયાની વાતે ય શી ? એના બદલે અહીં જૈનકુળમાં આવેલો હોઈ એના દિલમાં આત્મચિંતા વગેરેનો જે મંદ પણ ઉજાસ થયો છે એની કદર કરવી જોઈએ.

થોડી-વધુ માત્રાનો હિસાબ ધ્યાનમાં રખાય તો બીજાની અવગણના, અનાદર કે નિંદા ન લઈ બેસાય. આજે જુઓ આ રોગ કેટલાયને વળગ્યો છે ! 'બસ, તું સાવ પરવારી ગયો છે, તારામાં કંઈ જ ઠેકાણું નથી, લેશ પણ આત્માની કે ધર્મની પડી નથી...આજ સંઘમાં શું છે ? સાધુઓમાં શું છે ?...' વગેરે વગેરે નિરાશા, નિસાસા, અવગણના અને અવર્ણવાદના સૂર સંભળાયા કરે છે. સારું સાંભળવાનું કમ મળે છે; અનુમોદન-ઉપબૃંહણા કરનારું અને વાત્સલ્યથી નવા ઉન્નતિના માર્ગની પ્રેરણા કરનારું-સાંભળવાનું બહુ ઓછું જડે. થોડી-વધુ માત્રામાં આત્મચિંતા અને ધર્મવૃત્તિ હોય છે, એ હિસાબ ધ્યાન પર નથી એટલે બધું આદર્શ જોઈએ છે. તે ય પાછું પોતે જેની ટીકા કરે છે એના જીવનમાં, પોતાનામાં નહિ ! પોતે ઘણી ય દિશામાં આદર્શમાં નથી પહોંચ્યો, છતાં માનવું છે કે મારામાં આદર્શ ગુણો છે, અથવા માનવું છે કે 'હોય, એકદમ તે ક્યાંથી આદર્શ આવે ? મારા સંયોગો ક્યાં બરાબર છે ? એ તો ધીરેધીરે મથતાં મથતાં આગળ વધાશે,' આ કયો ન્યાય ? પોતાના માટે જુદું હૃદય અને બીજાના માટે જુદું ? એ ઠીક નથી. બીજાઓના અલ્પ પણ ગુણની, અલ્પ પણ પ્રગતિની કદર કરવી જોઈએ, સામામાં પાણી ચઢાવવું જોઈએ, અને પછી ખૂટતી વાતનું સમજાવવું જોઈએ. સામાને એકલો ઉતારી પાડવાથી, મન એકલું દુભાવી નાખવાથી, પછી એનામાં આગળ વધવાનો ઉત્સાહ જાગવાની આશા રાખવી ખોટી છે. માટે એ રહેવા દો, સમજો કે આ મહામોહ અને પાપભર્યા સંસારમાં આત્મચિંતા અને એની પાછળ પાપભય, ધર્મબુદ્ધિ તથા જિનવચનની માયા થોડી પણ જાગવી મોંઘી છે; ને એ જો સામામાં જાગી દેખાય છે તો એને ન્યાય આપો, એની કદર કરો ઉપબૃંહણા કરો અને પછી અધિક માટે પ્રોત્સાહન આપો અને કહો,

**સામાને પ્રેરણા દો :-**

'મહાનુભાવ ! ભાગ્યશાળી છો કે તને આ મહામોહના ઘેરા સામ્રાજ્ય ભર્યા સંસારમાં આત્મા તરફ કંઈક દૃષ્ટિ પડી છે, ને તને પાપનો થોડો પણ ડર છે. પાપની અરુચિ છે. તને ધન્ય છે કે ધર્મની થોડી ઘણીય રુચિ થાય છે, જિન

અને જિનવચન તરફ હૈયું આકર્ષાય છે. શાસ્ત્રોના કહેવા હિસાબે તો તું મહાત્મા, મહાનુભાવ અને પુણ્યશાળી જીવ ગણાય. વળી એમાં વધારો કરવાને માટે સર્વશ્રેષ્ઠ ભવ તું પામ્યો છે, એ વળી પુણ્યાઈનો ઓર વિકાસ છે. એમાં પાછો તું શક્તિમાન છે, દેવ-ગુરુની મહાન કૃપા ત ને મળી છે. હવે જરાક જો વીર્ય ફોરવે તો આગળ વધી શકે એમ છે. અને જોને જીવન તો પાણીના રેલાની જેમ વહી ચાલ્યું છે, મળેલી ઉત્તમ શક્તિ-સામગ્રી કટાઈ રહી છે, બેકાર થઈ રહી છે. માટે જાગ, ઊઠ, મહાદુર્લભ મળેલી ઉત્તમ શક્તિ-સામગ્રીને કામે લગાડી દે, આત્મચિંતાનો આતશ સળગાવ, પાપભય-ધર્મબુદ્ધિ અને જિનવચનરાગ ધીખતા કરી દે, એના અનુસારે તન-મન-ધનને કામે લગાડ, એને એમાં જ સફળ કરી લે. પરમ દયાળુ પરમાત્માએ સ્થાપેલ અને આચાર્ય ભગવંત આદિએ આપણા સુધી પહોંચાડેલ ધર્મશાસન આજે આપણા જેવા પાસે મોટી આશા રાખે છે કે એને સજીવન રાખી એની પરંપરા અવિચ્છિન્ન ચાલુ રહે એવા ધરખમ પુરુષાર્થ આપણે કરીએ. આપણામાં જ જો ઠેકાણું નહિ હોય, તો નાની પ્રજા શું શીખશે ? ભાવી સંઘ કેવો થશે ? ધર્મની પરંપરા શી રીતે ચાલશે ? ત્યારે ચક્રવર્તીના પણ જંગલમાં ભૂલા પડેલા છોકરાની જેમ આપણીય કેવી દુર્દશા થશે ! માટે સ્વ અને પર ઉભયનો વિચાર રાખી ખૂબ જ્વલંત સત્ પુરુષાર્થ કર...'

આવી કોઈક મુલાયમ પદ્ધતિએ આજે કામ લેવા જેવું છે. સામાને ઉતારી પાડવાને બદલે, તમારામાં છે આ ? છે આ ? ક્યાં ઠેકાણું છે ? એકલું એમ જ કહી કહી ખાંડવાને બદલે, ઉપબૃંહણા-પ્રોત્સાહન કરવાની જરૂર છે. 'સામામાં જે થોડું ય સારું છે એની કદર કરી પાણી ચઢાવવા જેવું છે, અને ખામી ટાળવાના શાસ્ત્રે કહેલા સક્રિય માર્ગ બતાવવા જેવા છે.

વાત આ ચાલે છે કે દુનિયાના પાપમાં પડેલો છતાં પ્રતિક્રમણ કરે છે તો એને કંઈક પણ આત્મચિંતા છે, પાપનો ભય છે, ધર્મની બુદ્ધિ છે, જિનવચનની માયા છે. જો કે આ એકાન્ત નથી, અભવી-દુર્ભવી ય કેવળ પૌદ્ગલિક લાલસાથી પ્રતિક્રમણ કરે, યાવત્ ચારિત્રેય પાળે, એનામાં કોઈ આત્મચિંતા કે પાપભય વગેરે ન હોય, છતાં વર્તમાનમાં જ્યાં આવી લાલસા નથી દેખાતી, અને સમજી-બૂજીને પ્રતિક્રમણાદિ કરવાનું કરે જાય છે, ત્યાં પછી એ હિસાબ ન મંડાય કે 'એ હજી પાપો તો કરે છે, રંગરાગ તો ખેલે છે. માટે એનામાં આત્મચિંતા જેવું કાંઈ છે જ નહિ, કશોય પાપભય કે ધર્મબુદ્ધિ નથી.' આવો હિસાબ ન મંડાય, સીધાં એવાં જજમેન્ટ ન આપી દેવાય.



**ચરમાવર્તમાં આત્મચિંતા :-**

આત્મચિંતા અને પાપભય વગેરે ઉત્કૃષ્ટપણે જાગે એની તો બલિહારી છે; પરંતુ થોડીય જાગે તો એ કાંઈ કાઢી નાખવાની વસ્તુ નથી, મામૂલી વસ્તુ નહિ, ભવિષ્યની અદ્ભુત ઉન્નતિનાં આ પ્રથમ પગથિયાં છે. આત્મચિંતા આ જીવને, શાસ્ત્ર કહે છે, અનંતાનંત પુદ્ગલ પરાવર્તના કાળ વીતે છતાં થતી નથી. એ તો માત્ર મોક્ષ પામવા પૂર્વના છેલ્લા પુદ્ગલ પરાવર્ત-ચરમાવર્ત કાળમાં જ થાય છે. જીવ અનાદિ કાળથી માત્ર પુદ્ગલનો રસિયો છે. 'માટી ખાના, માટી પીના, માટીમેં રમજાના' બસ આજ કરતો આવ્યો છે. 'આત્મા જેવી કોઈ વસ્તુ છે, એને આ પુદ્ગલના ફાંસલા શા ?' આવો વિચાર સરખો નહિ, પછી ભલેને એ ફાંસલાના યોગે ચાલુ જીવનમાંય પછાડ ખાવી પડતી હોય, હેરાન-પરેશાન થવું પડતું હોય, અને ભવાંતરે ઘોર નરકાદિ ગતિઓમાં ભ્રમણ કરતાં કરતાં કારમાં દુઃખ-ત્રાસમાં રિબાવું પડતું હોય, છતાં 'પુદ્ગલના સંબંધ એ એક ફાંસલો છે' એવી કલ્પના સરખી નથી આવતી. એ તો આવે છે ચરમાવર્ત કાળમાં. ત્યાં પણ જ્યારે આત્મચિંતા જાગે ત્યારે.

**પુદ્ગલનો ફાંસલો :-**

આત્મચિંતા જગાડવા માટે આત્માને શરીરથી અલગ સમજવાનો છે. આજ સુધી શરીરને હું હું કરીને ફર્યા છીએ એટલે એના ગાઢ સંસ્કારને લીધે ઝટ આત્મા પર દૃષ્ટિ જવી મુશ્કેલ છે. પરંતુ એ વિચારો કે આપણી આજુબાજુના પદાર્થો, મકાન, તિજોરી, સરસામાન, અને બીજા પણ જડ પદાર્થોને આપણી કોઈ ચિંતા નહિ, અને આપણને એની ચિંતામાં શા માટે શેકાવાનું ? એ બધું આપણને અનુકૂળ જ રહે એવો નિયમ નહિ પણ આપણે એને અનુકૂળ જ કેમ વર્તવું પડે છે ? **જરૂર આ બધા જડ પુદ્ગલનો આપણા પર એક ફાંસલો છે. રાત ને દિવસ એના લીધે એની જ ગુલામી કર્યા કરવી પડે છે, એની પૂરી સારસંભાળ રાખ્યા કરાય છે, અને છતાં એ સરવાળે વાંકા થઈ બેસે છે ! મૃત્યુ વખતે નફફટની જેમ પોતે તદ્દન સલામત ઊભા રહી આપણને મરવા દે છે !** ત્યારે આત્માને આ બધો ફાંસલો શા માટે ?

**આત્મચિંતા જાગે એટલે** મનને એમ થાય કે 'હું કોણ ? ક્યાંથી આવ્યો ? મારું જ શરીર, છતાં કેમ મારે એની વેઠ કરવી પડે ? વેઠ કરું કરું છતાં કેમ વાંકું થઈ બેસે છે ? કેમ એ બરાબર મારી ઈચ્છા મુજબ નથી ચાલતું ? કેમ એ ઘસાતું જાય છે, રોગી થાય છે, થાકી જાય છે ? કેમ આ બધું ? વળી શા માટે મને ભૂખ ને તરસ, રાગ ને દ્વેષ, ગર્વ ને ગુસ્સો, આવા આવા વિકારો જાગે છે ? ત્યારે

કેઈ ધારણાઓ નિષ્ફળ જાય છે, અને અણધારી આપત્તિઓ આવે છે, એવું કેમ ?...' આવો વિચાર કરવો. વિચાર પણ ખરી હૃદયની ચિંતાથી કરવો. માણસ જેમ વેપારમાં ધક્કા લાગતા હોય, તો ચિંતામાં પડી જઈને વિચાર કરવા લાગે ને ? એવી રીતે ચિંતામાં પડી જઈને આત્માનો વિચાર કરવા લાગવું જોઈએ.

આવા વિચારથી શરીરને છોડીને અંદરના આત્મા પર લક્ષ જાય, કારણભૂત પૂર્વ કર્મ ઉપર દૃષ્ટિ પડે, પછી એ આત્મચિંતા કરવી કે 'તો પછી હવે પાપો કરી કરીને કર્મ રોગ વધારવાનું શા માટે કરવું ? ભગવાન જિનેશ્વર દેવોએ સ્વયં પાપનાં જીવન બંધ કર્યાં, મોટમોટા રાજામહારાજા અને શેઠશાહુકારોને પણ બંધ કરાવ્યાં એમ, જગતને એ જ ફરમાવ્યું, પછી મારે શા સારું આ ચાલું રાખવું ? હું અરિહંતને માનનારો-પૂજનારો, અને પાપ જીવનનો રસિયો ? એ નાથે જડ પુદ્‌ગલમાત્રના બંધનથી છૂટવાનું કર્યું અને કહ્યું, તો હું એથી ઊલટું એના ફાંસલા હાથે કરીને ઊભા કરું ? આ પુદ્‌ગલના ફાંસલા અને પાપજીવન માનવ આયુષ્યરૂપી ચંદનની હોળી કરી રહ્યા છે. આત્મા પર કર્મના ઢેર ઊભા કરી આગામી ભારી દુઃખને નોતરી રહ્યા છે, ત્યાં મારું થશે શું ? આમ વિચાર કરીને પુદ્‌ગલના ફાંસલાની ખટક અને પાપનો ભય જાગતો કરી દેવો જોઈએ.

**આત્મચિંતા જાગ્યા પછી પહેલું કાર્ય પાપનો ભય ઊભો કરવાનું છે, પાપભર્યા સંસારનો કંટાળો ઊભો કરવાનું છે.**

શાસ્ત્ર કહે છે, **ભવનિર્વેદ એ જ ભગવદ્-બહુમાન છે,**

પાપ અને પાપભર્યા સંસાર પર કંટાળો એ જ પ્રારંભિક અવસ્થામાં ભગવાન અરિહંત પરમાત્મા ઉપર બહુમાન છે. મનમાં નક્કી કરવાનું કે 'આપણને પાપનો અને સંસારનો રસ નહિ, હોંશ-હોશિયારી નહિ, કેમ કે અરિહંત ભગવાન પાપ અને પાપભર્યા સંસારથી મુક્ત થયેલા છે, મૂકવાનું કહે છે, તો પછી આપણને પાપ અને પાપભર્યા સંસાર ઉપર હેત શાના હોય ? રસ શા માટે હોય ? કંટાળો જ હોય. કોઈનો જરાક તિરસ્કાર પણ કરવાનું પાપ કરવાનું આવે ત્યાં પણ હૈયું દુખાય; કડવો શબ્દ બોલતાં પણ દિલ દુભાય પછી પહેલે પ્રાણાતિપાતથી માંડીને મિથ્યાત્વશલ્ય સુધીના પાપને કેમ જ આવકારાય ?

જીવન એવું પવિત્ર નિષ્પાપ ઘડી દેવું જોઈએ કે પાપને સ્થાન ન મળે; ભય લાગે કે 'ક્યાંક પાપ તો નહિ લાગી જાય ? સુખ-સગવડ ઓછી મળે એની ચિંતા નથી, મારા આત્માની મોટી ચિંતા છે, એ બધું તો આવ્યું ને ગયું ! જ્યારે, આત્મા તો ઊભો રહેવાનો છે. માટે પાપમાં મારું કામ નહિ, ભગવાને કહેલા માર્ગથી સહેજ પણ આઘોપાછો ન ચાલું, ભગવાને જેને પાપ તરીકે ઓળખાવ્યા તે પાપ



જ. રખેને મને એ પાપ ફસાવી ન જાય ! રખેને મારે એમાં પડવાનું ન થાય !

**મૈત્રીનું કારણ અને કાર્ય :-**

**પાપનો ભય એ તો ગુણોનો પાયો છે, ધર્મ મહેલનો થાંભલો છે.** પાપભયની ઉપર દોષો ટળે, અને ગુણો ઊભા થાય. તથા ધર્મમહેલ ટકી શકે. દા.ત. બીજા પર દ્રોહ-દ્વેષ-ઈર્ષ્યા વગેરે પાપનો ભય લાગે, તો એ ટાળી દિલ શાંત કરાય, મિત્રભાવ રખાય. આ મૈત્રીએ ક્રમશઃ જીવને અહિંસક ભાવમાં લઈ જાય છે. પણ એનું મૂળ પાપનો ભય. એ ભયને કાયરતા સમજતા નહિ, એના પર જ સાચી વીરતા આવે છે. એમ તો જંગલના સિંહ, વાઘ બહુ પરાક્રમ દેખાડે છે, ગુસ્સે ચડેલા સાપ-અજગર વીરતા દેખાડે છે, પરંતુ શું કરવાની એ વીરતાને ? વીરતા તો તે કે જે જગતના કર્મપીડિત જીવોનું ભલું કરતી હોય, સ્વાત્માને કર્મના કારમા બંધનમાંથી મુક્ત કરતી હોય, પુદ્‌ગલના ફાંસલામાંથી છોડાવતી હોય, એવી વીરતા ત્યારે જ આવે કે પાપના નામથી ય ગભરામણ લાગે, પાપની વાતમાં સૂગ ચઢે.

**રાજ્ય સંપત્તિથી ભય :- અભયકુમારને** પિતા શ્રેણિક રાજા કહે છે કે 'હવે આ રાજ્ય પર તારો અભિષેક કરવાનો છે !'

ત્યાં અભયકુમારને હોંશ નથી ચડતી, આનંદ નથી ઊભરાતો; એ તો પાપથી ગભરાય છે; 'હાય ! રાજા થાઉં તો પાપો કરવા પડે તેથી નરક ઊભી થાય તો ? ભવભ્રમણ વધે તો ? હા, રાજા થયા પછી પણ ચારિત્ર-દીક્ષા મળતી હોય તો તો હજીય કંઈક બચાવ થાય. પણ ન મળે તો તો આ પાપના જમેલાથી બાર જ વાગી જાય ને ?'

કેટલો પાપનો ભય ! પાપભર્યા રાજ્ય સંપત્તિ જેવા ય સંસારનો ભય ? ત્યારે સમજાય છે કે અત્યાર સુધી મંત્રીગીરીની ઠકુરાઈ ભોગવી હશે પણ ભીતરના કેટકેટલા પાપભયને જાગ્રત રાખીને ?

પિતાને કહે છે 'જરા ખમો, પિતાજી ! ભગવાનને પૂછી આવું.' શું પૂછવું છે ? 'રાજ્ય લઉં કે નહિ, એમ ?' ના, રાજા બનવું પડે છે, તો પછી પણ દીક્ષા મળે એમ છે ને ? આ નક્કી કરવું છે. ગયા પ્રભુ પાસે, પ્રભુને પૂછે છે.

'ભગવન્ ! આપના શાસનમાં છેલ્લા રાજર્ષિ કોણ ?'

અર્થાત્ 'જો આગળ ભવિષ્ય કાળનાનું કોકનું નામ આવે તો તો હું જાગતો બેઠો છું; આમ રાજ્યપાટ છોડી દીક્ષા લેવાનો,' આવી ખબરદારી છે, ધગશ છે, **અંતરને એ સત્તાનાં સિંહાસન અને વૈભવ વિલાસનાં કામણથી બરાબર અળગું રાખવાની વાત નિર્ધારિત છે.**

પરંતુ અહીં વીર પ્રભુ તો કહે છે, 'છેલ્લા રાજર્ષિ તો જો આ ઉદાયન થઈ

ગયા.' એટલે ? હવે રાજા થઈને ઋષિ થનાર આ પાંચમા આરામાં કોઈ નહિ. બસ ખલાસ, અભયકુમારે નક્કી કરી લીધું. કે મારે રાજા નહિ થવાનું.

આવીને પિતાને કહે છે, 'મહાવીરના ભક્ત આપ, આપનો દીકરો ય એ જ પ્રભુનો ભક્ત છતાં રાજા થઈ દીક્ષા વિના નરકે જાય, એવું ઇચ્છો ખરા ?'

**કોણિકના ભય કરતાં પાપનો ભય મોટો :-**

શાના ઇચ્છે ? વીર પ્રભુના પાકા ભક્ત છે, સમ્યગ્દર્શનનાં અજવાળાંવાળા છે. તીર્થંકર થવાના છે એટલે યોગબિંદુ શાસ્ત્રના હિસાબે કહીએ તો એમણે જગતના જીવો પર કરુણા ચિંતવી છે. પોતે તો પાપથી છૂટવાની તમન્નાવાળા ખરા જ, પરંતુ જગતને પણ છોડાવવાની ઊલટવાળા છે. અભયકુમારને ખુશીથી દીક્ષા લઈ પાપની કેદમાંથી છૂટવાની રજા આપી દે છે. દીક્ષામાં અંતરાય કરવાનું ઘોર પાપ કેમ કરાય ? પાછળ પુત્ર કોણિક નાલાયક છે, કોણ જાણે શું ય કરે ? પરંતુ એના ભય કરતાં પાપનો ભય મોટો છે; કેમ કે પેલો તો કદાચ આ એક ભવમાં નુકસાન કરે; ત્યારે પાપ ભવોભવ હેરાન કરે.

પિતા-પુત્ર કેવા પાપના ભયવાળા ! કેવી આત્મચિંતાવાળા !

**રાજા પ્રદેશી** પહેલાં નાસ્તિક હતો, આત્મ તત્ત્વ માનતો નહોતો, ઉપરથી એને ઉડાવવા માટે જીવતા માણસને રેંસી નાખવાનું ઘોર પાપ કરનારો હતો, છતાં કેશી ગણધર મહારાજ મળ્યા, વાદવિવાદ થયો અને ગણધર મહારાજે આત્મચિંતા જગાડી દીધી, પાપનો ભય લગાડી દીધો, તો પ્રદેશીનું આખું જીવન પલટાઈ ગયું ! ત્યાં ને ત્યાં પહેલી મુલાકાતમાં સમ્યગ્દર્શન અને શ્રાવકનાં વ્રત સ્વીકારી લીધાં. પછી થોડો જ વખત જીવ્યો, વિષયાંધ રાણીને હવે એ અકારો લાગ્યો તેથી એણે ઝેર દીધું, પણ પ્રદેશી રાજા સમાધિમાં મરીને સૂર્યાભ વિમાનનો માલિક વૈમાનિક દેવ થયો ! મૂળ શાના ઉપર ? આત્મચિંતા અને પાપભય ઉપર.

**કયો પાપભય આત્મચિંતાના ઘરનો ? :-**

'પાપ કરીશ તો લોકમાં ખરાબ દેખાશે, અગર રાજકીય દંડ થશે,' એમ કરીને પાપનો ભય લાગે એ જુદો; એ આત્મચિંતાના ઘરનો નહિ, પરંતુ 'જો પાપ કરીશ તો મારો પરલોક બગડશે, સંસારમાં ભટકવાનું વધશે, આત્મામાં દુર્ગુણ વધશે, આત્માનું સ્વરૂપ ખરાબ થશે.' આવા કોઈ વિચારે પાપથી ડરતા રહેવાય, એ પાપભય આત્મચિંતાના ઘરનો સમજવાનો છે. લોકભય કે રાજભયથી પણ પાપ ન કરે તે સારું છે, પરંતુ એમાં મૂળ આત્માની ચિંતા નહીં હોવાથી જ્યાં એમ દેખાય કે 'ચાલો છૂપી રીતે પાપ કરી લેવામાં કોઈ જાણવાનું નથી,' તો ત્યાં પાપથી બચાશે નહિ, હોંશથી પાપ થશે; અને પાછળથી કોઈએ ન જાણ્યું તથા



ઐહિક કોઈ લાભ થઈ ગયો, પછી મનને આનંદ આનંદ રહેશે. આજના કાયદાના યુગમાં આ સ્થિતિ દેખાય છે. આત્મચિંતાના ઘરનો પાપભય નથી, માત્ર લોક અને કાયદાનો ભય છે, તેથી છૂપાં પાપ, જેવાં કે લાંચ-રુશ્વત, હિસાબી ઘાલમેલ, માલમાં ભેળસેળ, દુરાચાર, વગેરે બહુ વધી ગયા.

ત્યારે જો આત્મચિંતા હોય કે 'પાપથી કદાચ અહીં કોઈ લાભ થઈ ગયો પણ પરલોકમાં કેવી દુર્દશા ! આત્મામાં દુર્ગુણો વધે, મજબૂત થાય એ કેટલી ખરાબી !' આવી આત્મચિંતા હોય તો છૂપાં પણ પાપ કરવાનું દિલ નહિ થાય. કદાચ મોહના આવેશથી થઈ ગયું તો એના પર રાજીપો નહિ રહે. કેમ કે આમાં બહાર લોકને ખબર પડવા ન પડવાનો સવાલ નથી, પણ નજર સામે આત્માની મહાખરાબી તરવરી રહી છે, માનવ જીવનની બરબાદી દેખાઈ રહી છે.

એટલે કહો કે જ્યાં જ્યાં આવો પાપનો ખરેખરો ભય રહે છે, કે 'રખેને હું પાપમાં ન પડું, મારા હાથે પાપ ન થઈ જાય,' ત્યાં લોકનિંદા કે રાજદંડનો વિચાર નથી, પરંતુ અંતર્ગત આત્માની ચિંતા છે, આત્માની કાળજી છે.

**૨. ધર્મબુદ્ધિ :-**

આત્મચિંતા માટે પાપના ભયની જેમ ધર્મની બુદ્ધિ, ધર્મની લેશ્યા આવશ્યક છે, શક્ય એટલો ધર્મ સાધી લેવાની તાલાવેલી જોઈએ. બીમારને પેટનો કચરો કાઢવાની દવા જોઈએ છે, એમ શક્તિ લાવનારી દવાની પણ જરૂર પડે છે. એવું અહીં છે. પાપથી બચ્યાં પણ સાથે ધર્મ ન સેવ્યો તો કૌવત નહિ આવે, ધર્મ કૌવત લાવે છે, આત્માને પુષ્ટિ કરી આપે છે.

શાસ્ત્રે કહ્યું છે **'શુદ્ધિપુષ્ટિ લક્ષણો ધર્મઃ'** શુદ્ધિ એટલે આત્માના મલિન ભાવો ટળી વિશુદ્ધ નિર્મળ ભાવ જાગ્રત થાય. પુષ્ટિ એટલે પુણ્યાનુબંધી પુણ્ય વધે.

**આ પુણ્યમાં એવી તાકાત છે કે** આત્માને ઉત્તરોત્તર આગળ વધવા માટે અનુકૂળ સામગ્રી ખડી કરી દે છે. શરીર સારું મળે એટલે તપસ્યા, દેવ-ગુરુભક્તિ, જ્ઞાનધ્યાન વગેરે કરવા તરફ પ્રેરાય; પૈસા મળે એટલે દાન પરોપકાર, શાસન પ્રભાવના કરવા તરફ વળે; પરિવાર સારો મળે એટલે એક બીજામાં ધર્મની વૃદ્ધિ તરફ પ્રયત્ન થાય, બુદ્ધિશક્તિ સારી મળે એટલે શાસ્ત્રાધ્યયન, તત્ત્વચિંતન, સંઘ-શાસનની સેવા વગેરે તરફ ઉદ્યમ રહ્યા કરે. લાગવગ સારી સારી મળે એટલે ધર્મનાં કામો કરાવી લેવા તરફ મુખ્ય લક્ષ અને પ્રયત્ન રહે.

પુણ્યાનુબંધી પુણ્યમાં આ તાકાત છે, અને એ શુદ્ધ ધર્મસાધનાથી મળે છે. પાપાનુબંધી પુણ્ય હોય તો એ શરીર, આરોગ્ય, પૈસા, પરિવાર વગેરે મળે ખરા, પરંતુ એ બધાનો ઉપયોગ પાપ આચરવા તરફ થવાનો. માટે કહ્યું કે ધર્મસાધના

શુદ્ધ થવી જોઈએ; પાપનો ભય જીવતો જાગતો રાખી પુદ્ગલની માયા વિસારીને કેવળ આત્મકલ્યાણ માટે ધર્મસાધના કરવી જોઈએ.

**ધર્મ કરીએ, કરીએ ને પોતાના આત્માનું હિત ભૂલી વિનશ્વર કંચન-કીર્તિના લક્ષ શા રાખવા'તા ?** એથી તો ઊલટું આત્મહિત ઘવાય છે, આત્માને સંસારની બેડીમાં જકડવાનું વધે છે ! મન તુચ્છ વાસનાવાળું બને છે. એ તો એક જ લક્ષ રાખવાનું કે આત્માનું હિત કેમ વધે ! જડ માયાનું ધ્યાન રાખવાથી ક્યાં અમર થઈ જઈએ છીએ ? ક્યાં શાશ્વત સુખ ટકે છે ? મારા કેઈ પૂર્વજો અને આખી દુનિયાના માણસો મૂકી મૂકીને ચાલતા થઈ ગયા, વર્તમાનમાંય ચાલી રહેલા દેખાય છે. તો મારેય શું ટકવાનું હતું ? ટકવાનો છે એક મારો આત્મા, તો એને જ સંભાળી લઉં આત્માની રક્ષા કરી લઉં.'-આ તમન્ના જોઈએ.

**"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૧૦,અંક-૨૪,તા.૩-૩-૧૯૬૨**

**મેલી ધર્મબુદ્ધિથી શુદ્ધ ચિત્તનો નાશ :-**

આત્મચિંતા જાગે એટલે સહેજે ધર્મબુદ્ધિ આવે; અને તે પછી મેલી ન હોય. મેલી એટલે દુન્યવી સુખ સન્માનની લાલચથી ધર્મ કરી લેવાની બુદ્ધિ; ધર્મ કર્યા ઉપર એનાં ફળ તરીકે એ સુખ-સાહ્યબી અને સન્માન પામવાની ઝંખના. આ ગોઝારી છે, પછી મનગમતું મળવા ઉપર કેવળ પાપપરાયણતા આવે છે; કેમ કે એણે શુદ્ધ ચિત્તનો નાશ કર્યો હોય છે. તેથી આગળ ઉપર હવે મેલું મન ઊભું રહે છે. ત્યારે પાપ પરાયણતાનું પરિણામ ? ઘોર નરકાદિ ગતિમાં ઘસડાઈ જવાનું વળી; બીજું શું ? વાસુદેવો પૂર્વે ધર્મ કરીને આવ્યા છે. પરંતુ સાથે પૌદ્ગલિક લાલસા પાછળ ચિત્ત બગાડીને, એટલે હવે મોટી ઠકરાઈ ને માન સન્માન તો પામ્યા, પણ પાપપરાયણ બની નરકમાં ઘસડાઈ ગયા !

**શુદ્ધ આત્મચિંતામાં શું વિચારવું ?**

આપણી વાત આ છે કે શુદ્ધ આત્મચિંતા રાખી ધર્મબુદ્ધિ જાગતી રાખવાની અને ધર્મ સેવવાનો. 'અનાદિ અનંતકાળથી આ મારો આત્મા ભવચક્રમાં ભમી રહ્યો છે, કૂવાના અરઘટ્ટની ઘડીની જેમ ઊંચે ચઢી નીચે પડી રહ્યો છે, અનેક પ્રકારની વાસનાનાં વમળ, રાગદ્વેષના આવર્ત અને દુઃખોની જાળમાં અટવાઈ રહ્યો છે, તો હવે એનો ઉદ્ધાર કરું. આત્માની વાસનાઓ ઓછી કરું, રાગ-દ્વેષ-કામ-ક્રોધ-લોભ-મોહનાં સેવન ઘટાડું; અને જીવનમાં પાપ પાપને બદલે ધર્મ ધર્મ પ્રસારી દઉં'...આ આત્મચિંતા જાગતી કરી દેવાની છે.



આત્મચિંતાની ઉપર ધર્મબુદ્ધિ જમાવવાની, 'મહાપુણ્યે મળેલી તન-મન-ધન-ઈંદ્રિયો અને વાણી તથા સામગ્રી-સરંજામ કેમ જ્યારે ને ત્યારે ધર્મમાં કામે લગાડું.' એ ભાવના મનમાં રમ્યા કરે. મોકો મળે કે કોઈ ને કોઈ ધર્મસાધના એનાથી થઈ જ સમજો. દુનિયામાં જુઓ પૈસાની જ મુખ્ય બુદ્ધિવાળા પૈસા કમાવા તરફ દોડે જ છે ને ? ખુરસીની તમન્નાવાળા એની પૂંઠે લાગી જાય છે, સ્ત્રીને ખુશ રાખવાની બુદ્ધિવાળા એની પાછળ તન-મન-ધનને કામે લગાડી દે છે, એમ અહીં એવી ધર્મબુદ્ધિ ઊભી કરવાની કે રાત ને દિવસ ધર્મ કમાઈ લેવા તરફ મુખ્ય લક્ષ રહે અને પ્રયત્ન થયા કરે. મૂંઝાશો નહિ કે આમાં સંસારનાં કામ અટકી જશે; એ કોઈ અટકવાનાં નથી, એ તો થયા કરવાના છે, પરંતુ એમાં અને એની વચમાં ધર્મ ગોઠવી દેવાનો છે.

**ધર્મબુદ્ધિના પ્રયોગ :-**

દા.ત. જમવા બેઠા ત્યાં પહેલું એ યાદ આવે કે 'કોઈ સાધર્મિક, કોઈ દીન-દુઃખીને દાન કર્યું કે કેમ ?' કારણ કે સેવા, પરોપકાર એ તો જીવનું ભૂષણ છે. માટે એ તો જીવનમાં વારંવાર જોઈએ. વળી,

જમતાં પુદ્ગલના ખેલ યાદ આવે, 'આ બધું ઊતર્યું ઘાટી ને થયું માટી, એ જાતનું છે; માટે મોહ ન કરવો છતાં અન્નની વેઠ કરવી પડે છે તો એના દ્વારા ઊભા રહેલા શરીરથી આત્મહિત ખૂબ સાધી લઉં' એમ જમતાં જમતાં ધન્ના અણગારના છઠ્ઠ-છઠ્ઠનાં પારણે આંબેલ, નંદનઋષિનાં લાખ વરસનાં માસખમણ, મલ્લિનાથ ભગવાનના પૂર્વભવની ઘોર તપસ્યા...એવું કંઈક યાદ આવે.

એમ વેપાર કરતાં કરતાં ન્યાય, નીતિ, સત્ય તરફ નજર રહે; લક્ષ્મીનો અનર્થનો ખ્યાલ, દાનાદિના મનોરથ વગેરે સ્ફુરે.

એ અથવા બીજી સાંસારિક પ્રવૃત્તિમાં ઘરવાસ એ પાપવાસ હોવાનો ખ્યાલ, અનિત્ય, અશરણ આદિ ભાવના, ઈંદ્રિયો એ આત્માની ભાવશત્રુનું કામ કરતી હોવાનો જાગતો ખ્યાલ...આવા શુભ સંવેદન રહે.

સાંસારિક પ્રવૃત્તિમાંથી ફારગ થયા એટલે દાન-શીલ-તપ-ભાવના, સામાયિક સ્વાધ્યાય, જાપ, દેવભક્તિ, ગુરુભક્તિ, સંઘસેવા, વગેરેમાંના કાંઈ ને કાંઈ ગોઠવાઈ જ જાય. જુઓ મંત્રી યુદ્ધભૂમિ પર પરોઢિયે પ્રતિક્રમણ કરવા બેસી ગયા ને ?

**સ્થૂલભદ્રજીનો વિવેક :-** મૂળમાં આત્મચિંતા અને ધર્મબુદ્ધિ જોઈએ. સ્થૂલભદ્રજી વેશ્યાને ત્યાં રહ્યા ત્યાં સુધી રહ્યા, પરંતુ રાજાએ જ્યાં મંત્રી-મુદ્રિકા આપવા માંડી ત્યાં આત્મચિંતા સજાગ થઈ વિવેક પ્રગટ્યો, ધર્મબુદ્ધિ સ્ફુરી અને મંત્રીપણામાં આત્મા અને ધર્મ બંને ખોવાનું દેખાયું. માત્ર એમાં જ નહિ, પરંતુ સમસ્ત સંસાર,

બાર વરસની પરિચિત વેશ્યા અને બીજે બધે ગુમાવવાનું દેખાયું, તો મંત્રીમુદ્રિકા ન લેતાં મોક્ષમાર્ગ અપનાવ્યો ! મુનિ બની ગયા ! રાજા અને વેશ્યા બંને ય જોતા રહી ગયા અને સ્થૂલભદ્રજી મહાત્યાગના માર્ગે ચાલી નીકળ્યા !

## • ચંદ્રકાન્તની કથા •

સમરાદિત્ય ચરિત્રમાં ચંદ્રકાંતનો એક પ્રસંગ આવે છે. પત્નીને ધાડપાડુઓ ઉપાડી ગયા છે. પૈસા આપી એને પાછી લાવવા પતિ ચંદ્રકાંત નોકરને લઈને જાય છે. રસ્તામાં એક ઠેકાણે થોડું રોકાઈ આગળ ચાલે છે એ વખતે નાણાં કોથળી નોકરના હાથમાં અને ભાતા પોટલી શેઠના હાથમાં છે. નોકરની બુદ્ધિ બગડે છે અને પ્રપંચ કરી જંગલ વચ્ચે શેઠને કૂવામાં ધકેલી દે છે.

**ભયમાં નમો અરિહંતાણં :-** હવે જુઓ ધર્મબુદ્ધિના નમૂના. જેવો એ અંદર પડતાં ધબ અવાજ થયો કે તરત અંદરમાં અવાજ આવ્યો 'નમો અરિહંતાણ' એને આશ્ચર્ય થાય છે કે, અરે ! આ તો પત્નીનો જ અવાજ ! એ અહીં ક્યાંથી ? કહે છે 'ગભરાઈશ ના, એ તો હું જ છું, પણ તું અહીં ક્યાંથી ?'

પત્નીને ગભરામણ થઈ છે, પરંતુ તે વખતે ય ઝટ 'ઓ બાપ ! ઓય મા ! હાય મરી !' આવું કાંઈ ન સ્ફુરતાં 'નમો અરિહંતાણં' સ્ફુરે છે, અંતરમાં રમી રહેલી ધર્મબુદ્ધિ સૂચવે છે. જીવનમાં કંઈ ને કંઈ વિષમતા ઊભી થાય છે ને ? એવા અવસરે આ જ યાદ આવે એવું કરવાનું છે. અભ્યાસ પાડતાં પાડતાં બને એવું છે. માત્ર મૂળમાં આત્મચિંતા અને ધર્મ લગની ઊભી કરજો એ ધગશ કેળવજો કે 'મારા તારણહાર ત્રિલોકનાથ અરિહંત પ્રભુને શ્વાસે શ્વાસે સ્મરવા જેવા કરી દઉં.'

પત્ની કહે છે, 'લૂંટારા મને લઈ જતાં અહીં રાતવાસો કર્યો. મેં જોયું કે એની પલ્લીમાં પહોંચ્યા પછી તો મારા શીલની રક્ષા ક્યાંથી ? માટે પ્રાણ જાઓ પણ શીલ ન જાઓ, એ તમન્નાથી મેં અહીં ચૂપકીથી પડતું મૂક્યું, ને એ લોકો એમ જ ચાલી ગયા. પણ તમે અહીં કેમ પડ્યા ?'

જીવન છે તો શીલનો અભ્યાસ કરી લો. કુશીલ બન્યા તો અહીં ય ગદ્ધા-ગદ્ધી જેવા હાલ અને પરભવે તો સાક્ષાત્ એવા અવતાર ! અથવા નરકની ભઠ્ઠીમાં પડવાનું ! આ ખ્યાલ જાગતો છે. મહામૂલા શીલ ધર્મને બરાબર સાચવવાની બુદ્ધિ છે, એટલે સાહસ કરી જાનના જોખમે પણ કૂવામાં પડતું મૂક્યું. શરીર સુખની ચિંતા અને પૈસાટકાની ચિંતા તો ગૌણ; આત્માની ચિંતા મુખ્ય છે.

ચંદ્રકાન્ત કહે છે, 'હું તને લેવા માટે નીકળેલો એમાં ધનની કોથળી નોકરના



હાથમાં રહી. એ બિચારાની બુદ્ધિ બગડી, ને અહીં મને ધકેલ્યો.

પત્ની કહે છે 'અરે ! આવો દુષ્ટ ?'

પતિ સમજાવે છે 'એવું ન વિચાર, એ તો આપણો ઉપકારી કે અહીં મને તારો ભેટો કરાવ્યો ! એ ધક્કો ન મારે, અને અમે લૂંટારાની પલ્લીમાં જઈએ, ત્યાં તું મળે ? ઊલટા પૈસા લૂંટાય, અને પાછા જવાનું થાય. દરમિયાન ભૂખમાં ને ભૂખમાં તું અહીં જીવી કેટલું શકે ? આ તો સારું છે ભાતા પોટલી મારા હાથમાં છે. આના બદલે ધનની પોટલી હોત તો શું ખાવા કામ લાગત ? માટે જે બન્યું તેમાં નોકરનો તો ઉપકાર જ માનવો.'

આ કોણ બોલાવે છે ? અંતરમાં ઝગમગતી પવિત્ર ધર્મબુદ્ધિ. જુઓ એ કેટલી હદ સુધીની ઉમદા ગણતરી કરાવે છે ? કૂવામાં ફેંકી દેનારને દુષ્ટ માનવા હૈયું તૈયાર નથી, એવાને ઉપકારી તરીકે નવાજે છે ! દિલમાં જેવો વિકાસ કે વિચાર કરવા માગીએ તેવો કરી શકીએ છીએ. એમાં કોઈ આડે આવતું નથી, કે બાહ્ય સંયોગોનું બહાનું કાઢવું યોગ્ય નથી. માત્ર વાત એટલી છે કે જો જડની ચિંતાના ને કાયાની જ ચિંતાના ખપી હોઈશું, એના જ પૂજારી હોઈશું તો દિલમાં વિકાર વધતાં વાર નહિ લાગે, દિલ વિકૃત, બગડેલું સહેજે થવાનું. પણ જો આત્માના પૂજારી હોઈશું, આત્મચિંતા જાગ્રત હશે, તો દિલ વિકાસ પામવાનું, વિકસિત થવાનું, અને એનું સાધન ધર્મબુદ્ધિ.

**ધર્મબુદ્ધિ ચીજ એવી છે કે જીવનમાં બનતા બનાવોની એવી રીતે ખતવણી કરાવી આપે છે કે જેથી મન પ્રશાંત, પવિત્ર અને શુભ વિચારણાવાળું બને.**

ધર્મબુદ્ધિ ધૂળમાંથી સોનું શોધી આપે છે. કચરાપટ્ટી પ્રસંગ કે પદાર્થ પર પણ એ કિંમતી શુભ ભાવ જગાડી આપે છે.

**પાપ બુદ્ધિનું નુકસાન :-**

એથી ઊલટું અંતરમાં પાપબુદ્ધિ, કષાયવૃત્તિ કે વિષયસુખની લાલસા હોય છે, પછી ભલે જરાક બારીના પવનની લાલસા. તો સારા ઊંચા પણ પ્રસંગ વખતે હલકી વિચારણામાં મન ચઢી જાય છે. પરિણામે એવા ને એવા વિચારોના પુનરાવર્તનથી આત્મા નિસ્સાર, તુચ્છ, તામસી બને છે. અને એ પછી ધર્મમાં ય ઠરતો નથી. આ કુસંસ્કરણ અનેક હલકા ભવ સર્જે છે. માટે જો આવાં ખતરનાક પરિણામ ન લાવવાં હોય, તો આત્મ-ચિંતા ધખાવો, પાપનો ભય જાગ્રત રાખો, ધર્મબુદ્ધિ-ધર્મવૃત્તિને સ્વભાવમાં વણી લો.

પેલા કૂવામાં પડેલા બે જણા, એક જાતે પડેલ છે, બીજો પ્રપંચથી નખાયેલ છે, ખરે જ કર્મની ગતિ વિચિત્ર છે, બંનેને ધર્મબુદ્ધિ કેવી સ્વભાવમાં વણાઈ ગઈ છે

કે ત્યાં દિવસો વીતવા લાગ્યા, કોઈ બહાર કાઢનાર મળતું નથી, એટલે ચિંતા કરે છે કે આ સંસારકૂપ જેવા કૂવામાં શું આમ જ મરી જવાનું ? ચારિત્ર ધર્મની સાધના કર્યા વિના ?' એટલે ? એ, કે જો કોઈ બહાર કાઢે તો હવે ચારિત્ર લઈ લેવું.

કેવી આત્મચિંતા ! કેટલી ધર્મલેશ્યા ! એમ નથી થતું કે 'ક્યારે આમાંથી છૂટીએ અને નિરાંતે ઘેર જઈ આનંદમંગળ કરીએ !' આવા કોઈ કોડ નથી કેમ કે ઉત્તમ જીવો છે. આત્મચિંતાને ઉત્તમ કહો છે, એ આત્માને ઉત્તમની કોટિમાં મૂકે છે.

**માણસ સારો શાના ઉપર ?**

રૂપરંગ કે પૈસા ટકા યા પાપની હોશિયારી ઉપર ? નહિ. પણ સારી કરણી પર, સારા ગુણો અને સારી વિચારસરણી પર, રૂપરંગે તો કેટલાક કૂતરા પણ સારા હોય છે. સમૃદ્ધિ તો રાક્ષસ પાસે ય હોય છે. પાપની હોશિયારી જંગલના શિયાળિયામાં ય હોઈ શકે છે. પણ તેથી શું ? આત્માની ઉત્તમતા ઉત્તમ આત્મચિંતા પર છે. ઉત્તમ આત્મચિંતા માટે પાપનો ભય, ધર્મલેશ્યા અને જિનવચનનો અનન્ય રાગ કેળવવા માંડો.

**પાપના ભયથી દુષ્કૃત્યો ઓછાં થઈ જશે. ધર્મલેશ્યાથી સુકૃતો ઝગમગશે.**

**જિનવચનના અનુપમ રાગથી અહંત્વ અને આપમતિ કે જે મોક્ષમાર્ગની સાધનાની આડે જબરી શિલા છે તે ઓગળી જશે.**

**જિનવચનનું મહત્ત્વ :-** ધર્મ પાળવાની ભૂમિકા પ્રાપ્ત થાય એવો કાળ ચરમાવર્ત કાળ, મોક્ષ પામવા પૂર્વેનો સંસારનો છેલ્લો પુદ્ગલ પરાવર્ત એ કાળમાં આવેલા જીવોને કાંઈ બધાયને પહેલવહેલાં જિનવચન નથી મળી જતાં, છતાં આત્મવાદી બીજા ધર્મ મળવાથી આત્મા તરફ દૃષ્ટિ જાય છે, દુઃખમય સંસારની ઓળખાણ થાય છે, પાપનો ભય પણ લાગે છે, અને મોક્ષ માટે ધર્મ કરવાની લેશ્યા પણ જાગી શકે છે. આમ છતાં જિનવચન નથી મળ્યા હોતાં એટલે આત્મા, સંસાર, મોક્ષ, સંસારના હેતુ, અને મોક્ષના હેતુ, આ બધાના સાચા સ્વરૂપનું ભાન નથી, તેથી વાસ્તવિક મોક્ષમાર્ગની સાધના હાથ નથી લાગતી.

**બધું તર્કથી ન જણાય :-** વાત પણ સાચી છે કે જ્યાં સુધી સમસ્ત વિશ્વનું ત્રણેય કાળનું સંપૂર્ણ સવિસ્તર જ્ઞાન જેને નથી, પ્રત્યક્ષ નથી, ત્યાં સુધી એ અતીન્દ્રિય અને પરોક્ષ વસ્તુતત્ત્વ સંબંધી શું કહી શકે ? અને કહેવા જાય તો તેના પર વિશ્વાસ કેમ મૂકી શકાય ? બધી વસ્તુ કાંઈ તર્કથી નથી સમજાતી. એવા ઘણા પદાર્થ છે કે જે હેતુગમ્ય નથી, પણ માત્ર આગમગમ્ય છે, અર્થાત્ સર્વજ્ઞ ભગવાનના વચનથી જ જાણી શકાય એવા છે. દા.ત. અમુક ક્રિયામાં અમુક જ વિધિ હોય



એમાં બધે તર્ક નહિ ચાલી શકે. એમ લોકનો આકાર કેવો એમાં વિમાનો, પાતાળો વગેરે કેવા કેટલા, વગેરે ભાન તર્કના આધાર પર ન થઈ શકે. એવી રીતે આત્મામાં કેવા કેવા પરિણામ ઉપર કેવાં કેવાં કર્મ બંધાય છે એના સ્થિતિ-રસ કેવા અને કેટલા પ્રમાણમાં નક્કી થાય છે, એના પર પછી સંક્રમણ વગેરેની શી શી પ્રક્રિયા થાય છે. ઈત્યાદિ ઈત્યાદિ કાંઈ તર્કથી જાણી શકાય નહિ. એ તો સર્વદર્શી-સર્વજ્ઞાનીના વચનથી ખબર પડે. માટે જ જિનવચનની ગાંઠે બંધાવું જોઈએ.

**જિનવચન પર શ્રદ્ધા :-** આત્મચિંતાવાળાને આ ડર હોવો જોઈએ કે 'મારામાં ધર્મની લેશ્યા હોવા છતાં રખે ને આપમતિએ કે અજ્ઞાનીના વચને હું ક્યાંક હિતને બદલે અહિતમાં ન પડી જાઉં ! માટે મારે તો જિનવચન એ જ પ્રમાણ. ભલે કદાચ જિનનું કહેલું બધું પાળી ન શકું, પરંતુ એમાં તો મારી કમનસીબી માનું, બાકી માર્ગ અને તત્ત્વ, ગ્રાહ્ય અને ત્યાજ્ય, વાચ્ય અને અવાચ્ય, વગેરે માનવાનાં તો જિનવચનના આધારે જ. દુનિયામાં બીજું તો ઘણુંય મળે છે, પણ જિનવચન ક્યાં મળે ?'

**જિનવચનની ભાવના :-** ત્યારે આજે તમને જિનવચન સહેજે મળી ગયેલ છે. એનું મૂલ્ય સમજો તો દેખાય કે એનો અભ્યાસ તો પછી, પરંતુ એટલું જો મનમાં આવે કે 'અહો કેવું અનંત કલ્યાણનું સાધન જિનવચન ! કેટલા અલૌકિક સત્ય તત્ત્વોને કહેનારું જિનવચન ! મહાસૂક્ષ્મ અને વિશાળ બુદ્ધિને ધરનારા ગણધર મહર્ષિઓએ પણ એને અપનાવ્યું ! મોટા દેવદેવેંદ્ર જેવાએ ય એને તહત્તિ કર્યું ! એના ગુણ ગાયા ! કેટલું ઉત્તમોત્તમ જિનવચન ! સકલ જગતના જીવોને અભયદાન કેવું અપનાવનારું ! ચક્રવર્તીપણું, સ્વર્ગ અને મોક્ષ સુધીનાં સુખ પમાડનારું, એકાંત હિતકારી, જીવનને ધન્ય કરનારું સફળ કરનારું... કેવું લોકોત્તર જિનવચન !...' આટલું પણ જો ચિત્તમાં એકાગ્રભાવે આવે, તો પણ શાસ્ત્ર કહે છે કે એ ધર્મધ્યાન થાય, પાપ કર્મોના થોક ઉડાવે, ગજબનાં પુણ્ય ઉપાર્જિત થાય. અલબત્ત વૈરાગ્ય ભાવનાથી ભાવિત થઈ જિનવચનની લોકોત્તમતા અને અનંત કલ્યાણ કરતાનો મનમાં અભ્યાસ કરવો જોઈએ.

પૂર્વના મહાન શ્રાવકોએ આ કરીને એની શ્રદ્ધામાં એટલા દૃઢ બન્યાના દાખલા છે કે દેવતા પરીક્ષા કરવા આવ્યા છતાં લેશ માત્ર ચલાયમાન થયા નથી. એમને જિનવચનનાં ઊંચા મૂલ્ય સમજાઈ ગયાં હતાં. મનને સચોટ લાગતું હતું કે દુન્યવી મહાન સિદ્ધિ-સમૃદ્ધિઓ જિનવચન રૂપી ખજાના આગળ કાંઈ જ વિસાતમાં નથી. ક્યાં એ ભવકેદમાં ફસાવી નાખનારી દુન્યવી સિદ્ધિ-સમૃદ્ધિઓ ! અને ક્યાં ભવોદ્ધારક જિનવચન !' એક મારક અને બીજું તારક. આટલો મોટો તફાવત છે.

**જિનવચન મળ્યું અને એને અથાગ શ્રદ્ધાથી હૃદયસ્થ કર્યું એટલે તો તાત્ત્વિક રીતે વીતરાગ બનવાનો પંથ હાથ લાગ્યો.**

**જિનવચન ભાવિતમતિ :-** શાસ્ત્રોમાં શ્રાવકનું આ એક વિશેષણ આવે છે કે એ જિનવચન ભાવિત મતિવાળા હતા. અર્થાત્ એમની મતિ, એમનો આશય જિનવચનથી ભાવિત કરાયેલો હતો. દવાની ભસ્મોને વનસ્પતિ વગેરેના પુટ આપી આપી ભાવિત કરવામાં આવે છે; એવી રીતે બુદ્ધિ, આશય, વિચારસરણીને જિનવચનથી ભાવિત કરેલી. એટલે તો હવે વિચારણા ચાલે તે જિનવચનના પ્રકાશથી ઉજ્જ્વલિત બનેલી ચાલે. બુદ્ધિ પર જિનવચનનું પાકું બંધન આવી ગયું.

આત્મચિંતાને જાગતી રાખવી હોય તો આ ખાસ કરો કે બુદ્ધિ ઉપર જિનવચનનું પાકું બંધન આવી જાય. મન પર ભાર રહે કે જિનેશ્વર ભગવાને કહ્યું તે બધું જ સાચું અને શંકા વિનાનું. માટે મારે લેશમાત્ર પણ એની અવગણના નહિ કરવાની, જરાય બેપરવાઈ નહિ કરવાની, ક્યાંય વિચાર માત્રમાં જિનવચનથી વિરુદ્ધ ન ચિંતવાઈ જાય. કોઈ અભિપ્રાય જિનવચનથી વિરુદ્ધ બંધાય નહિ, એવી પાકી તકેદારી રાખવાની. પછી બોલવામાં તો પૂછવાનું જ શું ?

**'પાપ નહિ કોઈ ઉત્સૂત્ર ભાષણ જિસ્યો, ધર્મ નહિ કોઈ જગસૂત્ર સરિખો.'**

આ મહર્ષિનું વચન છે. એટલે મુખમાંથી એકપણ ઉદ્ગાર જિનવચથી અર્થાત્ શાસ્ત્રના અક્ષરથી વિરુદ્ધ મનમાની કલ્પનાનો કે મન માન્યા તર્કનો ન બોલાઈ જાય, એ ખાસ ચીવટ રાખવાની.

**જમાલી** એક પદ ઉત્સૂત્રનું બોલ્યો તો એનું ભવભ્રમણ વધી ગયું, મરીચિએ પરિવ્રાજકપણામાં પણ ધર્મ એટલું ઉત્સૂત્ર ભાષણ કર્યું તો એક કોટાકોટિ સાગરોપમનો સંસાર વધી ગયો.

**કમલપ્રભાચાર્યે** તીર્થંકરનામ કર્મ ઉપાજર્યું હતું. ભૂલમાં સાધ્વીનો સંઘટ્ટો થયો એના પર વિરોધીઓએ પૂછ્યું 'સાધુથી સાધ્વીને અડાય ?' આચાર્યે પહેલાં તો બોલવાની છટાથી એમને ઘુમડ્યા, એનો સીધો ઉત્તર ન કર્યો. પરંતુ પેલા ક્યાં છોડે એવા હતા ? છેવટે 'હા' કે 'ના' નો સીધો જવાબ માગ્યો ત્યારે આચાર્ય કહે છે 'શાસ્ત્રમાં ઉત્સર્ગ-અપવાદ ઘણા છે તમને શી ખબર પડે !'

હવે જુઓ આમાં સાક્ષાત્ ઉત્સૂત્ર જેવું નહિ દેખાય પરંતુ દિલનો ભાવ શો હતો ? એ જ કે સામા એમ સમજે કે આ સ્ત્રીસ્પર્શ અપવાદના ઘરનો છે. ઉત્સર્ગ એટલે મુખ્ય નિયમ. અપવાદ એટલે એમાં કારણવશાત્ શાસ્ત્રે મંજૂર કરેલી છૂટ. આચાર્યે આ ઉત્તર કર્યો તે ભયંકર હતો; એણે કેટલાં જબરદસ્ત તીર્થ સેવા વગેરેના ભાવોલ્લાસથી ઉપાર્જેલા તીર્થંકર નામ કર્મને ખેરવી નાખ્યું ? એટલું જ નહિ પણ



સાવદ્યાચાર્ય તરીકે પ્રસિદ્ધિ પામ્યા અને સંસારમાં ભટકતા થઈ ગયા.

**ક્યાં કીર્તિ અને ક્યાં શાસ્ત્રનાં બંધન :-**

આનું શું કારણ ? કહો લજ્જા આવી કે 'આવો મોટો હું આચાર્ય, અને ભૂલ્યો છું એમ કેમ દેખાડાય' ? તેથી એ લજ્જામાં તણાયા, એમણે જડ કીર્તિની ચિંતા રાખી અને આત્મચિંતા ગુમાવી, તેમાં જિનવચનનો અવળો ઉપયોગ કર્યો. પોતાના આત્માનો એ ખ્યાલ ન કર્યો કે શાસ્ત્રવચનના અઘટિત ઉપયોગથી હું આ લોકોમાં કદાચ સારો દેખાઈ ગયો, પણ તેથી શું ? શાસ્ત્રના એક પણ અક્ષરના અવળા ઉપયોગથી મારા આત્માનું શું થાય ? મારે તે તુચ્છ લોકોની શાબાશીમાં રાચવાનું કે અનંત કલ્યાણકર જિનવચનને બંધાયેલા રહેવાના ? લોકની શાબાશી શું પરખાવે ? રાખ ને ધૂળ ! જિનવચનનાં બંધનનું પાલન તો મહાન પુણ્યાનુબંધી પુણ્યની પુષ્ટિ અને પાપક્ષયથી શુદ્ધિ આપે, ભવો સુધારી આપે. બસ, આ કાંઈ વિચાર ન રાખ્યો અને શાસ્ત્રીય વસ્તુમાં લોચો વાળ્યો તો ત્રણ જગતના પૂજ્ય બની શકવાની સ્થિતિમાંથી જગતના ગુલામ બનવાની સ્થિતિમાં મુકાઈ ગયા !

**હઠવાદ પણ શાસ્ત્રને ઓળંગાવે :-**

માત્ર લોકની શાબાશી લેવા શાસ્ત્રવચન ઓળંગે તો આ પરિણામ; એમ સમજતા નહિ, ખોટી હઠવાદે ચઢાય, પોતાને સ્થૂલ બુદ્ધિએ ઠીક લાગ્યું તેને સાચું ઠરાવવા શાસ્ત્ર-અક્ષરોને મચડવા-મરોડવામાં આવે તો ય અધઃપતન છે. માથે ભાર તો એ જોઈએ કે 'મારે તો જિનવચન એ જ મુખ્ય. મારી મતિને એના તરફ લઈ જવાની, પણ એને મારી મતિની પાછળ ઘસડવા ફાંફાં નહિ મારવાનાં. સારું ઓછું વિચાર્યું હશે એનું એટલું નુકસાન નથી, જેટલું કહેવાતા સારા વિચાર માટે જિનવચનને તોડફોડ કરી આડુંઅવળું લગાવ્યું હશે એમાં છે. શાસ્ત્રકારો સૂત્રના અનેક પ્રકાર કહે છે, ઉત્સર્ગસૂત્ર, અપવાદસૂત્ર વગેરે એનો એ રીતે જ ઉપયોગ કરાય. દા.ત. અપવાદસૂત્રનો ઉત્સર્ગ તરીકે ઉપયોગ ન કરાય. આડુંઅવળું કરતાં તો જિનવચનના નામે એનું જ ઉલ્લંઘન થાય છે અને એ મહા અનર્થકારી છે.

**જિનવચન ઓળંગવું ભયાનક કેમ ?**

જુઓ કમલપ્રભાચાર્યના મહાન તીર્થંકરનામકર્મના પુણ્યને પણ ઉથલાવી પાડે, ત્યારે એ જિનવચનનો વિપર્યાસ કરવાનું પાપ કેટલું જબરું ? એમ એ મરીચિને દીર્ઘકાળ સંસારમાં ભમાવે, અસંખ્ય વર્ષો સુધી જૈનધર્મથી વંચિત રાખે, જૈન ધર્મનું દર્શન ન થવા દે, ત્યારે એ ઉત્સૂત્ર પાપ કેટલું જોરદાર ? 'પાપ નહિ કોઈ ઉત્સૂત્રભાષણ જિસ્યો.' એટલે જબરામાં જબરું પાપ ઉત્સૂત્ર, આ એમ જ થોડું લખ્યું છે ? દુરાચારાદિ પાપ કરતાં પણ જિનવચનને ઓળવવાનાં પાપમાં ચિત્ત

ઘણું સંક્લિષ્ટ થાય છે. પેલામાં તો હજીય કદાચ મનને ડંખતું હોય કે, 'આ બહુ ખોટું થઈ રહ્યું છે ! ભગવાને સદાચાર ફરમાવ્યો અને હું આ શું કરી રહ્યો છું ?' આવા જિનવચનનો મન પર ભાર તો રાખ્યો, પરંતુ ઉત્સૂત્રભાષણમાં તો એ જ ઉડાવવાનું થાય છે, ચિત્ત જિનવચનની સામે બળવો કરે છે, અને જિનવચનનો સામનો એટલે જિનનો, જિનના જ્ઞાનનો અને જિનની શક્તિનો સામનો ! એટલે એ કેટલો બધો ભયંકર નીવડે ?

**જિનવચન પ્રેમીની ફરજ :-**

એટલા જ માટે કહેવાય છે કે આત્મચિંતામાં માથે જિનવચનનું પાકું બંધન જોઈએ; એવું બંધન, કે બીજી ગમે તેટલી પોતાની બુદ્ધિ શક્તિ, તર્ક શક્તિ ને સ્ફુરણા શક્તિ વગેરે હોય, છતાં એક વસ્તુ ચોક્કસ રાખવાની કે મારે જિનવચનની સીમા બહાર નહિ જવાનું. જિનવચન એટલે જિનવચન. ક્યાં એ અનંત જ્ઞાનીઓની નજરે જોયેલી વસ્તુ, અને ક્યાં મારે માત્ર કલ્પનાના ઘોડા દોડાવવાની વાત ! મોટા ગણધર ભગવંતો અને ચૌદ પૂર્વો જેવું કંઠસ્થ રાખી શકવાની મહાશક્તિ ધરાવનાર અથવા અદ્‌ભુત વિદ્વત્તાવાળા આચાર્ય મહારાજો પણ જો જિનવચનને બરાબર વળગીને રહે છે. પૂર્વાચાર્યોના મતમાં ભેદ દેખાય તો **'તત્ત્વં કેવલિગમ્યં'** કરે છે. તો પછી હું કોણ માત્ર ? જિનવચનથી, શાસ્ત્ર અક્ષરથી એક દોરાપુર આઘા જવાય નહિ !

**આપણા મનના માલિક કોણ ?**

આ વિચારણામાં શું કર્યું ? જિનવચનની પરતંત્રતા સ્વીકારી લીધી, વચનના કહેનાર જિનેન્દ્રદેવની આધીનતા માથે ધરી લીધી. બહુ મઝા છે આમાં. 'હું તો જિનવચનને બંધાયેલો; જિનેશ્વર ભગવાન મારા મનના માલિક.' આ ભાવના વારંવાર કરવામાં આવે, હૃદયના તાર ઝણઝણે એ રીતે કરાય, અંતરમાં એમ ભાસ્યા કરે કે 'જિનવચન સિવાયના બંધનમાં શો માલ છે ? નાથ આરિહંતને છોડીને બીજા કયા માલિક મારું અજવાળી શકે એમ છે ? બીજાં બંધન અને માલિક તો પોકળ, ભવમાં ભટકતા રાખે એવા; ત્યારે જિનવચનનાં બંધન અને જિનેન્દ્રદેવ માલિક તો આ ભીમ ભવસાગરથી પાર કરનારા !

**વિષયના આવેશ કેમ તૂટે ! :-** એમ દિલના દર્દ સાથે જિનવચનની ભાવના કરાય તો આત્મા ઉલ્લસિત થાય છે, મન ફોરું બને છે, અને વિષય-કષાયના આવેશ ઓછા થઈ જાય છે, કેમ કે જિનેશ્વર ભગવાનનું જીવન અને એમનાં વચન વિષય-કષાયને શત્રુ તરીકે ઓળખાવે છે. તો શત્રુનો આગ્રહ કેમ રખાય ? એનો આગ્રહ હોય છે માટે આવેશ ચઢી આવે છે. 'મારે તો અમુક પ્રકારનું સ્વાદવાળું



જ ભોજન જોઈએ' એવો આગ્રહ હોય તો ત્યાં એ મળતાં એના પર આસક્તિનો આવેશ રહે છે. 'કપડાં અમુક ફેશનનાં જ જોઈએ' એવા આગ્રહ પર એ ઠઠારો મળતાં આવેશવાળી આસક્તિ થાય છે. જો આગ્રહ ન હોય તો આસક્તિ થઈ જવા છતાં આવેશ નથી રહેતો; મન સમજે છે કે આ આસક્તિ ખોટી છે, નકામી છે, એમાં મારી નબળાઈ છે, મોટા ચક્રવર્તી કે દેવતાઓના ઠઠારા આગળ આની શી વિસાત છે કે એના પર લહેવાઈ જઈ આસક્તિ કરવી ?' આ સમજ હોવાથી અવસરે કદાચ એ ન મળ્યું, યા એમાં કાંઈ ખામી ઊભી થઈ, તો એવી આકુળતા-વ્યાકુળતા નહિ થાય. ત્યારે આવેશ તો એવી ચીજ છે કે એની આગળ-પાછળ દશા જ જુદી જાતની હોય છે. વ્યાકુળતા એની પૂર્વે અને પછી જડાયેલી રહે છે.

**કષાયના આવેશમાં વધુ :-** જિનવચનનાં બંધન નહિ, તો જેવી આ વિષયના આવેશમાં દશા, એવી કષાયના આવેશમાં. બલકે કહો કે કદાચ એથી પણ વધુ ભયંકર દશા ! જીવ સંસારી છે, રાગ-દ્વેષ થઈ જાય, ગર્વ-ગુસ્સો, મદ-માન-માયા-લોભ આવી જાય, પરંતુ એનો આવેશ હશે તો એ કષાયો રસપૂર્વક કરાશે ને એને વાજબી ઠરાવવાનું મન થશે. આવું હોય પછી પ્રસંગે પ્રસંગે એ કર્યા વિના કેમ રહેવાશે ? બીજાના સામે ન જોતા, જાત સામે જોજો કે ખાલી કષાય છે કે એનો આગ્રહ-આવેશ પણ છે ? કષાય કરવો પડે ત્યાં ભડક લાગે છે ? અભિમાન ઊછળી આવે કે રાગ-મમતા-તૃષ્ણા ઝળકી ઊઠે, ત્યાં ચોંકી ઊઠવાનું બને છે ખરું કે 'અરે ! આ ક્યાં ચાલ્યો ? આમાં મારા આત્મા પર, કપડાં પર કાજળ પડે એની જેમ, કેવી મલિનતા થાય ? અનાદિથી તો મેલો દાટ થઈને આવ્યો છું, હવે અહીં મેલ ઉતારી નિર્મળ થવાનો ભવ અને સામગ્રી મળી તોય પાછો રાગ દ્વેષ-મદ-તૃષ્ણા કરી મેલ વધારવાનો ? આવી ચોંકામણ થવી જોઈએ. એ થાય તો કષાયનાં ગાત્ર ઢીલાં પડી જાય; કષાય કરવા પહેલાં હોંશ ન હોય, પછી હોશિયારી ન મનાય. મનને થાય કે 'એવી હોંશ-હોશિયારી તો જંગલના વાઘ-વરુને કે રાક્ષસ-પિશાચને છાજે, મને નહિ.'

**જિનવચનના બંધનમાં શું શું આવે ? :-**

જિનવચનનું બંધન માથે ધર્યું; બીજું ગમે તે થાઓ પરંતુ મારા નાથના વચનની મારા દિલમાં રહેલી શ્રદ્ધાને જરાય ટક્કર ન લાગવી જોઈએ એવું કાંઈ ન વિચારું, ન બોલું, કે ન આચરું જે જિનના વચનના વિરોધમાં જતું હોય, જે જ્ઞાનીઓએ બાંધેલી મર્યાદા બતાવેલી પદાર્થવ્યવસ્થા; અને ઉપદેશેલા માર્ગ તથા અપેક્ષાઓને પ્રતિકૂલ હોય, એનો અપલાપ-ઈન્કાર કરનારું હોય, એ તો જોઈએ જ નહિ.' આવી રૂઢ જવાબદારી માથે ધરી, ક્રિયામાં ઉતારી, એ એનું બંધન સ્વીકાર્યું

અને અદા કર્યું ગણાય. ત્યારે અહીં એક પ્રશ્ન થાય છે, **પ્ર.**-શું શ્રાવક પૃથ્વીકાયાદિ જીવોના આરંભ-સમારંભ અને પરિગ્રહ કરશે તે જિનવચને પાપનાં કારણ અને ત્યાજ્ય નથી કહ્યા ? તો એ કર્યે જાય ત્યાં જિનવચનને માથે ધરવાનું ક્યાં રહ્યું !

**શક્તિ અને પરિસ્થિતિ મુજબ આજ્ઞાપાલન :-**

**ઉ.**-આ પ્રશ્નનું સમાધાન એ છે કે જિનવચન માથે ધરવાની વસ્તુ કાંઈ માત્ર એક ઉત્કૃષ્ટ પ્રકારની જ હોય છે એવું નથી. એને સાંગોપાંગ આચરાય એ તો ઊંચી વચનબદ્ધતા છે. પણ એની નીચેની સ્થિતિમાં જિનવચનનો જ એક પક્ષપાત એ પણ એનું બંધન છે. સંપૂર્ણ આચરણ તો તાકાતના અભાવે ન પણ બની શકે. ભગવાને કાંઈ એવું નથી કહ્યું કે 'શક્તિ ન હોય તો પણ ઊંચી ઊંચી ધર્મસાધના કરો જ, ગમે તે પરિસ્થિતિમાંય આચરો જ.' પ્રભુએ તો પોતાની શક્તિ અને પરિસ્થિતિને ઉચિત એવી સાધનાઓ ફરમાવી છે.

**શક્તિનું ઉલ્લંઘન કરવા જાય તો** પેલી કહેવત જેવું થાય, **'લાંબા વાંસે ટૂંકો જાય, મરે નહિ તો માંદો થાય'** ! અર્થાત્ ગજા બહારનું કરવા જાય, તો મન બગડે સમાધિ જાય, ચિત્તની-સ્વસ્થતા લોપાય, ઓલામાંથી ચૂલામાં પડવા જેવું થાય.

એમ પરિસ્થિતિને અનુચિત કરવા જાય તો ધર્મની નિંદા-લઘુતા થાય. ત્યારે સ્થાનને ઉચિત ભૂલવા જતાં આંતરિક ધર્મ ભાવનાને ટક્કર લાગે. દા.ત. ગૃહસ્થપણામાં છે, અને વેપાર ધંધો ષટ્કાય જીવની સાક્ષાત્ કે પરંપરાએ વિરાધનાભર્યો છે. માટે એ ન કરતાં સામાયિક કરતો બેસી રહે, અને પછી આ આજીવિકા માટે ભીખ માગે તો એ પોતાના સ્થાનને અનુચિત ગણાય. લોક ટીકા કરે 'લ્યો જુઓ આમનો ધર્મ ! મફતિયું માગીને ખાવું છે !' એ ધર્મની લઘુતા થઈ ગણાય. એમ શક્તિ નથી અને મોટી તપસ્યા લગાવી છે, તો પછી ઢીલો પડતાં મનમાં લોચા વાળશે, આકુળવ્યાકુળ થશે. આ મન બગાડ્યું કહેવાય. એમ સાધર્મિકનો સંયોગ છે ત્યાં વિચારવા બેસે કે એના માટે ચૂલો-ઓલો કરવામાં પાપ લાગશે, માટે મૌન રહો. ભોજનની વિનંતી નથી કરવી ! તો પોતે કંઈ સાધુ નથી, ગૃહસ્થ છે, છતાં સાધર્મિક ભક્તિનું કાર્ય ઉવેખ્યું એમાં મન બગડ્યું કહેવાય, દર્શનાચાર ગુમાવ્યો.







**ધર્મની નિશાળના વર્ગો :-**

પ્રભુનાં વચન હિંસા-અહિંસા સાવદ્ય-નિરવદ્ય, વગેરેનો ભેદ સમજાવી એક ત્યાજ્ય, બીજું આદરણીય બતાવે છે. છતાં સાથે કક્ષા મુજબનો ધર્મ ફરમાવે છે. અનાદિના પાપના અભ્યાસી જીવને ધર્મ માર્ગે ચઢવામાં અનેક કક્ષા વટાવવી પડે છે. ધર્મની નિશાળનાં અનેક ધોરણ છે. કોઈ પહેલા ધોરણમાં હોય, કોઈ પાંચમામાં હોય. બધાય જીવો ધર્મમાર્ગમાં આવતાં એકદમ જ સૌથી ઊંચી કક્ષામાં નથી આવી જતા, ધીમે ધીમે આગળ વધે છે. એ હિસાબે એની કક્ષાને અનુસાર ધર્મસાધના શાસ્ત્રે કહી છે. એમાં એવું ય બને કે એક સાધના ઉપરની કક્ષાવાળા માટે ધર્મરૂપ ન હોય, એ નીચેની કક્ષાએ રહેલા માટે કર્તવ્ય ધર્મ તરીકે હોય, દા.ત. અરિહંતની દ્રવ્ય-પૂજા સાધુ માટે કર્તવ્ય નહિ, પરંતુ શ્રાવકપણે અવશ્ય કરણીય ધર્મ. કેમ કે પોતાની કક્ષામાં એ જ રીતે આગળ વધી શકે. નહિતર તો બીજા આરંભ-સમારંભ કરતો હોય અને દ્રવ્યપૂજામાં આરંભ છે, પુષ્પના જીવને કિલામણા થાય, એમ માની એ ન કરે એ અનુચિત ગણાય, એમાં પ્રભુ પ્રત્યેની કૃતજ્ઞતા ગુમાવે ! ચિત્ત વિશુદ્ધિનું મહાન સાધન એળે જાય !

**આરંભ-સમારંભ છતાં લાભની દૃષ્ટિ :-** ઘરકામ આવ્યું ત્યાં કહે છે, 'એ તો આરંભ-સમારંભ કરવા પડે.' અને જિનભક્તિ, સાધર્મિક ભક્તિની વાત આવી ત્યાં કહે છે 'એ ન કરાય.' આ કેવો ન્યાય ? તો પછી ઊંચો શી રીતે આવીશ ? એ કરીને પણ લક્ષ્મીની મૂર્ચ્છા ઉતારવાની છે, કૃતજ્ઞતા બજાવવાની છે, હૈયાના ધર્મપ્રેમને સક્રિય કરવાનો છે, ગુણની સક્રિય અનુમોદના-હર્ષ વ્યક્ત કરવાના છે. એ બધું,ભક્તિ ટાળીને, શી રીતે કમાવાનો ? તારી કક્ષા જ એવી છે કે એમાં એ રીતે ઊંચા અવાય, ધર્મ પરિણામની વૃદ્ધિ થાય, નહિતર તો મોહ-મૂર્ચ્છા વગેરે અકબંધ રહી જાય. બાળકની કક્ષા જ એવી છે કે વગર સમજ્યે પણ ગોખીને ઊંચો આવે. ત્યાં જો દલીલ કરવા જાય કે 'સમજ્યા વિના ગોખેલું શું કામનું ? હું તો સમજ પડ્યા પછી ગોખીશ' તો આગળ વધી શકે ? આગળ નહિ ઠોઠ રહી જાય.

તેરાપંથી, સોનગઢપંથી વગેરે કક્ષા મુજબની ધર્મમર્યાદાને...સમજતા નથી, એટલે બિચારા ખરેખર ધર્મ પરિણામથી વંચિત રહી જાય છે. બાવાના બેય બગડે છે. (૧) ગૃહસ્થપણે રહી સદાચારોનું સહર્ષ પાલન કરી શકત તે ગયું, અને (૨) બાવો બન્યા પછી હવે ચિત્ત ઠેકાણે રહેતું નથી. તેથી વલખાં મારે છે, અનેક કુવિચારોમાં અટવાયા કરે છે. અને એય કેટલું ચાલે ? એનો ધસારો વધી જતાં કાયાથી ય

આડુંઆવળું કરે છે, તેમ પાછો એના પર કોઈ ખેદ-ઘૃણા અનુભવતો નથી. ઊલટું 'સર્વ બ્રહ્મમય' કરી મસ્તી અનુભવે છે. આમ આત્મિક દૃષ્ટિએ જોતાં બાવાના બેય બગડે છે. એવી દશા આ પ્રભુ પૂજા-દયા દાનમાં હિંસા અને અધર્મ માનનાર તેરાપંથી, તથા ધર્મ ક્રિયામાં મિથ્યાત્વ માનનાર સોનગઢ પંથીની થાય છે. એમને બિચારાને એ ખબર નથી કે ધર્મ એ કક્ષા મુજબનો હોય છે. ને ભિન્ન ભિન્ન કક્ષા જ એવી છે કે એમાં એક જ રીતનો વિકાસ માર્ગ ન હોય. નિશાળમાં જુવો, એક ઈતિહાસ પણ ઉપર ઉપરના વર્ગમાં જુદી જુદી રીતે ભણાવે છે. કક્ષાનુસાર આરાધના કરે તો જીવ આગળ વધી શકે, નહિતર નીચે ય પટકાઈ જાય.

આ ઉપરથી એ સમજવાનું છે કે જિનવચન કક્ષાનુસાર ધર્મ સાધનાનો ઉપદેશ કરે છે. તેથી ગૃહસ્થ કાંઈ ઉપરની કક્ષાની ધર્મ સાધના ન કરી તેથી એ જિનવચનને ઓળંગનારો ન કહેવાય. ઉપરની સાધના ન કરે એટલું જ નહિ કિંતુ પોતાની કક્ષાની ધર્મસાધના કદાચ ન બજાવી શકે, છતાં જો 'એ જ કર્તવ્ય છે, કિંતુ પાપ એ કર્તવ્ય નહિ' તેમજ એ ધર્મસાધના કરીને પણ ઉપરની કક્ષાની ધર્મ સાધનાએ જવાનું છે, એ જ કર્તવ્ય છે. એવી જિનવચન પર અથાગ શ્રદ્ધા ધરે અને કર્તવ્ય ન બની શકવાના પર તથા થઈ જતા પાપ પર ખેદ ધરે તો પણ તે જિનવચનને માથે ધરનારો કહેવાય, જિનવચનનાં બંધન સ્વીકારનારો ગણાય.

આ વસ્તુ વ્યવહારમાં દેખો દા.ત. બાપનો આદેશ છે કે 'આપણે એવી આવક નથી, માટે ખર્ચ ઓછો રાખવો.' હવે દીકરો માંદો પડ્યો, અને ઉપચાર માટે સારા વૈદ્યની દવા વગેરે લેવું પડે છે, ત્યાં ખર્ચ વધુ થાય છે, તો શું એ બાપના આદેશને બંધાયેલ રહ્યો કે ઓળંગનારો ? ઉલ્લંઘન કરનારો નહિ ગણાય; કેમ કે એના સંયોગ એવા છે કે એ ખર્ચ કરવો પડે.

**જિનવચન-સ્વીકારવામાં પાપ ઓછામાં ઓછું :-**

એમ અહીં પણ પ્રારંભની અવસ્થાવાળા જીવને મોહનો મંદવાડ છે, તેથી આરંભ વિષય પરિગ્રહના એ પાપ થઈ જાય છે; તો એટલા માત્રથી એ જિનવચનને ઉત્થાપનારો નહિ ગણાય, અલબત્ત એના દિલમાં બેઠેલું જોઈએ, કે

આ આરંભ-વિષય-પરિગ્રહ એ બધાં પાપ છે, એવાં પાપોથી ભર્યો ઘરવાસ એ ફાંસલો છે. આત્માનો મોક્ષ કરવો હોય તો ઘરવાસ ત્યજી સર્વથા પાપરહિત સાધુ જીવન જીવવું એ જ એક ઉપાય છે. એ ન બની શકે ત્યાં સુધી પણ એની તરફ જવાના ઉદ્યમ તરીકે પાપમાં ઓછાશ કરવી પડે અને થઈ જતાં પાપનો પક્ષપાત નહિ પણ અરુચિ-ઘૃણા જોઈએ. જિનવચનની બલિહારી છે. એણે આ પાપો અને ઘરવાસની સાચી ઓળખાણ કરાવી. છૂટવાના માર્ગ બતાવ્યા !' ઓછામાં



ઓછું, આવી અંતરમાં જાગૃતિ હોવી જોઈએ. તો એ જિનવચન સ્વીકાર્યું કહેવાય. પછી ત્યાં એ ભય નથી કે 'તો પછી એ રંગરાગ ખેલતો રહેશે !' ના, જિનવચન સ્વીકારનાર તો પાપ પ્રત્યે તિરસ્કારવાળો હોય છે, તેથી પાપમાં નિરાંત કરીને બેસી રહેનારો હોય નહિ. એને તો અવરનવર ચળવળાટ થતો હોય, નિષ્પાપ જીવન માટે એ તલસતો હોય, જિને કહેલાં તત્ત્વોની અખૂટ શ્રદ્ધા છે, હેય-ઉપાદેયના વિવેકવાળો હોય. 'હેય એટલે ત્યાજ્ય એવા આશ્રવોનો ત્યાગ કરી, ઉપાદેય એટલે કે આદરણીય સંવર માર્ગને અપનાવી, જિનેશ્વર દેવને ઊંચું જીવન સમર્પણ કેમ કરું,' એ ઝંખતો હોય. આવો આત્મા વિષયોના રંગરાગમાં નિરાંત શેનો અનુભવે ? આંધળો કેમ બને ?

**ત્રણ આવેશ પર આપમતિ :-**

આત્મચિંતા જાગ્યા પછી તો આત્માના શત્રુભૂત વિષય-કષાયોને એ જ રીતે ઓળખે નવાજે; અને આગળ વધી જિનશાસન પ્રાપ્ત કરવા મહાભાગ્યશાળી બન્યો હોય તો તરણતારણ જિનવચનને પરમ કલ્યાણકારી તરીકે સ્વીકારે ત્યાં એનું બંધન માથે ધર્યા પછી આપમતિપણાને દેશવટો દેવાઈ જાય. મનને થયા કરે 'હું અબૂઝ શું જાણું, શું સમજું ? એ તો વીતરાગ-સર્વજ્ઞ ભગવાને કહ્યું તે જ સાચું તે જ મારે ગ્રાહ્ય, માન્ય અને આદરણીય. મારી ચામડાની આંખે દેખીને કલ્પાતી મતિના ભરોસા નહિ; ભરોસા તો વીતરાગનાં વચનના' આમ જિનવચનને જ બહુ માને, અને વિષય, કષાય કે અજ્ઞાનના આવેશ પર ઘડાતી-સર્જાતી પોતાની મતિને તુચ્છ લેખે. આપમતિ આ ત્રણ પૈકી કોઈ ને કોઈ આવેશ પર ઘડાય છે.

મોક્ષ માર્ગની આરાધના જિનવચનનાં બહુમાન અને આપમતિની અવગણનાથી શરૂ થાય છે. આત્મચિંતા અહીંથી ખરો આકાર લે છે. આર્ય દેશના બીજા આત્મવાદી અને મોક્ષવાદી ધર્મમાં અવાય ત્યારે પાપનો ભય અને ધર્મબુદ્ધિ જાગી શકે છે, તેમજ તે આત્મચિંતાના પાયા ઉપર પણ ઊભા થઈ શકે છે, કિન્તુ સર્વજ્ઞનું આલંબન હજી મળ્યું નથી, એમનાં જીવ અને જગતના યથાર્થ સ્વરૂપને કહેનારાં વચન નથી મળ્યાં, એટલે વાસ્તવિક આત્માની ચિંતા આવી નહિ ગણાય. આનું કારણ જુઓ.

વીતરાગ-સર્વજ્ઞ ભગવાનને આત્મા જો બંધાયેલો નથી, તેમજ સર્વજ્ઞ વચનને બુદ્ધિ જો બંધાયેલી નથી, તો કાં આત્મા સ્વચ્છંદ છે, અને બુદ્ધિ સ્વૈચ્છિક છે. માત્ર જાત પર નિર્ભર છે. અથવા કોઈ અજ્ઞાની અને એનાં વચનને પનારે પડી છે. એટલે એ નિર્ભય નથી; સાચા માર્ગે નથી. આપમતિ, અધૂરીમતિ, અવળીમતિ એ ભયસ્થાન છે; એના પર શો ભરોસો મૂકી શકાય ?

**એક જ વેદ પર ફાંટા ઘણા :-**

અસર્વજ્ઞનાં દર્શનમાં પદાર્થ નિરૂપણ ઘણું અધૂરું અને એકાંગી છે, તેમજ જે છે તે કલ્પનાના પાયા પર છે; મૂળમાં પ્રત્યક્ષથી તત્ત્વદર્શન નથી. એટલે અધુરું ને વિપરીત હોય એમાં નવાઈ નથી. આત્મા વગેરે પ્રત્યક્ષ ન હોય તો સૂક્ષ્મતાથી શું કહી શકે ? મિથ્યાદર્શનનાં અધૂરાં અને વિપરીત તત્ત્વ પકડ્યા પછી ખૂબી એ થાય છે કે સાધકની જિજ્ઞાસા પૂર્ણ થતી નથી, તેમ સ્પષ્ટ ખુલાસો નથી થતો, કેઈ વાંધા અને અધૂરાશ દેખાય છે એટલે પછી પોતે એમાંથી રસ્તો કાઢવા મનમાન્યા તર્ક ચલાવી વિસ્તાર કરવા મથે છે. પરિણામ એ આવે છે કે એક જ શાસ્ત્રને માનનારામાં કેટલાય ભેદ અને ફાંટા પડે છે. દાખલા તરીકે જુઓ કે વેદશાસ્ત્ર એ જ, પણ એને માનનારામાં વેદાન્તી, મીમાંસક, નૈયાયિક, વૈશેષિક વગેરે કેટલાય ભેદ છે. પાછા એ સિદ્ધાન્તો બાંધવામાં સામસામા આવીને ઊભા રહે છે. વેદાન્તી કહે છે આત્મા એક જ છે, ન્યાયવાળો કહે છે અનેક છે. મીમાંસક ક્રિયાકાંડ ને જ મુખ્ય કહે છે, ત્યારે ન્યાય-વૈશેષિક તત્ત્વજ્ઞાનની જ મહત્તા માને છે.

**જુદાં જુદાં દર્શનોનું કારણ :-**

એ જ વેદશાસ્ત્રને માનનારા છતાં એમનાં તત્ત્વ, સિદ્ધાન્ત, અને આરાધના માર્ગમાં કેટકેટલા ભેદ પડે છે. કેવું નાટક ! શાથી આમ ? કહો, વેદશાસ્ત્ર સર્વજ્ઞકથિત નથી, એટલે અધૂરું, અસ્પષ્ટ અને વિસંવાદી દર્શન કરાવે છે. પછી એને અનુસરનારને તર્ક અને કલ્પનાનો આશરો લેવો પડે છે. કહે છે ને કે મૂંડે મૂંડે મતિર્ભિન્ના-પોતપોતાની મગજશક્તિ, વલણ, અભિપ્રાય વગેરેના આધારે તર્ક અને કલ્પના કરવાનું બનવાનું અને જગતમાં કુતર્ક ઘણા, કુકલ્પના ઘણી, એટલે જુદા જુદા નિર્ણય બાંધવાનું થાય એ સહજ છે; પરસ્પર વિરોધમાં ઊભા રહેવાનું થાય એ સ્વાભાવિક છે. એમ કલ્પનાના જોર પર જુદાં જુદાં દર્શન, ઈષ્ટદેવ અને ધર્મો ઊભા થાય છે.

વેદશાસ્ત્ર એનું એ માનવા છતાં પરસ્પર વિરોધમાં ઊભા રહેવાનું કારણ શું ? આ, કે એ શાસ્ત્રોના કહેનાર સર્વજ્ઞ નથી, તેથી આપમતિએ તર્ક-કલ્પના કરી ચાલવું પડે છે. પોતાની જાતને માનશે કે 'હું વેદનો અનુયાયી છું. વેદ કહે એ જ પ્રમાણ,' પરંતુ ખરી રીતે તો આપમતિનો અનુયાયી બને છે. એક જગ્યાએ જો સીધેસીધું માન્યું કે 'બ્રહ્મસત્યં જગન્મિથ્યા,' પછી આગળ આવ્યું કે 'પૃથ્વી દેવતા, આપો દેવતા,' તો ત્યાં સ્વમતિએ કલ્પ્યું કે આ ઔપચારિક વાત છે, કેમ કે જ્યારે એક શુદ્ધ આત્મા એ જ તત્ત્વ છે ત્યારે પૃથ્વી, પાણી વગેરે તાત્ત્વિક હોઈ શકે નહિ ! ત્યારે બીજો કહે છે કે 'પૃથ્વી વગેરે તો પ્રત્યક્ષસિદ્ધ સાચાં તત્ત્વ છે,



કલ્પનામાત્ર નથી, એટલે 'જગન્ મિથ્યા' નો અર્થ એ કે આ લલચાવનારા જગત પર ભરોસો મૂકવા જેવો નથી.'

**મિથ્યામાર્ગીને મૂળ આપમતિ કેમ ? :-**

આમ બેય જણે સામસામી દિશામાં ઊભવાનું કર્યું, એ કેવીક વિટંબણા ? પણ એ શાથી ? સ્વમતિએ ચાલવાનું કર્યું માટે. પાયામાં એ ન જોયું કે 'જરા ઊભા રહો, આ શાસ્ત્રના કહેનારા કોણ છે ? **પુરુષ વિશ્વાસે વચન વિશ્વાસ**, એવું જગતમાં દેખાય છે. તો અહીં એવા વક્તા પુરુષ જાણવા ન મળે તો આગળ કેમ ચલાય ? ગમે તેનાં કહેલાં શાસ્ત્રના આધારે કેમ રહેવાય ?' પણ ના, આ કાંઈ જોયું નહિ, મનને બેઠું કે આ શાસ્ત્ર સાચું છે એટલે એને અપનાવી લીધું એનો અર્થ જ એ કે મૂળમાં આપમતિએ ચાલ્યો પછી તો આગળ ઉપર એ શાસ્ત્રના પરસ્પર વિરોધી કે વસ્તુસ્થિતિ સાથે વિસંવાદી વચન મળ્યાં તો આપમતિએ એની ઘટના કરી અને આપમતિના આધાર પર તત્ત્વવ્યવસ્થા, સિદ્ધાન્ત વ્યવસ્થા અને સાધના માર્ગની વ્યવસ્થા ગોઠવી, પછી ભલે એમાં શાસ્ત્ર વચનને મરોડવા પડ્યા, મચડવા પડ્યા ! એટલે કહી શકાય કે મિથ્યાશાસ્ત્રના અનુયાયી બનવા છતાં મૂળ આપમતિ જ કામ કરી રહી છે, અને અજ્ઞાનીની આપમતિ ક્યાંથી સીધે રસ્તે લઈ જાય ?

**જૈનશાસને જ આપમતિ ટાળવા પર ભાર મૂક્યો છે :-**

જૈનદર્શન અને ઈતર દર્શનોમાં આ એક ફરક પડે છે કે અહીં સર્વજ્ઞની મતિ અર્થાત્ મતને અનુસારે ચાલવાનું બને છે, ત્યારે ઈતર દર્શનોમાં સ્વમતિએ હંકારવાનું થાય છે. એટલે મૂળમાં જ વાંધો ! એક માત્ર જૈન દર્શનમાં જ સમ્યગ્દર્શનને મોક્ષમાર્ગનો પાયો કહ્યો છે, સમ્યગ્દર્શન એટલે સર્વજ્ઞનાં વચનની વફાદારી, જિનવચનને બંધાયેલા રહેવું, આપમતિ બાજુએ મૂકવી. આ વસ્તુ પાયામાં જરૂરી હોવાનું જૈનધર્મ જ કહે છે. બાકી કોઈ દર્શનમાં સમ્યગ્દર્શનને મોક્ષમાર્ગ કહ્યો નથી. ત્યાં તો તત્ત્વજ્ઞાનને મહત્ત્વ આપ્યું. ક્રિયા, વૈરાગ્ય, ભક્તિ, તપસ્યા વગેરે વગેરે સાધન માન્યાં, પરંતુ સમ્યગ્દર્શન નહિ. **'વેદાઃ પ્રમાણમ્'** વેદશાસ્ત્ર એ પ્રમાણભૂત છે એમ કહે ખરા પરંતુ એના અર્થ કરતી વખતે અને માર્ગ નક્કી કરવા ટાણે તર્ક અને કલ્પના પર અર્થાત્ સ્વમતિ-સ્વાભિપ્રાય પર દોડવાનું બને છે.

**આપમતિ એ સંસારનું મૂળ કારણ છે :-**

આનું પરિણામ શું આવે ? એ જ કે સંસારી જીવ અનાદિકાળથી મિથ્યા આપમતિ પર ચાલી ચાલીને તો આંધળાની જેમ આ સંસારરૂપી અટવીમાં આથડતો રહ્યો છે, ને હવે ધર્મના નામ પર પણ આપમતિએ ચાલવાનું કરવાથી એ જ

ભવાટવીમાં ભટકતા રહેવાનું થાય છે. અજ્ઞાની અને આંધળો બે બરાબર. માત્ર આંધળાને આંખે દેખાય એવી ચીજ ન દેખાય, ત્યારે અજ્ઞાનીને જ્ઞાનીઓના જ્ઞાને દેખાતી વસ્તુ, અતીન્દ્રિય વસ્તુ નથી દેખાતી. હવે જો એ કોઈ દેખતાનું આલંબન ન પકડે તો દાવાનળ લાગેલા વનવગડાની વચ્ચે આંધળાની જેમ સળગી જ મરે કે બીજું કાંઈ ? એ તો જ્યાં સુધી પોતે પૂરો દેખતો નથી થયો ત્યાં સુધી કોઈ સારાં દેખનારના હાથમાં દોરી સોંપે, એના કહ્યા પ્રમાણે ચાલે, તો જ બચી શકે.

**માટે જૈનધર્મ પહેલું આ કરવાનું કહે છે.**

કે સમ્યગ્દર્શન ધારણ કરો. જગતના ગૂઢ ભાવો સર્વજ્ઞ ભગવાન જ સંપૂર્ણપણે પ્રત્યક્ષ જુએ છે, તો **'એ કહે એ જ પ્રમાણ, એ જ સાચું અને શંકા વિનાનું'** એવી દૃઢ શ્રદ્ધા પહેલી ઊભી કરો. સર્વજ્ઞના વચનને બંધાયેલા રહો, એનાં પાકાં બંધન માથે થશે, પછી શક્તિ પ્રમાણે એમણે કહેલા દયા-દાન, વ્રત-નિયમ, જ્ઞાન-ધ્યાન-ક્રિયા વગેરે આચરો. જો પાયામાં સર્વજ્ઞવચનની વફાદારી, વચનનાં બંધન માથે નહિ ધર્યાં હોય તો ગોઝારી આપમતિ ઊભી રહેશે, આપમતિની દખલ દયા, દાન વગેરે ધર્મક્રિયામાં પણ આવશે. અને ધર્મની મહેનત માથે પડશે.

**ધર્મક્રિયામાંય આપમતિની દખલ :-**

તમે કદાચ પૂછશો કે એવું કેમ ? ઉત્તર એ છે કે આપમતિનાં અપલક્ષણ એવાં છે. અજ્ઞાનતાને લીધે પૂરી ખબર છે નહિ, અને જિનવચનનું બંધન માથે રાખ્યું નથી, એટલે દયા-દાન વગેરે ધર્મના આચારો મનમાની રીતે થશે. 'તો ભલે થાય, પણ થશે તો દયા દાન જ ને ?' એમ નહિ કહેતા, કેમ કે વિવેક નહિ હોવાથી કદાચ દયાને નામે હિંસા કરશે, અને દાનના નામે પાપનાં પોષણ કરશે. ઇતરોમાં જુઓ ગાયનાં દાન કરે છે એ શું છે ? ગાયને તો ગુલામી જ ને ? અથવા બિલાડીને પાળી દયાથી દૂધ પાય એનું પરિણામ ઉંદરની હિંસામાં જ ને ?

પણ ઇતરની શી વાત કરો ? અહીં પણ આપમતિથી પૂજા-સામાયિક કરે એમાંય કઈ દશા ? મન ફાવે એ રીતે એ થવાનું એમાં પાપ વિચારો પણ કોઈ જ ડર વિના ચાલવાનો સંભવ. એમ એવું પણ બને કે સામાયિકમાં ભળતું જ પુસ્તક વાંચશે કે ભળતી જ વાતોચીતો યા પાપના આદેશ કરશે ! એવું દેરાસરમાં પેઠા પછી પણ પાપની વાતોમાં પડવાનો સંભવ. તાત્પર્ય, જો વચનનાં બંધન નથી તો આપમતિએ ધર્મના ઘરમાં વિરાધના, આશાતના કે પાપવૃત્તિ ચાલવા સંભવ ઘણો.

**આપમતિનાં યથેચ્છ જજમેન્ટ :-**

આપમતિની અવળચંડાઈ જો ધર્મક્રિયામાંય ચાલતી રહે તો સાંસારિક જીવનમાં પૂછવાનું શું ? આજે દેખાય છે ને કે ધર્મના બોરનું બીટ ક્યાં છે એ ખબર નથી



છતાં સીધા જજમેન્ટ ફાડ્યા કરે છે કે 'ફલાણું તો આમ જ છે. શાસ્ત્રમાં આમ લખ્યું છે.' ત્યાં એને ઉત્સૂત્રભાષણના મહાપાપનો ડર છે ? દેવ-ગુરુનો અનાદર, અવગણના થઈ જવાનો કોઈ ભય ખરો ? બાકી આપમતિના દુરાગ્રહવાળાનાં વિચાર-વાણી-વર્તાવ લોકમાં પણ નિંદાય એવાં બને છે. કુટુંબમાં પણ એને સદ્‌ભાવ મળવો મુશ્કેલ બને છે. તેમ આપમતિમાં તણાયો વ્યાપારાદિમાં નુકસાનનો પણ ભોગ બને છે. એને સારાની સલાહ ખપતી નથી. એને તો પોતાની મર્યાદિત બુદ્ધિ પર નિર્ણય બાંધવા છે.

**જિનશાસનમાં જિનાજ્ઞા : ગુર્વાધીનતાનું મહત્ત્વ :-**

જીવનો મોટો દોષ આપમતિ-સ્વચ્છંદતા છે. હજી સામાન્ય રૂપની આત્મચિંતા ય જાગે, દાન પણ દેશે, શીલ પાળશે, વ્રતનિયમ, ત્યાગ, તપસ્યા બધું કરશે, પરંતુ આપમતિ છોડવી મુશ્કેલ પડે છે, જિનવચનને અક્ષરશઃ બંધાયેલા રહેવું ને જિનવચનાનુસારી ગુરુને આધીન રહેવું મુશ્કેલ પડે છે. સંસાર છોડી સાધુ બન્યા પછી પણ જીવને આ મોઘું પડે છે માટે તો શાસ્ત્રે જિનાજ્ઞા અને ગુર્વાજ્ઞાને બંધાયેલા રહેવા પર ખૂબ ભાર મૂક્યો. એના ઉપદેશનાં પાનેપાનાં ભરેલાં છે. એની સ્ખલનાના મોટા દંડ બતાવેલા છે; અને એને બંધાયેલા ન રહેનારની ગમે તેવી બીજી કષ્ટમય તપસ્યા વગેરેને પણ કુલટા નારીના ઉપવાસ જેવી તુચ્છ અને આત્મવિટંબણા કહી છે.

વિચારવા જેવું છે કે આત્મચિંતા તો જાગી છે, આત્મહિત કરી શકે એવી તપસ્યા, વ્રત-નિયમ, શાસ્ત્ર-વ્યવસાય વગેરે પણ કરે છે. છતાં આત્મવિટંબણા થાય એ કેટલી કરુણસ્થિતિ ! તે પણ આ એક જ કારણે કે જિનાજ્ઞા અને ગુર્વાજ્ઞાને બંધાયેલા રહેવું નથી. આમ તો કરવું છે બધું પણ આપમતિ પર, પોતાને ઠીક લાગે એ રીતે.

**આપમતિ એ ક્ષેત્રરોગ છે.**

જ્ઞાની ભગવંતો જાણે છે કે જીવમાં આ આપમતિનો ભયંકર રોગ છે, ક્ષેત્રરોગ છે, અર્થાત્ એક ખેતરમાં જેમ અનેક પાક થાય એમ આ આપમતિના રોગની ઉપર બીજા અનેક દોષ-દુષ્કૃત્યો રૂપી રોગ ઊભા થાય છે. એવી અનંતાનંત કાળની આપમતિની પકડમાં ફસાયેલા જીવની આ ભવાટવીમાં ભારે દુર્દશા થતી જોઈને અને એની મૌલિક રોગ-રૂપતા પરખીને **'धम्मो आणाए पडिबद्धो' ધર્મ જિનાજ્ઞા સાથે સંકળાયેલો** છે એ પહેલું સૂત્ર બાંધ્યું. ધમ્મો અહિંસાએ પડિબદ્ધો, ધમ્મો તવસ્સ પડિબદ્ધો, એવું ન લખ્યું પણ આણાએ પડિબદ્ધો લખ્યું. એનું મહત્ત્વ સમજાય છે ? આ છે કે એથી આપમતિનો ક્ષેત્રરોગ ટાળો. પછી બીજા રોગ મટતાં

વાર નહિ લાગે.

**'ઘટકુટ્યાં પ્રભાતમ્' મિયાં ઠેરના ઠેર :-**

ત્યારે જુઓ કે શું અનંતા કાળમાં કઠોર તપસ્યાઓ નથી કરી ? વનવાસ નથી સેવ્યાં ? શ્રાવક અને સાધુપણાની ક્રિયાઓ નથી કરી ? બધુંય કર્યું છે, પરંતુ મિયાં ઠેરના ઠેર ! 'ઘટકુટ્યાં પ્રભાતં' પુલ પરથી જવા માટે એક પૈસો ટેક્ષ આપવો પડે, માટે મિયાં ક્યાંય બીજે નદીમાંથી માર્ગ કાઢી લેવા ઊપડ્યા ! આખી રાત ભમ્યા, પરંતુ ભમતાં ભમતાં પ્રભાતે જોયું તો પાછા ટેક્ષવાળાની નાકા પરની ઓરડી પાસે આવી ઊભા ! ચાલ્યા તો ઘણું પરંતુ અંતે ઠેરના ઠેર.

એમ, અહીં એક આપમતિ ન છોડી, જ્ઞાનીનાં બંધન ન સ્વીકાર્યાં, અને ત્યાગ, તપસ્યાઓ ઘણી કરી, દેવલોક પણ દેખ્યા, છતાં સરવાળે આજે પણ જીવ હજી એ જ ભવમાં ફસેલો છે એ હકીકત છે. એટલાં બધાં ધર્મકષ્ટ ઊઠાવ્યાં છતાં કેમ આમ ? એક પૈસાના બચાવ ખાતર યાની આપમતિ ન છોડવા પર. આપમતિ છોડી આજ્ઞા મુજબ વર્તવામાં કષ્ટ વધારે છે એવું નથી, કેમ કે જીવે ભૂતકાળમાં ભગીરથ કષ્ટો તો ઊઠાવેલા છે.

**આપમતિનાં કારણ :-**

પ્રશ્ન રહે કે ત્યારે આપમતિ કેમ છોડી નહિ ?

ઉત્તર એ છે કે એની પાછળ અહંત્વ, માનાકાંક્ષા, પૌદ્‌ગલિક સ્વાર્થલાલસા, અજ્ઞાન,...એવાં કારણ કામ કરતાં હોય છે.

**(૧) અહંત્વના આકાર : આપમતિની પકડ :-**

સંસારરૂપી ઈમારતના પાયામાં અહંત્વ એ મહત્ત્વનો ભાગ ભજવે છે. અહંત્વ પાછળ માણસ મરી પડે છે.

'મને આ ઠીક લાગે છે, અને તે જ બરાબર છે...'

'હું ખોટો નથી.' 'હું એવી ભૂલ ન કરું' 'મને કેમ પૂછતા નથી ?'

'મારી માન્યતા બરાબર છે.' 'મને કેમ બોલાવ્યો નહિ ?...'

આવી વૃત્તિમાં અહંત્વ કામ કરી રહ્યું છે અને આની પકડ છૂટવી બહુ મુશ્કેલ છે, કેમ કે અનંતા કાળ એના અભ્યાસ કરેલા છે. એ પકડમાં આપમતિ ન છૂટે એ સહજ છે.

**(૨) માનાકાંક્ષાથી આપમતિ :-**

ત્યારે માનાકાંક્ષા પણ જીવને એવી સતાવે છે કે જે આપમતિનો ચાળો કરાવે. દા.ત. માણસને એમ ઊલટ-હોંશ થાય કે ચારમાં હું સારો કેમ દેખાઉં !' એટલા માટે જ્ઞાનીઓના વચનના રાહ મૂકી એ પોતાની હોશિયારી અને બુદ્ધિબળ



ઉપર નવા નવા તુક્કા લગાવે છે. શાસ્ત્ર સાથે વિરોધ આવે એવા સિદ્ધાન્તો ઘડે છે. લોકોને એવા સાધના માર્ગ બતાવે છે. એમાં લોકોનું આકર્ષણ થતાં એવી શાસ્ત્ર બાધ્ય પ્રરૂપણા અને પ્રવર્તન દબડાવે રાખે છે ! આ શું છે ? આપમતિના ચાળા.

વર્તમાનમાં ચાલતા એક મત અંગે એવું સાંભળ્યું, કે એના સ્થાપકને પહેલાં તો એમ લાગ્યું કે 'મને લાગે છે તે જ સાચું છે.' બસ એના પર આપમતિમાં ચડી મત પ્રવર્તાવ્યો, પછી આગળ જતાં એવું બન્યું કે ડાહ્યા માણસોએ એમને સમજાવ્યા, પછી એ મત મૂકી દેવા તૈયાર પણ થયા. કિંતુ ત્યાં તો એમના નવા ઊભા કરેલા અનુયાયીઓ કહે 'મહારાજ હવે આવું કાં કરો ? હવે તો અમારે રોટી-બેટી વ્યવહાર અલગ બંધાઈ ગયા, એ કેમ તોડાય ? આપ તો અમારે સર્વે સર્વા શિરછત્ર છો. માટે મત મૂકી દેવાની વાત કરતા જ નહિ.' બસ ! ત્યાં માનાકાંક્ષા નડી, અને મત મુકાયો નહિ. માનાકાંક્ષાએ આપમતિ ઊભી રાખી.

**(૩) સારાશ લેવાની ભૂખે આપમતિ :-**

બાકી ચાલુ બાબતોમાં પણ એવું બને છે કે જરાક જરાકમાં હોશિયારી બતાવવા સારાશ લેવા માટે મનમાન્યા સિદ્ધાન્તો એવા ગબડાવાય છે કે જે જિનવચનને બાધ કરતા હોય, બોલવામાં કોઈ સંકોચ નહિ, 'ઉત્સૂત્ર આવી જશે તો !' એવો ભય નહિ. વાત એક જ કે ગમે તે બોલીને સારા હોશિયારમાં ખપવું. એથી આપમતિએ ચાલવાનું થાય છે.

**(૪) પૌદ્‌ગલિક લાલસાથી આપમતિ :-**

ત્યારે પૌદ્‌ગલિક સ્વાર્થલાલસા પણ એવી ખતરનાક છે કે એય આપમતિમાં ચડાવી દેવાનું કરે. દાખલા તરીકે શેઠ પાસેથી સારી આજીવિકા મળે છે માટે શેઠના ગમે તેમ શાસ્ત્રબાધક બંડલ યા દેવ, ગુરુ કે ધર્મની નિંદાના બોલમાં ટાપસી પૂરશે, એ ટાપસીમાં શું આવવાનું ? જિનવચનને જરાય બાધ ન કરે એવું બોલવાનું ? ના રે ના ભગવાન ! ભગવાન ! કરો, એમાં તો આપમતિનાં બંડલ ફેંકવાના ? કોણ કરાવે છે આ ? પૌદ્‌ગલિક તુચ્છ લાલસા. એ જો ન હોય તો સંભળાવી ન દે કે 'શેઠ માફ કરજો, મહેરબાની કરીને આવું મને સંભળાવતા નહિ.' અથવા 'આપ જેવા સજ્જનને આ શોભે ?'

પણ પછી શેઠ કહી દે કે 'તો ઘેર બેસજો અહીં આવતા નહિ તો ?'

'તો ગભરામણ શી ? લલાટ આપણું શેઠ પાસે છે કે આપણી પોતાની પાસે ? અને કદાચ બીજે જતાં ઓછું મળે છે તો એ ખોટ મોટી કે જિનવચનને અન્યાય કરે એવા બોલ યા દેવ-ગુરુ ધર્મની નિંદાનાં વચન બોલવા-સાંભળવામાં

ખોટ મોટી ?

બહુ વિચારવા જેવું છે. અનાદિના વિષય લંપટ જીવને જરા ચાટવાનું મળતું હોય ત્યાં, જેમ કૂતરો પૂંછડી પટપટાવતો ઊભો રહે, એમ હરખી હરખીને વળગવાનું મન થાય છે ! પછી ત્યાં પોતાની ખાનદાની, ન્યાય, ધર્મ, સિદ્ધાન્ત વગેરે કાંઈ જોવાનું મન નથી થતું; એને ટલ્લે ચઢવાનું કરાય છે ! આપમતિના વાણી-વર્તાવ ખુલ્લંખુલ્લા આચરે છે, ત્યાં સોનેરી માનવકાળની ને પુણ્યની કેટલી મોટી ખુવારી ! મોહના પડળથી આવેલા આભ્યન્તર અંધાપામાં આપમતિથી થતી ખુવારી દેખાતી નથી પણ જડની લાલસા ઓછી થાય તો સૂઝે ને ?

**(૫) અજ્ઞાનતાથી આપમતિ :-** અજ્ઞાનતાથી પણ આપમતિ પોષાય છે. માનાકાંક્ષા એવી નથી, જડની લંપટતા એવી નથી. છતાં જ્ઞાનીનાં દૃઢ બંધન નથી, તત્ત્વ-અતત્ત્વની ખબર નથી, માર્ગ, અમાર્ગનું જ્ઞાન નથી, એટલે જાણ્યે-અજાણ્યે આપમતિના ઉદ્ગાર નીકળે છે. ચાર દોસ્તાર ભેગા મળ્યા વાતો કરવા, ત્યાં એવું બને છે કે વાતોમાં ને વાતોમાં આપમતિના સિદ્ધાન્ત ડફડાવાય છે. એમ મહારાજ બહુ ભણ્યા નથી, ને કોઈ શ્રાવક આવી કાંઈ પૂછે છે, ને ઉત્તર ન દેતાં શરમ આવે છે તેથી અજ્ઞાનતાવશ ત્યાં આપમતિનું બોલાઈ જવા સંભવ છે.

**(૬) રાગદ્વેષથી આપમતિ :-** એમ તીવ્ર રાગદ્વેષના કારણે પણ આપમતિનું જોર રહે છે. માને દીકરા પર બહુ રાગ છે તો એને ખુશ રાખવા અગર બહાર એનું છાવરવા આપમતિના બોલ બોલે એવો સંભવ રહે છે. એવું દુશ્મન ઉપરના દ્વેષથી એને હલકો પાડવા અગર પોતાનું ઊંચું રાખવા આપમતિના બોલ કઢાય છે, એવા કે જે જિન વચનથી વિરુદ્ધ જતાં હોય.

**આપમતિ ટાળવા શું કરવું ?** એટલે અહંત્વ, માનાકાંક્ષા, પૌદ્ગલિક લાલસા કે અજ્ઞાનતા આદિ કારણ પર આપમતિ ઊભી થાય છે. એ કારણો ખસવાં સહેલાં નથી તેથી આપમતિ ખસેડવી મોંઘી પડે છે.

એનો અર્થ એ, કે આપમતિથી બચવું હોય અને જિનવચનને પક્કા બંધાયેલા રહેવું હોય તો આ અહંત્વ વગેરેના આવેશ અને અતિરેક ઓછા કરી નાખવા જોઈએ. આ ટાળવા મોંઘા છે એમ કહ્યું તે સાચું, પરંતુ એ માટે ઉદ્યમ કરતા રહેવાથી શું ન થાય ? જરૂર ફળ આવે.

- ઉદ્યમથી એકલો હજારને હઠાવી દીએ.
- ઉદ્યમથી ધૂળમાંથી સોનું શોધી શકાય છે.

અલબત્ત એમાં કોઈને વાર લાગે, ને કોઈને ઝડપથી સિદ્ધ થાય. પૂર્વ કર્મોનો ભાર અને વર્તમાન પુરુષાર્થનું જોર કેટલું છે એના આધારે ઓછુ-વધતું ફળ



આવવાનું, બાકી એ અહંત્વ, માનાકાંક્ષા જડની લંપટતા, વગેરેને ઓછા કર્યે જ છૂટકો છે. બીજી રીતે ન થાય તો આ રીતે કે 'કેઈ દુર્ગતિમાં ભટકતાં-ભટકતાં આજે મોટી લોટરી લાગવાની જેમ આ મનુષ્ય-ભવ અને અમૂલ્ય જિનવચન પ્રાપ્ત થઈ ગયાં છે, તો પછી એને ઓળંગીને ક્યાં જઉં ? શા માટે આવા મહાપવિત્ર અને એકાંત આત્મહિતક જિનવચનને બાધ કરે એવી આપમતિમાં તણાઉં ? જરાય નહિ, ભવક્ષય કરવામાં અને મંગળમોક્ષ પમાડવામાં પ્રથમ સાધનભૂત એવા જિનવચનને જરાય બેવફા નહિ બનું, પાકા બંધને બંધાયો રહીશ. એ માટે ખોટા અંહત્વને પણ અળગું મૂકીશ; માનાકાંક્ષા નહિ રાખું, જડની મારે પરવા નથી, અજ્ઞાનતાનું કશું નહિ બોલું, એવા તીવ્ર રાગદ્વેષ જાય ઝહન્નમમાં !' આવી કોઈ ઊર્મિ ઊઠે, કોઈ ટેક ધરાય, તો એ અહંત્વાદિ અને આપમતિને ઓછા થવા અવકાશ છે.

**"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૧૦,અંક-૨૬,તા.૩-૩-૧૯૬૨**

**અનાદિના કુસંસ્કાર બળવાન છે, પરંતુ જિનવચનની શરણાગતિ મહાબળવાન છે એમ સમજજો.**

તો જ આ જગતમાંથી જીવો મોક્ષે જઈ શક્યા છે; નહિતર મોક્ષ શાનો થાય ? પરંતુ જિનવચનનાં બંધન માથે ધર્યાં, એની તાકાત એટલી જબરદસ્ત છે કે કુસંસ્કારોના વજના પાયાય હચમચાવી નાખે ! એનાં મૂળ ઉખેડી નાખે ! એનું કારણ આ જ છે કે એથી આપમતિ અને અહંત્વનાં ગાત્ર ઢીલાં પડી જાય છે, એને ભાગી જવું પડે છે.

**મહાપુરુષોના ભાવ મન પર લાવો :-**

મન પર આ લાવો કે મહાસતી સુલસાએ પ્રભુ મહાવીર પર કેટલો અથાગ રાગ કેળવી કેવાં એમનાં વચનનાં બંધન સ્વીકાર્યાં ! 'જિનવચન ના કહે છે કે મિથ્યા દેવ-ગુરુ-ધર્મનો પડછાયો ન લેવાય, તો બ્રહ્મા-વિષ્ણુ-મહેશના ગમે તેવા ચમત્કારી દેખાવ સર્જાયા હોય, અને જન પ્રવાહ એ જોવા દોડતો હોય, છતાં મને એની કોઈ જ આતુરતા નથી, ચમકતા સૂર્ય જેવા જિનેશ્વરદેવની આગળ આ ખજવા કોણ માત્ર ?' સુલસાના ભાવો મન પર લાવો. શ્રેણિક અને કૃષ્ણ વાસુદેવની જિનવચન સ્વીકૃતિ મન પર લાવો. પ્રભુના મહાશ્રાવકો આનંદ-કામદેવ વગેરેએ સ્વીકારેલાં જિનવચન બંધનને હૈયે વસાવો. સુદર્શન શ્રાવક અને અભયકુમારને યાદ કરો. સમ્રાટ સંપ્રતિ અને રાજા કુમારપાળે માથે ધરેલ જિનવચનના ભાર પર

વિચાર કરો.

**જિનવચનને અનેક ઉપમાઓ :-**

જિનવચન તો મિથ્યાત્વરૂપી મહારોગનું ઔષધ છે, અતત્ત્વની ભ્રાંતિ ટાળનાર મહાપ્રકાશ છે, મોહવેલડીના મૂળમાં અંગારસમ છે ભવભ્રમણ નિવારનાર મહાભોમિયો છે, દુઃખની જડ ઉખેડી સુખનાં સામ્રાજ્ય સ્થાપનાર વિજયી સેનાપતિ છે, કર્મ જંજીરોને તોડવા માટેનું અખૂટ બળ છે; અનંત અનંત કાળની ભવકેદમાંથી છોડાવનાર વિભૂતિ છે. એ શ્રી જિનવચનને મહાવિદ્વાન ગણધરદેવ જેવાએ પણ માથે ધર્યાં છે, અને દેવેંદ્રો જેવાએ એનાં અભિનંદન કર્યાં છે !

**સંસાર-રમણતા નહિ એટલે ? જડના રસ ઊડી ગયા :-**

આવા અનુપમ, અનુલ્લંઘનીય જિનવચનને માથે ધરવાનું તો જ બની શકે કે જો જીવનમાં આત્મચિંતા પ્રધાનપણે વર્તતી હોય. પાપનો ભય અને ધર્મબુદ્ધિ સ્થિર થવા ઉપર આત્મચિંતાનો વિકાસ થાય એટલે જિનવચનનાં બંધને બંધાયેલા રહેવાનું બને છે; ચિંતા જાગી ગઈ કે 'મારો આત્મા અલ્પજ્ઞાની કે અજ્ઞાનીના પલ્લે પડી આ ભવસાગરમાં ખોવાઈ ન જાય. માર્ગદર્શન તો અનંતજ્ઞાનીનું જ ખપે ! એટલે જિનવચનને જ વળગવાનું કર્યું પછી તો આત્મચિંતા એવી વિકસી ઊઠી કે **'सम्यग्दर्शनपूतात्मा रमते न भवोदधौ' જિનવચનશ્રદ્ધાથી પવિત્ર થયેલો આત્મા ભવસાગરમાં રમતો નથી,** સંસારની સુખ સાહ્યબીમાં પણ રમણતા નથી કરતો. સંસાર-રમણતા નહિ એટલે ? એ કે એને હવે સ્વાત્માને ભવમાંથી મુક્ત કરવાની તાલાવેલી જાગી છે; આઘો જાય પાછો જાય, ને કર્મબદ્ધ સ્વાત્મા યાદ આવે છે, એટલે જડના મૂળ રસ ઊડી ગયા છે. જેમ જેમ જિનવચનથી નવા નવા પ્રકાશ મેળવતો જાય છે તેમ તેમ સમજતો જાય છે કે,

અહો ! આત્માનું અસલી સ્વરૂપ કેટલું ઉત્તમ ! કેવુંક અનંત જ્ઞાન-દર્શનમય શુદ્ધ સ્ફટિક જેવું સ્વચ્છ ! અને વર્તમાનમાં એની કેવી અધમ દશા ! ક્યાં એ મૂળમાં નિરંજન-નિર્વિકાર દશા ! અને ક્યાં વર્તમાનમાં કર્મમિલન તથા રાગ દ્વેષ-મોહના ખરાબ વિકારોથી ગ્રસ્ત અવસ્થા ! આત્માની કેટલી બધી સુંદર સર્વતન્ત્ર-સ્વતન્ત્ર મૌલિક અવસ્થા ! અને વર્તમાનમાં એની જ કેવી ભવપરાધીન, કાયપરાધીન અને સંયોગ પરાધીન દુર્દશા !

**આ બધી આત્મચિંતા છે.** એના ઉપર (૧) ડગલે ને પગલે ડર લાગે છે કે રખે ને ફરી કર્મના ભાર વધી ન જાય ! એમ.

(૨) રાગ-દ્વેષ-ઈર્ષ્યા-વિષયવાસના વગેરેના વિકાર વધી ન જાય !

(૩) આત્મચિંતા જાગવાથી આશ્રવો, પાપસ્થાનકો સામે આવતાં કંપારો



થાય છે,

(૪) ધર્મસ્થાનો સેવવાના ઉમળકા જાગે છે.

(૫) મોહમૂઢ કુટુંબને દેખીને કરમાય છે,

(૬) સંઘ-સાધર્મિકને જોઈ વિકસે છે. (૭) વિકથાઓ પ્રત્યે સૂગ ચઢે છે.

(૮) ધર્મકથા-તત્ત્વકથા તરફ ભારે આકર્ષણ થાય છે.

(૯) ધન એ ધન નથી લાગતું, ધર્મ એ ધન લાગે છે.

(૧૦) દોષ-દુષ્કૃત્યો તરફ ગ્લાનિ ઊપજે છે;

(૧૧) ગુણો અને સુકૃતોની ભારે ભૂખ લાગે છે...

ચાર પ્રકારની ચિંતામાં આત્મચિંતા ઉત્તમ છે, અને તે આ રીતે કરવાની છે.

**ખોટી પરચિંતા :-**

જૈન શાસ્ત્રો આત્મચિંતા પર બહુ ભાર મૂકે છે. ત્યાં સુધી કે બીજાના આત્મહિતની ખોટી ચિંતામાંય નહિ પડવાનું. દાખલા તરીકે સમજો કે આજે કાળ ખરાબ આવ્યો છે, અને વિષમ પરિસ્થિતિ દેખાય છે. ત્યાં જો મનને એમ થયા કરે કે 'આ કેવા લોકો છે ! સંઘને કેટલું નુકસાન કરી રહ્યા છે ! છે કોઈને પડી ! આમ કરવું જોઈએ...તેમ કરવું જોઈએ...' આ બધી ખોટી ચિંતા છે. એનું કારણ એ છે કે એમાં પછી માત્ર બીજાની ખામીઓ જોવાનું ને બીજાનો અશક્ય વિચાર કરવાનું રહે છે. 'અમુકમાં આમ છે. ફલાણામાં તેમ છે, પેલો તો મહા ગુસ્સાખોર...' આવું ને આવું ચાલ્યા કરે છે, ક્યાંય એ નથી સ્ફુરતું કે 'હું કેવો દોષપાત્ર, મારામાં અમુક અમુક ખામી શા માટે ? મેં અહીં ક્રોધ કેમ કર્યો ? પણે અભિમાન મેં કેમ બતાવ્યું ? ખાવાની વસ્તુ પર હજી રાગ કેટલો અને શા માટે રહે છે ?' આવો કોઈ વિચાર કરવાને બિચારા પાસે અવસર જ નથી, કેમ કે મન બીજાના વિચારો કરવામાં ભારે વ્યગ્ર બનેલું રહે છે. હજી વિચારણા બીજાના આત્મહિતની કરશે કે 'આણે આમ કરવું જોઈએ ને તેમ કરવું જોઈએ. પેલો ઊંચે ચઢી રહ્યો. ફલાણો નકામો છે, એણે તો આવી આવી રીતે આગળ વધવું જોઈએ...' આમ પરના આત્મહિતના વિચારો કર્યા કરશે તેમાં વળવાનું ય કાંઈ નહિ; અને પોતાના આત્માનો વિચાર કરવાની વાત નથી.

**પરહિત ચિંતામાં કાંઈ જોખવું છે ? :-**

ખૂબી તો એ છે કે સ્વાત્મહિત ભૂલી બીજાના આત્મહિતના વિચાર કરનારને પાછી એ માટે કંઈ પોતે જોખવાની વાત નથી, પોતાને કોઈ ભોગ આપવો નથી, કોઈ મહેનત પોતે કરવી છે ? ના, માત્ર બખાળા કાઢવા છે, કરવાનું કાંઈ છે નહિ. શાનો કરે ? 'હું બીજાનું ભલું કરીને મારું આત્મહિત સાધું' એવી સ્વાત્મહિતની

લગની હોય તો કરે ને ? આજે જુઓ ચારેકોર ભાષણ અને લેખનમાં ! જુઓ કેટલી રાડો પડે છે, 'આમ બગડી ગયું છે તેમ બગડી ગયું છે. સંઘની પડી નથી, સાધર્મિકની પડી નથી. આમ કરવું જોઈએ અને તેમ કરવું જોઈએ.' પણ રાડો પાડનારામાં તપાસો કે કેટલા પોતાની ક્ષતિ જુએ છે ને જાતને સુધારવા મથી રહ્યા છે ? પહેલી તો આજ ખામી છે કે વર્તમાન જીવો પર એ ભાવદયા નથી કે 'બિચારા જીવો જિનશાસન મળ્યે છતે અજ્ઞાન, ઈર્ષ્યા, લોભ વગેરેથી પીડાઈ રહ્યા છે ! તો હું એમને કેવી કેવી રીતે સહાયક થાઉં ?' અથવા 'એવા જીવો બિચારા બાળ છે તો એમને સદ્‌બુદ્ધિ મળો.' આવી ભાવદયા ન હોય એટલે દ્વેષ આવીને ઊભો જ છે. બીજાનો તિરસ્કાર-અવગણનાના એક યા બીજા પ્રકારે ચાળા ચાલે-જ છે. આ એક ખામી, અને બીજી એ કે જાતે એકાદ કે બે પાંચને સહાયક થવાની વાત નથી. આવા માણસો, હવે વિચારો કે, સંઘહિતની અને પરહિતની વાતો કરતા હોય એમાં માલ કેટલો ? તથ્યાંશ કેટલો ? અહીં મૂળમાં વાંધો આત્મહિતની ચિંતા ન હોવાનો છે.

જૈન શાસન તો કહે છે કે **'ઉત્તમા આત્મચિંતા'** સ્વાત્મહિત પહેલું વિચારો. આત્માની ચિંતા મુખ્ય રાખો. દિલથી એ વિચારશો તો જડની મમતા અને સુખશીલતા ઓછી થશે, ત્યાં પરહિતની ચિંતા સાચી જાગશે, પરની સેવા કરી છૂટવા ઉત્સાહ અને ઉદ્યમ થશે. સક્રિય મૈત્રીભાવ અને સક્રિય દયાભાવ આવશે.

સ્વાત્માની ચિંતા-પરવા કરવી નથી અને પરહિતમાં યથાશક્તિ કશું કરી છૂટવું નથી, એનો કોઈ વિચાર જ કરવો નથી, તો પરહિતની ચિંતા, મૈત્રી, કરુણા, ભાવના પોકળ રહેવાની. સમસ્ત જીવો સુખી થાઓ, તેમનાં દુઃખ ટાળો, એમ કહે છે પણ કોઈનું ય કશું ભલું કરવું નથી, એના કરતાં તો એકાદ બેના હિતનો સક્રિય પ્રયત્ન કરે છે તે ખરી પરહિત ચિંતા કરનારો છે.

**અહીં પ્રશ્ન થશે કે** 'તો શું સૌનું ભલું ન ચિંતવવું ?'

હું કહું છું જરૂર ચિંતવવું, પરંતુ એ સમજીને ચિંતવવું કે 'મારે શક્તિ-સામગ્રી પ્રમાણે પરહિત કરવાનો ઉમળકો જોઈશે, નહિતર કદાચ એ ચિંતવના શબ્દ માત્રમાં રહી જશે.'

**શાસ્ત્ર કહે છે** મુનિઓ ખરા પરહિતકારી છે કેમ કે એ સર્વ જીવોને પોતાના તરફથી અભયદાન આપે છે. એવા પણ સામાન્ય શક્તિવાળા મુનિ હોય યા મોટા જિનકલ્પી જેવા મુનિ હોય કે જે ઉપદેશ વગેરે ન કરતા હોય ને માત્ર પોતાની સંયમ સાધનામાં લીન હોય છતાં એ મહાન કલ્યાણકારી પુરુષ છે, ઉત્તમ પરહિતકારી છે.



વાત આ છે કે આત્મચિંતા ઉત્તમ છે અને એ કરવા માટે બીજા પ્રત્યે દ્વેષભાવ, દ્રોહ, વૈર-વિરોધ વગેરે ટાળી મૈત્રીભાવ કેળવવો જરૂરી છે. એટલું જ જરૂરી વિનશ્વર કાયા-માયાને ઓળખી લઈ, વિષય-કષાયોને બરાબર પિછાણી લઈ એના પ્રત્યે નફરત કેળવવી તે છે. આ હશે તો મૈત્રી સાચી જાગશે.

## ચાર ચિંતા- ૨. કામચિંતા

**કામચિંતા મધ્યમ એટલે ? :-** ચાર ચિંતામાં બીજા નંબરે વિષયચિંતા-કામચિંતા કહી. એમાં ઈન્દ્રિયોના વિષયના સુખની ચિંતા, કાળજી આવે. આ ચિંતા કરનારાને મધ્યમ કહ્યા; તેનો અર્થ એ નથી કે આત્મચિંતાવાળા વધુ સારા અને વિષય ચિંતાવાળા થોડા ઓછા સારા. એવું નથી કેમ કે વિષયચિંતા તો એક ભવનું ફળ છે, અને ભવપાર નહિ પણ ભવવૃદ્ધિ કરનારી છે. એવું નથી કે આત્મચિંતા જલદી મોક્ષે પહોંચાડે, અને કામચિંતા ધીમે ધીમે. ના, કામચિંતા તો મોક્ષને પ્રતિકૂળ છે.

તો પછી પ્રશ્ન થાય છે કે એને મધ્યમ કેમ કહી ?

ઉત્તર એ છે કે અધમ એવી અર્થચિંતા કરતાં એ જરા ઓછી ભયંકર છે માટે એને મધ્યમ કહી.

બાકી, મોક્ષમાર્ગને તો કામચિંતા રૂંધનારી છે, અર્થચિંતા કરતાં જરા ઓછી રૂંધનારી, એટલે ભયંકર તો છે જ.

જે આત્માઓ વિષયસુખોના ગુલામ બની એની ચિંતામાં અટવાઈ જાય છે, એ બિચારાને આત્મચિંતા મોંઘી થઈ પડે છે, અને આત્મચિંતાના જો વાંધા તો પછી આત્મહિતકર મોક્ષ માર્ગ તરફ એ કેમ વળે ?

ઈન્દ્રિયોને જ ખુશ કરવાની વલવલતા ચીજ જ એવી છે કે માણસને આત્મહિત સાંભળવા તરફ ગળિયો બનાવી દે છે. અનાદિના એના અભ્યાસ છે ને ? એટલે આત્માના જાણે સ્વભાવમાં વિષય સુખની લાલસા વણાઈ ગઈ છે. ત્યારે, **આત્મહિત કંઈક પણ સાધવું હોય તો** વિષયલાલસાને અંશે પણ આંચકો લગાડવો પડે છે. કમમાં કમ એના તરફ ઘૃણા, સૂગ ઊભી કરવી જોઈએ છે. વિષયોના ખેંચાણમાં ઊભી થતી સ્વાત્માની નિર્બળતાનો ખ્યાલ અને ખેદ જગાડવો જરૂરી છે. પરંતુ જ્યાં એટલું પણ નથી અને દીવા પાછળ પતંગિયાની જેમ મનગમતા વિષયોના સુખ પાછળ ભમવાનું છે ત્યાં મોક્ષમાર્ગના પહેલા પ્રકાર સમ્યગ્દર્શન તરફ પણ દૃષ્ટિ સરખી ક્યાંથી જાય ?

**ચક્રવર્તીનું સ્ત્રી રત્ન** એટલે કે મુખ્ય પટરાણી મરીને છઠ્ઠી નરકે જાય છે. કયા વાંકે ? વિષય સુખની કારમી ઘેલછાના વાંક પર. પુણ્ય જોરદાર છે. ભરપૂર

સુખસામગ્રી મળી છે તે પણ ભારે ઠકરાઈ સાથે ! બસ, ઇંદ્રિયોને એમાં ચકચૂર રાખવા ઉપર આગામી નરક દુઃખોનાં આંધણ મુકાય છે !

**વાસુદેવો** પૂર્વે ધર્મ કરી પુણ્ય લઈને આવ્યા છે. પરંતુ સાથે વિષય સુખોની લાલસાનાં બીજ એવાં દઢ વાવીને આવ્યા છે કે અહીં ચિત્ત એમાં લયલીન બને છે. પરિણામ શું ? તો કે જાઓ નરકમાં. ત્રિપૃષ્ઠ વાસુદેવને શ્રેયાંસનાથ ભગવાન પણ ભેટ્યા હતા, છતાં આત્મચિંતા પ્રબળ ન બની, કામ ચિંતા બળવાન રહી. પૂર્વભવમાં ઊંધા વેતરણ અને વિષયની ગૃદ્ધિ અહીં ચાલી આવી અને કામચિંતા પ્રધાન બનતાં એણે એમને નરક તરફ ઘસડ્યા !

**મમ્મણ શેઠ** શાના ઉપર ભૂલ્યો ? કામચિંતા પર. પૂર્વભવે સિંહ કેસરિયો લાડવો મહારાજને વહોરાવ્યા પછી એનો રસ જાગ્યો ! બસ, એના પર પૂર્વોપાર્જિત પુણ્યના કૂચા કર્યા ! એને પાપાનુબંધી બનાવી દીધું. મમ્મણના ભવે પુણ્યના વિપાક પર કાળી લેશ્યામાં ચઢ્યો. મરીને ઘોર સાતમી નરકે ગયો. મૂળ કામચિંતાએ દાટ વાળ્યો !

**એક ખરાબ લાગણીમાંથી બીજી ભયંકર લાગણીઓ :-**

મમ્મણના દૃષ્ટાન્તમાં જોવા જેવું છે કે મૂળ એને અર્થનો લોભ નહોતો જાગ્યો કે 'હાય મારી મિલકત ગઈ !' પરંતુ જીભડીનો ચટાકો લાગ્યો હતો. સુંદર ખાવાની વસ્તુનો ટેસ ઊભો થયો હતો, પરંતુ એમાંથી મમ્મણના ભવમાં અર્થનો લોભ લાગ્યો ! મધ્યમ એવી કામચિંતામાંથી અધમ એવી અર્થચિંતામાં ઘસડાયો ! સાક્ષાત્ એણે સાતમી નરક દેખાડી. આ સૂચવે છે કે :

એકાદ પણ રસમય કરેલી ખરાબ લાગણીમાંથી આગળ જતાં બીજી અનેક વધુ ભયંકર લાગણીઓ ઊભી થાય છે. માટે જ ખરાબ લાગણીને રસમય કરતાં બહુ વિચાર કરજો. આત્મા અને કર્મનું સાયન્સ વિચિત્ર છે, ઝીણું છે, અનેક જટિલ આંટી-ઘૂંટીવાળું છે.

(૧) આત્મામાં કેવા કેવા ભાવો છૂપી રીતે ચાલતા હોય છે, એની સામાન્ય બુદ્ધિથી ખબર નથી પડતી. એમ,

(૨) કર્મ ક્યારે કેવા બાહ્ય અને અભ્યન્તર વિપાક લાવી મૂકે એ કળવું મુશ્કેલ પડે છે,

એટલે દેખીતો એક ખરાબ લાગણીનો ભાવ હોય, પરંતુ ગર્ભિત કોઈ બીજા ભાવો કામ કરી રહ્યા હોય, એ સંભવિત છે. એ પછી અવસર આવી લાગતાં મોટા રૂપમાં ફૂટી નીકળે ત્યારે આશ્ચર્ય થાય કે 'આ ક્યાંથી ?' પણ કારણ વિના કાર્ય બને નહિ, તેથી સમજવું જ રહ્યું કે એનાં બીજ તો વવાઈ જ ગયાં હતાં.



**બે સાવધાની :-** એટલે જ આ સાવધાની બહુ રાખવાની છે કે પહેલાં તો ખરાબ લાગણી, ખરાબ ભાવને ઊઠવા જ ન દઈએ, ઊઠવા જતા હોય કે તરત એને રોકીએ; અને બીજા નંબરે એને રસમય રીતે તો ન જ સેવીએ, એને મહાલાવીએ નહિ જ, કેમ કે એમાં મોટો ભય છે કે એના પરિણામે નજીક યા દૂરના ભવિષ્યમાં અનેક બીજી ખરાબ લાગણીઓના ફણગા ફૂટી નીકળે !

**મરીચિએ** ચેલો કરવાના લોભમાં ઉત્સૂત્ર ભાષણ કર્યું. આ ખરાબ ભાવમાંથી પરિણામ એ આવ્યું કે પછીના ભવમાં કામસુખોની લગની ભારે જામી ! અને પાછળ મિથ્યાદૃષ્ટિ ત્રિદંડિકપણાના ભાવ જાગ્યા ! સંસારમાં પરિભ્રમણ વધી ગયું.

**દુર્ભાવના કટુ પરિણામ :-** સિંહને ત્રિપૃષ્ઠ વાસુદેવે ચીર્યો. સિંહ એની પ્રત્યે દુર્ભાવની લાગણીમાં ચઢે છે. આ લાગણી ઠેઠ મહાવીર પ્રભુના ભવ વખતે એ ખેડૂત થયો ત્યાં ઊભી થઈ. ગૌતમ મહારાજે તો એને પ્રતિબોધ કરી દીધો. વૈરાગ્ય જગાડીને સાધુ બનાવી પ્રભુ પાસે લઈ આવ્યા. પરંતુ, પેલો સિંહના ભવે કરેલો દુર્ભાવ કેવો ખતરનાક કે જગત જેમના તરફ આકર્ષાઈ રહ્યું છે એવા મહાવીર પ્રભુ પ્રત્યે આનામાં ઘૃણા ઊભી કરી ! 'આ ગુરુ ? નહિ જોઈએ મારે' સાધુપણું મૂકી ભાગ્યો; એટલે કે જાગેલા વૈરાગ્યને ફેંકી દઈ રાગમૂઢ બન્યો, નિઃશંકપણે વ્રતભંગના અશુભ પરિણામ ઊભા કર્યા !

વિચારવા જેવું છે કે આજે કોઈની પ્રત્યે દ્રોહ-દુર્ભાવ રસથી કરીએ છીએ પરંતુ આગળ પર જો એ મહાપુરુષ થશે અને જગત એની તરફ આકર્ષાઈ મહાન ધર્મ પામી જતું હશે, છતાં એ વખતે કદાચ આપણે એને ભેટી પડ્યા તો આપણને તો આ ઊંડા ઘાલેલા દ્રોહ-દુર્ભાવના ફળરૂપે શું થશે ? વળી એ રસથી દ્રોહ-દુર્ભાવના સેવન પછી ભવિષ્યમાં બીજી ય કેટલી ખરાબ લાગણીઓ ઊભી થશે ?

**દ્રૌપદીએ** પૂર્વ ભવમાં બ્રાહ્મણીના અવતારે લોકમાં હલકી ન પડે માટે માનની લાગણીથી મુનિને કડવી તુંબડીનું શાક વહોરાવી દીધું. માન માણસને કેટલું મારે છે ! 'હું હલકો પડું ? ભલે ભૂલ થઈ ગઈ છે, છતાં શું બીજાઓની દૃષ્ટિએ બુદ્ધુમાં ખપવું ? ના, માટે આ પોલિસી કરો' આવા ખરાબ ભાવમાં તણાય છે; અને પછી જરાક-શા માન ખાતર અધમ કાર્યવાહી કરે છે. એને પરલોકનો કોઈ વિચાર નથી રહેતો, કોઈ આત્મચિંતા નથી સ્ફુરતી, કે 'આનાં ભયાનક પરિણામ કેવાં આવશે !' દુર્ગતિનાં દુઃખ તો ખરાં જ પણ સાથે અનેક ખરાબ લાગણીઓ અને દુષ્ટ ભાવોની પરંપરા ત્યાં ચાલવાની એ ખૂબ જ ભયંકર છે. બ્રાહ્મણીની એવી જ સ્થિતિ થઈ. અનેક ભવ ભટકી અનેક પાપ કર્યાં ! છેવટે સાધ્વી થઈ ત્યાં પણ શરીર શુશ્રૂષામાં પડી ! ગુરુણીને અવગણી ઉદ્યાનમાં કાઉસ્સગ્ગ ધ્યાને રહેવા

ગઈ ! અને વેશ્યાને પાંચ પુરુષથી ખેલાતી જોઈ દુષ્ટ વિચારમાં ચઢી કે 'આ કેવું સરસ સુખ ! માટે મને પણ ભવાંતરે પાંચ પતિ હો'

ચારિત્ર મળવા છતાં શરીરને સાફસૂફ રાખવા પખાળ-પખાળ કરવું, ટાપટીપમાં પડવું. આ ક્યાંથી આવ્યું ? પૂર્વે ખરાબ લાગણી તો આ માનની અને માયાની કરેલી હતી; તો પછી આ ઠઠારા-મઠારાની ખરાબ લાગણી ક્યાંથી ફૂટી નીકળી ? કહો, એ પૂર્વની રસમય સેવેલી અધમવૃત્તિ સાથે બીજ પડી ગયાં હતાં, તે વિકસતાં એ ઠેઠ કામભોગની ઈચ્છા અને પાંચ પતિનું નિયાણું કરવાની અધમ લાગણી સુધી પહોંચી ગઈ ! મુનિનો દ્રોહ કરવાની વૃત્તિએ વેર વાળ્યું.

**મૈત્રી-કરુણા ભાવના** દ્રોહ ચીજ એવી છે કે જીવને જબરદસ્ત પછાડ ખવડાવે છે ! અનેક બીજી પાપી લાગણીઓને ત્યાં નાચવાનું મળે છે ! માટે જ ધર્મનો ખપ હોય તો આ દ્રોહને દેશવટો દઈ દ્યો. શાસ્ત્રો એટલા માટે મૈત્રી પર ભાર મૂકે છે કે મૈત્રી ભાવના ભાવતાં દ્રોહ નીકળી જાય; હૃદય નિઃશલ્ય અને સ્વચ્છ બનવા લાગે. પણ તે મૈત્રી આ, કે 'જીવો તો મારા મિત્ર છે, મારા બંધુ છે, એમનો દ્રોહ મારાથી કેમ કરાય ? એમનો દ્રોહ તે મારી જાતનો જ દ્રોહ છે. તે ન જ કરું.' એવું વારંવાર ભાવવાનું, અને પ્રસંગે-પ્રસંગે એનો અમલ કરવાનો.

ધ્યાન રાખજો મૈત્રી-કરુણા આદિ શુભ ભાવનાને શક્ય પ્રમાણમાં સક્રિય નહિ બનાવો તો એ બુંદીકોટાની ભાવના જેવી વાંઝણી ભાવના નીવડવા સંભવ છે. જીવ એના વિશ્વાસે રહેશે અને ઠગાશે ! કહે છે 'હું મૈત્રી ભાવના કરું છું' અને કોઈને થોડાય કામમાં નથી આવતો, સગા ભાઈને ય નહિ, ઊલટું અબોલા છે, વિરોધ છે. જુઆરું છે, મારું તે મારું છે; તો એ મૈત્રી ભાવના કેવી ? કહે છે 'હું દુઃખીની કરુણા ચિંતવું છું, કે કેમ હું દુઃખીના દુઃખ ફેડું !' પરંતુ મોકો આવે, બીજાની ભૂલ થાય ત્યારે એનો તિરસ્કાર કરે છે, એને ઉતારી પાડે છે ! તો પછી એ કરુણાભાવના કેવી ? 'બિચારો કર્મવશ છે, ભૂલ થઈ જાય. હું એને આશ્વાસન આપું. પ્રભુ ! એને સદ્બુદ્ધિ સૂઝો !' આવું કાંઈ વિચારવું નથી, ને કહે છે 'હું વિશ્વના જીવોની કરુણા ભાવના કરું છું !' ખરી વાત આ છે કે સાચો મિત્રભાવ, ને બંધુત્વની લાગણી કેળવીને 'બીજાને કેમ હું કામ લાગું. કેમ વૈર-વિરોધને નામશેષ કરી નાખું' આ ઊભું કરવાનું છે. કરુણા ભાવના કરી કરીને ભોગ આપવાનું, ઉદાર બનવાનું, અને દુઃખી અને ભૂલ કરનાર પ્રત્યે હૈયું દયાભીનું કરવાનું છે, દ્વેષ, તુચ્છકાર નહિ. તો જ એ મૈત્રી-કરુણા ભાવના આત્મસ્પર્શી બની ગણાય.



**મૈત્રીના મૂળમાં વૈરાગ્ય :-** ત્યારે પ્રશ્ન થશે કે તો પછી એ ભાવના કરવા છતાં ફળ કેમ દેખાતું નથી ?

ઉત્તર એ છે કે એના મૂળમાં વૈરાગ્ય જોઈએ છે, વિષયતૃષ્ણા ઘટવી જોઈએ છે. અર્થ અને કામનો જો આંધળો રાગ છે, તો એ કોઈને ગમે તેટલા મિત્ર માનવા છતાં શું કામ એની પાછળ પોતાના અર્થ-કામ ફોગટ જતા કરે જ ? અર્થ-કામના જોરદાર રાગ આગળ મિત્રપણાના સ્નેહનું કાંઈ ચાલે નહિ. કાર્ય પેલા જબરા રાગનું જ થતું રહેવાનું. ઘર-કુટુંબમાં શું નથી જોતા કે બાપને કે ભાઈને ખાવાનો જો બહુ ચસકો હોય છે, તો સ્નેહાળ પણ દીકરો કે ભાઈ-બેનને મૂકીને ઊડાવે છે ? પોતાની વિષયલંપટતા અને ધનમૂર્ચ્છા સહેજ પણ ઘટ્યા વિના મૈત્રીનું, સ્નેહનું કે કરુણાનું કાર્ય કરે જ શું કામ ? મહાકૃપણ બાપ, આમ સ્ત્રી કે દીકરા પર સ્નેહ દેખાડતો હોય છતાં એની કેટલીય માગણી કે જરૂરિયાતો પણ પોષતો નથી, અને કષ્ટભર્યા જીવનમાં એને ઘસડે છે. આ સ્નેહ, મૈત્રીનું શું મૂલ્ય ? એ તો જો મનને એમ હોય કે 'ભલે મારે પૈસા સાચવવાના, અને જાતે સુખ ભોગવવાનાં, પરંતુ એ એવી રીતે નહિ કે આ મારા સ્નેહપાત્ર ટળવળે. એમને સારી રીતે રાખવામાં ભલે ખર્ચ થઈ જાય, ભલે મારા સ્વાદ થોડા ઓછા થાય એની પરવા નહિ' આવું કાંઈ મનને હોય તો એ સ્નેહને સક્રિય બનાવી શકે. એનો અર્થ શું થયો ? એ જ કે થોડો પણ અર્થરાગ-વિષયરાગ ઘટાડો તો સ્નેહ સાચો દાખવી શકાય, મૈત્રી વસ્તુગત્યા બજાવી શકાય.

કરુણા ભાવનામાં ય એવું જ છે. જો અર્થ કામના આંધળા રાગ અડીખમ ઊભા છે તો કરુણા નહિ બજાવી શકે. આજે દેખાય છે કે એવા ધનાઢ્યો દુઃખી સાધર્મિકનીય ભક્તિ તો શું પણ દયા ય કરતા નથી, ક્યાંથી કરે ? પોતાના વૈભવ અને રંગરાગ પર અથાગ લંપટતા છે. કોઈ કરે છે, તો તે થોડી, કેમ કે એને એ લંપટતા થોડી જ ઘટી છે. શું દુઃખી સગા ભાઈ-બેનનીય દયા ચૂકનારા આ દુનિયામાં નથી ? છે. હવે એ કદાચ કરુણા-ભાવના કરવાનો દાવો રાખતા હોય તો તેનું મૂલ્ય કેટલું ? એ કરુણા ભાવના હૈયું વલોવાઈને ઊભી થનારી કે પોપટ પાઠ રૂપ ?

આ સૂચવે છે મૈત્રી-કરુણા ભાવના પાછળ અર્થ-કામની લંપટતા અને કષાયો કંઈક પણ ઓછા હશે, તો એ વાસ્તવિક આકાર લઈ શકશે. કમમાં કમ એ લંપટતા અને કષાય દિલને ખટકતા હશે, તો પણ સાચી મૈત્રી ભાવના-કરુણા ભાવના કરી શકશે.

## વિષય-કષાય કેમ ઘટે ?

એટલે મૂળમાં વિષય-કષાયની આંધળી પકડ ઓછી કરવાની જરૂર છે, અને એ

(૧) જિનવચનની શ્રદ્ધાથી થાય,

(૨) અનિત્ય-અશરણ વગેરે પદાર્થ વિચારવાથી બને;

(૩) ઉત્તમ પુરુષોનાં ચરિત્ર વાંચવા-સાંભળવાથી શઈ શકે,

(૪) વીતરાગની ભક્તિ, સત્સંગ, જિનવાણીનું શ્રવણ, વગેરે ધર્મનાં અનુષ્ઠાનો સેવતાં-સેવતાં થાય,

(૫) જગતમાં વિષય-કષાયની પાછળ બનતા નાના મોટા અનર્થો દિલથી વિચારતાં વિચારતાં પણ બને, વગેરે વગેરે ઉપાય કષાયની પકડ ઓછી કરવા માટે છે.

ગમે તેમ પણ અનાદિની કારમી વિષય ઘેલછા અને કામભોગના સુખની આંધળી લગની, તથા નિર્ભીકપણે નિ:સંકોચ કષાયો કરવાનો હાસ કરે તો જ ધર્મનગરના દ્વારમાં પ્રવેશ મળે, તેમજ સાચી મૈત્રી ભાવના, કરુણા ભાવના કરી શકાય, અને એનું ફળ આવે.

**સંસારની જડ વિષયો :-** ધ્યાન રાખજો કષાયના ય મૂળમાં વિષયો છે.

**આચારાંગ શાસ્ત્ર કહે છે, 'जे मूले से गुणट्ठाणे'**

સંસારનું મૂળ કષાયો, પણ એને ઊભા થવાનું સ્થાન કામગુણો, ઈન્દ્રિયોના વિષયો. વિષયો ખાતર જીવ કષાય કરે છે. સારા રૂપ-રંગવાળી ચીજ ગમે છે માટે એ લાવવા લોભ કરે છે. માયા કરે છે, અને એ મળવા ઉપર અભિમાન કરે છે ! એમાં આડખીલી કરનારા ઉપર ક્રોધ કરે છે ! સારા-નરસા વિષયોને લઈને રાગ-દ્વેષ કરે છે. વિષયોના અવલંબને કષાયો; એની પાછળ હિંસાદિ પાપો, અને કર્મબંધન, એના ઉપર સંસારમાં પરિભ્રમણ આ ક્રમ છે. માટે વિષયો એ સંસારની જડ છે.

**ઉપદેશમાલામાં કહે છે** 'અહો ! આ વિષયો જગતમાં ન હોત તો જીવ કેવો સુખી હોત ! શા સારુ એ હિંસાદિ પાપો અને ક્રોધાદિ કષાયો કરત જ ?' માણસ કીર્તિ, યશ માટે મરી પડે છે ત્યાં પણ કાનને સારા જશવાદના શબ્દ સાંભળવાનો રસ છે, આંખને પોતાનાં માન-સન્માન થાય એ જોવાને ઉમળકો છે. એટલે એ ય ઈન્દ્રિયનો વિષય છે.

વિષયની આસક્તિમાં તણાયો જીવ પાપ કરે છે, કષાય કરે છે અને ભવ કેદ લંબાવે છે. માટે એ વિષયના સુખોની ચિંતા ભૂંડી છે.



**વિષયચિંતાનો વિચિત્ર અંધાપો :-**

વિષયચિંતા, કામચિંતા જીવને દેખતો છતાં આંધળો બનાવે છે. અંધ તે પાછો એવો કે જાતિ-અંધથી ચઢી જાય એવો ! આંખે અંધ તો વસ્તુ હોય એ ન દેખે; પણ આ વિષયાંધ, કામાંધ એની વિષયચિંતામાં જે ન હોય તે દેખે છે. રસ્તામાં તળાવ આવ્યું પણ આંધળાએ દેખ્યું નહિ તો તરસ્યો રહ્યો એટલું જ, વળી આગળ કોઈ દયાળુ મળે તો પાણી ભેગો થાય પણ ખરો. પરંતુ રણમાં ઝાંઝવાનાં નીર ખરેખર પાણી નથી છતાં હરણિયાં ભર ઉનાળે એમાં હોવાનું જોઈ દોડે છે. પાણી ત્યાં મળતું નથી એટલે આગળ દોડે છે, પણ ક્યાં ? પાછા જ્યાં પાણી નથી એવાં ઝાંઝવાનાં નીર તરફ ! પરિણામે રખડી-રખડીને તરસ્યા ને તરસ્યા રણમાં શેકાઈ મરી પ્રાણ ગુમાવે છે ! આ નથી તે જોવાનું પરિણામ. જૂઠ જલદર્શન ન કર્યું હોત તો કદાચ વહેલો ન મરત.

**"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૧૦,અંક-૨૭,તા.૨૪-૩-૧૯૬૨**

બસ, વિષયાંધોની આ સ્થિતિ છે. જ્યાં વિષયોમાં સુખ નથી, પ્રેમ પાત્રોમાં પ્રેમ નથી, ત્યાં સુખનાં અને પ્રેમનાં સાચાં દર્શન કરે છે. એમાં ને એમાં કામચિંતા કરી કરી અંતે ખતમ થાય છે. કેટલાક વળી આ જીવનમાં જ બરબાદી દેખે છે. કેમ કે જ્યાં વિશ્વાસભંગ થાય એમ હતો ત્યાં વિશ્વસનીયતા દેખી એના પર વિશ્વાસ કરે છે, દુ:ખના ઢગલા છે ત્યાં સુખ દેખી એની પાછળ દોડે છે.

**વિષયરંગથી અહીં થતી બરબાદીનું દૃષ્ટાન્ત જુઓ.**

યુગાદિદેશનામાં એક કથા મૂકી છે. શેઠનો છોકરો વરઘોડો લઈ એક શેઠની કન્યાને પરણવા આવે છે. અહીં બન્યું એવું કે એક બીજો શ્રેષ્ઠીપુત્ર આ કન્યામાં મોહિત થયેલો તે લા'વલશ્કર લઈ ત્યાં આવી પહોંચ્યો અને અડ્ડો નાખીને બેઠો કે 'કન્યા મને જ પરણાવવી પડશે.' ધાંધલ થઈ પડી.

કન્યાનો બાપ મૂંઝાયો, 'શું કરવું ?' એ સમજાવે છે પણ પેલો સમજતો જ નથી. થાકીને બાપે રાજાને જઈને આ હકીકત કહી. રાજાના મનને થયું કે 'એવી તે કન્યા વળી કેવી હશે કે આ ધાંધલ થઈ ?' એટલે પોતે શેઠને કહે છે,

'ચાલો હું આવું છું'

રાજાની શેઠના ઘરે પધરામણી થઈ. શેઠ કન્યાને લાવીને રાજાના પગે પાડે છે, અને કહે છે, 'મહારાજ ! આ મારી કન્યા પાછળ આ બીજો દીવાનો બની ધાંધલ માંડી બેઠો છે.'

**રાજા દીવાનો બન્યો :-**

પણ પેલો શું દીવાનો બને ! રાજા પોતે કન્યાનું અપ્સરા જેવું રૂપ જોઈ દીવાનો બન્યો. એના મનને થયું કે 'આ તો મારી પટરાણી કરવા જેવી છે. પણ હવે એ મળે શી રીતે ?' ચિંતામાં પડ્યો.

જુઓ વિષયચિંતા પ્રજાના પાલક ગણાતા રાજાને ય ક્યાં તાણી જાય છે ! રાજા આત્મભાન ભૂલ્યો; કર્તવ્ય વિસાર્યું, શેઠ જાણે રાજા ઝગડો મિટાવવા માર્ગ ચિંતવે છે, પણ એ કન્યા કેમ પોતાને જ મળે એની ચિંતામાં પડ્યો છે. વિષયોની ચિંતા, વિષયોની કાળજી, અને એની તાલાવેલીભરી વિચારણા જીવને મૂઢ બનાવી દે છે.

રાજા મનમાં માર્ગ નક્કી કરી શેઠને કહે છે, 'જુઓ હમણાં મારું માથું દુઃખે છે તેથી તોડ કાઢવો મુશ્કેલ છે. એટલે હમણાં તો ઉમેદવારોને રવાના કરો. લગ્ન બંધ રાખો, અને પછી હું ઠેકાણું પાડી આપીશ.

શેઠને પસંદ તો નહિ, એને તો લગ્ન પતાવવું હતું, પરંતુ શું કરે ? રાજાની વાત વધાવી લેવી પડી. બંનેને કહી દીધું 'હમણાં ઘરે પધારો, મહારાજાના કહેવાથી લગ્ન બંધ રાખ્યાં છે !

પહેલા શ્રેષ્ઠીપુત્રના મનને ઘણું દુઃખ થયું, પરંતુ પરિસ્થિતિ જોઈ એને પાછું જવું પડ્યું. બીજા નાગાને તો પલાળવાનું શું ને નિચોવવાનું શું ? એ ય ઘરે સિધાવ્યો.

અહીં જુઓ કન્યા એક છે, પણ ત્રણ જણા એની સામે તાકી રહ્યા છે. વિષયરસ શું કામ કરે છે ! પણ રાજાની શિરજોરી છે, એટલે બેનું શું ચાલે ? છતાં રાજા બડો હોશિયાર છે. એમ કન્યાને ઉપાડે એવો નથી, લોકમાં આબરૂભેર જીવવું છે ને ? એણે પ્રધાનને બોલાવ્યો અને સમજાવીને કહ્યું,

'આ શેઠની કન્યાનું ચોકઠું ગોઠવાય તો ગોઠવી લાવો.'

**રાજાની પેરવી :-** બસ હવે આ વિષયની ચિંતા ભારે જામી પડી છે. 'કન્યા કેમ મળે, ક્યારે મળે, કેવી સરસ !...' આ લગની લાગી છે. દીવાન તો ચિઠ્ઠીનો ચાકર, તે કહે છે,

'મહારાજ ! જેવો હુકમ ! આપ ફિકર ન કરો, ગોઠવી લાવું છું.'

કહીને દીવાન ગયો શેઠને ત્યાં. શેઠ સ્વાગત કરે છે, 'પધારો પધારો,' શિષ્ટાચાર કરી હાથ જોડી પૂછે છે.

'ફરમાવો મારા યોગ્ય સેવા.'

દીવાન કહે છે, 'આ તમારી કન્યા માટે રગડો મોટો છે. મહારાજા મૂંઝાઈ



ગયા છે કે ઉકેલ કેમ લાવવો ? પણ મને એક રસ્તો સૂઝે છે.'

'હા, ફરમાવો શો રસ્તો છે ?'

'રસ્તો મને એમ લાગે છે કે આ તમારી કન્યા મહારાજા સાથે જ પરણાવી દેવી. પછી કોઈને બોલવાનું રહે નહિ. અલબત્ત આ અંગે મહારાજાનો વિચાર લેવો પડે.'

'અરે દીવાનસાબ ! આમાં અમારું શું ગજું ? અમે વણિક કોમના મહારાજાને તો મોટા રાજકુળની રાજકુમારીઓ મળે. અમારાથી અમારી કન્યા માટે શી રીતે કહેવાય ?'

'તે ફિકર ન કરો, તમારી મરજી થતી હોય તો હું પ્રયત્ન કરી જોઉં.'

મંત્રી હોશિયાર છે, રાજાને ગરજ છે, રાજા માગણી કરે છે એવું દેખાડવું નથી. ઊલટું શેઠ પર અહેસાન ચઢે એવું ઊભું કરે છે ! શેઠ પણ એવો જ વિચાર કરે છે કે 'વાહ દીવાનજી ! આવું કામ કરી આપતા હોય તો તો સોનાથી પીળું શું ? આપણી કન્યા રાજરાણી થાય એવાં ભાગ્ય ક્યાંથી ?' તરત કહે છે,

'તો તો કરોને ભાઈસાહેબ પ્રયત્ન ! એ બની આવે તો રૂડું-રૂપાળું.'

થયું, મંત્રી રાજાને ગમતું નક્કી કરાવીને ઊપડ્યો રાજા પાસે, અને ખુશાલીના સમાચાર આપ્યા. રાજા ખુશ થઈ ગયો. મંત્રીએ શેઠને હા કહેવરાવી દીધી.

શેઠ, મંત્રી અને રાજા કેવા પોતપોતાના તાનમાં છે ! બધું વિષયચિંતાના પાયા પર. ન્યાય ચૂકવવાનું ભૂલી રાજા માયામાં તણાયો અને એના પર મંત્રીએ તાલંબાજી કરી એ રાજાની વિષયચિંતા તૃપ્ત કરવા માટે. શેઠે સગાઈ કરેલ જમાઈને વહેતો મૂક્યો એ કન્યાની વિષયસુખની ચિંતા ખાતર. વિષયચિંતાએ એ બધાને લપેટામાં લીધા. તાત્ત્વિક દૃષ્ટિએ જુઓ કે આમાં આત્માનું ભલું ક્યાં થઈ રહ્યું છે ? હજી આગળ જુઓ વિષયચિંતા કેવું નિકંદન કાઢે છે !

રાજા સાથે કન્યાનાં લગ્ન થઈ ગયાં. એ રાજરાણી બની બેસી ગઈ. પરંતુ પેલો મૂળ શ્રેષ્ઠીપુત્ર એને ભૂલી શકતો નથી. એને તો જબ્બર આઘાત લાગી ગયો કે 'હાય ! આ શું થઈ ગયું ? આને રાજા ઉપાડી ગયો ? બસ એના વિના જીવન ધૂળ છે.' મનમાં ને મનમાં સલવાય છે, ભારે કલ્પાંત કરે છે, રાત ને દિવસ એના જ વિચાર આવે છે. 'હવે શું કરવું ?' એ શોધ્યા કરે છે.

**વિષયવાસનાનો અગ્નિ :-**

જીવ અનંતા કાળમાં અનંતી સ્ત્રીઓ જોઈ આવ્યો છતાં તૃપ્તિ ક્યાં છે ? વિરામ ક્યાં છે ? કામભોગની લગનીનો અગ્નિ એમ બુઝાતો નથી, ઊલટો સતેજ રહે છે. **ગીતા** પણ કહે છે, **'न जातु कामः कामानाम् उपभोगेन शाम्यति'**

વિષયસુખની વાસના એના ભોગવટાથી શાંત થતી નથી. લાકડાં હોમ્યે જવાથી અગ્નિ શાંત પડી ગયો જાણ્યો છે ? અનંત કાળથી આ સ્થિતિ ચાલી આવી છે, છતાં હજી પણ જીવને એમ થતું નથી કે હવે તો આને તર્પણ ન કરું. એ જ જૂનો પુરાણો રદ્દી કચરાપટ્ટી વિષય સેવા-સ્પર્શ-રૂપ-રસ-ગંધ-શબ્દનો રસ હજીય છોડવો નથી. પરિણામ એ આઘો જાય પાછો જાય, પણ એ વિષય રસનો માર્યો વિષયચિંતાથી ઓતપ્રોત રહે છે. કેવી દુર્દશા ! મંદિરમાં જશે મંદિરમાં; તો ય ત્યાં એ નહિ વિચારે કે 'અહો કેવા જગત દયાળુ વીતરાગ' એ તો એટલું જ જુએ છે કે 'આ બહુ ઊંચા શિલ્પવાળી પ્રતિમા. પેલી નહિ.' શું કર્યું આ ? ભગવાનનાં દર્શન કરવાનાં, ત્યાં પણ રૂપ, દેખાવરૂપી વિષયને આગળ કર્યો. ટકા માપ્યા. એમાં એવું પણ બને છે કે પછી સામાન્ય શિલ્પ ઉપર સૂક્ષ્મ પણ અભાવ થાય છે ! અને એ સૂગ જાણ્યે-અજાણ્યે ઠેઠ પરમાત્મા પર પહોંચી જાય છે, પછી ભલેને 'આ મૂર્તિ સારી, આ સારી નહિ' એમ મૂર્તિને જ ઉદ્દેશીને વિચારતો હોય પરંતુ એ મૂર્તિ ભગવાન તો ખરા ને ? **જિનપડિમા જિનસારિખી**. માટે ભૂલેચૂકે વિષયચિંતાને મૂર્તિ ઉપર લઈ જવા જેવી નથી. વિષયના રસ પર અંકુશ મુકાય તો વિષયચિંતા પર અંકુશ આવે.

શેઠનો છોકરો ભારી વિષયચિંતામાં મગ્ન થઈ ગયો છે, 'કન્યા રાજા ઊઠાવી ગયો, હવે શું કરવું ? એ મારા પર પ્રેમવાળી તો હતી જ પણ આ એના બાપે ઊંધું માર્યું. કહી ના દે રાજાને કે નહિ બને !...' ખોટી નિષ્ફળ વિચારણામાં અટવાઈ રહ્યો છે.

**વિષયચિંતા એક ભૂતડી છે, મગજમાં ઘાલી એટલી વાર ! મનને કૂદાકૂદ કરાવે છે.** એક તરંગથી બીજા તરંગ પર, ને બીજાથી ત્રીજા પર. વળવાનું કાંઈ નહિ, **'સાપ ખાય ને મુખડું થોથું'** સાપે માણસને ડંખ માર્યો ત્યાં લોક કહે છે સાપે એને ખાધો, તો ખાય તો તો મોંમાં કાંઈ આવે, પણ અહીં સાપના મોંઢામાં શું આવ્યું ? કાંઈ જ નહિ. મુખડું થોથું, ખાલી. એમ ચિત્તે ઘણાય તરંગ કર્યા પણ સરવાળે હાથમાં શું ?

**શ્રેષ્ઠીપુત્ર મહેલમાં :-** શ્રેષ્ઠીપુત્ર વિહ્વળ થઈ ગયો, રહેવાયું નહિ, નક્કી કરે છે કે એક વાર રાણીને મળવું તો ખરું જ. પણ ત્યાં તો ચોકી પહેરા ! શી રીતે જવાય ? એણે સાહસ કર્યું, ગામ બહાર જઈ એકાંતમાં સ્ત્રીનો વેશ પહેર્યો, અને ઊપડ્યો રાજમહેલ તરફ. મહેલની નીચે આવી ગયો. સિપાઈને કહે છે.

'રાણી મારી સખી છે, એને મળવું છે.'

સિપાઈ લઈ ગયો ઉપર, રાણી એને જોતાં ઓળખી ગઈ, સિપાઈને પાછો



વાળ્યો અને પૂછે છે 'આ શું ?'

આ કહે છે, 'શું તે તું નથી જાણતી ? મરી રહ્યો છું તારા વિના, અને તું અહીં નિરાંતે બેઠી છે ! ક્યાં ગયો તારો પ્રેમ ?'

રાણી કહે છે, 'પ્રેમ તો બધોય ખરો, પણ હું સ્વાધીન થોડી જ હતી ? બાપે કર્યું ત્યાં મારું શું ચાલે ?'

આ કહે છે, 'તો પછી મારે શું મરવું ?'

'મરવું શા માટે ? સો વરસ જીવો.'

'શી રીતે જીવે ? મારા પ્રાણ જેવી તું ગયા પછી જીવતર ક્યાં રહ્યું ?'

'હવે મને ભૂલી જાઓ, બીજી કોઈ મારી બેનને મારી જગા આપો.'

'અપાય ? આ તે કાંઈ જડ વસ્તુની જરૂર છે કે રોટલીને બદલે રોટલાથી ચલાવું ? આ તો જીવની સાથે સંબંધ છે. તારે ઠીક છે તું મને ભૂલી શકે મારાથી કેમ ભુલાય ? તારા વિના તો દિલમાં આગો સળગી રહી છે. હવે તો મને ઝેર દઈ દે.'

**લાગણીના ઊભરાનું પરિણામ :-**

રાણીને પૂર્વ પ્રેમ તો હતો જ, આના ગદ્ગદ શબ્દોએ એને વિહ્વળ કરી મૂકી; લાગણીનો ઊભરો છૂટ્યો. માણસ આમ જ મરે છે. અનુચિત સ્થાને લાગણી ઊભરાવાથી અનર્થ ઊભો થાય છે. વળી અહીં પાછું એકાંત છે, શું બાકી રહે ! પરસ્ત્રી-પરપુરુષનાં એકાંત મિલન ખોટાં; તેમ પ્રેમની લાગણી ભરી વાતો ખોટી, એ તો સ્થૂલભદ્ર કોક કે કોશા વેશ્યાના એકાંતમાં લાગણીભર્યા બોલ પર જરાય લહેવાય નહિ, સીતા જેવી મહાસતીઓ કોક કે એકાંતમાં પરપુરુષના લાગણીભર્યા કાલાવાલા પર સહેજ પણ પીગળે નહિ. બાકી તો આજે સાંભળવા મળે છે તેમ અંતરમાં પહેલાં તો કોઈ ખોટા માર્ગે જવાની બુદ્ધિ નહિ; છતાં વિજાતીયના લાગણીભર્યા બોલ અને ઓશિયાળા દેખાવ પર કુમાર્ગે પતન થાય છે. નહિ જેવા નિમિત્તમાં પટકાઈ જાય છે. અને એ પતન એવું કે વર્ષોનાં ઝેરના નશા !

**અરણિક** મુનિ ગોચરીએ નીકળ્યા છે, ધૂમ ધોમ તાપમાં. માર્ગમાં છાયામાં ઊભા. ઉપરથી કોઈ પતિ વિહોણી સ્ત્રીએ લટકાળી આંખે જોયા. મુનિની એના પર નજર પડી અને વધારામાં એના ઘરમાં ગોચરીએ ગયા. ત્યાં એના મોહમય લાગણીભર્યા બોલ સાંભળ્યા; બસ, પડ્યા ! એવા પડ્યા કે ત્યાં જ એના ધણી થઈ બેસી ગયા ! ક્યાં બાલ્યવયથી ચારિત્ર, વર્ષોનું પાલન, અને ક્યાં આ ક્ષણના ખેલમાં બધું સાફ ! જરાકશો પ્રસંગ, લાગણીભરી દૃષ્ટિ અને વાણીનો સંપર્ક ! વર્ષોનું ચારિત્ર લૂંટાયું !

એ તો જો એના મોહક કટાક્ષ વખતે જ ન જોયું હોત, અગર સહજ પડેલ આંખ ખેચી લીધી હોત, બીજા કોઈ તત્ત્વ વિચારમાં ચઢી ગયા હોત તો બચાત પરંતુ ના, એ તો જોતાં જ વિષય ચિંતામાં ચઢ્યા. હવે મન કેમ ન બગડે ? પછી એમાં ઉછાળો કેમ ન આવે ?

**આ બહુ ધ્યાનમાં રાખો કે વિષય ચિંતા મનમાં ઘાલી એટલે ખોટો વિચાર ઘાલ્યો, એ શેતાન છે. મનને તોફાને ચઢાવે છે, અને કેઈ પાપ કરાવે છે.**

**જ્યાં સુધી મનમાં ખોટો વિચાર ઊઠવા નથી દીધો ત્યાં સુધી જ સ્વસ્થતા છે, એ ઉઠ્યો એટલે દુષ્ટતા આવી. દુષ્ટ બનેલું મન જીવની પવિત્રતાનું સત્યાનાશ કાઢે છે.**

### ખોટો વિચાર અટકાવવા શું કરવું ?

માટે બચવું હોય તો ડહાયણ આ છે ઊઠે જ નહિ એ માટે મન પર સારી ભાવનાઓના ધોધ વરસતા રાખવા, પૂર્વના મહાપુરુષોનાં જીવનચરિત્ર મનમાં મમરાવતાં રાખવાં, પંચ પરમેષ્ઠી ભગવંતના અનેકાનેક ગુણો, સુકૃતો, સાધનાઓ અને અજોડ ઉપકાર સંભારતા જ રહેવું અથવા કોઈ વિસ્તૃત તત્ત્વ-વિચારણા મનને પકડાવી રાખવી. વગેરે, વગેરે

વીતરાગ પ્રભુના મહાશાસનનો ખજાનો પામ્યા પછી જાતે સમૃદ્ધ ન બનીએ, મનની તિજોરીમાં એ જ ન ભરીએ, દિલમાં એને જ ન રમતું રાખીએ એ કેટલી મોટી કમનસીબી ! ફરી ફરી આ ક્યાં મળશે ? તેમ એનાથી સુંદર બીજું શું મનમાં ઘાલવા જેવું છે ? જિનનું મહાશાસન જ મનમાં પલોટાતું રહે તો તો અનંતાકાળની કુવાસનાઓના ભુક્કા ઊડી જાય એમ છે. મન સ્વસ્થ, સુપ્રસન્ન, સાત્ત્વિક, ધીર, વીર ગંભીર બને છે. ખોટા વિચારનું સ્વપ્નું પણ ન ફરકે. આપત્તિ-તકલીફમાં પણ ખરાબ વિચારનો સ્પર્શ નહિ.

**આત્મરક્ષા કરવા માટે આ અગત્યનું છે કે ખરાબ વિચારને ઊઠવા જ ન દઈએ.** જે દિશાનો વિચાર નહિ, એ દિશા બંધ થઈ જાય છે. ખોટા વિચારને જરાક પણ પગઠામ આપ્યું કે એની પાછળ મનની શિથિલતા વધે છે, અને અનુચિત અસદ્ આચરણને સ્થાન મળી જાય છે.

**નંદીષેણ મહામુનિને** જરાક મનમાં ઉઠ્યું કે આ અર્થલાભ માગવાની મશ્કરી કરી. વેશ્યાને જરાક ભોંઠી પાડું, પછી પતનના માર્ગે ઘસડાતા ગયા ! બાર વરસ વેશ્યાને ત્યાં બેઠા.

**રજ્જા સાધ્વીને** જરાક વિચાર આવ્યો કે 'ભગવાને આ ઉકાળેલું પાણી વાપરવાનું કેમ કહ્યું ? એથી તો ગરમી થાય,' એટલે પછી પડતી ગઈ, અને



દીર્ઘકાળ સંસારમાં ભટકી.

**બ્રહ્મદત્તના જીવને** પૂર્વ ભવમાં સાધુપણામાં ચક્રવર્તીની પટ્ટરાણીના કેશની લટનો સ્પર્શ થતાં સહેજ ખરાબ વિચાર સ્ફુર્યો કે 'અહો ! કેવા મુલાયમ કેશ !' તો એમાંથી ગલીચ ભોગવાસનાને પરવશ પડ્યા, નિયાણું કર્યું, અને બ્રહ્મદત્તના ભવે રંગરાગમાં ચકચૂર બનીને સાતમી નરકમાં ગયા. સાતમી એટલે ? ઉત્કૃષ્ટ વિટંબણા, ઘોર અશાતા, અને તે ૩૩ સાગરોપમ, ૩૩૦ કોડાકોડી પલ્યોપમ, અસંખ્ય વરસો ! ખરાબ વિચારનો નાનો પણ ઝેરનો કણિયો કેવો મારે છે !

**અગ્નિશર્મા** તાપસને ત્રીજું પારણું ચુકાતાં ભૂતકાળ યાદ આવ્યો, 'આ રાજા નાનપણમાંય મારી મશ્કરી કરતો હતો' આ યાદગીરી એ ખોટો વિચાર છે. બસ, એને જરા મનમાં જગા આપી કે ક્રોધ ભભૂક્યો ! 'હરામખોર ! મારી મશ્કરી કરે છે ?...' ચાલ્યું, વૈરનું નિયાણું કરી લાખો પૂર્વોનાં માસખમણનાં તપની હોળી સળગાવી ! અનંત સંસારભ્રમણ ઊભા કર્યા ! શી જરૂર હતી ભાઈ ! એ જૂનું યાદ કરવાની ? પારણું ચુકાયું, હવે સમાધિ નથી રહેતી, તો એને ત્યાં ફરી ન જવું. તો વાત ત્યાં જ પતી જાત.' પરંતુ એક ખરાબ વિચાર મગજમાં ઘાલ્યો કે મર્યો ! એના પર અધમ વિચારોની હારમાળા સર્જાઈ.

**બાહુબલીએ** યુદ્ધ ભૂમિ પર ચક્રવર્તીની સામે જીત મેળવવાના પૂરા સંયોગ ઊભા થયેલા છતાં સમસ્ત સંસારનો ત્યાગ કરવાનો પુરુષાર્થ આદર્યો. પણ એક ખોટો વિચાર આવ્યો કે 'હવે જઈને નાના ભાઈઓને કેમ નમું ? માટે કેવળજ્ઞાન લઈને જવું.' બસ આ વિચારે ત્યાં જ અટક્યા અને બાર બાર મહિના સુધી ત્યાં કાઉસ્સગ્ગ ધ્યાને ઊભા રહ્યા. રાહ જુએ છે 'ક્યારે કેવળજ્ઞાન થાય અને પછી જાઉં તો નાનાને નમવું ના પડે, પણ આ માન-કષાય નડે ત્યાં સુધી વીતરાગ બને શાના, ને કેવળજ્ઞાન થાય શાનું ? આટ આટલો ભીષ્મ ત્યાગ અને તપ છતાં જાતે માન કાઢી ન શક્યા. એ તો બહેનો આવી **'વીરા મોરા ! ગજ થકી ઊતરો;** સંભળાવ્યું ત્યારે માન હટ્યું. એક ખોટા વિચારની કેટલી શિરજોરી !

શ્રેષ્ઠીપુત્રના ગદ્ગદ ઓશિયાળાભર્યા અને પૂર્વપ્રેમના ઉત્તેજન બોલ પર રાણી લાગણીવશ થઈ ગઈ. સરખે સરખા મળ્યા. ઉત્સાહી બન્યા પછી તો વિષયની અનુકૂળતા થતાં વિષયચિંતાએ મગજનો કબજો લીધો. ઘરે ગયા પછી મુખ્ય વિચાર આનો રહે છે, મન આનંદ અનુભવે છે, અનુમોદન કરે છે કે કેવો સરસ સંયોગ મળ્યો ! રાણીએ સારો પ્રેમ દેખાડ્યો; અને આટલેથી અટકતો નથી. હવે ફરીથી પાછો એ મોકો ક્યારે મળે એની ઊલટભરી વિચારણામાં રહે છે.

વિષયચિંતા બંનેમાં નડે છે, વિષયની અનુકૂળતામાં અને વિષયની તંગીમાં.

આજે પણ કેટલાય દેખાશે કે જેમને પુણ્યના અભાવે મન માન્યાં સુખો નથી મળતાં તેમ મળવાની આશા ય નથી, છતાં એની ચિંતાનાં સકંજામાં ફસાયેલા પડ્યા છે. આત્મચિંતા કરવાના એક માત્ર સર્વોત્તમ ભવમાં એને વિસારી, વળવાનું કાંઈ નથી છતાં, વિષયચિંતા કર્યા કરવામાં ડૂબ્યા રહે છે. મગજ તો કામ કરતું જ રહેવાનું છે. આત્મચિંતા નહિ કરો તો વિષયચિંતા વગેરે તૈયાર જ છે. તે પણ કેવીક મૂર્ખતાભરી કે વળવાનું કાંઈ નથી છતાં મનમાં એનાં પૂર વહે છે !

**આત્મચિંતા અને વિષયચિંતામાં આટલો મોટો ફરક છે કે** વિષયોની, દુનિયાનાં સુખોની ચિંતા કરવા માત્રથી કાંઈ વળે એવું નક્કી નહિ; જ્યારે આત્મચિંતા કરો એટલે તો લાભ નિશ્ચિત, કેમ કે એનાથી શુભ અધ્યવસાય તરત જ જાગે છે. મન સ્વચ્છ થાય છે અને એક બાજુ પાપ કર્મોનો ધ્વંસ અને બીજી બાજુ પુણ્યનું ઉપાર્જન થતું આવે છે. આ સીધો લાભ નક્કી થાય છે. વિષયચિંતામાં લાભનું નિશ્ચિત ઠેકાણું નથી, પણ ઊલટું આત્મા પાપ કર્મથી બંધાવાનું ચોક્કસ છે.

શ્રેષ્ઠીપુત્ર વિષય ચિંતામાં ચડ્યો છે, પાછો અવસર કાઢી રાણી પાસે જાય છે અને રાણી એને વધાવે છે ! બેયને ભાવીનો કોઈ વિચાર નથી.

**વિષયચિંતા માણસને પાગલ બનાવે છે, અંધ બનાવે છે, વસ્તુસ્થિતિનાં દર્શન બંધ કરાવી સ્વપ્નની દુનિયા દેખાડે છે; સ્વપ્નની એટલા માટે કે પછી કાંઈ રહેવાનું નથી.**

અહીં જુઓ કે શ્રેષ્ઠીપુત્રનું પાપ કેટલું ચાલે ? પાપનો ઘડો ફૂટે છે. એક વારનો પ્રસંગ છે, ભાઈ સાહેબ પેઠા છે અંતેપુરમાં, અને અચાનક રાજા ત્યાં આવી જાય છે. રાજા મહેલની ઉપર ગયો, જુએ છે બારણું બંધ છે. વહેમાય છે 'શું હશે ?' બારણું ટકોરવાને બદલે ચિરાડમાંથી અંદર જુએ છે તો કોઈ નવો આદમી અને રાણી બે ખેલી રહ્યાં દેખાય છે. જોઈને ચોંકી ઊઠ્યો ! ભારે ગુસ્સો ચઢ્યો તરત પાછો વળી ધીમે પગલે નીચે ઊતરી ગયો.

દરવાનને પૂછે છે 'ઉપર કોણ ગયું છે ?'

'મહારાજ ! ઉપર તો રાણી સાહેબની એક સખી ગઈ છે, બીજું કોઈ નહિ.'

રાજા મનમાં સમજી ગયો કે 'એ લુચ્ચો સ્ત્રીના વેશે ગયો લાગે છે. ફિકર નહિ.'

ફરી પૂછે છે, 'કેટલા દિવસથી એ આવે છે ?'

'દિવસ તો ઘણા.'

'એમ ? ઠીક, હવે તમે આજે એ નીચે ઊતરે એટલે દરબારમાં લઈ આવજો.



જુઓ એમાં જરાય ભૂલ ન થાય.'

**શ્રેષ્ઠીપુત્રનું આવી બન્યું :-**

કહીને રાજા ગયો દરબારમાં. અહીં પેલો પાછો સ્ત્રીના વેશે નીચે ઊતર્યો એટલે તરત જ દરવાન કહે છે, 'ઊભા રહો, ચાલો મહારાજા પાસે. તમને બોલાવ્યા છે.'

આ ગભરાયો કહે છે 'મારુ શું કામ છે એમને ?'

'કામ-બામ અમે જાણતા નથી. કહી ગયા છે કે એમને મારી પાસે લઈ આવજો.'

બસ ખલાસ ! સમજી ગયો કે 'રાજા અહીં આવી ગયો લાગે છે. કદાચ એને ખબર પડી ગઈ હોય. હાય ! હવે શું થશે ?' છાતી ધબડક ધબડક ધડકવા લાગી, શરીર કંપવા લાગ્યું, ટાંટિયા ધ્રૂજે છે; 'પણ હજી કાંઈ બચાય છે ?' એ આશામાં કહે છે,

'પણ હમણાં મારે કામ છે પછી મળીશ.'

દરવાન કહે છે, 'ના, હમણાં જ આવવું પડશે.'

'પરંતુ મારે નથી આવવું.'

'તો અમે પકડીને લઈ જશું માટે સીધેસીધા ચાલો.'

હવે ? જોયું કે 'તાણાતાણમાં આબરૂ જશે. માટે સીધે સીધા જવું. પરંતુ ત્યાં પોલ ઉઘાડી પડશે તો ? હાય ! આ તો રાજા, આ ભયંકર ગુનાની કેવીય સજા કરે ?' સજાના વિચારથી ધ્રૂજી ઊઠે છે ! આંખ સામે લાલપીળાં ખડાં થઈ જાય છે ! પાપ કરતાં રાચ્યો-માચ્યો છે એ યાદ કરતાં અતિશય કમકમી ઊઠી આવે છે. મનને થાય છે કે 'આ ક્યાં હું ઉન્માદે ચઢ્યો ? ઘેર શું દુઃખ હતું ? હે ભગવાન મારું શું થશે ?...'

વિષય અને વિષયચિંતામાં ચડેલા પામર પ્રાણીને એ વખતે સૂઝતું નથી કે આનાં કટુ પરિણામ કેવાં આવશે, પણ પરિણામ આવીને ઊભાં રહેતાં સંતાપનો પાર નથી રહેતો !

દરવાન કહે છે, 'ઊભા શું રહ્યા છો ? ચાલો છો કે તાણીએ ?'

ક્યાં જાય ? ચાલવું પડ્યું. દરબાર વચ્ચે રાજાની સામે ઊભા રહેવું પડ્યું. દરવાનોએ હવાલો આપ્યો.

રાજા પૂછે છે, 'કોણ છો ?'

આ કહે છે, 'હું મહારાણીની સખી છું.'

'સખી છો કે સખા ?'

'મહારાજ ! સખી છું.'

'એમ ?' કહેતાં રાજાએ સિપાઈને હુકમ કર્યો 'આનાં કપડાં ઉતારો.'

આ સાંભળીને શ્રેષ્ઠીપુત્રને ધ્રુજારી વ્યાપી જાય છે. 'મર્યો' એમ લાગે છે. એમ થાય છે કે જાણે ધરતી માર્ગ આપે તો અંદર ઊતરી જાઉં. પરંતુ એ તો જીવના ફાંફા છે. **વિષયચિંતાથી કરેલા કુદરતના સામના ઉપર કુદરત હવે શાની છોડે ?**

પૂછો ને કે, **'વિષયચિંતામાં કુદરતનો સામનો શો ?'**

સામનો આ, કે અનુકૂળ-પ્રતિકૂળ મળવા-ટળવાનું તો પરિમિત પુણ્ય-પાપની કુદરતના ગણિત પ્રમાણે થાય છે. પરંતુ એના પર એ ગણિતને ઓળંગીને આઘા પાછા ચિંતન કરવા એ કુદરતનો સામનો કરવા જેવું છે.

દા.ત. ગણિત બંધાયું કે શેર પાણીમાં બે આની ભાર મીઠું જોઈએ, હવે જો એમાં અધોળ -અઢી તોલા ભાર જેટલું નાખે તો ? ખારું અગર ! વાલ ભર ૯ તોલાના ત્રીસમાં ભાગ જેટલું નાખે તો ? ફીકું ફસ ! ગણિતના ઉલ્લંઘને સ્વાદનો સામનો.

એમ અહીં ગણિત બંધાયું છે. આટલા પુણ્યે આટલી જ વિષયાનુકૂળતા મળવાની જ, ને આટલા પાપે આટલી પ્રતિકૂળતા મળવાની જ. હવે

(૧) જો મનમાં લોચા વાળે કે 'બસ, કેમ આ પ્રતિકૂળ બન્યું ? ફલાણાએ મારું બગાડી નાખ્યું. એ મહાલુચ્ચો,' એ કુદરતનો સામનો છે, એથી ફોગટ પાપના થોક ઉપાર્જે છે; જે ઉદયમાં આવતાં જીવને ત્રાસ ત્રાસ ઊભો થાય છે.

(૨) એમાં વળી 'બસ આ પ્રતિકૂળતા સામે આમ કરું, ને તેમ કરું; આવા આવા ઈલાજ લઉં' એમ કહી ઊંધા વેતરણ કરવા જાય છે તો એ કુદરતનો સામનો કર્યો. પરિણામે વધુ માર ખાય છે ! ત્યારે, આવી કોઈ વિષયચિંતા ન રાખી તો કેટલું બધું બચી જવાય ?

માનતા નહિ કે સીધી લાઈને ચાલવા જતાં, યાને ન્યાય, નીતિ, ધૈર્ય, સહિષ્ણુતા, ઉદારતા વગેરેથી જીવન જીવવા જતાં બધું બગડી જ જાય છે, ને એથી ઊલટા વર્તતાં સઘળું સુધરી જાય છે.' આવું માનતા-કરતા ના. આ ભ્રમણા છે.

**ઊંધા વર્તતાં પુણ્ય વધતું નથી, ને પાપ ઘટતું નથી.** કેઈ માણસો એમ પછાડ ખાઈ ગયા ! સાવ ખતમ થઈ ગયા ! જુઓ સટોડિયાના હાલ ! જુઓ ખોટા સાહસના કરુણ અંજામ ! માટે એવી ખોટી મહેનત નકામી છે.

**વિષયચિંતા એ ખોટી મહેનત છે.** મળ્યું, ભોગવી લીધું, એ જુદી વસ્તુ છે અને એ વિષયોની ભારે ચિંતા, ચોંટ, કાળજી, હાય-વોય, વગેરે કર્યું એ ખતરનાક



છે. મનને દૂબળું કરનારું છે, અઢળક પાપના પુંજ ઊભા કરનારું છે !

વિષયચિંતામાં ઘસડાયેલો શ્રેષ્ઠીપુત્ર અહીં આવીને ઊભો છે. ભરદરબારે એનાં કપડાં ઉતારી લેવાય છે ! દ્રૌપદીનાં ચીર ખેચાયાં, પરંતુ સતીત્વના પ્રભાવે અંદર પુરાતાં ગયાં. અહીં ક્યાં છે પુરાવાનું ? પલકમાં કપડાં ઊતરાઈ જતાં ભરદરબારે નાગો ટાટ ઊભો !

રાજા કહે છે, 'કેમ ? સખી કે સખો ? આ હરામખોરી ? બદમાશ ! હવે એનું ફળ દેખાડું છું.'

**વિષયરસની ભયંકર સજા :-** રાજા ગુસ્સે થઈને તરત મંત્રીને હુકમ કરે છે, 'લઈ જાઓ આ પાપીને, આંખો ફોડી નખાવો, નાક કાપી નખાવો, જીભ કટાવી નાખો, અને એના શરીરની ચામડી ઉઝરડાવી નાખો, અને એના શરીર પર કડકડતા લૂણ-મરચાંનાં પાણી છંટાવો.' આ સાંભળી સભામાં સણસણાટી વ્યાપી ગઈ ! વિષયરસની અહીં જ કેવી ભયંકર સજા ! સૌનાં હૈયાં કમકમી ઊઠ્યાં ! ભલે ગુનો મોટો છે, પરંતુ ફાંસી દીધી હોત તો લોકને એટલું ન લાગત, જેટલું આ સજા જોઈ લાગે છે ! પણ કોઈની હિંમત નથી કે અત્યારે એની વકીલાત કરવા આગળ આવી રાજાને વિનવી શકે.

ક્રૂર કર્મના જ્યારે ઉદય જાગે છે ત્યારે સગો બાપ કે સગી મા પણ બચાવી શકતી નથી. કોઈ ઘોર અકસ્માત કે રોગની જાલિમ વેદના ઊઠે છે તે વખતે જુઓ છો ને કે કોઈ સગું-સ્નેહી બચાવી શકે છે ?

**તમે કોના વિશ્વાસે બેઠા છો ?** કોની ખાતર લખલૂંટ પાપ કરો છો ? અવસરે અળગા ઊભા રહી તમારી અતુલ વેદના જોયા કરે એવા સ્નેહીઓ ખાતર ?

ધર્મ કોના મોહની પાછળ ગુમાવો છો ? એ ઠગારા સગાંના મોહ પાછળ ?

શું વિચાર નથી આવતો ? કે 'કર્મના જાલિમ ઉદય વખતે હજીય હૈયામાં ધીરતા ને સમતા આપશે તો તે દેવ અને ગુરુ. શાંતિ, સમતા, ધૈર્ય તો દીર્ઘકાળ સેવેલો વીતરાગનો ધર્મ અને વીતરાગની વાણી આપશે. તો એ દેવ, ગુરુ, ધર્મ અને શાસ્ત્રની ભરપૂર ઉપાસના કરી લઉં, એનો ખૂબ ખૂબ સંસર્ગ રાખું.'

આ ધગશ રાખો. દુનિયાના સગાંને 'વહાલા વહાલા' કરીને શું વળવાનું હતું ? કવિ કહે છે,

**'વહાલા તે વહાલા શું કરો ? વહાલા વોળાવી વળશે;**
**વહાલા તે વનકેરાં લાકડાં, તે તો સાથે જ બળશે...'**
**એક રે દિવસ એવો આવશે.**

**શાસનને એટલે કોને વહાલા કરવાના ? :-**

કવિએ તો ઉત્પ્રેક્ષા કરી, પરંતુ ખરેખર વહાલા વીતરાગ અને વીતરાગનું શાસન છે. એને વહાલા કરવાના છે. શાસનને એટલે એમના વચનને, વચને ફરમાવેલા દાન-શીલ-તપ ભાવને, ક્ષમા-સમતા-મૈત્રીને, દયા-અહિંસાને, ન્યાય-નીતિ-પ્રામાણિક્તાને, જ્ઞાન-ધ્યાન-ભક્તિને. એને વહાલા કર્યા એટલે સામે આહાર-વિષય-પરિગ્રહ, ક્રોધ-માન-માયા-લોભ, વૈર-વિરોધ-તિરસ્કાર, હિંસા-જૂઠ-ચોરી, વગેરે બધા અળખામણા થઈ જવાના. ત્યારે આવા ઊંચા ભવમાં જો આ નહિ થાય તો બીજે ક્યાં થશે ? **એક દિ' આંખ મીંચાઈ જવાની છે, અહીંથી બીજે ઊંચકાઈ જવાનું છે; અહીંનું બધું અહીં જ રહેવાનું છે. ટૂંકાશા જીવનકાળમાં જે કમાવું હોય તે કમાઈ લેવાનું છે.** દિલને ધગશ જોઈએ કે પહેલું આ કમાઈ લઉં કે વીતરાગ અને વીતરાગનાં વચન તથા એમનું કહેલું દયા-દાન વગેરે ક્ષમા-મૈત્રી વગેરે, ભરપૂર વ્રત નિયમ વગેરેને વહાલાં કરી લઉં. મારે તો દેવ-ગુરુ-ધર્મ અને શાસ્ત્ર એ સાચાં, બાકી સગાં ને વહાલાં, માલ ને મિલકત એ બધું આળપંપાળ.' આ ધગશ ઊભી કરવાથી ગોઝારી વિષયચિંતા ઓછી થઈ જશે.

**"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૧૦,અંક-૨૮,તા.૭-૪-૧૯૬૨**

**નજર જેવી લાય :-**

વિષય ચિંતાના નાદે ચઢેલા શ્રેષ્ઠી પુત્રને ઘોર સજા ફરમાવાઈ. હવે ચંડાળ ખટાક ખંજર ભોંકી એની આંખો ફોડી નાંખે છે ! આ રાડ પાડી ઊઠે છે, ત્યાં મોઢું પહોળું કરી જીભ બહાર કઢાવી છરાથી તટાક કાપી નાખે છે ! ગળામાંથી 'ઓ ઓ' નો આર્તનાદ નીકળી પડે છે ! પણ અહીં કોને દયા છે ? પેલો છરાથી ખટ કરતાંકને કાપી નાખે છે ! પછી ચાકુથી કેરી છાલકાં કાઢી ઉઝરડે, એની જેમ એના અંગ પરથી ચડડ ચડડ ચામડી ઉઝરડે છે ! કેટલી કારમી વેદના !! જીવતો છે, મરી નથી ગયો હોં. જીવતા જીવે સહેજ છોલાય છે તો રાડ પડી જાય છે; સિસકારો છૂટી જાય છે ત્યારે અહીં તો ઉપરથી નીચે સુધી, અને સહેજ નહિ, ખાસી ભરી ચામડી તરરડ તરરડ ખેંચી ખેંચી ઉખેડી નાખે છે ! લોહીલુહાણ થઈ રહ્યો છે, માંસના લોચા દેખાતા જાય છે, પરંતુ અંગ પર ક્યાંય ચામડી બાકી રાખવાની નથી ! જીવ જતો નથી ને જાણે નરકની વેદનાના ત્રાસ ભોગવવાના આવ્યા છે ! અંદર તો એથી લાય-લાય ઊઠી છે, પરંતુ હજી બાકી છે તે છોલેલા આખા શરીર પર ગરમા ગરમ લૂણ-મરચાનાં પાણી છાંટવામાં આવે છે ! કેટલો



જુલમ ! કેટલો ત્રાસ ! કેવી કારમી વેદનાની લાયો ! મોત આવતું નથી ને આ જ્વલન વેઠ્યું જાય એવું નથી.

આ વેદના સાંભળતાં કમકમી થાય છે, તો પછી ભોગવતાં શું શું થાય ? અને અહીંની આવી વેદનાઓ ભોગવતાં ભયંકર ત્રાસ, તો પછી આના કરતાં અનંત ગુણી નરકની વેદનાઓ ભોગવતાં કેટલો ત્રાસ ? ત્યારે અહીં કોઈ તેવી તીવ્ર સજા ભોગવી લીધી તેટલા માત્રથી હવે આગળ નરકની વેદના નથી જ આવતી એવું નથી, આવે પણ છે. ત્યાં પામર જીવની દુર્દશા વિચારો.

**ઇંદ્રિયો શિકારી :-** સંસાર તો ક્રૂર છે. તુચ્છ વિષય સુખો દેખાડી જીવને પછી કારમાં દુઃખોમાં રિબાવે છે ! છતાં નાદાન જીવની વિષયવાસના મટતી નથી ! મટતી નથી શું, મિટાવવી નથી, મિટાવવા કોઈ તાલાવેલી નથી. માટે તે શોધી શોધીને, યોજી યોજીને એની ઇન્દ્રિયો સારાં સારાં રૂપ, રસ, ગંધ, સ્પર્શ અને શબ્દરૂપી વિષયોના ભોગવટા કરવા સાંઢની જેમ કૂદે છે ! એના ત્યાગની વાત આવે યા એ ખોવાઈ જવાની વાત ઊભી થાય ત્યાં ભડકે છે ! રાત ને દિવસ ઇન્દ્રિયો વિષયને પકડી લેવા સજાગ રહે છે. બિલાડી કેમ ઉંદરને માટે ખડે પગે, બાજ પક્ષી કેવું શિકાર પકડવા ઉત્સુક, એમ ઇન્દ્રિયો વિષયોની પૂંઠે ઉત્સુક ! બજારમાં ચાલ્યા જતાં શું, કે કોઈના ઘરમાં બેઠા શું, આંખ ફરતી જ રહે છે ! જરા અવાજ આવતાં કાન સરવા ! જમવા બેસે ત્યાં એકે એક કોળિયાનો રસ લૂંટવા જીભડી ઘેલી ! સ્પર્શન ઇંદ્રિયોનો તલવલાટ એવો કે કશું ન મળવા-વળવાનું હોય પણ સુંવાળી ચીજ પર હાથ ફેરવ્યા કરશે !

**બ્રહ્મચર્ય :-** આ વિષય ઘેલછામાં બ્રહ્મચર્ય ક્યાંથી ખપે ? જિંદગી અડધા ઉપર વહી ગઈ છતાં ગદ્ધાગીરી છોડવી નથી ! ઇંદ્રિયોની ખણજ અટકાવવી નથી! ખબર નથી કે આમને આમ તો જુગના જુગ વહી ગયા, ઇન્દ્રિયોને ને મનની વિષયોની ભારે ઉજાણી આપવા છતાં જો એની ચળ મીટી નથી, તો એ અહીં એમ મીટશે ? અને નહિ મીટે તો પર ભવે દશા કઈ ? માટે ખણજ અટકાવી બ્રહ્મચર્યમાં મસ્ત રહું.' વિષય રસની પાછળ કેટકેટલી વિટંબણા છે ! કેવી ગુલામ દશા ભોગવવી પડે છે ! કેવો પૈસે ટકે અને શરીરથી ખુવાર થાય છે ! વિષયચિંતા કરી કરીને કેવું મન બગાડે છે ! કેવીક ધર્મચિંતાની, આત્મચિંતાની મોંઘેરી ઘડીઓ બરબાદ કરી રહ્યો છે !

હૈયામાં પરમાત્મ દેવને બદલે નારી દેવતાને કોણ બિરાજમાન કરાવે છે ? વિષયની વાસના કે બીજું કોઈ ? આ પાગલતા અહીં ? જ્યારે પ્રભુ મળ્યા છે ત્યારે પાડ માનો ભગવાનનો કે એમણે બ્રહ્મચર્યનો એટલો બધો અવલ કોટિનો ધર્મ

આપ્યો છે કે એ અપનાવતાં મનમાંથી કેટલાંય પાપ, પાપી વિચારો અને ગુલામગીરી ઓછી કરાવી દે છે. આ પણ અહીં સુશક્ય છે, દેવલોકમાં દેવાંગનાઓ વચ્ચે નહિ, કે કૂતરા-કૂતરી જેવા અવતારે નહિ. ત્યાં તો વિકારોમાં મોત છે.

**બ્રહ્મચર્ય એ તો એક અસાધારણ જડીબુટ્ટી છે.** શરીરનો રાજા વીર્ય છે. બ્રહ્મચર્ય એનું એવું સુંદર સંરક્ષણ અને વર્ધન કરે છે કે એ ઓજસ બધી ઇન્દ્રિયો અને ગાત્રોમાં ફેલાઈ જઈ અદ્ભુત સ્ફુર્તિ દેખાડે છે, જોમ અને બળ દેખાડે છે ! તેમ મનની શક્તિ વધારે છે, જેના પર અપૂર્વ સાત્ત્વિક વિચારો શુભ ભાવનાઓ અને દઢ નિર્ધાર ઊઠે છે.

**ત્યારે વીર્યનો નાશ થઈ જવાથી** શરીરમાં અનેક રોગોને ઊભા થવાનો અવકાશ મળે છે. બહારનાં પ્રતિકૂળ નિમિત્તો સામે ટકવા માટે અંદરની વીર્યશક્તિ જરૂરી હોય છે, પરંતુ વિષયોની આસક્તિથી એ વીર્યશક્તિ નષ્ટ થઈ જતાં એ પ્રતિકૂળ નિમિત્તો શરીર પર માઠી અસર કરી જાય છે; અને પરિણામે શરીરમાં કોઈ ને કોઈ વ્યાધિ, ફરિયાદ ઊભી થાય છે. બ્રહ્મચર્યનું જો પાલન હોય તો આમ વ્યાધિના ભોગ શાના બનવું પડે ?

વળી રોગ, વ્યાધિ વધતાં મન અસ્વસ્થ અને વિહ્વલ બને છે એટલે આંતરિક શાંતિ-સમાધિ જાળવવી મુશ્કેલ બને છે. પછી ત્યાં નબળા વિચાર, હલકા વિચાર, સંતાપ, તામસી પ્રકૃતિ વગેરે ઊભા થાય છે અને **'પરિણામે બંધ'** અર્થાત્ ચિત્તના ભાવને અનુસારે કર્મબંધ થાય, એ હિસાબે અહીં ભાવ બગડતાં અશુભ કર્મબંધના ભોગ બનવું પડે છે. આવા દુઃખદ પરિણામમાંથી બ્રહ્મચર્ય બચાવી લે છે.

**વિષયવાસનાથી પરભવે દુર્દશા :-**

વળી જીવને વિષયની વાસના અનંતકાળથી સતાવતી આવી છે, ને પાછી એ વિષયોના સંપર્કથી અતિપુષ્ટ રહે એ સ્વાભાવિક છે. તેમ અહીં એને પુષ્ટ કરીને જવું એટલે ભવાંતરે બેહાલીનો પાર નહિ. આવા ઊંચા ભવમાં જો એને ન કચડી, તો ભવિષ્યના હલકા ભવોમાં એ કચડાવાની વાતે ય શી ? અભવી-દુર્ભવી જીવો ચારિત્ર પાળી ગ્રૈવેયક દેવલોક સુધી જાય છે, અને ગ્રૈવેયકમાં કોઈ વિષય-વિકાર નથી છતાં પૂર્વે વિષયવાસનાને કચડી નથી, બલકે એના જ પાયા પર ધર્મ લીધો ને પાળ્યો છે. તેથી હવે અહીં ગ્રૈવેયકમાં કોટાકોટી પલ્યોપમોની વિકારરહિત અવસ્થા ભોગવવા છતાં તે પછી પાછી એ સૂતેલી વાસનાઓ જાગ્રત થઈ જીવને સંસારમાં ભટકાવે છે, વિષયનો ગુલામ બનાવે છે. તાત્પર્ય કે, અહીં જો બ્રહ્મચર્ય દ્વારા વિષયોની લગની કાપવામાં આવે તો આગળ પર એની વાસના મોળી પડી ગઈ



હોવાથી એની સતામણી અને પરિણામે ભવભ્રમણ ઊભા થઈ શકતા નથી,

**બ્રહ્મચર્ય માટે ભાવના :-**

બ્રહ્મચર્યના આવા કિંમતી લાભો જોઈ એના પાલનનો આગ્રહ કોણ વિવેકી ન રાખે ? ધ્યાનમાં રાખવાનું છે, 'ઇન્દ્રિયોના ક્ષણિક સુખની કોઈ કિંમત નથી; એના વિકારોના આવેગ ક્ષણિક છે, એ દાબવાનું તેટલું મોઘું નથી જેટલું એનાં દુઃખદ પરિણામ ભોગવવાનું મોઘું છે. ક્ષણિક આવેગને રોકવામાં તો જરાક મનને સમજાવી મજબૂત કરવાનું હોય છે, બાકી કોઈ શારીરિક તકલીફ નથી પડતી. ત્યારે ઇન્દ્રિયોનો છૂટો દોર મૂકવાથી તો પછી અહીં રોગાદિથી અને પરભવે દુષ્કર્મના ઉદયથી જે પીડાઓ ઊભી થાય છે તેમાં ત્રાસ તકલીફનો પાર રહેતો નથી.' આ ભાવનાનું વિચારવું જોઈએ કે 'આપણે કોણ ? આપણે તો તીર્થંકર દેવો, ગણધર ભગવાનો અને જંબૂસ્વામી, ધનાશાલીભદ્રજી, સ્થૂલભદ્રજી વગેરેના ઉત્તરાધિકારી છીએ, વારસદાર છીએ, એ ગૌરવ કેમ ભૂલીએ ? દુનિયાને જડ વિષયો તથા ભોગ સાથે સંબંધ. અને આપણે મહાપુરુષોના પંથ સાથે, ત્યાગના માર્ગ સાથે સંબંધ, દુનિયા વિષયચિંતામાં ગળાબૂડ ડૂબી રહે, આપણે આત્મચિંતામાં રમનારા હોઈએ.'

વિષયચિંતામાં તણાયેલા શ્રેષ્ઠીપુત્રના અંતે બેહાલ થયેલા જોયા. એમાંય જીવ બિચારો અસહ્ય ત્રાસમાં જો મનની સમાધિ ન જાળવી શક્યો તો દુર્ગતિની દીર્ઘ દુઃખ પરંપરામાં ધકેલાઈ જવાનું !

કેટલાક લોકો બેફિકરા બની કહે છે, 'ભવિષ્ય ભવિષ્યની શી વાતો કરો છો ? **આગળ ઉપર જે બનશે તે જોયું જાશે.**' પરંતુ એ વિષયચિંતામાં ડૂબેલાના બોલ છે. એમને ખબર નથી કે બોલવું સહેલું છે પરંતુ અવસરે એવી પીડા, આફત કે દુઃખ આવીને ઊભા રહે છે **ત્યારે વેઠ્યા જતાં નથી**, 'હાય, હાય' થાય છે, 'કંઈ કરો, મને બચાવો' એવી ભારોભાર દીનતા કરવી પડે છે.

**ફોજદારનો પ્રસંગ :-**

વર્તમાન કાળના એક નવાબી રાજ્ય વખતનો પ્રસંગ છે. ત્યાં એક મુસલમાન ફોજદાર હતો. ભારે વિષયાંધ ! આમ ફોજદારપણું તો બરાબર બજાવે, ક્યાંય ગુનો ન થાય એ માટે બરાબર કડકાઈ રાખે, પણ ભાઈસાહેબ પોતે દુરાચારના ગુના કરે ! વિષય અને લક્ષ્મીની લોલુપતા એક જબરી પકડ છે. જીવને અનીતિ, અન્યાય વગેરે કેટલાંય દુષ્કૃત્યોમાં ઘસડે છે. લેવા-દેવાનાં કાટલાં જુદાં, બીજાને કહે 'ઘાલમેલ નહિ કરતા,' અને પોતે જ ઘાલમેલમાં ઉસ્તાદ ! વિષયલંપટતા આ કરાવે છે.

ફોજદાર સતત વિષયચિંતામાં રહેતો. ક્યાંય ગામમાં કોઈ નવી સ્ત્રી આવી છે ? અગર કોઈ બીજે દાવ લાગે એવો છે ? એ જોયા કરતો. ગામના કેટલાયને એણે હેરાન કરેલા. પરંતુ કોઈની તાકાત નહીં કે નવાબ સુધી પહોંચે.

એક વાર એક લુવાણાને ત્યાં છોકરાની નવી વહુ આવી. ફોજદારને ખબર પડી. એણે એના ધણીને કહેરાવી દીધું કે હું રાતના આવીશ માટે તું તે વખતે ઘરમાં રહેતો નહિ.'

અહીં રાત પડી એટલે ધણી બહાર જવા તૈયાર થયો. ત્યારે પત્ની પૂછે છે 'કેમ ક્યાં જાઓ છો ?' પેલાએ હકીકત કહી.

સ્ત્રી કહે છે 'અરે ? આ શું ?'

'એ તો આ ગામમાં એનું રાજ્ય ચાલે છે એટલે બોલાય નહિ, નહિતર મારી નાખે.'

'પણ તે તમારે મારું શીલ ભંગાવવું છે ?'

'હું શું કરું ?'

'શું કરું શું ? તો મરદ બનીને મારો હાથ ઝાલવા કેમ આવ્યા હતા ? શરમ નથી આવતી ? ચૂડીઓ પહેરી છે ? ઊભા રહો અહીં. એ આવે તો કાઢજો હરામીને બહાર !'

ધણી કહે છે 'એમાં કાંઈ આપણું ન ચાલે. તું એને ઓળખતી નથી. એ રાક્ષસ છે. હવે સમય થયો છે માટે જવા દે મને બહાર; નહિતર અહીં જ મને એ પૂરો કરી દેશે ! અને તું રંડાઈશ !'

એમ કહીને તે બહાર નીકળી ગયો. બાઈ તો સૂનમૂન બની ગઈ. મૂંઝાઈ ચિંતા કરે છે, 'આ શું ? આ તે કેવું ગામ...'

**વિષયરસિયાને સામાનીય દયા નથી :-**

એટલામાં તો ફોજદાર આવી ગયો. બાઈ ઘણું કરગરી, પણ વ્યર્થ. વિષયમાં આંધળા બનેલા માણસોને જાતના આત્માની ચિંતા તો નથી હોતી, પરંતુ એને સામાના આત્માનું ય કાંઈ વિચારવું નથી.

**વાતનો રસ પણ એક જાતનો નિર્દય વિષયરસ છે.** એના રસિયાની દશા જોઈએ તો આવી દેખાય છે. એને વાતો કરવી છે, સાંભળવી છે માટે પોતાને ત્યાં કોઈ સહેજ મળવા આવ્યું તો બેસાડશે એને; અગર પોતે બીજાને ત્યાં જઈ ધામા નાખશે, અને મંડશે વાત-ગપાટા હાંકવા ! ત્યાં એ નહિ જુએ કે 'આ સામાને જો કાંઈ સામાયિક, સ્વાધ્યાય કે નવકારવાળી ગણવાનું કરવું હશે તો એને વાતોમાં પડવાથી અંતરાય થશે. અથવા એને કદાચ એવું કાંઈ ન પણ કરવું હોય તો ય



વાતોથી એના હૈયામાં રાગદ્વેષ પોષાશે, અને ફોગટ કર્મ બાંધશે.' એ વિચાર પણ આને નથી કરવો.

વિષયરસ ભૂંડો છે, જાતે વિષના કટોરા પીવા છે, અને બીજાને એ જ પાવા છે ! જાતની તો દયા નથી, પરંતુ સામાનીય દયા નથી.

**નવાબ પાસે :-** ફોજદાર બળાત્કાર કરીને ગયો. સ્ત્રીને દુઃખનો પાર નથી. ધણી ઘરમાં આવ્યો. સ્ત્રી કહે છે શું મોઢું લઈને આવ્યા ? આ એના કરતાં મને પહેલાં પૂરી કરી દેવી હતી ને ? આ મારી કેટલીય બેનોનાં શીલ લૂંટાતાં હશે ? કોઈ એ દુષ્ટને કહેનાર નથી ? નહિ હોય, પણ હું નહિ ચાલવા દઉં. ઊઠો, ઊભા થાઓ, ચાલો નવાબ પાસે.'

ધણી કહે છે, 'બેસ છાની બે...સ. કાંઈ થાય નહિ. નહિતર ખતમ થયા સમજ.'

બાઈએ જોયું કે કાયરથી કાંઈ નહિ બને. પોતે ઊઠીને નીકળી ઘરની બહાર. ધમધમી ઊઠી છે. હવે આ રહે એમ નથી એ જોઈને ધણી પણ એની પૂંઠે લાગી ચાલ્યો સાથે.

**નવાબના મહેલ આગળ** આવી બાઈએ મોટેથી પોક તાણી. દરવાનો દોડતા આવી કહે છે બેન, અહીં રુઓ નહિ, નવાબ સાહેબને ઊંઘમાં ખલેલ પડશે !'

પણ અહીં તો સાંભળે છે જ કોણ ? ખલેલ પાડવા-ધા નાખવા તો આવી. એણે તો ભારે કરુણ સ્વરે છાતી ફાટ રુદન ચલાવ્યે રાખ્યું. ઉંય ઉંય...ડચકાં લેતી જાય ને પોક તાણતી જાય. આંખમાંથી શ્રાવણ-ભાદરવો વહી રહ્યો છે. શાંત રાત્રિ, ને રાત્રિનો આ કરુણ કલ્પાંત, એના હૈયું કંપાવનારા આર્તનાદ વાતાવરણમાં રેલાઈ રહ્યા.

**દુઃખી પ્રત્યે દ્વેષ કે સહાનુભૂતિ ? :-**

ઢોંગ નથી આ, જાતની અને બીજાઓની પીડિત દશા ઉપરના ભારે દુઃખના સાચા કલ્પાંત છે એ. દુઃખીનાં દુઃખ જોઈને કયા આર્યનું દિલ ન પીગળે ? સામાન્ય કુળમાં જન્મેલામાં ય જો આ દયા દેખાય તો તે જોઈને ઊંચા કુળવાળાએ તો ધડો લેવો જોઈએ. કદાચ કૃપણતા હોય ને બીજાનું દુઃખ ટાળવાનો ઉપાય ન પણ કર્યો, તો ય દિલ દયાભીનું તો બનવું જ જોઈએ ને ? બીજાનાં દુઃખ પ્રત્યે સહાનુભૂતિવાળું તો થવું જ જોઈએ ને ? પૂછો હૃદયને, દુઃખી સહાય માગવા આવે, ને તમારે ખરચવા-ઘસાવવાનું પાલવતું નથી, અને પેલો કરગરતો ખેંચ કરી રહ્યો છે, એ વખતે એની પ્રત્યે સહાનુભૂતિ રહે છે કે ચીડ ચડે છે ? અરે, તમારે ત્યાં નથી આવ્યો પણ તમે સાંભળ્યું કે દુઃખી માણસ તમારા કોઈ ખમતા સગાવહાલાને

વળગ્યો છે, તો તે ય સાંભળીને સહાનુભૂતિ જાગે કે દ્વેષ-અણગમો ? અહીં દિલની કસોટી થાય છે કે એ દિલ સજ્જન છે કે દુર્જન ? શિષ્ટ છે કે દુષ્ટ ?

દિલ દ્વેષ-અણગમો કરીને દુષ્ટ બનતું હોય, દુર્જન બનવા જતું હોય, તો ઝટ દિલ પર અંકુશ મૂકીને આ વિચારવું કે 'આપણે સામાની સ્થિતિમાં મુકાયા હોઈએ તો આપણે શું કરીએ ? બીજાને કેવા કરગરીએ ? અને સામો એ વખતે ચીડ કરે, ધુત્કારે તો આપણા દિલના કેવા ટુકડા થાય ?'

દુઃખી માણસ-ભૂલ કરનાર માણસ પર મન બગાડતાં પહેલાં આ કરો કે એના સ્થાનમાં આપણી જાતને ગોઠવી જુઓ. પછી પ્રાયઃ મન નહિ બગડે. મન ન બગડવા દેવા આ એક ઉપાય છે. સામાના સ્થાનમાં જાતને ગોઠવી જોવાથી એના દુઃખનું આપણને હૈયે સંવેદન થાય છે; એની ભૂલ પર એને થતી લાચારી આપણને હૈયે સ્પર્શે છે. પછી રોષ અણગમો નહિ, સહાનુભૂતિ પ્રગટે છે.

**લોક શાબાશી એ નાલેશી :-** ત્યારે આ જીવનમાંથી શું લઈ જવું છે ? શાબાશી કે નાલેશી ? રોષ, રોફ, તિરસ્કાર...એ બધું તો નાલેશી અપાવનારા છે. કદાચ મૂઢ માણસો એમાંય આપણી શાબાશી ગાય, તો પણ ભાવી આપણી આત્મદશાની દીર્ઘ પરંપરા રોષ, રોફ વગેરેવાળી બને છે, અને કર્મનો જુલમ ભર્યો માર ખાનારી થાય છે, તેથી એ ખરેખર તો નાલેશી જ છે. શાબાશી જોઈતી હોય તો દુઃખી પ્રત્યે સહાનુભૂતિ દાખવો; ભૂલ કરનાર પ્રત્યે ભાવદયા ચિંતવો. મૂકો દ્વેષની લપ. બહુ કરી એ. એથી જ તામસી બન્યા છીએ. હવે તો સાત્ત્વિક ઉજ્જવળ પ્રકૃતિના બનવાની ખરેખરી તક મળી છે. વળી આ એક એવા સુંદર ગુણ છે કે દેવ-ગુરુ પર એથી સાચો ભક્તિરાગ જાગે છે; કેમ કે એ દુઃખી અને પાપી પ્રત્યે દયાળુ છે. દેવ-ગુરુના ભક્તિરાગથી સમ્યગ્દર્શન પ્રગટી શકે છે, વધુ નિર્મળ બની શકે છે. સમ્યગ્દર્શન માટે એકલી મનમાની તત્ત્વશ્રદ્ધાના ભરોસે ન રહેતા. દુઃખી પ્રત્યે સહાનુભૂતિ અને દોષિત પ્રત્યે ભાવદયા દાખવજો.

**માનવતામાંથી પશુતામાં :-**

પેલી લુવાણાની નવી પત્નીને પોતાની જેમ બીજા પીડિતની દયા આવી છે, મોટી પોક મૂકી રડે છે. નવાબ એ સાંભળી તપાસ કરાવે છે 'કોણ આ અહીં રડી રહ્યું છે ? ખબર પડી કે આને કંઈ દુઃખ છે એટલે તરત એને ઉપર બોલાવી લે છે. આ સહાનુભૂતિ. મનને એમ નથી થતું કે 'આ વળી કોણ અહીં ઊંઘમાં દખલ કરે છે ! કાઢો એને.' આજે માણસને ઊંઘમાં કૂતરા દખલ કરે છે માટે મારી નખાવવા છે. કેટલી ક્રૂરતા ! કેવી સ્વાર્થાંધતા ! કહે છે 'માકણ મારો, મચ્છર મારો, માખી મારો,' બસ, 'મારો મારો' ની વાતો. માનવતામાંથી પશુતા, તે પણ



જંગલી પશુતા તરફ પ્રયાણ છે આ. ભૂલેચૂકે આવા ગોઝારા હિંસાવાદ અને એ હિંસાવાદીની રીતરસમ પર આકર્ષાતા નહિ. આજની કેળવણી એ આ હિંસાવાદીઓની જ રીતરસમ છે. એમાં એવાં છૂપાં-પ્રગટ ઝેર પાવામાં આવે છે. હિંસાવાદી મશીનરી, હિંસાવાદી દવાઓ, હિંસાવાદી હોસ્પિટલો, વગેરે કેઈ તૂત ચાલે છે. દવા-હોસ્પિટલનો કદાચ ઉપયોગ પણ કરવો પડ્યો, તો ય એનું સમર્થન કરતા નહિ.

**નવાબને રોકડો બોલ :-** નવાબ બાઈને પૂછે છે 'બેન, કેમ રડે છે ?'

બાઈ કહે છે, 'તમે જાણીને શું કરવાના ? રાજ્ય તમારું ક્યાં ચાલે છે ?'

'મારું નહિ ત્યારે કોનું ચાલે છે ?' 'ફોજદારનું.'

નવાબ ચોંકી ઊઠે છે ! પૂછે છે 'ફોજદારનું ? હા, એ શી રીતે ?'

'તે એનું રાજ્ય ન હોત ને તમારું હોત, તો ગામની બેન-બેટીઓની ઈજ્જત લૂંટવાનું એનું ગજું હોત ? એ ફાવે તેમ અમને કનડી શકે ?'

'તે શું કર્યું એણે ?'

'કર્યું. આ હું નવી પરણીને આવેલી અને દુષ્ટે ઘરમાં આવી બદમાશી કરી, મારું શીલ લૂંટ્યું ! સાંભળ્યું કે મારા જેવી કેઈઓને એણે સતાવી છે.'

**નવાબનો રોષ :-** બસ, આ સાંભળીને નવાબ ક્યાં ઊભો રહે ? ક્રોધથી ધમધમી ઊઠ્યો ! આંખ અને મોં પર લોહી તરવરી આવ્યું. મનને થયું 'આટલી બધી એની જુલ્મગીરી ? રાજ્ય મારું કે એનું ? હું ગામનો રાજા ! આજ સુધી શું રક્ષણ કર્યું પ્રજાનું ?'

બાઈને આશ્વાસન આપતાં કહે છે, 'બેન ભૂલ્યો હું, આજસુધી મને આની કશી ખબર ન પડી. પણ હવે ચિંતા ન કરીશ બેન ! હવે એના જુલ્મનો અંત આવ્યો સમજી લે. તેં બહું સારું કર્યું કે અહીં આવીને મને જગાડ્યો, કર્તવ્ય સુઝાડ્યું. હવે તું જા. હું એની ખબર લઉં છું. એમ કહી સિપાઈઓને બરાબર તાકીદ આપીને એને ક્ષેમકુશળ ઘરે પહોંચાડવા મોકલ્યા.

તરત દીવાનને બોલાવી નવાબ કહે છે 'જાઓ ફોજદારને પકડી લાવો. અબી ને અબી પકડી લાવજો હોં.'

આવા હાકેમ જેવા ફોજદારને પકડવો એટલે ? દીવાન તો સિપાઈઓનું મોટું ટોળું લઈને જાય છે. ફોજદારને આ ધાંધલની ખબર પડી ગઈ છે એટલે બંદૂક-રિવોલ્વર સાથે તૈયાર થઈને બેઠો છે. જાણે છે નવાબના મિજાજને, એટલે લડવું પડે તો લડી લેવું, પણ પકડાવું નથી. અત્યાર સુધી વિષયચિંતામાં તણાયો હતો, હવે કષાયમાં તણાયો. 'લડવું, કંઈકને ખતમ કરવા. પણ પકડાવું નહિ' એટલા

દ્વેષમાં સળગી રહ્યો છે. વિષયચિંતા પાછળ બીજું શું પરિણામ આવે ? વિષયચિંતાને મગજમાં ઘાલવી એટલે કષાયોને કંકોત્રી મોકલવા જેવું છે.

દીવાન આવીને હાંક મારે છે, 'ચાલો, નવાબ સાહેબ બોલાવે છે.'

ફોજદાર કહે છે, 'હમણાં અવાય એમ નથી.'

'ના, હમણાં જ બોલાવ્યા છે.'

'નથી આવવું.'

'તો પકડીને લઈ જવા પડશે.'

પેલો રિવોલ્વર તાકી કહે છે, 'ચાલ્યા જાઓ, નહિતર ખતમ કરી નાખીશ.'

દીવાન કહે છે, 'અરે ભાઈ શા સારું આમ કરો છો ? કેટલા ને તમે ખતમ કરી શકશો ? આટલા બધાની વચમાં પકડાયા વિના રહેવાના છો ? ત્યારે એ તો જુઓ કે આ પણ તારા ભાઈઓ છે. એમને ખતમ કરવા છે તમારે ? અંતે પકડાવાના તો છો જ, માટે સીધેસીધા ચાલો.'

ફોજદાર સમજી ગયો. ચાલ્યો સાથે. એને નવાબની આગળ લઈ ગયા.

નવાબ પૂછે છે 'કેમ વાત સાચી છે કે તમે નગરમાં અનેક સ્ત્રીઓ પર બળાત્કાર કર્યા છે ?'

**ફોજદારને સખ્ત સજા :-** ફોજદાર શું બોલે ? મોઢું કાળું પડી ગયું. નવાબ તરત સમજી ગયો, દીવાનને કહે છે, 'લઈ જાઓ આ કૂતરાને નાખો જેલમાં ! મીઠાની રાબ પાજો ને કપડાં ઉતારી એના પર જોરદાર ગેરબનના કોરડા ફટકારજો.'

બસ, આ તો નવાબનો હુકમ ! લઈ ગયા એને, જેલમાં પૂર્યો, દીવાને જેલરને નવાબનો હુકમ સંભળાવી બરાબર અમલ કરવા સૂચવ્યું. અમલ શરૂ થયો. ફોજદારને માત્ર એક લુંગી લંગોટીભર રાખી મીઠાની રાબ પાવામાં આવે છે અને ખુલ્લા બદન પર ભારે કોરડા ઝીંકવામાં આવે છે ! ખારી અગર રાબ શે' પીધી જાય ? પરંતુ બીજું કાંઈ હવે ઊપજે એમ નથી. હવે ફોજદારગીરી નથી, ને આ ન પીએ તો જમના દૂત જેવા સિપાઈઓ એને પકડીને બળાત્કારે પાય છે. એ ખારાશની શરીર પર ઝણઝણાટી ઊઠે છે ! એના પર સનનન સનનન સાટકા પડે છે ! શી રીતે સહન થાય ? મોટેથી 'ઓ મા ! બાપરે ! ઓય ઓય !' ની મોટી ચીસ પડે છે ! 'એ...હાય હાય ! નહીં સહન હોતા હૈં !' એમ બરાડી ઊઠે છે. પરંતુ અહીં કોણ દયા ખાય એમ છે ? નવાબનો હુકમ ! એના પાલનમાં જો કસર દેખાણી તો નવાબ જેલરના જ બાર વગાડી નાખે !

**નવાબ જાતે જેલમાં :-** એક દિવસ બે દિવસ, ચાર દિવસ, ચાલ્યું. નવાબ



એક વાર તપાસ કરવા આવે છે. જુએ છે તો જેલના સળિયા પાછળ દુર્બળકાય, કરુણ દશામાં ફોજદાર ટૂંટિયું વાળી પડ્યો છે.

નવાબ જેલરને પૂછે છે, 'કયા ગેરબન નહીં લગાયે જાતે હૈ ?

'નામદાર ! લગાતે હૈં ન ?'

'ક્યા લગાતે હૈ ? લગાતે હોતે તબ ઐસા તગડા ઔર શાંત યહ બૈઠ સકતા ? ક્યા હમારા હુકમ નહીં પહિચાન સકે ? હુકમકા અપમાન ?'

**જેલરને ફટકા :-**

'લાઈયે ગેરબન, દિખાઉં કૈસે લગાયા જાતા હૈ' એમ કહેતાંક નવાબે જેલરને જ બે ચાર લગાવી દીધા ! કહે છે, 'પતા નહીં ચલતા કિ ઈસ દુષ્ટને કિતના જુલ્મ કિયા હૈ ?'

ગેરબન લઈને નવાબ અંદર જાય છે. પેલો મરવા પડેલા મુડદાલ કૂતરાની જેમ પડ્યો હતો તે તો આ જોઈને ચોંકી જ ઊઠ્યો, 'હાય ! આ વળી કેવાક ગેરબન ઠોકશે !' તે ઊઠીને સીધો નવાબના ચરણે પડી કાલાવાલા કરવા આવ્યો પરંતુ ત્યાં તો નવાબે એને પગના લોખંડી બૂટથી એવી તો લાત લગાવી કે પેલો જાય ગુલાંટ ખાતો ખાતો દૂર ! નવાબે કડક શબ્દમાં હુકમ કર્યો એને 'ખડા હો જા બીચમેં ! હાથોંકી અદબ લગા દે !'

કેદીનું અહીં ક્યાં બીજું ચાલે એમ હતું ? પગની લાતે શરીરે ચમચમ થાય છે, પણ ચોળવા અવસર નથી. ખુલ્લો ઊભો રહ્યો અને એના પર નવાબે ગેરબનના ભયંકર ફટકા કૂદીકૂદીને ઝીંકવા માંડ્યા. એક, બે, ત્રણ...સનનન સનનન પડી રહ્યા છે ! પેલો ચીસોચીસ પાડે છે, 'અરે સાબ ! માફ કીજીયે, સહન નહીં હોતા હૈ.'

નવાબ કહે છે, 'અબી માફી ચાહતા હૈ ? પહેલે લોગો કો રંજાડતે સમય માફ યાદ નહીં આયા ? કોઈ દયા નહીં આઈ ? મૈં તેરે સિર પર બૈઠા થા ઈતના ભી લક્ષમેં નહીં રહા ? લે' એમ કહેતાંક ખૂબ ગુસ્સે થઈ કૂદી કૂદીને એને પોતાના લોખંડી હાથે પૂરા જોરથી સાટકા લગાવે છે.

પછી જેલરને ભલામણ કરતો જાય છે કે 'ખબરદાર કુછ કસર રખી તો ? અબ ઐસે ફટકારના.'

ચાલ્યું, હવે તો ઔર જોસમાં કામ ચાલ્યું. પેલાને તો લાયો ઊઠે છે ! જીવ જતો નથી. ને આ સહન થતું નથી. એમાં પાછી પરોઢિયે ચાર વાગે ઠંડીમાં ખુલ્લા બદન પર જે સટાક-સટાક પડે છે, એની તો અપરંપાર વેદના ઊઠે છે. એ વખતે નજર સામે પૂર્વના રાત્રિના ખેલ ખડા થતાં આ કારમી સજાના દરદ આગળ એ રંગ કાંઈ વિસાતમાં નથી લાગતા, તુચ્છ લાગે છે. મનને થાય છે કે 'હાય

હાય ! આ મેં શું કર્યું ? ક્યાં હું દુરાચારમાં ચઢ્યો ? ક્યાં બિચારી નિર્દોષ સ્ત્રીઓને મેં પજવી ? શું રાખ સુખ મળ્યું ? આ દુઃખ સહ્યું જાતું નથી. મીઠાની રાબ પી પીને તરવરી ઊઠેલી ચામડી પર આ ચામડાના ગેરબનના ફટકા, એના સોળ ઊઠે છે ! એના પર પાછા નવા સાટકા ઝીંકાય છે !'

ફોજદારને કલ્પાંતનો પાર નથી. ભયંકર માર, શરીરે ઊઠેલા સોળ પર ફેર ફટકા, એટલે ? અંગે આગ ઊઠે છે. એમ કરતાં સાવ હાડપિંજર જેવો થઈ જાય છે એટલે નવાબ દીવાનને બોલાવી કહે છે, 'એને ઇસ્પિતાલમાં મોકલાવી સાજો કરો. ત્યાં ય કબજામાં રાખજો ભાગી ન જાય. પછી ઠીક થાય એટલે પાછો જેલમાં લઈ જઈ એ જ સજા ફટકાર્યે રાખજો.'

**ફરી સાજો કરાઈ સજા :-** બસ, હુકમ પ્રમાણે અમલ ! ફોજદારને દવાદારુથી સાજો કરવામાં આવ્યો અને પાછો જેલ ભેગો કરાયો. એ જ પૂર્વના પ્રમાણે મીઠાની રાબ અને ગેરબનના જોરદાર ફટકા શરૂ થઈ ગયા. કેમ સહ્યું જાય એ ? કહે છે ને કે સહવાની ય હદ હોય છે. પરંતુ અહીં તો સહન ન કરે તો જાય ક્યાં ? નવાબની ભારે કડકાઈ છે એટલે કચકચાઈને સાટકા લગાવવામાં આવે છે ! એક ચાબકો જોરથી લાગતાં સોળ ઊઠી આવે, ત્યારે ઉપરાપર પડે ત્યાં શું પૂછવાનું ? ચામડીની કઈ દશા ? પાછા એના પર બીજા પ્રહાર ચાલુ જ છે. વેદના એટલી બધી અસહ્ય છે કે એને 'મરી જાઉં' એમ થાય છે, પણ મરે શી રીતે ? કોઈ ઝેર આપનાર નથી, કૂવો-હવાડો પુરાય એવા, કે છરો ખાઈ મરે એવા સંયોગ નથી, માર સહાતો છે નહિ, 'બાપરે બાપ,' ને 'મરી ગયો રે'ની કારમી કરુણ ચીસો પાડે છે. છતાં એને નહિ ગણકારીને અહીં સાટકા લગાવવાનું છે !

**પાપ કરતાં ગુમાન-આંધળિયા-નફટાઈ :-**

હવે પશ્ચાત્તાપ તો ઘણો છે. પરંતુ શું થાય. વિષયાંધતામાં પહેલાં પાછું વાળીને જોયું નહિ, માતેલા સાંઢની જેમ ફાવે ત્યાં કૂદ્યો, ફાવે તેટલું કૂદ્યો, એ વખતે તો 'હમકો કૌન પૂછનેવાલા હૈ ? ઇસસે ક્યા હોનેવાલા હૈ ?' એમ આંધળિયાં કર્યાં હતાં. હવે આજે અસહ્ય માર ખાઈ રહ્યો છે ! દુનિયામાં આવા કેટલાય જીવો છે જેને પાપ કરતી વખતે નિર્ભીક્તા છે, 'એમને કોણ પૂછનાર છે ?' એવું ગુમાન છે, 'આથી શું થવાનું છે ?' એવાં આંધળિયાં છે; કોઈ શિખામણ આપે કે 'ભાઈ રે ! આ પાપનાં ફળ ભોગવ્યા નહિ જાય એવા આવશે,' ત્યારે 'આવશે તો જોઈ લઈશું,' અગર 'જે કાળે બનવું હશે તે બનશે,' એવી નફટાઈ હોય છે. ત્યાં વિચાર નથી કે ધોરી નસ પર એક ફોલ્લી થઈ, નાનું ગૂમડું થયું, પાકી ફૂટતું નથી ને ખેંચાય છે ત્યારે 'ઓય વોય' થાય છે, જરાક એક દાઢ-



દાંતનું અંદરથી કળતર ઊપડે તો અસહ્ય બને છે, તો પછી પાપના ફળરૂપે આવનાર અસીમ દુઃખો શ્યે વેઠ્યા જાય ?

પણ આ ગુમાન, અંધાપો અને નફટાઈ શાથી ? એક માત્ર વિષયલંપટતાને લીધે. એની પાછળ જીવ વિષયચિંતાઓ કરી કરી એને દઢ કરે છે. આત્મભાન સાવ ભૂલે છે. વિષય લગનીની પાછળ માનવજીવન ધૂળધાણી કરે છે.

નવાબ એક વાર ફરી હાજરી લેવા આવે છે. ફોજદારને એ જમરાજ જેવો દેખાતાં જ રાડ પડી જાય છે. પરંતુ ત્યાં નવાબને દયા નથી, એને તો એનાં પૂર્વનાં દુષ્ટ કૃત્યો યાદ આવી વધુ ગુસ્સો ચઢે છે. જેલરને કહે છે, 'લગાઓ સાલેકું.'

કોરડા વીંઝાવા માંડ્યા; સનસન સનનન ઝીંકાય છે.

પેલો કરુણ આક્રંદથી કહે છે, 'ભાઈસાબ ! માફ...પરવરદિગાર ! ફિર કભી નહીં કરું ઐસા...અરરર ! મર ગયા મૈં.'

નવાબને અહીં કોઈ દયા નથી. ખતમ જેવો થાય ત્યારે દવાદારુ, અને સાજો થતાં સાટકા.

**"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૧૦,અંક-૨૯,તા.૧૪-૪-૧૯૬૨**

શિયાળાની રાતે કડકડતી ઠંડીમાં એ માર પર ઊઠતી કારમી ચીસો વાતાવરણમાં ગાજી ઊઠે છે. નગરમાં લોકોને પણ હવે કમકમી છૂટે છે. ફોજદારનો બાપ નવાબનો ખાસદાર છે. એ છોકરા માટે અરજ કરવા જાય છે ત્યાં નવાબ તડૂકે છે, 'ચૂપ કરો, તુમારે ભી જાના હૈ વહાં ? લડકેકો દુષ્ટ કૃત્યસે રોકને કો ગયે થે ? અભી યહાં મુઝે રોકના ચાહતે હો ? ખબરદાર ! કભી કુછ બોલે તો ?' ખલાસ હંમેશ માટે ચૂપ કરી દીધો એને.

પણ પેલાની કારમી ચીસો કેમ સાંભળી જાય ? બાપે જઈને મહાજનને વિનંતી કરી 'નામદારને સમજાવી દયા કરાવો.'

મહાજનને પણ કરુણા આવી ગઈ હતી. જઈને નવાબને વિનંતી કરી.

'નામદાર ! રાજ્ય અને પ્રજાની ખરેખરી રક્ષા કરી રહ્યા છો. નગરમાં હાક વાગે છે, કોઈની મજાલ નથી કે ચોરી-છિનાળી કરી શકે. એમાં ય ફોજદારની સજા જોઈને તો દુષ્ટોની દુષ્ટતા જાણે દિલમાંથી ય નીકળી ગઈ છે. હવે આપ નામદારને એક નમ્ર અરજ છે કે ફોજદારને સજા બંધ કરાવો. અમારા પોચા બૈરા અને છોકરા એની કરુણ ચીસો અને આક્રંદ સાંભળી કકળી ઊઠે છે. તો હવે મહેરબાની કરો.'

નવાબ કહે છે, 'છોડું તો ખરો, પણ પછીની એની સારી ચાલની જવાબદારી

લો છો ?'

શું કહો ? હા શી રીતે કહેવાય ? માણસના હૃદયની ખબર પડે છે કે આજે સીધો તે કાલે વાંકો નહિ થાય ? આપણાં જ હૃદયને તપાસોને કે ગુરુનો ઉપદેશ સાંભળી, યા સારું ધાર્મિક વાંચન કે કોઈ મજેની સિદ્ધગિરિ-યાત્રા કરી સીધું બનેલું એ હૈયું પાછું વાંકું થયું છે કે નહિ ? લાલચ દેખાઈ એટલી જ વાર હૈયું કૂદ્યું છે કે નહિ ? એટલે મહાજન 'હા' શી રીતે કહે ? ત્યારે 'ના' પણ કહ્યે શું વળે ? મૂંઝાયા, શું કહેવું ?

બે ડાહ્યા માણસો કહે છે, 'નામદાર આવા નરકાગારનાં દુઃખ જોયા પછી હવે એ વાંકો ચાલે ? શંકા જ શી ? આપ એને અમારી સમક્ષ બોલાવો, મહેર કરો.'

બોલાવ્યો એને. મહાજન પૂછે છે 'કેમ છૂટવું છે ?'

પેલો કહે છે 'હા માબાપ !'

'પણ પછી કેવા ચાલશો ? જાણો છો ને કે નામદાર સાહેબ કોણ છે ?'

'જાણું છું. સારો ચાલીશ, મરીશ પણ ખોટાં કામ નહિ કરું.'

નવાબે છોડી મૂક્યો એને. એણે પછી તો નાની દુકાન કરી. પણ કહે છે કે કોઈ પણ નાની છોકરીય માલ લેવા જાય ત્યારે એના મોંઢા સામે જોવાની વાત નહિ, નીચી મૂંડીએ સોદો પતાવે એટલી બધી એને એક આંખનાય દુરાચારની નફરત થઈ ગઈ.

**વિષયચિંતાના અનર્થ :-** વિષયચિંતા ભૂંડી છે, જીવની લેશ્યા બગાડે છે, ભાનભૂલા કરે છે, ઉત્તમ આત્મોત્ક્રાન્તિના માર્ગ રુંધે છે, ઉન્નતિના ઉપાયની અવગણના કરાવે છે. વિષયચિંતાથી તો સગા સગામાં સ્નેહ તૂટે છે. છોકરો પત્નીને ખુશ કરવા બાપથી જુદો રહે છે ! ભાઈ ભાઈથી અલગ થાય છે. વિષયચિંતાની ઘેલછામાં વડીલની છાયા નથી ગમતી, કેમ કે મોહના યથેચ્છ ચાળા કરવા છે. કેટલીકવાર તો વિષયચિંતાના રસિયા ધર્મ-પ્રવૃત્તિ વખતે પણ એ જ ચિંતામાં ફસાઈ પડે છે. એને જુવાન બાઈઓ સાથે ધર્મક્રિયા કરવી ગમે છે. વ્યાખ્યાન સભામાં એમની સાથે બેસવું ગમે છે. પછી વારે વારે આંખો ત્યાં ભટકી આવે છે. વિષયચિંતાની મોંકાણ જબરી છે. ખરેખર ડાહ્યા માણસો એથી બચે છે, પરંતુ ગાંડાઓનું તો મોત જ થાય છે. ભાવપ્રાણનો નાશ થાય છે. વિષયચિંતાના અનર્થનો પાર નથી.

**વિષયચિંતા કોણ પોષે છે :-**

આજના કાળે વળી વિષયચિંતાને ખૂબ બહેકાવી દે એવી સાધનસામગ્રી



અને સમાજ વ્યવસ્થા સર્જી દીધી છે. ત્યાં નવી પ્રજાના કેટલા બેહાલ ! બીભત્સ સિનેમા-ચિત્રપટો, રેડિયોનાં ગીત, જાહેરાત-ચિત્રોમાં સ્ત્રીના દેખાવ, ભયંકર વિલાસગીરી, નોવેલ-નવલિકા, કેવળ જડની કવિતા ગાતાં છાપાં, ક્લબ-સોસાયટી...આ બધું શું છે ? કોઈ એમાંનું આત્મચિંતા કરાવે ? અગર વિષય-ચિંતાને ઓછી કરાવે ? ના, ઊલટી વધારી આપે ! નવી પ્રજાને દુનિયાભરનું જાણવાનો આજે મેનિયા લાગ્યો છે, ગાંડપણ લાગ્યું છે, અને છાપાવાળાં એ લાવી લાવીને પીરસે છે. એ વાંચી વાંચીને પ્રજા સુધરી ? ના, આત્મસંસ્કૃતિવાળી આર્ય પ્રજા વિષયચિંતા, જડના વિચારો રાગ-દ્વેષમાં ગળાબૂડ ડૂબી રહી છે.

**આજ નિશાળોમાં શું છે ? ચેતન આત્માને એકલું જડનું શીખવાનું ! જે પોતાના ચૈતન્ય ઉપર તો જડનું સર્જન થાય છે, એ ચૈતન્યનું કશું શીખવાની આજે જરૂર જ લાગતી નથી ! ચૈતન્ય અને મન ઉપર તો સુખ-દુઃખનો મોટો આધાર છે છતાં એ ચૈતન્ય-મનનું કશું શીખવું નથી !**

**મન જો રોગિષ્ઠ, તો છતે સુખે દુઃખ છે, વગર દુઃખે દુઃખના સંવેદન છે;** તો પછી 'લાવો મનને નીરોગી બનાવવાનું શીખવો. એ માટે ખાસ જરૂરી એવું આત્માનું અને મનનું વિજ્ઞાન શીખવો,' એ કાંઈ સૂઝતું નથી. એકલું જડ વિષયોનું વિજ્ઞાન શીખવવું છે, અને પછી બૂમો મારવી છે કે કેમ બહુ બગડી રહ્યું છે ? પ્રજા ઉદ્ધતાઈ, ગુના અને દુઃખમાં કેમ ડૂબતી જાય છે ?

**રોગિષ્ઠ મનનાં કટુફળ :-**

આત્મચિંતાનું નામ નથી, એકલી વિષયચિંતાનું જોર છે, પછી પરિણામે મન રોગિષ્ઠ બને એમાં નવાઈ નથી. વિષયચિંતા એ મનને રોગિષ્ઠ કરવામાં મોટો ભાગ ભજવે છે. રોગિષ્ઠ મનમાં એક જાતના દોષ-દુર્ગુણો ફાલે ફૂલે છે. એના ઉપર કેટલાંય દુષ્કૃત્યો સહેજે ઊભાં થઈ જાય છે. એનું પરિણામ પરલોકમાં તો ભયંકર દુર્દશા છે જ, પરંતુ વર્તમાન જીવન પણ ધૂળધાણી બને છે.

**રોગિષ્ઠ મનનાં અહીં નુકસાન :-**

રોગિષ્ઠ મનની આરોગ્ય પર પણ અસર પડે છે. ધંધા-ધાપા ઉપરેય અસર થાય છે, સગાં-સ્નેહીના સંબંધો પર પણ અસર પહોંચે છે. શંકા-વહેમીપણું એ મનનો રોગ છે જે માણસને વહેમ રહ્યા કરે છે કે હું માંદો હોઈશ. એટલે પછી એ ખાન-પાન-આરામ વગેરે બાબતમાં ઊંધા વેતરણ કરે છે, અને હાથે કરીને આરોગ્ય ખોવે છે. સારી વસ્તુ પણ વહેમથી ખાતાં એની ખરાબ અસર પડે છે. એવી રીતે ગુસ્સો, ઈર્ષ્યા, અતિ વાસના, વગેરે પણ મનના રોગ શરીરમાં ખોટી અસર કરે છે.

ત્યારે માણસ બહુ ગુસ્સે ભરાઈને જો બજારમાં ગયો યા અતિશય લોભ લઈને ઊપડ્યો, તો ત્યાં ઊંધું મારી આવવાનો મોટો સંભવ છે. મનના રોગે ધંધાધાપા પર માઠી અસર પડે છે.

એવું ક્રોધ, રોફ, પ્રપંચ, સ્વાર્થ-લંપટતા વગેરે મનના રોગ સગાંસ્નેહીના સંબંધ બગાડી નાખે છે, એ તો આજે ઘણું દેખાય છે. સામો સારું કામ કરી આવ્યો, પરંતુ તમે જો કાંક ઈર્ષ્યા કે અહંત્વથી પીડાઓ છો એટલે બે અક્ષરથી પણ પેલાની કદર ન કરી, તો સામાના દિલમાં તમારા તરફ અભાવ ઊભો થાય છે. એમ અભિમાનના તિરસ્કારભર્યા બોલ, અસૂયા-અસહિષ્ણુતાનાં રોષભર્યાં વચન કે વર્તાવ કેટલાય ક્લેશ ઊભાં કરે છે. એવું હાસ્ય-મશ્કરી ને ટોણાં-મેણાંથી પણ સામાનાં હૈયાં ઘવાય છે. આ બધું મનના રોગને આભારી છે.

ગર્વ-ગુમાન, વેર-ઝેર, લોભ-લાલચ, ઈર્ષ્યા-અસૂયા, શોક-દીનતા, વગેરે વગેરે કેઈ માનસિક રોગો છે. એનાથી સારી પુરુષાર્થ શક્તિ ઘવાય છે, એને દૂર કરો તો જ સારી પુરુષાર્થ શક્તિને લેખે લગાડી શકાય. સાચું આરોગ્ય-નીરોગી મન છે. જો પ્રાપ્ત થાય તો પછી વિષયચિંતા મૂઈ પડી છે.

## ચારચિંતા-૩. અર્થચિંતા

આત્મચિંતા ઉત્તમ છે, વિષયચિંતા-કામચિંતા-ઇન્દ્રિયોના સુખની ચિંતા એ મધ્યમ છે, અને ત્રીજી અર્થચિંતા એ અધમ છે. અર્થચિંતા એટલે પૈસાટકાની ચિંતા, ઇંદ્રિય-સુખનાં સાધનની ચિંતા, એની કાળજી, લગની, ને ઝંખના. એ અધમ છે પૈસા ક્યાંથી લાવું, કેમ લાવું, ક્યાં મૂકું, કેમ સાચવું,...આ બધી અર્થચિંતા છે. પછી ભલે લાવવા-મૂકવાનું કશું ન હોય, પણ મનમાં ખાલી લોચા વળ્યા કરે, 'આ મારી પાસે છે, એમાંથી જરાય ઓછું નથી થવા દેવાનું, સગા છોકરાને પણ નથી જણાવવાનું, એ તો મારા પ્રાણ છે, એને બરાબર સંભાળી રાખું. દુનિયામાં ઘણા ઠગનારા આવે છે, પણ જરાય ન ઠગાઉં...' આ બધી મનની ગડમથલ એ પણ અર્થચિંતા જ છે. માત્ર પૈસા એટલે કે રોકડું ધન જ નહિ, દર-દાગીના, માલ-સામાન, ચીજ-વસ્તુ, પછી ભલે એ બહુ કિંમતી, કે ઓછી કિંમતી, પરંતુ એ અર્થ કહેવાય. એની કાળજી રહ્યા કરે, લગની અને રટણા રહે, ઝંખના-તાલાવેલી-તમન્ના રહ્યા કરે, એ બધું અર્થચિંતામાં આવે.

**અર્થચિંતા અધમ કેમ ? :-**

આ અર્થચિંતા એ અધમ છે. વિષયચિંતા એટલે ઇંન્દ્રિયોના સુખની ચિંતા, એને મધ્યમ કહી, ત્યારે એના સાધનરૂપ અર્થની ચિંતાને અધમ તરીકે ઓળખાવી.



કેમ એમ ? એટલા જ માટે કે એ હૈયાને વધુ કાળું કરે છે. એકલી વિષયચિંતામાંય કાંઈ હૈયામાં સારી ભાવનાઓ નથી જાગતી ! છતાં મલિન ભાવો જે જાગે છે એના કરતાં ભારે કાળા ભાવ, મેલા ભાવ, અર્થચિંતા જગાડે છે 'હું આવાં આવાં સુખ ભોગવું, એ બહુ સારાં,' એવી લેશ્યામાં બીજા ઉપર એવા દ્વેષ, દ્રોહ વગેરેને પ્રસંગ નથી, પરંતુ એના સાધનની ચિંતા જો જાગી, 'મને આવું આવું મળવું જોઈએ, મારું આ ટકવું જોઈએ, બરાબર રહેવું જોઈએ,' આ લેશ્યા જો ઘર કરી ગઈ તો પછી બીજા ઉપર દ્વેષ, દ્રોહ, જૂઠ, ચોરી વગેરેને સારો અવકાશ મળવાનો.

**અર્થચિંતામાં 'ગળું કપાવવું રહી ગયું' ની વિચારણા :-**

ખબર છે ને પેલો કૃપણ જંગલમાં ધન દાટવા ગયો ત્યાં મનની શંકાથી ત્યાં સૂતેલા અજાણ્યા માણસને સોટા મરાવ્યા, કાન કપાવ્યા અને નાક કપાવ્યું. પછી નિશ્ચિન્ત બની ધન દાટીને ગયો; પરંતુ ધન ચોરાઈ ગયું ત્યારે શોક કરે છે, 'હાય ! આ પેલાનું ગળું કપાવવાનું બાકી રહી ગયું ! ગળું કપાવી નાખ્યું હોત તો આ ધન જાત નહિ !' કેવી ઘેલછા ! જે બની શક્યું નથી, હવે જે બનાવી શકવાનું નથી, છતાં મૂરખ અફસોસી કરે છે 'ગળું કેમ ન કપાવ્યું ? કપાવ્યું હોત તો સરસ થઈ જાત !' શું જીવતા જીવને કાપવાનું કસાઈ જ વિચારે છે ? ના, કૃપણ, લક્ષ્મીના લાલચુ, જડના પૂજારી પણ અવસર આવ્યે એવી વિચારણામાં ચઢે છે. કસાઈ તો બકરા કાપવાનું વિચારે છે, ત્યારે જુઓ આ કંજૂસ વાણિયો મનુષ્યનું ગળું કાપવાની વિચારણામાં પડ્યો !

**સુખના રાગ કરતાં સુખનાં સાધનનો રાગ વધુ ભૂંડો છે.** પેલામાં તો મળ્યું તેમાં મસ્તી ઉડાવી લેવી એટલી લેશ્યા છે, આમાં મેળવવા-સાચવવા-વધારવાની ચિંતા છે, લગની છે. આની પાછળ મનમાં કેઈ તોફાન ચાલે છે; આત્મામાં કેટલાય અને કેવાય કષાયોના ઉન્માદ ઊઠે છે.

અલબત્ત ઇન્દ્રિયોનાં સુખો ખાતર એના સાધનની લગની લાગે છે, એટલે સુખની લેશ્યા પાછળ એ દોષો આવવા સહજ છે, પરંતુ જગતમાં એવા ય માણસો હોય છે કે જેને સાધનની બહુ પડી હોતી નથી, એને તો 'મસ્તી ઉડાવો, જીવન સુખ ભોગવવા માટે છે, હાય બળાપા કરવા માટે નહિ,' આવી ગણતરી હોય છે. ચોક્કસ હિસાબ માંડી મૂકેલા હોય છે કે 'સુખશાન્તિ ભોગવવાની, આરામથી જીવવાનું, બળી ગયું, સળગી ગયું, લૂંટાઈ-ખોવાઈ ગયું, એની બહુ ચિંતા કરવાની નહિ, નસીબમાં ન હોય તો જાયે ખરું. બહુ સંતાપ શા ? નિરાંતે જે છે તેમાં લહેર ઊડાવવાની.' આવાય જીવ હોય છે, ત્યારે એવાય હોય છે કે જેને સાધન-સામગ્રીની જ ભારે ચિંતા હોય છે. એનો હિસાબ એવો કે ખૂબ ભેગું કરો. મળેલું બરાબર

સાચવો, વધારો, આગળ કામ લાગશે. વળી લોકમાં પણ જશ મળશે, બીજાને દબાવી શકાશે. પાતાળ ફોડીને પૈસા લાવો. દુનિયામાં એની કિંમત છે, બહુ રંગરાગમાં ઊડાવવાનું નહિ, નહિતર ખાલી થઈ જઈએ ! સાદું રાખ્યું તો શું બગડી ગયું ? બચાવી રાખ્યું હશે તો આગળ જવાબ આપશે'...અહીં પેલા કામ ચિંતાવાળા છે. આ અર્થ ચિંતાવાળા છે. પહેલાંના કરતાં બીજાના હૈયામાં વધુ કાળી લેશ્યા જોર કરતી હોય છે. કારણ કે

અર્થચિંતામાં એ જ અર્થને ઉપાર્જવા વગેરે પાછળ કેઈ આરંભ-સમારંભ, કૂડાં ધંધા, જૂઠ-અનીતિ, માયા-પ્રપંચ વગેરે પાપોનો સહારો લેવાય છે. ખર્ચની બાબતમાં કંજૂસાઈભર્યો ઝીણો ઝીણો હિસાબ ગણે છે. આજુબાજુવાળાની ખોટી શંકા, આગાહી અને ભયમાં તણાય છે. પછી ભલે એ ખોટી હોય, પાયા વિનાની હોય, પરંતુ એનું ભારે અર્થચિંતામાં રત મન કલ્પિતને સાચું માની સિદાય છે. સંતાપ કરે છે અને કદાચ એવું કરી બેસે છે કે જેથી મૂરખ ઠરે.

**અર્થચિંતાથી કાળીમેશ લેશ્યા :-**

આ જાતની દશામાં વિચાર કરો કે હૈયું કેટકેટલી મેલી લેશ્યાથી રંગાયું રહે ? યેન કેન પ્રકારે પૈસા લાવવા છે. પછી જૂઠ-અનીતિ જોવાની વાત શી ? એકના ચારગણા ભાવ કરવામાં સંકોચ શો ? મહાજીવહિંસાભર્યા કર્માદાનના ધંધા, કે કસાઈ-વેશ્યા વગેરેને પૈસા ધીરવા, મકાન ભાડે આપવા, વગેરેના પાપી હલકટ ધંધા કરવામાં પાછીપાની શેની ? બસ એક વાત છે. 'પૈસા જોઈએ.' આવી દશામાં અર્થચિંતા કાળીમેશ લેશ્યામાં રમતી રહેવાની.

**તુચ્છ ચીજ ખાતર કિંમતી સમાધિનો નાશ ! :-**

એમ કંજૂસાઈથી ખર્ચની ઝીણી ઝીણી બાબતમાં ચોકસાઈ રાખવી છે એટલે કુટુંબી વગેરે એક પાઈનોય વધારે ખર્ચ કરવા જશે કે આ ધમધમાટ કરશે. સહેજ માટીનું શકોરું ફૂટતાં એનું હૈયું ફૂટવા જેવું થશે ! હૈયાની કિંમતી સમાધિને ફોડી નાખશે ! એક ઠેકાણેથી ચીજ ખરીદ્યા પછી આગળ જતાં જરાક પૈસે સસ્તી એ મળે છે જાણી હૈયાને ક્લેશનો પાર નહિ રહે. પેલા વેપારીને ગાળો દેશે. એક પૈસા ખાતર કિંમતી મન બગાડતાં કોઈ સંકોચ ? ના. ખાવા-પીવાને પહેરવા-ઓઢવા વગેરેમાં પણ મહા કિંમતી મન બગાડીને મામૂલી વસ્તુમાંય ભારે કંજૂસાઈ. સહેજ પણ બગડે નહિ, દાણો પણ વધે કે કૂતરાને જાય નહિ, કોઈ મફતિયા મહેમાન માથે પડે નહિ, પાઈએ પાઈનો હિસાબ લખ્યા વિનાનો રહે નહિ,...આવી આવી કેટલીય કાળજી-ચિંતામાં રાત 'દિ શેકાયો રહેશે. એવી અર્થ ચિંતામાં કઈ શુભ લેશ્યાને આવવાને જગા જ છે ? ભરચક અશુભ લેશ્યામાં ને કુવિચારણામાં ડૂબ્યા



રહેવાનું !

**અર્થચિંતામાં કાળીલેશ્યા કેમ ? :-**

અર્થ ચિંતાનો ગુલામ કાં તો કોઈના પર લોભવશ અતિ વિશ્વાસ મૂકી દે છે. અગર કોઈનાય ઉપર ભરોસો રાખતો નથી. અતિ વિશ્વાસમાં સહેજ પણ ઠગાયો લાગે ત્યારે હાય બળાપો હદપાર ! ત્યારે ક્યાંય, જો ભરોસો જ નહિ હોય તો તો જેના તેના પર શંકાશીલ દૃષ્ટિ રહેવાની. સગી પત્ની કે પુત્ર પર પણ એ શંકાની દૃષ્ટિએ જોવાનો, આહા ! આણે કબાટ કેમ ખોલ્યું ? મારા ડગલા આગળ કેમ ગઈ ? ચોપડો કેમ જોયો ? જાતે શાક કેમ લઈ આવી ? માંહીથી ગાવલી તો નહિ ખાઈ ગઈ હોય ?...આવી ને આવી શંકા-કુશંકાના વમળમાં અથડાયા કરશે. સગાનું આમ, તો નોકર, પાડોશી વગેરેનું તો પૂછવું જ શું ?

આવી શંકા-કુશંકાભરી અર્થચિંતા કાળી લેશ્યામાં રમાડે એ સહજ છે. કેમ કે પુણ્ય એટલું બધું કાંઈ જોરદાર છે નહિ એટલે કાંઈને કાંઈ ઊંચું નીચું થવા સંભવ-છે, ને ત્યાં આને મોત આવવા જેવું લાગે છે; એટલે ક્રૂર લેશ્યા મનમાં ઊઠે છે ! અને એના ફળરૂપે વાણી અને કાયાના ક્રૂર પ્રવર્તન ચાલે છે.

**અર્થ ચિંતામાં માર કેવી રીતે ? :-**

અર્થચિંતાના ગુલામને દુઃખી કરવા માટે કર્મને કાંઈ એને સોટા જ લગાવવાની જરૂર રહે એવું નથી. કર્મ કોઈ એના આસામીની યા બજારની એકાદ વાત વહેતી મૂકે એટલું જ બસ છે. એ સાંભળતાં જ આ અર્થ ચિંતાવાળો ઊંચો-નીચો થઈ જવાનો, કલ્પાંત કરવાનો, હાયવોયમાં પડવાનો ! અરે કેટલીક વાર એવું બને કે કશું સાંભળ્યું કર્યું નથી, પરંતુ પોતાની દૃષ્ટિએ સામા માટે અમુક લાગ્યું એટલું બસ છે. ભલેને એ લગાડેલું પાયા વિનાનું હોય, પરંતુ પોતાના મનને બેઠું એટલે ખલાસ, પછી કોઈની સલાહ શિખામણ માનવાની નહિ, ને પોતાની ઊંધી ગણતરીએ મનમાં લોચા વાળ્યે રાખવાના. એવી કઠોર મનોદશામાં એ વર્તે છે.

**પેલા ખેડૂતની વાત** આવે છે ને ? બહારગામ કોઈને ત્યાં પહેલ પહેલીવાર ખાખરા ને ગોળ જમીને આવ્યો, જિંદગીભર કોદરી-જુવારીના ભડકું-રોટલા ખાધેલા તે આ બિસ્કૂટ જેવા ખાખરા ને ગોળ દાઢે ચોંટ્યા ! હવે ઘરે આવીને છોકરાઓને કહે છે !

'ઊઠો, ખેતર લણી નાખી આ જજમાનને ત્યાંથી ઘઉં-શેરડીના બી લાવ્યો છું તેનું વાવેતર કરવું છે, માટે ચાલો.

છોકરો કહે, 'પણ બાપા ! હવે પાકની તૈયારી છે, તે ઊતરી જવા દો, પછી એ કરશું. વળી હમણાં વરસાદ પણ નથી !'

અરે મૂર્ખા છો કે શું ? વરસાદ નથી તો શું થઈ ગયું, કૂવો ખોદી નાખશું. પણ હવે શા સારૂ-કોદરી જુવારીમાં દટાયા રહેવું ? હવે જુઓ એ દહાડા ગયા, હવે તો તમને બધાને ખાખરા-ગોળ જમાડું.'

'પણ તે હમણાં નહિ. એક વાર આ પાક ઉતારવા દો પછી વાત, અમારું મન નથી બેસતું.'

'તો સમજતા નહિ કે તમારા આધાર પર બેઠો છું. હું એકલો વાવેતર કરી લઈશ.'

લ્યો હવે આને કોણ સમજાવે ? ઘઉં શેરડીનો પાક એ અર્થ છે. એની ચિંતામાં ફસાયેલાની દશા ભૂંડી ! અહંકાર ભારે ! કોઈનું માનવા તૈયાર નહિ. ઉપરથી સામા ઉપર દ્વેષ કરે છે, સામાને નાલાયક, પાપિયા, દુશ્મન' વગેરેથી સંબોધે છે.

ખેડૂત ઊઠ્યો એકલો ગયો, ઊભો મોલ લણી નાખ્યો, નવાં બી વાવ્યાં, હવે પાણી માટે કૂવો ખોદવા માંડે છે. ખૂબ ઊંડું ખોદ્યું પરંતુ પાણી નીકળ્યું નહિ. શું કમાયો ? છતું ગુમાવ્યું, ભૂખે મરવાના દહાડા આવ્યા છોકરાનું માન્યું હોત તો ? પણ ના, અર્થચિંતા એવી ભૂંડી છે કે માનવા દે નહિ.

## • દેગુશા નો પ્રસંગ •

એક ગામડામાં દેગુશા નામે એક વાણિયો રહેતો હતો. ભારે મજૂરી કરી કરી એણે રૂપિયા બે-પાંચ હજાર ભેગા કર્યા. એમાં ન જોઈ રાત કે ન દહાડો, આંખ મીંચીને ધંધામાં મંડેલો. ખાવાપીવામાં જાતે તો ભારે કંજૂસ ખરો પરંતુ છોકરા-છોકરાની વહુઓને પણ ખર્ચ અંગે ભારે દાબમાં રાખતો; રખેને કોઈ એકાદ દિવસ પણ સારું જમણ ન થઈ જાય ! કે સારું કપડું ન ઓઢાઈ જાય ! પાઈ પાઈની ગણતરી.

**અર્થચિંતા ભૂંડી ?** જાત ભોગમાં ય ન રહેવા દે, અને દાન-પુણ્યમાં પણ નહિ. જુઓ એ માનવભવમાં આવ્યો શું કરવા ? પાપનાં પોટલાં માથે લેવા ને ફળરૂપ લક્ષ્મી પાછળવાળાને સોંપી જવા ! છે મૂર્ખાઈની હદ ? કૂકા ભેગા કર્યે જવામાં અને ચમડી તૂટે પણ દમડી ન છૂટે કરવામાં એક લક્ષ છે, 'પાસે ન હોય તો કાલે શું થાય ?'

મૂરખને ભાન નથી કે, **તો પછી પાસે પુણ્ય નહિ હોય તો ભવાંતરે શું થશે ?**

'તેમ, અહીં જો પુણ્ય ખૂટ્યું તો રળેલું ભેગું કરેલું ય પળવારમાં ચાલી જશે પછી તો શું પુણ્ય પણ શાના ઉપર કમાઈ શકવાનો ? ખાવામાંથી અને પુણ્ય



કમાવામાંથી બંનેમાંથી જઈશ તેનું શું ? અને પાપની કમાઈ ઊભી રહી જશે !'

ના, આ કશું જોવું નથી. એક જ જોવું છે 'કાલે શું ?' દેગુશાએ બે-પાંચ હજાર ભેગા તો કર્યા, હવે ચિંતા થઈ 'ક્યાં રાખું આ ?' કેઈ વિકલ્પો કર્યા. અંતે પાસેના શહેરમાં એક ધનાશા નામના શ્રીમંત વેપારીને ત્યાં રૂપિયા વ્યાજે મૂકી આવ્યો. હવે મનમાં હાશ વાળે છે, 'ઠીક થયું વ્યાજ પણ સારું નક્કી થયું, અને મૂડી સલામત.'

છોકરા ઠૂંઠવાય છે, 'ખાવા-પીવામાં કંજૂસાઈ, ને બાપાને મૂડી જમાવી રાખવી છે !' પરંતુ મનમાં એક દિલાસો વાળે છે કે અંતે બાપાની હયાતી બાદ તો આપણું જ છે ને ?' એટલે ઘસાતા-પિસાતા નભાવ્યે રાખે છે. લક્ષ્મીનું કેવું આશ્વાસન !

**ક્લેશ જાય શાના પર ? :-** સંસારમાં આવી કે બીજી કોઈ ને કોઈ રામાયણ લગભગ ઘર ઘર ચાલતી હોય છે. એના પર બાહ્ય તથા અંતરમાં કે છેવટે એકલા અંતરમાં ક્લેશ સળગતા રહે છે. મૂળમાં વિષયો અને લક્ષ્મીની કામચિંતા ને અર્થચિંતાની આગ વણબૂઝી સળગ્યા કરતી હોય છે. ત્યાં જો ખરેખરી આત્મચિંતા દાખલ થઈ જાય, તો તો પછી એ બે ચિંતા મૂઈ પડી છે. એના ઉપરની કેટલીય ક્લેશ જાળ આવતી જ અટકી પડે છે.

ક્લેશજાળ શાના પર આવી પડે છે ! કાંઈ પણ વિષયચિંતા કરો, યા અર્થચિંતા કરો એના પર ચિત્તમાં ક્લેશ ઊભો થાય છે, અસ્વસ્થતા, આતુરતા, વ્યાકુળતા અને આગળ બીજી કેઈ વિહ્વળતા-વિષમતા સર્જાય છે, માટે જ આ કામ કરવા જેવું છે કે જ્યાં એ ઊભી થવા જાય કે તરત એને અટકાવી આત્મચિંતા ઊભી કરી દેવી.

**અર્થચિંતા-કામચિંતા અટકાવવા શું કરવું ? :-**

**પ્ર.**-પણ એમ તો સંસાર લઈ બેઠા તે વિષયચિંતા-અર્થચિંતા એકદમ થોડી જ અટકવાની હતી ?

ઉ.-ખેર, પણ તમારે અટકાવવી છે ને ? અટકાવવી જોઈએ એવું લાગે છે ને ? તો એનો ય રસ્તો છે. દિલને બરાબર બેસી જવું જોઈએ કે આ વિષયચિંતા-અર્થ-ચિંતાએ તો મને આજસુધી સળગાવી નાખ્યો, મારા આત્માનું જાણે ભડદું કરી નાખ્યું ! શુદ્ધ જ્ઞાન-વૈરાગ્યાદિ ચૈતન્યને નષ્ટપ્રાય બનાવી દીધું ! પણ હવે તો મેં માથે વીતરાગ નાથ ધર્યા, તે શું ફોગટ ધર્યા છે ? શું નિશ્ચેતન જેવો રહેવા ? એ નાથ અને એમના ગુણની સાચી અનુમોદના તથા એમનું હિતવચન જો ખરેખર મારા અંતરમાં વસેલું હોય, તો મારે વિષયચિંતા-અર્થચિંતાને અટકાવવી જ

જોઈએ...' મનને આવી કોઈ ચોટ લાગી જાય તો પછી એનો રસ્તો એ છે કે બને તેટલા પ્રયત્ને એને અટકાવનારા શુભ વિચારમાં ચઢી જવાનું; અર્થાત્ એ ચિંતા પડતી મૂકીને બીજી કોઈ સ્વાત્મહિતની વિચારણામાં, આત્મહિતકારી કોઈપણ શુભ મનોયોગમાં લાગી જવાનું. બીજું કાંઈ એકદમ મનમાં ન સ્ફુરી આવે, તો કમમાં કમ 'અરિહંત, અરિહંત...'નું સ્મરણ તો છે જ. બાકી તો તીર્થંકર ભગવાન અને મહાપુરુષોના જીવન પ્રસંગો, જીવ-અજીવ વગેર નવ તત્ત્વ, અનિત્ય-અશરણ વગેરે શુભ ભાવના...આવું તો કેટલુંય છે.

**વારંવાર અભ્યાસ જોઈએ :-** પણ એનો વારંવાર અભ્યાસ કરી રાખ્યો હશે તો અવસરે એ ઝટ ઉપસ્થિત થશે. વારંવાર મનમાં લોચા બીજા વાળ્યા કર્યા હશે, આ શુભ ભાવોનો અભ્યાસ નહિ હોય, પછી ફરિયાદ કરશો કે 'કેમ અમને એ ઝટ સ્ફુરતું નથી ?' તો એ ખોટું છે. માટે આનો વારંવાર અભ્યાસ રાખો. આ તો શક્ય પ્રયત્ને આત્મચિંતા ગોઠવી વિષયચિંતા-અર્થચિંતાને અટકાવવાની વાત થઈ.

હવે જ્યાં વિષયચિંતા કે અર્થચિંતા અટકતી નથી. ત્યાં કરવાનું આ છે કે એ ચિંતાને આત્મચિંતાના રૂપમાં ફેરવી નાખવી. પહેલા ઉપાયમાં ચિંતાનો વિષય ફેરવવાની વાત હતી, આમાં ઉદ્દેશ બદલવાની વાત છે. વિષય એનો એ પરંતુ ઝોક આત્મહિત તરફ લઈ જવાનો છે. દાખલા તરીકે શરીર સારું કરવા તરફ મન ગયું. કેમ કરું, શું કરું ? એવી એવી વિચારણા આવ્યા કરે છે, 'આ શરીર બરાબર નથી તો સરખું ખવાતું નથી, જીભને રુચિકર નથી થતું.' એવું એવું મનને લાગ્યા કરે છે બસ ત્યાં ઉદ્દેશ આત્માનો રાખવાનો, એમ વિચારવાનું કે

**શરીર સામે આત્મવિચારણા :-** "શરીર સારું કરીને શું કરવું છે ? સારું સારું ખાવું છે ? જીભના સ્વાદ લેવા છે ? મરી જઈશ. અનંતાકાળમાં એ ક્યાં ઓછું કર્યું છે ? ક્ષુદ્ર કીડી-મંકોડાના અવતારમાં ય કાંઈ બાકી નથી રાખ્યું, એમ કહે કે શરીર સારું હોય તો આત્માનું હિત ઠીક સાધી શકું, ચિત્તની સ્વસ્થતા રહે, અસમાધિ ન રહ્યા કરે, ધર્મકાર્યમાં સ્ફૂર્તિ રહે, ચિત્ત વારં વારં શરીર તરફ ન જાય. ઠીક ખાઈ શકાય તો શક્તિ જળવાવાથી આત્મહિતના સારા પુરુષાર્થ કરી માનવભવને લેખે લગાડી શકું. પૂર્વ વયમાં શક્તિનો હ્રાસ ન થવા દીધો હોય તો પાછલી ઉંમરમાં ખોટા રોગો ન પેસે, અને જીવનનો અંતિમ ઘાણ બગાડી નાખે નહિ માટે તો સારું ખવાયા પછી પણ બ્રહ્મચર્યનો બહુ ખપ રાખવાનો, તેમ પાંચે ઇન્દ્રિયોના વિકારો અને લોલુપતાથી બચવાનું, નહિતર **વિકારમાં તો વિનાશ છે...**"

આવી કોઈ વિચારધારામાં ચઢી જવાય, તો વિષયચિંતાને આત્મચિંતાના



રૂપમાં ફેરવી નાખી ગણાય.

**ઘર બનાવતાં આત્મચિંતા :-** રસ્તા ઘણા છે વસ્તુનો ખપ જોઈએ કે 'મારે વિષય-ચિંતા અને અર્થ ચિંતાથી બચવું છે.' મનને લગની લાગી કે 'ઘર સારું બનાવું,' ત્યાં સાવધાની ઊભી કરવાની છે કે 'આ શા માટે ? નિરાંત પછી અમનચમન ઊડાવી શકાય એમ ? ના, એમાં તો પૂર્વના પુણ્યની ચટણી થઈ જશે, ને પાપના નવા ફાલ તૈયાર થશે ! સંસારમાં કરેલા આરંભ-સમારંભના પાપની અવધિ સંપત્તિ અને સુખ કરતાં ભારે લાંબી ! અસંખ્ય જીવોને કચડી માર્યા હશે તે શું કર્મ દરગુજર કરશે ? ભૂલો પડતો ના. એ તો એ જીવો સામે 'વારા પછી વારો, તારા પછી મારો' ના ખેલ છે. માટે ખરી તો એ ભાવના કર કે ક્યારે જીવોના સંહારમય આ ઘરવાસમાંથી છૂટું, અને ન છુટાય ત્યાં સુધી પણ એમાં ઓછપ રાખું. છતાંય જો જરૂરી જ લાગે છે, ઘર સારું કરવું પડે એમ છે, તો તે પણ એટલા માટે કે (૧) આ કુટુંબીઓના રોજના ચિત્ત ક્લેશ ટળે, (૨) મને પણ વારંવારં એના વિચાર ન આવે, (૩) ચાર સાધર્મિકને લાવીને ભક્તિ કરી શકું, (૪) જ્ઞાન-ધ્યાન-સામાયિક કરવા અલાયદી એકાંત જગા રહે જેથી ચિત્ત ઘર-ખટલામાં જાય નહિ, (૫) જીર્ણ ઘરમાં ઘણી જીવાત થાય છે તે અટકે.'...આવી આવી વિચારણામાં ઉદ્દેશ ફર્યો એટલે વિષયચિંતા આત્મચિંતાના રૂપમાં ફેરવાઈ ગઈ.

એમ અર્થચિંતામાં પણ એ કરવાનું છે, એને આત્મચિંતાનું રૂપક આપવાનું છે. પૈસા લાવવાની સાચવવાની, ઉઘરાણી પતાવવાની, ખર્ચ ઓછો કેમ રહે એની, ઇત્યાદિ ઇત્યાદિ ચિંતા કાળજી થયા કરે છે, ત્યાં પણ 'આ શા માટે ?' એનું લક્ષ ઊભું કરવાનું છે. પૈસા સીધા ખવાતા નથી, ને રંગરાગમાં કામ લાગે છે ત્યાં પણ એ રંગરાગ વીજળીના ઝબૂકા જેવા, ભોગવ્યા ને ગયા ! ભોગની કોઈ બેલેન્સ-સિલક ઊભી રહેતી નથી કે જે મમરાવ્યા કરીએ. પેંડો ખાધો ને સ્વાદ ગયો, પછી મોં ફીકું ને ફીકું ! કાંઈ કલાકો સુધી સ્વાદ આવ્યા કરતો નથી. એવા બીજા ભોગોના સ્વાદ પણ ક્ષણજીવી. એટલે પૈસાથી સાક્ષાત કે ભોગ દ્વારા કોઈ કાયમી અર્થ સરતો નથી, તો પછી એની આટલી બધી ચિંતા-કાળજી કરવામાં શું હું મૂર્ખાઈ નથી કરતો ? એકાંતે એમાં દોડ્યો જાઉં એના કરતાં કોઈ કાયમી અર્થ સરે એવું કરું.' આવી પદ્ધતિની વિચારણા રાખવાથી અર્થચિંતાને આત્મચિંતામાં ફેરવી નખાય છે.

અનિત્ય ભાવના, અશરણ ભાવના, સંસાર ભાવના, વગેરે શાના માટે છે ? મેલીઘેલી કામચિંતા-અર્થચિંતાને પવિત્ર આત્મચિંતામાં ફેરવી નાખવા માટે.

બંગલો સરસ ! બહુ મઝા આપે છે...' એવી ચિંતામાં પડ્યા એ કામચિંતા-અર્થચિંતા; બંગલો ય એક દિ' જવાનો છે, પાછો તે રોગની, મૃત્યુની અને પરલોકની અસહ્ય પીડામાં કાંઈ શરણ-બચાવ નથી આપવાનો' એવી અનિત્ય-અશરણ ભાવનામાં ચઢ્યા એ આત્મચિંતા થઈ. આત્મચિંતાનો અર્થ એ નથી કે 'આત્મા, આત્મા,' બોલ્યા જ કરવું પડે. આત્મચિંતા એટલે આત્માને હિતકારી ચિંતા; પછી ચાહે તે સીધી આત્મા ઉપર વિચારણા હોય, અગર અનિત્યાદિ ભાવના રૂપ હોય, યા જીવ, કર્મ વગેરે તત્ત્વનાં ચિંતનસ્વરૂપ હોય, અથવા મહાપુરુષોનાં જીવનસ્મરણ હોઈ શકે, કે પંચપરમેષ્ઠી નમસ્કારનાં ધ્યાનરૂપે ય હોય. કર્મના નિર્ધારિત વિપાક, રાગ-દ્વેષ-પ્રમાદ-હિંસાદિના ભયંકર નુકસાન, ચૌદરાજલોકની વ્યવસ્થા, વગેરેનું ચિંતન પણ આત્મચિંતા જ છે.

**''દિવ્ય-દર્શન''-''પ્રવચન મહોદધિ'' વર્ષ-૧૦,અંક-૩૦,તા.૨૧-૪-૧૯૬૨**

**ચિંતાનું સ્વરૂપ ફેરવો :-** બસ કામ આ કરવાનું છે કે,

**કામચિંતા યા અર્થચિંતા રૂપે કોઈ વિચાર શરૂ થવા જાય એને આત્મચિંતાનું સ્વરૂપ આપી દેવાનું.**

પૈસા વધુ દેખી જીવ મનમાં મહાલવા જાય કે તરત વિપાકચિંતા ઊભી કરવી, 'આ પૈસા એ તો પૂર્વના પુણ્યકર્મનું પરિણામ છે, માટે જ્યાં સુધી પુણ્ય સલામત ત્યાં સુધી જ પૈસા સલામત; પુણ્ય ખૂટ્યે પૈસા એકદમ ઊપડી જવાના. પણ એવું બને એ પહેલાં જો પુણ્ય કમાઈ લીધું તો વાહવાહ, નહિતર પછી પાપ પટારે ભરાવા તૈયાર જ છે. એનાં કટુ વિપાક આગળ કેવા આવવાના, એ વર્તમાન પાપોદયવાળા જીવની કરુણ દશા જોઈ કલ્પી શકાય છે.' આ ચિંતાએ આત્મચિંતા ઊભી થઈ.

એમ, 'હાય પૈસા ! હાય પૈસા !' થતું હોય, એ દુર્ધ્યાન, એ રાગદ્વેષ, એ તૃષ્ણા-મમતા વગેરેમાં મન ફસાતું હોય ત્યાં એના કેવાં કેવાં ભયંકર નુકસાન થાય છે, તથા એ રાગદ્વેષ-દુર્ધ્યાનથી ઉત્તમ માનવમનના કેવા કૂચા થાય છે, એની ભાવના ચિંતવવામાં આત્મચિંતાને અવકાશ મળે છે.

વાત આ છે કે અર્થચિંતાને આત્મચિંતામાં ફેરવી નાખો. ચિંતાનો ઝોક પલટો. જૈનશાસન આ શિખવાડે છે. જૈનશાસન પામ્યાની સાર્થકતા કરવી હોય તો એના શિક્ષણને અમલમાં મૂકો, એમાં એક શિક્ષણ આ કે અર્થચિંતા-કામચિંતાને આત્મ-ચિંતામાં પલટાવી દેવી.



**દેગુશાને ત્યાં ધનાશા :-**

પેલો દેગુશા વાણિયો ધનાશાને ત્યાં રકમ જમા મૂકી આવી હૈયે હૂંફ અનુભવે છે. અને છોકરા સમજે છે કે અંતે તો ધન આપણું જ છે. આ હૂંફનો અનુભવ પણ અર્થચિંતા જ છે. હવે જુઓ એ દેગુશાને પાછો કેવા અજંપામાં નાખે છે !

બન્યું એવું કે એક દિવસ ધનાશા વેપારી કાંઈક કામ અર્થે દેગુશાના ગામ આવ્યો. સાથે મોટો ઠઠારો છે. એ તો બીજી ઓળખાણ ક્યાં શોધવી ? તે સીધો દેગુશાના ઘેર જ આવી ઊભો. દેગુશાને ફાળ પડી, 'હાય ! આ લોથ મારે ત્યાં ? કેટલો ખરચ થવાનો ?...'

કૃપણને, અર્થના લોભીને ઔચિત્યના કે ધર્મના પ્રસંગ આવ્યે મોટી પંચાત ! આગળ તો બનવાનું હોય તે બને, પરંતુ પહેલેથી મોટી ફાળ ! શ્રીદેવી જ એક એની ઇષ્ટદેવ અને એનું સમકિત ? એવું કે બીજા કોઈના પર શ્રદ્ધા નહિ, કોઈને સત્કારવા-સન્માનવાની વાત નહિ.

દેગુશા ગભરાયો તો ખરો, પરંતુ ધનાશા તો બધી સામગ્રી સાથે આવેલ છે. તેથી દેગુશાને કહી દે છે.

'જુઓ શેઠ ! તમે તો બહુ લાભ લેતા હશો, પરંતુ આ વખતે તમારે સકુટુંબ લાભ મને આપવાનો છે. અને આપણે એકલા નથી જમવું. ગામમાં પાંચ-પંદર સારા માણસોને પણ જમવાનું નોતરું દઈ આવજો, બધા સાથે ભોજન કરીશું. જુઓ નોતરું તમારા તરફથી દેજો. આ બધું તમારું જ સમજજો. મારું નામ-બામ દેતા નહિ. કહેજો અમારે ત્યાં મહેમાન આવ્યા છે તેથી પધારજો સાથે જમીશું.'

**જશ બીજાને કેમ આપવો ? :-**

ધનાશાનો જીવ એવો ઉદાર છે કે જશ બીજાને અપાવવો. કેમ કે આ લક્ષ્મી જે પુણ્યથી આવી છે તે પુણ્ય બીજાએ કમાવી આપ્યું છે. બીજાએ આપણું દાન લીધું તો પુણ્ય મળ્યું. બીજાએ આપણી સેવા-ભક્તિ સ્વીકારી તો પુણ્ય મળ્યું. ગુર્વાદિક બીજાઓએ આપણને ત્યાગ, તપસ્યા વગેરે શિખવાડી, અરે યાવત્ ક્ષમા વગેરે કરવાનું નિમિત્ત બીજાઓએ આપ્યું તો આ પુણ્ય ઊભું થયું અને લક્ષ્મી મળી. માટે હવે એ લક્ષ્મીથી જશ બીજાને આપવો, લક્ષ્મીથી બીજાના ઉદ્ધાર કરવા.'

આ એક પ્રકારની આત્મચિંતા છે, પોતાના આત્માની કાળજી છે, સંરક્ષણ છે. કેમ કે બીજાનું ભલું જોવા છતાં પોતાનું ભલું થઈ રહ્યું છે. ખૂબી એ છે કે આમાં હું પુણ્ય કમાઈ લઉં, મારા આત્માને સંભાળી લઉં, એવો સીધો વિચાર પોતાના આત્માનો નથી, છતાં જડ લક્ષ્મી અને વિષયોને અગત્ય આપવાને બદલે પરોપકારને, પરસેવાને અગત્ય આપે છે, અને એમાં પોતાના આત્માનું ભલું થાય

છે, માટે એ પ્રવૃત્તિ આત્મચિંતામાં ગણાય.

**આત્માની ચિંતા કરવાની એટલે શું કરવાનું ?**

આ જ, કે દયા, દાન, વ્રત નિયમ, સેવા-પરોપકાર, દેવગુરુની ઉપાસના, જિનવચનનો અભ્યાસ, શુભ ભાવના, ત્યાગ વૈરાગ્ય, તપ વગેરે નિષ્કામભાવે આરાધ્યે જવાના તો એ આત્માની ચિંતા કરી કહેવાય...એના બદલે પરિગ્રહસંગ્રહ, રંગરાગ, સ્વાર્થ લોલુપતા, માનાકાંક્ષા, ઇન્દ્રિયોની ગુલામી, કષાયના ઉકળાટ આવું આવું કરાય તો એ કામચિંતા કે અર્થચિંતામાં જાય. હિંસા જૂઠ, ચોરી વગેરે પાપોની રસિકતા એમાં જ જવાની. દયા, સત્ય, નીતિ વગેરે ધર્મની સાચવણી એ આત્મચિંતામાં આવશે.

દેગુશાને જશ અપાવવો છે, તેથી ધનાશાએ સ્પષ્ટતા કરી દીધી. દેગુશા ખુશ થઈ જાય છે, 'ઠીક છે આપણને કાંઈ ભાર પડતો નથી, ઊલટું સહકુટુંબ જમણ મળે છે, ને બહાર જશ મળે છે, 'બહારથી વિવેક તો કર્યો તો 'ના ના લાભ તો મને આપો' પણ ધનાશા ક્યાં માને એમ હતા ?

ધનાશાના માણસો કામે લાગી ગયા. દેગુશાના છોકરા ગામમાં નોતરાં દઈ દે છે. અહીં બંને વાતોમાં બેઠા છેઃ ધનાશા ગામની સ્થિતિ પૂછે છે, કોણ જ્ઞાતિભાઈ, ધર્મી બંધુ કઈ સ્થિતિમાં છે, ધર્મનાં ખાતાં કેમ છે, ધર્મસ્થાનોની કેવી પરિસ્થિતિ છે, વગેરે વગેરે પૂછી લે છે.

દેગુશા અર્થલોભી, તે સારું શું કામ બોલે ?

કહે છે, શેઠ કાંઈ કહેવા જેવું નથી. કાળ ઘસાતો, લોકોનાં પુણ્ય દૂબળાં, ને બધું ઘસાતું જ સમજો ને. આ મંદિરનું શિખર જુઓને, દસ વરસથી ચૂનોય, ક્યાં દેવરાવ્યો છે ? ધર્મશાળામાં જીર્ણ શીર્ણ થયું છે. એમ કરીને રોદણાં માંડ્યાં, રોતલવેડા દેખાડ્યા. ફલાણાને આ આફત, ને ફલાણાને આ મોંકાણ, અમુકને આવી ઉપાધિ, ને અમુકને અમુક પંચાતી...

અર્થના લોભિયા કૃપણને બધું કાળું જ દેખાય છે. એને એ ય વિચાર નથી કે આમ કહીને હું ગામની હલકાઈ કરી રહ્યો છું. અથવા આવા નિરાશા-નિસાસાભર્યા વિચાર કરવામાં તો મન નિરુત્સાહી અને કાળું બને છે. રોદણાં રોવામાં સાત્ત્વિક્તા હણાય છે, આપણી કે બીજાની જાંઘ ખુલ્લી કરાય છે...આનો કોઈ અરેકારો નહિ. જીવન જ જાણે એવું ઘડાઈ ગયેલું કે રોદણાં જ રોયા કરવાં. કેમ જાણે ક્યાંય સારું કાંઈ છે જ નહિ. પછી તો હલકું જ કાળું જ જોયા કર્યું એટલે એના ઉપર હલકા જ વિચારો અને હલકી જ ભાવના આવ્યા કરે એમાં નવાઈ નથી.



**સારું જોવું હોય તો :-**

ત્યારે શું સારું જોવું હોય તો ક્યાંય કોઈ સારું છે જ નહિ ?

છે, પણ સારું જોવું હોય તો જડે ને ? અરે રસ્તામાં વચ્ચે પડેલો એક પથરો પગે વાગ્યો, ત્યાંય સારું જોઈ શકાય છે, 'સારું થયું આ ઊંચે જોઈ ચાલતો હતો, તે આ પથરાયે સાવધાન કર્યો નહિતર કોઈ જીવ જંતુને પગ નીચે કચરી નાખત હવે નીચે જોઈને ચલાશે ! શું નથી સારું, જોવું હોય તો ? દસ વસ્તુની વચમાં એક સારી ચીજ ઝટ આંખમાં આવી જાય છે. કેમ કે એની રુચિ છે, એમ સારું તત્ત્વ જોવાની જો રુચિ હોય, તો ઘણાં ઘણાં હલકાં તત્ત્વની વચમાંથી સારું તત્ત્વ મન ઝટ શોધી કાઢે, દૃષ્ટિ બનાવવાની જરૂર છે. સારું જ જોવું છે એવો નિર્ધાર રાખવો જોઈએ.

ધનાશાએ બધું સાંભળી લીધું અને પોતાના મનમાં ગોઠવી દીધું કે ક્યાં ક્યાં શી શી સેવા કરવી, શો શો લાભ લેવો.

**દેગુશાનો બળાપો :-**

ભોજનનો અવસર થયો, બધા જમ્યા-ભોજનમાં ઉદારતા પૂર્વકની અનેક સારી સારી વાનીઓ જોઈને બીજા તો ખુશ થયા, પરંતુ હલકું જોવાનો ઠેકેદાર આ દેગુશા વિચાર કરે છે 'અરે ! આ ધનાશા કેટલું ધન ઉડાવે છે ! આટલો બધો ખોટો ખરચો ? શું ચારચીજથી ન ચાલે, તે ચૌદ ચીજો કરવા જોઈએ છે ? પૈસાનો આવો ધુમાડો ? આવું વિચારી મનમાં દુભાય છે. એના ભાગ્યમાં સારું જોવાનું છે નહિ. નહિતર જોઈ શકત કે ધનાશાની કેવીક ઉદારતા ! અમને અને બીજાને મફત જમાડ્યા. અમારે ને એને શો સંબંધ ? અથવા અમે એનું શું ભલું કર્યું છે કે કરવાના છીએ ? છતાં એની આટલી બધી ભક્તિ ! આટલો પ્રેમ !' પણ અર્થનો લોભી અને કૃપણ આવું ક્યાંથી વિચારી શકે ?

**ધનાશાનાં સુકૃત :-**

પછી તો નમતા પહોરે બજારમાં ચાલ્યા. દેગુશા પાસેથી ધનાશા આગળ આગળથી વેપારીઓની ઓળખ કરી લે છે અને પછી એની દુકાને જઈ માલની ખરીદી-વેચાણ, ભાવની કોઈ પૂછપરછ કર્યા વિના કરે છે, અને સામાને કેમ સારો લાભ થાય એ રીતે સોદા પતાવે છે, એકના દોઢા, ડબલ, ચાર ગુણા; જેવી વેપારીની સ્થિતિ તેવો સોદો; વધુ નરસી સ્થિતિવાળાને વધુ લાભ થાય એવો સોદો. એનો માલ ઊંચા ભાવે ખરીદવાનો અને પોતાનો માલ નીચા ભાવે આપવાનો.

પાછા મકાને આવી બીજાઓને માલની સગવડ કરી આપે છે, 'લઈ જજો માલ આપણે ત્યાંથી. કરો ધંધો !

એમ, વિધવા કે એકલદોકલ અશક્તોને બીજા ત્રીજા કીમિયાથી ગુપ્ત સહાય !

એક જ વાત છે કે 'બીજાનાં નિમિત્ત પામીને ઊભા થયેલાં પુણ્યે લક્ષ્મી મળી છે, તો એથી બીજાની સેવા કરી લેવી. જિંદગી તો એક દિ' ખોવાઈ જવાની છે, એની સાથે ગમે તેટલા મોટા ધનના ઢગલા પણ આપણા હાથથી જવાના છે, માટે એમ એ ખોવાઈ જાય એ કરતાં, જીવતા છીએ ત્યાં સુધી સુકૃતમાં એને લેખે લગાડી દો.'

**દેગુશાનું મિથ્યાદર્શન :-**

ગામમાં તો જેજેકાર થઈ ગયો, પરંતુ આ દેગુશા લક્ષ્મીનો લાલચુ ! એને તો પેટમાં દિવેલ રેડાયા જેવું થયું. 'એના મનને થાય છે કે 'અરે ! આ તે કેટલું ઉડાવે છે ! ત્યારે આમ ને આમ ઉડાવીને એ ભિખારી થઈ જાય. તો મારા પાંચ હજારનું શું ?' એને ત્યાં જમા મૂક્યા છે ને ? તે પાછા આવે કે કેમ એની શંકા પડી ગઈ ! ગામ જેને ઉદાર દેખે છે, એ આને ઉડાઉ લાગે છે, કેમ કે મિથ્યાદર્શનમાં ફસાયો છે. ઘણું સારું જોવાનું પડ્યું છે 'ક્યાં ક્યાં કેવું કેવું સારું ખર્ચ્યું ! કેવી દુઃખી પર દયા, સિદાતાનો ઉદ્ધાર, અને પડતાને ટેકો કર્યો ! આમ કહીને ધર્મની સુવાસ ફેલાવી !' આ કાંઈ નજરે ચઢતું નથી. હવે તો ચિંતા પોતાના પાંચ હજારની થઈ. 'માંગી લવું ત્યારે ?' એમ થાય છે, પણ જરા ધીરજ ધરે છે.

એમાં હવે ધનાશા પોતાનું કામ પતાવી જવાની તૈયારી કરે છે. અને તૈયાર થઈને જતી વખતે દેગુશાને કહે છે,

'જુઓ આ કાંઈ થોડો માલ વધ્યો છે તે ક્યાં ઊંચકી જઈએ ? ભલે અહીં જ રહે, છોકરા ખાશે, માટે વાપરી નાખજો ! એમ કહી પોતાના માણસો સાથે ચાલવા માંડે છે.

ત્યાં દેગુશાને ચટપટી વધી, 'હોય ! આ તે કેવો ઉડાઉ ! અડધો ડબો ઘીનો પડ્યો છે. અધમણ જેવો ગોળ છે, સાકર છે, બીજા મેવા-મસાલાની કોથળીઓ પડી છે અને આ બધું એને લઈ નથી જવું ? આ લાડુ કેટલા બધા વધ્યા છે ! તે બધું આમ વેડફી નાખવાનું ? મારે તો લાભ જ છે, પરંતુ ચિંતા એ મોટી છે કે એ આમ બધું ઊડાવી નાખે ત્યારે મારા પાંચ હજારનું શું થાય ?'

હવે તો ઝટ માગી લેવાનો વિચાર આવ્યો પરંતુ એ માટે કાંઈક બેસીને વાત થાય, અને આ તો હવે ઊભા થઈ ચાલવા માંડ્યા છે. એટલે દેગુશા મનમાં સમસમી રહ્યો.

**પિતા-પુત્રોનો સંવાદ :-**



ધનાશાના ગયા પછી દેગુશા છોકરાઓને કહે છે, 'જોયું ? કેટલી ઉડાવગીરી ?'

છોકરા કહે છે 'બાપા ! ઉડાવગીરી શી ? એણે તો ખૂબ ઉદારતા કરી.'

'અરે ઘેલા ! ઉદારતા તે અક્કલવાળી હોતી હશે કે મૂર્ખતાની ? લ્યો બાપનું ધન છે તે જરા લોકમાં નામ થાય એટલે ઉડાવ્યું ? આમ ફેંકી દેવાતું હશે ?'

'ફેંકી ક્યાં દીધું છે ? આ તો દુઃખિયારાંને સહાય કરી.'

બાપ કહે છે, 'પણ આપણે ક્યાં દુઃખિયારા હતા તે આ બધું મૂકી ગયો ?'

'પણ આપણાં વાસણ વાપર્યાં, ઘર વાપર્યું, તે એટલો વિવેક ન કરે ? ત્યારે વધ્યું કર્યું ઉપાડી જાય તે સારું ય લાગતું હશે ?'

બાપ કહે છે, 'આવા મૂર્ખા ને મૂર્ખા રહેવાના. આ તે કાંઈ મીઠું-મરચું હતું તે ઉપાડી ન જવાય ? આ તો નકરા ઘી-ગોળ-સાકર છે ! ને જુઓ બજારમાં સોદા કેવા કર્યા ? એકના ચારગણા દીધા !'

'અરે બાપુ ! પણ એમાં આપણા ગામવાળાનું ભલું તો થયું ને ? તો આટલું પેટ શીદ બાળો ? ખોટી ચિંતા ? અનુમોદના નહિ કરવાની ને આ બળતરા કરવાની ?'

દેગુશા તાડૂક્યો, અલ્યા ગાંડાઓ ! સમજતા નથી, આ તો માપ કાઢવાનું છે. આમ ને આમ બધું ઉડાવી નાંખે તો દેવાળું કાઢે દેવાળું ! પછી આપણા પાંચ હજાર એને ત્યાં મૂક્યા છે એનું શું થાય ?'

છોકરા કહે, 'વાહ વાહ બાપુ ! હિસાબ સારો માંડ્યો ! પૈસા ભેગા કર્યે રાખવાથી વધે ને સુકૃતમાં ખરચવાથી ઓછા થઈ જાય આ જ તમારો હિસાબ ને ? પૈસા એમ વધતા નથી, પુણ્ય હોય તો જ વધે છે; અને સુકૃત કરવાથી ઓછા નથી થતા, ઊલટું પુણ્ય વધી જાય છે, અને ખર્ચ્યા કરતાં દોઢું-ડબલ આવી લાગે છે. ચિંતા શું કામ કરો ? એમ માનો કે આપણા પૈસા ખરેખરા સારા સ્થાને સુરક્ષિત છે.'

દેગુશા કહે છે, 'ભલે તમે મનાવો, મને મગજમાં બેસતું નથી. મને તો ભય છે, માટે હું તો જઈને પૈસા લઈ આવવાનો.'

છોકરાઓએ તેમ ન કરવા ઘણું સમજાવ્યું, પરંતુ બાપ ન સમજ્યો.

**અર્થચિંતાથી ૩ અનર્થ :-**

અર્થચિંતા શું કામ કરે છે ! જીવને કેવા ખોટા હિસાબ, ખોટા ભય, અને

ખોટી વિચારણામાં તાણી જાય છે ! છતી અક્કલે જીવ નાદાન બને છે. નાદાન બનાવનાર અર્થચિંતા છે. મહેનત-બહેનત તો બધાં ઉપરનાં કારણ; બાકી ખરું કારણ પુણ્ય. પુણ્ય હોય તો લક્ષ્મી આવે, સચવાય અને વધે. આ સીધી ગણતરી, સીધો હિસાબ. પણ અક્કલહીન જીવને ઊંધું સમજાય છે. એ મહેનત અને સંયોગો પર મુસ્તાક રહે છે, તેથી જરા ઊંચુનીચું દેખતાં હર્ષઘેલો કે ભયભીત બને છે. વળી સારી અનુમોદના કરવાના અવસરે ઊલટું સામામાં દોષ જોવાની કુવિચારણામાં ચઢે છે. દેગુશા ત્રણેયથી પીડાય છે, ખોટી ગણતરી, ખોટો ભય, અને ખોટી વિચારણાથી.

**અર્થચિંતા સામે શી સાવધાની ? :-**

ત્યારે સાવધાન બનવા જેવું છે, જ્યાં મન એવા હિસાબ માંડવાનું, ભયભીત થવાનું કે ખોટા વિચારે ચઢવાનું કરતું હોય ત્યાં ઊભા રહી જુઓ કે મૂળ શું છે ? અર્થચિંતા, વિષયચિંતા કે બીજું કાંઈ ? એ હોય તો ખબરદાર બની જાઓ, એને મચક ન આપો, ઘડીભર પણ એને બાજુએ મૂકી સ્વસ્થ બનીને વિચાર કરો, પુણ્ય-પાપના હિસાબ છોડી બીજાં ભળતાં લેખાં ક્યાં માંડવાં ? ખોટી કલ્પનાઓના ભય શા સારું ઊભા કરવા ? સામાનાં ગુણ, સામાનાં સુકૃત, અને ધર્મપરાક્રમ જોવા-ગાવાને બદલે ઊલટું દોષમાં ખતવણી કરવાના વિચાર ક્યાં કરવા ?

દેગુશા ઝાલ્યો ન રહ્યો, એ તો ઊપડ્યો ધનાશાને ત્યાં. રસ્તામાં કેઈ વિકલ્પો કરે છે 'શી રીતે પૈસા માગું ત્યાં તો એનો બધો ઠઠારો જ મને આંજી નાખે એવો !... કાંઈ ફિકર નહિ, મન કાઠું કરી પૈસા તો માગી જ લેવાનો. હવે કાંઈ ત્યાં પડ્યા રખાય નહિ...'

ધનાશાને ત્યાં પહોંચ્યો એટલે ધનાશા એને જોઈને ખુશ થઈ જાય છે, આવકારે છે, 'પધારો પધારો અમારે ત્યાં તમારા જેવા પુણ્યશાળીનાં પગલાં ક્યાંથી !' માણસને હુકમ કરે છે, 'અરે ! જો, શેઠ ચાલીને આવ્યા લાગે છે, એમને સારા તેલમાલિસ કરી એમનો થાક ઉતારી નાખજો અને ગરમ પાણીએ સારી રીતે નવરાવજો. બાકી નાસ્તા-પાણી બધું તૈયાર છે ને ? જાઓ રસોઇયાને કહી દો બધું ગરમ ગરમ તૈયાર રાખે...' ટપોટપ હુકમ છૂટ્યા.

પહેલાં દેગુશાને આટલો આવકાર ને વિવેક નહોતો આવડ્યો. ત્યારે વિચાર આવે છે કે શું ગરીબનો વિવેક ગરીબ જેવો ? અલબત્ત ખાનદાની મોટો ભાગ ભજવે છે, એમાં ગરીબાઈ કેટલીકવાર મનને સાંકડું કરી દે છે. પરંતુ જો ભૂંડી અર્થચિંતામાં ડૂબાડૂબ રહેવાનું જ હોય અને આત્મચિંતા જાગતી હોય, તો ગરીબી છતાં વિવેક ઊંચો આવી શકે છે. ત્યારે શ્રીમંતાઈ છતાં જો અર્થચિંતામાં જ ડૂબાડૂબ



છે તો એને છતી સામગ્રીએ વિવેક મોંઘો પડી જાય છે ! આ ઉપરથી એ સમજવાનું છે કે વિવેકને આત્મચિંતા સાથે સંબંધ છે, એ લાવવો હોય તો અર્થચિંતાના આવેગ ઓછા કરી નાખો.

ધનાશાને ત્યાં દેગુશાની સુંદર સરભરા શરૂ થઈ ગઈ. હજામ તૈયાર ! મજ્જન કરનારા તૈયાર ! સ્નાન કરાવનારા તૈયાર ! પછી શેઠની સાથે નાસ્તાપાણીનો જલસો ! ત્યાંથી ઊઠીને મખમલના સોફા પર આરામથી બેસવાનું ! સરભરા તો ઉમદા કોટિની થઈ રહી છે, પરંતુ અભાગિયા દેગુશાના નસીબમાં સામાના વિવેકની અને ઉદાર ભક્તિની અનુમોદનાને બદલે બળવાનું જ છે 'હાય ! આ કેટલો બધો નકામો ખર્ચ કરી નાખે છે ! આવાં મજ્જન, ને સ્નાન, ને નાસ્તાપાણીના ભપકાની શી જરૂર છે ?' આ જ એક બળતરા થાય છે.

લોભિયા એમ જ સમજે છે કે પૈસાનો ઉપયોગ એક જ, બચાવી બચાવી બને તેટલો સંગ્રહ વધારવાનો. 'અલ્યા પણ એ શા માટે !' 'શા માટે બા માટે કંઈ નહિ, જીવતા છીએ ત્યાં સુધી આ જ કામ.' કઈ દશા છે ? જીવન શા સારું ? 'પૈસા સારુ ઊંધું વેતરણ ! જીવન માટે પૈસા નહિ, પૈસા માટે જીવન, તે પૈસા પાછળ બધાં સત્કર્તવ્યો વીસરી જીવનને વેડફી નાખવાનું ! આવી દુર્દશા આ અર્થલોભિયા અને અર્થચિંતામાં જ ફસેલા આત્માઓની હોય છે. એમાં પૈસા ગોઠવાઈ જવાથી આખા મનુષ્ય જીવનના સુંદર ઉદ્દેશ માર્યા જાય છે.

હવે દેગુશાને ચટપટી થઈ છે, 'ક્યારે પૈસા માગી લઉં !'

એમાં ધનાશા પૂછે છે, 'કહો શેઠ ! હવે અહીંનું કામકાજ ફરમાવો.'

પરંતુ દેગુશાની જીભ ઊપડતી નથી. 'એકદમ સીધું કેમ મંગાય ? એમ કરીને ઇચ્છા મનમાં દાબી રાખીને કહે છે 'આ જરા શહેરમાં આવ્યો તો તે એમ થયું કે લાવ જરા શેઠને મળતો જાઉં.'

જવાબ તો દઈ દીધો, પરંતુ પાછો મનમાં બળે છે, 'હાય ! માગવાનું કેમ કરવું ?' બિચારી અર્થચિંતાવાળાનો આમેય મરો, ને આમેય મરો !

**યાત્રામાં ય અસૂયા :-**

ધનાશા કહે 'બહુ સરસ ! આવ્યા છો તો હવે રોકાજો પાંચ-પંદર દહાડા. આ તો તમારું જ ઘર છે.' અંતરથી કહે છે, કેમ કે એ જાતિભાઈને જોઈને રાજી થાય છે, કેટલાકને વળી જાતિભાઈને જોઈને અસૂયા થાય છે, સહન થતું નથી, ક્યાંક યાત્રાએ ગયો હશે, ને ધર્મશાળાની મફતિયા ઓરડીમાં ઊતર્યો હશે અંદર જગા પણ હશે, તો ય બીજો કોઈ નવો ધર્મીબંધુ આવશે તો એ એને નહિ ખમાય ! તે પછી કદાચ ગપ્પુ ય મારશે કે 'અહીં હજી બીજા આવવાના છે, માટે

અહીં નહિ, બીજે ઊતરો ! ને કદાચ પેલો બીજે ગયા પછી વળી ક્યારેક ભેટી ગયો ને પૂછે કે 'કેમ ? કહેતા હતા ને કે બીજા આવવાના છે ? ત્યારે વળી નવું ગપ્પું લગાવશે, 'હા, આવવાના હતા પણ કોણ જાણે ક્યાંય અટકી પડ્યા લાગે છે !

એક જૂઠું કોડીબંધ જૂઠાને તાણી લાવે છે. અંગ્રેજીમાં કહે છે, If you once tell a lie, you have to be ready for a score of lies.'

**ઈર્ષ્યા-અસૂયાવાળાની કેટલી દુર્દશા છે !** મફતની જગા છે, સામો પોતાનો ધર્મીભાઈ છે. પોતે યાત્રાનો ધર્મ કરવા આવ્યો છે, છતાં એનો કોઈ વિચાર નથી. વિચાર છે માત્ર મનમાની અનુકૂળતા ભોગવવાનો, અને 'મારું મારા બાપનું' કરવાનો ! આ સૂચવે છે કે માણસાઈ જાળવવી હોય, પ્રારંભિક ગુણો પણ ઊભા રાખવા હોય, તો અનુકૂળ-અનુકૂળની બહુ લપ છોડો, અને બહુ મમતાનાં ઝેર ન પીઓ. ઝેર છે ઝેર એ. એક પ્રકારની અર્થચિંતા જ છે. સુખ ભોગવવાની લગની એ વિષયચિંતા છે, અને સુખનું સાધન દબાવી રાખવાની ચિંતા એ અર્થચિંતા છે. યાત્રાના સાધનમાં ય જો એ મારે, તો પછી ઘેર તો પૂછવાનું જ શું ? એક સાધર્મિક નહિ ખમાય. સાધર્મિક પર વાત્સલ્યનો સમ્યગ્દર્શનનો આચાર ગુમાવરાવશે ! અ-વાત્સલ્ય કરાવી દર્શનાચારનું ખૂન કરાવશે ! માટે અનુકૂળતાની લપ અને મમતાની પકડ ભૂંડી !

ધનાશાને એ નથી, કહે છે, 'રોકાજો, જવાની ઉતાવળ કરશો નહિ !

બસ, પછી તો બીજી-ત્રીજી વાતો કરી. ભોજન કરવા બેઠા. દેગુશાની આલીશાન રાજશાહી ભક્તિ થઈ રહી છે. છતાં બિચારાના ભાગ્યમાં એકલી બળતરા છે કે 'અરે ! આ આવી ઉડાઉગીરીમાં દેવાળું કાઢશે ! શી જરૂર છે આટલા બધાની ?'

પછી આરામ કરવા ગયા ત્યાં ય એ દશા. 'હાય ! આ મશરૂની ગાદીઓ ને મખમલના તકિયા !' ચટપટી વધી ગઈ છે કે હવે ઝટ પૈસા માગી લઉં. પરંતુ બેસી શકતો નથી, એટલો બધો ધનાશાનો પ્રેમ અને સન્માન છે.

**ધનાશાની વિવિધ ઉદારતા :-**

પછી બજારમાં ઊપડ્યા, પેઢી પર, પણ શેઠની દલાલોને ખટાવવાની ઉદારતા, નાના ગરીબ જેવા વેપારીઓને સસ્તામાં માલનું વેચાણ, કોઈ ગરીબ સિદાતા આવી ચઢ્યા તો એને દાન; કોઈ સોદામાં ઠીક ઠીક કમાઈ પડ્યા તો ત્યાં જ નોકરોને બક્ષિસ, આવી બધી ઉદારતા તો અનુમોદવા જેવી હતી, પરંતુ દેગુશાના ફૂટેલા નસીબમાં એના બદલે એકલી બળતરા છે, 'હાય ! આ કેટલું ઉડાવી મારે



છે ! ઠીક થયું હું વહેલો આવી ગયો, નહિતર તો એનું દેવાળું નીકળી ગયા પછી આવ્યો હોત તો શું મળત ?' પરંતુ અહીં દુકાન પર માગવા હિંમત ન ચાલી; કેમ કે આવા ઉદાર શેઠની તો શહેરમાં અને આજુબાજુનાં ગામડાંઓમાં બોલબોલા છે, તે કેટલાય લોકો મળવા-કરવા ય આવે છે અને પેટ ભરીને શેઠના ગુણ ગાય છે ! ત્યાં ધરાર ધિટ્ઠાઈ કેમ થાય ?

પછી તો ઘરે આવ્યા, ઠાઠથી જમ્યા હવે રાત પડવા આવી 'અત્યારે રકમ માગી લઈ જોખમ લઈને ક્યાં જવું ? સવારે માગી લઈશ, પરંતુ અત્યારે વાત તો કરી મૂકું ?' આમ દેગુશા વિચાર કરે છે ત્યાં પાછો પડે એવું બન્યું.

**દેગુશાને સારું દૃશ્ય પણ પચતું નથી :-**

બહારગામથી બે માણસો આવી શેઠને પ્રણામ કરીને કહે છે,

'શેઠ એક મહેરબાની કરવી પડશે.'

ધનાશા કહે છે, 'ફરમાવો શી આજ્ઞા છે ? કાંઈ ધર્મની કમાઈ કરાવવાનું લાવ્યા છો ?'

'ના રે ના શેઠ ! આ તો સ્વાર્થની વાત છે.'

'બોલો બોલો જે હોય તે, સંકોચ રાખ્યા વિના કહો.'

'બીજું તો કાંઈ નથી, શેઠ ! આ એમ પચ્ચીસ હજાર રૂપિયા લઈને આવ્યા છીએ તે આપને જમા રાખવા પડશે.'

શેઠ હસીને કહે છે, 'હા હા હા...જુઓને હવે મારે સાચવવાના ઘણા થઈ ગયા છે તમે કહો તો હું તમને ધીરું. એટલે હવે માફ કરો આ પહેલાં ય મેં બીજાને ના પાડેલી.'

**"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૧૦,અંક-૩૧,તા.૨૮-૪-૧૯૬૨**

**પાપની લોથ ક્યાં સુધી ?**

ના શેઠ ! આટલી મહેરબાની તો કરવી પડશે. હવે અમે ધંધાની લપમાં ક્યાં પડીએ ? બહુ પાપ કર્યાં. જિંદગી બધી આરંભ-પરિગ્રહની લોથ કરવામાં ગુમાવી નાખી ! હજી વેપાર તો સારો ચાલી શકે એમ છે, પરંતુ હવે એ આરંભ-સમારંભના કથલા બંધ કરીને આવ્યા છીએ. હવે તો નિરાંતે ધર્મધ્યાન કરશું અને વ્યાજમાંથી જીવન ચલાવશું. આ નક્કી કરીને આવ્યા છીએ. માટે ભાઈ સાહેબ ! આટલી મહેરબાની કરવી પડશે.'

ધનાશા કહે છે. 'ધન્ય છે તમારી ભાવનાને ! તમારા જીવતરને ! તમે

મનુષ્ય ભવની ખરી સુવાસ,-જે આરંભ-સમારંભ અને લોભથી નિવૃત્તિ, તે લેવા તૈયાર થયા છો ! ત્યારે હું હજી એ આરંભ-પરિગ્રહની દુર્ગંધમાં પડ્યો છું ! પણ આ તમારું જોઈને મને પણ એમ થાય છે કે હવે મારે ય આ પાપ ઓછાં કરી નાખવાં. ઠીક છે, કાલે પેઢી પર આવજો.'

'પણ શેઠ અમે પરદેશી માણસ. હવે રાતના આ જોખમ ક્યાં લઈ જઈએ ? માટે લ્યો આ અત્યારે જ સ્વીકારી લો. ચિઠ્ઠીપત્રાની હમણાં ને હમણાં જરૂર નથી. રકમ ઠેકાણે મુકાવી દો.'

ધનાશા પેલાઓની ધર્મભાવના પર ગળગળો થઈ ગયો હતો. રકમ સ્વીકારવી પડી. આવેલા એ બે ભાઈને સૂવા-કરવા માટેની સગવડ કરાવી દીધી. દેગુશાને કહે છે.

'જોયું ? કેટલા ભાગ્યશાળી જીવ ! છતાં વેપાર બંધ કરી એક માત્ર પાપથી બચવા અને ધર્મધ્યાનમાં જીવન પસાર કરવા નિવૃત્તિ લઈને આવ્યા છે !'

દેગુશા હાકારો તો ભણે છે પરંતુ એના દિલમાં બીજી ગડમથલ ચાલી રહી છે. જોવું હોત તો એ જોઈ શકત કે 'આ ધનાશાને ત્યાં તો લોકોના રૂપિયાના ઢગલા થાય છે, એટલા એ સદ્ધર આસામી છે, તો પછી મારી પાંચ હજાર રૂપૈડીની શી બહુ વિસાત હતી ?' પરંતુ ના, એણે તો ધનાશાની પેલી બધી ઉદારતાને ઉડાઉગીરીમાં ખતવેલી, અને ગાંઠ વાળી રાખી છે, તે આટલું નજરે જોવા છતાં એ છૂટતી નથી; તે સારું દૃશ્ય પણ પચાવી શકતો નથી.

**ગાંઠ એક ભયંકર ચીજ છે.** માટે તો શાસ્ત્ર કહે છે ગ્રન્થિભેદ કરે તો સમકિત પામે. ગ્રન્થિ એટલે નિબિડ રાગદ્વેષની વાંસની ગાઠ જેવી ગાંઠ, ભેદાવી બહુ મુશ્કેલ ! એ ભેદાય નહિ ત્યાં સુધી મિથ્યાત્વ ટળે નહિ, ને સમ્યક્ત્વ આવે નહિ.

**મિથ્યાત્વને અને રાગદ્વેષને સંબંધ છે ?**

હા, સંબંધ છે. ઉત્કટ કોટિના અર્થાત્ અનંતાનુબંધીના ઘરના રાગદ્વેષ મિથ્યાત્વને પંપાળી રાખે છે, અને બીજે સાસ્વાદન ગુણઠાણે મિથ્યાત્વ ન હોય તે એને આ રાગદ્વેષ તાણી લાવી જીવને પહેલે ગુણસ્થાનકે પટકે છે. આ ગ્રન્થિને તોડવા માટે જીવને અપૂર્વ પુરુષાર્થ કરવો પડે છે, એને શાસ્ત્ર અપૂર્વકરણ કહે છે. એની પહેલાંનું યથાપ્રવૃત્તિકરણ તો જીવ અનંતીવાર કરે છે, પરંતુ ત્યાંથી પાછો પડી જાય છે, પણ અપૂર્વકરણ કરી શકતો નથી. એનું કારણ આ જ ગ્રન્થિ, રાગદ્વેષની ઘન ગાંઠ ! ગાંઠ એટલે રાગ, દ્વેષ તો ખરા પરંતુ એની પાછી પકડ ! પકડ એટલે એ રાગદ્વેષમાં જરા ય ભય નહિ, સંકોચ નહિ, પણ નિર્ભીક્તા



અને ઉલ્લાસ ! પછી ત્યાં ગમે તેવા ઉપદેશ સાંભળે કે નજરોનજર દુનિયામાં રાગ-દ્વેષથી નીપજતા ભયંકર અનર્થ જુએ તેમ પોતે પણ પોતાના જીવનમાં કેઈ વાર રાગ-દ્વેષ પાછળ પસ્તાવા કર્યા હોય, છતાં એની પકડ ન છૂટે, એમાં એને ખરાબી ન દેખાય ! કેમ કે બીજાના કે પોતાના નુકસાનને બહારના બીજા-ત્રીજા કારણને લીધે થયાનું માને છે ! એ નથી જોતો કે 'મૂળમાં હૈયે રાગ યા દ્વેષ હતો તો બધી પ્રવૃત્તિની ધાંધલ થઈ અને ત્યાંય રાગ-દ્વેષ પકડી રાખ્યા હતા માટે નુકસાનીમાં પસ્તાવો આવીને ઊભો રહ્યો.' એટલે,

**દુઃખનું અસલી કારણ તો રાગ ને દ્વેષ જ છે.** એ જો ન કર્યા હોત તો પ્રવૃત્તિની ખોટી ધાંધલ કરત જ શું કરવા ? નુકસાની થઈ તો થઈ, પરંતુ જો તેવો રાગ નથી રાખ્યો, તો રુએ શું કરવા ? 'પૈસા સારા' એ માને છે તો જ વેપલો કરવા જાય છે, ને પછાડ ખાય છે. તેમ લાવ્યા પછી બહુ રાગ છે માટે જ ખર્ચાઈ-ખોવાઈ જતાં પોક મૂકવી પડે છે ! દીકરો સારો માની એના પર જો બહુ રાગ કરવા ગયા તો એ બગડી જતાં, માંદો પડતાં કે મરી જતાં શોક થાય ને ? કર્મની લીલા સમજી અને સંસારની મહા વિચિત્રતા વિચારી, જો આંધળો રાગ જ ન કર્યો તો પછી ક્લેશ શાનો ? માટે કહો,

**રાગ-દ્વેષની પકડ રૂપી ગાંઠ એ સર્વ દુઃખોનું મૂળ છે.**

આ આંધળો રાગ એ રાગ-દ્વેષની ગ્રન્થિ કહેવાય, ગાંઠ કહેવાય. એ તોડવી બહુ મુશ્કેલ ! કેમ કે એમાં અંધાપો એમાં નિર્ભીક્તા ટાળવી પડે.

**'સર્વ દુઃખનું મૂળ પોતાના રાગદ્વેષ છે.'**

એ આત્મામાં હાડોહાડ વસાવવું પડે. ત્યારે જ એના પર નફરત છૂટે, અંધાપો જાય, તો એ ગાંઠ ભેદાય.

દેગુશાને ગાંઠ પડી ગઈ છે, 'હાય પૈસા !'ની પકડ લાગી ગઈ છે, એટલે એની આંધીમાં બીજું સારું સારી અસર નથી કરી શકતું, ઊલટું સીધું ઊંધું પડે છે. ધનાશાની ઉદારતાના જેમ જેમ પ્રસંગ જુએ છે તેમ તેમ આ ભારેકર્મી દેગુશાને એ કલ્પના વધુ ને વધુ મજબૂત થતી જાય છે કે 'આ ધન ઉડાવી નાખી એક દિ' દેવાળું કાઢશે.' પોતાના જીવનમાં થોડું પણ સારું કર્યું નથી, એને બીજાનું સારું પચાવવું કઠિન પડે છે.

જગતમાં આવા જીવો હોય છે કે જેમને એક ગાંઠ બંધાઈ ગયા પછી બીજું ગમે તેટલું સારું જોવા મળે છતાં એ એની સારી અસર ન પામી શકે. દીકરાને માબાપના માટે જો કાંક અરુચિની ગાંઠ બંધાઈ ગઈ તો પછી ખલાસ ! મા-બાપનાં સારાં વચન, સારી પ્રવૃત્તિ કે સારી કાળજી એને ઊંધી લાગવાની ! પેલા બિચારા

આના માટે મરી પડતા હોય, વાત્સલ્યનાં પૂર ઊભરાવતા હોય, છતાં જાતે યા પત્ની વગેરેની ચઢવણીથી ચઢેલા આને એની કોઈ કિંમત નહિ. કેમ જાણે પહેલાં માબાપ બધું કરતા હતા તે હિતૈષી તરીકે, અને હવે કરે તે દુશ્મન તરીકે ! માબાપ તો એના એ જ છે, પરંતુ આની દૃષ્ટિમાં ફરક પડી ગયો છે, માબાપ માટે ગાંઠ બંધાઈ ગઈ છે, તેથી એમને દુશ્મન સમજે છે.

આવું શેઠ-નોકર વચ્ચે ય બની જાય છે. બંનેમાંથી એકને ગાંઠ બંધાઈ ગયા પછી બીજાના ગમે તેવા સારા વાણી-વર્તાવ ઊંધા પડે છે ! એવું ભાઈ-ભાઈમાં કે સગાં-સંબંધીમાં પણ બની જાય છે તેમ, જ્યાં ગુરુ-શિષ્યની વચ્ચે પણ જો આવી આંટ પડી જાય છે તો પછી ગમે તેટલું સામાનું સીધું પણ અવળું પડે છે. ગાંઠ કેટલી ખતરનાક છે !

**ગાંઠ બંધાયા પછીની બેપરવાઈ :-**

જુઓ શાસ્ત્રોમાં નિન્હવોની વાત આવે છે. એક ગાંઠ બંધાઈ ગઈ પછી કોઈનું સાંભળવાની વાત નહિ ! સર્વજ્ઞની કિંમત નહિ ! જમાલીએ વડેરા ગણધર શ્રી ગૌતમસ્વામીજી મહારાજનું ય ન સાંભળ્યું. 'બસ મને દેખાય છે કે કાર્ય પૂરું થયા પછી જ થયું છે, તો તે પહેલાં થયું કેવી રીતે કહેવાય ? ગાંઠ બંધાઈ ગઈ છે હવે સામે ગમે તેટલી દલીલો લાવો, દા.ત. કોટનો માત્ર છેડો સળગવા માંડ્યો ત્યાં કોટ સળગ્યો કેમ કહેવાય છે ? માણસ મુંબઈ જવા નીકળ્યો ત્યાં 'મુંબઈ ગયો' કેમ કહેવાય છે ?' આમ ગમે તેટલી યુક્તિઓ દાખલા લાવો કે ભગવાનનું વચન આડે લાવો, પણ એની કોઈ પરવા નહિ ? કેમ કે પેલી ગાંઠ બંધાઈ ગઈ છે. અમુક પ્રકારની માન્યતાની પકડ પકડાઈ ગયા પછી તો પૂર્વાચાર્યોની ચાલી આવતી પ્રણાલિકા, જૈનશાસનનો અનેકવિધ શાસ્ત્રોમાં દેખાતો ઝોક, તેમજ વર્તમાનમાં અનેક વિદ્વાન આચાર્યાદિ મુનિવરોની શાસનબદ્ધ પ્રવૃત્તિ,-આ કશું જોવાની વાત નહિ, ઊલટું પોતાની પકડનું સમર્થન કરવા માટે શાસ્ત્રમાંથી જ ખેંચી-તાણીને કાંઈ ઊભું થાય છે કે ? એ જ જોવાની વાત. જૈનશાસનમાંથી જ કુપંથો શી રીતે નીકળ્યા ? આમ જ, મનમાં એક ખોટી ગાંઠ બંધાઈ ગઈ, ખોટી પકડ પકડાઈ ગઈ, બસ પછી ચાલ્યું તોફાન !

**ગાંઠની સામે શું કરવું ?**

આ બધા પરથી ધડો લેવાનો એ છે કે શું શાસ્ત્રની વાતમાં, કે શું બહારની વાતમાં, પરંતુ કોઈ ખોટી ગાંઠ ન બંધાઈ જાય, ઊંધી પકડ ન પકડાઈ જાય, એ ખાસ ધ્યાન રાખવાનું. ઉપકારી અને પૂજ્ય માતાપિતા, વિદ્યા આપનાર તથા ધર્મગુરુ સામે કોઈ જ ખોટી ગાંઠ ન બંધાવી જોઈએ. આપણને કદાચ એ ટોણો માર



માર કરે, તો પણ ત્યાં આપણી કમનસીબી ગણવી, પરંતુ 'એ તો પક્ષપાતી છે, અભિમાની છે, દ્વેષીલા છે,'...આવી આવી કોઈ ગાંઠ ન બાંધવી, નહિતર કૃતજ્ઞતાના બદલામાં ભયંકર કૃતઘ્નતા કરવાનું મન થશે, એમ શાસ્ત્ર માર્ગ તે શાસ્ત્રમાર્ગ, આપણી કલ્પના ન ચાલે. કલ્પનાની કોઈ પકડ કરી ન બેસી જવાય. દાખલા તરીકે કોઈ અવિધિ કરતા હોઈએ, પરંતુ એ જાણમાં આવતાં એ અવિધિ છે એનો પાકો ખ્યાલ અને બળતરા જોઈએ; કદી એને વિધિમાં ખપાવવાની વાત નહિ, એવાં એનાં સમર્થન નહિ, એ માટે શાસ્ત્રની વસ્તુને ભળતી રીતે બેસાડવાની કોઈ બુદ્ધિ કે પ્રયત્ન ન જોઈએ.

દેગુશા હીનભાગી છે. બિચારાને ગાંઠ બંધાઈ છે કે 'આ ધનાશા ઉડાઉ છે દેવાળું કાઢશે.' એટલે ધનાશાનું સારું પણ એને ઊંધું પડે છે. પેલા પરદેશી આંખ મીંચીને રૂપિયા પચીસ હજાર પરાણે મનાવી સોંપી દે છે. છતાં આને પોતાની પાંચ હજાર રૂપૈડીની ચિંતા મટતી નથી. પાછું જુઓ આગળ હજી કેવો પોતાની અવળી કલ્પનામાં કુટાય છે !

**રાતના ચમત્કાર :-**

બન્યું એવું કે રાત્રિના પોતે ધનાશાના ખંડમાં જ સૂતો છે. 'કેમ માગું ? ન માગી લઉં તો શું થાય ? એની ચિંતામાં એને ઊંઘ નથી આવતી. માણસ જેવા માણસને પણ જડ માટીની માયા કેવો નચાવે છે ! મધ્યરાત્રિના એ જુએ છે તો અચાનક કોઈ બાઈ ધીમે પગલે આવે છે; આવીને ધનાશાના પલંગ પરના ઓછડનો છેડો મસળી એના માથે હાથ ફેરવીને પાછી જાય છે; ત્યાં આ દેગુશાને ચટપટી થઈ કે 'હાય ! આ પરાઈ જેવી સ્ત્રી કોણ ? શું ત્યારે આ દુરાચારી પણ છે ? લાવ હવે આનો તાગ મેળવવા દે !'

એમ કહીને એ સફાળો ઊઠ્યો અને જતી એ બાઈનો પાલવ પકડ્યો.

પૂછે છે 'કોણ છે તું ?'

આ કહે છે, 'તારે શું કામ છે ! મૂક મારો પલ્લો.'

આનો વહેમ મજબૂત થયો, એટલે આગ્રહે ચઢ્યો. કપડો મજબૂત પકડી રાખી કહે છે. 'શું કામ પૂછે છે ? આ તારા ને ધનાશાના નાટક તો નજરે જોઉં છું ! બોલ કોણ છે ?'

બાઈ કહે, 'છોડ પલ્લો છોડ. સાર નહિ કાઢે.'

'અરે ! સાર તો મેં કાઢી લીધો છે, એટલે તો ચેતી ગયો છું, તું બોલને કોણ છે ? નહિ બોલે ત્યાં સુધી નહિ છોડું.'

'બોલાવવું છે ?'

'હા, હા, હા.'

**લક્ષ્મીદેવીનો ધડાકો :-**

'જો ત્યારે હું લક્ષ્મીદેવી છું. આ મારો લાડીલો દીકરો છે, કેમ કે એ મને તિજોરી-તાંબાની કેદમાં ન પૂરી રાખતાં દેવાધિદેવ, સદ્‌ગુરુ, ધર્મીબંધુ અને દીનદુઃખી વગેરે કેટલાંય તીર્થોની યાત્રા કરાવે છે. આજે અહીં એના ઓછાડનો છેડો ઊડીને જરા ધૂપિયાના અગ્નિને અડવાથી સળગ્યો, તે બૂઝવવા આવી હતી, બૂઝવીને મારા લાલના માથે આશિષનો હાથ ફેરવીને હવે જોઉં છું. પણ તું કુટિલ ! આવા નરરત્ન માટે ખોટી ખોટી કલ્પનાઓ કરે છે ? તો લે કહું છું તને કે તારા નવ અંગે ડામ ન દેવરાવું તો મારું નામ લક્ષ્મી નહિ.'

આ વળી ગજબનો ચમત્કાર જોતાં દેગુશાનાં ગાત્ર ઢીલાં પડી ગયાં ! હવે તો શ્રીદેવીની ક્ષમા માગી મહેરબાની યાચી લેવાનાં ગલગલિયાં થઈ ગયાં, પરંતુ ઢીલા પડેલા હાથમાંથી પાલવનો છેડો ખેંચી લઈ લક્ષ્મી પલાયન થઈ ગઈ. દેગુશા આંખો ફાડી ઊભો રહી ગયો !

**લક્ષ્મી કોને દાદ દે ? :-**

મનમાં પસ્તાવો કરે છે, 'હાય ! હાથમાં આવેલી લક્ષ્મી ગઈ ! એ જો રીઝી હોત તો હું કેવો ન્યાલ થઈ જાત !' રાંકડાને ખબર નથી કે લક્ષ્મીદેવી શું એમ ને એમ રીઝી જાય છે ? સુંદર દાન, પરોપકાર અને પાત્ર ભક્તિની તપસ્યા કરી હોય ત્યારે એ રીઝે છે. એ કશું કરવું નથી, ને વલખાં મારવાં છે, આડા અવળા ધંધા કરવા છે, પાઈ પાઈના હિસાબ રાખવા છે, તે એમ ધન વધી જશે ? મૂર્ખા થતા નહિ, એવું બનતું હોય તો એમ કરનારા તો દુનિયામાં ઘણા છે, કેમ એ ન્યાલ ન થઈ જાય ? કાં પૂરવનું પહોંચતું હોય, અથવા અહીંનું જોરદાર દાન-પરોપકાર-પાત્રભક્તિનું જીવન બનાવ્યું હોય, તો જ લક્ષ્મી દાદ દે છે. એ સિવાયનાં વલખાં તો સનેપાતના ચાળા છે.

દેગુશા ઓરતો કરે છે, 'હા ! લક્ષ્મી જો રીઝી હોત તો ? આ મેં ત્યારે મૂર્ખાઈ કરી. સામે આવીને ઊભી હતી, ને એના પગે પડવાનું રહી ગયું !' હવે મન વાળે છે 'ખેર ! પણ આ મારા પાંચ હજાર હવે તો લઈ બરાબર સાચવી રાખું.'

કેટલી મૂર્ખાઈ છે ! લક્ષ્મી જેમ ભેગી થવાની, એમ સાચવવાની પણ જાણે પોતાની હોશિયારીના આધારે છે, એમ સમજે છે !

રાત્રિ વીતી ગઈ, સવાર પડી, ઊઠ્યો અને મન કાઠું કરીને ધનાશાને કહે છે,

'શેઠ ! હવે રજા આપો, હું જઈશ !



'અરે હોય ? હજી તો એક દહાડો પણ પૂરો રહ્યા નથી, તે એમ કાંઈ જવાય ?'

'ના શેઠ, ઘરે છોકરા રહ્યા, ધંધો-ધાપો રહ્યો, બસ હવે જવું પડશે શેઠ !'

ધનાશા કહે છે, 'એમ ? તો ભલે, આજ તો રહો, સાંજના જજો, અને મારા લાયક કાંઈ કામકાજ તો કહો.'

હવે દેગુશાને હિંમત આવી, કહે છે, 'શેઠ કામકાજ તો આપ બહુ કરો છો, આ જરા પેલા મારા પાંચ હજાર રૂપિયાની જરૂર છે.'

'ઓહો એમાં શું બતાવ્યું ? એ તો તમારા જ છે, ને હું હમણાં જ અપાવી દઉં છું, પરંતુ મને તો કાંઈ કાર્ય બતાવો.'

'બસ શેઠ ! વળી અવસરે તો આપ બેઠા જ છો ને ?' વાણિયો ઊભું રાખે છે.

ધનાશાએ તરત માણસને બોલાવી દેગુશાને રૂપિયા અપાવી દીધા. દેગુશા દિવસના ત્યાં રહ્યો અને સાંજના ઘર તરફ જવા નીકળ્યો.

'હાય પૈસા !' કરનારો છે તેથી મનમાં શંકા પડે છે કે કદાચ રસ્તે જતાં રાત પડી ગઈ તો ? અગર જંગલમાં એકલો અટૂલો થઈ ગયો ને કોઈ ચોર ડાકુ આવી ચઢ્યા તો ? કલ્પનાથી પગ લડબડે છે ! 'અહીંથી આવશે કે તહીંથી આવશે ?' એ શંકામાં હાંફળો-ફાંફળો ચાલે છે. એમાં ક્યાંક પવનથી પાંદડામાં ફફડાટ થાય છે તો તે સાંભળતાં જાણે એમ લાગે છે કે 'એ...આ કોઈ આવ્યો !' મનને થાય છે કે 'આના કરતાં ન લાવ્યો હોત તો શું ખોટું હતું ? હાય ! મેં ક્યાં મૂર્ખાઈ કરી નાખી ? 'નથી ને કદાચ લૂંટાયો તો ?' આ કલ્પના પર ધ્રૂજી ઊઠે છે ! શરીરે પાણી-પાણી છૂટી જાય છે !

**લક્ષ્મીની બીજી બાજું :-**

છે ઠેકાણું ? કઈ દશા છે પૈસાની પાછળ ? પૈસા કેટકેટલી શંકા, આકુળતા વ્યાકુળતા, ભય અને ધ્રુજારી પેદા કરે છે ! તમે તો પૈસાની એક સાઈડ, એક બાજુ જુઓ છો કે 'પૈસા વિના ક્યાં કામ ચાલે છે ?' પણ બીજી આ બાજુ જુઓ છો ખરા ? છોકરા કે નોકર મિજાજી હોય પછી ભલે કામ આપતા હોય એટલે એ હૂંફ રહે કે 'આ છે તો કામ ચાલે છે,' પરંતુ પાછું એમ પણ મનમાં આવે ને કે મિજાજી ભારે ચારની વચમાં મારું અપમાન કરી નાખતાં એને શરમ છે ? ભય, અરુચિ, વિહ્‌વળતા થાય જ છે. એના વિના ચાલે તો સારું એમ પણ થાય છે. બસ એ રીતે આ પૈસાની બીજી બાજુ મનમાં રહેવી જોઈએ, નજર સામે તરવરતી રહે, એમ થાય કે 'આ લક્ષ્મી કેટલી લોથ માંડે છે ! કેટલી વિહ્‌વળતા કરાવે છે ! બે

મિનિટની નવકારવાળી પણ સીધી ન ગણવા દે ! લક્ષ્મી અવસરે અવસરે ચિત્તની સ્વસ્થતા-સમાધિ, સત્ત્વ, ધૈર્ય, વગેરે કેટલુંય આત્મધન ગુમાવરાવે છે ! દાન, પરોપકાર અને પાત્રભક્તિ છતી શક્તિએ અને છતા ઉત્તમ સંયોગે પણ જતા કરાવે છે ! આ લક્ષ્મી તે કેવી ?'

**અર્થની મોંકાણ :-** આમ જો પૈસાની બીજી બાજુ જોતા રહેવાય, તો એના પર આંતરિક એક પ્રકારની અરુચિ, નફરત ઊભી થાય, વૈરાગ્ય જાગે, પછી એવા પૈસા ખાતર જૂઠ-ડફાણ ને અન્યાય-અનીતિ, તથા આંધળી તૃષ્ણા-મમતા ને રાગ કરવાનું ઓછું કરાય. મનને એમ થાય કે 'આ પાપો કોની ખાતર કરું ? મારાં સત્ત્વ-સમાધિ-ધૈર્ય-ધર્મબુદ્ધિ વગેરે આત્મધનને લૂંટનારી લક્ષ્મી ખાતર ? ગોઝારા પૈસા માટે ? ના, એવાની ખાતર મરવાની મારે જરૂર નથી.' પૈસાને, અર્થને બરાબર ઓળખી રાખ્યા પછી પિશાચી અર્થચિંતામાં દોડ્યા જવાની શી જરૂર ? અર્થની મોંકાણ એવી છે કે સગા-સગામાં વૈર-વિરોધ કરાવે છે, ઈર્ષ્યા-અસૂયા કરાવે છે ! પૈસા કમાવવા-સાચવવાની લાયમાં દયા-કરુણા ભુલાય છે, સહાનુભૂતિ ગુમાવાય છે, ક્લેશ-કંકાસ કરાય છે, ક્ષુદ્ર-તુચ્છ વિચાર-વાણી-વર્તાવ આચરાય છે,...કેટકેટલું ?

**તરંગ ફર્યા :-** વાણિયો દેગુશા ગભરાટમાં ચાલી રહ્યો છે. મનને એમ થાય છે કે 'ત્યારે જો આમ લૂંટાઈ જાઉં, તો તો પછી મારે કે છોકરાને ભોગવવાનું શું રહ્યું ? પેટે પાટા બાંધીને ભેગું કરવામાં જિંદગી ગઈ. ન સુખે ખાધું કે ન સુખે પીધું. એના કરતાં તો હવે જો ખેમ ને કુશળ ઘેર પહોંચી જાઉં તો તો નિરાંતે મોજથી મજા ઉડાવું. હું ય ઠરું ને છોકરાય ઠરે !

તરંગ બદલાયા, એમ કરતાં ઘેર પહોંચી ગયો; ધરપત વળી ! છોકરાને હર્ષઘેલો થઈ કહે છે,

**બાપના ઉદાર બોલ :-** 'જુઓ આ પૈસા લઈ આવ્યો છું. બસ હવે કંજૂસાઈથી રહેવું નથી. કંસાર કરાવો, શીરો કરાવો, મોજથી જમીએ. દરજી બોલાવો, નવાં નવાં કપડા સિવડાવી પહેરીએ. જુઓ આ ગાદલાનો જૂનો લબાચો કાઢી નાંખો, નવાં ગાદલાં ભરાવો...'

**બાપ ગાંડામાં ખપે છે :-** બાપનું ચાલ્યું લેક્ચર ! છોકરા ને વહુઓ વિચાર કરે છે કે આ બાપાને એકદમ શું થઈ ગયું ? પાઈ પાઈનો હિસાબ ગણનારા, બાજરાના રોટલાને બદલે ઘઉંની રોટલી ન કરવા દે, કદાચ કરી તો ધમપછાડા કરે, કપડાને દસ થીંગડાં દેવરાવે, એમને 'આ શું થઈ ગયું ? કંઈક મગજ ખસ્યું લાગે છે,' બાપની વાત સાચી ન માની. જિંદગીભર કૃપણતા કારમી જોઈ છે, એટલે



હવે એકાએક આ બોલ ગાંડપણના લાગે છે, તેથી વાતને ઝીલતા નથી.

બાપ કહે છે, 'અલ્યા ગાંડાઓ ! મારું સાંભળતા નથી ? બસ, હવે તમને બધાને મોજ કરાવું. હવે જુઓ છો શું ? ફેંકી દો પેલાં ભંગાર વાસણ. નવાં વસાવો. હવે એ રોટલા ને ખીચડાના દહાડા ગયા ! બસ હવે તો શીરો-પૂરી ભજિયાં બનાવો...'

તો ય છોકરા એને ગાંડામાં ગણે છે. 'સારું બાપા, સારું બાપા' કહે છે, પરંતુ આગળ કાંઈ નહિ.

પણ બાપને હવે પેલા શેઠની લીલાલહેર યાદ આવે છે, 'લૂંટાયા હોત તો બધું જાત,' એમ થાય છે, તેથી છોકરાનું સાંભળ્યું-ન-સાંભળ્યું જોઈ પાછો લેકચર કરે છે,

'અરે મૂર્ખાઓ ! મારું સાંભળતા નથી ? આ તમારા લાભની વાત તમને ગમતી નથી ? અને મારે ય હવે શું ઠેઠ સુધી આ વગર સારું ખાધે-પીધે મરવાનું ? ત્યારે તમે ન સાંભળો તો પછી શું મારે પાડોશીને ત્યાં જઈ સુખે મોજ કરવી ? ડાહ્યા થાઓ ડાહ્યા, જાઓ શીરો-પૂરી બનાવો, દરજી બોલાવો, પીંજારો લાવો,...'

છોકરાને ચોક્કસ લાગી ગયું કે 'બાપનું મગજ ખસી ગયું છે. ને વળી ક્યાંક પાડોશી-બાડોશીને ત્યાં જઈ પાછો ભવાડો કરશે તો ?' એટલે હવે ચોખ્ખું કહે છે,

'બાપા ! આ શું ગાંડું ગાંડું બોલો છો ? ગાંડપણ રહેવા દ્યો.'

'અલ્યા હું ગાંડો છું ? આ તો તમને મારે શીરા-પૂરી, સારાં કપડાં-ગાંદલાં,...એવી લહેર કરાવવી છે. ગાંડો નથી હું. હવે કહું એમ કરો, નહિતર પછી મારે બીજું ઘર શોધવું પડશે !'

**બાપને ડામ :-**

છોકરા ચોંક્યા કે વળી ક્યાંય ડોસો ભાગશે ! એટલે અંદર અંદર સંતલસ કરી સગડી-તાવેતો મંગાવ્યો. બે ત્રણ જણે બાપને બરાબર પકડી એક જણે તાવેતો ગરમાગરમ તપાવી બાપને ડામ દીધો. લાય ઊઠી, ચામડી પર ચામઠું ઊઠી આવ્યું !

બાપ મનમાં સમસમી જાય છે કે 'આ શું હું કાંઈ ગાંડો નથી, ગાંડો તો પહેલાં હતો કે જ્યારે છતે પૈસે ઠૂંઠવાવાની વાત કરતો હતો.'

રાડ પાડી કહે છે 'અલ્યા હું, ગાંડો નહિ, ગાંડો તો પહેલાં હતો...'

છોકરા સમજે છે કે ઉન્માદ વધારે છે એટલે બીજો ડામ ઠોકે છે !

અહીં લાય ઊઠે છે. બાપ ફરી બરાડે છે 'અલ્યા આ તમને શીરા-પૂરી

ખવરાવવાની વાત કરું છું ને તમે આ શિરપાવ આપો છો ?'

એટલે વળી છોકરા ત્રીજો ડામ લગાવે છે !

બાપ ગર્જે છે, 'હવે છોડો મને જવા દો બીજાને ઘેર. આ તમારા ભાગ્ય નથી, તો હું એકલો લહેર કરીશ.'

છોકરા વળી ગભરાયા, તે હવે બાપ બોલતો બંધ ન થાય ત્યાં સુધી ઉપરાપર ડામ ઠોકતા ગયા !

**એક બીજાની ગેરસમજણમાં કુટામણ :-**

જુઓ મુસીબત ! એક બીજાની ગેરસમજણમાં કેવુંક આંધળે-બહેરું કુટાય છે ! બાપ જાણે કે હું છોકરાને લહેર કરાવું, ને છોકરા જાણે કે બાપાનું ગાંડપણ મુકાવીએ ! 'કોઈ દિ' નહિ ને આ એકાએક શું ?' એક બીજાને સમજી શકતા નથી ને જીદે ચઢ્યા છે ! સગા બાપાને ઉપરાપર ડામ દે છે !

દુનિયામાં આવું અસમંજસ કેટલુંય ચાલે છે ! ઘર-ઘરમાં જુઓ તો દેખાય કે કેટલાય ક્લેશ-કંકાસ તો એક બીજાને નહિ સમજવાથી ચાલે છે. માતાને મન 'છોકરાનું હિત થાય માટે શિખામણ દઉં' ત્યારે છોકરો એને દ્વેષના બોલ સમજે છે, અને પોતે ગમે તેવા ઉકળાટ કાઢે છે. એથી મા એને સાવ બગડી ગયો સમજી કાં તો વધારે તપે છે, અગર તદ્દન કહેવાનું બંધ કરે છે, ને રિસામણાં લે છે. ખરી રીતે બંનેની ગેરસમજણ છે. ખરેખર કોઈ કોઈનું દુશ્મન નથી, દ્વેષીલું નથી, છોકરો કાંઈ સાવ બગડી ગયો નથી, માત્ર મર્યાદિત અને ઠંડકના બોલની અપેક્ષા રાખે છે. પણ મા ઉતાવળે બોલી નાખે છે, વારં વારં બોલે છે, તેથી એને છોકરો દ્વેષીલી સમજે છે. બંનેની ગેરસમજમાં બંનેનું બગડે છે.

આમ, બાપ ને દીકરો, સાસુ ને વહુ, શેઠ ને નોકર, મિત્ર-મિત્ર, ભાઈ-ભાઈ, ગુરુ ને શિષ્ય, એક બીજાને જો સમજવા તૈયાર નથી, ને માત્ર મનમાની કલ્પનાએ ચાલવું છે, તો ઠેઠ જિંદગીભરનાં પણ અંટસ પડી જાય છે.

**અને એ અંટસનું પરિણામ ?**

એક બીજા પ્રત્યે અનુચિત વર્તન, ન છાજતા બોલ, દિલમાં દ્વેષ, બહારનાની આગળ ખોટી નિંદા, અકડાઈ અતડાઈમાં વધારો, કૃતજ્ઞતાનો નાશ, આવા કેટલાય અનર્થ એ અંટસની પાછળ સર્જાય છે !

તમારે ક્યાં આ બધો વિચાર કરવો છે ? એ ન કરાય ત્યાં સુધી એવા અનર્થના ભોગ બનતાં ક્યાંથી અટકાય ? તપાસો જીવનમાં, જેની જેની સાથે સંબંધમાં આવ્યા છો તેની તેની સાથે અંટસ, વિરોધ, દ્વેષ, અણછાજતા વિચાર વાણી-વર્તાવ થયા છે કે નહિ ? આજેય હજી ચાલુ છે ને ? નિંદા કોની ? કૃતજ્ઞતા



બરાબર સચવાય છે ખરી ? ત્યારે શું એમ સમજો છો કે આ બધું નિઃસંકોચ ચલાવ્યે રખાય, ને ધર્મ સગો થાય ? સમકિત આવી જાય ?

આવા વીતરાગદેવ ઉપરની શ્રદ્ધા આત્માનો કોઈ પલટો નથી માગતી ? અનાદિથી ચાલ્યા આવતા એવા ઉગ્ર રાગ-દ્વેષ-અહંકારમાં કાંઈ ઓછપ કરવાની જરૂર નથી ?

**સમકિત માટે ઈન્દ્રિયો અને મનનાં આંધળિયાં મૂકો :-**

સમકિત જોઈતું હોય, ધર્મની હૃદય સાથે સગાઈ કરવી હોય તો અનાદિની ચાલી આવતી મૂઢતા, મૂઢ પ્રવૃત્તિ પર અંકુશ મૂકો, એનાથી હવે પાછા વળો. વિચારક બનો. વિષય અને કષાયમાં વાતભેગી ઇંદ્રિયો અને મનને કૂદાવ્યા તે નહિ ચાલે. આંધળિયાં અટકાવવાં પડશે. વિચારવું પડશે કે 'આ હું જે કાંઈ કરી રહ્યો છું તેમાં એકલા મોહના જ ભાવોને ખેલવાનું મળે છે ? કે મારા પ્રભુના વચનના ભાવને પણ થોડી ય જગા મળે છે ?'

**સમકિત માટે બોલ-ચાલમાં જિનવચનના ભાવને જગા આપવી પડશે.**

નોકર ભૂલભાલ કરી નાખે તો શેઠ દબડાવે છે ખરો, પરંતુ જો એમ સમજે છે કે આ નોકરને નોકરીની બહુ પરવા નથી ને આપણે હમણાં એને કાઢવાનો મોખ નથી, તો દબડાવતી વખતે પણ આ વસ્તુનો ખ્યાલ રહે છે, એટલે સાચવી-સાચવીને ગુસ્સો દેખાડે છે. આ શું કર્યું ? બેવડો ભાવ રાખ્યો એવી રીતે અહીં અનાદિના સંસ્કારવશ મોહના ભાવ આવી જતા હોય પણ ત્યાં સાથે જિનવચનના ભાવ જીવતા-જાગતા રાખવાના છે. બહારથી વિષય-કષાય સેવાઈ જતા હોય, પણ અંદરખાને એ ડર રહે કે 'આ વિષય-કષાયની હોળીમાં મારા આત્માનું શું થશે ! એમ સામાને કેટલી હાનિ થાય ? આ લપ ક્યાં સુધી...?' અવરનવર એ યાદ કરાય કે 'પ્રભુએ શું શું કર્યું ? મોટમોટા ચક્રવર્તી-શેઠ શાહુકારોએ કેવાં કેવાં જીવન જીવ્યાં ? આ માનવભવમાં જ મળી શકે એવી કઈ કઈ ઉત્તમ તક મને મળી છે ?...' વારં-વારં જો આ વિચાર આવે તો પછી અવસરે એકલા મોહના ભાવ મનને રમાડી ન જાય, એકલા એના તાગડધિન્ના ન ચાલે, જિનવચનના ભાવ સાથે ઝળક્યા કરે. જિનવચનના ભાવ પેલાને અંકુશમાં રાખે.

**જિનવચનના ભાવમાં શું આવે ?**

જિન અને જિનવચન પર અથાગ પ્રીતિ, પ્રધાનપણે પરલોક દૃષ્ટિ, હૃદયની કોમળતા, પાપનો તીવ્ર ભય, સંસાર પર ઉદ્વેગ, ઔચિત્યનો ખ્યાલ, વિષય-કષાયની ભયંકરતાની અને સંસાર સુખની પોકળતાની સમજ,

ચારિત્રમાં જ એક માત્ર કલ્યાણની બુદ્ધિ,

સર્વ જીવોને અભયદાનના જીવનનું ધ્યેય,...આ બધા જિનવચનના ભાવ છે.

મોહના ભાવ એટલે રાગ-દ્વેષ, તૃષ્ણા-મમતા, ગર્વ-ગુસ્સો, વગેરે વગેરે. એ એકદમ રોકાયા ન રોકાય છતાં સાથે જિનવચનના ભાવ જાગતા રહે તો ધર્મની કંઈક સગાઈ રાખ્યાનો, સમ્યક્ત્વ જીવંત હોવાનો વિશ્વાસ રાખી શકીએ, અને એ જો નહિ તો ઠગાવાનું થાય. ત્યારે આટલા ઊંચે આવ્યા પછી ઠગાઈએ ?

**"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૧૦,અંક-૩૨,તા.૧૨-૫-૧૯૬૨**

**બીજાને સમજવા શું કરવું ?**

વાત આપણી બીજાને સમજવાની ચાલતી હતી. આપણને લાગે તે માની લેવાની ઉતાવળ ન કરતાં સામાનો ભાવ સમજવો. એ કઈ પરિસ્થિતિમાં છે ? એણે કયા સંયોગમાં શું કર્યું ? એને ને મારે શો સંબંધ છે ? આ બધો વિચાર કરવાની જરૂર છે. ક્ષણભર આપણે એના સ્થાનમાં ગોઠવાઈ જવાનું; અને પછી 'એણે ભૂલ કરી એ આપણે કરીએ કે નહિ, તેમજ કરીએ તો એ સ્થિતિમાં આપણે બીજા તરફથી શી અપેક્ષા રાખીએ ? આ વિચાર કરવાનો એમાં આપણને પૂરી સૂઝ ન પડતી હોય તો શાંતિથી સામાને ખુલાસો પૂછવાનો જેથી સામાને બરાબર સમજી શકીએ.

અહીં નથી છોકરા બાપને સમજતા કે નથી બાપ છોકરાને સમજતો; એટલે છોકરા સગા બાપને ખોટા ડામ દે છે, અને છતાં બાપ પોતાની ઉદારતા ગાયે જાય છે !

એમ કરતાં-કરતાં બાપે નવ ડામ ખાધા ! લક્ષ્મીદેવીએ શ્રાપ આપ્યો છે ને ? 'નવ અંગે ડામ ન દેવરાવું તો હું લક્ષ્મી નહિ. હવે બાપ છોકરાને સમજે છે. વિચારે છે કે આ છોકરા મને ગાંડો સમજે એમાં નવાઈ નથી. હું કૃપણ રોટલા ઉપર પણ ઘી ચોપડવાની મનાઈ કરનારો, તે હવે એકદમ ઘીના લચપચ શીરાની વાત કરું તે ડહાપણની વાત કેમ મનાય ? બસ, હવે જીદ મૂકું, નહિતર વળી બીજા ડામ ખાવા પડશે !

એટલે તરત બાપે ફેરવી તોળ્યું, કહે છે, 'હા, હા, આ મને શું ગાંડપણ થયું ? આપણે વળી શીરા-પૂરી કેવા ? દરજી શેના ને ગાદલાં શાનાં ? બસ, જુઓ આ રૂપિયા લાવ્યો તો છું, પરંતુ હવે તમને સોંપું છું. તમને ઠીક લાગે તો એ શેઠને ત્યાં મૂકી આવો, યા બીજો રસ્તો લેવો હોય તે લો, પરંતુ જુઓ આપણી



કરકસરમાં ફેર ન પડે હોં, લાવો મારું પેલું થીંગડિયું જૂનું પંચિયું, આ આ બહાર જવાનું ધોતિયું બદલી નાખવા દો.'

બસ હવે છોકરાએ જોયું કે ડોસા ઠેકાણે આવી ગયા. છોડી દઈ પૂછે છે.

'બાપા આ તમને શું થઈ ગયું હતું. ?'

'અરે ભાઈ ! ગાંડપણ કોણ જાણે રસ્તામાં આવતાં એક ઝાડ નીચે જરા પેશાબ કરવા બેઠો ને પછી મગજ ફર્યું !'

ઠોક ડિંગ ! છોકરાને ખાતરી કરાવવી છે કે હવે ગાંડપણ નથી એટલે ફરી ક્યાંક કનડે નહિ ! જીવને પોતાને પીડા કેટલી બધી અકારી લાગે છે કે એ ન આવે એ માટે જૂઠ બોલવા પણ તૈયાર રહે છે. માત્ર જાતને દુઃખ નથી જોઈતું; બાકી પોતાની પ્રવૃત્તિથી બીજાને પીડા થશે એ જોવા તૈયાર નથી. કેવી દુર્દશા ? બીજાને ઠાર્યા વિના ઠરવું છે ! બીજાને બાળીને જાતે ઠંડક જોઈએ છે ! મળે ? આંબો વાવ્યા વિના આંબો ઊગે ? બાવળિયો વાવીને શું કેરીઓ મળે ? ના, માટે ગોખતા રહો કે 'બીજાને ઠારીશું તો જ જાતે ઠરશું. કદી બીજાને દુઃખી કરીને આપણે સુખી નહિ થઈ શકીએ.'

**અર્થચિંતામાં પાગલતા :-** અર્થચિંતામાં દેગુશાની કેવી દુર્દશા થઈ તે જોયું. આ તો કાંઈ નથી, દુનિયામાં આથી પણ કેટલીય ભયંકર દુર્દશા અર્થચિંતાથી થવાના દાખલા બન્યા છે, અને વર્તમાનમાં બનતા નજરે દેખાય છે, તેમ સાંભળવા મળે છે. અર્થચિંતાની લતને લીધે જીવ પાગલ જેવો બની જાય છે, દારુડિયા સમાન થઈ જાય છે. એને પછી બીજો વિચાર નથી રહેતો કે પોતાની કુલવટ કઈ, ઘરમાં કે સમાજમાં સ્થાન કયું, કુટુંબી જનોનાં નાજુક હૃદય શું માગે છે, પોતાને ધર્મની કેવી અદ્‌ભુત તક મળી છે, આવો આવો કોઈ વિચાર જ કરવાની વાત નહિ. દારુડિયાને દારુની લત, એમ આને રાતદિવસ પૈસાની લત ! સારી સારી સામગ્રીની લત ! નાનું મોટું સંઘરવાની જ એક લગની ?

**અર્થચિંતામાં ભારે અસ્વસ્થતા :-** ત્યારે એથી જાતે પણ કેટલો દુઃખી થાય છે ! પૈસાનાં મોહ પર જાતને બહુ સુખી માને એ જુદી વાત, પરંતુ ખરેખર તો એના દિલને લાવવા-સાચવવા-ઓછું ખરચવાના સંતાપ, કાળી લેશ્યાઓ, કષાયના ઉકળાટ, અજંપો, શંકા-ડાકણ, ભય વગેરે કોરી ખાય છે, અસ્વસ્થ-અસ્વસ્થ રાખ્યા કરે છે.

**અર્થચિંતામાં પાપો :-** ત્યારે પાપોય એ કેવા આચરે છે ! અર્થચિંતાના ભૂત પાછળ ફાવે તેવા નાની મોટી હિંસાના ધંધા, કેઈ જૂઠ-ડફાણ, ચોરી-અનીતિ-અપ્રામાણિક્તા, ખોટાં માપ, ખોટાં કાગળિયાં, ખોટા ચોપડા, કેવા કેવા રગડા-

ઝગડા, કોરટ-કચેરી, જીવનભરના વૈર-વિરોધ...આવાં આવાં કેટલાંય પાપ આચર્યે જવામાં એને સંકોચ નથી. ભાન નથી કે પૈસા કે ચીજ વસ્તુ તો એક દિ' નક્કી મુકાઈ જવાની છે, પણ પાપનાં દારુણ પરિણામ દુર્ગતિઓમાં સહન કર્યા નહિ જાય ! તુચ્છ પૈસા ખાતર એક વૈર પણ જો ઊભું કર્યું ને, તો એના પર ભવોભવનાં ક્લેશ-કષ્ટ વગેરે પારાવાર ચાલશે ! ત્યારે બીજા પાપનાં સંમિલન થયા પછી તો કારમા દુઃખનું પૂછવાનું જ શું ?

અર્થચિંતા ખતરનાક છે, જીવનને બરબાદ કરનારી છે, અને ઉત્તમ આત્મહિતની તકોને નિષ્ફળ બનાવનારી છે. નસીબનો અધૂરો રસ્તે ચાલ્યો જતો હતો, કોઈ દેવે વચમાં હીરાનો હાર નાખ્યો, ત્યારે આને વિચાર આવ્યો કે 'જોઉં આંધળા કેવી રીતે ચાલતા હશે !' તે આંખ મીંચીને ચાલ્યો, રસ્તે આડો ફાટ્યો ને હાર વાળી જગા વટાવી ગયો !

**તરંગોની નિષ્ફળતા :-**

આ શું સૂચવે છે ? ચિંતા ગમે તેટલી કરો, પણ મળવાનું નસીબ પ્રમાણે જ રહેવાનું. નસીબ નથી ત્યાં જ્યાંથી બીજા કમાઈ જતા હશે ત્યાંથી જ હાથ ઘસતા પાછા આવવું પડશે. એમ વિષયચિંતા પણ માથે પડે એવી છે. મનમાં એના ગમે તેટલા તરંગો અને રાગદ્વેષ કરો પરંતુ ભાગ્યાનુસાર જ ભોગવવાનું રહેશે. લાખો કમાઈ લાવી મનમાં ઘણુંય ધારી રાખ્યું હોય છે કે 'હવે આમ ભોગવીશ ને તેમ ભોગવીશ, આવી લહેર કરીશ ને તેવી લહેર કરીશ,' પરંતુ મનની મનમાં રહી જાય છે, ને કાં કોક રોગ લાગુ પડી જાય છે, યા સરકારી લફરું જોરદાર ઊઠે છે, અથવા કુટુંબમાં અણધાર્યો ક્લેશ ઊભો થાય છે. કે બહુ વહાલી પત્ની કે પુત્રને કોઈ મહાવ્યાધિ કે મૃત્યુ એવું ઘેરી લે છે કે પછી પોતે ભારે શોકમાં રહી લહેર પલાયન થઈ જાય છે ! દુનિયામાં આવી બીજીય કેટલીય આપદાઓ છે, કે જે ભોગમાં અંતરાય ઊભા કરે છે. **પૂજા**માં બોલો છો કે

**'રોગી પરવશ અન્ન અરુચિ, ઉત્તમ ધાન ન ભાવે.'**

**વિષયચિંતા કરી કરીને શું વળે ?**

અર્થ અને કામ બંનેની ચિંતામાં અનાદિની પુદ્ગલ-પરિણતિ ઊલટી ગાઢ બનતી જાય છે, કષાયો મજબૂત બને છે; પાપકર્મના જંગી ભાર વધે છે.

હોશિયારી એનું નામ કે જ્યાં જ્યાં અર્થ-કામ ચિંતાને અવકાશ હોય ત્યાં ત્યાં આત્મચિંતા ઊભી કરી દેવી; નહિતર અબૂઝગીરીમાં કિંમતી માનવ-સમય વેડફાઈ જશે. વિશેષ મૂર્ખાઈ તો એ થશે કે ધર્મક્રિયા વખતે પણ આત્મચિંતા ભૂલી એ અર્થ-કામની ચિંતાથી હૈયું બગાડાશે.



## ચાર ચિંતા- ૪. પરચિંતા

ચાર ચિંતાની વિચારણા ચાલે છે. ઉત્તમ આત્મચિંતા છે. મધ્યમ કામચિંતા-વિષયચિંતા છે, અધમ અર્થચિંતા છે. હવે ચોથી પરચિંતાની વાત. પરચિંતા અધમાધમ છે.

**પરચિંતા અધમાધમ શા માટે ?**

અધમાધમ કેમ ? એટલા માટે કે એક તો નિસ્બત વિનાની વસ્તુની એ ચિંતા છે. વિષય અને અર્થ સાથે તો સંસારીને નિસ્બત રહે છે, એનું પ્રયોજન રહે છે, પરંતુ પરનું એવું નથી. 'ગામમાં ફલાણા ભાઈ આમ કેમ ચાલે છે ?' આ ચિંતા કરી, ત્યાં પોતાને એ ફલાણા ભાઈ સાથે શું નિસ્બત છે ? એને શું પ્રયોજન છે એનું ? કશું જ નહિ, છતાં એની ચિંતા કરવા જોઈએ છે, એ પર-ચિંતાને અધમાધમ કહેવાય.

પુરુષાર્થ ચાર પ્રકારના કહેવાય છે, ધર્મ, અર્થ, કામ અને મોક્ષ. આના માટે કંઈ પણ મહેનત એને પુરુષાર્થમાં ગણી આમાં અર્થ અને કામ આવ્યા, પરંતુ પરને ગણાય ? ના, કેમ કે એનાથી પ્રયોજન કાંઈ સરતું નથી. છતાં જો એની પાછળ મન-વચનની મહેનત થાય, અર્થાત્ ચિંતા-વિચારણા કે ચોવટ કરાય તો એ નિષ્પ્રયોજન પ્રવૃત્તિ છે, ગાંડાની પ્રવૃત્તિ છે; માનવ જીવનના કિંમતી સમયનો અને પુરુષાર્થ-શક્તિનો નાશ છે, એક મહા-કિંમતી મૂડીની બરબાદી છે. અર્થ-કામમાં ય બરબાદી તો ખરી, પરંતુ ત્યાં તો પુરુષાર્થનું કંઈક પ્રયોજન છે, ત્યારે અહીં તો કોઈ પ્રયોજન નથી. 'ફલાણાએ એના છોકરાની વહુની પહેલી સુવાવડ ઘરે કેમ કરાવી ? એના પિયર કેમ ન મોકલી ?' કહો આ પરચિંતા કરવાનું પોતાને કાંઈ પ્રયોજન છે ? અલ્યા ! કોઈની સુવાવડ સાસરે થઈ કે પિયર થઈ, એ વાતની સુવાવડ તું શું કામ કરે છે ? તારે શું નિસ્બત છે ? તારે એના પર વિચાર કરવાનો અધિકાર જ શો છે ? પરંતુ ના, મન નવરું પડ્યું તે પ્રયોજન વિનાના ભૂંસા કૂટવા જોઈએ છે. એની આદત પડી ગઈ છે, આવું ને આવું કંઈ ને કંઈ બોલવા-વિચારવા ચળ ઊઠે છે, તે આડેઅવળે મોઢું ઘાલવા જોઈએ છે. અમૂલ્ય પુરુષાર્થ શક્તિનો આ નાશ છે.

બોલવા-વિચારવાની શક્તિ એ બહુ કિંમતી પુરુષાર્થ-શક્તિરૂપી મૂડી છે એવું કદી વિચાર્યું છે ? ધનના દલ્લાને મૂડી સમજો છો, મશીનરી વસાવી, માલ ભર્યો એ મૂડી તરીકે બરાબર ખ્યાલમાં રહે છે, પરંતુ પુરુષાર્થશક્તિ એક અદ્ભુત મૂડી હોવાનું ક્યાં ખ્યાલમાં જ છે ? જો એનો ખ્યાલ હોય તો એને જરાય વેડફી નાખવાનું કરાય ? ધંધા માટે મોટર વસાવી એને મૂડી સમજે છે, પછી કહો ધંધાનાં

કાર્ય રખડતાં રાખી એ મોટરને છૈયાં છોકરાં કે સગા-વહાલાને લહેર કરવા માટે મોકલે ખરો ? મશીનરી લાખો રૂપિયા ખર્ચીને વસાવી એને વગર માલે ખાલી ખાલી ફેરવ્યા કરે ? ના, સમજે છે કે 'એમ કાંઈ મૂડી વેડફી નખાય ?' તો પછી અહીં કેમ સમજાતું નથી કે મન-વચન-કાયાની પુરુષાર્થ-શક્તિને નકામી વેડફી ન નખાય ? કહો એ એક મહાન મૂડી હોવાનું લક્ષમાં જ નથી. બસ એ મળી છે માટે 'ગમે ત્યાં ગમે તેમ એને વાપરતા રહેવાની,'-આટલો જ ખ્યાલ છે.

**પુરુષાર્થ-શક્તિ એ મહામૂડી કેમ ?**

વિચાર કરો તો સમજાય એવું છે કે દુનિયાની કરોડોની સંપત્તિ કરતાં ય ઘણી કિંમતી આ પુરુષાર્થ શક્તિની મૂડી છે. આ લોક અને પરલોક ઉભયની દૃષ્ટિએ એ મૂડી છે.

**પુરુષાર્થ શક્તિરૂપી મૂડીનો લૌકિક ઉપયોગ :-**

આ લોકની દૃષ્ટિએ જુઓ તો દેખાય કે કાયિક પુરુષાર્થ શક્તિનો ઉપયોગ જો સારા માણસના વિનય, સેવા વગેરે કરવામાં આવે છે તો એમાંથી લાભ ઊભો થાય છે, કુટુંબની સેવા શુશ્રૂષાથી એનો પ્રેમ, સદ્ભાવ મળે છે. તો પછી ધાર્યું કામ કરાવી શકાય છે. મોટમોટા રાજા, મંત્રી કે શેઠ શાહુકારો આમ જે કાર્ય કરવા તૈયાર નહોતા, તે એમની સેવાકારી પત્નીના કહેવાથી તૈયાર થઈ ગયાના દાખલા બને છે ને ? હોશિયાર માણસો એ રાણી કે શેઠાણી દ્વારા કામ કરાવે છે ને ? કેમ બને છે એ ? પત્નીએ સેવા વિનય વગેરેનો ધંધો કાયિક પુરુષાર્થ શક્તિરૂપી મૂડી દ્વારા ઊભો કર્યો છે માટે.

એવું વચનની પુરુષાર્થ-શક્તિ રૂપી મૂડી અંગે જુઓ કે અમુક પ્રકારના બે બોલ કે ભાષણ ઉપર સામાના આખા હૃદય ફેરવી નખાય છે, અને અશક્ય જેવાં લાગતાં કાર્ય શક્ય બનાવાય છે. વચનની પુરુષાર્થ શક્તિનો ઉપયોગ પ્રિય અને મધુર વાણી-વ્યવહારમાં કરનારા, જુઓ કે એ કેટલી લોકપ્રિયતા, કુટુંબીનો સદ્ભાવ, શેઠનો પ્રેમ જીતે છે ! એના પર કેટલી સુખ શાન્તિ પામે છે ! શું આ પમાડનાર વચન-વ્યાપારની પુરુષાર્થશક્તિ એ મહાન મૂડી ન કહેવાય ?

એવી રીતે માનસિક પુરુષાર્થ શક્તિરૂપી મૂડી અંગે પણ જોશો તો દેખાશે કે એનો ઉપયોગ સ્વસ્થ અને દીર્ઘદૃષ્ટિની વિચારણા કરવામાં કરનાર પણ કેટ-કેટલી આપદામાંથી બચી જાય છે ! અને કેવા મહાન લાભોનો ભાગી બને છે ! રાજાને મંત્રી સ્થાપવો હતો તે પરીક્ષા કરવા પૂછ્યું,

'મને લાત મારે એને મારે શું કરવું ?'

ઉતાવળિયા મહાજન હતા એમણે માનસિક પુરુષાર્થશક્તિનો બરાબર ઉપયોગ



ન કર્યો અને ચટ એકે કહ્યું 'વળી એમાં તે વિચારવાનું હોય ? આપને લાત મારે ? એને તો ફાંસી જ દઈ દેવી, જેથી ફરી બીજો કોઈ એવું સાહસ જ ન કરે.' બીજાએ કહ્યું 'એને બજાર વચ્ચે ઊભો રખાવી સાટકા લગાવવા.' ત્રીજાએ વળી ત્રીજું કહ્યું. રાજાએ એ બધાને નપાસ કર્યા. જ્યારે એક ડાહ્યા માણસે કહ્યું કે 'એને સારાં રમકડાં આપવાં, યા હીરાનો હાર આપવો,' ત્યારે રાજાએ ખુશ થઈ એને દીવાન પદવી આપી. કેમ એમ ? એણે બીજાઓને ખુલાસો કર્યો કે 'મૂર્ખાઓ ! જે મહાન સત્તાધીશ છે, જેની પાસે ચુનંદા અંગરક્ષકો હાજરાહજૂર છે, એને લાત મારવાની હિંમત કોણ કરે ? એટલું તો પહેલાં વિચારો. એ તો માત્ર બાળ રાજપુત્ર રીસમાં લાત મારે, યા રાણી પ્રેમમાં રિસાઈ હોય તે પગેથી સહેજ લાતનો છણકો કરે. તો ત્યાં તો બાળકને રમકડાં અપાય, અને રાણીને હીરાનો હાર અપાય, એને કાંઈ ફાંસી ન દેવાય, કે ચાબખા ન મરાય.'

આ મગજ-શક્તિ વાપરવાની વાત છે. એ મૂડી છે, એનો યોગ્ય ઉપયોગ જોઈએ તો દીવાનની પદવી જેવો લાભ આપે. એ નથી આવડતું એટલે આજે જુઓ કે કુટુંબમાં પણ કેટલા ક્લેશ ચાલે છે.

**મન-વચન-કાયાની પુરુષાર્થ-શક્તિને, પરલોકની દૃષ્ટિએ** વિચાર કરો કે એ કેવું સરસ મૂડીનું કાર્ય બજાવે છે,

કાયા તો હાથીને ય મોટી મળી છે, અને ઊંટને ય મળેલી છે, પરંતુ એની એવી પુરુષાર્થશક્તિ ક્યાં છે ? માનવ જીવનમાં તે છે. સમજપૂર્વકનો થોડો પણ પરોપકાર માનવ દેહથી કરી શકાય છે, એ આપણને મહાપુરુષોનાં ચરિત્રમાંથી જાણવા મળે છે. એમ તો તમે કહેશો કે મેઘકુમારના જીવે પૂર્વે હાથીના અવતારમાં સસલાની દયા કરી હતી ને ? અને એથી મેઘકુમારનો અવતાર મળ્યો હતો ને ? પરંતુ એ વિચારો કે એવા પશુ-પંખીના દાખલા કેટલા મળ્યા કે જે એવા દયા, પરોપકારનાં કાર્ય કરી શક્યા હોય ? વર્તમાનમાં પણ આપણી સામે લાખો કરોડો પશુપંખીની કઈ દશા છે તે સમજી શકીએ છીએ ને ? ત્યાં બિચારાને લગભગ એવી પુરુષાર્થ-શક્તિની મૂડી નથી દેખાતી, ત્યારે મનુષ્યમાં એ દેખાય છે. એનાથી દયા પરોપકાર કરવા માટે વિશાલ ક્ષેત્ર સામે જ છે, અને એ કર્યાના ઉત્તમ ફળમાં ભવાંતરે સુખશાન્તિ, આરોગ્ય તથા નવનવી ધર્મ-પ્રેરણા સ્ફુરણા મળે છે. સુંદર સંસ્કાર-વારસો અને ગુણ-સમૃદ્ધિ મળે છે.

**દમયંતી**ના જીવે પૂર્વ ભવમાં ભરવાડની જાતમાં જન્મ છતાં મુનિની ભક્તિ કરી હતી. તો આગળ વધતાં એ ઠેઠ મહાસતી, અને મહાસમકિતી દમયંતીના જીવન સુધી પહોંચી. પૂર્વ ભવે મુનિને ગુરુ તરીકે ઓળખતીય નહોતી, માત્ર

પરોપકાર કરી લેવો એવી શુભ ભાવના સ્ફુરી હતી, અને દાન દીધું હતું ! એટલા પરોપકારે એને ઊંચે ચઢાવી દીધી !

કાયિક પુરુષાર્થ-શક્તિના સદુપયોગમાં દયા, પરોપકારની જેમ દેવ-ગુરુની ભક્તિ, તપસ્યા, વ્રત-નિયમો, વગેરે એવી સુંદર પ્રવૃત્તિઓ છે કે જેમાંના એકેકના અદ્ભુત ઉત્તમ ફળ પરભવે જોવા મળે છે.

શેઠના નોકરે માત્ર એક **કમળ પ્રભુને ચઢાવ્યું** અને એના આનંદમાં મગ્ન બન્યો તો ત્યાંથી દેવલોક પામી અહીં રાજકુળે મનુષ્ય જન્મ પામ્યો અને જન્મીને તરતની અવસ્થામાં જ પ્રતિજ્ઞા કરનાર બન્યો કે પ્રભુનાં દર્શન વિના કોઈ દિવસે મોંમાં પાણીનું ટીપું પણ ઘાલવું નહિ. 'શ્રાદ્ધવિધિ'માં આ કથા છે.

**ઘરડી મજૂરણ સિંદુવારનું પુષ્પ પ્રભુને** અર્પણ કરવા સમવસરણ પર ચઢી અને ત્યાં દરવાજે જ મૃત્યુ થયું. તો મરીને દેવ થઈ ! એ જ પર્ષદામાં એ દેવતા આવ્યો અને રાજાને મુગ્ધ કરી દીધો કે 'અહો ! આ ડોશીમાંથી દેવ ?' કાયાથી આટલી નાનકડી ભેટ કરવાની પુરુષાર્થ-શક્તિનો સદુપયોગ કર્યો એનો કેટલો પ્રભાવ આંકશો ? આંકડા નહિ માંડી શકો. દેવપણાના વિવિધ સુખના પુણ્યના આંકડા શી રીતે મંડાય ?

**વૈદ** એક વાર બોધ પામ્યો છતાં પાછળથી લાલચમાં પાપના યોગે **વાનર** બનેલ એને મુનિને જોતાં જાતિસ્મરણ થયું, મુનિના પગમાંથી ઊંડો કાંટો કાઢી વનસ્પતિથી ઘા ઠીકઠાક કરી દીધો; સાથે વ્રતો લઈ લીધાં. દેશાવકાશિક વ્રતમાં એક વાર નિશ્ચિત કરેલી મર્યાદાવાળી જગ્યામાં બેસી રહ્યો અને વિકરાળ સિંહના મોંઢામાં ચવાઈ જવા સુધીની પીડા સહન કરી. આ કાયિક પુરુષાર્થ-શક્તિના સદુપયોગમાં મરીને દેવ થયો.

પુરુષાર્થ-શક્તિની મૂડી યોગ્ય રીતે વાપરી, તો કેટલું સુંદર પરિણામ !

**મૂડીના ઊંધા વેતરણે :-**

મૂડી વાપરતાં આવડે તો તો સુખ-સમૃદ્ધિ જોવા મળે, પરંતુ જો એ ન આવડે અને ઊંધા વેતરણ કરાય તો મૂડી તો સાફ તો સાફ, પણ ક્લેશ-વિટંબણાનો પાર નહિ ! સટ્ટા-જુગાર, વેશ્યા, લોફર મિત્રો વગેરેના નાદે ચડેલાની દશા કેવી આવીને ઊભી રહે છે ! એ જોવા મળે છે ને ? વધુ કમાવાના લોભમાં અધમ મનુષ્યની ભાગીદારી સ્વીકારી અને ધંધો શરૂ કર્યા પછી કેવા પસ્તાવા ખડા થાય છે એ એના અનુભવ કરનાર પાસેથી જાણે તો ખબર પડે. એવી પરિસ્થિતિ સર્જાય છે કે મનને એમ થાય કે આના કરતાં જો મારી પાસે મૂડી જ ન હોત તો કેવું સારું કે આ વેપલા અને આ દિવસ જોવાના તો ન આવત ! ઊંધા વેતરણનું આ



ફળ છે. એના બદલે મૂડીનો યોગ્ય ઉપયોગ હોય તો સુખશાંતિ ભોગવનારા બને છે એ પણ જોવા મળે છે.

પુરુષાર્થ-શક્તિની મૂડીમાં પણ આવું છે. જો એને યોગ્ય રાહે વાળો તો પરલોક ઉજ્જ્વળ બને છે. અને દુરુપયોગ કરો તો ખરાબીનો પાર નથી રહેતો. કાયા સશક્ત નીરોગી મળી છે એના દ્વારા જો અમનચમન અને આરંભ-સમારંભ કર્યે ગયા તો પૂર્વ પુણ્યની અહીં ચટણી થઈ જવાની, અને પાપનો જુમલો એકત્રિત કરી અશરણ-નિરાધાર અને ગરીબડી દશામાં દુર્ગતિના પલ્લે પડી જવાનું થાય છે. જગતના મોટા ભાગની સ્થિતિ આવી બને છે. વાસુદેવોની અહીંની જાહોજલાલીની સામે એમના પર મુશળધાર વરસતાં નરકનાં ભયંકર જુલ્મ જુઓ તો આનું તાદશ ચિત્ર નજરે પડે. આવા તો પાર વિનાના દાખલા આ દુનિયા પર બને છે.

**કોણિકે** ધમપછાડા ઘણા કર્યા, કાયા અને પુણ્યાઈનું જોર છે, એની પુરુષાર્થ શક્તિનો ઉપયોગ એણે ચક્રવર્તી બનવાના ચાળામાં કર્યો, અંતે મરીને છઠ્ઠી નરકમાં ખેંચાઈ ગયો.

એથી ઊલટું થોડો પણ સુંદર કાયિક પુરુષાર્થ આત્માના આ ભવચક્રની મંજિલમાં એવાં પરિવર્તન લાવી મૂકે છે કે જેના સ્થૂલ હિસાબ ન માંડી શકાય. એવું જ, વચનની પુરુષાર્થ-શક્તિમાં ચમત્કાર છે. થોડી વાર પણ પરમાત્માનું સ્તોત્ર સ્તવન બોલવા-ગાવાનો પુરુષાર્થ કર્યો તો એના ફળમાં કવિ કહે છે.

**'ગગન તણું જિમ નહિ માનં, તેહથી અનંતગુણ જિનગુણગાનં'** આકાશ અપાર-અનંત છે પણ તેના કરતાં અનંત ગુણો લાભ જિનગુણોની સ્તવનાનો છે. મહા કિંમતી ખર્ચ કરીને પ્રભુની અંગ-અગ્ર પૂજા કરી સંગીત-નૃત્ય કર્યા હવે ભાવ પૂજામાં પરમાત્માના શક્રસ્તવ વગેરે સ્તોત્ર તથા સ્તવન અપૂર્વ ભાવોલ્લાસથી લલકાર્યાં તો પેલા કરતાં અનંતગણું પુણ્ય મળે છે. વચનની પુરુષાર્થ-શક્તિની જે મૂડી મળી હતી તેનો આ મહાન ઉપયોગ છે. મૂડીને લેખે લગાડવાનું થાય છે. આવું કાંઈ નથી તો લાખોનો લાભ આપી શકે એવી એ મૂડી વેડફાઈ જાય છે ! ફનાફાતિયા થઈ જાય છે ! મૂડી વપરાય તો છે જ પરંતુ અયોગ્ય સ્થાનમાં વપરાવાથી કૂચા થાય છે, મહાનુકસાન પણ સર્જે છે.

વિચારો કે પરમાત્માની થોડી પણ સ્તુતિ-પ્રાર્થનાને બદલે શાહુકારની પેટ ભરીને પ્રશંસા ગાઓ, ભાટાઈ કરો, તો એ શું અને કેટલું ફળ દેખાડે ? ત્યારે એમાં તો હજીય કદાચ બે પૈસા રળવાનું ય બને, પરંતુ કદાચ બે કલાક કૂથલી, વિકથા કે ગામગપાટા કર્યા તો એ વાચિક પુરુષાર્થ-શક્તિ શું પરખાવે ? પુણ્ય તો ઘેર ગયું પણ ઊલટું અઢળક પાપનું પોટલું જ બંધાવે કે બીજું કાંઈ ? એ પાપના

પોટલાનો ભાર શે ઊતરવાનો ?

**'કૂથલી વિકથા નિંદા કીની, કરી બાતા છલકી;**

**પાપકી પોટલી સિર પર બાંધી, કિમ હોયે હલકી ?**

**ખબર નહિ આ જગમેં પલકી.**

માનવ ભવની મોંઘેરી પુરુષાર્થ-શક્તિ આમ જ વેડફી નાખવાની ? સ્વાત્માને બંધનકારી બનાવવાની ?

**નણંદે બે ભાઈની પરીક્ષા** માટે ભોજાઈઓ પર આળ ચઢે એવા આશયનાં બે વચન કાઢ્યાં એક 'સાડી સાચવજો' અને બીજું 'હાથ ચોખ્ખા રાખજો' બેનના વિશ્વાસ પર ભાઈ પત્ની પર તપ્યા, એને કાઢી મૂકવા તૈયાર થયા. પછી બેન શાણી થાય છે. આ મૂર્ખાઈ ? નવા માણસને શું શિખામણ ન અપાય તે દોષ માની લીધો ?' આમ વચનની પુરુષાર્થ-શક્તિનો એક ઉપર બીજો ગેરઉપયોગ ભોજાઈને દોષિત અને ભાઈને ઉલ્લુ બનાવવામાં કર્યો, પરિણામ ? પછીના ભવમાં આ **બેનના જીવ પર અસતીપણાનું** અને એ સાધ્વી બન્યા પછી પણ હીરાના **હારની ચોરીનું કલંક ચઢ્યું.** જો કે પછી તો એ પોતાના પૂર્વ પાપકર્મની તથા પાપી સ્વાત્માની નિંદા-જુગુપ્સામાં ચઢી **કેવળજ્ઞાન** પામે છે, પરંતુ જોવાનું એ છે કે આ ભવમાં મોક્ષે જાય ત્યારે પૂર્વ ભવમાં ધર્મના કેવા સુદર વાવેતર કર્યાં હશે ! એટલું છતાં પેલી વાચિક પુરુષાર્થશક્તિનો દુરુપયોગ અને પાછું એ પાપનું પ્રાયશ્ચિત્ત નહિ, એ વસ્તુએ કેવા ભયાનક પરિણામ દેખાડ્યા ! વાચિક પુરુષાર્થ મૂડીની કેવી બરબાદી !!

એથી ઊલટું, બીજાના ગુણાનુવાદ બીજાને ધર્મની સલાહ, ઉપદેશ, પ્રભુપ્રાર્થના, સ્વદોષોની ગુરુ આગળ નિંદાગર્હા, મહાપુરુષોનાં જીવનકથન, શાસ્ત્રસૂત્ર ગોખવા પુનરાવર્તન કે પારાયણ કરવા, વગેરે વગેરેમાં જો વાચિક પુરુષાર્થ-શક્તિની મૂડી ખર્ચી હોય તો આત્માને કેવોક ન્યાલ કરી દે ! આમાંની અકેક ચીજની જબરદસ્ત તાકાત છે, ત્યારે અનેક વસ્તુ ભેગી મળે તો તો પૂછવું જ શું ?

**મહાનિશીથ સૂત્રમાં આવે છે** કે સાધ્વી ગુરુ આગળ પોતાના પાપની આલોચના કરતાં કરતાં અર્થાત્ બાળભાવે ભારે પશ્ચાત્તાપ પૂર્વક કહી બતાવતાં શુભ ભાવનામાં ચઢી કેવળજ્ઞાન પામી ગઈ, મન સાથે વચનની પુરુષાર્થ મૂડીનો કેટલો સરસ ઉપયોગ ! તમને તેવા પાપની આલોચના કરતાં શરમ આવે છે, સંકોચ થાય છે, અહંત્વ નડે છે, પણ આ મૂડીના આવા ઉમદા ઉપયોગની કિંમત નથી. માન ને અહંત્વ તો કોઈનાં ટકાવ્યાં ટક્યાં નથી, પરંતુ આ મહાન પુરુષાર્થશક્તિની મૂડીના સદુપયોગ ગુમાવાય છે એ ભારે કમનસીબી છે. પરિણામે



એ પાપોના ઊંડા શલ્ય આત્મામાં ઊતરી જાય છે, જેનો આ ભવ ખૂટ્યા પછી નિકાલ કરવા માટે દુર્ગતિના, સુમાર વિનાની વિટંબણાભર્યા કેઈ ભવો કરવા પડે છે.

**રૂકમી સાધ્વીએ** પાપ છુપાવ્યું અને ઉપરથી વચનશક્તિને સફાઈગીરીમાં વાપરી તો પછી એક લાખ ભવ કરવા પડ્યા !! એમ,

**લક્ષ્મણા સાધ્વીને** ૮૦૦ કોડાકોડી સાગરોપમ સુધી ભવમાં ભટકવું પડ્યું ! જરાક-શી શરમમાં વચનની પુરુષાર્થમૂડી જરૂરી સ્થાને ન વાપરી તો શો સાર કાઢ્યો ?

મહાન સાધુપુરુષો ધર્મનો ઉપદેશ આપી આપીને કેટલાય જીવોનો ઉદ્ધાર કરે છે, પાપીને ધર્મી બનાવે છે, ક્રોધી-અભિમાની વગેરેને ક્ષમાશીલ, નમ્ર ઇત્યાદિ બનાવે છે. આકાશગામિની વિદ્યાવાળા મુનિએ **ચિલાતી** પુત્રને **ઉપશમ, વિવેક, સંવર** એ ત્રણ પદો સંભળાવ્યા, અને ચિલાતી પુત્ર પાપાત્મા મટી મહાન ધર્માત્મા, યોગી પુરુષ બની ગયો !

વચન મૂડીને વેડફી નાખતાં પહેલાં આ બધો બહુ વિચાર કરવા જેવો છે ! અમૂલ્ય મૂડીનો દુરુપયોગ ખતરનાક છે, એ સમજી સદુપયોગનું જ ખાસ લક્ષ રાખવા જેવું છે. એના અનેક માર્ગ છે. બાકી કમમાં કમ દુરુપયોગ તો ન જ કરાય.

**માનસિક પુરુષાર્થ શક્તિ** તો એક અજબ ગજબની મૂડી છે. પશુને દુર્લભ એવી આપણને અત્યારે ખૂબ જ સુલભ બની ગઈ છે ! એક કરોડ રૂપિયાની કિંમત ખર્ચીને પરદેશથી મશીનરી લઈ આવ્યો હોય, એનાથી ઊંચી ક્વોલિટીનો રકમબંધ માલ લાખોના નફાવાળો પેદા થઈ શકતો હોય, તો એ મશીનરીની એને મન કેટલી કિંમત હોય ? ત્યારે એના કરતાં તો અનંતગુણો લાભ કરાવે એવાં સર્જન જે માનસિક પુરુષાર્થ-શક્તિથી થઈ શકે એમ હોય એની તમારે મન કેટલી કિંમત હોવી જોઈએ ? અને જો એ કિંમત નજર સામે તરવરતી રહે, તો જેમ પેલો મશીનરીવાળો એને એક ક્ષણ પણ કામ કરતી બંધ ન રહેવા દે, તેમ આ પુરુષાર્થ શક્તિને સારું કામ કરતી બંધ રહેવા દો ખરા ?

પરંતુ માપ કાઢ જો, કે આખા દિવસમાં કેટલીવાર માનસિક પુરુષાર્થ શક્તિને એળે યા ઊંધે માર્ગે જવા દો છો ? કેમ એમ ? કહો એની કિંમત નથી સમજાણી. એને શુભ વિચારો શુભ ભાવના, વગેરેમાં કામે લગાડી દીધાથી કેવા મહાન લાભો થાય છે એનો કાં તો ખ્યાલ નથી, અગર ખ્યાલ છતાં બેપરવાઈ છે. મશીનરી એક કરોડ રૂપિયાની છે, અને લાખો રૂપિયાનો લાભ કરાવે એવો માલ ઉત્પન્ન કરવા

સમર્થ છે એ સતત ધ્યાનમાં હોઈને એની પાછળ કેટકેટલી તમન્ના રહે છે, ચીવટ રહે છે, ખંત ઉત્સાહ અને ઉદ્યમ પ્રવર્તે છે; એવું માનસિક પુરુષાર્થ-શક્તિ પાછળ કેમ ન રહે ?

શું માનસિક પુરુષાર્થ-શક્તિ એમ જ મળી ગઈ છે ? જુઓ જગતમાં અસંખ્ય કીડા-મકોડા વગેરે જીવો પાસે એ ક્યાં છે ? અગણિત પશુ-પંખીઓ પાસે એ ક્યાં છે ? ભીલ-ભરવાડ જેવા વિશાલ મનુષ્યગણ પાસે એ શક્તિ ક્યાં દેખાય છે ? અનંતી પુણ્યરાશિ વધી, કહો અનંતી પુણ્યરાશિને કિંમત તરીકે આગળ ધરી ત્યારે આ શક્તિ તમને મળી છે. તો હવે શું એને એળે જવા દેવાય ? કે પળેપળ એમાંથી લાભ ઊઠાવાય ?

મગજ શૂન્ય રાખીને કે પર ચિંતાના આડાઅવળા વિચારોમાં ભટકીને એ કિંમતી માનસિક પુરુષાર્થ શક્તિ એળે જઈ રહી છે, અમૂલ્ય ઘડી બરબાદ થઈ રહી છે !

**આજના માનસશાસ્ત્રીઓ કહે છે કે નિષ્ફળ વિચારો કરવામાં મનની શક્તિ હણાય છે.**

**"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ"  વર્ષ-૧૦,અંક-૩૩,તા.૧૯-૫-૧૯૬૨**

નિષ્ફળ વિચાર એટલે ? જે વિચારમાંથી કાંઈ ફળ નીપજવાનું ન હોય એ, દાખલા તરીકે મનને થાય છે કે 'ફલાણી ચીજ ફૂટી ગઈ, બહુ નુકસાન થયું. એ કેવી સારી હતી ! કેટલી કિંમત એના માટે ખર્ચી હતી ? આ ઘરના માણસ એવા છે કે એને ફોડી નાખી ! કશું ભાન જ ન મળે કે ચીજ કેટલી સરસ અને કામની હતી !...' આવી બધી વિચારણા એ નિષ્ફળ વિચારણા જ છે. એમાંથી કશું સારું નીપજવાનું નથી, માત્ર મનને ખોટું દોડાદોડ અને હતાશ કરાવવાનું છે. એથી એ કમજોર પડે છે. એવી ને એવી રીતે અન્ય-અન્ય નિષ્ફળ વિચારમાં ગદરાયા પછી ઉત્તમ પવિત્ર વિચારસરણી ચાલુ રાખવા માટે એ સમર્થ નથી રહેતું. જાતમાં જ વિચારી જુઓ કે એક સરખા ધ્યાનથી નવકારવાળી ગણી શકો છો ? કાઉસ્સગ્ગ, ચૈત્યવંદન કરી શકો છો ? ના, મન મુડદાલ બની ગયું છે, ખોટા, નકામા, કચરાપટી વિચારો કરવામાં એવું ટેવાઈ ગયું છે કે એ ઉત્તમ પવિત્ર સાધના વખતે પણ જપવા દેતા નથી. ન ધારી રીતે વચમાં એ ઘૂસી જ જાય છે. ફજૂલ વિચારો કર્યે જવામાં માનસિક પુરુષાર્થ-શક્તિ ઘવાઈ ગઈ છે, એટલે સારા વિચારોમાં નથી તો એવો જોસ આવતો કે નથી તો એવી સ્થિર ધારા ચાલતી.



**માનસિક શાન્તિ અને શક્તિ :-** અંગ્રેજીમાં એક 'Poise and Power' 'માનસિક શાન્તિ અને શક્તિ' નામના પુસ્તકમાં આ વસ્તુ સારી રીતે છણી છે. એ કહે છે જેટલા જેટલા નિષ્ફળ વિચાર કર્યે જશો એટલી એટલી મનની શક્તિ હણાતી જશે; અને એવા વિચારોને અટકાવીને મનને શાંત રાખશો, સારા સફળ વિચારમાં કામ કરતું રાખશો એટલા પ્રમાણમાં મનનો પાવર (Power) અર્થાત્ શક્તિ વધશે. પછી એ લખે છે કે એ રીતસર વધ્યા બાદ માનસિક શક્તિના જોર પર ભારે રોગ પણ હટાવી શકશો અને સારી ધારણાઓ સફળ કરી શકશો. ધ્યાન રાખજો અહીં લેખકે **સારા વિચાર, સારી ધારણા પર જ ભાર મૂક્યો** છે, એટલે દુષ્ટ એવા સફળ પણ વિચારો કે ધારણાઓમાં શાંતિ અને શક્તિ વધવાની નથી.

આ તો આધુનિક લેખકની વાત થઈ, બાકી જૈનશાસન તો પરાપૂર્વ કાળથી કહેતું આવ્યું છે કે,

**મનની જીતે જીતવું રે, મનની હારે હાર.**
**મન લઈ જાવે મોક્ષમાં રે, મન હી ય નરક મોઝાર.**

જેમ જેમ સદ્‌વિચારો અને શુભ ભાવનાઓમાં મનને રમતું રાખો તેમ તેમ મનની શક્તિ વધતી જાય છે. એથી ઊલટું વિચારો, નિષ્ફળ વિચારણાઓ, ભય, શંકા અને નિરાશા-નિસાસાભર્યા વિચારોમાં મનની હાર થાય છે; એ ઉપરના ગુણસ્થાનકે ચઢેલા આત્માને નીચે પાડી નાખે છે.

**મનની શક્તિ દ્વારા સિદ્ધિ :-**

ત્યારે જગતના પદાર્થોના યથાસ્થિત સ્વરૂપની વિચારણામાં અને શુભ કર્તવ્યોની વિચારણામાં મન આગળ વધતું વધતું સમ્યગ્દર્શન પમાડે છે, અને દેશવિરતિ, સર્વવિરતિ, વગેરે ઊંચા ઊંચા ગુણસ્થાનકના પરિણામમાં ચઢાવે છે. અખંડ પવિત્ર વિચારસરણીમાં એકાગ્રતાથી રમનારા મહાત્માઓને એવી સિદ્ધિઓ ઉત્પન્ન થાય છે કે જે બીજાને પણ લાભ કરનારી બને છે. દા.ત. વચનસિદ્ધિ દ્વારા ઉપદેશથી પાપી જીવોને પણ પાપમાંથી ઊભા કરી દીધાના અને શેતાનમાંથી સંત બનાવી દેવાના દાખલા છે. મહાવીર પ્રભુના 'બુજ્ઝ બુજ્ઝ ચંડકોસિયા !' શબ્દે દુષ્ટ સર્પને મહાત્મા બનાવી દીધો. આની પાછળ પ્રભુના મનની જ્વલંત તત્ત્વરમણતા કામ કરી રહી હતી.

**નંદિષેણે** મુનિપણામાં મહાન સંયમ અને ત્યાગ-તપસ્યાના બળ સહિત અખંડ પવિત્ર વિચારસરણી કેળવી હતી, તો એનાથી પ્રાપ્ત થયેલ વચનસિદ્ધિ દ્વારા પાછળથી પતિત વેશ્યાગામી અવસ્થામાં પણ, વેશ્યાને ત્યાં આવેલા દુરાચારી મનુષ્યોને પણ ધર્મોપદેશ આપી બૂઝવ્યા હતા.

શુદ્ધ અહિંસામય અખંડ વિચારસરણી દ્વારા કેળવેલા મનોબળના પ્રભાવે મહાત્માઓની નજીકમાં આવેલા ક્રૂર પશુઓ પણ શાંત થઈ જાય છે. જંગલમાં ધ્યાનમાં રહેતા બળદેવ મુનિ પાસે જંગલી પશુઓ શાંત થઈ બેસી જતા.

**ઓજસ કેમ વધે :-**

ત્યારે વિચારવા જેવું છે કે માનસિક પુરુષાર્થ-શક્તિ સારા કામે લગાડી દેવાથી એ કેટલાં સુંદર પરિણામ અહીં પણ ઉપજાવી શકે છે ! તો પરલોક માટે તો પૂછવું જ શું ? એમાં આત્માનું એવું અદ્‌ભુત ઓજસ વધે છે કે જગતના ભાવોને એ એવા ફિક્કાંફસ કરી દે છે કે જે હવે આત્માને આંજી શકતા નથી, વિહ્‌વળ કરી શકતા નથી, આત્મા પર કોઈ પ્રભાવ પાડી શકતા નથી. સંગમ દેવતા ઘણુંય મથ્યો, પણ તેજસ્વી મહાવીર પ્રભુને જરાય ક્ષમા-સમતામાંથી ચલિત કરી શક્યો નહિ. મનની પુરુષાર્થ-શક્તિના કરેલા ઊંચા સદુપયોગનું આ પરિણામ છે.

મહામંત્રી વસ્તુપાળના દૃઢ મનોબળ આગળ રાજા વીરધવળને નમતું જોખવું પડ્યું અને મુનિના ગૌરવને જાહેર કરવું પડ્યું.

ખૂબી તો એ છે કે આ માનસિક પુરુષાર્થ-શક્તિરૂપી મૂડી ગરીબને પણ મળી હોય છે, અને એ પણ એના ઊંચા સદુપયોગ કરી શકે છે. ધનની, સન્માનની કે આરોગ્યની સંપત્તિ ન ય મળી હોય, છતાં આ હોઈ શકે છે, અને એને ગરીબ માણસ પણ સારા કામે લગાડી શકે છે.

**સ્થિતપ્રજ્ઞતા :-** મૂળ વાત એ છે કે માણસે સ્થિતપ્રજ્ઞ બનવું જોઈએ. એક સારો ઉદ્દેશ નક્કી કર્યો, સારી લાઈનદોરી નક્કી કરી, પછી એમાંથી ચલિત નહિ થવાનું, એ સ્થિતપ્રજ્ઞતા. પ્રજ્ઞા, બુદ્ધિ સ્થિર રાખવાની. જગત વિચિત્ર છે એટલે તેવા તેવા સંયોગ ઊભા થાય; તેમ કર્મ વિચિત્ર છે તેથી વિષમ પરિસ્થિતિ ઊભી કરે; પરંતુ એ વિચિત્રતા ધ્યાનમાં રાખી નિર્ધારિત શુભ ઉદ્દેશ અને લાઈનદોરીમાંથી ચસકવાનું નહિ, એનું નામ સ્થિતપ્રજ્ઞતા. એ જાળવી રાખીને વિષમતા-વિચિત્રતા વચ્ચેથી માર્ગ કાઢી લેવાનો.

દાખલા તરીકે જુઓ કે જીવનનો ઉદ્દેશ નક્કી કર્યો કે મારે સુકૃત સારું કમાવું છે. પછી પૂર્વનાં પુણ્ય જાગ્યાં અને લક્ષ્મી આવતી દેખાઈ એટલે જો લોભ-મમતા વધારી તો સુકૃતનો ઉદ્દેશ મોળો પડી જવાનો. અથવા માનો પુણ્ય ઓછું છે તે જોરદાર કમાઈ નથી થતી, ત્યાં જો મનને એમ થયું કે 'આપણે તે સુકૃતમાં કેટલે પહોંચી શકીએ ? પાછા મોંઘવારીના ઘરખરચ તો કરવા જ પડે.' તો આવા માયકાંગલા વિચારો કરતાં સુકૃતનો ઉદ્દેશ મોળો પડવાનો. આમાં સ્થિતપ્રજ્ઞતા ન



રહી, એમ ઉદ્દેશ કદાચ મનમાં ટકી રહ્યો પરંતુ એના માટેના શક્ય પણ પ્રયત્નમાં જો ઓછાશ થઈ તો પ્રાયઃ સ્થિતપ્રજ્ઞતાને બદલે પ્રજ્ઞા બુદ્ધિમાં ચંચળતા આવી જવાની. માટે શુભ ઉદ્દેશ અને લાઈનદોરીમાં ડગમગતા નહિ આવવા દેવાની. ધ્યાનમાં રાખજો કે પાછળથી ધનની સગવડ જરા ઓછી થઈ, તો પણ એના પ્રમાણમાં સુકૃતનો પ્રવાહ ચાલુ રાખી શકાય છે; ને તો જ સ્થિતપ્રજ્ઞ બન્યા રહેવાય.

એવી રીતે સેવા-શુશ્રૂષા, વિનયભક્તિ, જ્ઞાન-ધ્યાન, આચાર-વિચાર, ક્ષમા-નમ્રતા, શમ-દમ વગેરે કોઈપણ બાબત આપણા દિલને જચી-ઠસી, અને હવે એ રાહ પર ચાલવા નક્કી કર્યું, પછી પ્રતિકૂળ સંયોગ ઊભા થાય તો પણ એ નક્કી કરેલ વસ્તુમાંથી ચસકવાની વાત ન જોઈએ. તો જ સ્થિતપ્રજ્ઞતા ટકે.

કેટલીકવાર એવું બને છે કે કોઈએ તપના ગુણ ગાયા એટલે એ સાંભળતાં ઉત્સાહ થઈ આવે છે કે 'બસ હવે મારે તપના રાહે ચાલવું.' પછી બીજો કોઈ વળી વ્રતના ગુણ ગાશે ત્યારે મનને એમ થશે કે 'મારે ભલે તપ ઓછો થાય પણ વ્રત-નિયમમાં આગળ વધવું.' ત્યાં પછી જો કોઈ જ્ઞાનનો મહિમા સંભળાવનાર મળશે તો પેલા બે મૂકી દઈ જ્ઞાનમાં લાગી જવાની તાલાવેલી જાગશે,...આમ એકેક નિર્ણય કે ભાવનામાંથી ખસતા જવાય તો ત્યાં સ્થિતપ્રજ્ઞતા નથી રહેતી.

**પિતાપુત્રની ચંચળતાનું દૃષ્ટાંત :-**

પેલી વાત આવે છે ને કે બાપ-દીકરો ઘોડી વેચવા ચાલ્યા, દીકરો ઘોડી ઉપર અને બાપ ચાલતો દેખી કોઈએ ટીકા કરી કે 'જુઓ આ કળિયુગનો પ્રભાવ ! ભાઈ ઘોડે ચઢી બેસી બિચારા બુઢ્ઢા બાપને પગે ચલાવે છે. આ સાંભળી દીકરાને શરમ આવી, અને એણે નીચે ઊતરી બાપને ઘોડી પર બેસાડ્યો ત્યારે આગળ જતાં કહેનાર કહે છે કે 'જુઓ આ બાપની નિર્દયતા ! ગુલાબના ફૂલ જેવા આ દીકરાને પગે ઘસડે છે !' આ સાંભળી બાપે દીકરાને પણ ઘોડી ઉપર બેસાડ્યો. હવે આગળ જતાં કોઈ દયાળુ બીજાને કહે છે. 'જુઓ આ લોકોની નિર્દયતા ! બિચારી નાની ઘોડી પર બે લટ્ઠેબાજ ચડી બેઠાં છે !' આ સાંભળીને હવે બંને નીચે ઊતરી ગયા અને ઘોડીને ખાલી ચલાવતા લઈ જાય છે. આ શું થયું ? બનેમાં સ્થિતપ્રજ્ઞતા ન રહી, એક વિચારમાં મક્કમ રહ્યા નહિ, પરિણામ એ આવ્યું કે આગળ જતાં પુલ પર બંનેને ખ્યાલ ન રહ્યો, અચાનક ઘોડી ગભરાઈ તોફાને ચઢી, કૂદી, લગામ ઢીલી પકડેલી તે છૂટી જતાં ઘોડી પુલ પરથી નીચે પાણીમાં જઈ પડી.

નવી નવી સલાહે કે નવા નવા ઢંગ જોઈને પવનચક્કીની જેમ જે ફર્યા કરે તે સ્થિતપ્રજ્ઞ નથી બની શકતા. તેમ માનસિક પુરુષાર્થ-શક્તિનો સારો લાભ નથી

ઊઠાવી શકતા. બાકી જો સ્થિતપ્રજ્ઞ, સ્થિર વિચારવાળા બન્યા રહેવાય તો ગરીબી છતાં કે બીમારી હોય તો પણ માનસિક પુરુષાર્થ શક્તિની મૂડીનો સુંદર ઉપયોગ કરી શકાય છે; માત્ર આ મૂડીની કદર જોઈએ.

**માનસિક પુરુષાર્થની પ્રેરણા :-**

દિલને થવું જોઈએ કે 'આવી ગરીબી, બીમારી કે બીજી પ્રતિકૂળતા છતાં મને આ માનસિક પુરુષાર્થની કેવી મહાઅદ્ભુત શક્તિ એક મહાન મૂડી રૂપે મળી છે ! જો હું ધારું સ્થિતપ્રજ્ઞ રહું, તો આ શક્તિનો પળે પળે સદ્‌વિચાર શુભ ભાવના, તત્ત્વદૃષ્ટિ, જિનવચન ભાવિતતા, મહાપુરુષોનાં જીવનસ્મરણ, પરમેષ્ઠીધ્યાન, સદ્ મનોરથ, પ્રભુપ્રાર્થના, જીવદયા...વગેરે કાંઈ ને કાંઈમાં ઉપયોગ કરી શકું; મનમાં એ રાખી શકું. પળે પળ રાખી શકું. એક પળ પણ એ સિવાયની ખાલી ન રાખું કે જેથી કોઈ પણ અપવિત્ર વિચાર મનમાં દાખલ થઈ શકે. આવી ઊંચી માનસિક પુરુષાર્થ શક્તિની મૂડી ફરી ફરી ક્યાં મળે ? તો એનાં અદ્ભુત ફળ નક્કી કરવાનું કેમ જ જતું કરું ? પેલા, કચરાપટ્ટી વિચારોમાં માનસિક પુરુષાર્થ-શક્તિને વેડફી નાખવાના બાહ્ય લાભ પણ કાંઈ થતો નથી, પછી શા સારું એમ કરવું ? મન મળ્યું છે તે કાંઈ નવરું નહિ બેસે, કાંઈ ને કાંઈ માનસિક પુરુષાર્થ તો થતો જ રહેવાનો છે, સારો પુરુષાર્થ નહિ રાખું તો નરસો ચાલુ રહેવાનો, માટે ચીવટ રાખીને, બરાબર મન પર ચોકી રાખીને, સારો માનસિક પુરુષાર્થ ચાલુ રાખું. તો જ એ અવલ શક્તિ મળેલી લેખે લાગશે, મન સ્વચ્છ બનશે, સાત્ત્વિક અને તેજસ્વી થશે, જીવન બાદશાહી અને આત્મા ઉન્નત બનશે, અઢળક પાપથી બચી જવાશે, પુણ્યના થોક ઊભા થશે.'...

બહુ વિચાર કરવા જેવો છે. પશુને દુર્લભ એવી માનસિક પુરુષાર્થની તક મળી છે. શક્તિ મળી છે. આ શક્તિ ઉપર તો ઠેઠ ક્ષપકશ્રેણિ અને કેવળજ્ઞાન સુધી મહાત્માઓ પહોંચી ગયા છે. બીજી પરિસ્થિતિ એની એ, છતાં મનની મૂડીના ઉત્તમ વેપાર ઉપર અપૂર્વ સિદ્ધિ !

**બાહુબળજી**ને બેનો આવી કહે છે. 'વીરા મોરા ગજ થકી ઊતરો,

બસ, બાહુબળજીનું મન આ શબ્દોના ભાવ ઉપર કામે લાગી ગયું. પુરુષાર્થ શક્તિ તો અંદર હતી જ, એનો આના ઉપર ઉપયોગ કર્યો, મનોમન ચઢ્યા તાનમાં.' 'પૂર્વ દીક્ષિત અને કેવળજ્ઞાની નાના ભાઈને કેમ નમું !' એ અભિમાન રાખ્યું હતું તેના ભુક્કા ઊડાડ્યા 'હવે જઈને તરત નમું, તો જ પાપ તૂટશે'... એવા નમ્રભાવના વિચારમાં ચઢ્યા. ચઢતાં ચઢતાં એ જ માનસિક પુરુષાર્થ શક્તિથી સ્વાત્મ જુગુપ્સા, ગુણિપ્રમોદ, પ્રવચન રાગ, તત્ત્વરમણતા, અનાસંગ યોગ, શુક્લ



ધ્યાન વગેરેમાં મનનો પુરુષાર્થ વિકસાવ્યો, અને ત્યાં ને ત્યાં પગ ઉપાડતાં કેવળજ્ઞાન પામી ગયા ! આ પુરુષાર્થ શક્તિની કેવી બલિહારી !

**કોને કોને ક્યાં કેવળજ્ઞાન ? :-**

**ગુણસાગર અને આઠ સ્ત્રીઓ ચોરીમાં હસ્તમેળાપ વખતે,**
**પૃથ્વીચંદ્ર રાજ્યસિંહાસન ઉપર,**
**ભરતચક્રવર્તી અરીસાભવનમાં,**
**મરુદેવા માતા હાથીના હોદ્દા ઉપર,**
**મૃગાવતી ક્ષમાપના કરતાં,**
**ચંદનબાળા એમને ઠપકો આપ્યાના પશ્ચાત્તાપમાં,**
**વર શોધવા નીકળેલી રાજકુમારી પ્રભંજના જંગલમાં સાધ્વીની મુલાકાતમાં,**
**ખંધકસૂરિના ૫૦૦ શિષ્ય ઘાણીમાં પિલાતાં,**
**ઝાંઝરિયા મુનિ તલવારનો ઘા ખાતાં,**
**એમનો ઘાતક રાજા ત્યાં જ પશ્ચાત્તાપમાં...**

આ બધા ત્યાં જ કેવળજ્ઞાન પામી ગયા ! શું ? કેવળજ્ઞાન ! શાના બળ ઉપર ? માનસિક પુરુષાર્થ શક્તિના ઊંચા ઉપયોગ પર ! વિચારો આ મૂડીની કિંમત, ક્ષણમાં કેવળજ્ઞાનના સોદા છે હોં, પણ જો મૂડી વેડફી નાખી હોત તો ? મન બગાડ્યું હોત તો ? તો શું વળી ? કેવળજ્ઞાનનાં ફાંફાં, કદાચ હતા ત્યાંથી નીચે ઊતરી જાત.

**જાતની તુલના :-**

આ બધા દાખલા સાથે જાતને તોળી જુઓ કે એવા સંયોગમાં જુગજૂની રાગ, દ્વેષ, અહંત્વની ઘરેડમાં ટેવાયેલું મન એ ઘરેડ મુજબ જ કરત કે એ મહાપુરુષોએ કર્યું તે ? ચોરીમાં હસ્તમેલાપ વખતે મનના કેવા રાગ-ભર્યા ગલગલિયા ? રાજ્ય-સિંહાસન ઉપર બેઠા કેવો મદ ? કોઈનું કેવળજ્ઞાન સાંભળી કદાચ મદ ન થાય તો પણ 'ભાઈ ! એ ભાગ્યશાળી. આપણે હમણાં ઉદયકાળ નથી,' આવી જ કાંક સત્ત્વહીનતા આવડે ને ? હજાર વર્ષ જેની પાછળ રોઈ રોઈને આંખ ખોઈ નાખી છે, એ હવે આપણે સામે જઈએ છીએ છતાં બોલાવતો નથી, ત્યાં મનને રીસ ચઢે કે નહિ ? અરીસાભવનમાં એક આભૂષણ નીચે સરકી પડે તો 'સોની કેવો હજામ ! આવું ઘડાતું હશે ?' અથવા 'લાવ લાવ અંગે બરાબર ચડાવું' આવું થાય કે વૈરાગ્ય ભાવના આવે ? ગુરુણી ઠપકો આપે ત્યાં ક્ષમા મંગાય કે સામો બચાવ ફેંકાય ? શિષ્યાને કેવળજ્ઞાન થાય તો 'વાહ ! મારા ઠપકાએ કેવી સરસ અસર કરી !' એમ અહંત્વનો આફરો ચઢે કે જાતનો પશ્ચાત્તાપ થાય ? ઘાણીમાં પિલાતાં

ઘોર ગુસ્સો ને નરક સધાય કે ભારે ક્ષમા-સમતા આવે ?

**પશુસુલભ ઘરેડ ? :-**

આ બધું વિચારવા જેવું છે. મનની જૂની-પુરાણી ઘરેડ મૂકવી નથી, પરંતુ વિચારવા જેવું છે કે એમાં શી નવાઈ છે ? જનાવરના અને અનાર્ય મનુષ્યભવે ય એવું તો બહુ કર્યું. હવે તો અહીં વીતરાગ પ્રભુના શાસનનાં અદ્‌ભુત તત્ત્વ મળ્યાં, અનેરી સમજ મળી, પછી પણ મન એની એ જૂની ઘેલી ઘરેડ પર ચાલે ? વિચારો, આટલા ઊંચા દેવ, ગુરુ, અને શાસન સાથેના ભવમાં ઘરેડને નહિ બદલીએ, તો પછી ક્યાં બદલશું ? પરભવે ? ભૂલશો નહિ કે અહીં સમજવા છતાં ઘેલી ઘરેડ પકડી રાખવાથી એના સંસ્કાર દૃઢ થશે, તેથી ભવિષ્યમાં તો અહીં કરતાં ય વધુ ખરાબ સ્થિતિ ઊભી થવાની. પછી ત્યાં તો વધુ રીઢ બનેલી રાગ-દ્વેષ-મદની જૂની ઘરેડ છોડવી ઓર મુશ્કેલ !

**પ્રભંજના સતીનો પ્રસંગ :-**

પ્રભંજના એક મોટા વિદ્યાધર સમ્રાટ રાજાની પુત્રી છે. પિતાની આજ્ઞાથી જાતે વર શોધવા નીકળી છે. સાથે એક હજાર સખીઓ છે કે જેમણે નક્કી કર્યું છે કે 'પ્રભંજના જેને વરે તેને જ અમારે વરવું.' રસ્તામાં વિહારમાં ચાલી આવતાં સાધ્વીજી સામે મળે છે. સાધ્વીજીને એ વંદના કરે છે, ત્યારે સાધ્વી પૂછે છે,

'આટલા ઉમળકાભેર ક્યાં જઈ રહ્યાં છો ?'

પ્રભંજના કહે છે, 'પતિની શોધમાં. પતિની પસંદગી કરવા.'

સાધ્વીજી સાવધાન કરે છે,

'જુઓ વિષયસુખની લગનીમાં દોડી રહ્યા છો ખરા, પરંતુ એ આશ્ચર્ય છે કે,

'વિષય હળાહળ વિષ તિહાં, શી અમૃતબુદ્ધિ રે લો...અહો શી૦'

સંસારના લહાવા લેવા જનારને સાધ્વીજી આ કહી શકે છે. એનું કારણ. સાધ્વીજીએ એમનો, બોલવા ચાલવા પરથી, મહાન વિવેક જોયો છે. વિવેકી એટલે સાર-અસાર, કિંમતી-બિનકિંમતી, લાભકારી-નુકસાનકારી, વગેરેની વચ્ચેનો તફાવત સમજી શકે તે. એવા એમને વિવેકી જોઈને સાધ્વીજી આ કહેવાની હિંમત કરે છે કે 'જે વિષયસુખને મીઠાં અમૃતઘૂંટડા માની લેવા ધપી રહ્યા છો એ વિષયોમાં અમૃતપણું નહિ, હળાહળ ઝેરપણું છે, કેમ કે એ ભાવી અનેક મોતનાં સર્જન કરે છે ત્યાં તમને અમૃતપણું શું દેખાઈ રહ્યું છે ?'

પ્રભંજના સાંભળી થંભી જાય છે. બીજી સખીઓને આગળ જવાની ઉતાવળ છે એટલે એ પ્રભંજનાને કહે છે 'હમણાં તો આપણે જે કામ માટે નીકળ્યા છીએ



તે પતાવો. પછી આનો વિચાર કરીશું. હાલ અહીં વધુ સમય કાઢવા જેવો નથી.'

પરંતુ પ્રભંજના મહાવિવેકી છે, એ એમને ધીરી પાડે છે અને સાધ્વીજીને એ કહે છે કે

'આપની વાત તદ્દન યથાર્થ છે. પરંતુ અમે તો અનાદિના મોહવશ બનેલા છીએ. હા, અમને લાગે છે કે જે આ વિષયસુખોને ત્યજી દે છે તે ધન્યવાદને પાત્ર છે, બાકી અમારાથી એ એકાએક શેં ત્યજાય ?'

મોહવશ અનાદિની જૂની ઘરેડ છોડાતી નથી. એવી અશક્તિ પ્રભંજના પ્રગટ કરે છે. પછી ત્યાં સાધ્વીજી આત્માનું અસલી કેવલ શુદ્ધ જ્ઞાન-દર્શનમય ભવ્ય સ્વરૂપ વર્ણવે છે. નિર્મળ આત્મપર્યાયોની બલિહારી બતાવે છે, અને એના કર્મે સર્જેલી ખરાબી, મહા વિકૃત અવસ્થા અને આત્માની આ ભવસાગરમાં પ્રવર્તી રહેલી નિરાધાર દીન દુઃખિયારી ચીંથરેહાલ દશાને હૂબહૂ રજૂ કરે છે. આ મનુષ્ય જીવનમાં સમજશક્તિ અને વિવેકની પૃથક્કરણની શક્તિ કેટલી ઉમદા મળી છે ! એ કરવાનું ચૂકે તો કેવો દુઃખદ દીર્ઘકાળ ઊભો થાય,... વગેરે વગેરે વસ્તુનો રોચક ચિતાર સાધ્વીજી ખડો કરી દે છે.

બસ, અહીં પ્રભંજના શ્રોત્રેન્દ્રિયની શ્રવણની પુરુષાર્થ શક્તિને કામે લગાડી દે છે, સાધ્વીજીનો ઉપદેશ સાંભળવામાં એકતાન કરી દે છે. સાથે માનસિક પુરુષાર્થશક્તિનો તો એટલો જોરદાર ઉપયોગ કરે છે કે સાધ્વીજી મહારાજનાં પ્રત્યેક વચનને બરાબર તોલે છે. મોલે છે, એકેક શબ્દ ઉપર સો-હજાર શબ્દ જેટલા ભાવનું સંવેદન કરતી જાય છે. 'સખી ! હવે તો અહીં મોડું થાય છે, આપણે તો જે કાર્ય માટે નીકળ્યાં છીએ તેનો હાલ વિચાર કરો. ચાલો મોડું થાય છે...' આ વિચારણા પણ એક માનસિક પુરુષાર્થ છે, પરંતુ એમાં ઊંચી પુરુષાર્થશક્તિની મૂડીનો નાશ છે, બરબાદી છે; ત્યારે, પ્રભંજના જે ગંભીર અને સાત્ત્વિક વિચારણા કરી રહી છે તેમાં પુરુષાર્થશક્તિરૂપી મૂડીનો સદુપયોગ છે, ઉત્તમ વિનિયોગ છે. એવો અદ્‌ભુત ઉપયોગ એણે કરવા માંડ્યો કે પ્રભંજના એમાં આત્મવિચારણા, સ્વ અને પરની વહેંચણ, પરમાં સ્વની કચરામણ વગેરે વગેરે વિચારતાં-વિચારતાં એ ધ્યાનમાં ચઢી, આત્માને પર-ભાવથી અલગ કરતી ચાલી, ઉપર ઉપરના ગુણસ્થાનકના પરિણામ જગાવવા માંડ્યા, શ્રેણિ માંડી, મોહનીય કર્મના અને કષાયના ભૂકા કર્યા, વીતરાગભાવ પામી, જ્ઞાનાવરણીયાદિ સર્વે ઘાતી કર્મનો સમૂહ વિધ્વંસ કરી **કેવળજ્ઞાન** પામી ! આ બધું મોંઘેરી માનસિક પુરુષાર્થશક્તિને કામે લગાડવા ઉપર ! મૂડીનો ધીકતો વેપાર જમાવવા ઉપર ! ત્યાં દેવતા આવ્યા, વેશ આપ્યો, બધાને જાણ થઈ, આશ્ચર્ય પામ્યા. ઉપદેશ દેનાર સાધ્વીજી એમ જ ઊભાં છે, અને

વર શોધવા નીકળેલી પ્રભંજના મહાસતી કેવળજ્ઞાન પામ્યાં. જેવી તાકાત ! માનસિક પુરુષાર્થ શક્તિનો સર્વોત્તમ ઉપયોગ જે કરે તે ઊંચાં ઇનામ લે !

**નમિરાજાનો માનસિક પુરુષાર્થ :-**

દાહજ્વરથી પીડાતા બીમાર **નમિરાજા**, રાણીઓના 'હવે તો હાથે એકેકું જ કંકણ હોઈ અવાજ નથી થતો,' એવા એવા ખુલાસા ઉપર, એકત્વ ભાવનાના ચિંતનમાં મનનો પુરુષાર્થ ફોરવનારા બન્યા, તો ચારિત્રાવરણ કર્મ તૂટ્યાં, અને એ પ્રત્યેકબુદ્ધ નમિરાજર્ષિ બની ગયા ! ઇંદ્ર પારખું કરવા આવ્યો પણ **'મિહિલાએ ડજ્ઝમાણીએ, ન મે ડજ્ઝઈ કિંચણ,'** મિથિલા બળતી હોય છતાં એથી મારું કાંઈ જ બળતું નથી'-વગેરે ખુલાસા ઉપર ઇંદ્ર સજ્જડ થઈ ગયો !

**ઝાંઝરિયા ઋષિના ઘાતક રાજા**એ સળગતા પશ્ચાત્તાપભર્યા ચિંતનમાં મનની પુરુષાર્થશક્તિ કામે લગાડી દીધી, તો ઋષિહત્યાથી નરકમાં જવાની વાત તો દૂર રહી, ઉપરથી સંસારભ્રમણ અટકાવી દીધું, કેવળજ્ઞાન પામ્યા !

મન-વચન-કાયા, ત્રણેયના પુરુષાર્થની અહીં મહાશક્તિ મળી છે, એમાંય મનની પુરુષાર્થશક્તિ તો એક અજબ-ગજબની મૂડી પ્રાપ્ત થઈ છે. એને બરાબર ચોક્સાઈપૂર્વક ચોવીસેય કલાક માત્ર પવિત્ર વાણી-વર્તાવ-વિચારસરણીમાં વાપરવાની છે. જ્યાં કોઈ જરાક જેટલો પણ કુવિચાર કે કુ-લાગણી સ્ફુરી કે તરત જ સાવધાન બની જવાનું 'અહો ! મારી મોંઘેરી માનસિક પુરુષાર્થશક્તિને આ હું ક્યાં કચરામાં કામે લગાડવા ગયો ! ક્યાં મારી પાસે અર્હત્પ્રભુએ ફરમાવેલ ઉત્તમ પવિત્ર વિચારસરણી નથી, ચેતન અને પુદ્ગલના સ્વરૂપનું ચિંતન, અનિત્યાદિ ભાવના, વગેરે નથી કે એ છોડી ફજૂલ ઘેલા વિચારમાં પડું ? કર્મ કાંઈ મારું માનવાનાં નથી તો એને અનુકૂળ કરવાની વ્યર્થ મહેનત કરવા કરતાં હું મારે મારા મનની પુરુષાર્થશક્તિને સારા કામે લગાડી ન દઉં ?' આ સાવધાની હોય તો પવિત્ર ઉત્તમ વિચારમાં ઝીલવું કઠિન નથી.

ચાર પ્રકારની ચિંતા-ઉત્તમ આત્મચિંતા, મધ્યમ કામચિંતા, અધમ અર્થચિંતા અને અધમાધમ પરચિંતા, આમાં ચોથી પરચિંતાને અધમાધમ કહી, કારણ કે એ ધર્મ-અર્થ-કામ-મોક્ષ એ ચાર પૈકી કોઈ પુરુષાર્થને સાધી આપતી નથી, ચારમાંના કોઈને ઉપયોગી નથી, અને ઊલટું આત્માની પુરુષાર્થ શક્તિની બરબાદી કરનારી છે. વિચારો પરની ખોટી ચિંતા કર્યા કરો એમાં શું મળે છે ? શું વળે છે ? એ કાંઈ બે પૈસાની પ્રાપ્તિ કે સુખશાન્તિ નથી ઊભી કરતી. ત્યારે એ ધર્મરૂપ પણ બનતી નથી. પછી મોક્ષ તો શાની જ પમાડે ? પૂછો,

**પ્ર.**- પણ તે બીજાની દયાભરી ચિંતા હોય તો ધર્મરૂપ બને ને ?



**ઉ.**- એકાંત નથી, કેમ કે સામો જો અસાધ્ય કોટિનો હોય અને તમારી ચિંતાથી એનું કાંઈ વળવાનું ન હોય, તેમ બીજી બાજુ તમારે પણ એ ચિંતાથી ઊલટું મન વિહ્વળ રહેતું હોય અને તમારી પોતાની આત્મચિંતામાં દખલ થતી હોય તો તેથી તમને પણ શો લાભ ? એવી પરચિંતા કાંઈ ધર્મરૂપ ન બને. એમાં તો ઊંડા ઊતરીને જુઓ તો જાતના કોઈ મમત્વ, અહંત્વ, મહત્ત્વાકાંક્ષા વગેરે દોષ પોષાય છે.

યશોધર મહાત્માના ચરિત્રમાં આવે છે કે એમની પહેલા ભવની પત્ની રાણી નયનાવલિ વિષયલંપટ છે, અને પોતે અનેક ભવો ફરી અનુક્રમે પોતાના જ પૂર્વના પુત્રના પુત્ર બનીને મુનિના સંપર્કે જાતિસ્મરણ જ્ઞાન પામ્યા છે, સંસાર પરથી ઉદ્વિગ્ન બની ચારિત્ર લઈને ગુરુને કહે છે,

'ભગવન્ ! મારા પૂર્વભવની પત્ની આ નયનાવલિને બોધ પમાડો હોં ? એ બિચારી મોહના રોગથી કેવી પીડાઈ રહી છે !'

ગુરુ કહે છે, 'મહાનુભાવ ! એની ચિંતા તું છોડી દે. તેં જોયું છે કે એનો રોગ અસાધ્ય છે, એનાં આચરણ જ એવાં છે. છતાં તું એની ચિંતા કરે છે એ તારું ખોટું મમત્વ છે. એ મમત્વ સંસારને વધારનારું છે.'

શું કહ્યું ? દેખીતી પરની હિતચિંતા પાછળ પોતાનું ભવવર્ધક મમત્વ પોષાઈ રહ્યું છે, પરહિતની ચિંતા સારી, પરંતુ અસાધ્ય જીવની મમતા-આગ્રહમાંથી ઊઠતી ચિંતા ખોટી. ગુરુએ યશોધરના આત્માનું નિદાન શોધ્યું, એને થતી પરચિંતાના મૂળમાં એનું પહેલા ભવથી ચાલ્યું આવતું મમત્વ કારણ છે, એમ કહ્યું, ને એ ભવવર્ધક હોવાનું બતાવ્યું.

જે માણસો પોતાની દુષ્ટતા છોડવા તૈયાર નથી, સુધરવા માગતા નથી, અરે ! બગાડો હોવાનું સમજવા તૈયાર નથી, એવાને પણ સુધારવાની ચિંતા કર્યા કરવી, ત્યાં અહંત્વ કે મમત્વ પોષાય છે, અને એ સંસારવર્ધક બને છે.

**ખૂબી કેવી કે પેલો એની દુષ્ટતાથી સંસાર વધારી રહ્યો છે, ત્યારે આ ખોટા મમત્વથી ચિંતા કરીને સંસાર વધારી રહ્યો છે.**

છોકરો અનાડી થઈ ગયો છે, સુધરે એવો છે નહિ, તો એની ઉપેક્ષા કર, 'પણ એ મારો છે ને ? કેમ ન સુધરે ?' આવું જો કરીશ તો તું ય ખોટા મમત્વથી પરચિંતા કરવામાં બગડ્યો સમજ ! પછી એ બગાડામાં તણાયા એવા ઊંધા વેતરણ થાય છે કે જે વધુ નુકસાનીમાં ઉતારે.

**પરચિંતામાં ઊંધા વેતરણ :-**

અનાડી છોકરાને સુધારવાની ખોટી ચિંતા કરતાં કરતાં મન આવેશવાળું

બને છે, આવેશમાં પહેલી તો પોતાની શાંતિ જ લોપાય છે. વળી આવેશના માર્યા એવી શિખામણ-ઠપકો-દમદાટી દેવાનું અને બહાર નિંદા કરવાનું થાય છે કે જેથી છોકરાનું અનાડીપણું વધે છે. એ માતાને કે બાપને ચારની વચમાં ઉતારી પાડે છે, અપમાન કરે છે, યાવત્ ચડસમાં ભરાઈ વધારે નુકસાનમાં ઉતારે છે. વૈરની ગાંઠ બાંધે છે, ચડસિલા માબાપને પણ કદાચ વૈરના ભાવ ઊભા થાય છે. અથવા આ બધું કર્યું-કરાવ્યું એળે જતું લાગવાથી વધુ આર્તધ્યાન થાય છે. ત્યારે પરચિંતાને પરવશ થવાથી મન હવે ધર્મસાધનામાં દેવાધિદેવ-સદ્ગુરુ તત્ત્વચિંતન વગેરેમાં ઠરી શકતું નથી. બીજાની લોથ મન પર લીધી એટલે જાતની ચિંતા ઝગમગતી નથી. પરચિંતાના ઊંધા વેતરણમાં કેઈ મહાનુકસાન ઊભાં થાય છે, માટે જ શાસ્ત્ર પરચિંતાને અધમાધમ કહે છે.

યશોધરના જીવને ગુરુ એ જ કહી રહ્યા છે કે 'તું એ તારી પૂર્વ ભવની પત્નીની ચિંતા છોડ, એમાં તું તારું ખોટું મમત્વ પોષી રહ્યો છે. હવે તો તેં જે ચારિત્ર લીધું છે એને જ સંભાળ, એમાં જ ચિત્ત પરોવ, નહિતર ત્યાં કશું પરિણામ નથી આવવાનું અને અહીં તારા મનની ઓતપ્રોતતાના અભાવે સાધના ગુમાવીશ, અને દુર્ધ્યાનમાં પાપની આવક વધી જશે, સંસાર વૃદ્ધિ થશે.'

**મુનિની હિતશિક્ષા તત્ત્વભરી છે. એમાંથી મુદ્દા** બરાબર પકડી યાદ રાખી લો.

**પરચિંતામાં ત્રણ મોટાં નુકસાન :-**

૧. પરચિંતામાં ખોટું અહંત્વ-મમત્વ પોષાય છે.

૨. પરચિંતામાં મનની ઓતપ્રોતતા થવાથી સ્વાત્મચિંતામાં અને સ્વહિતસાધનામાં મન ઓતપ્રોત રહી શકતું નથી. તેથી ઉત્તમ આત્મચિંતા અને સ્વહિતસાધના ગુમાવવાનું થાય છે.

૩. પરચિંતામાં દુર્ધ્યાન થાય છે.

(૧) આ ત્રણેય વસ્તુ ખતરનાક છે. ખોટું અહંત્વ-મમત્વ પોષવાથી ભાવી ભવોમાં એના કુસંસ્કાર અને પરિણામે કુપ્રવૃત્તિઓનાં આંધણ મુકાય છે. એનો અર્થ ભાવિ પરંપરા આપણા જ હાથે કરીને બગાડવાનો થયો ને ?

(૨) આત્મચિંતા ગુમાવવાનું અને

(૩) પરચિંતામાં દુર્ધ્યાન, પાપની આવક અને સંસારવૃદ્ધિ થાય છે.

સ્વહિતસાધનાઓમાં મનની ઓતપ્રોતતા ગુમાવવાથી એના સુસંસ્કાર કમાવવાની તક ગઈ ! ત્યારે પુણ્ય તો તેવું મળે જ શાનું ? કદાચ બહારથી થોડી ઘણી ધર્મક્રિયા થઈ ગઈ, પરંતુ મન વિનાની એ કેવી ? મન તો બીજાની ચિંતા કરવામાં તલ્લીન રહ્યું, તેથી અહીં મનના એકાકાર ઉપયોગ વિનાની ધર્મસાધના



લુખ્ખી દ્રવ્યક્રિયા થઈ. એમાં તેવા પુણ્યાનુબંધી પુણ્ય ન મળે. રકમબંધ પુણ્ય ન મળે. વળી મન અહીં ઓતપ્રોત નથી કર્યું તેથી ધર્મસાધનાના ઊંડા પાયા નથી નખાતા એટલે ભવાંતરે એ મળવા-વધવાનાં ફાંફાં !

૩. ત્રીજી વાત, પરચિંતામાં પાપની આવક, અને સંસાર વધે છે, એટલે આવા ઊંચા મનુષ્યભવમાં સાર કાઢવો તો દૂર રહ્યો. ઊલટું ઉત્તમ ભવ દ્વારા જ અધમ ભવોની જકડામણ ઊભી થાય છે !

પરચિંતા એટલે કોની ચિંતા ? જેને આપણે ભૂલેલા સમજીએ છીએ, પાપી સમજીએ છીએ એની ને ? એ પાપમાં ફસાયેલા એટલે બિચારા પોતાનો સંસાર વધારનારા ! સંસાર વૃદ્ધિની જો ખરેખર ચોખ્ખી દયા જ ઊભરાતી હોય તો જાતની દયા કેમ નથી ઊભરાતી ? જ્ઞાનીઓ જ્યારે કહે છે કે પેલો તો એના પાપથી સંસાર વધારે છે, પણ તું ખોટા મમત્વાદિ પોષી પરચિંતામાં તારો સંસાર વધારી રહ્યો છે, તો જાતનો કેમ વિચાર નથી આવતો ? શું આશ્ચર્ય નથી લાગતું કે આપણે આપણી જાતને સુધરેલી માનીએ અને બીજાને સુધારવાની ચિંતા કરનારા માનીએ, છતાં વસ્તુ-સ્થિતિએ અહંત્વ-મમત્વાદિની ખરાબી પોષી જાતને બગડેલી અને સંસાર વધારનારી કરતા હોઈએ ?

**"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૧૦,અંક-૩૪,તા.૨૬-૫-૧૯૬૨**

પૂછતા નહિ કે તો પછી શું બીજાના હિતની ચિંતા કરવી જ નહિ ? કરવી, જરૂર કરવી, પરંતુ સ્વાત્મચિંતા મુખ્ય રાખીને કરવી. પોતાનું ગુમાવીને કોઈ સાધના નથી કરવાની. જાતનું સાચવીને બીજાનું ભલું થતું હોય તો જરૂર કરો. જો એટલી ત્રેવડ ન હોય તો પોતાના હિતને તો બરાબર જાળવો, આ જિનશાસનનો જોર-શોરથી ઉપદેશ છે.

સારો વક્તા સાધુ રેલ, મોટર કે વિમાનમાં બેસીને ગામેગામ કે દૂર દેશોમાં ફરી વળીને પ્રભાવક વ્યાખ્યાનો કરવા કેમ ન જાય ? એમ કરે તો પરોપકાર બહુ થાય ને ? પણ ના, એમાં પહેલું તો પોતાનું સાધુપણું, પોતાનું ચારિત્ર અને મહાવ્રતો ઘવાય, અને એમ કાંઈ પોતાનું ગુમાવીને પરનું ભલું કરવાનું શાસ્ત્ર નથી કહેતું.

ભગવાન તીર્થંકરદેવો કેવળજ્ઞાન ન થાય ત્યાં સુધી ઉપદેશ નથી આપતા. કેમ ન આપે ? ચાર જ્ઞાનના ધણી હોય છે, અવધિજ્ઞાની અને મનઃપર્યાય જ્ઞાની છે, ઉપદેશ સુંદર આપી શકે. 'પણ કેમ નથી આપતા ? એટલા જ માટે કે અત્યારે

એમનો એવો મૌન સાધનાકાળ છે કે એમાં તપ, સંયમ અને તત્ત્વચિંતન દ્વારા ઘાતી કર્મનો ભૂકો કરવાનો છે. એટલે પરોપદેશમાં પડે તો પોતાની મૌન સાધના ન જળવાય, અને પોતાનું હિત ગુમાવીને બીજાનું કરવા નથી નીકળવાનું. માટે ભગવાન કેવળજ્ઞાન પહેલાં ઉપદેશ નથી કરતા. વળી એમને સ્વતંત્ર ઉપદેશ કરવાનો છે, તેથી સર્વજ્ઞ બન્યા પછી જ એ કરાય.

**પ્ર.**- તો પછી બીજા મુનિઓ કેમ ઉપદેશ કરે છે ?

**ઉ.**- બીજા મુનિઓમાં પણ બધાને એ અધિકાર નથી. ગીતાર્થ-શાસ્ત્રજ્ઞ થયા વિના ઉપદેશ કરવાનો નહિ. આમ તો સ્વયં ત્યાગી વિરાગી છે, તો બીજાને ત્યાગ-વૈરાગ્યનો ઉપદેશ કરે તો શો વાંધો ? પણ વાંધો છે, વ્યાખ્યાન વસ્તુ એવી છે કે બોલતાં બોલતાં, શાસ્ત્રના ઉત્સર્ગ-અપવાદના નિયમની પૂરી માહિતી ન હોય તો સંભવ છે કે આડું-અવળું બોલાઈ જાય; સ્વહિત ગુમાવે. માટે એના જ્ઞાતા બન્યા વિના ઉપદેશકપણું નહિ. હવે જે જ્ઞાતા છે એમને ઉપદેશકપણું છે, પરંતુ તે તો ભગવાનનું કહેલું કહેવાનું છે, અને શક્તિવાળા એમ જિનવચનનો ફેલાવો કરતા રહે તો કલ્યાણ શાસનની પરંપરા ચાલુ રહે અને ભવ્ય જીવોના નિસ્તાર થયા કરે. એટલે એમને કેવળજ્ઞાન થવા પહેલાં પણ ઉપદેશકપણું હોય, ત્યારે પ્રભુને મૂળ ધર્મસ્થાપક બનવાનું છે, સ્વતંત્ર માર્ગદિશક થવાનું છે એટલે પહેલાં પૂર્ણજ્ઞાની બનવું પડે, લોકાલોકના પ્રત્યક્ષ દ્રષ્ટા થવું જોઈએ. એમાં જે પ્રત્યક્ષ યથાર્થ તત્ત્વ અને માર્ગ દેખાય તે જગતને બતાવવાનો છે. એવા પૂર્ણ જ્ઞાની થવાનું એમને મૌન સાધનાથી છે.

## જ્ઞાન-ધ્યાન એટલે ?

બીજા મુનિને ઉપદેશક થવાનું છે તે પણ પોતાની સંયમચર્યા સાચવીને, જ્ઞાન-ધ્યાનમાં રત રહીને, જ્ઞાન એટલે વાચના, પૃચ્છના વગેરે સૂત્રસ્વાધ્યાય; અને ધ્યાન એટલે આવશ્યક પ્રતિક્રમણ-પડિલેહણ વગેરે ક્રિયાઓમાં એકાગ્ર ભાવ; તચ્ચિત્ત, તન્મન, તલ્લેશ્ય વગેરે આત્મદશા. એ ધ્યાન પછી ચાલતા હોય તો બરાબર ઈર્યાસમિતિનું પાલન એ ધ્યાન, અને બોલતા હોય તો બરાબર ભાષાસમિતિ અને વચનગુપ્તિનું પાલન એ ધ્યાન. જૈનશાસનના ધ્યાનનો આ મર્મ બરાબર લક્ષમાં રાખવાનો છે. પછી કોઈ કહેતું આવે કે તમારામાં તો તપસ્યાની કાયકષ્ટી અને બહુ ક્રિયાનો ભાર છે, પરંતુ ધ્યાન ક્યાં છે ? તો એને કહી શકો કે માર્મિક ધ્યાન જૈન શાસનમાં જ છે. કેમ કે,

ધ્યાન એનું નામ છે કે



**પહેલું** તો જ્યાં જિનાજ્ઞાનું બંધન બરાબર માથે આવે.

**બીજું,** જે જુગજૂની કુવાસનાઓ વિકારોને ઘસતું ચાલે, અને

**ત્રીજું,** જ્યાં આત્મામાં ભારે તન્મયતા અને સ્થિરતા ઊભી થાય.

આ ત્રણેય એટલા માટે જરૂરી છે કે આપણે તો છેવટે શુકલધ્યાનમાં ચડવું છે, અને ત્યાં મહાન જિનાજ્ઞા-પ્રતિબદ્ધતા જોઈશે. મહાન નિર્વિકાર-નિર્વિકલ્પ અપ્રમત્ત ભાવ અનિવાર્ય રહેશે, અને અત્યંત સ્થિરતા જરૂરી રહેશે. તેથી એ સ્થિતિની ભૂમિકા બરાબર તૈયાર કરવી જોઈએ. સમજી રાખજો કે એ કાંઈ એમ જ એક તડાકે એ નહિ થાય, વર્ષોની અને જરૂર પડ્યે ભવોની સાધના એ માટે જોઈશે.

(૧) હવે વિચારો કે આ બનાવવાનું ક્યાં શક્ય છે ? જિનવચને ફરમાવેલા ક્રિયા માર્ગનું પહેલાં કહ્યું તેમ તચ્ચિત્ત, તન્મન, સમિત, ગુપ્ત વગેરે બની પાલન કરવામાં, કે કોઈ ખૂણે ઓંકાર વગેરેનું ધ્યાન લઈ બેસવામાં ? તપાસો બંનેમાંથી કયા ઠેકાણે જિનાજ્ઞા પ્રતિબદ્ધતા, નિર્વિકારતા-નિર્વાસનાની સન્મુખતા અને આત્મસ્થિરતા સધાવાની શક્યતા છે ?

દા.ત. એક શ્રાવક પ્રભાતે પ્રતિક્રમણ કરે છે, બીજો એના બદલે ધ્યાન માટે નવકારનો જાપ કરે છે, હવે ઉપરની ત્રણ કલમો ઘટાવી જુઓ. પહેલી જિનાજ્ઞા પ્રતિબદ્ધતા ક્યાં રહેવાની ? 'મારા પ્રભુએ કહ્યું છે કે પાપને ઉભય કાળ આવશ્યકથી સાફ કરતા રહો, તો એ મારે અવશ્ય કરવાનું' આમ જિનાજ્ઞાની છેડાગાંઠ પહેલામાં છે. એ જિનાજ્ઞાબદ્ધતા આગળ વધતાં વધતાં મહાચારિત્રનાં પાલન, વચનાનુષ્ઠાન, અમૃતક્રિયા, અને શાસ્ત્રયોગ-સામર્થ્યયોગ સુધી લઈ જાય છે. ત્યારે ખાલી નવકારનું ધ્યાન કરવા બેસે છે, તે તો મનમાની રીતે સાધના કરવી છે. ત્યાં મનઃસંતોષ પર વધારે ઝોક છે, જ્યારે પેલામાં જિનાજ્ઞા ઉપર વધારે ઝોક છે. અલબત્ત જિનવચને ફરમાવેલાં ઉચિત અનુષ્ઠાનો બરાબર સાચવીને ધ્યાન કરે ત્યાં તો જિનાજ્ઞા પ્રતિબદ્ધતા ટકે; પરંતુ એ ન હોય અને એકલું જાપ-ધ્યાન હોય ત્યાં ખાસ જિનાજ્ઞા પાળવાના ઉમળકા ક્યાં આવ્યા ?

કદાચ કહેશો કે પડિક્કમણું ય ન કરે અને પ્રમાદ કરે એના કરતાં તો આમાં ગૂંથાયેલો રહે તે સારું ને ? એનો ઉત્તર એ છે કે જરૂર સારું, કેમ કે એ ધર્મસાધના છે, પરંતુ એટલું તો સિદ્ધ થયું કે પ્રતિક્રમણ કરે તે વધારે સારું એટલા માટે કે એમાં ધર્મસાધના ઉપરાંત જિનાજ્ઞા પ્રતિબદ્ધતા તરફ ઝોક છે. (૨) હવે બીજો મુદ્દો વિચારો કે જીવની જુગજૂની વાસનાઓ અને વિકારો દબાતા-ઘસાતા જવાનો ક્યાં વધુ અવકાશ છે ? તચ્ચિત્ત-તન્મન-તલ્લેશ્ય આવશ્યક ક્રિયા કરવામાં ? કે એ મૂકી જાપ-ધ્યાન કરવામાં ? કહેવું જ પડશે કે પહેલામાં વધારે અવકાશ છે, કેમ કે એમાં

જાતજાતના દોષ-દુષ્કૃત્યોનાં સ્મરણ સાથે એના મહાન જુગુપ્સાભાવ સાથે તન્મય આલોચના-પશ્ચાત્તાપ અને મિચ્છા મિ દુક્કડં છે. આ દુષ્કૃતગર્હાની વસ્તુ પાપ અને દોષોના અનુબંધ યાને બીજ તોડી નાખે છે; તેથી વાસના-વિકારોનાં જોર તૂટે છે. હવે વિચારો કે એ કરવાનું મૂકી ખાલી પરમેષ્ઠીનું ધ્યાન કરવા બેસો એમાં કેટલું શક્ય છે ? દોષ-દુષ્કૃત્યોને વીણી વીણીને યાદ કરી, પુનઃ પુનઃ સ્મૃતિ-ઈકરાર કરીને પશ્ચાત્તાપ કરતા ચાલો, તો જ કુવાસના-વિકારો પર ઘા પડે ને ? પરમેષ્ઠી ધ્યાનમાં તો પરમેષ્ઠી પર ભક્તિભાવે ચિત્ત સ્થાપિત કરવાનું રહ્યું ત્યાં ક્યાં એ શક્ય બને ? અને કહો કે-'ત્યાં પણ દોષગર્હા કરીશું,' તો પછી એકાગ્ર પરમેષ્ઠી-ધ્યાન ક્યાં રહ્યું ? તો તો એના કરતાં જ્ઞાનીઓએ ફરમાવેલ આવશ્યક ક્રિયામાં એકતાનતા શું ખોટી ?

(૩) ત્રીજો મુદ્દો જુઓ કે આત્માની સ્થિરતા ક્યાં વધુ શક્ય છે ? આવશ્યક આદિ વિહિત ક્રિયાઓના પાલનમાં ? કે એ મૂકી પરમેષ્ઠી જાપ-ધ્યાન કરાય તેમાં ? આ પ્રશ્ન ઝીણવટથી તપાસવાનો છે. ઉપલક રીતે જોતાં એમ લાગશે કે 'આવશ્યકની વિવિધ ક્રિયામાં તો ચિત્ત આમથી તેમ લઈ જવું પડે, એના બદલે નવકારધ્યાનમાં તો નવકારનાં પદો ઉપર આ પરમેષ્ઠી ઉપર ફિક્સ ધ્યાન, સ્થિર ધ્યાન રહી શકે અને એથી સ્થિરતા સારી કેળવાય,' પરંતુ બારીકાઈથી જુઓ તો દેખાશે કે આવશ્યક ક્રિયામાં બોલાતાં વિવિધ સૂત્રની દરેક ગાથાના એકેક શબ્દને લક્ષમાં લઈ બીજા શબ્દ ઉપર જતાં ચિત્તના ઉપયોગને અખંડ ધારાએ ચલાવવાનો હોય છે. વળી સૂત્રોમાં જેવા જેવા પ્રતિપાદન, તેવા તેવા ભાવ, તેવી તેવી લેશ્યા અનુભવવાની હોય છે. આ બધું પાછું ભિન્ન ભિન્ન રૂપનું આવે છે તેથી મનને ખૂબ જ તૈયાર રાખી તેવા તેવા રૂપમાં ઝટ પલટાવતાં આવડવું જોઈએ. દા.ત. 'ઈરિયાવહીય' સૂત્ર જીવોની વિરાધનાનો મિથ્યા દુષ્કૃત દેવા અંગે છે. ત્યાં જીવદયાનો અને હિંસાના પશ્ચાત્તાપનો ભાવ તથા લેશ્યા ઊભી કરવી પડે. એમાંય એકેક શબ્દ અને અર્થ પર ઝટઝટ લક્ષ જવું જોઈએ. પાછું તરત 'તસ્સ ઉત્તરી' સૂત્ર આવ્યું તો એમાં પાપનાશના ઉલ્લસિત ભાવ, પછી 'અન્નત્થ'માં દરેક શબ્દ અને એના અર્થરૂપ દરેક આગારને લક્ષમાં લેવાનો, તથા સમગ્ર ભાવ તરીકે કાયોત્સર્ગની દૃઢ પ્રતિજ્ઞાનો શૂરાતનનો ભાવ કરવાનો. તેમજ પછી 'લોગસ્સ'ના કાઉસ્સગ્ગમાં અપૂર્વ ભક્તિભાવ ઊભો કરી દરેક શબ્દ પર પ્રભુનાં તે તે વિશેષણ યા નામ પર મન ચલાવવું પડે.

હવે વિચારો કે આમાં મનને કેટલું બધું સજાગ રાખવું પડે ? એકે એક શબ્દ, એ દરેકે દરેકનો અર્થ, જાણે સામે એનું આબેહૂબ ચિત્ર ખડું થાય, વળી



સાથે સાથે એને યોગ્ય ભાવ પ્રગટાવવાના, તેવી તેવી લેશ્યા ઊભી કરવાની; એ પાછી સૂત્ર પલટાતાં તરત ફેરવવાની, આ બધામાં મનને સ્થિર થવાની જે તાલીમ મળે તે એકલા નવકાર કે ઓંકારના જાપ-ધ્યાનમાં મેળવવી મુશ્કેલ છે. 'જ્ઞાન-ધ્યાનમાં લીન' કહેવાય છે ત્યાં 'ધ્યાન' શબ્દથી વિવિધ ધર્માનુષ્ઠાન-ધર્મચર્યામાં ચિત્તની એકતાનતા લેવાની છે, એવું બૃહત્કલ્પ આગમમાંથી મળે છે; અને યુક્તિથી વિચારતાં પણ બરાબર દેખાય છે; કેમ કે પહેલાં કહ્યું તેમ ચિત્તને ભારે સજાગ રાખવું પડે છે, એક પણ બીજો વિચાર પેસવા દેવાય નહિ, અને સચોટ લક્ષ વિવિધ શબ્દ-અર્થ-ભાવમાં ધીકતું રાખવું પડે. વળી એક ખાસ વિશેષતા એ છે કે આ ક્રિયા અને સૂત્રોચ્ચારણ દ્વારા આત્માના તેવા તેવા અશુભ ભાવ વિપરીત શુભ ભાવથી ગર્હિત બને છે, જુગુપ્સનીય બને છે, આત્મા એમાંથી મિચ્છા મિ દુક્કડં કહી પાછો ફરતો જાય છે. 'પ્રતિક્રમણ' અર્થાત્ ઊલટું ગમન કરતો ચાલે છે.

સારાંશ, ક્રિયામાર્ગની સમ્યગ્ આરાધના કરતાં કરતાં જિનાજ્ઞા પ્રતિબદ્ધતા ખીલે છે, વાસના-વિકારો શમતા આવે છે અને આત્મસ્થિરતાનો સુંદર અભ્યાસ પ્રાપ્ત થાય છે, એવી એ મહામંગળકારી ક્રિયાઓ મૂકી મનમાન્યા જાપ-ધ્યાનમાં લાગી પડવાથી એ લાભો મળે એવું લાગે છે ? જૈનશાસને તો માર્ગ સ્પષ્ટ કર્યો જ છે, પરંતુ આપણી પોતાની સ્થિતિ આપણે વિચારો કે આત્માના દોષો કાઢવા માટે કયા કયા ઉપાય સચોટપણે કામ કરી જાય ? આ વિચારવા માટે આપણા દિલમાં વારે વારે સ્ફુરી આવતા જુદા જુદા દોષો, નાના કે મોટા, તે તરફ ધ્યાન આપવાનું છે, એ લક્ષમાં લઈ પછી જુઓ કે એકલા જાપ-ધ્યાનમાં એને હટાવવાની તાકાત છે ?

**સાધનાનો મુખ્ય હેતુ :-**

એકલા જાપ-ધ્યાનને મહત્ત્વ આપવા જતાં એવું પણ બને છે કે જીવની દૃષ્ટિ પછી 'એમાં કોઈ ચમત્કાર દેખાયો કે નહિ ?' 'કાંઈક અકલ્પ્ય-અચિંત્ય બની આવ્યું કે નહિ ?' 'સ્વપ્નમાં અથવા બીજી રીતે દેવદર્શન થયું કે નહિ ?' એમાં નથી ને જો એવું કાંઈક દેખાયું તો ભારે આનંદ થશે, મનને ગૌરવ અનુભવાશે કે 'મારો જાપ સચોટ ! મંત્ર કેવો સરસ ફળ્યો !'...આ બધું શું છે ? સાધનાનો મુખ્ય હેતુ આત્માનાં અનાદિનાં વિષયનાં આકર્ષણ, તૃષ્ણાદિ કષાયના રંગ, રાગ-દ્વેષનાં હાલતે-ચાલતે સ્ફુરણ, અસમાધિ-અસમતાના તરંગ...ઈત્યાદિને ઓછા કરતા આવવાનો છે, તે તરફ જોવાનું બાજુએ રહ્યું, અને ચમત્કાર તરફ દૃષ્ટિ જામી ! મનમાં આતુરતા-કૌતુકવૃત્તિ રમતી રહી ! અહીં પ્રશ્ન થશે,

**પ્ર.**- પરંતુ જાપ-ધ્યાન કરીને પરમેષ્ઠી પરમાત્મામાં કંઈક લીન થતાં જવાનું

થાય એ પણ એક મહાન હેતુ સરે ખરો ને ?

**ઉ.-** પ્રશ્ન સારો છે, માત્ર પૃથક્કરણ કરવાની જરૂર છે, પરમાત્મા નિરંજન-નિર્વિકાર છે. એવા પરમાત્મામાં લીન થવાનું શી રીતે બને એ વિચારો. આપણા અંતરમાંના સંજ્ઞાઓના લેપ અને રાગાદિના વિકારોને ધક્કો લાગતો આવે તો ? કે ન લાગે તો ? હવે વિચારો કે ચમત્કાર દૈવી સ્વપ્ન દર્શન વગેરે તરફ લક્ષ હોય તો પેલી વસ્તુ શી રીતે બનવાની ? વળી આવશ્યક-પ્રતિક્રમણાદિ વિવિધ ક્રિયાઓમાં ભરપૂર પ્રવૃત્તિ ન હોય, તેવા ત્યાગ અને તપ ન હોય, અગર હોય તો માત્ર મંત્ર સાધનાને સફળ બનાવવાના હેતુથી જ હોય, તો એ સંજ્ઞાદિના લેપ અને રાગાદિના વિકારોને ધક્કો લાગવાનું શી રીતે બનવાનું ? એ ધક્કો ન લાગે તો નિર્લેપ-નિર્વિકાર પરમાત્મામાં લીનતા શી રીતે શક્ય બનવાની ? એકલા જાપ-ધ્યાનમાં આ મુશ્કેલી છે. ત્યારે ક્રિયામાર્ગને ધ્યાનપૂર્વક આરાધવામાં આવે તો લેપ અને વિકારને ધક્કો લાગતો આવવાની સારી શક્યતા છે. માટે જ શાસ્ત્ર જ્ઞાન-ધ્યાનની સાધનામાં ધ્યાન તરીકે ક્રિયામાં ધ્યાન અર્થાત્ તચ્ચિત્ત, તન્મન, તલ્લેશ્ય વગેરે તન્મય ભાવ સાધવાનું કહે છે.

હજી પણ સમજી રાખો કે આ આપણો આત્મા અનાદિકાળથી વિષય-કષાયના આંદોલનથી ઊકળતો છે, એને ધર્મસાધના કરીને ઠારવાનો છે. એના ચોક્કસ ઉપાય જ્ઞાન અને ધ્યાન છે. જ્ઞાન એટલે જિનવચનનો અભ્યાસ અને ધ્યાન એટલે વિવિધ ધર્મચર્યામાં તન્મયભાવ.

**ઉચિત અનુષ્ઠાન પહેલાં, ધ્યાન પછી :-**

આને આ રીતે સમજશો તો જ **'ज्ञान-क्रियाभ्यां मोक्षः'** જ્ઞાન અને ક્રિયાથી મોક્ષ થાય, એ વસ્તુની સંગતિ કરી શકાશે. તત્ત્વાર્થ સૂત્રકારે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રને મોક્ષમાર્ગ કહ્યો. એમાં પણ 'ચારિત્ર' પદથી સમસ્ત ચર્યામાર્ગ, ક્રિયામાર્ગ લીધો છે. સાધુ કે શ્રાવકપણાને ઉચિત ક્રિયાને પડતી મૂકીને એકલા જાપ-ધ્યાન કરવાનું જૈન શાસન ફરમાવતું નથી. **'ઉપદેશપદ'** નામના શાસ્ત્રમાં શ્રાવકને પણ ઉચિત અનુષ્ઠાન સાચવીને જ નમસ્કાર મંત્રાદિ-ધ્યાન કરવાનું કહ્યું છે, તેમ સાધુને માટે પણ ચારિત્રને ઉચિત અનુષ્ઠાન આરાધવાપૂર્વક જ ધ્યાન હોય એવું વિધાન છે. સૂક્ષ્મતાથી વિચારતાં પણ એ જ બરાબર લાગે છે. કેમ કે પહેલાં કહી આવ્યા તેમ જીવના વિવિધ દોષોનું નિરાકરણ ક્રિયા-માર્ગની આરાધના વિના થઈ શકતું નથી, એ સ્પષ્ટ દેખાય છે.

**ભરતને શી રીતે ધ્યાન :-**

ભરત ચક્રવર્તી પૂર્વજીવનમાં એની સાધના જોરદાર કરીને આવ્યા હતા,



અને આ જીવનમાં પણ સમ્યક્ત્વના આચારોનું સુંદર પાલન કરતા હતા; તેમજ સાધર્મિકો પાસે રોજ સાંભળતા કે **'તું જિતાયેલો છે, ભય વધે છે, સ્વ-પરને હણ નહિ, હણ નહિ'** આ પણ વિષયાસક્તિ અને કષાયાવેશને તોડવા માટે એક પ્રકારની ચર્યા જ છે. એ કરતાં કરતાં વિષય-કષાયના આવેશ એવા નબળાં પડી ગયા કે અરીસાભવનમાં સહેજ વાતમાં જબરદસ્ત અનિત્ય ભાવનામાં ચઢી ગયા. એમાં આગળ વધતાં આભ્યન્તર ચારિત્રમાર્ગ ખૂલતો ગયો, હિંસાદિ પરભાવથી નિવૃત્ત થતા ગયા ! શું કર્યું એ ? આંતરિક ચારિત્રમાર્ગ-ક્રિયામાર્ગની સાધના. એના દ્વારા અનાસક્તયોગી બન્યા, અને ધ્યાનની તાલી લગાવી કેવળજ્ઞાન પામ્યા ! મરુદેવા માતા પણ અન્યત્વ ભાવના દ્વારા આભ્યન્તર ચારિત્રમાર્ગ-ક્રિયામાર્ગ સાધતાં સાધતાં અનાસક્ત યોગી બની ધ્યાનની ધારાએ કેવળજ્ઞાની બન્યા.

**ચેતનમાં ક્યારે ઠરાય ? :-**

આ ઉપરથી સમજાશે કે ક્રિયામાર્ગની ભૂમિકા વિના એકલા ધ્યાનથી કાંઈ વળી શકે નહિ, અને ખરેખરું ધ્યાન હાથમાં આવે પણ નહિ કેમ કે જડના આકર્ષણ મટે તો ચેતનમાં ઠરવાનું થાય ને ? ત્યારે એ આકર્ષણને તોડવા માટે અણુવ્રતો-મહાવ્રતો, અને એના વિવિધ ઉત્તર ગુણોની ચર્યા આરાધવી જરૂરી છે. આ બધો બાહ્ય-આભ્યન્તર ક્રિયામાર્ગ જ છે. આનો ભાવપૂર્વક ખૂબ ખૂબ અભ્યાસ રાખવો જોઈએ. જૈન શાસને 'મન્હ જિણાણં આણં', શ્રાદ્ધવિધિ, શ્રાવક ધર્મ-પ્રજ્ઞપ્તિ વગેરેમાં શ્રાવક માટે અને યતિદિનચર્યા, ઉત્તરાધ્યયન, ઓઘનિર્યુક્તિ વગેરેમાં સાધુ માટે આ જ બતાવ્યો છે. હવે એને મૂકીને એકલા જાપ-ધ્યાનનો આગ્રહ રખાય ત્યારે વિચારવું પડે કે એથી શું મેળવવું છે ? દૃષ્ટિ ક્યાં છે ? અને દૃષ્ટિ કદાચ શુદ્ધ છે તો પણ તે જૈનશાસનની શૈલીનું અનુસરણ છે કે બીજી કોઈ શૈલીનું ?

**સાધના કરીને શું પરિણામ લાવવાનું ? :-**

સાધના કરીને શું મેળવવું છે, દૃષ્ટિ શાના ઉપર છે ? એનું માપ ત્યાં મળી આવે છે, કે સાધના કરતાં કરતાં કઈ જાતની પ્રાપ્તિ થવા પર જીવને સંતોષ થાય છે ? દાખલા તરીકે કોઈ ચમત્કાર દેખાયો, દેવતાનું દર્શન થયું, કે દુન્યવી ઈષ્ટ વસ્તુ સિદ્ધ થઈ અને એના પર જીવને ખૂબ સંતોષ થયો, તો માનવું પડે કે દૃષ્ટિ ભૌતિક છે, પૌદ્ગલિક છે. ધર્મસાધનાની સફળતા એમાં નથી. ધર્મસાધના કરીને તો જિન અને જિનવચનનો રાગ વધતો આવે, ઈન્દ્રિયોના વિષયો પર વૈરાગ્ય વધુ ને વધુ તેજસ્વી થતો જાય, લોભ-ક્રોધાદિ કષાય શમતા આવે, રાગદ્વેષાદિ વિકારો ઓછા થતા જાય, જિનાજ્ઞાવિહિત માર્ગ પર વધુ ને વધુ ચાલવાનું થાય; એ બધું કરવાનું છે. એકલા જાપ કે ધ્યાનની પૂંઠે પડવાથી વિચારજો કે એ કેટલું શક્ય છે ?

સાધુ અને શ્રાવકની દિવસ-રાતની ધર્મચર્યા શાસ્ત્રે શી બતાવી છે તે જુઓ તો જૈનશાસનની શૈલીનો ખ્યાલ આવે. એમાં જાપ અને ધ્યાનને કેટલા પ્રમાણમાં સ્થાન છે તે સમજાય. જૈન શાસન એનો સર્વથા નિષેધ નથી કરતું, પરંતુ મુખ્યપણે વિવિધ આચાર અને અનુષ્ઠાનોનો માર્ગ બતાવે છે, તેમજ એમાં ચિત્તની તન્મયતા કરવાનું ફરમાવે છે, અને એ 'ધ્યાન' છે; 'જ્ઞાન-ધ્યાનમાં મસ્ત રહેવાનું' 'ધર્મ ધ્યાનમાં ઉજમાળ રહેવું' એ કહેવા પાછળ આ રહસ્ય છે.

**સૂત્રાર્થ-પારાયણ એ મહાન ધ્યાનયોગ :-**

આચાર-અનુષ્ઠાનમાં રત બનતાં જિનવચનનો અભ્યાસ કરવાનો હોય છે; શાસ્ત્રાધ્યયન અર્થાત્ સૂત્રઅર્થનું પારાયણ કરવાનું હોય છે. આ મન-વચન-કાયાની ખૂબ એકાગ્રતા સાથે કરવાનું હોય છે, એ ખરેખરો ધ્યાન યોગ બને છે. મહામુનિઓ પણ એમાં તલ્લીન રહે છે. શ્રાવકો પણ એમને યોગ્ય શાસ્ત્રગાથાઓ અને અર્થના ચિંત્વનનો અભ્યાસ કરે છે, વિરતિ સાથે આવશ્યક ક્રિયાઓમાં અને જિનાગમના પારાયણમાં તન્મયતા, એ જિનશાસને મુખ્યપણે બતાવેલો ધ્યાનમાર્ગ જ છે. અલબત્ત એમાં પ્રાસંગિક અરિહંતનું ધ્યાન, પરમેષ્ઠીનું ધ્યાન, વગેરે આવે છે; પરંતુ મુખ્ય તો પહેલાં કહ્યું તેમ જ્ઞાન-ધ્યાન, અર્થાત્ અનુષ્ઠાન અને સૂત્રાર્થ પઠન-પરાવર્તન-અનુપ્રેક્ષા કહી છે. આની આરાધના કરતાં કરતાં (૧) જિનાજ્ઞાનું બંધન બરાબર માથે કરાય છે, (૨) કુવાસના-વિચારો ઘસાતા આવે છે, અને (૩) આત્મામાં તન્મય અને સ્થિર થવાની ભૂમિકા રચાતી જાય છે. આ પૂર્વે વિચાર્યું છે એને બરાબર લક્ષમાં લેજો, એટલે જિનવચનનો પ્રધાન સૂર સમજાશે; મહામુનિઓ જિનકલ્પી ચારિત્રવાળા મહર્ષિઓ ધ્યાનમાં રહેતા એટલે કે સૂત્ર અને અર્થના પારાયણમાં રત રહેતા, એ તરફ દૃષ્ટિ જશે.

**પ્રસ્તુત પરચિંતાનું અનુસંધાન :-**

ચાર ચિંતા પૈકી ચોથી પરચિંતાના પ્રકરણમાં એ વાત ચાલતી હતી કે પરના હિતની ચિંતા જરૂર કરવાની છે, પરંતુ તે પોતાનું હિત ગુમાવીને નહિ. એમાં તીર્થંકર ભગવાન કેવળજ્ઞાન પામ્યા પહેલાં ઉપદેશ નથી આપતા એ વસ્તુ વિચારી. સાથે એ વિચાર્યું કે મુનિઓ ઉપદેશ આપે છે તે પણ ગીતાર્થ-શાસ્ત્રજ્ઞ બન્યા પછી અને જિનવચનના અનુસારે. બાકી તો મુનિ માત્ર જ્ઞાનધ્યાનમાં લીન રહે છે. આ ઉપરથી સમજાશે કે પરના હિતની ચિંતા હજી ય કર્તવ્ય બને છે, પરંતુ પરની ખોટી 'તથા' જરાય કરવા જેવી નથી. 'ફલાણા આમ કેમ કરે છે ? પેલા ભાઈ મુંબઈ કેમ ગયા ? નથુભાઈનો મિજાજ ઘણો. પેથાભાઈ બિચારા માંદા ને માંદા જ રહે છે...' આવી આવી પરચિંતા કરવાનો કોઈ અર્થ નથી. શું મળે



એ પરચિંતામાંથી ? બહાર મગજ રખડતું થઈ જાય, અને પોતાનું ઘર ભૂલી જાય, આ મળે.

**માનવ મનમાં પરચિંતા એ કેવી બેહૂદી ? :-**

વિચારશો તો દેખાશે કે અહીં ઊંચામાં ઊંચી મનશક્તિ મળેલી હોવા છતાં એની ઘણી બરબાદી નિરર્થક પરચિંતામાં થઈ રહી છે. શક્તિ કેટલી બધી ઊંચી મળી છે ! અને એનો ઉપયોગ કેટલો બધો હલકટ કોટિનો કરાઈ રહ્યો છે !

**ઊંચી હીરાની ભસ્મ** ખરીદી લાવ્યા પછી કોઈ એનો ઉપયોગ ચોપડો લખ્યા ઉપર એની શાહી સુકાવી દેવા માટે એના પર ભભરાવવામાં કરે તો એ આપણી નજરે કેવો લાગે ? પરચિંતામાં કિંમતી મનનો ઉપયોગ આ જાતનો છે.

**મોટી પાઘડી ખરચી બજાર વચ્ચે દુકાન** લીધા પછી એમાં ગપ્પીદાસો અને મવાલીઓને ભેગા કરી ટોલટપ્પાં પાનાં-બાજી ખેલવાનું કરાય એ કેટલું બધું બેહૂદુ ?

**માનવ મનમાં પરચિંતા ઘાલવાનું કાર્ય પણ એવું જ છે.** આ તો સામાન્ય દૃષ્ટાન્ત છે, બાકી તો કિંમતી મનને પરચિંતામાં રગદોળવાનો ધંધો તો માત્ર શક્તિ વેડફી નાખવાનો જ નહિ કિન્તુ અનુપમ કમાઈ ગુમાવવાનો અને ભયંકર અનર્થ વહોરવાનો ધંધો છે.

**લાખ રૂપિયાનો વારસો** બાપે આપ્યો હોય અને એને જુગારના ચડસમાં ઊડાવવા માંડે. એમ પુણ્યે આપેલ કિંમતી મનના વારસાને પરચિંતારૂપી જુગારના ચડસમાં ઊડાવવાનું થાય છે. ચડસ એવો કે જાણે ગામનો ભાર એને સોંપાયો છે ! 'જાનમાં કોઈ જાણે નહિ ને વરનો ભા હું' જેવો ઘાટ છે. જેની ચિંતા પોતે કરી રહ્યો છે એણે એ કરવા કશું કહ્યું નથી, કે બીજા કોઈએ સોંપ્યું નથી કે આ ચિંતા તું કરજે, પરંતુ એક ખોટી આદત અને ચડસ છે કે વગર લેવા-દેવાએ મનમાં એના ભૂસાં ભરવાનું અને જીભથી એના થૂંક ઉડાડવાનું કેટલુંય કર્યે જવાય છે !

**દોષવાળાની જેમ પરચિંતાવાળા ય સંસાર વધારે છે :-**

કેટલીક વાર એવો બચાવ કરવામાં આવે છે કે 'અમે તો અમારા લાગતા-વળગતાની ચિંતા કરીએ છીએ, તે તો કરવી પડે ને ?' પરંતુ પરિસ્થિતિ એવી હોય છે કે એમાં કશું વળતું નથી; કેમ કે પેલા અસાધ્ય જેવા હોય છે. ત્યાં જ્ઞાનીઓ કહે છે કે 'એનું મમત્વ રાખી તું ચિંતા કરી રહ્યો છે, પરંતુ તે મમત્વ ખોટું છે. એ અસાધ્ય જેવા છે છતાં તું ખેંચાય છે એ તારો નિષ્ફળ અને કષાયવર્ધક અસમાધિભર્યો પ્રયત્ન છે. કષાયવર્ધક એટલે સંસારવર્ધક. સમજી રાખ કે જે માણસો

પોતાના દોષો ત્યજવા તૈયાર નથી, સુધરવા તૈયાર નથી, એને સુધારવા મથવું એ ખોટું અહંત્વ છે, એવા લોકો પોતાના દોષોથી સંસાર વધારે છે, ત્યારે તું ખોટા અહંત્વ અને ખોટી પરચિંતાથી સંસાર વધારી રહ્યો છે.' યશોધર મહાત્માના વિકાસકાળમાં ગુરુએ એમને નયનાવલિની ચિંતા મુકાવવા આ સલાહ આપી છે.

**પરચિંતામાં અસમાધિ અને કષાય :-**

વાત પણ વિચારવા જેવી છે. બાપ આકળો-ઉતાવળો થાય કે 'છોકરો અનાડી થઈ ગયો છે પરંતુ એ મારો છે ને ? તો કેમ ન સુધરે ? હું એને કેમ ન સુધારું ?' તો આ અસમાધિ અને કષાયભરી સમજથી કરાતી નિરર્થક અને અહંત્વપોષક પરચિંતામાં જાણે કર્મ કહે છે, 'ત્યારે તું ય સંસાર વધાર' બાપનું વળતું કાંઈ નથી, ને હૈયું અસમાધિભર્યું રહે છે.

પરચિંતાને અધમાધમ કહી છે એ વાત હૈયે બરાબર જાગતી રાખવાની છે. સંસારપાટમાં રખડતાં આ વસ્તુ તરફ લક્ષ જ નહોતું. અહીં દેવાધિદેવના શાસનમાં સદ્‌ગુરુઓ એ સમજાવનાર મળે છે, એથી બચાવવા હાથ પકડનાર મળે છે, પછી પણ બેપરવાઈ શા સારુ ? આપમેળે પરચિંતા મૂકવાની ગુંજાશ નથી, તેમ ગુરુનો સંયોગ મળવા છતાં સાંભળવું નથી અને પૂર્વવત્ પરચિંતાથી સળગતા રહેવું છે, ત્યારે વિચાર થઈ પડે છે કે ઉદ્ધરવાનો આરો ક્યાં ?

કેટલીકવાર વિચાર તો આવતો હશે કે 'કેટલાય જીવો અનંતાનંત કાળ પૂર્વે તરી ગયા અને અમે કેમ હજી પણ રખડતા ?'

પરંતુ ભૂલતા નહિ કે સંસારઅટવીમાં રખડવાનાં ઘણાં કારણોમાં પરચિંતા એક જબરદસ્ત કારણ છે, કેમ કે રખડપટ્ટીનો અંત લાવવા માટે જરૂરી આત્મચિંતાની સામે એ ભારે દીવાલરૂપ છે.

**જે મનમાં પરચિંતા રમતી હોય ત્યાં આત્મચિંતાને પ્રવેશ મળતો નથી.**

બુદ્ધિ તો જાતનો વિચાર કરવાની મળી, પરંતુ દુનિયા ડહોળવામાં એને વપરાય ત્યાં આત્મવિચાર શેં સ્ફુરે ?

**પરચિંતા સ્વચિંતાને ધુતકારે છે :-**

તપાસી જુઓ, પ્રતિક્રમણમાં કોઈ સૂત્ર બોલતાં ભૂલ કરે છે તે વખતે એની ભૂલો કાઢવાની આતુરતા રહે તો ત્યાં એ સૂત્રના પદેપદે સ્વદોષગર્હા પશ્ચાત્તાપ, પરમાત્મભક્તિ અગર ગુરુ બહુમાન દિલમાં ધીકતુ રહે છે ખરું ? ક્યાંથી રહે ? પરની ચિંતામાં પ્રવર્તતું મન સ્વની ચિંતામાં પ્રવર્તી શકે નહિ. બીજાની ચિંતા આત્મિક દૃષ્ટિએ કરે તો પણ તે વખતે સ્વની ચિંતા તરફ મન નહિ જાય. ત્યારે વિચારવા જેવું છે કે પરના એકાદ-બે દોષ જોવા પાછળ પોતાના ભરચક દોષોને



જોવા-સુધારવા મળેલો મહાન કિંમતી સમય વેડફી નાખવો એ કેવું ? કોઈકના ઘરની સહેજ આગની ચિંતામાં રહે અને પોતાનો લાખોનો બંગલો સળગતો હોય તેની આગની ચિંતા ને સંરક્ષણ તરફ જરાય ધ્યાન ન દે એ કેવો ગણાય ?

પરના દોષ દેખતા રહેવામાં પોતાના અઢળક દોષો જોવા સરખો ય અવકાશ નથી રહેતો, પછી એનો કેવી કેવી રીતે નિકાલ કરું, કઈ કઈ અને કેવી કેવી યોજના કરું, એની ગડમથલ તો ચિત્તમાં ચાલે જ શેની ?

એવી રીતે, ગામનું ગેઝેટ વાંચ્યા કરવાની લપ વળગી હોય ત્યાં પણ પોતાનું વાંચવાની ફુરસદ જ ક્યાંથી મળે ?

બંને પ્રકારની પરચિંતામાં સંસારના મૂળભૂત પાયા મજબૂત બને છે.

વિષયસુખની ચિંતામાં લાલસા પોષાય છે; સુખનાં સાધનભૂત અર્થની ચિંતામાં કાળી લેશ્યામાં રમવાનું થાય છે; ત્યારે પરચિંતામાં અહંત્વ, બાહ્યભાવ, જડની લગની વગેરે તાગડધિન્ના કરે છે. પહેલી બે ચિંતા ગુરુઉપદેશથી હજીય દબાય છે, પરંતુ પરચિંતા દબાવી મુશ્કેલ છે.

પેલો દેગુશા જાણે એમ જ સમજતો હતો કે બધું ડહાપણ મારામાં જ છે અને ધનાશા તો અક્કલનું બારદાન છે, એટલે એની એકેકી પ્રવૃત્તિ એને ખૂંચવા લાગી. જુઓ પરચિંતામાં એ કેટલો ધસ્યો જાય છે !

ધનાશા એની ઉદારતાથી દેગુશાના ગામવાળાને ખટાવે છે, ત્યારે દેગુશા પરચિંતામાં બળે છે, 'હાય આ કેવુંક ઉડાવે છે ! આમ પૈસા ફેંકી દેવાતા હશે ?' છોકરાને કહે છે, 'જોયું ? કેવો ઉડાઉ ?' પેલા કહે છે' 'એ તો ઉદાર કહેવાય. એને ઉડાઉ કહો છો ?' ત્યારે આ દબાવે છે, 'અલ્યા ! શું સમજો છો ? કેટલી દિવાળીઓ જોઈ છે ?' પરચિંતાનો ઈજારદાર કેવા અહંત્વમાં તણાય છે ! પાછો એના ઘેર ગયો અને ત્યાં ભારે સરભરા મળી તો ય પરચિંતામાં દૂબળો થાય છે ! 'અરે ! આવા અત્તરના પાણી નહાવા માટે ? નાસ્તામાં લીલાં-સૂકાં ફળ-મેવા ? એને શું કરવા'તા ? આનામાં કાંઈ અક્કલ-બક્કલ છે ? અને આટલા કિંમતી માલ અને વસ્તુઓ આમ ખુલ્લી મૂકે છે તે માણસો માંહીથી તફડંચી ન કરે ?'

"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૧૦,અંક-૩૫,તા.૨-૬-૧૯૬૨

દેગુશાની આ નિરર્થક પરચિંતા જ છે ને ? એને બિચારાને શી ખબર કે શેઠે માણસોના મોઢા એવા ભરેલા છે અને એ એવા લાયક છે કે સ્વપ્નામાં પણ

એમને ચોરીનો વિચાર જ ન આવે. મોઢાં ભરેલાં ન હોય અને દુકાન થોડી એના વિશ્વાસે મૂકો એટલે કેમ, તો કે માલના રૂપિયા પંદર ઉપજાવ્યા તો એમાંથી ચૌદ નાખ ગલ્લામાં અને રૂપિયો ખીસામાં. શેઠ મોઢું ભરવામાં થોડી કસર કરે તે પેલો ઠીક ઠીક જ ગજવું ભરે ! શેઠ સરવાળે કેટલું ગુમાવે ? અને પૈસા મારવા છતાં પાછો એ નોકર કૃપણ શેઠ પર એવો આદર-આસ્થા ન કરે, એ વળી જુદું.

અહીં તો નોકરો શેઠને દેવ જેવો સમજે છે, એટલે કોઈ ઘાલમેલ નહિ. દેવ એટલે સ્વર્ગનો રૂપાળો દેવ નહિ પણ મનુષ્ય લોકનો દિલાવર જીવ. જે પૃથ્વી પર તમે રહો છો એ જ પૃથ્વી ઉપર વસનારા આવા જીવ હોય છે ! તો ય તમને ઊર્મિ નથી જાગતી ?

ત્યારે ખૂબી જુઓ કે જાતે તો એવા દિલાવર દેવ બનવાની વાત દૂર રહી, પરંતુ પરચિંતા એને પચાવવા પણ દેતી નથી. દેગુશા પરચિંતામાં બળી રહ્યો છે, તેનામાં બીજાની દિલાવરતા પચાવી શકવાની તાકાત નથી. પરચિંતા રૂપી ડાકણ કેટલી પીડી રહી છે ! દિલાવર દેવનું જીવતું દૃષ્ટાન્ત નજરે જોવા મળે છે, છતાં ય પરચિંતામાં તત્પર આ હીન-ભાગીને પ્રેરણા લેવાનું સૂઝતું નથી ! જીવંત દૃષ્ટાન્તમાંથી જો પ્રેરણા ન લે, તો ઉપદેશમાંથી શું લે ?

ધનાશાએ તો એની ખાસી મેમાનગીરી કરવા માંડી છે, જાતભોગ કરતાં સવાયી; છતાં પરચિંતાના રસિયાને ઊંધું સૂઝે છે.

દિલાવરનું આ દિલ હોય છે કે મહેમાનને મારા કરતાં સવાયો સાચવું. દેરાસરમાં પૂજારી રાખો છો ને ? ભગવાનને સવાયા સાચવે એવું ઇચ્છો છો કે નહિ ? એ માટે શું કરો છો ? મંદિરમાં ગયા, ને જોયું કે પૂજારી ખુશમાં છે અને પ્રભુની સુંદર ભક્તિ બજાવી રહ્યો છે તો એને કંઈ ઇનામ દઈ દો ખરા ? એ વખતે હાથમાં કલદાર રૂપિયો પકડાવી દો ને કહો કે ‘પ્રભુની આવી ભક્તિ કરે છે એથી આ આપું છું,’ તો પેલો પછી ભગવાનને કેવા સાચવે-સમાલે ? પણ આ આવડે ક્યાંથી ? કેમ કે હિસાબ માંડી રાખ્યો છે કે ‘પેઢી એને પગાર આપે છે ને ? મંદિર, ઉપાશ્રય વગેરે તો સંઘના એટલે સંઘ સંભાળે ! એનો અર્થ દેવ ને દેરાસર આપણાં પોતાનાં નહિ ને ? ત્યારે ધર્મસ્થાનને આપણા પોતાના ન કરીએ તો પુણ્યાનુબંધી પુણ્ય એ આપણને પોતાનાં કરે ખરાં ?

અવસરે અવસરે તન-મન-ધનને સારા માર્ગે ખરચવાની તક મળે ત્યારે ભાઈસાબ એને તાળા-કૂંચીમાં પૂરે છે, એ કેવીક મૂર્ખાઈ ! પરચિંતા મૂકી દિલાવર બનવાનું મળે ત્યારે મન ક્યાં અટવાય છે એની ખૂબ ચોકસાઈ કરો, જીવને સિદ્ધશિલા પર પહોંચાડી શકાય એમ છે, પરંતુ તન-ધનને તાળાકૂંચીમાં પૂરવાની



મનની લુચ્ચાઈ પરખવા જેવી છે કે એ જીવને ઉપર જવા દેશે ?

**પરચિંતા કોણ કરાવે છે ?** એક તો ખોટી ખોટી આતુરતા-જિજ્ઞાસા મનને ચટપટી થયા કરે છે ‘પેલો કોણ આવ્યો ? ફલાણો શું કરે છે ? આ કેમ ગયો ? અહીં શું છે ? તહીં શું છે ?.. આવી આવી જિજ્ઞાસા, જાણવાની આતુરતા જીવને પરચિંતામાં ઘસડી જાય છે. પણ એ તો કહો કે આ જાણ્યું, તે જાણ્યું, પછી કરવાનું શું ? એનો કોઈ સંબંધ સ્વાત્મહિતની વિચારણામાં જોડવાનો છે ?

**સ્વાત્મહિતની વિચારણા આ** કે આત્માના દોષો કેમ ઓછા થાય, પોતાને દોષોથી બચવા સાવધાની કેમ મળે અને હવેથી એના કયા ઉપાય તથા કઈ કઈ તકેદારી રાખવાની, પોતાની પરિણતિ કેમ સુધારવાની, પોતાના સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રના પર્યાય કેમ વધારતા જવાય, હિંસાદિ પાપોમાંથી કેમ પાછા હટવાનું બને,...વગેરે. આવું આવું કાંઈ કરવાનું છે ? તો તો પેલું જાણેલું ઉત્તમ આત્મચિંતામાં ઉપયોગી થયું કહેવાય. પરંતુ એ તો ત્યારે જ બને કે પોતાનો આત્મા નજર સામે નિરંતર રમતો હોય, સ્વાત્મહિતનું મુખ્ય લક્ષ હોય. આવું કાંઈ ન હોય તો તો પરિણામ માત્ર પરની તપ્તિ (સંતાપ) પરની બળતરા અને પરના વલોપાતમાં આવીને ઊભું રહેવાનું. એ જ પરચિંતા બની.

આજની છાપા, રેડિયો વગેરેની પ્રવૃત્તિએ આ પરચિંતાને ખૂબ વધારી મૂકી છે. અલ્યા ભાઈ ! છાપામાં આવ્યું કે વિલાયતની રાણીને તાવ આવ્યો અને ડોક્ટરો સારવાર આપી રહ્યા છે, પણ આ જાણીને તમારે શું કરવું છે ? એ જાણવાનો તમારે શો ઉપયોગ છે ? ત્યારે કહે છે, ‘દુનિયાના ચારે બાજુના સમાચારથી માહિત તો રહેવું જોઈએ ને ? એમાં ખોટું શું છે ?’ પણ અહીં ‘પરચિંતા અધમાધમ છે’ એ શાસ્ત્રવચનને લક્ષમાં લેવાનું છે. એથી સમજાશે કે

દુનિયાભરનું એવું જાણવાની જરૂર નથી, કે જે જીવને બહાર ને બહાર રાખે છે, ને અંતરાત્મા તરફ દૃષ્ટિ પડવા દેતું નથી.

બહારનું જાણવાની આતુરતા તો એવી દુર્ગુણરૂપ બની જાય છે કે જેથી આત્મચિંતા વિસરાઈ જાય છે. અનુભવ તપાસી જુઓ એટલે ખબર પડશે ‘કે જ્યારે બહારનું જોવા-જાણવા બેઠા ત્યારે અંદરમાં દૃષ્ટિ કેટલી ગઈ ? અંતરાત્માનું નિરીક્ષણ અને સંશોધન કેટલું થયું ? થાય શાનું ? બહારનું બહુ જાણવાની આતુરતા જીવને બહારમાં અટવાવી દે છે. પછી ભલે ને નવકારવાળી ગણવા બેઠાં, સ્વાધ્યાય કરવા માંડ્યો, સામાયિકમાં જોડાયા, મંદિરમાં ગયા કે વ્યાખ્યાન સાંભળવા બેઠાં, પરંતુ પેલી આતુરતાનો દુર્ગુણ ખણજ ઊભી કરે છે. અને એ આડાંઅવળાં ડાફોળિયાં મરાવે છે ‘કોણ આવ્યું ? કોણ ગયું ? પેલો અવાજ શાનો આવ્યો ? પણે શું ચાલી

રહ્યું છે ? પેલા શું કહી રહ્યા છે ?... 'આ જોવા માટે આંખ દોડી જાય છે, ને એની સાથે મન દોડે છે. એટલે પછી ખલાસ, મન બહાર દોડ્યું ! એટલે અંતરંગ ભાવમાંથી ખસ્યું ! એમ વારંવાર બહારમાં જાય પછી જાપના, જ્ઞાનના, સમભાવના, દેવદર્શનના, કે ઉપદેશના સચોટ સંસ્કાર ક્યાંથી પડે ?

આ તો બહાર કાંઈ જોવા મળે એની વાત થઈ, પરંતુ એ ન હોય તો ય મન બીજા-ત્રીજા ફજૂલ વિચારોમાં પડી જાય છે, અર્થાત્ બહારમાં ચાલ્યું જાય છે, એટલે પેલી નવકારવાળી વગેરેની સાધનાના અંતરંગ ભાવમાં મન રહેતું નથી. તો એના સંસ્કાર પણ જાગતા નથી.

**પરચિંતા એટલે ફોફાં પીલવાની મૂર્ખાઈ :-**

આ બધું પરચિંતાનું નાટક છે. હવે વિચારો કે બહારનાં ડાફોળિયાં અથવા માનસિક વિચારો કે જેનો બે બદામનો લાભ નથી, એની પાછળ ક્રોડો-અબજો સોનૈયાથી ન આંકી શકાય એવા લાભવાળા સુંદર સંસ્કારો કમાવવાનું ચુકાય છે, એકાગ્રભાવની ધર્મસાધના ગુમાવવાનું થાય છે, એના પ્રભાવે થઈ શકે એવા અઢળક પુણ્યાનુબંધી પુણ્ય ઉપાર્જવાનું ગુમાવાય છે. નફામાં પરચિંતાથી કુસંસ્કારો અને રાગદ્વેષનો ભાર વધારવાનું થાય એ જુદું ! આ કેટલી મોટી મૂર્ખાઈ ગણવી ? ફોફાં ને સીંગદાણા સામે પડ્યા છે, એમાંથી કોઈ ફોફાં ઊંચકી મશીનમાં પીલવા લાગે અને સીંગદાણા તણાઈ જવા દે, એ તમને કેવોક મહામૂર્ખ લાગે ? તો એવી જ રીતે એક બાજુ તુચ્છ દર્શન-તુચ્છ વિચારો અને બીજી બાજુ અમૂલ્ય જ્ઞાન-ક્રિયાદિ, એ બેમાંથી તુચ્છ દર્શન-તુચ્છ વિચારોને મનરૂપી મશીનમાં ઘાલો અને કિંમતી જ્ઞાન-ક્રિયાદિને કાળના પ્રવાહમાં તણાઈ જવા દો, તો કેટલી મોટી મૂર્ખાઈ થાય ?; એનો વિચાર કરશો ? તમે તો વેપારી છો, નફા-તોટામાં સમજો છો, પછી આ મહાન આત્મિક લાભ અને નુકસાનનો વિચાર નહિ કરો ? આ જો વિચાર કરો, એને હૃદયમાં ઠસાવો, તો પછી ધર્મક્રિયામાં ચિત્ત ચંચળ રહેવાની ઘણી ફરિયાદ ઓછી થઈ જશે.

**બીજા-ત્રીજા વિચાર કેમ ટળે ? :-** ઘણાની આ ફરિયાદ છે કે 'શું કરીએ સાહેબ ! નવકારવાળી સીધી નથી ગણાતી, સામાયિકમાં મન સ્થિર નથી રહેતું, પ્રભુ-પૂજા-ચૈત્યવંદનમાં બીજા ત્રીજા વિચારો આવી જાય છે, શું કરીએ ?'

પરંતુ આ ટાળવા માટે,

**(૧)** આ ઉપાય છે કે પહેલાં કહ્યું તેમ ફોફાં અને સીંગદાણાનું દૃષ્ટાન્ત યાદ રાખી ચાલુ ધર્મક્રિયામાં સ્થિર મનના મહાન લાભ, અને ફોફાં જેવા વિચારોની ધૂળ જેવી કિંમત, એ બેનો હિસાબ નજર સામે રાખો, વિચારો કે 'અરે ! હું આટલો



બધો મૂર્ખ છું કે માલ છોડી ફોફાં પીલું ? ફોફાં જેવી પરચિંતા મને શું પરખાવવાની હતી ? તુચ્છ ડાફોળિયાં માર્યે શું મળવાનું હતું ? પરચિંતાના એ પ્રકારોમાંથી મળશે કાંઈ નહિ, ને જીવનનો સાધી લેવાનો કિંમતી સમય એટલો એળે વહી જશે !...' આવા વિચાર દિલથી કરાય, મનને સબળ બનાવાય, તો શક્યતા છે કે મન ચંચળની ફરિયાદ ઓછી થઈ જશે, પરચિંતાના મહાપાપમાંથી બચી જવાશે. માત્ર શક્યને અમલી બનાવવાનું મન પર લેવું જોઈએ. (૨) બીજું, પરચિંતાને કરાવનારી ખોટી આતુરતા જિજ્ઞાસાને દફનાવી દો. 'ફજૂલ જાણવામાં શું મળવાનું હતું ? મારા પ્રભુએ કહેલાં તત્ત્વના ભંડાર ક્યાં ઓછા છે તે એ તત્ત્વને જ વધુ ને વધુ ન જાણું-વિચારું ?' આ લક્ષ બંધાવાથી અને તે માર્ગે ઉદ્યમ કરવાથી ખોટી જિજ્ઞાસા-આતુરતા, ડાફોળિયાં, વગેરે ઓછી થઈ જશે.

(૩) પરચિંતાને પ્રેરનાર વધુ રાગ પણ છે. ચીજ-વસ્તુ, બાહ્ય જડ કે ચેતન, આપણાથી પર છે; એના પર જો બહુ રાગ હોય છે તો પણ એની ચિંતા, રાગ, એના વિચારો ચિત્તને સતાવ્યા કરે છે. એને નિવારવા માટે પેલો વધુ રાગ હટાવવો જોઈએ, મોળો પાડી દેવો જોઈએ. પૂછશો,

**પ્ર.**- વધુ રાગ મોળો શી રીતે પડે ?

**જડ-ચેતનની વિચિત્રતા વિચારવાથી રાગ ઘટે :-**

ઉ.- રાગને મોળો પાડવા માટે મનને તાત્ત્વિક સમજૂતી કરવાની જરૂર છે. સમજૂતી એ કે 'જોજે, જડ-ચેતનમય આ સંસારની ભારે વિચિત્રતા છે.'

**જડ વસ્તુઓની વિચિત્રતા એ, કે**

(૧) હમણાં જે સ્વરૂપ હોય તે પછી ન રહે; ઘડીમાં રાગ કરાવે તો ઘડીમાં અપ્રીતિ; એકને રાગ કરાવે તો બીજાને અરુચિ; ક્ષણભર આનંદ દેખાડે તો વળી પછી સંતાપ કરાવે.

(૨) ત્યારે પુદ્‌ગલની દૃષ્ટિએ જોઈએ તો મીઠાઈના પુદ્‌ગલ વિષ્ઠાના પુદ્‌ગલ બને છે, ને એ જ વિષ્ઠા-પુદ્‌ગલ ખાતરરૂપ બની ધાન્યના પુદ્‌ગલ સ્વરૂપ બને છે. એમ પ્રકાશના પુદ્‌ગલ ઘોર અંધકારના પુદ્‌ગલ બની જાય છે, ને એ જ પાછા પ્રકાશરૂપે બને છે. એથી ય આગળ જુઓ કે ચળકતા હીરા, સોના જેવા પદાર્થ પણ કાળે કરીને સડન-પડન-વિધ્વંસન પામી તદ્દન જુદી જ જાતના પુદ્‌ગલરૂપ બની જાય છે, કેટલાય જંગી પરિવર્તનો પામે છે. ધરમૂળમાં પુદ્‌ગલ રહે એટલું જ, બાકી તો પરિવર્તન પામતાં ક્યાંનો ક્યાં ય પહોંચી જાય છે. શું છે આ ? મહા વિચિત્રતા.

(૩) જુઓ, જ્યાં એક વખત મોટાં શહેરો હતાં, **ત્યાં આજે જંગલ થઈ ગયાં છે, અને જંગલો મોટાં શહેર** બની ગયા છે. ધનના ઢગલા ધરતીના પેટાળમાં

છુપાઈ જાય છે. કહો, શાલિભદ્રનો ખજાનો આજે મળે છે ? કહે છે બ્રિટિશ રાજ્યમાં શાલિભદ્રનો કૂવો ખોદવાનું કર્યું હતું, પરંતુ એમાંથી એવા ભમરા ઊડ્યા કે ખોદનારા મજૂરો ભાગાભાગ ! કોને ખબર ભવિષ્યમાં થનાર કોઈ ભાગ્યશાળી માટે જાણે અધિષ્ઠાયકો ચોકી ન કરતા હોય !

(૪) તો એ પણ જડની વિચિત્રતા રોજ જોવા મળે છે કે પ્રભાતનું હવામાન બપોરે નહિ, ને બપોરનું સાંજે નહિ ! સંધ્યાના ખીલી ઊઠેલા ચકચકતા રંગ ઘડી પછી કાળાધબ પડી જાય છે ! રસોઈના મૂળ પદાર્થો જુદી જુદી પદ્ધતિ, અને પ્રક્રિયા અને મસાલા સામગ્રી મળતાં કેવાક ભિન્ન ભિન્ન રૂપમાં પલટાઈ જાય છે ! મેલુંદાટ કપડું ઊજળું બાફ બને છે. અને ઊજળું એ મેલુંદાટ બને છે !

(૫) કર્મપુદ્ગલની વળી વિચિત્રતા એવી છે કે હમણાં કર્મ અમુક કર્મરૂપે બંધાયું હોય ને પછી એનું બીજામાં સંક્રમણ થઈ બીજું જ રૂપ બને ! શાતા અશાતા થાય ને અશાતા શાતાકર્મ ! એમ ઉદ્વર્તના-અપવર્તનાથી કર્મની રસ-સ્થિતિમાં ગજબના પલટા !

આવી આવી જડપુદ્ગલની વિચિત્રતા ઉપર સચોટ નજર રહે, તો એની અનિત્યતા અને વિચિત્રતા રાગને અને મોહને મોળા પાડી દે. મન એના તરફ ઉદાસીન બને, મનને એમ થાય કે 'આવામાં શું મોહવું'તું ? તો એની બહુ ચિંતા ય શી કરવી'તી ? એના વિચાર કરવા એ ભૂસાં કૂટવા જેવો ધંધો છે. જવા દે એની વિચારણા. વિચાર કાં તો એની અનિત્યતા, અસારતા, અન્યત્વ વગેરેના કરવા દે, અથવા તીર્થંકર ભગવાન વગેરે મહાપુરુષના ચરિત્રાદિના કરવા દે.' આ જડની વિચિત્રતા પર વિચાર કર્યો.

**"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૧૦,અંક-૩૬,તા.૯-૬-૧૯૬૨**

હવે **જીવોની વિચિત્રતા** એ, કે

(૧) જીવો બિચારા વિચિત્ર કર્મને પરવશ છે, યા નિરનિરાળા તથાભવ્યત્વને આધીન છે, અથવા વિચિત્ર ભવિતવ્યતાને પરતન્ત્ર છે, તેથી એના લીધે વિચિત્ર આચરણ કરે છે, વિચિત્ર રૂપરંગ ને ગુણદોષવાળા હોય છે, એમ,

(૨) જીવોના જ્ઞાનાવરણ કર્મનો ક્ષયોપશમ વિચિત્ર છે તેથી બુદ્ધિ વિચિત્ર વિચિત્ર થાય છે, એના યોગે તેવી તેવી વિચિત્ર પ્રવૃત્તિ કરનારા બને છે. એમ,

(૩) જીવોના દરેકના પૂર્વ જન્મોના સંસ્કાર વિચિત્ર વિચિત્ર હોય છે, એટલે એના યોગે એમનામાં જુદી જુદી જાતના સ્વભાવ, વિચિત્ર વિચિત્ર ટેવો, નિરનિરાળા રસ-શોખ વગેરે જોવા મળે છે. વળી



(૪) જુદા જુદા દેશ, ભિન્ન ભિન્ન કાળ, વિચિત્ર સંયોગો, વગેરે પણ જીવોની પ્રવૃત્તિમાં વિચિત્રતા દેખાડે છે.

જીવોમાં દેખાતી વિચિત્રતા ઉપર જો લક્ષ રહે તો વિચિત્રતા ઉપર ચિંતા કરવાની જરૂર શી ? વિચારજો, મન જે આપણું પરચિંતામાં પડે છે તે ચિંતા કેવી ? 'ફલાણાને આવી કુટેવ છે. એનો સ્વભાવ તામસી;...ખાવાનું ભાન જ નથી રાખતો...પેલાના પૈસા ઘાલ્યા છે તે હવે દાદ જ નથી આપતો...' આવી આવી જ ને ? છે કોઈ એમાં માલ ? ત્યાં જો એક જ વિચાર કરી લીધો કે 'અનેકવિધ વિચિત્રતાના કારણે એવું એવું વિચિત્ર બને એમાં નવાઈ નથી, તો મારે શા સારુ એના પર કોઈ જ ચિંતા કરવી ? ફજૂલ વિચારો કરવા ? હજીય વિચાર કરવા હોય તો જીવોની ભાવદયાના કરું, પ્રભુ એમને સદ્બુદ્ધિ આપો જેથી બિચારા ઉન્માર્ગ પર ન ચાલે.'...અથવા પહેલાં જડની ચિંતા ટાળવા જે સામેની બીજી શુભ ચિંતાઓ બતાવી તેવી કરી શકાય. પણ ગમે તે રીતે પરચિંતાથી બચવાનું.

(૫) જીવોની એક વિચિત્રતા જુઓ કે, આ જગતમાં જે એક વાર માતા બને છે, તે બીજી વાર પત્ની બને છે, પુત્ર બને છે અને જરૂર પડ્યે દુશ્મન પણ થાય છે. એમ દુશ્મન મરીને મિત્ર કે પુત્ર બને છે. જેના પર એક વાર હાડોહાડ વૈર હતું, તે હવે મરીને પુત્ર થઈ આવે એટલે એના જ પર વહાલના ફુવારા છૂટે છે ! કેવીક વિચિત્રતા ! આ જો ધ્યાનમાં લેવાય તો ખોટી ચિંતા કરવાનું મન થાય ?

### બાપ દીકરો બની મૌન :-

શાસ્ત્રમાં એક પ્રસંગ આવે છે. એક બાપ મરીને પોતાના જ છોકરાનો પુત્ર બને છે. આજુબાજુના સંયોગો તાજા અનુભવ્યા છે તે જોતાં એને જાતિસ્મરણ જ્ઞાન થયું. જોયું કે 'આ તો જેને હું દીકરા દીકરા કરીને હરખાતો તે હવે મારો બાપ થયો. તો હું હવે એને 'બાપા' કેમ કહું ?' મન સંકોચ પામ્યું, એટલે બોલવાનું જ બંધ કર્યું. બધાને આશ્ચર્ય સાથે દુઃખ થયું કે "આ કેમ મૂંગો થઈ ગયો !" દિવસો, મહિના જવા લાગ્યા. આ સાવ મૌન છે ! એટલામાં જ્ઞાની ગુરુ પધાર્યા, અવધિજ્ઞાનથી એની હકીકત જોઈને એને શિખામણ આપે છે, 'મહાનુભાવ ! સંસાર વિચિત્ર છે એમાં બેહૂદુ બને એમાં નવાઈ નહિ ત્યાં પછી એની ચિંતા કરે એ નકામી છે કે મારા દીકરાને હું બાપા કેમ કહું ? અરે ભાઈ ! બાપ તો તું હતો ત્યારે હતો, અત્યારે શું છે ? અત્યારે તો તને જેણે જન્મ આપ્યો એ બાપ અને તું દીકરો ! માટે એ વિચિત્રતા સંસારના સ્વભાવે સમજી મૂંઝવણ રહેવા દે,

વ્યવહાર પાળ' પેલો તરત સમજી ગયો, બોલતો થઈ ગયો.

વાત સાચી છે, સંસારના વહેવાર ઉલંઘાય નહિ, માત્ર સમજી બૂઝીને એ વ્યવહાર પાળવાના. શું સમજીને ? એ જ કે જે અત્યારે આપણા બાપ, મા કે પુત્ર-પુત્રી છે, એ પૂર્વ જન્મોમાં જુદી જ સગાઈવાળા હતા, યા દુશ્મન હતા. માટે ખોટા રાગમાં તણાવું નહિ. ઉદાસીન ભાવે, હૈયાના અલિપ્તભાવે વ્યવહાર પાળવાનો. કેમ કે જો દા.ત. દીકરા પર બહુ વહાલ ઊભરાઈ આવે છે એટલે 'મારો દીકરો બહુ વહાલો' એમ રાગ કર્યો છે તો કદાચ ભારે પડી જશે. કારણ કે કોને ખબર એ અહીં જ મોટો થઈને આપણો જ દુશ્મન નહિ થાય ? ખોટા રાગમાં તણાવાથી તો ખોટી પરચિંતા ચાલે છે. દીકરો એના તાનમાં રહેતો હોય, બાપનું વળવાનું કાંઈ ન હોય, છતાં એની ચિંતા ચાલ્યા કરે છે, 'દીકરો શું કરતો હશે ? એનું બિચારાનું શરીર સારું રહેતું નથી. પરંતુ પાછો આપણું કહ્યું માનતો નથી. લાવને એની પાછળ તો હું પૈસાય વેરી નાખું. પરંતુ એ કહ્યું માને તો ને ?...' વિચારો આવી ને આવી પરચિંતામાં કાંઈ વળવાનું છે ? ના, ઊલટું પોતાનું મન બગડવાનું છે. ખબર નથી કે

આ માનવના અવતારનું મન બહુ કિંમતી છે. કરોડો રૂપિયા આપી દ્યો છતાં એ વેચાતું મળે એવું નથી. એવા મનથી નિષ્ફળ ચિંતા કરવાની કે સફળ ? સફળમાંય આત્મહિતકર ચિંતા કરવાની કે આત્મઘાતક ? **'ઉત્તમા આત્મચિંતા સ્યાત્.'** પણ મનની કિંમત હોય તો ને ?

હોશિયારી હોય તો અર્થકામના ઘેરાવા વચ્ચે પણ આત્મચિંતા કરે. અબૂઝ હોય તો ધર્મના વાડામાં આવવા છતાં વિષયચિંતા, અર્થચિંતા અને આગળ વધીને અધમાધમ એવી પરચિંતા કર્યા કરવાનો !

પેલો દેગુશા જોયો ને ? ધનાશાને ત્યાંથી પાછો ઘેર આવ્યો ત્યારે ય કૃપણતા તો ખોટી સમજ્યો પણ દૃષ્ટિ ક્યાં ગઈ ? લહેર ઊડાવવા પર એટલે છોકરાઓને એમ નથી કહેતો કે 'આ જિંદગી એળે ગુમાવી, પણ હવે કાંક સાધી લઈએ. જીવન તો નભે જ છે, તો આ રૂપિયા લઈ આવ્યો છું તેમાંથી કંઈક આત્મ-કલ્યાણ સાધી લઈએ.' ના, આ કાંઈ સૂઝતું નથી, એને તો લહેર સૂઝે છે, તે કહે છે, 'જાઓ દરજી બોલાવો, આ ચીંથરાં મૂકો, નવાં કપડાં સિવડાવીએ. રૂપિયા લઈ આવ્યો છું, આનંદમંગળ કરો, નવાં વાસણ વસાવો, આ ઠીકરાં કાઢી નાખો. શીરાપૂરી કરો...' પરંતુ અંતે શું પામ્યો એ ? છોકરાઓએ ગાંડપણ સમજી નવ ડામ દીધા. ત્યારે ડોસો પામી ગયો કે 'ધનાશાનું જોઈને મને આ ચાળો સૂઝયો એ નકામો છે, માટે ડાહ્યો થઈ ચાલતું હોય એમ ચાલવા દે.'



પહેલેથી પરચિંતામાં પડવાથી પરિણામ ક્લેશ-કષ્ટનું આવીને ઊભું રહે એમાં નવાઈ નથી. જીવની ઘેલછા છે તે વાતવાતમાં જાતની ચિંતા કરવાને બદલે પારકાની ચિંતા કર્યા કરે છે. 'અલ્યા ! જાતનો જરા બેસીને વિચાર તો કર કે કેટલું પુણ્ય લઈને આવ્યો હતો ને એમાંથી કેટલું ખાઈ ગયો ?' ખુશી થાય છે કે 'શરીરની સુખાકારી ધનમાલ-ખાનપાન સારાં મળ્યાં !' પણ એ નથી જોવું કે 'પુણ્ય સિલકમાં રહ્યું કે ગયું ?' અહીં જન્મીને ઠીક ઠીક શાતા રહી, ઠીક ઠીક માલ મળ્યો એનું પુણ્ય હવે ઊભું ? કે રવાના ? આવા તો લાખો કરોડો શું, અનંતા ભવ ભોગવ્યું, પણ ભોગવી ભોગવીને પરિણામ ક્યાં ? પૂર્વનું માંડ રળેલું પુણ્ય ચટણી થવામાં જ ને ? એવું ન હોય તો દેવતાને દિવ્ય સુખોના અંતે ડિસમિસ થવું પડે ખરું ?

**બીજાનું જોઈ ભૂલા પડાય છે.** પણ આંધળિયા કરવા છે, બીજાનું જોઈ જોઈ પોતાને ય આંધળી દોટ મૂકવી છે ! શું છે આ ? બીજાનું જોવું એટલે પરચિંતા. એમાં વળી સમૂહ આખો કરકસરિયો હોત તો કદાચ પોતે રંગરાગથી બચત, પણ બીજાના વૈભવવિલાસ જોઈ પોતાનું હૈયું ઊછળે છે, આત્મચિંતા ગુમાવી અર્થકામની હોળી સળગાવે છે. પરચિંતા, પરદૃષ્ટિ આ કામ કરે છે. ત્યાં પછી કદાચ અમારા જેવા કાંક જાગૃતિ આપે તો શાની ઝિલાય ? એ તો અમારી સાથે ય બચાવનો વાદ માંડે.

**બચાવનો વાદ :-** એમ કહીએ, 'કેમ મહાનુભાવ ! કોઈ આત્મચિંતા કરો છો ને ? જુઓ આ બધું પુણ્યના યોગે પામ્યા છો, પરંતુ એમાં પુણ્ય ચૂકવાનું જાય છે, એ ન ભૂલશો. એટલે હવે નવું પુણ્ય ઊભું કરવાનું છે.'

ત્યારે એ કહેશે, 'પણ સાહેબ ! પુણ્ય તે શી રીતે કરે ? સંયોગ સરખા જોઈએ ને ?'

અમે કહીએ, 'ભાગ્યવાન ! જે સંયોગ મળ્યા છે એ કાંઈ એમ ફરી જવાના છે ? અને સારા સંયોગની રાહ જોવામાં સમય વહી જાય છે, એ ખબર છે ? માટે મળેલા સંયોગોની વચ્ચે રહીને જ પુણ્યાઈ કમાઈ લેવા જેવી છે.'

ત્યારે એ કહે છે, 'પણ મહારાજ ! તમે શું જાણો મારે કેટલી ચિંતા છે ? આ ઘરવાળાનો સ્વભાવ ભારે તીખો ! છોકરો એની ધૂનમાં ચાલે છે. પાડોશી બહુ ઝગડાખોર ! શેઠ અક્કરમી મળ્યો છે...' ચાલ્યું આ પરચિંતાનું નાટક ! આ પણ એક જાતની પરચિંતા જ છે. પુણ્ય ન કરી શકવામાં પરનો વાંક કાઢે છે. આમ પરનું જ મનમાં આવ્યા કરે છે એટલે આત્મચિંતા પોતાના આત્માનો વિચાર કરવાની, પોતાનો કાંઈ વાંક દેખવાની વાત ક્યાં રહે ?

**દુનિયાદારીમાં જાતની ચિંતા આવડે છે ! :-**

ઘર ચલાવવાની ચિંતા છે તો બજારનો વાંક, વેપારી-ઘરાકનો વાંક, એવું એવું કાંઈ જોઈને બેસી નથી રહેતો. એ તો ઝટ જુએ છે કે આ સંયોગો વચ્ચે મારું કામ કેમ કરી લઉં ? અલબત્ત મારા સંયોગ દૂબળા છે, પરંતુ એમાં ય જેટલો રસ્તો નીકળે એટલો કાઢીને ધંધો કરું.' એમ વિચારી ધંધામાં મંડે છે, મથે છે. ત્યારે શું પુણ્યાઈ રળવા માટે આવું ન બની શકે ? ભલેને સંયોગો, પરિસ્થિતિ નબળા હોય, એની વચ્ચેથી શક્ય એટલી પુણ્યાઈ કમાવાનો માર્ગ કાઢું. એ માટે મંડું, મથું' એમ ન થાય ? થાય, પણ ક્યારે ? ત્યાં જેમ મનમાં ચોક્કસ બેઠું છે કે ઘર ચલાવ્યા વિના ન ચાલે, તેમ અહીં બેસી જાય કે પુણ્યાઈ રળ્યા વિના ન જ ચાલે, તો.

**ધર્મમાં અખાડા ? :-** દુન્યવી કાર્ય માટે પરચિંતા, પરનિરીક્ષણ પડતું મૂકી જાત તરફ જોવાય છે, કાર્યના પ્રયત્નમાં અખાડા નથી કરાતા કે 'શું કરીએ ? શરીર સારુ નથી, શેઠ વાંકો છે, બજાર વિચિત્ર છે, ધંધો શું કરીએ ?' આવા અખાડા નથી કરાતા, તેવી રીતે પુણ્ય કમાવામાં, ધર્મ સાધતા રહેવામાં કેમ અખાડા કરાય છે ? શા સારું બીજા-ત્રીજાની ખામી જોઈ બેસી રહેવાય છે ? તપાસજો, આજ જડશે કે હજી આત્મચિંતાનો આતશ સળગતો નથી, ધર્મની તેવી ભૂખ નથી, સંયોગો જોવાની કુટેવ પડી ગઈ છે. આ સંયોગ એટલે પરચિંતા. કુટેવ પરચિંતાની છે.

**અંતર અવાજની સુટેવ :-** ત્યારે પરચિંતા કાઢવી હોય તો સંયોગોને જો જો કરવા-વિચાર કરવાનું રહેવા દઈ ઉપેક્ષા કેળવો, ઉપેક્ષાની ટેવ પાડો. એવો અંતર-અવાજ નિશ્ચિતપણે ઊભો કરો કે 'મારે સંયોગો અને બીજાઓ સામે જોવાનું શું કામ છે ? શું મારે મારું સાધી નથી લેવું ? સાધવું જ છે, તો આ પરિસ્થિતિની વચમાં રહીને સારું કરી લેવાનું કેવી કેવી રીતે શક્ય છે એ જ જોઉં' આ અવાજને ગોખો, ઘૂંટો, પછી એ સહજ બની જશે.

**નરસા સંયોગમાંથી આશ્વાસન :-** ઘરના માણસો તીખા મળ્યા છે, એની વચમાં સૌમ્યતા કમાવવી છે, તો એ જ જોવાનું કે 'તીખા હોવા દો, છતાં બીજી કઈ કઈ રીતે મારું બજાવે છે ? મારે કેવા કેવા ઉપયોગી છે ?' એ બરાબર નજરમાં આવ્યું એટલે સૌમ્યતા રાખવી સહેલી થવાની; આમાં જુઓ તીખાશની ઉપેક્ષા પહેલી.

શરીર ઢીલું પડ્યું છે, ઉપેક્ષા કરવાની કે 'ઢીલું પડવા દો. શરીરનો સ્વભાવ છે.' સ્નેહી વાંકા થયા છે, ઉપેક્ષા કરો કે 'હોય, એ ય કર્મને આધીન છે, હું ય કર્માધીન છું. સૌ-સૌનાં કર્મ અનિવાર્ય છે, તો એ કર્મના ફળની ચિંતા શી ?' ખર્ચા વધ્યા છે, આ ઉપેક્ષા કરો વધવા દો. **મિયાં ચોરે મુઠ્ઠે, ને અલ્લા ચોરે ઊંટે.** કર્મને ચોરવું જ છે, તો એને તો એક નહિ તો બીજો પ્રકાર મળવાનો. માટે એની ચિંતા છોડ, ઉપેક્ષા કર. ઊલટું, લાલા ! લાખ, તો સવા લાખ, એ ન્યાયે ભેગો ધર્મનો ખર્ચ વધારે.'

**ઉપેક્ષાભાવનો પ્રભાવ :-** મન ઘણું મારવું પડશે, આત્મામાં ઘણી ઘણી મગરૂબી રાખવી પડશે કે 'હું પરચિંતા ન જ કરું.' કોઈ પણ બીજી વ્યક્તિનો વિચાર સ્ફુરે તેવો જ એ વિચારને બેસાડી દેવાનો; ઉપેક્ષાભાવના ભાવવાની, કેમ કે જો આ ઉપેક્ષાભાવના નહિ હોય તો માનો કે માણસ રૂપિયા દસ હજાર રળી લાવ્યો છતાં એ સુખી નહિ થાય. કેમ કે એની નજરે બાજુવાળો દેખાયા કરે છે 'એ લાખો રૂપિયા કમાયો ને હું કેમ રહી ગયો ?' આવી કોઈ પરચિંતા સતાવ્યા કરે છે. બસ, એ પરચિંતામાં સુખ ગયું.

ઉપેક્ષાભાવ રાખવાથી પરચિંતાની બલાથી છુટાય છે, અને ઈર્ષ્યાથી બચાય છે. એટલે સુખના અનુભવ થાય છે. નહિતર તો છતે સુખસાધને પરચિંતામાં સુખનો અનુભવના ફાંફાં.

ગામડે રહેતો, સાદું ભોજન, એક ધોતી ને એક બાંડિયું, મસ્ત હતો. પરંતુ વધુ કમાઈ માટે મુંબઈ આવ્યો. આવ્યો સુખી થવા કે દુઃખી ? પણ પરનું જોવામાં સંતાપ વધ્યો, 'બાજુના પાડોશી શું કમાય છે ? શું પહેરે છે ?'... વગેરે જોવામાં પડ્યો કે સુખ ગયું. ચિંતા વધી.

ઉપેક્ષાભાવ દ્વારા જાતનો ટૂંકો હિસાબ ન આવડે તો નવા જમાનાની નવી નવી સગવડો જોવામાં પડવાનો, પરનું જોવામાં ડૂબવાનો.

સિનેમા શું છે ? આખી ય પરચિંતા. ભલે મન માની લેતું હોય કે નવું નવું જોવામાં આનંદ આવે છે, પરંતુ સૂક્ષ્મતાથી જુઓ કે વચ્ચે-વચ્ચે સંતાપ કેવા ઊઠે છે ? આખુંય જોઈને ઘરે આવ્યા પછી પરની તુલનામાં મન કેવુંક દુભાયા કરે છે ! પરનું જુઓ તો બીજું શું મળે ? અરે ! કદાચ પોતે વધુ પુણ્યોદય ભોગવતો હોય તો ય બીજાની રાશિ જોયા પછી જે અભિમાન થશે, બીજા તરફ તુચ્છકાર થશે, એ પણ એક જાતનો સંતાપ છે, આત્માને તપવાનું છે. દુન્યવી વસ્તુના દ્વેષના અને દુઃખના તપારા કરતાં રાગ અને સુખનો તપારો ભારી છે, ઊંડો ઉકળાટ છે. ઉપરથી ઠંડું દેખાય, અંદરખાને મોટી અસમાધિ ! પરચિંતા, પર નિરક્ષણ, પરના શ્રવણમાંથી આ મળે છે.

આજનાં છાપાં, રેડિયો, સિનેમા, ક્લબ વગેરેમાંથી પરચિંતા ભારોભાર ઊભી થાય છે. જે ચિંતા, વિચારણા, જે જોવું, સાંભળવું, વાંચવું, વગેરેમાંથી કાંઈ જ મળવાનું નથી એવી નિષ્ફળ ચિંતા વગેરેનું પોષણ આ છાપાં, રેડિયો વગેરે કરે

છે અને માણસને એનો એવો ખોટો રસ લાગી જાય છે કે પછી ટાઈમે-ટાઈમ એની હાજરી ભરવા જોઈએ છે. એ ન મળે તો ચેન નથી પડતું એમ વલવલાટ થાય છે કે આજે હજી છાપું કેમ નથી આવ્યું,' 'ભાઈ ! તેથી તમારે શું અટકી પડ્યું ?' તો કહે છે કે 'પણ દુનિયાની નવા-જૂની જાણવી જોઈએ ને ?' અરે મહાનુભાવ ! શું કામ જાણવાનો આગ્રહ ? એ જાણી જાણીને તો મગજ બગડી ગયું છે તે કેટલા કષાયો કરે છે, અને દેવદર્શન, નવકારવાળી વગેરે ધર્મક્રિયા વખતે પણ કેટલાય આડાઅવળા વિચારો કરે છે. આ લપ શા સારુ જોઈએ ? શું તમને લાગે છે કે એવું બધું જોવા-વાંચવા-સાંભળવાનો રસ હોય અને એ જોતા-સાંભળવા રહો તો પરચિંતા ઓછી થાય ?

બહુ વિચારવા જેવું છે. આપણે આ ઉત્તમ અવતારમાં આવ્યા છીએ તે વિષયચિંતાદિ બધી પાપચિંતાઓથી છૂટી ઉત્તમ આત્મચિંતાવાળા બની જવા માટે અદ્‌ભુત તક છે. અહીં પાછા એની એ ચાલુ રાખીએ, વધાર્યે જઈએ તો પરિણામ શું ? ભૂલશો નહિ કે એ બધી ચિંતાઓ કરી તે કાંઈ એમ જ ચાલી જાય ! ના, એ એના કુસંસ્કાર આત્મામાં દૃઢ કરતી જવાની. આ વસ્તુ અનુભવસિદ્ધ છે. પૂર્વાવસ્થામાં એવી પાપચિંતા બહુ કરી હોય છે તો એના કુસંસ્કારોની અસર પાછલા જીવનમાં દેખાય છે; આત્મચિંતામાં એ મનને સીધું લાગવા દેતા નથી. ત્યારે પાપ બંધાય છે એ તો વળી જુદું. તો આત્મા નિઃસત્ત્વ બને એ પણ મહાનુકસાન છે.

## બાળ વિધવા યશોમતીનો પ્રસંગ.

**પરચિંતા આત્માના સત્ત્વને હણે છે.** પછી કર્તવ્ય ભુલાઈ જાય અને અકાર્ય માથે ચઢી બેસે, એમાં નવાઈ નથી. પરચિંતા કરતી વખતે આની કોઈ કલ્પના ય ન હોય, પરંતુ સત્ત્વ હણાઈ ગયા પછી એ પરિણામ આવીને ઊભું રહે ત્યારે આશ્ચર્ય લાગે છે કે 'અહો ! આવું બની ગયું !' પરંતુ એ ક્યાં ખબર છે કે પરચિંતાની ઊંડી અસરો કેવી કેવી પડ્યા કરે છે ! આપણે માનતા હોઈએ કે **'એમાં શું થઈ ગયું ?** આ તો જરા જોઈ લઈએ, જાણી લઈએ એટલામાં શું બગડી ગયું ?' અથવા 'જરા જાણવાનું મળે છે.' આવી આવી ઘેલી માન્યતાઓ આપણને ફસાવે છે. 'એમાં શું ? જરા જાણી લઈએ, એવું કરતા જવાય છે, પ્રારંભમાં કોઈ પ્રગટ અકાર્ય દેખાતું નથી, પરંતુ છૂપી રીતે અંતરાત્મામાં કામ ચાલુ થઈ જાય છે ! અને મોકો ઊભો થતાં અનુચિત કાર્ય બની જાય છે ! અસદ્ માર્ગે ઘસડાઈ જવાય છે. પછી ત્યાં સન્માર્ગનાં શ્રવણ પણ કર્યાં હોય, છતાં સાથે સેવેલી પરચિંતા ગુલાંટ ખવરાવી દે છે. આના પર એક દૃષ્ટાન્ત જોઈએ.



**ધર્મિષ્ઠ કુશળચંદ :-**

એક નગરમાં કુશળચંદ નામે એક શ્રાવક રહેતો હતો. પુણ્યના યોગે એ બે પૈસે સુખી હતો. સાથે એનું દિલ ધર્મિષ્ઠ હતું; એથી એના આશ્રિત વર્ગ ઉપર ધર્મની છાયા હતી. પૈસાની સાથે જો ધર્મિષ્ઠ દિલ ન હોય તો જાતનું અને આશ્રિતનું બિચારાનું આવી બન્યું !! કેમ કે ત્યાં પૈસાના જોર પર કેઈ પાપ ચાલવાનાં. આજના કેટલાય શ્રીમંતો અને એમના આશ્રિતોની દુર્દશા જોવા મળે છે ને ? દિલ ધર્મિષ્ઠ નહિ એટલે કાં તો મહાકંજૂસાઈ, યા યથેચ્છ રંગરાગનાં નાટક ચાલવાનાં.

કુશળચંદ ધર્મિષ્ઠ દિલવાળો છે, એથી એને ત્યાં દાન-શીલ-તપ-ભાવનાની પ્રવૃત્તિ ચાલ્યા કરે છે. એને યશોમતી નામની એક પુત્રી છે, પરંતુ બહુ નાની વયમાં વિધવા બનેલી. છોકરીના લગ્ન પછી થોડા જ વખતમાં એનો પતિ કોઈ અકસ્માત્ વ્યાધિમાં સપડાયો, વ્યાધિ જીવલેણ નીવડી અને બે ચાર દિવસમાં એનું મૃત્યુ થઈ ગયું !

**આસક્તિ-અભિમાનના પરિણામે :-**

કર્મના અંધાર પિછોડામાં કોણ જાણે શું ય ભર્યું પડ્યું છે, એની ભલભલા ચમરબંધીને ખબર નથી પડતી. દીકરી પરણાવતી વખતે કોઈ કલ્પના નથી હોતી કે ટૂંક સમયમાં જ આને રંડાપો આવવાનો છે ! પરંતુ એ ખબર પડે તો છૂપાં કર્મની જોહુકમી જાણીબૂઝીને કોણ વધાવી લેવાનું પગલું માંડે ? આ તો ખબર નથી પડતી એ વાંધા છે. આ સ્થિતિમાં સમજી રાખવા જેવું છે કે ભાવી કર્મની જો ખબર નથી તો કોઈપણ મનગમતા સંયોગોમાં આસક્તિ ને અભિમાન કરવું નકામું છે; કેમ કે કાલે ઊઠીને જો અશુભ કર્મ ઉદયમાં આવ્યા અને મનને અણગમતું ઊભું કર્યું તો પેલી આસક્તિના વિષયને ધક્કો લાગવાથી કલ્પાંત થશે, અને પૂર્વે અભિમાન કર્યું હોવાથી હવે ભોંઠા પડવાનું થશે, તથા હૈયામાં જબરી દુભામણ ઊભી થશે. આસક્તિ અને અભિમાનના યોગે કર્મભાર અને કુસંસ્કરણ વધે એ તો વળી ભયંકર કોટિનાં નુકસાન છે.

યશોમતી વિધવા બની, તેથી એના ચિત્તને ખેદનો પાર નથી. બાપ ધર્મિષ્ઠ છે, સમજે છે કે 'આ છોકરી હવે એક તો પૂર્વનું પાપ ભોગવી રહી છે, એમાં વળી શોક-ઉદ્વેગમાં કાળાં પાપ બીજાં બાંધશે મારી સંપત્તિ શું કામની છે, જો એ મારી જ પુત્રીને દીર્ઘ દુર્ગતિઓમાં ફસાવી નાખનારા શોક-ઉદ્વેગ ટાળવામાં ઉપયોગી ન થાય ?'

**વિધવા પુત્રીને આશ્વાસન :-**

શેઠે તરત છોકરીને આશ્વાસન દેતાં કહ્યું, 'જો બેન, આમાં કોઈનો વાંક

સમજતી નહિ, આપણાં પોતાનાં પૂર્વોપાર્જિત કર્મની પ્રબળતા સમજ કે આ સ્થિતિ આવીને ઊભી રહી. એક ગરીબની છોકરીને પણ જો એવા અશુભોદય નથી તો એને આવો પ્રસંગ નથી આવતો; ત્યારે તારે આવ્યો, એ સૂચવે છે કે કર્મ બળવાન છે. એની આડે હાથ દઈ શકાતો નથી. માટે હવે એની પાછળ કાંઈ જ કલ્પાંત, કોઈ જ શોક-ઉદ્વેગ કરીશ નહિ.' **'શોક નરકની છાપ.'** મમ્મણ હાય વોય કરતો સાતમી નરકે ગયો, બ્રહ્મદત્ત ચક્રવર્તી 'હાય કુરુમતિ ! હાય કુરુમતિ !' કરતો સાતમીએ પહોંચ્યો. શોક ચીજ એવી છે કે ઠેઠ રૌદ્ર ધ્યાનમાં લઈ જાય. માટે જરાય શોક કરીશ નહિ. શોક શા સારુ કરવો ? સંયોગમાત્રની પાછળ વિયોગ નિશ્ચિત છે. સંયોગમાં રાચીએ છીએ એટલે વિયોગનાં દુઃખ અસહ્ય લાગે છે. પણ જો સમજી રાખ્યું હોય કે સંયોગ એટલે દુશ્મન વિયોગનો દૂત છે, તો સંયોગમાં રાચવાનું શું ? ભગવાન કહે છે-

**'संजोगमूला जीवेण पत्ता दुक्खपरंपरा'**

જીવે સંયોગના કારણે જ દુઃખોની પરંપરા મેળવી છે. આ સૂચવે છે કે વિયોગનાં દુઃખ લાવનારા સંયોગ એ ખરેખર સુખરૂપ નહિ દુઃખરૂપ છે, તો શોક જરા ય ન કરતી, દીન ન બનતી કે 'હવે મારું કોણ ?' ખુશીથી આપણે ત્યાં જ રહેજે, આ તારું જ ઘર છે. તો હવે જીવનભર ધર્મધ્યાન કર. વ્રત-નિયમ અને ધર્મક્રિયાઓમાં એવી લીન બની જા, તો તને બીજું કાંઈ યાદ જ નહિ આવે, અને પરલોક સુધરી જશે. મરનાર તો જો, બિચારા ધર્મસાધના વિના ગયા. ત્યારે તારે ધર્મસાધના કરી લેવાનું તારા હાથમાં છે. એવી હાથની વસ્તુ છોડી મરનારને પાછા લાવવાનું જે હાથમાં જ નથી એના શોક શા સારુ કરવા ?...'

બાપના આશ્વાસનથી યશોમતી સ્વસ્થ બની; વસ્તુતત્ત્વ સમજી ગઈ, શોક-ઉદ્વેગ મૂકી દઈ ધર્મસાધનામાં લાગી ગઈ અને એમાં મસ્તી અનુભવવા લાગી, કેમ કે હવે મનમાંથી બનેલી વસ્તુની ચિંતા જ કાઢી નાખી.

**દુઃખ ન લાગવાનો સચોટ ઉપાય :-**

દુઃખ લાગવાનું કારણ કોણ છે ? અનિષ્ટ બનાવ નહિ, પણ એની ચિંતા. જો આપણા મનમાં એ ચિંતાને પેસવા જ નથી દેતા, તો દુઃખ શાનું લાગે ? ચિંતાઓ મગજમાં ઘાલી ઘાલીને જ દુઃખી થઈએ છીએ. અનિષ્ટની ચિંતાની સામે બીજા જો એવા સક્રિય શુભ ચિંતન ઊભા કરીએ કે જેથી મન બરાબર એમાં પકડાયેલું રહે, તો પછી પેલી ચિંતા રવાના થશે, અને દુઃખ નહિ લાગે.

મહાપુરુષો શ્રુતચિંતન-સૂત્રાર્થની પુનરાવૃત્તિ તથા તાત્પર્યચિંતનમાં લાગ્યા રહેતા તો ઘોર પરિષહોનાં દુઃખ પણ એમના મનને લાગતાં નહોતાં. શરીર પર



તો દુઃખ વરસતું હતું, પરંતુ મન બીજે લાગેલું એમાં ભળતું નહોતું તેથી મનને દુઃખનો કોઈ વિચાર નહોતો આવતો.

**મન ક્યારે એમાં ન ભળે ?** એ મન જો બીજા વિચારમાં ભળેલું હોય તો. અને આ આપણો અનુભવ છે કે સખત ગરમી-બફારો વરસતો હોય પરંતુ મન જેટલો સમય બીજા કાર્યમાં રોકાયેલું હોય તેટલો વખત એ બફારાનો અનુભવ નથી થતો. બીજેથી મન જરાકશું નવરું પડ્યું કે ઝટ લાગે છે, 'બહુ બફારો !'

અલ્યા પણ પહેલાં બફારો નહોતો ?

હશે ભાઈસાબ, પણ મારું મન કાર્યમાં ગુંથાયેલું હતું તેથી ખબર જ ન પડી.

ત્યારે એમ કહે કે મનને બીજેથી નવરું પાડે છે એટલે જ 'આ તો બહુ ગરમી', 'આ તો બહુ ઠંડી',

'રસ્તો કાંકરાવાળો', 'છોકરાં બગડી ગયા છે',...વગેરે ચાળા સૂઝે છે.

સારાંશ, મનને સારી વિચારણા, સારાં ચિંતન, સારી મથામણ, વગેરેમાંથી નવરું જ ન પાડો, એમાં ને એમાં તન્મય ગૂંથાયેલું રાખો, એટલે નાની-મોટી પ્રતિકૂળતા-અગવડ-અનિષ્ટનાં દુઃખ એ મન નહિ અનુભવે. નહિતર તો તુચ્છ રોદણાં પણ મનમાં ઊઠ્યા કરશે, 'આજે દસ્ત નથી આવ્યો', 'પેલો જરાક કચરો રહી ગયો છે', 'કોટનું છેલ્લું બટન જરાક ઢીલું પડ્યું છે', આવા મૂર્ખાઈભર્યા કેટલાય વિચારો ચાલ્યા કરશે અરે ! એથીય વધુ મૂર્ખાઈભર્યા ફોગટિયા પરચિંતાના વિચારો આવ્યા કરશે, દા.ત. લલ્લુભાઈના ધોતિયાની પાટલી નીચેથી જરા ચૂંથાઈ ગઈ છે', 'નથુભાઈનો નોકર જરા ઊંચો છે',...વગેરે. માટે પરચિંતા, દુઃખનાં રોદણાં કે સુખના ઉન્માદથી બચવું હોય તો મનને સારા સ્થિર ચિંતનમાં રોકી રાખો, એ સારામાં પહેલો નંબર શાસ્ત્રસૂત્રો અને એના અર્થ-ભાવાર્થનું મનમાં તન્મય પારાયણ ચાલ્યા કરે એ છે.

**પિતાની કલ્યાણચિંતા :-** યશોમતીને પતિના મૃત્યુથી ભારે આઘાત લાગ્યો. કલ્પાંતનો પાર નથી. પિતા ધર્મિષ્ઠ દિલનો છે, એ જુએ છે કે 'આમાં તો આ જીવ અઢળક પાપકર્મથી બંધાશે અને ઉપરાંત એવા ચીકણા કુસંસ્કાર દૃઢ કરશે કે જે એને અનેક જન્મોની પરંપરામાં શોક-કલ્પાંત-દીનતા વગેરેથી સતાવશે કે બિચારા જીવને આગળ આગળ અધઃપતનમાં ઘસડી જશે. માટે એક કલ્યાણપિતા તરીકે મારે એને એમાંથી બચાવી લેવી જોઈએ.'

પિતા એને કહે છે-'બેન ! આવો શોકકલ્પાંત કરીને શું કરીશ ? ધીરજ ધારણ કર.'

(૧) યશોમતી કહે છે, 'પિતાજી ! પણ આ દુઃખ અસહ્ય છે, હું શું કરું ?'

**શોકથી દુઃખસંસ્કારની દઢતા :-**

કુશળચંદ સમજાવે છે, 'અસહ્ય છે એ વાત ખરી. પરંતુ એથી કાંઈ વળશે ખરું ? તારા પતિ પાછા આવે એમ છે ? કદી ભૂતકાળમાં બન્યું નથી યા વર્તમાનમાં બનતું નથી કે મરેલા પાછા સજીવન થાય. તો આપણા ઘરમાં એ ક્યાંથી બનવાનું હતું ? અને જો પાછા નથી જ આવવાના તો એની ચિંતા કરવી નકામી છે. ત્યારે એવું પણ નથી કે શોક-કલ્પાંત કરીએ એમાં દિલનું દુઃખ ઓછું થાય. શોકકલ્પાંતથી તો ઊલટું દુઃખના સંસ્કાર વધુ દૃઢ થતા જાય છે અને દિલમાં દુઃખની સ્મૃતિ વધુ સતેજ બને છે. માટે તું રહેવા દે આ યાદ કરવાનું; યાદ કરી કરી શોક-કલ્પાંતમાં તણાવાનું બંધ કર.'

(૨) છોકરી કહે છે, 'બાપુ ! આ કાંઈ કર્યું થાય છે ?'

**અનાદિ અભ્યાસનાં અપુનરાવર્તને ધર્મસિદ્ધિ :-**

'સાચું, અનાદિના સંસ્કારો એ કરાવે છે, ઇષ્ટના વિયોગમાં ઝૂરવાનો અનાદિ કાળનો અભ્યાસ છે, એટલે અહીં ઝૂરવાનું બને; પરંતુ બેન ! એ પણ જો કે આવા ઊંચા મનુષ્યભવ અને ધર્મસમજ પામીને ખરું કામ તો એનો સામનો કરવાનું છે. એમ તો અનાદિના કયા કયા ખોટા અભ્યાસ નથી ? બધા જ છે. એનું પુનરાવર્તન કરી કરીને તો જીવ સંસારમાં ભટકે છે. પરંતુ ધર્મ પામ્યાની આ વિશેષતા છે કે હવે અનાદિના અભ્યાસનું પુનરાવર્તન ન કરતાં એનો સામનો કર્યે જવાય. હવે એ ખોટા અભ્યાસમાં પુનરાવર્તન અટકાવી દેવાય. એમ કરીએ તો જ આપણો સંસાર વધતો અટકે. માટે હું તને કહું છું કે શોક-કલ્પાંતને વોસિરાવી દે.'

(૩) યશોમતી પિતાના વાત્સલ્યભર્યા શબ્દો અને આ તત્ત્વજ્ઞાનથી પ્રભાવિત તો થઈ, પરંતુ હજી સત્ત્વ નથી સ્ફુરતું. એટલે કહે છે, 'બાપુ ! તમારી વાત મને જચે છે પરંતુ કોણ જાણે આ વૈધવ્યનું ભારી દુઃખ મારી નજર સામે તરવર્યા જ કરે છે,' એનું શું થાય ?'

**ખરાં મહાદુઃખ ક્યાં ? :-** બાપ કહે છે, 'બચ્ચી ! એમાં તો બે વાત છે, એક તો અજ્ઞાન માણસો માને એમ તું વૈધવ્યને મહાદુઃખરૂપ માનવું રહેવા દે. જો મહાદુઃખ તો જીવને આ જગતમાં કરવાં પડતાં જન્મ-મરણ છે. એના પર અનેક વિટંબણાઓ ખડી થાય છે. બીજું મહાદુઃખ જગતમાં જન્મ પામીને ઊભાં કરાતાં કર્મબંધનો છે, કર્મબંધનોને ઊભાં કરનારી મન-વચન-કાયાની અસત્ પ્રવૃત્તિ છે, અસદ્ વાણી, વિચાર અને વર્તાવ છે. એના પર પરિણામે આવા શોકસંતાપનાં દુઃખ આવે એમાં કોઈ નવાઈ નથી. એટલે વૈધવ્યને મહાદુઃખરૂપ માનવું રહેવા દે.



**વૈધવ્યમાં કેટલી અનુકૂળતા ? :-** તું જો, કે જ્યારે પ્રસંગ અનિવાર્ય બની ગયો છે, તો પછી હવે એને પ્રતિકૂળ માનવા કરતાં ધર્મ સાધનાની સગવડ કરી આપનાર તરીકે અનુકૂળ માનવો એમાં ડહાપણ છે. જો,

(૧) બ્રહ્મચર્ય તો હવે તારે હાથવેંતમાં આવી ગયું.

(૨) કેટલીય જાતની ત્યાગ-તપસ્યાઓ કરવામાં હવે કોઈ જ આડખીલી નહિ.

(૩) અનેક મોટા આરંભ-સમારંભના પાપથી હવે બચી જવાશે.

(૪) દિલમાં પતિ અને પુત્ર-પરિવારની જપમાળા ન ચાલતાં પરમાત્માની રટણા ચાલવા માટે ઘણી સરળતા થઈ ગઈ.

(૫) એવા કેટલાય પાપના વિચારો અટકી જઈ ધર્મના અને તત્ત્વોના ચિંતન ચાલ્યા કરે એ સુલભ થયું.

આ પરિસ્થિતિમાં તો અનુકૂળતા જ થવાથી દુઃખરૂપ માનવાની શી જરૂર ?

**દુઃખી ચિત્તનો પ્રતિકાર :-** વળી હે પ્રિય પુત્રી ! જે તું કહે છે, 'કોણ જાણે એ વૈધવ્ય નજર સામે તરવર્યા કરે છે !' એના નિવારણ માટે તો પ્રતિકાર એ છે કે તું ધર્મના માર્ગે લાગી જા, ચિત્તને વિવિધ ધર્મ-સાધનાઓ અને શાસ્ત્રાધ્યયનમાં લગાડી દે, એટલે પેલી વસ્તુ યાદ જ ન આવે.

**ઉદ્યોગનો પ્રભાવ :-** હે ભાગ્યવતી ! તને એમ થશે કે આવડું મોટું દુઃખ તે શેં ભૂલ્યું ભુલાય ? પરંતુ એમાં બે વાત છે. એક તો એ છે કે ધર્મસાધના ને શાસ્ત્રાધ્યયનનો ઉદ્યોગ એમાં એવો રસ જગાડી દે છે કે પછી મન એમાં તન્મયતા અનુભવવા લાગે છે અને એથી બીજું એને યાદ નથી આવતું. આપણા જીવને એવો ઉદ્યોગ સાંપડ્યો નથી હોતો એટલે રસનો અનુભવ નથી થતો. પરંતુ જગતમાં જેમ બીજી પ્રવૃત્તિનો દિલથી ઉદ્યોગ કરવા લાગી ગયા પછી એનો રસ જાગે છે એમ અહીં પણ એવું છે. માટે દિલથી ઉદ્યોગ કરવાની જરૂર છે. ધ્યાન રાખજે કે દિલ વિના જો કર્યું તો એ અનુભવ નહિ થાય. માટે દિલથી ઉદ્યોગ કરવો જોઈએ.

**"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૧૦,અંક-૩૭,તા.૧૬-૬-૧૯૬૨**

**ધર્મમાંથી આશ્વાસન અનુભવવા :-**

હે દીકરી ! બીજી વાત એ છે કે દુનિયાના દુઃખથી ઘવાયેલા દિલને જો ધર્મ ઉપર આસ્થા થઈ ગઈ તો પછી ધર્મની પ્રવૃત્તિ એને સુંદર આશ્વાસન આપે છે,

એવા દિલને ઠારે છે એમ ઠરીને જો ધર્મસાધના એકાગ્રભાવે કરવા માંડી તો બીજી-ત્રીજી વસ્તુ તે વખતે યાદ નહિ આવે. ધર્મનું આશ્વાસન આપણે લેતા નથી; દિલને એમ લગાડતા નથી કે 'ધર્મ મારો તારણહાર છે, સાચું એક માત્ર શરણ છે, આનાથી વધીને બીજું શું એવું કિંમતી છે કે અત્યારે એમાં મન લઈ જાઉં ?' આવું ધર્મનું આશ્વાસન ન લઈએ પછી એમાં મન શી રીતે એકાગ્ર થાય ? જીવને ધર્મ કરતી વેળા જે બીજું, ત્રીજું આતુરતાથી યાદ આવે છે એના માટે જો એમ વિચારાય કે 'શા સારુ આવી આતુરતા ? શા માટે ઝંખના ? આ ધર્મમાં એવી જબરજસ્ત તાકાત છે કે એ બધું સિદ્ધ કરી આપશે માટે મન એમાં ન લઈ જતાં આ ખરા ઉપાયભૂત ધર્મમાં જ લગાવવા દે !' આવી સચોટ આસ્થા ઊભી કરાય તો તો પછી મન ધર્મમાં ચોંટ્યું જ સમજો."

**પરમાત્મપૂજામાં ચોકસાઈ :-**

"હે સુશીલા ! હવે એ જો, કે મન ધર્મમાં એકાગ્ર કરવું હોય તો ધર્મની ક્રિયાઓ બહુ ચીવટ અને ચોકસાઈવાળી કરવી જોઈએ. એની ઝીણી ઝીણી બાબત પર લક્ષ રાખવું જોઈએ. દા.ત. પરમાત્માની પૂજા એટલે જેમ તેમ ઊભા રહી નિર્માલ્ય-વાસી ફૂલ-કેશર જેમ તેમ ઉતાર્યાં, કળશ જેમ તેમ ઢોળી દીધો, એ ન ચાલે; પણ બારીકાઈ જોઈએ. પહેલું તો મનમાં એ ભાવ ઊભો કરવાનો કે 'હું આ ત્રણ લોકના શહેનશાહ આગળ ઊભો છું તેથી જેમ તેમ ઊભા ન રહેવાય. ખૂબ વિનય, સેવાભાવ અને મર્યાદાથી જ ઊભું રહેવું જોઈએ.' આ ભાર મગજ પર રહે તો માત્ર પહેલા ઊભા ત્યારે જ નહિ, કિન્તુ પછી પણ વચમાં વચમાં વિનય-મર્યાદા ભંગ ન થઈ જાય એની કાળજી રહેશે. વળી દરેક ક્રિયા ચોકસાઈવાળી કરવાની છે એટલે વાસી ફૂલ, કેશર જેમ તેમ નહિ ઘસેડી લેવાય, પરંતુ બહુ ફોરા હાથે વિનય-બહુમાનપૂર્વક કામ થશે. કેશર ઉતારવા વાળાકૂંચીના ખચખચ અવાજે ગોદા મારવાનું નહિ કરાય, પરંતુ સારા ઝીણા મોટા કપડાથી ભર્યા પાણીએ મુલાયમ છબછબિયાં કરતાં કરતાં વાસી કેશર ઉતારી લેવાશે એમ એમાં ખૂણે ખૂણેથી પણ કેશર ઊતરી જશે. ત્યાં પ્રભુની સામે છીંક-બગાસું કે બોલવાનું નહિ; આપણા હાથનો સહેજ પણ ગોદો નહિ લગાડવાનો. આડુંઅવળું જરાય જોવાનું નહિ. આપણો શ્વાસ પણ પ્રભુને ન લાગવો જોઈએ. આવી બધી કાળજી-ચીવટ રાખવામાં મન એમાં એકાગ્ર બની જાય છે. બારીક ચીવટ ન હોય તો મન શી રીતે એકાગ્ર બને ? એક નવકારવાળી ગણતાં પણ આ વિનય, તથા યોગ્ય બેઠક, મુદ્રા, અક્ષરોપયોગ વગેરે જો બરાબર સાચવવા તકેદારી છે તો મન એમાં એકાગ્ર બન્યું સમજો. મનને એકાગ્ર કરવા આ તો ક્રિયામાર્ગે ચોકસાઈની વાત થઈ."



**જ્ઞાનમાર્ગે મન એકાગ્ર કેમ બને ? :-**

"ત્યારે જ્ઞાનમાર્ગે પણ મન સુંદર રીતે એકાગ્ર થઈ જાય છે. એમાં પણ પહેલી ચોકસાઈ ગુરુનો વિનય વિસ્તારથી સાચવવાની જોઈએ. એમના અનુકૂળ સમયે પાઠ લેવાનો; એમની પ્રસન્નતા જાળવવાની; એમની દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવની અનુકૂળતા જાળવી ભક્તિ કરવાની; એમની સામે બેસવા-ઊભા રહેવામાં કે એમની સાથે ચાલવામાં પણ જેમ એક મોટા ઓફિસર આગળ હવાલદાર વર્તે એ રીતે વિનય-અદબપૂર્વક વર્તવાનું. એવો જ વિનય પુસ્તક વગેરેનો કરવાનો. આમ મન પર આ બધો ભાર આવી જાય તો સહેજે એ એમાં એકાગ્ર થઈ જાય છે. વળી સૂત્રના હ્રસ્વ-દીર્ઘ, સંયુક્ત-અસંયુક્ત, અનુસ્વાર-વગર અનુસ્વારવાળા, વગેરે પર ધ્યાન રખાય; સૂત્રના અર્થ-ભાવાર્થ અને પરસ્પર તથા ક્રમશઃ સંકલનાબદ્ધ સંબંધ પર લક્ષ રખાય, એ રીતે ગોખાય, પાકું કરાય અને આવૃત્તિ-ચિંતન-મનન કરાય, તો સહેજે સહેજે મન એમાં એકાગ્ર બની જવાનું."

'મહાપુરુષો-મહાશ્રાવકો અને મહામુનિઓ એ જ રીતે સૂત્ર-અર્થના પારાયણમાં એવા એકાગ્ર બની જાય છે કે કદાચ મોટા ઉપસર્ગ પણ એ વખતે આવી પડે તો ય એની પીડામાં ચિત્ત લઈ જતા નથી. કહો, ચીવટપૂર્વક સૂત્રરટણ અને અર્થચિંતનમાં પરોવાઈ ગયેલું મન પોતે જ પરિષહ-ઉપસર્ગની પીડામાં પરોવાતું નથી."

"સઘળા ય બાહ્ય ભાવ રોકવા તથા ઇન્દ્રિય વિષયગમન અને રાગદ્વેષથી બચવા માટે એટલે કે મનને એમાં જતું અટકાવવા માટે રચનાત્મક સરળ અને સુલભ આ ઉત્તમ માર્ગ છે કે સૂત્રો કંઠસ્થ કરવાં, એના અર્થ, ભાવાર્થ અને તાત્પર્ય અર્થ પકડવા જેથી વગર સૂત્રે, એ અર્થ-ભાવાર્થ ચિત્રપટની જેમ નજર સામે આબેહૂબ તરવરે એવા કરવા અને એ સૂત્ર-અર્થનું મોઢે મોઢે ખૂબ ખૂબ પુનરાવર્તન કર્યા કરવું."

"ગોખવાની શક્તિ ન હોય તો છેવટે ચીવટપૂર્વક ધાર્મિક-તાત્ત્વિક પુસ્તક વાંચવા-વિચારવા-મનન કરવામાં એની ટૂંકી નોંધ કરી કંઠસ્થ કરવામાં લાગી જવું. એ પણ પાછું રોજ ઠેઠ પહેલેથી વાંચી લેવાનું."

"બસ બેન ! આ રીતે તું જો જ્ઞાન અને ક્રિયા-માર્ગમાં લાગી જશે તો મન એમાં એટલું બધું રસમગ્ન અને એકાગ્ર થઈ જશે કે તને કોઈ દુઃખ તારા મનને નહિ સતાવી શકે. આ માટે તું સાધ્વીજી મહારાજોના ખૂબ સત્સંગ કરજે, પ્રભુભક્તિમાં લીન બનજે, ઠીક લાગે ત્યાં બે પૈસા ખરચતી રહેજે, ત્યાગ-તપસ્યા-વ્રત-નિયમ ઠીક ઠીક કરતી રહેજે. પછી તારે કોઈ દુઃખ યાદ કરવાનું નહિ રહે."

**વિધવાપણું દુઃખરૂપ કે તકરૂપ ? :-**

કુશળચંદ શેઠનાં આ અમૃતવચનોની બાળવિધવા બનેલી પુત્રી યશોમતી ઉપર ભારે અસર પડી. એ બધું સાંભળતાં જાણે પોતે જુદી દુનિયામાં આવી ગઈ હોય એમ લાગ્યું, અને હવેથી શોક મૂકી દઈ પિતાના ચીંધેલા માર્ગે ચાલવાનો નિર્ધાર કરી લીધો. પાછું એમાં માતાપિતાની ઉદારતા અને વાત્સલ્યભરી ખાતરી મળી કે 'તારે હવે અહીં આપણા ઘેર જ રહેવાનું તેથી આ બધી અનુકૂળતા તારી સચવાશે,' એટલે એના પગમાં જોર આવ્યું. એણે મન વાળી લીધું; એટલે હવે વિધવાપણું પિતાએ કહ્યા મુજબ કોઈ દુઃખરૂપ નહિ કિન્તુ નિર્મળ બ્રહ્મચર્ય, ભવ્ય ત્યાગ-તપસ્યા, સુંદર વ્રત-નિયમો અને દાનાદિ ધર્મ તથા જ્ઞાન-ધ્યાન સાધવા માટે એક અદ્‌ભુત તકરૂપ દેખાયું.

**પાથરણામાં નવકારવાળી :-** આનું પહેલું પરિણામ એ આવ્યું કે લોકો જે કોઈ મૃત્યુના બેસણામાં બેસવા અને શોક તાજો કરાવવા આવતા એને એ નવકારવાળી પકડાવતી. પોતે નવકારવાળી ગણતી રહેતી અને સામાને એ ગણવા મૌનપણે સંકેત કરતી. બસ, ખોટા રોવરાવવાનું ને કૂથલી માંડવાનું બંધ ! બે ચાર દિવસ તો લોકમાં ચકચાર ચાલી કે "આ કેવી ધિટ્ઠી છે, રોતી નથી, તે શુષ્ક હૈયાની છે," વગેરે, પરંતુ પછી તો લોક સમજી ગયું. એટલે મફતિયા શોકના ઈજારદાર તો આવતા જ બંધ થઈ ગયા, અને બીજા જે આવતા તે એના દુઃખની સાચી સહાનુભૂતિરૂપે નવકારવાળી ગણી જતા, એની અનુમોદના કરી જતા કે 'ધન્ય છે આ બાઈની ધાર્મિક્તાને !'

**નવું ધર્મજીવન :-** સમયસરિતા વહેવા લાગી. સમયનાં વહેણ સાથે યશોમતી ઉત્તમ શ્રાવિકા જીવનને શોભાવે એવી ધર્મચર્યામાં અને જ્ઞાનધ્યાનમાં આગળ વધવા લાગી. ગુરુમહારાજોનાં વ્યાખ્યાન સાંભળવા, પવિત્ર સાધ્વીજી મહારાજોનો ખૂબ સત્સંગ કરવો, ધાર્મિક ચરિત્રો વાંચવાં, રોજ નવું તત્ત્વજ્ઞાન વધારતા રહેવું, ત્યાગ-તપસ્યા-પ્રભુભક્તિમાં મગ્નતા...આ બધું કરતાં કરતાં એના દિલમાં સંસારની અસારતા, કર્મની વિચિત્રતા, ધર્મ વિહોણા જીવની અશરણ-નિરાધાર સ્થિતિ વગેરે એના દિલમાં ખૂબ ખૂબ ખૂંચવા લાગ્યાં. દિનપ્રતિદિન હવે વૈરાગ્ય ખીલવા માંડ્યો, અને 'ક્યારે આ પાપમય ઘરવાસમાંથી છૂટી પાપરહિત ચારિત્રજીવન મળે !' એ ઝંખના રહેલા લાગી.

**ડાકણ પરચિંતાને મનમાં ઘાલી તો...:-**

આ બધું છતાં એક દોષ એને સતાવતો રહેતો. કયો ? પરચિંતાનો. આપણો આ પ્રસંગ પરચિંતા પર ચાલે છે. એ કેવી ખતરનાક છે, ભલભલાને પાણી



પિવડાવી જાય છે, માટે એનાથી ખૂબ સાવધાન રહેવાનું છે, એ ધ્યાનમાં રાખજો. તમારામાં બધી વાતની હોશિયારી હશે, પૂર્વના સંસ્કાર કે પુણ્યાઈથી તમે કદાચ અલ્પકાળમાં વિદ્વત્તા પણ પ્રાપ્ત કરી શક્યા હશો, કે ખૂબ ક્રિયાપ્રેમી બન્યા હશો, પરંતુ જો પરચિંતારૂપી ડાકણને મનમાં ઘાલી તો તમે ક્યાંય સ્થિર નહિ થઈ શકો. ચિત્ત ધર્મચર્યા કે જ્ઞાનધ્યાનમાંથી ઊઠી ઊઠીને પરમાં ચાલ્યું જશે એટલું જ નહિ પણ પરચિંતાની કુટેવે વધારામાં પરદોષદર્શનની વૃત્તિ, પરના માટે હલકો ખ્યાલ, રાગદ્વેષ વગેરે કેટલુંય અનિષ્ટ ઊભું થશે.

**માંડ સુલભ ધર્મચિંતા વખતે પરચિંતા ? :-**

અને જુલમ છે પરચિંતાનો ! જીવ ધર્મના ઘરમાં આવ્યા પછી પણ જીવની એ પકડ નથી છોડતી ! તેમ પામરતા છે જીવની કે જીવ એની લપ નથી છોડતો ! યશોમતી મંદિરે જાય છે, ઉપાશ્રયે જાય છે, ધર્મ કરે છે, પરંતુ આજુબાજુમાં મન દોડી જાય છે, મન મફતિયા વિચારો-જીવન જીવવા માટે તદ્દન નિરુપયોગી વિચારો કરે છે, કરવા લાગે છે. પાછું આ થવા ઉપર અફસોસી નથી કે 'આ મારો કિંમતી સમય મેં ક્યાં વેડફી નાખ્યો ! ઊંચી ધર્મ-ચિંતા અહીં માંડ સુલભ બની છતાં મેં એને બદલે આ પરના કચરાપટ્ટી વિચારો ક્યાં કર્યા' જો આવી અફસોસી નથી તો મન પરચિંતા કરવામાંથી અટકતું નથી એટલે પછી પરચિંતા પૂરક વાતો-ચીતો પણ ચાલે છે.

યશોમતીને ધર્મનો રંગ લાગ્યો છે, પરંતુ પરચિંતા મુકાઈ નથી. પોતે સમજુ છે, ક્યાંક ક્યાંક સાવધાન પણ બની જાય છે, મન-વચન-ઈન્દ્રિયોને વાળી પણ લે છે, છતાં હજી એ તદ્દન છૂટી નથી. ત્યારે થોડી પણ પરચિંતા કેવી ખતરનાક નીવડે છે એ આગળ સમજાશે. બાકી ધર્મસાધનાનો રંગ એને લાગ્યો છે એથી દિન પ્રતિદિન સંવેગ-વૈરાગ્ય વધી રહ્યા છે.

**જ્ઞાની આચાર્ય મહારાજ પધારે છે :-**

એક વારનો પ્રસંગ છે. નગરમાં એક મહાજ્ઞાની આચાર્ય મહારાજ પધાર્યા છે. યશોમતી એમના દર્શન-વંદન અને ઉપદેશશ્રવણાર્થે ગઈ છે. એને દર્શનથી ખૂબ આલ્હાદ થયો, વંદનથી જાણે પાપકર્મ આત્મા પરથી ઊતરી જતાં લાગ્યાં, અને ઉપદેશ સાંભળતાં તો એ પાણી પાણી થવા લાગી ! જીવનને ધન્ય માને છે. આચાર્ય મહારાજની ધોધમાર વૈરાગ્યવાણીના વરસાદથી એનામાં વૈરાગ્યરંગે એકદમ ઉછાળો માર્યો. વ્યાખ્યાન પૂર્ણ થયા બાદ આચાર્ય મહારાજ પાસે જઈ કહે છે.

**વિધવા ચારિત્ર માગે છે :-** "ભગવન્ ! આપે કેટલો બધો સુંદર ઉપદેશ આપ્યો ! મહાઉપકાર આપનો કે અમારા અજ્ઞાનના પડદા ચીરી નાખ્યા ! સંસારનું

આબેહૂબ દર્શન કરાવ્યું. હવે પ્રભુ ! મારે ચારિત્ર લેવું છે, તો કૃપા કરો. ચારિત્ર આપીને પધારજો.''

**ગુરુની ચેતવણી,**

આચાર્ય મહારાજ કહે છે, ''હજી તમારે વાર છે. ત્યાગ-વૈરાગ્યમાં હજી આગળ વધો, અને મુનીમથી સાવધાન રહેજો.''

યશોમતી વિચારમાં પડી. મનને થયું કે 'હવે વાર શી ? કેટલા ય વખતથી પિતાજીની સલાહ મુજબ ધર્મસાધનામાં લાગી જતાં વૈરાગ્ય તો વધતો જ ગયો છે તો ગુરુ મહારાજ કેમ ના પાડે છે ? પણ એ મહાજ્ઞાની છે. હજી વૈરાગ્ય વધારવાનું કહે છે, ત્યાગમાં આગળ વધવાનું કહે છે, તો ભલે તેમ કરું. પરંતુ મુનીમથી સાવધાન રહેવાનું ફરમાવે છે. એ શું ?' બાઈ માણસ છે. મુનિના ઉપાશ્રયમાં ઊભા રહેવું નહિ, એટલે મનમાં આશ્ચર્ય અને ક્ષોભ સાથે ત્યાંથી ચાલી જાય છે. પણ રસ્તે ચિત્ત વિચારમાં ચડી ગયું, 'મુનીમ તો બહુ સારો પવિત્ર આત્મા છે. વળી મારે ને એને કોઈ મળવાનો કે વાતચીતનો ય પ્રસંગ નથી. હું ભલી ને મારી એકાંત ધર્મસાધના ભલી, તો એનાથી સાવધાન રહેવાનું શું ?'

**ગુરુવચન એ પ્રભુવચન :-**

વાત સાચી છે, યશોમતીનું જીવન ખૂબ મર્યાદાબદ્ધ છે. કોઈ પરપુરુષ સાથે વાતચીતનો સંબંધ રાખ્યો નથી. અરે ! દૃષ્ટિ પણ નાખવાની વાત નહિ. તેમ મુનીમ પણ પવિત્ર માણસ છે. પછી અનિષ્ટ બનવાનો કોઈ સંભવ લાગતો નથી. એટલે આશ્ચર્ય થાય છે. વળી પર-પુરુષથી સાવધાન રહેવાનું સાંભળતાં ક્ષોભ પણ થયો. છતાં ગુરુવચન એટલે જાણે પરમાત્માનું વચન માનતી યશોમતી મનોમન નક્કી કરે છે કે 'ગુરુમહારાજે કહ્યું છે તો જરૂર હું સાવધાન રહીશ, પરંતુ કોઈ પ્રસંગ જ ન આવે એ માટે મારે રસ્તો કાઢવો પડશે.' એણે મનમાં ઉપાય શોધી રાખ્યો અને ઘરે આવી.

એને વ્યાખ્યાન સાંભળીને તો એટલી બધી ઊંડી અસર થઈ ગઈ હતી કે હમણાં ને હમણાં સંસારનો ત્યાગ કરી ચારિત્ર લઈ લઉં. છતાં ગુરુમહારાજે વિલંબ કહ્યો અને ઉપરથી મુનીમથી સાવધાન રહેવાનું કહ્યું એથી એનું મન 'અરે ! જ્ઞાનીએ ભાવી કેવો અનર્થ જોયો હશે, એમ ખૂબ ચિંતામાં પડી ગયું, હૈયું... નિરાશ-હતાશ થઈ ગયું. તે ઘરે આવીને ખાધા-પીધા વિના એકાંત ઓરડામાં એકલી જઈ બેઠી.

**યશોમતીનું આંતરમંથન :-**

યશોમતી વિચારમાં ચઢી કે 'આ શું ? મારી એક સરખી ધર્મસાધના કરતાં



કરતાં ચારિત્રની ભાવના તો મક્કમ બની ગઈ છે અને ગુરુમહારાજ કહે છે હજી તારે વાર છે ! વાર શા માટે ? હું મારા જીવનમાં તપાસું છું તો હવે દુનિયાની કોઈ વાત ઉપર મને રસ દેખાતો નથી. બ્રહ્મચર્ય તો પાલન સાથે ગમી ગયું છે. ત્યારે ખાનપાનનો કોઈ એવો રસ રહ્યો નથી, તેમ કપડાંલત્તાં વગેરેનો પણ શોખ હવે રહ્યો નથી. બીજી બાજુ આ ઘરવાસના ષટ્કાય જીવોના સંહાર અને અઢાર પાપસ્થાનકભર્યા જીવન પર ભારે અણગમો ઊભો થઈ ગયો છે. સંસાર મને નરકની કેદ જેવો ખટકે છે. કેટલાય વખતથી 'ક્યારે છૂટું, ક્યારે છૂટું' થયા કરે છે. એમાં આચાર્ય ભગવાનની દેશનાએ તો મારા દિલમાં સંસાર પ્રત્યે આગ સળગાવી દીધી છે. તો પછી હવે ચારિત્ર માટે વાર કેમ ? અને કહેનાર ગુરુમહારાજ કોઈ સામાન્ય પુરુષ નથી, મહાજ્ઞાની છે, એટલે એમના વચનમાં ફેર પડે નહિ. જરૂર એમણે કાંક ખામી મારામાં જોઈ હશે. તો હવે મારે શું કરવું ? પૂર્વે કેવાં પાપ કર્યાં હશે કે હજી પણ મારે ચારિત્રમાં અંતરાય થઈ રહ્યો છે ! હે ભગવાન ! દયા કરો મારા ઉપર...''

અહીં જમવાનો સમય થઈ ગયો છે. રોજ તો યશોમતી એની મેળે આવી જમવા બેસી જતી. આજે માતા બોલાવે છે, છતાં આવતી નથી. એટલામાં કુશળચંદ જમવા બેસવાની તૈયારી કરે છે, ત્યારે છોકરીની મા કહે છે,

''જુઓને યશોમતી હજી જમવા નથી આવી, શું કારણ છે ? મેં તો કહ્યું છતાં કાંઈ બોલતી નથી. સૂનમૂન જેવી બેઠી છે.''

બાપ તરત ઊઠીને આવ્યો યશોમતી પાસે, પૂછે છે, ''કેમ હજી જમી નથી ?''

પણ કોણ બોલે ? ચિંતાના સાગરમાં સપડાયેલ યશોમતી ગંભીર અને ઉદાસ ચહેરે મોં નીચું ઘાલી બેઠી છે.

**બાપની ધાર્મિક લાગણી :-**

બાપને ધ્રાસકો પડ્યો ''અરે ! આ શું ? આમ તો આ મારો કેટલો વિનય સાચવનારી ! હું બોલાવું ત્યારે મને એ પગે પડીને હાથ જોડી ઊભી રહેનારી ! આજે એને શું ભારે દુઃખ લાગ્યું છે ?''

નીચે બેસીને પૂછે છે, 'બેન ! કેમ આજે આમ ? શું થાય છે તને ? ઊઠ જમી લે.'

યશોમતી મૌન રહે છે. બાપ કહે છે, 'ભલી રે ભલી ! આમ મનમાં ને મનમાં મૂંઝાવાનું ? ને આપણા ઘરમાં દુર્ધ્યાન ? શું તું જાણતી નથી કે આપણા શ્રાવકના ઘરમાં શોક-સંતાપ અને દુર્ધ્યાનને જગા હોય નહિ ? તને શું દુઃખ લાગ્યું છે ? કોઈએ અપમાન કર્યું ? તારી માએ ઠપકો દીધો ? તારે બે પૈસા ધર્મકાર્યમાં

ખરચવા વાંધો નડ્યો ? શું છે ? મોઢેથી બોલ. પૈસાનો ખર્ચ થાય એની મને ચિંતા નથી. પરંતુ આપણે ત્યાં અ-સમાધિ કરવાની નહિ !'

કુશળચંદ ધર્મિષ્ઠ છે, એ એવી માન્યતા ધરાવે છે કે 'પૈસા રહે કે જાય એની બહુ કિંમત નથી, પરંતુ સમાધિ ધન લૂંટાય એ ન પાલવે. કેમ કે એથી પરલોક બગડે છે, અને શું મારો આશ્રિત પરલોક બગાડે ? પૈસાની નુકસાની હોય તો તે અહીં પૂરતી જ; જ્યારે પરલોક મોટો સામે પડ્યો છે. એની નુકસાનીને કેમ વધાવી લેવાય ?'

ભગવાનના શાસનની બલિહારી છે. એ શાસન પામેલાના જીવનમાં સ્વપરના પરલોકની દૃષ્ટિ મુખ્ય હોય છે. જિનવચનથી ભાવિત એની મતિ ડગલે પગલે એ જોતી હોય છે કે આમાં મારો અને આશ્રિતનો પરલોક તો નથી બગડતો ને ? એવું કાંઈ અજુગતું બોલવા-ચાલવાનું તો નથી થતું ને ? કે હૈયું તો નથી બગડતું ને ? હૈયું તો એક મહાકિંમતી રત્ન છે. એ બગડ્યું તો તો પછી કેટલાય અનર્થ ઊભા થવાના ! માટે કોઈ એવા રાગ નહિ ધરવાના, મદ-મૂર્છા નહિ કરવાની, કે જે પછી જૂઠ બોલાવે, માયા કરાવે, અનીતિ કરાવે, વૈર-વિરોધ, ઈર્ષ્યા-અસૂયા, ક્લેશ-કલહ વગેરેમાં ઘસડે. હૈયું ન બગડવા દેવું હોય, નિર્મળ પવિત્ર રાખવું હોય, તો આ બધાને તિલાંજલિ જ દઈ દેવાની. સૌને મિત્રવત્ માન્યા રાખવાના જેથી એ દોષો ઊભા ન થવા પામે.

કુશળચંદ પુત્રીને કહે છે, 'બેન ! જરાય સંકોચ ન રાખ, જે દુઃખ હોય તે કહે. પૈસા ખરચવાની ચિંતા નહિ, પરંતુ આપણા ઘરમાં અસમાધિ, દુર્ધ્યાન અને પાપનાં પોટલાં બાંધવાનું ન જોઈએ.'

**યશોમતી દુઃખનું કારણ કહે છે :-**

યશોમતીએ રસ્તો પહેલેથી વિચારી રાખ્યો હતો કે આચાર્ય મહારાજે મુનીમથી સાવધાન રહેવાનું કહ્યું છે, તો એ સૂચક હોવાથી ભાવી કોઈપણ અનર્થથી બચવા શું કરવું. હવે પિતાના બોલ ઉપર એનામાં હિંમત આવી. એટલે કહે છે,

'બાપુજી ! મને શું દુઃખ છે તે, માફ કરજો, હું કહી શકતી નથી. પરંતુ એટલું જરૂર કહું છું કે જો આપણા મુનીમને રજા આપી દો અને તે ય એને અહીંથી કોઈ દૂર દેશમાં જઈ વસવાનું, એવું નક્કી કરી આપો તો પછી મને દુઃખ નહિ રહે. હું સમજું છું કે એમાં આપને જૂનો પ્રામાણિક માણસ જવામાં મોટી ખોટ છે; તેમ હું વિધવા છું એટલે અહીં મારો કોઈ અધિકાર નથી. તેથી આમ જ કરો એવો મારો આગ્રહ નથી. પરંતુ પૂછો છો ત્યારે મારા દુઃખને નિવારવાનો આ એકમાત્ર ઈલાજ કહું છું.'



બાપ વિચારમાં પડી ગયો કે 'શું કાંઈ અજુગતું મુનીમે કર્યું હશે ? પણ એ સંભવિત નથી, કેમ કે એને અહીં ઘરમાં એકલા આવી બેસવાનો પ્રસંગ જ બનતો નથી. તો હવે, હશે શું ? ખેર ! ગમે તે હો, દીકરી ધર્મિષ્ઠ છે, એનું દુઃખ ટાળવું જ જોઈએ.'

એમ વિચાર કરીને પુત્રીને કહે છે, 'ઓહો ! એમાં શી મોટી વાત છે ? એને રજા આપી દઈશ. માણસ તો એક નહિ ને બીજો મળશે. તારો સંતાપ ટળે એટલે બસ.'

**મુનીમને રજા આપે છે :-**

યશોમતી પ્રસન્ન થઈ, ઊઠીને જમી લીધું. બાપે મુનીમને બોલાવી કહી દીધું કે 'જો ભાઈ ! તારી વફાદારી અને હોશિયારીમાં બેમત નથી, એવા તને છૂટો કરવામાં મને નુકસાન પણ છે. પરંતુ એવા સંયોગ ઊભા થયા કે ન છૂટકે મારે તને રજા દેવી પડે છે. વળી જો તારાથી બને તો અહીંથી કોઈ દૂર દેશમાં જઈને રહે અને ત્યાં વેપાર વગેરે કરી શકે એ માટે હું તને વધારામાં રૂપિયા દસ હજાર આપું છું. બાકી એમ સમજ કે આ કરવું જ પડશે; અને તું મને કારણ ન પૂછીશ. કેમ કે મારાથી એ કહેવાય એમ નથી.'

કુશળચંદ શેઠની પાપથી બચવા-બચાવવાની જેમ માણસ પ્રત્યે ઔચિત્ય અને ઉદારતા જોવા જેવી છે. રજા તો એમ ને એમ પણ આપી શકત, પરંતુ એમનું માનવ હૃદય એમ કરવા ના પાડે છે. વળી એક મુખ્ય લક્ષ પાપના ભયંકર બંધથી બચવા-બચાવવાનું છે, પછી એની પાછળ પૈસાના ખર્ચ કે નુકસાનની પરવા નથી. માણસ આમાં સ્થિર નથી હોતો એટલે પૈસા બચાવી પાપનાં નુકસાન વહોરી લે છે, અરે ! જરા જૂઠ ન બોલ્યા, તો નુકસાની કેટલી ? બે પૈસા કમાવાના જાય એટલું જ ને ? ત્યારે એ કમાઈ લેવા જતાં જૂઠ બોલી પાપની પરંપરા ઊભી કરાય તે નુકસાન કેટલું મોટું ?

પરચિંતામાં પણ આવું જ બને છે. નિંદા, કૂથલી, ચોવટ, અંટસંટ વિચાર ડાફરિયાં, વગેરે પરચિંતા કરવા ન બેસે તો નુકસાન કેટલું ? જરા વાતો કરી મન ફોરું થતું હોય તે અટકે એટલું જ ને ? પણ મન ફોરું કરવા પરચિંતાનાં એ પાપો કરાય એનું નુકસાન કેટલું ? પરલોકમાં તો મહાનુકસાન છે જ, પરંતુ અહીં ય કેટલીક વાર કેવો અનર્થ મચાવે છે તે આ જ દૃષ્ટાન્તમાં જોવા મળશે.

**મુનીમની લાયકી :-** શેઠના બોલ મુનીમે હાથ જોડી વધાવી લીધા. એ શેઠની અંતર વેદના સમજી ગયો. પાછો સાહસિક હતો એટલે મનમાં નક્કી કરી લીધું કે 'છે શું ? પરદેશમાં આવ્યો હતો છતો જામ્યો, તો ફરી પરદેશ જઈશ,

ત્યાંય જામીશ. લલાટ તો સાથે જ છે. ફિકર શી ?'

શેઠને કહી દે છે, "આપનું વચન માથે ચઢાવું છું. જઈશ, દૂર દેશમાં પણ જઈને રહીશ. આપ નિશ્ચિન્ત થાઓ."

યશોમતીના મન મુજબ બની ગયું. મુનીમ દૂર દેશમાં ગયો. હવે એ ધર્મકાર્યમાં વધુ ઉત્સાહિત થઈ. કેમ કે મન સ્વસ્થ બની ગયું.

**સાચી સ્વસ્થતા :-**

**સ્વસ્થતા માટે તો** પ્રભુ આગળ માગીએ છીએ કે **'સમાહિવરમુત્તમં દિન્તુ', 'ઈટ્ઠફલ-સિદ્ધિ'** શા માટે ? ચિત્ત ઉત્સાહિત થાય તો ધર્મ-ઉત્સાહ વધે. ત્યારે જો ધર્મોત્સાહ ન વધે તો ચિત્તની સ્વસ્થતા શી ? કેટલાક લોકો એમ માની લે છે કે 'આટલું મળે એટલે ચિત્ત સ્વસ્થ થઈ જાય;' પરંતુ એનું માપ કેટલું ? જીવન નિર્વાહ જેટલું ? ના, મનની ભૂખ જેટલું. એની તૃષ્ણામાં પછી તો તૃષ્ણા ઓર વધે છે. ત્યાં ધર્મઉત્સાહને બદલે ઇંદ્રિયના વિષયો, માનપાન, કીર્તિ વગેરેના ઉત્સાહ વધે છે. એવું કરાવનાર ઇષ્ટપ્રાપ્તિથી થતી માનેલી સ્વસ્થતા એ ક્ષણિક છે, પોકળ છે, સાચી સ્વસ્થતા નથી. કેમ કે ત્યાં ધર્મઉત્સાહ નહિ, પણ પાપસ્થાનકોનો ઉત્સાહ વધે છે. મનની ભૂખ ક્ષણભર શમતાં રાગ, અભિમાન, આસક્તિ, મૂર્છા, બાહ્ય પ્રવૃત્તિ, આરંભ-સમારંભ વગેરે કેટલું ય ફૂટી નીકળે છે. ત્યારે જીવનનિર્વાહ પૂરતી જ ઇચ્છા છે અને તેટલું મળી ગયે ચિત્ત સ્વસ્થ બન્યા પછી ધર્મનો ઉત્સાહ વધે છે.

**સ્વસ્થતાને બદલે અસ્વસ્થતા :-** જેવું લક્ષ્મી અંગે, એવું બીજે પણ સમજવાનું છે. 'ફલાણો ખોટું દબડાવી ગયો, હવે એને ચાર સુણાવી દઉં તો મારું ઊકળેલું મન સ્વસ્થ થાય, આ માનવું ભૂલભરેલું છે. એમ કરવા જતાં સ્વસ્થતા નહિ, પણ અભિમાન, દ્વેષ વગેરે પોષાવાના; ને એ બધું અસ્વસ્થતા જ છે. ટૂંકો હિસાબ આ છે કે રાગ-દ્વેષ, તૃષ્ણા-આસક્તિ, અહંત્વ વગેરે ઘટે અને ધર્મ-ઉત્સાહ વધે એવી સ્વસ્થતા એ જ સાચી સ્વસ્થતા છે.

**શિખરજી યાત્રાએ :-** યશોમતીને આ સ્વસ્થતા મુનીમના જવાથી થઈ. એ પછી તો વરસ-દોઢવરસ નીકળી ગયું. ત્યાં દીક્ષાની ચટપટી છે, આચાર્ય મહારાજની રાહ જુએ છે, એમાં એવું બન્યું કે ગામમાંથી કેટલાક માણસ શિખરજી યાત્રાએ જતા હતા, તેથી યશોમતીને પણ એ યાત્રાની ભાવના થઈ. પિતા પાસે મંજૂર કરાવ્યું અને પિતાએ પણ બીજાને ભર-ભલામણ કરી, તથા બધી વ્યવસ્થા કરી આપી. સમૂહની સાથે યશોમતી યાત્રાએ ઊપડી.

**સંસર્ગથી ગુણદોષ :-** યશોમતી ધર્મિષ્ઠ છે, તત્ત્વ ભણેલી છે, 'પરંતુ



**'સંસર્ગજન્યા ગુણદોષાઃ'** તેવા તેવા સંસર્ગથી દોષ આવે છે, એ ન્યાયે અહીં પણ એવું બન્યું કે યાત્રિકોને રસ્તામાં કામ શું ? કાંઈ નહિ, તે વાતે ચઢ્યા છે. એ વાતો ઘણી તો પરચિંતાની, રસ્તો કાપવો છે, સમય કેમ કાઢવો ?

માણસની પાસે પોતાને લગતી વસ્તુનો રસ નથી, કે વસ્તુના સ્વરૂપની વિશેષ ખબર નથી એટલે તે સંબંધમાં શું વિચારે ? શું બોલે ? આડું ને અવળું, બીજું શું વળી ? એ તો પોતાને એટલે કે પોતાના આત્માને લગતી વસ્તુની પડી હોય, પરવા હોય, લક્ષ હોય તો એના અંગે બોલવા-વિચારવાનું રહે. પણ જીવને ક્યાં આ પડી છે ?

કહો પોતાના આત્માની વસ્તુનો વિચાર અને પરવા ક્યાં અને ક્યારે થાય છે ? વિચાર આવે છે ખરો પણ સ્વને બાદ કરીને ભળતી સંખ્યાતીત વસ્તુનો. 'આ ઢેખાળો વચમાં કોણે મૂક્યો ?' એવો રસ્તાના ઢેખાળાથી માંડી મોટા બંગલા-બગીચા સુધીનો વિચાર આવે છે; પણ 'આ મારા આત્મામાં નિંદાનો ઢેખાળો કેમ પડ્યો છે ? ખાનપાનની કે ધનમાલની કારમી ભૂખ ક્યાં સુધી ઊઠ્યા કરવાની ?' એ વિચાર નથી.

**"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૧૦,અંક-૩૮,તા.૨૩-૬-૧૯૬૨**

**યાત્રામાં આપણો વિચાર :-**

યાત્રિકો યાત્રાએ જઈ રહ્યા છે, ત્યાં વિચાર તો એ જોઈએ કે 'આપણે કેવા છીએ અને કેવા ભગવાનને ભજવા માટે જઈએ છીએ ? એમણે પોતાના જીવનમાં શું શું કર્યું ?...' આવું વિચારે તો તો પ્રભુના જીવનની એકેક વસ્તુ પૃથક્કરણ કરી કરીને વિચારતાં કલાકોના કલાકો ક્યાં ચાલ્યા ગયા એનો પત્તો ય ન લાગે. પછી તુલના કરતાં વિચારાય કે 'ત્યારે મારા જીવનમાં તે તે પ્રસંગ-પ્રવૃત્તિની અપેક્ષાએ શું છે ? પ્રભુને કરોડો દેવો અને ઇંદ્રોએ મેરુ શિખર પર અભિષેકનાં મહાસન્માન કર્યા છતાં લેશમાત્ર ઉત્કર્ષ મનમાં ય લાવવાની વાત નહિ ! આપણને કોઈ લેભાગુ જેવાએ જરાક શી સલામ ભરી, કે આપણો ગુણ ગાયો, ત્યાં ફૂલીને ફાળકો થવાય છે !...' બસ, આ રીતે વિચારતાં ચાલો તો યાત્રિકપણાના સાચા ભાવ જાગે.

**જગતમાં તો ઘણું ય ચાલે છે, નજરે દેખ્યાનું ઝેર છે ને ? :-**

અહીં તો યાત્રિકો પરચિંતામાં મગ્ન છે, એટલે યશોમતી પણ એમાં ભળે છે. જીવનું સત્ત્વ ક્યાં છે, જોમ ક્યાં છે કે 'કદાચ દુનિયા આખી પડે પરચિંતામાં, પરંતુ મારે ખપ છે મારી જાતની-મારા આત્માની ચિંતાનો. હું બધા ઘેરાવાની

વચમાં પણ મારી આત્મચિંતા નહિ ભૂલું. મારે શું નિસ્બત છે પરથી ? શું કામ છે પરચિંતાનું ? જગતમાં તો ઘણાનું ઘણુંય ચાલતું હોય છે, એ બધાની વહી વાંચતો હું ક્યાં બેસું ? એથી મને લાભ પણ શો ? અને દેખ્યાનું ઝેર છે ને ? નજરે નથી ચડતી એવી અસંખ્ય વસ્તુ અને અસંખ્ય ઘટના દુનિયામાં છે; એના તરફ દૃષ્ટિ જ નથી તો ક્યાં એની ચિંતા થાય છે ? ત્યારે નજર પડ્યાનો જ ગુનો છે ને ? તો પછી શું એમ જ માની લઉં કે નજરે પડ્યું જ નથી ? એમ કંઈક સાંભળ્યું તો એના પર ખોટી વિચારણા ચાલે છે ત્યાં પણ જો એ સાંભળ્યું જ ન હોત તો કાંઈ હતું ? ના, મારે જાણે સાંભળ્યું નથી એમ કરવાનું. બસ, પરચિંતાનું મારે કાંઈ જ કામ નથી.' આ જોમ જોઈએ. એ જોમથી પરચિંતા અટકાવી, પછી તો આત્મચિંતા કરવાને અવકાશ મળી ગયો, એટલે એ સહેલાઈથી ચાલે. ત્યારે,

**પરચિંતા અને આત્મચિંતાના ફળ વચ્ચે અંતર કેટલું ? આકાશ-પાતાળ જેટલું !**

**પરચિંતામાં** જડદૃષ્ટિ, અહંત્વ, રાગ, દ્વેષ અને પાપના થોક સાથે ભવની પરંપરા સુધીનાં દુઃખદ ફળ નીપજે છે; ત્યારે

**આત્મચિંતા-તત્ત્વચિંતામાં** આત્મદૃષ્ટિ સૌમ્યતા, સામ્યભાવ, કર્મક્ષય, સુંદર પુણ્યની કમાઈ અને મોક્ષ નિકટતા લાધે છે !

આવાં ગજબનાં અંતર-તફાવત સમજે તે પછી પરચિંતા-ડાકણને મન ઘરમાં શું કામ ઘાલે ? કે પેસવા દે ?

**મંત્રી સુબુદ્ધિ :-**

જ્ઞાતાધ્યયન આગમમાં સુબુદ્ધિ મંત્રીનું દૃષ્ટાન્ત આવે છે. એમાં રાજાએ આપેલા જમણમાં રાજા અને બીજાઓ જમણની ચીજોની પ્રશંસા કરી રહ્યા છે, પણ મુખ્યમંત્રી સુબુદ્ધિ કાંઈ જ બોલતો નથી, કેમ કે પક્કો જૈન છે, સમ્યગ્દર્શન ધરાવે છે.

રાજા પૂછે છે, "કેમ મૌન ? કેમ કાંઈ બોલતા નથી ?"

મંત્રી કહે છે, "પુદ્ગલની વિચિત્રતા છે, એમાં શું બોલવું'તું ?"

રાજા પરચિંતાના કેફમાં છે, તેથી મંત્રીના ઉત્તરનો મર્મ સમજી શકતો નથી. પાછા બહાર ફરવા નીકળ્યા અને નગરની ખાળ આગળ માત્ર સુબુદ્ધિએ નાકે ડૂચો ન ધર્યો એટલે રાજાએ પૂછ્યું, 'કેમ મંત્રીજી ! તમને દુર્ગંધ નથી આવતી ?' તો ત્યાં પણ મંત્રીએ એ જ પુદ્ગલની વિચિત્રતાનો જ ઉત્તર આપ્યો.

રાજા પૂછે છે, 'આ શું કહી રહ્યા છે ?'

મંત્રી કહે છે, 'મહારાજ ! અવસરે બતાવીશ.' શું બતાવવું છે એને ? એ જ કે 'જડ પુદ્ગલ વિચિત્ર છે, હમણાં સારું તો પછી ખરાબ ? હમણાં એક



જાતનું, તો પછી વળી બીજી જાતનું. એમાં હરખ-શોક શા કરવા ? એની ચર્ચાપટ્ટી કે વિચારણા બહુ શી કરવી ? કેમ કે જેને એક વાર વખાણીએ છીએ એને જ પાછું વખોડવાનું બને છે, અને વખોડેલાને વખાણવાનું થાય છે. કહો કે પ્રશંસા કે નિંદા માથે પડે છે, જીવને મૂર્ખ બનાવે છે ! ત્યારે એના વિચારો, પરચિંતા કર્યા કરવાથી કાંઈ સીઝતું તો છે નહિ, ને માનવજીવનનો કિંમતી સમય બરબાદ થાય છે.' મંત્રીએ રાજાને આ બતાવવું છે.

મંત્રીએ મહાન તત્ત્વ બતાવ્યું, પરચિંતા અને પરના હરખ-શોક કરવાનું નકામું છે. છતાં તપાસો તો દેખાશે કે **ઊંચી બુદ્ધિના આ ભવમાં પણ કેટલા બધા ધૂમ પ્રમાણમાં હલકી બુદ્ધિનું એ કામ ચાલી રહ્યું છે !**

યાત્રિકો પરચિંતાનાં ગપ્પાં મારતાં મારતાં માર્ગ વટાવી રહ્યા છે. યશોમતી પણ એમાં તણાય છે.

**પરચિંતાના વાતાવરણમાં ન તણાવા માટે** વિશિષ્ટ જાગૃતિ અને વિશિષ્ટ સત્ત્વ જોઈએ. જેમ રૂપાળી યુવતી પર આંખ ન જ લઈ જવા માટે ભારે જાગૃતિ ને સત્ત્વ જરૂરી છે, એમ બીજાઓ વાતોચીતો ને પરચિંતા કરતા હોય ત્યાં કાન ન લઈ જવા, ન સાંભળવા કે સાંભળ્યું ન-સાંભળ્યું કરવા જાગૃતિ અને સત્ત્વ ખીલવવું પડે. **'આમાં જરા ય ન ફસાઉં,'** એવી પાકી સાવધાની, પાકી ખબરદારી હોય, તથા તાત્ત્વિક વિચારણા વગેરેના પાકા પુરુષાર્થ ચાલુ હોય તો જાગૃતિ રહે અને સત્ત્વ ખીલે.

**યાત્રામાં ઉલ્લાસ :-** સંઘ શિખરજી પહોંચ્યો, સુંદર યાત્રા કરી, અને યશોમતીને જીવનમાં પહેલી જ વાર આવી મહાન યાત્રા મળવાથી વીતરાગ પરમાત્મા અને એમના શાસન ઉપર રાગ વધી ગયો, એથી વૈરાગ્ય સતેજ બની ગયો. મનમાં કેવી કેવી ઊંચી ભાવનાના તરંગ ઊઠ્યા ! હવે કેમ જલદી આ ઘોર સંસાર છૂટે અને તરત ચારિત્ર મળે એવી તમન્ના-તત્પરતા જાગી.

અહીં હવે સંઘ પાછો ફરે છે. બીજા બીજા તીર્થ ભેટવા રસ્તો બીજો લીધો. એમાં જતાં જતાં એક વાર પેલો છૂટો કરેલો મુનીમ જ્યાં દૂર દેશ-નગરમાં જઈ વસ્યો છે ત્યાં યાત્રિકો જઈ ચઢ્યા. જુઓ ભવિતવ્યતા કેવું અણધાર્યું ઊભું કરે છે !

**મુનીમનો ભેટો :-**

ત્યાં મુકામ કર્યા પછી નગરના મંદિરોની યાત્રાએ સૌ નીકળી પડ્યા છે; જોગાજોગ યશોમતી એકલી પડી ગઈ છે, એમાં સામેથી મુનીમ આવી રહ્યો છે.

મુનીમ એને જોતાં જ હરખભેર બોલી ઊઠે છે, 'ઓહો બેન ! તમે અહીં

ક્યાંથી ? ધન્ય ઘડી ! ધન્ય દિવસ ! આજે આટલા દૂર દેશમાં તમારાં દર્શન થયાં !'

મુનીમ હરખાઈ રહ્યો છે, ધર્મિષ્ઠ પવિત્ર બેનને જોવામાં મલકાઈ રહ્યો છે, ત્યારે બેનને તો એકદમ ધ્રાસકો પડે છે કે, 'અરે ! આ પાછો ક્યાં મળ્યો ! ગુરુએ મને સાવધાન રહેવાનું કહ્યું હતું, તેથી તો આને દૂર દેશ ધકેલ્યો, છતાં પાછો નજરે ચઢી ગયો ! ખેર, હવે ભાગું.'

**બેનને પરચિંતાનું ભૂત :-** ખરેખર તો આ વિચારીને ત્યાંથી ભાગવું જ જોઈતું હતું, જોયો ન જોયો કરી ચાલતી પકડવી હતી, પરંતુ મનને થયું કે 'જરાક ઉત્તર આપ્યા વિના કેમ જવાય ? બિચારો આટલા હરખથી બોલાવે છે ત્યાં કાંઈ પણ બોલ્યા વિના ચાલી જાઉં તો એના મનને કેવું લાગે ?'

આ કેવી વિચારણા છે ? પરચિંતાની. જ્યાં જ્ઞાની આચાર્ય ભગવાને સાવધાન રહેવાનું કહ્યું છે ત્યાં આવા વિચારો કરતા બેસવું એ પરચિંતા છે. 'મુનીમના મનને શું લાગે કે ન લાગે એ વિચારવું નકામું છે. તું તારું જોખમ પહેલું સંભાળ,' આ જ ખરું કર્તવ્ય છે, પરંતુ પરચિંતાનું ભૂત જીવનને એવું વળગે છે કે પોતાનું કર્તવ્ય ભુલાવી દે છે. ત્યારે જોજો અહીં પરચિંતા ક્યાં સુધી તાણી જાય છે !

બેન જવાબ દે છે, 'ભાઈ ! આ તો અમે શિખરજી યાત્રાએ ગયા હતા તે હવે પાછા ફરતાં અહીં આવી ગયા.'

આમ કહીને બેનને અહીંથી જતા રહેવું છે પણ મુનીમ તરત બોલી ઊઠે છે, 'એમ બેન ?' ત્યારે અહીં ક્યાં ઊતર્યા છો ? ચાલો આપણું ઘર તૈયાર છે તે એ મૂકીને બીજે ન ઊતરાય. ચાલો સામાન ક્યાં છે ?

બેન એક વાર પરચિંતામાં તણાઈ એટલે હવે કેમ, તો કે આ જા ફસા જા. 'ઉત્તર ન આપું તો એને શું લાગે ?' એ ચિંતામાં બેન તણાઈ; હવે બીજો ઉત્તર કરે છે, 'આ તો બીજા યાત્રિકો સાથે અમે ધર્મશાળામાં ઊતર્યાં છીએ. અને હવે પાછા તરત જવાનાં છીએ બાકી તમે કાંઈ પારકા થોડા જ છો ?'

મુનીમ કહે છે, 'પણ એમ તે કાંઈ જવાય ? આપણા ઘેર આવવું પડશે. આ તમારી ભાભી ય બિચારી કેટલીય વાર તમારા ગુણ ગાય છે તે તમને પ્રત્યક્ષ મળીને ખુશી થશે.'

યશોમતી આમ સાવધાન તો છે જ, 'ક્યારે ભાગું, ક્યારે ભાગું' એવો આંતરિક વલવલાટ પણ છે, છતાં મુનીમને કેવું લાગે, ભાભીને શું લાગે ? એ પરચિંતામાં ફસાઈ પડે છે ! એટલે હજી ઊભી રહીને જવાબ કરે છે, જવાબ તો સારો છે, એ કહે છે, 'ના ભાઈ ! હમણાં સમય નથી, બધા રાહ જોતાં બેઠાં



હશે. પાછું તરત જવાનું છે. એટલા માટે મારે જલદી જવું જોઈએ. તમારે ત્યાં આવવાનું તો વળી કોઈ અવસર આવશે ત્યારે જોઈશ.'

**પરચિંતામાંથી ખસી જવાનું સત્ત્વ :-**

જવાબ તો સારો દીધો, તેમ એને સાવધાનીનો ખ્યાલ પણ છે, એટલે અહીંથી ચાલી જવાની ચોક્ખી ભાવના ય છે; પરંતુ જે મૂળ પરચિંતાની સત્ત્વહીનતા હજી ઊભી રાખી છે એ સડસડાટ પગ ઉપડાવી ચાલતી પકડવાનું નથી થવા દેતી. પરચિંતાનો સામનો કરવા માટે સત્ત્વ જોઈએ છે. તો જ એનાથી વિરુદ્ધ દિશા-આત્મચિંતાના માર્ગે દોડી શકાય. જીવમાં બીજા સત્ત્વ હોવા છતાં જો આ સત્ત્વ નથી તો એવી ફસામણીમાં આવી પડે છે કે પેલાં બીજા સત્ત્વ ઘડીભર આવરાઈ જાય છે. યશોમતીમાં ધાર્મિક્તા, વૈરાગ્ય, ત્યાગ-તપસ્યાનાં સત્ત્વ ખીલેલાં છે, વધુ ખીલી રહ્યાં છે, પરંતુ પરચિંતાની ગુંડાગલીમાંથી નાસી ભાગવાનું સત્ત્વ ન હોવાથી અહીં અટવાઈ રહી છે; વિચાર કરે છે, 'મુનીમને કેવું લાગે ? ભાભીને શું લાગે ?'

**માનાકાંક્ષા મારે છે :-**

ઘણા માણસો આવી 'બીજાને શું લાગે ?' એની અટવામણમાં ફસાયા રહે છે. આની પાછળ પોતાની માનાકાંક્ષા કામ રહી હોય છે. 'સામાને મારા માટે રાશી કલ્પના થાય એ તો ખરાબ,' આ વિચાર પોતાનું માન-સન્માન ન ઘવાય એવી આકાંક્ષાના ઘરનો છે. દુનિયામાં માણસો કરોડો-અબજો છે એની ચિંતા નથી, પરંતુ 'સામે રહેલા ચાર માણસ કે બે કે એક જણ પણ મને 'આ જરા ઠીક નહિ' એવો કેમ સમજે ? એની આગળ સહેજ પણ હલકો કેમ દેખાઉં ? એ તો ઠીક નહિ,'' આ ચિંતા છે. આવી રાંકડી ગણતરીમાં જીવ તણાય છે, એ શું વિચિત્ર નથી લાગતું ? અલ્યા કરોડો-અબજોમાંથી બે ચાર જણે તને જરા ઠીક ન માન્યો એમાં શું તારું ઘસાઈ ગયું ? શી મોટી ખોટ આવી ગઈ, તે એટલી બધી એની ફિકરમાં પડ્યો રહે છે કે 'એને સારું કેમ લગાડું ?' આવા ઊંચા ભવનાં ઊંચાં કર્તવ્ય મૂકી શું વાતે વાતે આ જોયા કરવાનું કે 'બીજાની દૃષ્ટિમાં હું સારો લાગું છું ને ?' એમાં ખબર છે ખરી કે પછી સાચા આત્મહિતનાં ભાન ભૂલી જવાય છે ? આત્મચિંતાને આઘી ઠેલી ડાકણ પરચિંતાને કોટે વળગાડાય છે ?

**બીજાને સારું લગાડવાની માનાકાંક્ષા પાછળ પાપો :-**

'બીજા મને સારો ગણે, ડાહ્યો ગણે,' 'બીજાની દૃષ્ટિમાં બુદ્ધુ ન ગણાઉં, ધરમનું પૂંછડું ન ગણાઉં, હલકો ન લેખાઉં' એવી વૃત્તિ રહ્યા કરવાથી તો પછી સામો જો સાધુની, સારા ધર્મી શ્રાવકની કે ધર્મનાં અનુષ્ઠાનની નિંદા કરતો હશે તો વિરોધ કરવાનું જીગર નથી રહેતું. કેમ વારુ ? 'રખે ને એમ કરવા જતાં સામો

મને હલકો ગણે તો ?' તો જો સારો જ ગણાવું છે તો એની નિંદા ભેગો ભળશે, 'હા ખરી વાત, સાધુ આજે બગડી ગયા છે.' આ શામાં ટાપસી પૂરી ? ગુરુની નિંદામાં ! એમ સારા ગણવા માટે જૂઠ પણ બોલાય છે, સ્વપ્રશંસાય કરાય છે, ખોટા ખરચાય કરવામાં આવે છે...કેટલાંય પાપ સેવાય છે. શા માટે આવા કેઈ પાપો કરાવનારી એક લાગણી 'હું બીજાની નજરમાં સારો દેખાઉં, હલકો ન પડું' રાખવી જોઈએ ? આ ખોટી પરચિંતા છે. શું લાગે ? એની ચિંતા પોતે કરી રહ્યો છે. ભલે ને પોતાના અંગેની હોય, પરંતુ ખરું જોતાં પોતાના અંગેની બીજી બાજુ નથી જોવાતી જે મહત્ત્વની છે. 'સામાને સારું મનાવવું' એ જોવા જતાં એ મનાવવામાં જે ખોટું કરવું પડશે, જે નિંદા, યા જૂઠ, યા અન્ય કાંઈ પાપરૂપ કરવું પડશે એ શું પોતાના અંગેની વસ્તુ નથી ? છે જ અને મહત્ત્વની વસ્તુ છે. એને કેમ ભુલાય છે ? એ ભૂલીને સામાને ખોટું લાગશે તો ? એવી ચિંતા કરવી એ પરચિંતા છે. એ ખતરનાક છે. સોના જેવા જન્મની ખેર કરી રહી છે. હોશિયાર માણસો ધૂળમાંથી સોનું શોધી કાઢે છે, અડબંગ માણસ સોનાની ધૂળ કરે છે. પરચિંતાનું પાપ સુવર્ણસમા જનમને ધૂળ જેવું કરી નાંખે છે.

યશોમતી મુનીમ પાસેથી ભાગવાની ઈચ્છાવાળી છતાં આ પરચિંતામાં અટવાઈ છે. ત્યારે મુનીમને શેઠનું લૂણ ખાધાનો ખ્યાલ છે, તેમજ આ બેનની ધર્મિષ્ઠતા પર તે આકર્ષિત છે, એટલે લાંબા ગાળે મળેલી બેનની સરભરા કર્યા વિના ક્યાં જવા દે એમ છે ? એટલે એ તો વળગ્યો છે, કહે છે,

"મારી બેનડી ! તે શું એમ જ ચાલ્યા જવાનું ? મારો એક પાણીનો ઘૂંટ પણ તમારા જેવા, નહિ લેવાના ? એટલું ય મારું ભાગ્ય નહિ ? બિચારી તારી ભાભીને ખબર પડતાં કેટલું દુઃખ થશે ? આટલે આવી છો તો એને મળવાનું ય નહિ ? મારું ઘર પણ પાવન નહિ કરવાનું ? એક જરા આવી પાણી પીને જતી રહેજે. પછી છે કાંઈ ?"

**બેન ઢીલી પડે છે :-**

મુનીમે લાગણી બતાવી, અને યશોમતી હવે એમાં તણાઈ. એને થયું કે 'આ બિચારો આટલી લાગણી બતાવે છે તો મારે કેમ એમ જ તરછોડાય ? વળી જોઉં. એનું ઘર ક્યાં છે ? કેવું છે ? ભાભી કેમ છે ? અને આચાર્ય ભગવાને સાવધાન રહેવા કહ્યું છે, એમાં પણ ઘરે ભાભી છે એટલે વાંધો નહિ આવે. પછી ઝટપટ ત્યાંથી નીકળી તો જવાની જ છું.'

**પરચિંતાનો પગપેસારો :-**

આ વિચારણામાં જોજો પરચિંતા કેવી કામ કરી રહી છે. જે મુનીમથી



સાવધાન રહેવાની વાત છે અને એટલા માટે તો એને દૂર દેશ ધકેલ્યો છે એની લાગણી પર વિચાર કરવો ને ખેંચાવું એ પરચિંતા જ છે. 'બિચારાના મનને કેટલું લાગી આવે ?' એ આ બાઈ માટે ઘાતક પરચિંતા છે. એણે તો એ વિચારવું જોઈએ કે 'આવા સંયોગમાં જરા ય લહેવાઈ જવાય નહિ. ત્યાં સવાલ-જવાબ કરવા ઊભું પણ ન રહેવાય. લહેવાઈ જવું એ પરચિંતામાંથી ઊભું થાય છે. એને જવાબ ન આપું, એના ઘેર ન જાઉં તો એ મને કેવી લાગણીહીન માને એ પરચિંતા જ છે.' સૂક્ષ્મતાથી જોશો તો જ આ સમજાવાનું છે.

વળી 'જોઉં એનું ઘર, મળું ભાભીને...' આ બધી પરચિંતા છે. જ્યાં ભય છે, જોખમ છે, એ જોવાની ઇંતેજારી શી ? એ થાય તો એ પરચિંતાના ઘરની જ સમજો. આત્મહિતના અભિલાષીને એવી બધી પરચિંતારૂપ ઈંતેજારી, આતુરતા જિજ્ઞાસા ખતરનાક છે.

**પરચિંતાથી બચવું હોય તો** 'આ જગતમાં મેં અનંતા કાળમાં ઘણુંય જોઈ નાખ્યું, હવે હું ધરાઈ ગયો છું,' આવા વિચારપૂર્વક પર સંબંધી આતુરતા-જિજ્ઞાસાઓને વોસિરાવી દેવી જોઈએ.

જેટલું પરનું-બહારનું જોવા જવાય છે એટલું આત્મચિંતામાંથી આઘું ખસાય છે, ને સ્વાત્મઘાતક રાગ-દ્વેષને જગા કરી અપાય છે; કેમ કે રાગ વિનાનું વીતરાગ દર્શન કરતાં આવડતું નથી, એટલે પરદર્શનની સાથોસાથ રાગ કે દ્વેષ-અરુચિ ખડી થઈ જ જાય છે.

**વીતરાગ દર્શન આવડે છે ? :-**

કહો કે આપણાં પરદર્શન રાગ યા દ્વેષથી ખરડાયેલાં જ થાય છે, અથવા રાગ-દ્વેષોત્પાદક બને છે, માટે એથી સર્યું. રાગદ્વેષ વિનાનાં વીતરાગદર્શન કરતાં આવડે છે ક્યાં ? માટે તો 'લાવ નવરો છું તો જરા બજારમાં આંટો મારી આવું' આવા આવા ઉમળકા જાગે છે ! ને એ પરચિંતાની લગનીમાંથી પ્રગટે છે. એ પછી આંટો લગાવતાં કેટલા ય રાગ અને દ્વેષથી જીવને ખરડે છે. પર તરફ નજર નાખો કે મર્યા ! ગમતામાં રાગ, ને અણગમતામાં અરુચિ જાગવા તૈયાર જ છે ! એની પાછળ રાગદ્વેષની દઢતા અને કર્મબંધ કેવો ? માટે જ ન જોયામાં નવગુણ પણ પરની 'તથા' મૂક્યા વિના આ નહિ બને.

**રાગદ્વેષની થાપટથી બચવા :-**

વિચાર નથી કે '(૧) જ્યાં ને ત્યાં આંખો ભટકાવીને શો સાર કાઢીએ છીએ ?' (૨) જ્યાં ને ત્યાં કાન ધરીને શું કમાઈએ છીએ ? (૩) જે ને તે મનમાં ઊઠાવી શા લાભ ? રાગ યા દ્વેષ કે બીજું કાંઈ ? અનાદિના રાગદ્વેષથી તો મરી

રહ્યા છીએ, હવે પાછી ડગલે ને પગલે એની થાપ શી વધારવી ? એમ કરવામાં તો વીતરાગભાવની નજીક નથી આવતા, દૂર ફેંકાઈએ છીએ.'

છે આ વિચાર ! વિચાર હોય તો કાંક જોવા-સાંભળવાનું આવ્યું, કે નકામો વિચાર આવ્યો, ત્યાં ઝટ મનને થાય કે આ ન જોઉં, ન સાંભળું કે ન વિચારું, તો નુકસાન કાંઈ નથી, અને જો જોવા-સાંભળવા-વિચારવા ગયો તો રાગ-દ્વેષની થાપ ફોગટ વધવાની. આપણે એ મોખ નથી. માટે આંખ-કાન-મનને એમાં જવા જ ન દઉં.'

યશોમતીએ આ ખ્યાલ કર્યો હોત તો મુનીમનું ઘર જોવા ને ભાભી જોવાનો વિચાર ન કરત. પાછી ભાઈને શું લાગે ને ભાભીને શું લાગે એવી વિચારણામાં ય ન તણાત. 'એને લાગવાની સાથે તારે શો નિસ્બત ? લાગશે લાગવું હશે તે, તું તારું કેમ ચૂકે ?' પણ કહો, અહંત્વમાં તણાય છે, 'મારા માટે એ શું ધારે ?' આ 'મારા માટે' એ અહંત્વ છે. અહંત્વમાં અને પરચિંતામાં ઘસડાઈ-ઘસડાઈ જીવ દૂબળો થઈ રહ્યો છે. આત્માનું આત્મવિચારનું લોહી ઊડી રહ્યું છે એ જ દૂબળાશ.

**યશોમતી મુનીમના ઘરે :-** યશોમતી ઘસડાઈ; મુનીમને કહે છે, 'ભાઈ ! ચાલો ત્યારે ઘેર, પણ જોજો બહુ મને રોકતા નહિ.'

'ના રે ના; જેવી તારી ઇચ્છા.'

બંને ઘરે આવ્યા. બહારથી જ મુનીમ પત્નીને હાક મારે છે, 'સાંભળે છે ? આ બેન આવ્યા છે.' એક હાક, બે હાક, પણ કાંઈ જવાબ ન મળ્યો.

બેનને કહે છે, 'કંઈક પાણી ભરવા-કરવા ગઈ લાગે છે.'

ત્યાં તો બેન ચોંકે છે, 'ભાભી ઘરમાં ન હોય તો તો મારાથી ઘરમાં જવાય જ કેમ ?' આમ પાછી સાવધાન છે. સમજે છે કે જે મુનીમથી સાવધ રહેવાનું છે, એ ઘરમાં એકલો હોય ને હું ઘરમાં જાઉં ? જવાય જ નહિ' એમ વિચારી કહે છે, 'ભાઈ ! ત્યારે હું જાઉં છું.'

પેલો કહે છે, 'અરે બેન ! આટલે આવી ! ને હવે ઘરમાં જરાક પગલાં કર્યા વિના ને પાણીનો ઘૂંટડો ય પીધા વિના જાય છે ? આ તો મારે પુણ્યઘડો આંગણે આવીને ઘરમાં પેઠા વિના ચાલી જાય એવું થયું ! મારું મન દુભાય છે. જરાક આવી જા, પાણી પીને તરત જજે. એટલામાં શું બગડી જાય ?'

પાછી બેન ખચકાઈ મનને થયું કે 'આટલે આવ્યા પછી જરાક માટે શું ? જો હવે એમ જ ચાલી જઈશ તો મને એ કેવી ધારશે ?' બસ ! પાછી આવી આ પરચિંતા. 'બીજો મારી કેવી કિંમત આંકશે,' એવો પોતાના સન્માર્ગને ભૂલીને બીજાનો વિચાર કરાય એ પરચિંતા.



પાછી વળી બેન વિચારે છે, 'સાવધાન તો રહેવાનું જ છે, પરંતુ જરાક પાણી પીને નીકળી જાઉં, એમાં શું થઈ જવાનું છે ?' 'ચાલો ભાઈ ! પતાવો,' કહેતીક ચઢી મેડી પર.

બેનને બહાર બેસાડી મુનીમ અંદર રસોડામાં જઈ દૂધની તપેલી લઈ આવ્યો. કટોરામાં દૂધ કાઢતાં બેનને વાતે વળગાડવા મથે છે. નિર્દોષ છે, પેટમાં પાપ નથી, કોઈ બદદાનત નથી, કેવળ ધર્મિષ્ઠ બેનના સ્નેહમાં ઝીલે છે. તેથી જરાક વાતોચીતો કરવા ચાહે છે. પાછું મનને એમ પણ છે કે 'એટલામાં પત્ની આવી જાય તો સારું, એ ય બિચારી ખુશી થશે !'

પરંતુ આ બેન સાવધાન છે, તે ક્યાં વાતે વળગે એમ છે ? ઝટ કહી દે છે, 'ભાઈ ! વાતનો સમય નથી, લાવો ઝટ કટોરો પી લઉં. મારે મોડું થાય છે. નહિતર પછી જાઉં છું.' મુનીમ ગભરાયો કે 'વળી આ કાંક જતી રહેશે !' એટલે ઝટ કટોરો ભરી દઈ દે છે, અને પેલી ઝટપટ પીને કટોરો હેઠો મૂકે છે.

**એકાંત-પરચિંતા-એટલામાં શું એ વિચાર, ત્રણે ય ભયંકર :-**

અહીં સુધી જોજો બંનેનાં મન પવિત્ર છે. મુનીમને ગુણાનુરાગનો ઊભરો છે, ને યશોમતીને એક દાક્ષિણ્ય પાલનની વૃત્તિ છે. આમ છતાં પરિણામ ખરાબ આવવાનું છે, કેમ કે એકાંત છે, યશોમતી પરચિંતામાં તણાઈ છે, અને 'આટલામાં શું' એવી ટૂંકી બુદ્ધિમાં અટવાઈ છે. ત્રણેય ખતરનાક નીવડવાનાં છે, પણ ભોળા જીવને એની ગમ પહેલાં નથી પડતી, પણ કાર્ય બગડ્યા પછી એને જે પસ્તાવો થાય છે, તે પાર વિનાનો હોય છે.

હવે જ્યાં યશોમતી ઊઠવા જાય તે પહેલાં તો મુનીમ કટોરો ફરી દૂધથી ભરી કાઢે છે, અને કહે છે, 'બેન લઈ લે. આટલું લઈ લે. ફરી ફરી ક્યાં મારા ગરીબના ઘેર આવવાની છે ? અને બેન ? તું તો ભારે જબરી, મારું ગરીબનું શાનું સાંભળે ?' એમ જરા મોં મલકાવીને કહે છે.

એટલે યશોમતીને ય જરા હસવું આવી જાય છે, કહે છે, 'ભાઈ ! જબરા તો તમે છો, તે આ મને અહીં તાણી લાવ્યા અને હજી ય ઝટ પાછો કટોરો ભરી દીધો. પરંતુ હવે રહેવા દો, હું તો જઈશ.'

મુનીમ હસતો હસતો હાથ ઊંચા કરી કહે છે, "ના બેન ! ન જવા દઉં."

એટલે યશોમતી ય હસી પડતાં કહે છે, "ભાઈ ! એવું ન કરો."

**હાસ્ય બળ હણે છે :-** બસ, બગડવાનાં પગરણ મંડાયાં. ગંભીરતા ગઈ, હાસ્ય આવ્યું, એટલે અનર્થનું દ્વાર ખૂલ્યું. પરચિંતા અને 'આટલામાં શું ?'ની ગાડીમાં અનર્થના દ્વાર સુધી આવી ગઈ હતી. હવે હસ્યા એટલે દરવાજો ખૂલ્યો.

હાસ્ય એ ઢીલી પોચી વૃત્તિ છે, વિકાર સામે ટકવાનું બળ એ હણી નાખે છે, સિનેમા જોવા નથી જવું, પણ મિત્રના આગ્રહ પર હસીને બોલ્યા કે 'ના ભાઈ ના, રહેવા દે આગ્રહ,' તો એ હસવામાંથી નિર્ધારથી ખસવાનું થયું સમજો. પેલો કહેશે, 'રહેવા શાનું દે ? આવવું પડશે, આટલું નહિ માને ? નહિ જવા દઉં.' થયું, મન ઢીલું પડવાનું અને સિનેમા તરફ ઘસડાવાના.

**ગાંભીર્ય રક્ષણ આપે છે :-** એ તો ગંભીર રહો તો જ સન્માર્ગમાં ટકી શકાય. કેમ કે ગંભીરતા એ કડક વૃત્તિ છે. કડકાઈ હોય તો ટકવાનું બળ રહે. કારણ કે ત્યાં નરસા ભાવને પેસવા માટે જગા નથી રહેતી. બાકી હાસ્ય આવ્યું, તો શિથિલ પડ્યા, ટકવાની દીવાલ દોદરી થઈ.

**ગાંભીર્ય એ મહાન ગુણ છે.** નંદીષેણ મુનિ વેશ્યાને ત્યાં ફસાઈ પડ્યા, પણ ગંભીરપણે જવાબ આપ્યો ત્યાં સુધી તો બચ્યા, પરંતુ જ્યાં વેશ્યાએ હસીને વાત કરવા માંડી અને એની સામે પોતે હસમુખા થયા કે આવી બન્યું.

**કૃપણને હસાવ્યો તો :-** માણસમાં કૃપણતા હોય અને દાનમાં કાંઈ દેવું ન હોય, ત્યારે એ મોઢું બહુ ગંભીર રાખીને વાત કરે છે. પરંતુ જો સામો હોશિયાર હોય અને ગમે તે પ્રકારે એણે જો આ કૃપણને હસાડ્યો તો આ ભાઈસાહેબને ઢીલા પડવાનો સંભવ. પછી એને કાંઈ ને કાંઈ દેવું પડે છે.

**માબાપને હસાવ્યા તો :-** એમ માબાપ જ્યાં સુધી ગંભીર હશે ત્યાં સુધી દીકરા-દીકરીની અજુગતી વાતને મચક નહિ આપે. પરંતુ પેલો ઉસ્તાદી કરી માબાપને હસાડી મૂકશે તો ઢીલા પડેલા એ માતાપિતા પેલાની વાત માનવાના, એવું બને છે. સિનેમા જોવા જવું છે, પૈસા જોઈએ છે, માબાપ ના પાડે છે, પણ પછી છોકરા આ ગઠિયાગીરી કરે છે કે માબાપને ગમે તે વાત કાઢી સહેજ પણ હસતા કરે છે ને ? બસ, પછી માબાપ ઢીલા પડે છે અને કહે છે, 'લે ત્યારે આ વખતે જોઈ આવ, પણ પછી બોલતો નહિ.'

**લેણિયાતને હસાવ્યો તો :-**

હસવા-હસાડવાનો કીમિયો ઉઘરાણી આવેલાને પાછો કાઢવો હોય ત્યારે પણ કેટલીક વાર અજમાવવામાં આવે છે. એમ જીવનનાં અનેક ક્ષેત્રોમાં એ અજમાવાય છે. એ સૂચવે છે કે ગંભીરતા ચૂકો, હસતા થાઓ એટલે અંતરની કડક વૃત્તિ ઢીલી પડવાની, અને જે કામ ન કરવાનો નિર્ધાર હશે તે કામ કરવા તરફ આત્મા લપસવાનો.

**હસવામાં વાસના ટટાર :-**

બસ, એવું તો શું પણ અધિક સંભવિત છે. વિજાતીયની સાથે હસવામાં



વાસના પર ઘણો ય સંયમ રાખ્યો હોય, પરંતુ વિજાતીય એટલે કે સ્ત્રીને પુરુષ કે પુરુષને સ્ત્રી સાથે હસી-ખીલીને વાત કરવાનો પ્રસંગ બન્યો એટલે સૂતેલી વાસનાને જાગવાનો મોટો સંભવ રહે છે. અલબત્ત માતા કે બેન સાથેના હસીને વાત કરવામાં વાસનાનો પ્રસંગ ઓછો; ખાસ સંભવિત ન ગણાય, એમ વૃદ્ધામાં પણ ઓછો; કિન્તુ પર યુવાન-યુવતીમાં ઘણો સંભવ રહે છે. મુનીમ અને યશોમતી હવે હસીને સંલાપ કરવા સુધી આવી ગયા છે એ ખતરનાક નીવડવાનું છે.

જગતમાં એકાંત નથી કે આમ જ બને; કિન્તુ સંભાવના મોટી રહે છે. દિયર-ભોજાઈ, પડોશી-પડોશણ, મિત્ર-મિત્રાણી યા સાધુ-સાધ્વી વગેરે જો હસી ખીલીને વાત કરતા થયા, તો પતનને કંકોત્રી મોકલી સમજો. પછી કદાચ વ્યવહારના બંધનથી બાહ્ય એવો અનર્થ ન બન્યો, તો પણ કામરાગનો બીજો કોઈ પ્રકાર ચાલવાનો યા અંતરમાં કામની કોઈ સિદામણ ઊભી થવાની.

મૂળમાં તો વિજાતીય સાથે વાતોચીતો જ ખોટી; પણ એમાં ય મોં મલકાવીને વાતચીત એ તો મહાભયંકર ! દુનિયામાં કેઈનાં એમાં પતન થઈ ગયાં, સારા પણ ખરાબ થઈ ગયા. માટે જ વિજાતીય સાથે હસવા ખીલવાનું ખોટું. ત્યાં તો ખાસ ગાંભીર્ય જોઈએ.

અહીં બંનેએ હવે ગંભીરતા ગુમાવી છે. મુનીમ હસીને કહે છે 'ના બેન, આટલું પાયા વિના તો નહિ જવા દઉં, ત્યારે યશોમતી હસીને કહે છે 'રહેવા દો, રહેવા દો, ભાઈ ! હવે નહિ.'

**કાઠિયાવાડી પદ્ધતિએ દૂધ પાવું છે :-**

આ હસવાનું થયું ત્યાં સુધી ય બંનેનાં દિલ પવિત્ર છે, છતાં અંતરના દોર ઢીલા પડ્યા સમજો. એમાં મુનીમ હવે કાઠિયાવાડી પદ્ધતિથી દૂધ પાઈ દેવા માગે છે. કાઠિયાવાડી પદ્ધતિ એટલે ? બોચી ઝાલીને મોંમાં મીઠાઈ ખવરાવી દે, આજે તો ખબર નથી, પરંતુ પહેલાં જાન કન્યાને ત્યાં જતી ત્યાં આવું બનતું. જાનૈયા બરાબર પેટ ભરી જમી લે પછી કન્યા પક્ષના ચાર ભાયડા મીઠાઈનો થાળ લઈ નીકળી પડે, અને જાનૈયાને માથું પકડી પકડીને મોંમાં મીઠાઈના મોટા ટુકડા કે ઢેફાં ખોંસી-ઘાલી ખવરાવે.

અહીં પણ હાસ્ય સુધી પહોંચ્યું છે, હવે યશોમતી લેવાની ના કહે છે, એટલે મુનીમના બેન આટલું તો પીવું પડશે એમ કહેતોક એક હાથે કટોરો ઊંચકી બીજા હાથે ખભો ઝાલી દૂધ પાવા જાય છે. એમાં હાથનો ખુલ્લા ગળા સાથે સ્પર્શ થયો, ને બંનેને ઝણઝણાટી થઈ, વિકારના તાર ઝણહણી ઊઠ્યા. પેલી બાઈ હજી પણ ના ના કહે છે, 'ભાઈ ! આમ ન કરો' બોલે છે, પણ મલકતા મોંએ. પાછું

ત્યાં એકાંત છે, ત્રીજું કોઈ છે નહિ, વિચારો શું પરિણામ આવે ?

**એકાંતમાં સ્ત્રીનો યોગ ભયંકર :-**

એકાંત ભયંકર છે, મોટા યોગીઓ અને તે પણ એકલા હોય તો પચાવી શકે; બાકી સ્ત્રી સાથેનું એકાંત તો એમના માટે પણ અનિચ્છનીય. જાણો છો ને સિંહ-ગુફાવાસી મુનિના શા હાલ થયા ? સિંહની ગુફા પાસે નિર્ભીકપણે ચાર ચાર મહિના સુધી ધ્યાનમાં રહેવાની તાકાત હતી, પરંતુ એકાંતમાં કોશા વેશ્યાને જોતાં ગબડી પડ્યા; નિર્લજ્જ બનીને એની પાસે ભોગની માગણી કરી. એ તો સારું હતું કોશા સમજી ગઈ હતી કે 'આ સ્થૂલભદ્ર સ્વામીનો ચાળો કરવા આવ્યા લાગે છે,' તેથી સાવધાન અને બહુ ગંભીર રહી હતી અને ભૂલેલા મુનિને માર્ગ પર લઈ આવી, પરંતુ સાધુ અને સાધ્વી કે શ્રાવિકા એકાંતમાં હસી ખીલીને વાતચીત કરતા હોય, ત્યાં શો અનર્થ ન નીપજે ?

**''દિવ્ય-દર્શન''-''પ્રવચન મહોદધિ'' વર્ષ-૧૦,અંક-૩૯,તા.૩૦-૬-૧૯૬૨**

**રહનેમિ** મુનિ એકાંતમાં જ ભૂલ્યા ને ? સાધ્વીજી રાજીમતીએ તો કોઈ જ ઉપદ્રવ કર્યો નથી, હાવભાવ કર્યા નથી, કે મીઠા બોલ ઉચ્ચાર્યા નથી, છતાં માત્ર એમનું શરીર જોઈ રહનેમિ મૂંઝાયા એટલા બધા કે સીધી ભોગની માગણી કરે છે!

**સાધ્વી સાધુના મુકામમાં ક્યારે આવી શકે ? :-** એકાંત અને વિજાતીયનો સંયોગ ચિત્તને વિહ્વળ કરે છે, અને જીવને ગુણસ્થાનકની નીચે ઉતારે છે. એમાં વળી મલકતા મોંએ હસતાં-ખીલતાં વાતચીત કરવાનું થાય એટલે સુંવાળી વાસનાઓ જાગ્રત થાય છે, વિકારોના તાર ઝણઝણે છે, અનર્થના પડછાયા આવી ઊભા રહે છે. માટે જ જૈનશાસ્ત્રોએ સાધુ-સાધ્વીની બહુ કડક મર્યાદાઓ મૂકી છે.

**નંદની પરીક્ષા :-** નંદના પત્નીપણામાંથી રાજરાણી બનેલી લક્ષ્મીને પ્રતિબોધ કરી હવે દીક્ષા અપાવવી છે, એટલે નંદનો જીવ દેવતા, આચાર્ય મહારાજની પરીક્ષા કરવા જાય છે. એને એ જોવું છે કે આચાર્યના મુકામમાં અકાલચારી સાધ્વીને છૂટ છે કે કેમ ? ઓરડીમાં એકલા આચાર્ય અને એકલી સાધ્વીની તો આ વાત જ નથી, પણ સાધુની ભરી વસતિની વાત છે, કે ત્યાં પણ અકાળે સાધ્વીઓ આવે છે કે કેમ ? તે જોવું છે. અકાળ એટલે ? પાક્ષિક ક્ષમાપના, અથવા સૂત્રયોગ-વાચનાના કાળ સિવાયનો કાળ. જોયું કે અકાળે આવતી નથી, છતાં હવે એ જોવું છે કે ભલે અત્યારે દેખાતી નથી, પણ આચાર્ય કોઈવાર અકાળે સાધ્વી આવે તો આવવા દે છે કે મનાઈ કરે છે ? અને છતાં ન માને તો તડકાવી નાખે



છે ? જો ના, તો આચાર્યની નિશ્રા કામની નહિ.

નંદ દેવતાએ સાધ્વીનું રૂપ કર્યું અને એક આચાર્યની વસતિમાં પહોંચી ગઈ. ત્યાં આચાર્ય મહારાજ તરત ખબર લે છે, 'કેમ અત્યારે આવ્યા છો ?'

સાધ્વી કહે છે,-''મહારાજ ! માંદી પડી હતી તે સૂત્ર ભૂલી ગઈ છું. એ લેવા આવી છું. સૂત્ર આપો.''

આચાર્ય કહે છે, 'અત્યારે અકાળ છે, તમારાથી અહીં અવાય જ નહિ, જાઓ, ચાલ્યા જાઓ.'

સાધ્વી દયામણું મોઢું કરી કહે છે, 'પણ મહારાજ ! દયા કરો. ભૂલી ગઈ છું તે સૂત્ર-સ્વાધ્યાય શી રીતે કરું ? આટલી મહેરબાની કરો.'

આચાર્ય મહારાજ હવે કર્કશ શબ્દમાં કહે છે, 'તમને ના કીધી તે સમજતા નથી ? સાધુની વસતિમાં સાધ્વીથી અકાળે અવાય જ નહિ. જાઓ જાઓ હમણાં-જ અહીંથી નીકળી જાઓ. નહિતર પછી અમારે ચાલ્યા જવું પડશે.'

વિચારો સાધુની મર્યાદા. અકાળે સાધ્વીથી અવાય નહિ, તો શ્રાવિકાથી અવાય ? ગામડું ગામ હોય, સાધુ એકલો બેઠો હોય, અને કુમારિકા કે યુવાન સ્ત્રી વિનંતી કરવા આવે, 'મહારાજ ! વહોરવા પધારો;' વિચારો એ કેટલું ઉચિત છે ? શાસ્ત્ર તો જંગલમાં પણ મનાઈ કરે છે. વરસાદ પડ્યો, બે સાધુ ઝાડ નીચે જઈ ઊભા. ત્યાં વળી એક નહિ, પણ બે સાધ્વી આવી તો ય સાથે ઊભા રહેવાય નહિ, રખેને એકેક જણ એકેકની સાથે સંતલસ કરી ગોઠવાઈ જાય તો ? માટે કહ્યું કે ત્યાં પાંચમું કોઈ હોય તો જ ઊભા રહી શકે. તે પણ સામસામા મોઢાં રાખીને નહિ. આચાર-પાલનની આ વ્યવસ્થાને જાણે નહિ, જાણે તો ગણકારે નહિ, અને એકલી સાધ્વી કે શ્રાવિકા અને સાધુ સામસામાં મોઢાં જોતાં વાતોચીતો કરે એ કેટલું બધું જિનાજ્ઞા વિરુદ્ધ !

સાધુએ પચ્ચક્ખાણ પણ બાઈના શરીર કે મોઢાં સામે જોતાં નહિ આપવાનું, દૃષ્ટિ નીચી અને બને તો બીજી દિશામાં જ રાખવાની.

સુશીલ અને સમજુ બાઈઓ તથા પુરુષો તો સાધુની દૃષ્ટિ ઉપરથી પારખું કરી લે છે કે મહારાજ કેટલામાં છે; પછી દૃષ્ટિનો દોષ દેખાતાં એમને સાધુ ઉપરથી ભાવ ઊઠી જાય છે. દુનિયા આપણે માની લઈએ એવી ભોળી-ભટાક નથી. સાધુ માની લે કે 'આ મને સારું વહોરાવે છે, અગર વંદના કરી સુખશાતા પૂછે છે, માટે મારા ઘેલા ભક્ત જ છે,' તો એ અજ્ઞાન માન્યતા છે. વંદના કે વહોરાવવાનું તો ભાવ વિના માત્ર ઔચિત્ય ખાતર પણ થાય. આપણાં લક્ષણ સરખાં ન હોય, સતત તો નહિ પણ વચમાં વચમાં ય દૃષ્ટિ નાખી લેતા હોઈએ, તો ય તે સામા

સમજુની ધ્યાન બહાર નથી જતું; એ કિંમત કરી લે છે. વ્યાખ્યાનમાં પણ એવું છે. સાધુની દૃષ્ટિ સ્ત્રીઓ ઉપર જ જતી હોય તો ડાહ્યા માણસને એ જોઈ વિમાસણ થાય છે, કિંમત કરવાનું મન થાય છે.

નંદ દેવતાએ આચાર્યની પરીક્ષા કરી લીધી, પછી દેવનું રૂપ કરી ક્ષમા માગી, ખુલાસો કર્યો અને લક્ષ્મીને એમની આજ્ઞામાં દીક્ષા અપાવી.

**યશોમતીનું શું ? :-**

પેલી યશોમતી અને મુનીમ એકલા બેઠા છે, બંને પવિત્ર હતા. પરંતુ હસીને વાત કરવામાંથી હવે મુનીમ પરાણે દૂધનો કટોરો પાવા સુધી પહોંચ્યો, તે પણ બોચી ઝાલી મોંઢે કટોરો ભિડાવીને હવે શું બાકી રહે ? બંનેને ઉન્માદ જાગ્યો. બંને ભાન ભૂલ્યાં.

**કામનો આવેશ અંધ બનાવે છે :-** શું ડર ન લાગ્યો કે પત્ની બહાર ગયેલી કદાચ આવી જશે તો ? ના, કામનો આવેશ ચીજ ભયંકર છે. એ મન મનાવી લે છે. 'એ તો ઘરની પત્ની છે ને ?' 'ભાભી છે તો સ્નેહાળ ભાભી છે ને ?' જ્યાં પ્રત્યક્ષના ડર નહિ, ત્યાં પરોક્ષ નરકાદિ ગતિના ડર શા ? કામનો આવેશ આંધળો છે, આંધળા કરનારો છે, એ જોવા નથી દેતો કે અહીંના ક્ષણવારના સુખની પાછળ નરકનાં અસંખ્ય વર્ષનાં કારમાં દુ:ખ સર્જાયાં વેઠ્યાં નહિ જાય !

**નરકની ઘોર વેદના :-**

ત્યાં ભડભડતી અગ્નિની ભઠ્ઠીમાં જીવતાં ને જીવતાં શેકાઈ જવાની પીડાઓ કેમ સહન થશે ? એક તણખો શરીર પર પડે તો ચમચમ થાય છે, ગરમ તપેલી જરાક શી અડી જાય તો ચમકારા થાય છે ત્યાં આખા ને આખા શરીરે આગની ધીકતી જ્વાળાઓ વચ્ચે સળગવાનું શેં સહન થશે ? અને આ એક જ પીડા થોડી છે ? ઘણના ઘાથી કુટાવાનું, અખંડ શરીરે યંત્રની ભીંસમાં કચરાવા-પિલાવાનું, તીક્ષ્ણ ખંજરથી શાકભાજીની જેમ શરીરના ટુકડે ટુકડા થઈ જવા, છરાથી પપૈયાની જેમ આખા શરીરની ચામડી ઉઝરડાઈ જવી, તીક્ષ્ણ શાસ્ત્રથી આંખના ડોળા જીભ, કાન, નાક કપાઈ જવાં...આવી બધી કારમી વેદનાઓ, સેકડો-હજારો-લાખો વરસ નહિ પણ અસંખ્ય વરસો સુધી વેઠવાની આવી ત્યારે શું થશે ? ત્યાં 'બાપા બાપા ! બચાવો બાપલા' કર્યે કોઈ બચાવવા નહિ આવે. એ ત્રાસ આપનાર પરમાધામી અને નરકના બીજા જીવોની આગળ 'માફ કરો, ભાઈસાબ ! હવે પાપ નહિ કરું, આ મારાથી સહન નથી થતું' એવી કરુણ કાકલૂદી ભર્યા અવાજે ક્ષમા અને રક્ષણની પ્રાર્થના કર્યે કોઈ સાંભળશે નહિ. અરે ! ત્યાંની ધરતી સુદ્ધાં દુ:ખદ હશે, તલવારની ધારની જેમ પગમાં ભોંકાતી હશે ! ક્ષેત્રની ગરમી એંજિનની



વરાળની લાયની જેમ બાળતી અને બાફતી હશે, છતાં ત્યાંથી ભાગીને ક્યાં ય જવાશે નહિ. એવી પીડાઓમાં કાળના કાળ કેમ પસાર થશે ?' એવો કોઈ વિચાર નથી, તેથી કામરાગના આંધળિયા છે, એટલે દુરાચારના માર્ગે દોડ્યું જવાય છે.

નરકની ઘોર આપદાઓનો વિચાર, પશુ-પંખી-કીડા-સ્થાવરકાય સુધીની યોનિઓમાં થતા પતનનો વિચાર, દીર્ઘ કાળ તક દુર્ગતિઓમાં ભટકવાનું થવાનું એનો વિચાર-આવો કોઈ વિચાર તરવરે તો ક્ષણિક અને તુચ્છ વિષયસુખમાં ઝંપલાવાનું ન થાય. ઉત્તમ માનવજીવન સુધી આવ્યા એટલે તો આત્માના કેઈ ભયંકર દોષો દબાઈ ગયા, હવે બીજા દોષોને ઓછા કરવા અને ગુણોને વિકસાવવા માટે અવસર આવી લાગ્યો. સંયોગ અને સામગ્રી મળી પછી એ જ માર્ગે અહીં મળેલી વિશિષ્ટ શક્તિનો ઉપયોગ કરી ઉદ્યમ કરવાનો કે એથી ઊંધા માર્ગે ?

જગતમાં જન્મ એટલે વિકારનાં સાધનો વચ્ચે ને વાસનાના ઉત્તેજક સંયોગો વચ્ચે ફસામણી, આ સ્થિતિ છે. ત્યાં પછી એ સંયોગ અને સાધનાને વશ થઈ વાસના ઊછાળ્યા કરો અને વિકાર પામ્યા જ કરો, પામ્યા જ કરો ! તો તો ક્યારે ય ઊંચા અવાય જ શી રીતે ? રાગ, દ્વેષ, કામ, ક્રોધ, લોભ-મમતા, હર્ષ-ઉદ્વેગ ઈર્ષ્યા-મદ, અસૂયા-અસહિષ્ણુતા-આ બધા વિકાર છે. એ જ સંસારને ઊભો રાખે છે. જ્યારે ને ત્યારે એ વિકારોને ઓછા કરતા આવો ત્યારે જ આગળ વધી શકાય અને એ વિકારો રોકવા માટે પહેલાં તો એ સંયોગોથી દૂર જ રહો, અને શક્ય ન હોય ત્યાં એ જ સાધન-સંયોગો ઉપયોગી થાય, વિકારોને રોકનારા બને, એવી વિચારણા રાખો.

**ઢોરના જીવનનું પુનરાવર્તન એ કલંક છે :-** દા.ત. રૂપાળી સુંદર ચીજ સામે આવતાં મનમાં એનાં દર્શનની આતુરતા, આંખમાં ચમક, જોવામાં મનની તન્મયતા, તથા રાગ અને આનંદના ઉછાળા વગેરે ઝટ ઊભા થઈ જાય છે. હવે જુઓ કે આ બધા વિકારો છે અને તે કોઈ ઢોરનું જીવન હોત તો પણ અસંભવિત નહોતા. ત્યારે મનુષ્યપણાના અવતારે પાછું એનું એ ઢોરના જીવનનું પુનરાવર્તન થાય એમાં કોઈ નવાઈ તો નથી ને ? નવાઈ નથી, ઊલટું નાલેશી વહોરવાનું છે, કલંક છે, અહીં બુદ્ધિ વધારે મળી છે તેથી મોટા જોરદાર વિકારો સેવી સેવીને વિશેષ આત્મનાશ વહોરવાનો ધંધો છે.

હવે એ જ મન, બુદ્ધિ તથા આંખોરૂપી સાધન અને રૂપાળી ચીજના સંયોગને વિકાર દાબવાના માર્ગે લઈ જવા હોય તો લઈ જઈ શકાય છે. એ માટે મનુષ્યપણું અને ઉત્તમોત્તમ દેવ-ગુરુ-ધર્મના મળેલા સંયોગોનું મહત્ત્વ સમજવું જોઈએ. પછી બુદ્ધિને, જડનાં મૂલ્યાંકન, જડનું મહત્ત્વ, ને જડની વિશેષતામાં પરોવવા કરતાં

સ્વાત્માના મહત્ત્વ, કિંમત અને વિશેષતા જોવા-વિચારવામાં પરોવો, મનને જડના નિરીક્ષણ તરફ આતુર બનાવવાને બદલે કોઈ ને કોઈ આત્મગુણ વિકાસાવવા માટે આતુર બનાવો. આંખને રાગ-આસક્તિથી યુક્ત જડદર્શનમાં પરોવવાને બદલે વિરાગ, નફરત, ઉદાસીનતા વગેરે ભાવથી મિશ્રિત દર્શન તરફ વાળો, તો વિકારને ઓછા ખીલવાનો દબાવાનો અવસર છે.

વિચાર આ જોઈએ કે કિંમત મારી છે કે જડની ? શા માટે જડ પર વિહ્વળ થવાની જરૂર છે ? જડ એમનું એમ, અને હું વિકારી બનું ? મારા આત્માને ભૂલીને જડને શું મહત્ત્વ આપવું'તું ? મારે સ્વાત્માના ભોગે બાહ્ય જડ તરફ લહેવાઈ જવાની કોઈ જ જરૂર નથી.'

**ઉદાસીન દર્શન :-** બુદ્ધિનો આ ઉપયોગ કરવા સાથે મનમાં ઉદાસીન ભાવ ઊભો કરવો જોઈએ છે, એટલે કે એક તટસ્થ ત્રાહિત તરીકે માત્ર જોયું એટલું માફ, બાકી 'બહુ સુંદર,' કે 'કાંઈ નહિ, ધૂળ જેવું આ છે,' એવા કોઈ આંદોલન મનમાં ઊભા કરવાના નહિ. વિચાર આવે તો એટલો જ કે 'કાંઈ નહિ જગતના આ ભાવો છે.' જો મનનો ઉપયોગ આ ઉદાસીનભાવને બરાબર પકડી રાખી કર્યો તો રાગ-દ્વેષનાં બંધનથી બંધાતા અટકી જવાશે.

**વીતરાગદર્શન કે સરાગદર્શન ? :-** વિચારવા જેવું છે કે રાગદ્વેષના અનંત અનંતકાળના કુસંસ્કારો જીવની ઉપર લદાયેલા છે. એના ભારને લીધે જીવ એવો સત્ત્વહીન બની ગયો છે કે જ્યાં કાંઈ જોવામાં આવ્યું, સાંભળવામાં આવ્યું કે વિચારવામાં આવ્યું ત્યાં લગભગ રાગ યા દ્વેષ સ્થૂલ કે સૂક્ષ્મ ઘૂસેલો જ છે, વીતરાગદર્શન-શ્રવણ-ચિંતન તો બની શકતું નથી. પણ સરાગ દર્શનાદિ બને છે. સામાન્ય ઉદાસીન ભાવવાળું દર્શન વગેરે કરતાં ય આવડતું નથી. આ સ્થિતિમાં બહેતર છે કે બને તેટલાં અસત્ દર્શન, શ્રવણ અને ચિંતનથી બચ્યા જ રહેવું જોઈએ. બજારમાં ચાલ્યા ત્યાં આડાઅવળા ડાફરિયાં મારતાં ચાલો એટલે સમજી રાખો કે વસ્તુ જોતાં છેવટે સૂક્ષ્મ પણ રાગ-દ્વેષ ઝળકવાના.

**રાગદ્વેષનો આતશ :-** આ શું છે ? પેલું શું છે ? પેલા કોણ આવે છે ? ત્યાં કોણ ઊભું છે ?...' આ જિજ્ઞાસા ઊભી કરી, પછી શું એ જોતાં સારું યા નરસું નહિ લાગે ? અને એ લાગ્યું એટલે શું રાગ કે અરુચિ નહિ ઊભી થાય ? બજારના એક આંટામાં આવા રાગ-દ્વેષ કેટલા ઝળકવાના ? એવું જ ઈરાદાપૂર્વક આ સાંભળ્યું, પેલું સાંભળ્યું વગેરેમાં રાગ-દ્વેષ સ્ફુર્યા વિના રહેવાના છે ? એમ, વિચારો પર વિચારો કર્યે જાઓ ત્યાં શું રાગદ્વેષની લોથ આવ્યા વિના રહેવાની છે ? બહારનાં દર્શન-શ્રવણ-ચિંતનમાં રચ્યાપચ્યા રહેવું છે એટલે રાગદ્વેષનો આતશ



સતત સળગતો રહેવાનો. પર્વતના અગ્નિનો જેમ સતત સળગતા રહેવાનો સ્વભાવ ,એમ જીવનો પણ જાણે રાગદ્વેષની જ્વાળાઓથી સતત ભભૂકતા રહ્યા કરવાનો સ્વભાવ ! એથી એના સંસ્કારો પડ્યા કરવાના.

**કુસંસ્કારોનો રાગ વધે છે :-**

હવે પરિણામ વિચારો કે રાગદ્વેષના જુગજૂના કુસંસ્કારોના ઢગ ઉપર વધારો થવાનો કે એમાં ઘટાડો ? પૂર્વના રાગદ્વેષના કુસંસ્કારોથી મરી તો રહ્યા છીએ, એમાં વળી વધારો કર્યે જઈને માનવજીવનને કેવું ખરાબગ્રસ્ત કરવાનું ? એમાં કાંઈ મળે છે ? કશું વળે છે ? ના, ઢગલાબંધ બાહ્ય દર્શન-શ્રવણ-ચિંતન તો આવ્યા ને ગયા, આવ્યા ને ગયા, પણ એના કુસંસ્કારોનો ઢગલો વધતો ગયો ! ત્યારે અશુભ કર્મબંધનોનો ભાર વધ્યે ગયો એ તો વળી જુદું ! એથી આ જગતમાં ત્રાસ-તકલીફની કેવીક હારમાળા આવી પડશે, એનો ખ્યાલ કરો. ત્યાંય પાછા આ કુસંસ્કારો જીવને નવા નવા રાગદ્વેષમાં તાણી તાણી પાપપરંપરા જ લાંબી ચલાવવાના કે શુભની પરંપરા ?

**થાક્યાની સાવધાની :-**

બજારમાં ફરી આવ્યા, અને સેંકડો દર્શન કરી આવ્યા, પણ તેથી કેવળ મનનો તોષ કે બીજું કાંઈ વળવાનું ? એના બદલે જો આ સાવધાની રાખી કે 'ભાઈ ! હું હવે થાક્યો છું, મારે હવે રાગદ્વેષના ભાર નથી વધારવા માટે ડાફરિયાં મારવાં, રહેવા દે, નીચે જોઈને સીધા સીધા ચાલી જવા દે, જેથી બિચારા જીવજંતુ જીવતાં પગ નીચે કચરાઈ જાય નહિ, અને મફતિયા રાગદ્વેષથી બચી જવાય' તો તો એ પ્રમાણે પ્રવૃત્તિ રહે, અને બચાય. બજારમાં શું કે બીજે શું, બાહ્ય દર્શનાદિમાં ટેવાઈ ગયેલા જીવને ખાસ ચીવટ વિના એનાથી બચવું મુશ્કેલ છે. રાગદ્વેષનો ધમધોકાર ધંધો ચાલુ છે, એના કુસંસ્કારની થપ્પી પર થપ્પી ચઢ્યે જાય છે. આવા વિશિષ્ટ બુદ્ધિ અને સમજવાળા જીવનમાં આ ધંધો કર્યો પછી હલકા ભવમાં કઈ દશા ? એના ભાર અહીં ઓછા ન કર્યા પછી આગળ ક્યાં ઓછા કરવાના ? છે કોઈ ક્લાસ ? નવકારવાળી ગણતાં, સામાયિક કરતાં, પૂજા-ચૈત્યવંદન કે સ્વાધ્યાય કરતાં ખણજ તો ઊઠી, 'લાવ જરા પેલું બહારનું જોઈ લઉં, સાંભળી લઉં' અને ત્યાં આંખ-કાન દોડાવ્યા પણ એ વિચારો કે તો પછી આ સુંદર ધર્મક્રિયાઓ સિવાય બીજે ક્યાં બચી શકવાના ? અહીં ય જો રાગદ્વેષવર્ધક દર્શન-શ્રવણ-ચિંતન ચાલુ રાખવા છે તો સંસારમાં તો પૂછવાનું જ શું ?

બસ, મોટી લોથ પરચિંતાની છે. નકામાં દર્શન-શ્રવણ પરચિંતામાંથી ઊઠે છે, અને પરચિંતાને વધારે છે. બીજમાંથી ઝાડ ઊગે છે, અને એ બીજોને પેદા કરે છે. આ પરચિંતા ટાળવા માટેના પાકા નિર્ધાર જોઈએ, અને એની પ્રવૃત્તિમાં ઘટાડો જોઈએ.

એમાં ય જ્યાં વિશેષ ધોખો છે ત્યાં તો ખાસ કરીને પરચિંતાની પ્રવૃત્તિ પર એકદમ કાપ જ મૂકવો જોઈએ, પ્રવૃત્તિ કરતાં જ અટકવું જોઈએ. ત્યાં જો 'આ તો જરાક...એમાં શું થઈ જવાનું છે ?' એવું જો કર્યું ને, તો સમજી રાખવાનું કે બાર વાગ્યા ! પછી એટલી સહજ તરીકે માનેલી પરચિંતાની પ્રવૃત્તિની વાતમાંથી વતેસર થવાનું ! રજમાંથી ગજ થશે ! યશોમતી આમ જ સપડાણી છે. રસ્તામાં મુનીમ મળ્યો, ફાળ પણ પડી છે, છતાં એના આગ્રહ પર 'લાવને ત્યારે એને ખોટું શા માટે લગાડવું ?...જરા ભાભીને ય મળાશે,...' એવી પરચિંતા ઊભી કરી, અને 'ભાભી ઘરે છે પછી જરા જઈ આવું એમાં શું વાંધો આવવાનો હતો ?' એવું 'એમાં શું' કર્યું તો એની પાછળ કેટલું લંગર ચાલ્યું ? આગળ વધતાં વધતાં એ જ મુનીમ સાથે હસીને બોલવાનું, તથા ખભે હાથ લગાડે છે તો લગાડવા દેવાનું, અને ઠેઠ ભાન ભૂલવાનું ચાલ્યું ! પરચિંતાને કેટલી ભયંકર કહેશો ?

ભાભીને ન મળ્યાં હોત તો શું બગડી જવાનું હતું ? મુનીમને ઘેર ન જવાથી એને ખોટું લાગ્યું હોત એમાં કેટલું બગડવાનું હતું ? અને આ કેટલું બગડ્યું ? સામાને જરા ખરાબ લાગે એની ચિંતા એ ય પરચિંતા જ છે. એ અહીં અતિ ભૂંડી નીવડી.

**માણસને પરચિંતા કરતી વખતે ખબર નથી પડતી કે આ ઘોર અનર્થોની માતા છે.**

**પરચિંતામાં સત્ત્વ હણાય છે :-** જ્યાં પોતાનું આત્મહિત જોખમમાં હોય ત્યાં 'સામાને ખોટું લાગશે તો ?' આ પરની ચિંતા મનમાં ઘાલવી, એ સત્ત્વહીનતા છે; આત્મહિત જાળવવાનું સત્ત્વ નહિ, માટે એવી પરચિંતા ઘરમાં ઘલાય છે. જગતમાં આજ સુધી આવા ઘેલા હિસાબ માંડી માંડીને તો જીવે સત્ત્વને ગૂંગળાવી નાખ્યું છે, અને હજી અહીં પણ એના જુગજૂના કુસંસ્કારને મહાલવા દેવા, સક્રિય થવા દેવા, એટલે પછી સત્ત્વ ક્યારે વિકસવાનું ?

'સામાને ખોટું લાગતું હોય તો લાગવા દો હું મારું આત્મહિત, મારી આત્મચિંતા, ધર્મચિંતા નહિ ગુમાવું,' આ નિર્ધાર સત્ત્વના ઘરનો છે. એ નિર્ધાર જૈનને જોઈએ જ.

મુનિ ગોચરીએ જાય છે, ભગતે મુનિ માટે વસ્તુ કરી રાખી છે, એ મુનિ માટે સદોષ છે; તેમ નિર્દોષ પણ ચીજ વહોરાવતાં કોઈ દોષ લાગી રહ્યો છે તો તે પણ સદોષ છે, એવા અવસરે મુનિ જો પેલાના આગ્રહ પર એમ વિચારે કે 'આ જો નહિ લઉં તો એને ખોટું લાગશે' આવું વિચારે તો એ પરચિંતા થઈ, ત્યાં પછી લઈ લેતાં સત્ત્વ ગુમાવ્યું.



સત્ત્વ હોય તો પોતાનો કલ્યાણ માર્ગ, પોતાની પુણ્ય-પ્રતિજ્ઞા, પોતાની કુળવટની રક્ષા કરવાનું પહેલું વિચારી, બીજા ત્રીજા પ્રલોભનમાં કે માન-હાનિના વિચારમાં ન ઘસડાય, પણ એને કોડીની કિંમતના ગણી માર્ગ, પ્રતિજ્ઞા અને કુળવટને બરાબર જાળવવા મથે, કોઈ પણ ભોગે એની રક્ષા કરે. સામાએ જરા આપણને સારા માન્યા તેથી શું વળ્યું ? ત્યારે માર્ગમાંથી ચલિત થયા એટલે તો રખડ્યા, બહાર ફેંકાયા ! કેટલાય જન્મ-જન્માંતરની જહેમત પછી માંડ અહીં માર્ગ જોવા પામ્યા હોઈશું, કેટલી કર્મલઘુતાએ માર્ગમાં પ્રવેશ મળ્યો હશે, તેને હાથે કરીને જોખમાવવી, જોખમમાં મૂકે એવા સંયોગમાં તણાવું, એ વિચારહીનતાનું કાર્ય છે, દુઃસાહસ છે, માર્ગ કરતાં માનની આકાંક્ષામાં તણાવાનું છે. એ માનાકાંક્ષા આત્મહિત ભુલાવી પરની ચિંતા ઊભી કરે છે.

યશોમતીએ ધર્મસાધના તો ખૂબ કરી છે, આત્માને ઠીક ઠીક કેળવ્યો પણ છે, પરંતુ 'ન જાઉં તો મુનીમને ખોટું લાગે, મુનીમ મારા માટે કેવું માને ?' એ માનાકાંક્ષા અને પરચિંતામાં ઘસડાઈ. ત્યાં સત્ત્વ હણાયું; અને સત્ત્વ હણાયા પછી માણસને શું ગજું કે માર્ગમાં ચુસ્ત ચોંટી રહે ? સારી પવિત્ર પણ કન્યાઓ અને યુવાન સ્ત્રીઓ તેવા મહોબ્બતવાળા, કે પાડોશી, યા દિયરીઆ વગેરેની શેહમાં તણાઈ ઉન્માર્ગે ઘસડાવાના દાખલા બને છે ને ? પ્રારંભમાં કોઈ બદવિચાર નથી, પરંતુ 'વાત નહિ કરું, જવાબ નહિ દઉં, તો સામાને ખોટું લાગશે, એ મારા માટે હલકો અભિપ્રાય બાંધશે' એવી માનાકાંક્ષા અને પરચિંતામાં તણાવાનું બને છે, પરપુરુષ સાથે વાત નહિ જ કરવાની એ સત્ત્વ ગુમાવે છે, પછી શરમમાં ને શરમમાં અનિચ્છનીય બને એમાં નવાઈ શી ?

મહાઅનર્થ બન્યા પછી યશોમતી ગભરાઈ ગઈ, મુનીમ તો અંદર જ ભાગી ગયો અને એ ધડબડ ધડબડ હેઠે ઊતરી, ગઈ ઉતારે.

**યશોમતીનો બળાપો :-** સાથેવાળા પૂછે છે,

'કેમ બેન ! કાંઈ દર્શનમાં વાર વધારે લાગી લાગે છે !'

'હા, જરા મોડું થયું.' એમ કહી તો દે છે, પરંતુ કલેજું ધડક ધડક થઈ રહ્યું છે, હૈયું જાણે ભાંગીને ટુકડા થઈ રહ્યું છે, ! 'હાય ! આ મેં કેવો ઘોર અનાચાર સેવ્યો ! આ હું ક્યાં મુનીમની શરમમાં તણાઈ ! જોયું કે ઘરમાં ભાભી નથી તો ય ત્યાં ટકી ? ધોળા દહાડાના ભરોસે રહી પણ ધોળામાં આ કેવું કાળું કર્યું ? જીવનભર પાળેલા નિર્મળ બ્રહ્મચર્ય પર આ કાળો કૂચડો મેં ફેરવ્યો ? કોણ હું ? કોની દીકરી ? બાપની કેટલી બધી કાળજી અને અનુકૂળતા ? 'ગુરુ કેવા મહાજ્ઞાની મળ્યા કે એમણે ઠીક જ ચેતાવી દીધી હતી ! ધર્મ કેટલો ઊંચો મળેલો' આમ

છતાં મેં દુષ્ટાએ આ શું કર્યું ? આ પાપ કરતાં પહેલાં જીભ કચડીને મરી કેમ ન ગઈ ? હવે જો નથી ને ગર્ભ રહી ગયો તો દુનિયામાં મારે ક્યાં ઊભા રહેવાનું ? હે ભગવાન ! હે નાથ ! મેં આપનો કેટલો ભયંકર દ્રોહ કર્યો ! મારું શું થશે ?'

**ઘરે આવી પણ...** એને આંતર મનોવ્યથાનો પાર નથી. દિલ અત્યંત ઘવાઈ ગયું છે, હતાશ દિલે બીજાઓ સાથે ક્રમે કરીને ઘરે તો આવી, પરંતુ એને ચેન નથી, શુદ્ધ-બુદ્ધ નથી, બેબાકળી જેવી દેખાય છે.

મા-બાપ પૂછે છે, 'કેમ યાત્રા સારી રીતે થઈ ગઈ ને ? ઉદાસ જેવી કાં દેખાય ?'

શું કહે ? મન તો થાય છે કે 'મારું પાપ કહી દઉં' પણ પાછું મન વાળી લે છે, 'ના ગર્ભ જેવું ન હોય તો કહેવાની જરૂર નથી. કેમ કે નાહક એમના મનને ભારે ઉદ્વેગ થાય.' એટલે ટૂંકમાં પતાવ્યું, 'હા, આપની શુભેચ્છાથી યાત્રા સારી થઈ.'

**યશોમતીને ગર્ભ :-** પણ કુદરત ક્યાં છૂપી રહે એવી હતી ? યશોમતીને ગર્ભ રહી ગયો હતો, તે હવે જરા વિકસિત થાય એટલી જ વાર છે. એ વિકસિત થતાં એનાં ચિહ્ન પ્રગટ થવા માંડ્યાં, ઋતુ બંધ થઈ ગઈ. માતાને વહેમ પડ્યો, 'કેમ આમ ?'

**વર્તમાન દુરાચાર :-** આર્યદેશમાં કન્યાઓ, વિધવા અને દીર્ઘકાળ સુધી પરદેશ રહેલા પતિથી અલગ રહેલી સ્ત્રીઓ માથે આ ગર્ભના ભયનું બંધન હતું. કમમાં કમ એથી પણ સદાચારના માર્ગમાં ટકી રહેવાતું. આજે સંતતિ-નિયમનનાં સાધનોનો જમાનો આવ્યો, પેટમાં દુઃખવાના બહાને ગર્ભાશયનાં ઓપરેશન આવ્યાં, પરિણામ ? ગર્ભ રહેવાની ચિંતા ગઈ, પછી દુરાચાર અને અતિ કામાવેશને કોઈ અંકુશ રહે ? વર્ષો પહેલાં વાંચવામાં આવ્યું હતું કે સંતતિ-નિયમનનાં સાધનોના વેપારીએ કહેલું કે મોટો ભાગ એને કોલેજિયનો ખરીદી જાય છે ! કન્યાઓને સહશિક્ષણમાં જોડો છો, અને ઠેઠ કોલેજ અને યુવક મિત્રો સુધી પહોંચાડો છો, પરંતુ આનો કોઈ વિચાર કરો છો ખરા ? મોટી મોટી કન્યાઓ ઉઘાડા માથા અને લટકતા વેણીના પૂંછડા રાખી ફરે એની પાછળના પ્રત્યાઘાતોનો વિચાર આવે છે ખરો ? શું કામ આવે ? માવતર ખુશી થાય છે, માટે જ તો એની રોક ટોક નહિ ને ?'

**ગણિકા અને શ્રાવિકાના વેશ ફરક ખરો ?**

સિનેમા-નટી અને કુળપુત્રી કે કુલાંગના, બેયના પહેરવેશ સરખા ? ઢાંકવા



જેવાં અંગને ખુલ્લાં મૂકે એના દિલમાં શું કામની આગ સમજવી ? કે સતીત્વ-સદાચારની પવિત્ર લાગણી ?

તમે કહેશો કે એ તો દેશકાળના રિવાજ થઈ ગયા, પરંતુ જરા ઊંડા ઊતરીને વિચારો તો ખરા કે એવા વેશ કર્યા પછી 'પુરુષવર્ગ મારા તરફ જોવા આકર્ષાય છે કે નહિ' એવી વૃત્તિ શું નથી રહેતી ? આ વૃત્તિ શાના ઘરની છે એ વિચારજો. આર્યદેશની કુળબાળાઓ શ્રૃંગાર જાણતી, સંગીત અને નૃત્ય પણ જાણતી, પરંતુ તે પરપુરુષને બતાવવા જરાય ઇચ્છતી નહિ, યાવત્ પોતાના મોઢા તરફ પરપુરુષ દૃષ્ટિ નાખે એટલુંય એ ઇચ્છતી નહિ, માટે તો એનાં વેશપરિધાન અને ચાલ બહુ સંયમી રહેતાં.

મનમાં લેશ પણ અપવિત્રતા ઊઠે છે ત્યારે પુરુષને ખાસ કરીને પરસ્ત્રીનું અને સ્ત્રીને ખાસ કરીને પરપુરુષનું આકર્ષણ ઊભું કરવું ગમે છે. અંતરમાં ઊઠતી વાસના પર પાકું નિયંત્રણ ન મૂક્યું તો એ આવા કોઈ ચાળા કરાવે છે. માણસને પહેલાં તો કેટલીકવાર ખબરેય નથી પડતી કે 'આ હું વાસનાના ખેલમાં તણાઈ રહ્યો છું.' પરંતુ સૂક્ષ્મ નિરીક્ષણ કરે તો ખબર પડે કે 'વિજાતીયને કેમ આકર્ષવાનું મન થયું ? શું દિલમાં વાસનાનું દર્દ તો ઊભું નથી થયું કે જે મને તેવા વિચાર-વાણી-વર્તાવમાં પ્રેરે છે ?'

**વાસનાનું દર્દ જ આશ્વાસન શોધે છે :-**

દર્દવાળો આશ્વાસન શોધે છે. શરીરનો દર્દી કોઈ એને દવા, વૈદ અને બીજા ઉપાયો વગેરેની વાત કરનાર મળે, દર્દમાં હમદર્દી બતાવનાર મળે તો એને જરાક હૂંફ વળે છે, અને એ એવાને શોધે છે, ઝંખે છે, તથા તેવી વાત કરનાર મળી આવે તો એને વાત કરતાં સાંભળતાં ટાઢક વળે છે. એમ વાસનાના દર્દીની પણ એવી સ્થિતિ છે. એ વિજાતીય પાત્રને શોધે છે, પુરુષ સ્ત્રીને અને સ્ત્રી પુરુષને મળી આવતાં જાણે સ્ફૂર્તિ આવે છે, જોતાં વાત કરતાં ટાઢક અનુભવે છે. એ અંદરનું વાસનાનું દર્દ સૂચવે છે.

**એક હૉસ્પિટલમાં એક યુવાનનું આંખનું ઓપરેશન થયું. ત્યાં નિમાયેલી નર્સ એની સારવાર કરે છે.** બંને ઊગતી યુવાનીમાં છે, એટલે નર્સના કોમળ બોલ અને મુલાયમ સ્પર્શમાં ભાઈ લપટ્યા અને એના મીઠા બોલથી નર્સ ભૂલી પડી. હવે જોયું કે જો પાટો છૂટી જાય તો તો પછી હૉસ્પિટલમાંથી રજા મળે ! એટલે નર્સની સાથે સંતલસ કરી રાખી, ને જ્યારે પાટો છોડવાનો દિવસ આવ્યો અને ડૉક્ટરે પાટો છોડી પૂછ્યું 'કેમ કેવુંક દેખાય છે ?' ત્યારે આ યુવાન કહે છે, 'ઓહ ! મને પ્રકાશ ખમાતો જ નથી, અને આંખમાં બળે છે એવું લાગે છે.'

ડૉક્ટરે પાટો પાછો બાંધી દીધો. પછી વળી ડાક્ટરે બે ચાર દિવસ રહીને એ જ પ્રમાણે પૂછ્યું ત્યારે એનો એ જ જવાબ મળ્યો. ડાક્ટર વિચારમાં પડ્યો કે આમ કેમ ? એણે એને અંધારી રૂમમાં લેવરાવ્યો ત્યાં આંખ બરાબર તપાસી જોઈ તો કાંઈ જ ખામી જણાઈ નહિ. છતાં એણે પાછો પાટો બાંધી એને એના ખાટલા પર મોકલાવી દીધો.

**વાસનાના દર્દ પાછળ તારાજી :-**

ડૉક્ટરને ક્યાં ખબર હતી કે આના દિલમાં મોટું દર્દ વાસનાનું હતું. એ દર્દ જ એવું છે કે જરૂર પડ્યે સાજા સારા પાસે 'મારું માથું દુઃખે છે. પેટ દુઃખે છે,' એવા એવા દર્દના ઢોંગ કરાવે, અથવા માંદા પાસે 'હવે મને સારું છે,' એવા ઢોંગ કરાવે. ત્યાં ડૉક્ટર-વૈદ્યને શું ખબર પડે કે પેટમાં કે માથામાં નથી દુઃખતું.

વાસનાના દર્દમાં તો માણસો લક્ષ્મી તારાજ કરે છે, શરીર કૂચા કરે છે, આબરૂનું લિલામ કરે છે, અને આધ્યાત્મિક દૃષ્ટિએ જોઈએ તો કરોડો જન્મોની માનવભવ સુધી ઊંચે આવવાની કમાઈ જોતજોતામાં બરબાદ કરી નાખી દુઃખદ દુર્ગતિઓના પલ્લે પડી જાય છે. ત્યાં પણ અહીં બહુ અભ્યાસ કરેલી વાસનાના દર્દની કારમી પીડા રહે છે, એની પાછળ અઢળક માર ખાય છે, પાપની પરંપરા લંબાવે છે, અને દુર્ગતિના ભવોની પરંપરા ચાલે છે.

**બ્રહ્મચર્ય કેમ ? :-**

આ બધી પરિસ્થિતિનો વિચાર કરો તો જ્ઞાનીઓએ શ્રેષ્ઠ જીવન તરીકે બતાવેલ માનસિક-વાચિક-કાયિક બ્રહ્મચર્યનો ઝટ ખપ કરવાનું મન થાય. વિચાર આવે કે આ કૂતરા-કૂતરી કે ગદ્ધા-ગદ્ધીના ખેલ ક્યાં સુધી ? આવા ઊંચા મનુષ્ય અવતારે આ ? વાસનાના દર્દને પોષી પોષીને ક્યાં જવું છે ? એના કેટલા કુસંસ્કારોનો ભાર માથે લાગશે ? જીવન તો જોતજોતામાં પૂરું થઈ જશે, પરંતુ વાસનાનાં દર્દ જો મિટાવ્યાં નહિ અને દર્દ લઈને મર્યા તો પરભવે મિટ્ટી ખરાબ થઈ જશે, નિકંદનનો પાર નહિ રહે ! પછી ત્યાં કોઈ ઔષધ નહિ મળે. એ તો અહીં બધી સગવડ છે, ગુરુઓ છે, શાસ્ત્રોની ઉત્તમ વાતો છે, મહાપુરુષોના ચરિત્રનાં સુંદર આલંબન છે, વિચાર કરી શકવા જોગું ભેજું છે, તેથી વાસના કચડવી સહેલી છે. પણ આ બધું પરભવે હલકા અવતારમાં ક્યાંથી લાવીશ ! અરે એમાંનું એક પણ ઔષધ ક્યાં મળવાનું હતું ? અને વાતમાં માલ શો છે ? જરા, ઇન્દ્રિયોને કહી દેવાનું છે કે 'હવે હું તારી ગુલામી કરું ? તારી ખણજો પોષું ? ના, હવે તો જરાય તારો હુકમ માનવાનો મારે મોખ નથી, ખપ નથી.' આવો જો વિચાર કર્યા કરાય, તો વાસનાના દર્દને મિટાવવું સહેલું થઈ પડે એવું છે. માટે હૃદયસ્પર્શી વિચાર જોઈએ.





પેલા ડૉક્ટરને આમ તો ખબર નહોતી કે શું ચાલી રહ્યું છે, પરંતુ હવે એણે તપાસ કરી કે એના રૂમમાં કઈ નર્સની duty-ફરજ છે. પછી ડૉક્ટરે અનુમાન કર્યું કે કદાચ બંનેનો પ્રેમ બંધાઈ ગયો હોય એ સંભવિત છે. એટલે અખતરા ખાતર એણે નર્સની ફેરબદલી કરી નાખી, પેલીના બદલે એક આધેડ ઉંમરની નર્સ ત્યાં ગોઠવી દીધી.

હવે પેલા યુવાને જોયું કે નર્સ બદલાઈ ગઈ લાગે છે, એટલે જ્યાં ડૉક્ટર પાટો છોડી પૂછ્યું, 'કેમ, હવે કેમ લાગે છે ?'

આ કહે છે, "બસ હવે બરાબર દેખાય છે."

**દર્દ આંખનું કે દિલનું ? :-** ડૉક્ટર તરત સમજી ગયો, દર્દીને કહે છે, 'તમને આંખનું દર્દ નહોતું રહ્યું પણ દિલનું દર્દ ઊભું થયું હતું તે હવે મટી ગયું છે. જાઓ પધારો, હવે ઘેર પધારો,'

**ખુવારીના તત્ત્વવાળો કાળ :-**

વાસનાનાં દર્દ ભૂંડાં છે. એને પાછા પોષનારાં તત્ત્વ આજે ખૂબ વધી ગયાં. એવા કાળે જાતને અને નાની પ્રજાને નહિ બચાવી લો તો ખુવારીનો પાર નહિ રહે. કુલાચારથી દેવદર્શનાદિ ધર્મ તો થતો રહેશે પણ વાસનાના જાલિમ દર્દ હૃદયને કોચી ખાશે. મંદિર-ઉપાશ્રમમાં પણ દૃષ્ટિને જપવા નહિ દે, મનને ઉન્માદે ચઢાવશે.

યશોમતીને ગર્ભ રહી ગયો છે. એ વધતો ચાલ્યો, ચિહ્નો દેખાયાં, માતાને વહેમ પડ્યો, પૂછે છે, 'આમ કેમ ?'

હવે તો યશોમતી ય સમજી ગઈ છે કે આ ક્યાં અને કેટલું છાનું છૂપું રહેવાનું છે ? પરંતુ દિલમાં ભારે આઘાત છે, કહેતાં ખચકાય છે, શું કહેવું ?

**જેને સુધરવું છે એને ભૂલોથી ડામ્યે શું વળે ? :-**

એના મૌન પરથી માતાનો વહેમ પાકો થાય છે. પરંતુ બાઈ બહુ શાણી અને ધર્મિષ્ઠ છે એટલે હિંમત નથી હારતી, તેમ છોકરીને ઊધડી લેવાની ઉતાવળ નથી કરતી, કેમ કે ભય છે રખેને એમાં એ કૂવો-હવાડો પૂરે તો ? બે જીવનો ઘાત થાય. માણસ છે ભૂલ થઈ જાય, 'પણ આવી ભૂલ ?' હા, મોહના ઉદય વિચિત્ર છે, કારમી ભૂલો કરાવે. જોવાનું એટલું છે કે હવે એ કેવું વર્તવા ઇચ્છે છે ? હજીય જો લક્ષણ નથી સુધારવાં તો તો કાંઈ કહેવાનું રહેતું નથી. સુધરવું છે તો એને જૂની ભૂલોથી ડામ્યે રાખ્યે કાંઈ નહિ વળે.

**માતાનું વાત્સલ્ય :-** મા શાણી છે, વાત્સલ્યભર્યા શબ્દે પૂછે છે,

'બેન સંકોચાય છે કેમ ? જે વાત હોય તે ડર્યા વિના કહે. આજ સુધી તું જાણે છે ને કે તને કેવી રાખી છે ? તો તારા પર આટલા બધા સ્નેહવાળી તારી માતાથી છુપાવીશ ? બોલ, હિંમત રાખીને કહે. સૌ સારાંવાનાં થશે. મૂંઝા મા, તારું દુઃખ એ અમારું દુઃખ છે...' કહેતાં કહેતાં મા ગળગળી થઈ ગઈ ! આંખમાં પાણી ભરાઈ આવ્યાં !

યશોમતી પણ ગળગળી થઈ ગઈ, 'વહાલસોયી માતા હજી પણ મારા જેવી કુલાંગાર પુત્રી તરફ આટલો ભાવ રાખે છે ! અહાહાહા માતા તે માતા ! જગતમાં એની જોડ ક્યાં મળે ?'

**માનું દિલ તે એનું જ :-** વાત સાચી છે માતાનું દિલ એની પાસે જ છે. બાપ, ભાઈ, બેન, સગી પત્ની, પુત્ર-પુત્રી, બધા ખરા, પણ માતાના દિલ જેવા દિલવાળા નહિ. એ તો મા જ દીકરાની સત્તર ભૂલો છતાં એને બહાર ફજેત ન કરે. દીકરાની લાતો ખાધી હોય છતાં એના દિલમાં તો હોય ગમે તેમ તો ય દીકરો છે. નાદાન છે તે એમ કરે છે,'- એ રમતું હોય છે, જરૂર પડ્યે જાતે લુખ્ખું કે સાદું ખાઈ દીકરાને એ ચોપડ્યું અને સારું ખવરાવે છે, પોતાના મંદવાડમાં દીકરાએ સેવા ન કરી હોય છતાં દીકરાના મંદવાડ વખતે એ બરાબર કાળજી રાખે છે, આવી આવી તો કેઈ વિશેષતાઓ માતાને વરેલી હોય છે. માતા એટલે વાત્સલ્યનો મેઘ ! દીકરો ગર્ભમાં આવે ત્યારથી માંડીને એના પર વાત્સલ્યની વૃષ્ટિ કર્યા જ કરે, કર્યા જ કરે !

**દીકરા કે દિ ફર્યા ? :-**

આમ છતાં જે દીકરા માતા પ્રત્યે ઉદ્ધત બને છે, ક્લેશકારી બને છે, અને પત્ની કે મિત્ર વગેરેના મોહમાં ફસીને માતા પ્રત્યે નીતરતી ભક્તિ-બહુમાન ભૂલી ઊલટું દ્રોહ કરે છે, દુશ્મનની ગરજ સારે છે, એ દીકરા છે કે દિ ફર્યા છે ? તપાસો જેને તમે આજે કેળવણી, શિક્ષણ અને વિદ્યા તરીકે માની એના પર ઓવારી જાઓ છો એ શું માતૃભક્તિ શીખવે છે ? માતાના જીવનભર સેવક બન્યા રહેવાનું શીખવે છે ? માતાની ઓળખ કરાવે છે ? જો ના, તો એ શિક્ષણ છે ? કેળવણી છે ? માતાના અસંખ્ય ઉપકાર સામે કૃતજ્ઞતા ન શીખવે, એથી છોકરા કૃતઘ્ન થાય, એ છોકરા શિક્ષિત કે અશિક્ષિત કહેવાય ?

**કૃતજ્ઞતા તો ગુણોનો પાયો છે, ઉત્તમ જીવનનો આધાર છે, માણસાઈનું પહેલું લક્ષણ છે.** આવી જનમથી મહાઉપકારી માતા પ્રત્યે જે કૃતજ્ઞ નહીં તે બીજાઓ પ્રત્યે કેટલો કૃતજ્ઞ રહેવાનો ? એ જ્યાં સુધી જેની પાસેથી સ્વાર્થ સધાયો



રહેતો હશે ત્યાં સુધી એને ચાટુ કરવાનો, પણ સ્વાર્થ સધાઈ ગયા પછી કેમ ?, તો કે ગરજ સરી વૈદ વૈરી કૃતઘ્ન બનતાં કેટલીવાર ? આવાનું ટોળું સાચી કુટુંબ સેવા, જ્ઞાતિસેવા, ગ્રામસેવા, રાષ્ટ્રસેવા, અને દેવગુરુસેવા ય શું કરવાનું ?

**માતાપિતા પ્રત્યે કૃતઘ્ન બને એ દેવગુરુની ય વફાદારી ટકાવી શકતો નથી.** ત્યારે એ વફાદારી વિના ધર્મની સ્પર્શના થવી મુશ્કેલ છે એ સમજી રાખજો. તપ થઈ જાય, કોઈ બાધા લઈ લેવાય. ભગવાનના દર્શન-પૂજા ય થઈ જાય, પરંતુ ધર્મનો સાચો રંગ દેવગુરુની વફાદારી વિના શાનો ચઢે ? તો ઉપકારી પ્રત્યેની કૃતજ્ઞતાનું દેવાળું હોય ત્યાં વીતરાગ દેવ-નિર્ગ્રન્થ ગુરુ પ્રત્યે વફાદારી આવવી રસ્તામાં નથી પડી ! માતા મહાઉપકારી છે, એની પ્રત્યે કૃતજ્ઞતા પહેલા નંબરમાં જોઈએ; અને માતાના વર્ષો સુધી અનેક ઉપકાર તથા એનું સહજ અથાગ વાત્સલ્ય ધ્યાનમાં રખાય તો આ કાંઈ કઠિન નથી.

## પરમાત્મા પ્રત્યે કૃતજ્ઞતા

એથી ય પાછા આગળ વિચારજો કે પરમાત્માનો વળી માતા કરતાં ય કેટલા ગુણો ઉપકાર આપણા ઉપર છે ? તો પરમાત્મા પ્રત્યે કેટલી બધી કૃતજ્ઞતા હૈયે વસાવવી જોઈએ અને સેવાથી દાખવવી જોઈએ ? પરમાત્મા પ્રત્યે કૃતજ્ઞતા ઊભી કરો તો પણ વફાદારી ઊભી થાય. ત્યારે પૂછો કે પરમાત્મા પ્રત્યે કૃતજ્ઞતા હોય ખરી ? આનો ઉત્તર એ છે કે હા, પરમાત્મા પ્રત્યે તો મોટામાં મોટી કૃતજ્ઞતા હોવી જોઈએ; કેમ કે સર્વશ્રેષ્ઠ ઉપકાર પરમાત્માનો છે.

**પરમાત્માનો ઉપકાર છે ? :-**

માતાના ઉપકાર, પિતાના ઉપકાર, વિદ્યાગુરુના અને ધર્મગુરુના પણ ઉપકાર તો પછી પણ પહેલો અને શ્રેષ્ઠ ઉપકાર પરમાત્માનો છે. એનું કારણ એ છે કે આ મનુષ્યભવ જેવી સદ્ગતિ અને આરોગ્ય વગેરે બીજી પુણ્યાઈ તથા ધર્મ, ધર્મભાવનાઓ અને કલ્યાણ પ્રવૃત્તિઓ બધું જ એમના ઉપકારના પ્રભાવે મળ્યું છે. અહીં આપણને લાવવા માટે માતાપિતા કાંઈ પસંદગી કરીને બજારમાંથી ભેંસ ખરીદી લાવે એમ આપણી પસંદગી કરી શોધી કાઢવા નહોતા ગયા. એ તો પરમાત્માના અચિંત્ય અનુપમ ઉપકારથી આવો ઊંચો ભવ આપણે પામ્યા છીએ, પૂર્વે આપણે એમને ભજેલા, યા એમણે જગતને બતાવેલ ધર્મમાર્ગને સેવેલો, તેથી પુણ્ય દ્વારા આપણે અહીં આવી ગયા.

પૂછો કે તો તો પછી ધર્મમાર્ગ અને પુણ્યાઈ ઉપકારક ગણાય ને ?

પણ આ પૂછતાં પહેલાં એટલું વિચારજો કે પરમાત્મા વિના ધર્મમાર્ગ જગતને

મળત જ ક્યાંથી ? અને પુણ્યાઈ ઊભી થાત જ શી રીતે ? માટે મૂળ ઉપકાર પરમાત્માનો છે.

**પરમાત્માનો ઉપકાર કેટલો ? :-**

હવે એ જુઓ કે ઉપકાર કેટલો ઊંચો છે ! જાઓ જો જગતમાં, તપાસ કરો મનુષ્ય કોણ બનાવી શકે છે ? અરે ! આખો મનુષ્યભવ નહિ, મનુષ્યપણાના આયુષ્યમાં એક દિવસનો પણ વધારો કોણ કરી આપી શકે છે ? કરોડો રૂપિયા શું, પણ માનો કે ચક્રવર્તીની સમૃદ્ધિ તમારી પાસે હોય અને તે બધી આપી દેવા તૈયાર થઈ જાઓ છતાં તૂટતાં આયુષ્યમાં એક દિવસ વધારી દે એવો કોઈ છે ? મંત્રવિદ્યાથી મોટો દેવ પ્રસન્ન કરો તો ય તે વધારી આપી શકે ? ના, ત્યારે એ વિચારો કે

(૧) માત્ર એક નહિ, પણ હજારો દિવસનું આ આયુષ્ય આપણને મેળવી અપાવવામાં જે પરમાત્માનો અજોડ ઉપકાર છે એ ઉપકારી કેવા ? અને એમનો આ ઉપકાર કેટલો ગજબનો ? એમ

(૨) આરોગ્યાદિની બીજી પુણ્યાઈ કમાવી અપાવવામાં કેટલો મહાન ઉપકાર ? ત્યારે

(૩) ધર્મ-ધર્મભાવના-ધર્મપ્રવૃત્તિ મળવામાં પરમાત્માનો ઉપકાર કેટલો ભવ્યાતિભવ્ય ? એક નવકારનો ધર્મ પણ દેવલોક દેખાડે છે, તો એનું મૂલ્ય કેટલું આંકવું ? એ નવકાર આપનાર પરમાત્માએ આપણા પર કેટલો બધો ઉપકાર કર્યો ગણાય, એનું માપ વિચારશો ?

(૪) એક વખત કરેલી સારી ધર્મભાવના પણ અઢળક પુણ્ય વૈભવ આપે છે, તો એવી અનેક ધર્મભાવના અનેકવાર જે આપણે કરી શકીએ છીએ એમાં મુખ્ય ઉપકાર જે પરમાત્માનો છે, એમના એ ઉપકારનાં મૂલ્ય કેટલાં મૂકવાં ? એમ,

(૫) ધર્મ અને ધર્મપ્રવૃત્તિઓ વગેરેમાં પ્રભુના ઉપકારનાં માપ કાઢી શકશો ?

આ બધાનો જવાબ પરમાત્માનો અનંત ઉપકાર છે. એવા ઉપકારી પ્રત્યે આપણી કૃતજ્ઞતા કેટલી બધી જોઈએ ? એટલો ઊંચો કૃતજ્ઞભાવ હોય તો એ ઉપકાર અને ઉપકારી દિવસમાં કેટકેટલીવાર યાદ આવે ? તો પછી કૃતજ્ઞભાવ અદા કરવા કેટકેટલો ભોગ આપીએ છીએ ? એ વિચારો.

**જીવનના કયા મુદ્દામાં પ્રભુનો ઉપકાર યાદ ? :-**

યાદ કરવો હોય તો ઉપકાર ડગલે ને પગલે યાદ આવે. પરંતુ જ્યાં અહંત્વ જ આગળ આવતું હોય, અથવા બહુ તો પુણ્યાઈ યાદ કરાતી હોય ત્યાં પરમાત્માનો ઉપકાર શેં યાદ આવે ? નિશાળની પરીક્ષા પાસ કરી તો 'મારી મહેનતે કરી,'



પૈસા કમાયા તો 'બુદ્ધિના કે પુણ્યાઈના જોરે કમાયો,' નીરોગી રહ્યા તો 'મારી નિયમિતતા અને વ્યાયામથી રહ્યો,' રોગ મટ્યો તો 'સારા ડોક્ટરની દવાથી મટ્યો,' આમાં ક્યાં ય પ્રભુના ઉપકારની યાદ છે ?

મૂળ એ ઉપકાર જ યાદ ન આવે પછી કૃતજ્ઞભાવ વિચારવાનો શો ? અને અદા કરવાનો શો ? વિચાર હોય તો સમજાય કે મૂળ પરમાત્માએ જે ધર્મમાર્ગની સડક બનાવી આપી, એ સડકે કંઈક ચાલવાનું બનેલું, તેમજ આલંબન એમનું લીધેલું તેથી જ અહીં બધું મનમાન્યું બની આવે છે. આપણી મહેનત તો માત્ર નિમિત્તભૂત છે.

**દહીંમાંથી માખણ કે પાણીમાંથી ? :-**

દહીંમાંથી માખણ કાઢવા પાણી ઉમેરાય અને પછી વલોણું થઈ માખણ નીકળી આવે ત્યાં કોઈ એમ નથી કહેતું કે આ માખણ પાણીમાંથી નીકળ્યું. 'પણ પાણી ન નાખ્યું હોત તો માખણ નીકળત ખરું ?' ના, પાણી વિના ન ચાલત, છતાં માખણ અને પાણી વચ્ચે એટલું બધું અંતર છે, તેમજ દહીં અને માખણ વચ્ચે એટલી બધી સમાનતા છે, કે એ જોઈ માખણ દહીંના ઘરનું કહેવાય છે, પાણીના ઘરનું નહિ. માટે તો કહો છો કે પાણી વલોવ્યે માખણ ન નીકળે.

બસ, આ પાણીના સ્થાને તમારી મહેનત સમજો. અને દહીંના સ્થાને પરમાત્માનો ઉપકાર સમજો. પછી મનગમતું મળ્યું એ શેમાંથી મળ્યું એ સમજી શકાશે.

**પ્ર.**- આપણે ત્યાં તો એવી વાત છે કે વીતરાગ પરમાત્મા કશું કરતા નથી, ભક્ત પર રાજી નહિ, કે નિંદક પર દ્વેષી નહિ, તેમ કોઈને હાથ પકડીને મોક્ષમાં લઈ જતા નથી, પછી આ ઉપકારની વાત ક્યાંથી કાઢી ?

ઉ.- પરંતુ રોજ ચૈત્યવંદનમાં 'નમુત્થુણં' બોલો છો એમાં પરમાત્માનો ઉપકાર લખ્યો છે, એ કોણ વિચારશે ? એના વિવેચનશાસ્ત્રમાં સદ્ગતિ વગેરે મળવામાં પરમાત્માનો ઉપકાર કહ્યો છે તે કોણ જોશે ? બુદ્ધિથી જુઓ તો પણ દેખાશે કે પરમાત્માનો અપરંપાર ઉપકાર છે. દુનિયામાં જુઓ પ્રો. આઈન્ટસ્ટીને એક મૂળ શોધ કરી જગત આગળ મૂકી, હવે એના પર આગળ સંશોધન થાય કે યોજનાઓ થાય ત્યાં બધે પ્રો. આઈન્ટસ્ટીનનો ઉપકાર મનાય છે. તો અહીં પરમાત્માએ અજ્ઞાનના અંધકારમાં અથડાતા જગતની આગળ સાચો ધર્મમાર્ગ મૂક્યો અને એના આધારે આપણે ઊંચે આવ્યા, ને મનગમતું પામતા હોઈએ તો એમાં પરમાત્માનો ઉપકાર જે મૂળ કારણભૂત કે બીજી-ત્રીજી વસ્તુ ?

વીતરાગ પરમાત્મા કાંઈ કરતા નથી એ ગોખી રાખ્યું છે, તેથી પરમાત્માનો

અનુપમ ઉપકાર મન પર લવાતો નથી, એટલે પછી કૃતજ્ઞભાવ દિલમાં વારે વારે ક્યાંથી ઝળકે ? બાકી તો ગણધર ભગવાને તો આ સ્તુતિ કરી કે **'અભયદયાણં,** ચકખુદયાણં,...ભગવાન અભય એટલે કે ચિત્તસ્વાસ્થ્ય આપનારા છે, ચક્ષુ એટલે કે ધર્મની રુચિ આપનારા છે...' આમ કહીને ભલેને આપણે મહેનત કરીને ચિત્તને સ્વસ્થ બનાવ્યું, ખાસ ચાહીને ધર્મરુચિ ઊભી કરી, પરંતુ એમાં મુખ્ય કારણભૂત તો પરમાત્માનો ઉપકાર જ કહ્યો. 'લોગનાહાણં' પદમાં પ્રભુને જ ધર્મની ખરેખર પ્રાપ્તિ અને સંરક્ષણ કરનારા ન માનીએ તો ડાહ્યા ને સમજદાર આપણે કે ગણધર ભગવાન ?

**ધર્મ-ઉપકારની જેમ આલંબન-ઉપકાર :-**

અરિહંત ભગવાનનો અપરંપાર ઉપકાર માન્યા વિના એમના પ્રત્યે કૃતજ્ઞભાવ નહિ જાગે. 'અહાહા પ્રભુ ! તમારો મારા જેવા રંક ઉપર કેટલો બધો ઉપકાર ! નાથ ! એ ઉપકારના મેરુભાર નીચે હું દબાયેલો છું. જાણું છું તમારા ધર્મઉપકાર અને આલંબન-ઉપકાર વિના મારું કશું ઊપજતું નથી. સારું કાંઈ જ મને મળતું નથી. જે કોઈ સારું મળ્યું છે એ, હે તાત !, તમારું જ છે.' આવો ઉપકારનો ખ્યાલ અને કૃતજ્ઞભાવ વારંવાર યાદ કરવો પડશે. ઉપકારમાં ભૂલતા નહિ, એક ધર્મ આપ્યાનો ઉપકાર છે, બીજો આલંબન આપ્યાનો છે; દર્શન-સ્મરણ-પૂજન-ધ્યાન-સ્તુતિ બધું અરિહંતનું થાય તો અનુપમ લાભ મળે. એ દર્શનાદિમાં આલંબન અરિહંતનું કર્યું કહેવાય. ત્યાં અરિહંતનો આલંબન આપવાનો ઉપકાર છે. આ બંને ઉપકાર પ્રત્યે કૃતજ્ઞ બનવાનું છે.

ત્યારે જો કૃતજ્ઞભાવ ખરેખર સ્ફુર્યા કરે તો એનો બદલો તો શું વાળી શકીએ, પણ પરમાત્માની સેવા, એમની આજ્ઞાની આરાધના માટે દિલ તલપાપડ રહ્યા કરે. એ થાય પછી તો કેમ, તો કે

**કૃતજ્ઞતા અદા કરવા** પૈસા મળતાં ઝટ પહેલી પરમાત્માની ભક્તિ અને એમની આજ્ઞારૂપી ધર્મની સાધના કરી લેવા તરફ લક્ષ જાય. એમ બીજી-ત્રીજી અનેક વાતની અનુકૂળતા મળી કે, ત્યાં ત્યાં પરમાત્માનો ઉપકાર યાદ આવે, હૈયું કૃતજ્ઞભાવથી ઊભરાય, અને પરમાત્મા તથા એમની આજ્ઞાની આરાધના કરી લેવા કોઈ ને કોઈ માર્ગ શોધી કઢાય.

પરમાત્માના આપણા પર અનહદ ઉપકાર હૈયે કોતરાઈ ગયા હશે પછી,

**પૈસા હાથ આવ્યા તો** પહેલી કબાટ, તિજોરી કે બેંક નહિ, યા કોઈ ઘરખર્ચ નહિ, પણ પહેલું ધર્મખાતું યાદ આવશે, એમાં કાંઈક જમા કરાશે, ભગવાનની પૂજાની સુંદર સામગ્રી ખરીદી લવાશે.



**સારું ખાવાનું સામે આવ્યું ત્યાં** પહેલું પેટમાં કે છોકરાને નહિ, પણ પરમાત્મભક્તિ, સુપાત્રદાન, સાધર્મિક ભક્તિમાં દેવાશે.

**કપડાનો તાકો લઈ આવ્યા, તો** પહેલાં જાતનાં કે કુટુંબનાં કપડાં નહિ, પણ 'આ તો મારા પરમાત્માના ઉપકારની બલિહારી છે' એમ માની પહેલાં ભગવાનને સુંદર અંગલૂહણાં, સુપાત્રદાન કે સાધર્મિકભક્તિ કરાશે.

**સારું કમાઈ પડ્યા તો** પહેલાં ઘરવાળાની ડોકમાં કંઠી નહિ પણ પરમાત્માનું આભૂષણ યા પહેલાં તો કોઈ જિનમંદિર કે ઉપાશ્રયના જીર્ણોદ્ધાર અથવા સાધારણ ખાતામાં ભરણું ભરાશે.

**નાક માટે કે નાથ માટે ? :-**

આ કહેવાનો એ ભાવ નથી કે ધર્મકાર્યમાં તમે ખરચતા નથી, પરંતુ

**કૃતજ્ઞતાની રૂએ ખરચવાનું યાદ નથી, તેથી**

(૧) તમે ખરચવા માટે ધર્મક્ષેત્રને શોધતા જાઓ એના બદલે ધર્મક્ષેત્ર તમને શોધતું આવે છે ! અને તમારી આગળ કેટલાય કાલાવાલા કરે છે ત્યારે તમે દો છો. અથવા,

(૨) ક્યારેક તમારી ઈચ્છાથી ખરચો છો ત્યાં નાક માટે ! નાથ માટે નહિ ! નાથે મારા પર અપરંપાર ઉપકાર કર્યો છે તેથી મારે એમની સેવા કરવી જ જોઈએ, એ વિચારને બદલે આટલું ધર્મકાર્ય કરું તો લોકમાં મારું સારું દેખાય એ વિચાર આગળ આવે છે. માટે તો બે હજાર ખરચીને સ્વામી વાત્સલ્ય જમાડવા તૈયાર, પરંતુ ગામમાં દુઃખી સાધર્મીને થોડી પણ રાહત આપવા તૈયાર નહિ. મોટી પૂજા શાંતિસ્નાત્ર ભણાવવા હોંશ, મોટો ગવૈયો, શ્રીફળની પ્રભાવના એ બધાની તૈયારી, પરંતુ આ નિમિત્તે જૈનેતરો જૈન ધર્મની 'અહો કેવો સુંદર ધર્મ !' એવી અનુમોદના લઈ જાય એવું કરાવનાર ઉચિત દાન, પ્રભાવના વગેરેની તૈયારી નહિ. આ બધું શું સૂચવે છે ? નાક અમારું ઊંચું આવે એ લક્ષ છે, પણ નહિ કે 'નાથ પ્રત્યે કંઈક કૃતજ્ઞતા અદા કરું, મૂળ અરિહંત નાથનો ઉપકાર, તો અહીં બધું સારું મળ્યું અને મળતું આવે છે. એવા ઉપકારીને કેમ જ ભુલાય ?'

**નાક માટે ખર્ચ્યા ત્યાં ઝેરના લાડુનું નાટક :-**

પૈસા એના એ જ ખરચાય છે, પરંતુ આશયના ફરકથી લાભમાં મોટો ફરક પડી જાય છે. નાકના માટે ખરચ્યા, ત્યાં લાભ મામૂલી, ને નાથ માટે ખરચવામાં લાભ ઘણો મોટો. પાછું નાકના સારું ખરચ્યા એમ ક્રિયા વિષરૂપ બની મોહના સંસ્કાર ગાઢ નાખે અને તેથી ભવાંતરે એનું ઝેરના લાડુ જેવું નાટક ભજવાય, ત્યાં દુર્ગતિ યોગ્ય કરણી થાય એ વધારામાં. નાકના માટે ધર્મક્રિયા કરી એ આ લોકના

પ્રતિષ્ઠારૂપ ફળના ઉદ્દેશથી ક્રિયા થઈ એ અશુભ છે, વિષક્રિયા છે, અને પાપાનુબંધી પુણ્ય કમાવી આપે છે.

પાપાનુબંધી પુણ્ય કમાયા એટલે ભલે પુણ્ય મળ્યું ખરું પરંતુ એ ઉદયમાં આવશે ત્યારે મોહના સંસ્કારથી બુદ્ધિ બગડશે ! અને થોકબંધ પાપનું ઉપાર્જન કરાવશે !

**પુણ્ય છતાં દુર્બુદ્ધિ કેમ ? :-**

પુણ્ય પાપાનુબંધી એટલે ? એ જ કે એના ઉદયથી મળેલ લક્ષ્મી વગેરેના લાભમાં બુદ્ધિ પાપની જાગે, અભિમાન થાય, લોભ વધે, પ્રપંચ સૂઝે, મહાહિંસા આરંભ-સમારંભ-જૂઠ વગેરે ખેલાય કે ગાઢ વિષયાસક્તિ જાગે; જેમ વાસુદેવોને જાગે છે. કેમ આમ ? પૂર્વે જે ધર્મ કર્યો એ વખતે એનો ઉદ્દેશ દુન્યવી લાભનો કર્યો તેથી તરણતારણ ધર્મના ઘરમાં મોહ કરવાને લીધે મોહના ગાઢ સંસ્કાર પડ્યા. ધર્મના ઘરમાં તો તરવાનું હતું, મોહને નબળો પાડવાનો હતો, કેમ કે ધર્મની એ તાકાત છે કે મોહને નિર્બળ કરે, પરંતુ કહો કે જાણે એ શક્તિનો સામનો કરી એને ગૂંગળાવી નાખી અને મોહને મહલાવ્યો; તેથી અહીં સંસારક્રિયા કરતાં ધર્મક્રિયામાં મોહના સંસ્કાર ગાઢ પડી જાય એ નવાઈ નથી. એ સંસ્કાર હવે પેલા પુણ્યના ઉદય સાથે જાગ્રત થઈ બુદ્ધિને ભ્રષ્ટ કરે એ સહજ છે.

**ધર્મના દવાખાને :-** ધ્યાન રાખજો, દુનિયામાં તો જીવનો મોહ ભારોભાર પોષાઈ રહ્યો છે, પરંતુ ધર્મ જે મોહરોગ કાઢવાનું દવાખાનું કહેવાય ત્યાંય પાછો એને પોષવા-વધારવાનું કરતા નહિ; નહિતર એ વિશેષ પાવરધો બની જશે. એના ઉદયમાં જીવ આંધળો થશે, જરાય સાર-અસાર નહિ જુએ, પોતાનું જ હિત શું, અહિત શું એની પરવા નહિ કરે, અને તીવ્ર મોહમાં ઝંપલાવશે. માટે ધર્મના ઘરને દવાખાનું જ રહેવા દો, જ્યારે ત્યાં આવો જ છો તો પછી મોહના રાગ ઓછા થાય એવું કરો. છાશમાં માખણ જાય ને વહુ ફૂવડ કહેવાય, એવો ધંધો શા માટે ? તન-ધનનો ભોગ આપીને તો ધર્મ કર્યો, હવે ત્યાં જ પાછા મોહ કષાય અને વિષયાસક્તિ મજબૂત કરવી એ મહામૂર્ખાઈનો ધંધો છે. નાક માટે ખરચવામાં આવું થાય છે.

**'નાથ માટે'ની ભાવના : શુભની પેટીમાં ટેક્ષ :-**

હવે જુઓ, નાથ માટે ધર્મ-ખર્ચ કરો ત્યાં જેમ પેલામાં નાક સાચવવા-રાખવાની બુદ્ધિ છે, એમ અહીં નાથને સાચવવાની લગની છે.

'મારા નાથે મારા પર અપરંપાર ઉપકાર કર્યા છે તો મારા કોઈ પણ સ્વાર્થ-ઉપભોગ પહેલાં એમને ન ભૂલું; કાંઈ ને કાંઈ એમને અર્પણ કર્યા વિના



સ્વાર્થ ભોગવવા ન બેસું. સ્વામીના ઉપકારથી મળેલું બધું જો જાત અને જાતના માનેલાને માટે રિઝર્વ (Reserved) કરી દઉં, સર્વ હક્ક સ્વાધીન કરી લઉં અને પરમોપકારી નાથને ભૂલું તો હું કેટલો નીચ-નિમકહરામી ગણાઉં ?'

**"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૧૦,અંક-૪૧,તા.૧૪-૭-૧૯૬૨**

આ ભાવના હૈયે નિરંતર રમતી રહે. એનું ફળ વાતવાતમાં ધર્મ ખર્ચ છે. ઘરમાં શુભની પેટી રાખેલી જ હોય એમાં દરેક નાનેથી મોટા સુધીના ઘરખર્ચ પર જાણે નાથનો ટેક્ષ પડ્યો જ છે ! બાર આનાનું દૂધ લેવા જવું છે, તો પહેલાં બે આના શુભની પેટીમાં નાખ્યા જ હોય. આઠ આનાનું શાક લાવવું છે, તો પહેલાં ૧-૧।। આનો શુભની પેટીમાં પધરાવ્યો જ હોય. મહેમાન આવ્યા છે, એમની પાછળ ૨-૪ રૂપિયાનો ખર્ચ સંભવિત છે, તો ૪-૮ આના પેટીમાં પહેલા જ નખાઈ જાય; અગર અમુક પ્રમાણમાં ઘી-સાકર વપરાવાના છે, તો દેરાસરમાં દીવામાં ઘી, નૈવેદ્ય મોકલી જ દીધું હોય...આમ ઠામઠામ નાથ પહેલાં, બીજું પછી. બધું સાચવતાં પહેલાં નાથને સાચવવાના, કેમ કે એમના અતુલ ઉપકારે જ અહીં ઉત્તમ જન્મ પામ્યા, જીવીએ છીએ અને પુણ્યાઈ ભોગવીએ છીએ, તો કૃતજ્ઞતા કેમ ભુલાય ?

અરિહંત નાથને પહેલાં સાચવવાની આ તાલાવેલી હોય, સ્વાર્થમાં બધે જ એમને અર્પણ મોખરે રાખ્યું હોય, પછી એની ઉપરનું કોઈ પણ સુકૃતે ય શાનું નાક માટે થાય ?

**નાકનો વિચાર રોકવા :-**

નાકનો વિચાર આવે ત્યાં મનને એમ થાય કે 'છટ્ !' નાકની શી બહુ કિંમત છે ? કિંમત તો નાથની છે. નાથના આધારે જ આપણું આ અસ્તિત્વ છે. એમની આ જીવનમાં જે કાંઈ સેવા-ઉપાસના થઈ તે અમારાં અહોભાગ્ય છે ! એ કરીએ એમાં કોઈ નવાઈ નથી, કેમ કે લીધા પછી દેવાની વાત છે, કૃતજ્ઞતા અદા કરવાની છે. એમ છતાં ય પાછું ભવાંતરમાં સારો જવાબ એ આપનાર છે. પણ એના લોભ કરતાં કૃતજ્ઞતા અદા કરવાનું લક્ષ રાખીએ તો દિલ બહુ નમ્ર બને છે, વીતરાગનું સાચું સેવક બને છે, ફોરું અને માણસાઈવાળું બને છે.

**જાતને ભોગ, ને નાથને માટે ભોગ, બેમાં મહાન અંતર :-**

આનો આનંદ પણ ઓર આવે છે. મનને થાય છે કે 'ઉપકારીને હું નથી ભૂલ્યો, નાથ ને વીસર્યા નથી, વારે વારે ભોગ આપીને એમના ઉપકારની સાચી

સ્મૃતિ કરી છે.' જાતને ભોગ ખિલાવ્યાના આનંદ તુચ્છ છે, ક્ષણજીવી છે, ત્યારે નાથને માટે ભોગ આપ્યાના આનંદ અનેરા ઊંચા છે, અમર છે.

**નાથની સેવાના આનંદ 'અમર' એટલા માટે,** કે પછી ગમે તેવાં દુઃખ આવે તો પણ મનને અનુમોદના રહે છે કે 'ખેર ! દુઃખ તો મારાં પૂર્વ પાપનાં ઉત્તર-પરિણામ છે, પણ સારી સ્થિતિમાં પૂર્વે નાથની જે કાંઈ સેવા થઈ, નાથને ચરણે ધર્યું એ કેટલું સુંદર થઈ ગયું !!' આમ જે આનંદ અનુભવાય છે, એ જ આનંદની અમરતા, જીવનની છેલ્લી ઘડી સુધી આ આનંદ અનુભવી શકાય છે.

**સ્વાર્થભોગના આનંદ-નાશવંત :-**

ત્યારે જુઓ કે જાતને ભોગ ખિલાવ્યાના આનંદની આ સ્થિતિ નથી, એમાં તો કાં જો નવા ભોગવામાં અધિક આનંદ આવ્યો તો ય જૂનો આનંદ વિસાર્યે પડ્યો, અને કાં જો દુઃખ આવ્યું તો ય જાણે સુખ કોઈ દેખ્યું જ નહોતું ! અને જીવન દુઃખ-દુઃખથી ભરેલું છે. એવું લાગે છે ! આઘે ક્યાં જવું, જાતનો જ વિચાર કરી જુઓને; આ જીવનમાં પાંચે ઇન્દ્રિયોથી કેટલાય વિષય-આનંદ અનુભવ્યા ! શું એ અત્યારે હર્ષ કરાવે છે ? કેટલીય વાર પૈસા કમાયાના આનંદ અનુભવ્યા, પણ એ ખર્ચાઈ ગયા પછી એની કમાણીના આનંદ દિલને સુખદ સંવેદન કરાવે છે ? ના, વર્તમાનમાં વધુ કમાયા તો આનો જ આનંદ છે, પેલા તો જાણે ખા ગયા ખો ગયા ! અને જો વર્તમાનમાં ખોટ છે, તો પોક છે, પેલા આનંદ કશું ય આશ્વાસન આપી શકતા નથી. એથી ઊલટું છે અરિહંતનાથને માટે ભોગ આપ્યામાં, ખર્ચ કર્યામાં, કપરા દુઃખમાં પણ એના પૂર્વ આનંદ તાજા થઈ આશ્વાસન આપે છે, 'સારું થયું સારી સ્થિતિમાં કંઈક પણ નાથની સેવા કરી લીધી ! કેમ કે એ લેખે લાગી ! એ કૃતજ્ઞતા-નિમકહલાલીનું પાલન કરાવી ગઈ ! નાથની પ્રત્યે હરામીવેડા કરવાના પાપથી બચાયું. નહિતર ધન ગુમાવ્યા પછી શું કરી શકત ?'

જાતના ભોગવટા કરી લેવામાં અને નાથને માટે આર્થિક વગેરે ભોગ આપવામાં થતા આનંદ વચ્ચે આટલું મોટું આકાશ-પાતાલનું અંતર જોયા પછી હવે કયો આનંદ લૂંટવાનું પસંદ કરશો ? બે આના પાસે છે તો ચાલો ચા પી લઈએ જરા આનંદ થાય, એ ? કે 'ચાલો દેરાસરના ભંડારમાં નાખી દઈએ, યા પ્રભુને ધૂપ કરવા અગરબત્તી લાવીએ, યા છોકરા સામાયિક કરે, ધાર્મિક ગાથા ગોખે, બેસણું કરે, યા કોઈ દુઃખી મળે તો એને આપી દઈએ, મજા આપે !' એ ?

વીતરાગ નાથ પ્રત્યે કૃતજ્ઞતા બજાવ્યામાં અમર આનંદ છે એ મનમાં બરાબર ઘૂંટશો તો એ બજાવવું કાંઈ કઠિન નથી; જાતના ભોગવટાને તુચ્છકારવાનું કશું મોઘું નથી. જરા ગંભીર વિચારની જરૂર છે.



**આનંદ ઈચ્છવા છતાં કેમ નહિ ? :-**

આનંદ તો જીવનમાં ઈચ્છો જ છો; એના માટે ધખો છો, લોહીનાં પાણી કરો છો. પરંતુ સાર શું ? અસાર શું ? એનો વિવેક નથી, તેથી અસાર આનંદ પાછળ કુટાઓ છો, અને અંતે મધમાખીના જેવા બેહાલ ભોગવો છો.

એથી એમ નથી કહેવું કે 'હમણાં ને હમણાં એ બધા જડ-ભોગવટાના અસાર આનંદ મૂકી દો' પરંતુ એટલું જરૂર શિખવાડવું છે કે એ દરેક આનંદ લૂંટવા પહેલાં, મહાલવા પહેલાં અરિહંત નાથ પ્રત્યે કૃતજ્ઞતા બજાવો, ભોગ આપીને બજાવ્યાના આનંદને ગોઠવી દો.

એટલે શું ? સમજી ગયા ? દુન્યવી દરેક રંગરાગ ને મોજમજાહમાં આપ્યા પેલા નાકા પર નાથ પ્રત્યેની કૃતજ્ઞતાનો કાંઈ ને કાંઈ અમલ મૂકી દો. દિલમાં વારંવાર આ લાવો કે 'પ્રભુ ! આ રાંક સેવક પર કેટલો બધો તારા ઉપકારનો ધોધ ! તને તન-મન-ધન બધું જ સોંપી દઉં તો ય ઓછું છે. પણ નબળો મૂઓ છું, નિર્લજ્જ-નઠોર છું તે મોહમાયા અને દુષ્ટ ઇન્દ્રિયોને જઈ જઈને સમર્પું છું. છતાં નાથ ! હંમેશાં વારંવાર તારે ચરણે ધરવાની સ્ફુરણા કરાવ્યા કરજે...' વારંવારની આવી પ્રાર્થના જાગૃતિ આપશે, બળ આપશે, પ્રવૃત્તિ કરાવશે.

**પ્રાર્થનાની અતિ જરૂર :-**

પ્રાર્થનામાં અદ્ભુત તાકાત છે. શ્રી હરિભદ્રસૂરીજી મહારાજ કહે છે **'प्रार्थनात एव फलसिद्धिः'** પ્રાર્થનાથી અવશ્ય ફળ સિદ્ધ થાય છે. ગણધર ભગવાનોએ 'નમોત્થુણં અરિહંતાણં ભગવંતાણં'-અરિહંત ભગવંતોને નમસ્કાર થાઓ; 'તિત્થયરા મે પસીયંતુ'-તીર્થંકરો મારા પર પ્રસાદ કરો. 'સમાહિવરમુત્તમં દિંતુ'-ઉત્તમ ભાવસમાધિ આપો આ બધી પ્રાર્થના અમસ્તી નથી કરી; પ્રાર્થનાની ગજબ શક્તિ જાણીને કરી છે. સાચા દિલની અને ગદ્ગદ હૈયાની પ્રાર્થના આંતરવૃત્તિઓનું વલોણું કરે છે, અસાર મલિન વૃત્તિઓના કૂચા દૂર ફેંકતી જાય છે, અને સારભૂત પવિત્ર વૃત્તિઓનાં માખણ હાથમાં આપે છે. બસ પ્રાર્થના સાચા અને ગદ્ગદ દિલે કર્યે જાઓ.

**પ્રાર્થના ધર્મબીજ : અમલ વરસાદ :-**

પ્રાર્થના વારંવાર કરો. જેની પ્રાર્થના કરો છો એની આંતરિક રુચિ સતેજ બને છે, અને રુચિ એ બીજ છે, એમાંથી અંકુર ફૂટે છે, ડાળ-પાંખળાં અને ફળ તૈયાર થાય છે. અહિંસાની પ્રાર્થના કરો તો તે, સત્ય કે ક્ષમાની કરો તો તે, કૃતજ્ઞતાના અમલની કરો તો તે, બીજ અવસ્થામાં આવશે. સાથે શક્ય થોડો પણ અમલ કરવાનું ભૂલશો નહિ. છતી શક્તિનો અમલ નહિ કરો તો નવી મોટી

શક્તિ ક્યાંથી મળવાની હતી ? પ્રાર્થના બીજારોપણ કરે છે વાત સાચી, પરંતુ એના પર શક્ય પ્રવૃત્તિનો વરસાદ વરસતો રહેવો જોઈએ. તો ય પ્રાર્થનારૂપી બીજ તો જોઈશે જ.

નાથને હૈયું વીનવ્યા કરે 'પ્રભુ ! કૃતજ્ઞતા વારંવાર અદા કરવા પ્રેરણા દેજે સ્ફૂર્તિ દેજે;' અને સાથે સાથે પહેલાં કહ્યું તેમ ઠામ ઠામ કૃતજ્ઞતા શક્ય પ્રમાણમાં બજાવતા રહેવાય, જુઓ પછી એનો આનંદ કેવો અદ્ભુત આવે છે !

**તો કૃતજ્ઞતાની પ્રાર્થનામાં શું આવ્યું ?**

સુકૃત નાકને માટે નહિ, પણ નાથને માટે કરવાનું માગ્યું. એમ કરશો તો જ આ મહાઆનંદ-અમર આનંદના ભાગી થવાશે.

**સુકૃત નાકને માટે કરવામાં નુકસાન કેટલાં ? :-**

(૧) એક તો અભિમાન પોષાશે, નાથ પ્રત્યે નમ્રતા નહિ ! વળી,

(૨) હૈયું કડક થશે, પ્રભુ પ્રત્યે ગદ્ગદ નહિ !

(૩) દૃષ્ટિ લોક તરફ રહેશે, તારણહાર અને આ ભયંકર ભવસાગરમાં એકમાત્ર શરણભૂત પરમાત્મા તરફ નહિ !

(૪) મમત્વ વિનશ્વર ઠગારા અને મૂર્ખ બનાવનારા જડ શંભુમેળા ઉપર કેળવાશે, મજબૂત બનશે, પણ અવિનાશી, મહાવિશ્વાસપાત્ર નાથ, સુજ્ઞ બનાવનાર નાથ અરિહંતદેવ ઉપર નહિ !

વિચારશોને આ બધું ?

**વિચાર વિનાના આંધળિયાથી કઈ કઈ દુર્દશા ? :-**

**વિચાર્યા વિના ઠેકાણું નહિ પડે.** વિચાર વિનાના આંધળિયા તો અનંતકાળ આપણે કર્યા, પરંતુ એનાં ફળરૂપે આજે આપણી કઈ દશા છે તે જુઓ ?

(૧) કર્મના કંગાળ ગુલામ ! (૨) દેહની અધમ કેદમાં પુરાયેલા !

(૩) અનેકાનેક ઈચ્છાઓના જાલિમ ખરજવાના દર્દી !

(૪) ધાર્યું-ઘણું ઓછું અને નહિ ધાર્યું તથા અણગમતું ઘણું ઘણું પામનારા !

(૫) સત્તાએ અનંતજ્ઞાનના માલિક છતાં પ્રગટરૂપે માથા પાછળ પણ નહિ દેખી શકનારા

(૬) સત્તાએ અનંતા સુખના સ્વામી છતાં પ્રગટરૂપે મધુબિન્દુ જેવા અતિ અલ્પ અને અતિ અસારસુખ ખાતર વિષયોને ચાટનારા !

(૭) મૃત્યુની લટકતી તલવાર નીચે ઊભા રહેલા !...

બોલો બોલો શું શું ?...આવી આવી દુર્દશા-કંગાલિયતતા અને રાંકડાગીરીવાળા જ આપણે કે બીજું કાંઈ ? આ બધું શાનું પરિણામ છે ? કહો,



વિચાર વિનાના આંધળિયા અનંતાકાળથી ચલાવતા આવ્યા છીએ એનું ! તો હજીય વિચાર નથી કરવો ?

**મનની અજોડ પ્રાપ્તિ :-**

એટલું તો જુઓ કે વિચારણા કરવા માટે અહીં તમને મનનું કેટલું ઊંચું સાધન મળ્યું છે ! ચોખ્ખું દેખાય છે કે કરોડો પશુ-પંખી એ પંચેન્દ્રિય જીવો છતાં એમને એવું તમારા જેવું મન નથી મળ્યું. ત્યારે તમારી પાસે એ જબરી મૂડી છે.

(૧) એને જો ઉત્તમ શુભ વ્યાપારમાં જોડો તો એથી પહેલાં કહી તેવી અમર પ્રફુલ્લિતતા-અમર આનંદ મળે એમ છે. ઉપરાંત,

(૨) અદ્ભુત પુણ્યના ખજાના ભરાય અને કેઈ પાપના થોક નાશ પામે એ પણ મહાન કમાણી છે. ત્યારે,

(૩) વારંવાર સારી ભાવના, સારી વિચારણા, સારું ચિંતન-મનન-મંથન વગેરે કર્યા કરવાથી કેઈ કુસંસ્કારોના નાશ થતા આવે અને સુસંસ્કારોનો વારસો લઈ જવા મળે, કે જે ભવોભવ મહાઉપયોગી થાય, એના લાભની તો અવધિ નથી અવધિ ! મનની અણમોલ મૂડીથી આ પ્રાપ્ત થઈ શકે છે. માત્ર એની સાચી કદર જોઈએ. દિલમાં એ કદર લાવો તો એ મળવામાં નાથ અરિહંત પ્રભુનો જે અવર્ણનીય ઉપકાર છે એ યાદ કરી કરીને હૈયું કૃતજ્ઞ ભાવથી ભીનું થાય !, પ્રભુને વીનવ્યા કરે,

'નાથ ! શો આ તારો ગજબ ઉપકાર ! આ રાંક સેવક પર કેટકેટલી તેં કરુણા વરસાવી ! પ્રભુ ! બદલામાં હું શું કરું ? તારા ઉપકારનો ભાર શેં ઊતરે ? ધન્ય મારા તાત ! ધન્ય દીનદયાળ ! ઈચ્છું છું કે આ મનને કેવળ શુભ વિચારમાં, પવિત્ર વિચારમાં, તારા ઉપકાર અને ગુણો યાદ કરવામાં તથા તારી તત્ત્વવાણીથી રંગી દેવામાં જ લીન બનું.'

**મનનો કૃતજ્ઞતામાં ઉપયોગ :-**

બસ, આ વાત છે કે વિચારક બનો. વિચારમાં પહેલા નંબરે, નાકને માટે કરેલ સુકૃત અને નાથને સારું કરેલ અર્થાત્ નાથ પ્રત્યેની કૃતજ્ઞતા અદા કરવા માટેના કરેલ સુકૃતની વચ્ચે રહેલા આકાશ-પાતાળના અંતર વિચારો પછી નાથ પ્રત્યે કેવી કેવી રીતે અને ક્યાં ક્યાં કૃતજ્ઞતા અદા કરવી, એ માટે કયો કયો ભોગ આપવો, એ વિચારી વિચારી નક્કી કરો. દિલથી કરેલ આ વિચાર પ્રવૃત્તિને સુલભ બનાવશે. પછી માત્ર પૈસાથી જ નહિ, બીજી પણ અનેક રીતે નાથ પ્રત્યેની કૃતજ્ઞતા અમલી બનશે.

દા.ત. દુન્યવી વિચારણા-વિચારણાએ પહેલાં એમ થશે કે 'દુનિયાનો વિચાર

કરતાં પહેલાં નાથનો વિચાર કરી લેવા દે. એમના ઉપકારથી તો મૂળ ભેજું મળેલું છે જેથી અનેક વિચારણા કરી શકાય છે, તો પછી નાથને કેમ જ ભુલાય ? તેમજ એનાથી અધમ વિચારો કેમ જ કરાય ?'

આવી વિચારણાથી પછી અપવિત્ર ગલીચ અધમ વિચારો ઓછા થવા માંડશે. આગળ વધતાં એ બિલકુલ અટકી જશે.

**નાથના ઉપકારની ચીજનો ગેરઉપયોગ ન કરાય :-** પરમાત્માના ઉપકાર અને એમની પ્રત્યેની કૃતજ્ઞતાનો વિચાર એટલો બધો સમર્થ છે કે એનાથી ઠેઠ મૂળમાં માતાપિતાની મહાન સેવા આમન્યાથી માંડીને છેક અનાસક્ત યોગી બનવા સુધીના ઉત્તમ જીવન બનાવી શકાય છે, માનવ જન્મનાં વિશિષ્ટ ફળ મેળવી શકાય છે,

ચીજ ચીજ ઉપર, અનુકૂળતા અનુકૂળતા ઉપર પ્રભુના ઉપકારનું મનથી લેબલ લગાડો, મનથી લેબલ વાંચો. સાથે વિચારો કે

'પ્રભુના આટલા બધા ઉપકારની ચીજ કે અનુકૂળતાનો જરા પણ ગેરઉપયોગ મારાથી કરાય જ કેમ ? તેમ,

એમાંથી કૃતજ્ઞતારૂપે પ્રભુની સેવામાં અને પ્રભુની આજ્ઞાની આરાધનામાં અર્પ્યા વિના પણ એનો ઉપયોગ મારાથી કરાય જ કેમ ?'

આ વિચારીને અમલી બનાવતાં બનાવતાં આગળ આગળ ધપવા માંડો પછી જોજો કે એ જીવનમાં કેવાં સુંદર પરિવર્તન લાવે છે !

**હું-પદ વગેરે ટાળવા માટે :-**

કૃતજ્ઞતાનો હૃદયવેધી વિચાર નથી એટલે તો જીવ ખોટા હું-પદમાં તણાઈ રહ્યો છે, અનેક પ્રકારના પ્રપંચ ખેલી રહ્યો છે, ઈર્ષ્યા અને અસહિષ્ણુતામાં મરી રહ્યો છે, પ્રભુના અમાપ ઉપકારથી તો બધું પામ્યો, હોશિયારી મળી, હવે હુંપદ શાના ઉપર આવે છે ? તપાસશો તો દેખાશે કે જે કોઈ બાબત ઉપર હુંપદ આવે છે તે મળવામાં પ્રભુનો ઉપકાર જ મુખ્ય છે. પ્રભુએ ધર્મ આપ્યો તે આરાધીને મેળવ્યું છે.

**સડકનો ઉપકાર કે સડક બનાવનારનો ? :-**

જેમ કોઈ ભૂલ-ભૂલામણા જંગલમાં કોઈ રાજાએ ધોરી સડક બનાવી અને લોકો એ સડકે ચાલીને જંગલ પાર કરી મોટા શહેરમાં જઈને સારી કમાણી કરી શકે છે, તો લોક ત્યાં ઉપકાર કોનો માનશે ? જાતની હોશિયારીનો ?, કે સડકનો ? ના, સડક યોજનાર રાજાનો. બસ એવી રીતે જુઓ કે પરમાત્માએ સંસાર-અટવીમાં ધર્મની સડક યોજી આપી, તમે એ સડકે ચાલીને ઠેઠ આટલી



સ્થિતિએ આવી ગયા. ઘણી ઘણી વાતની સગવડ પામ્યા. હવે એમાં ઉપકાર કોનો માનશો ? મૂળમાં ધર્મસડક યોજનાર પરમાત્મા નાથનો જ માનવો પડશે. પછી સારું બોલી શકો છો, સારા પૈસા છે, સારી પ્રતિષ્ઠા છે, સારી હોશિયારી છે, સારાં કામ કરી શકો છો, પણ બધે મુખ્ય પ્રભાવ નાથ અરિહંતના ઉપકારનો છે. આ લક્ષમાં લો તો હું-પદ શાનું ઊઠી જ શકે ?

**ઈર્ષ્યા ટાળવા ઉપકાર સ્મરણ :-**

ત્યારે ઈર્ષ્યા કેમ થાય છે ? બીજો કોઈ જરા આગળ આવે, એ ખમાતું નથી, ઉકળાટ થાય છે, બહાર બફારા નીકળે છે, સામાને હલકો પાડવાની નીચ વૃત્તિ જાગે છે ને કોશિશ થાય છે, બધું શા માટે ભાઈ ? પ્રભુનો ઉપકાર યાદ કરો, એ ઉપકારે તમને મળ્યું એમ બીજાને મળ્યું, ઈર્ષ્યા શા માટે ? જો ઈર્ષ્યા બળતરા થાય છે તો તે એના પર થયેલા પ્રભુના ઉપકાર પર જ બળતરા થઈ ને ? કરવી છે એ ? ઠંડા પડો ઠંડા, ધૈર્ય ધરો, ઈર્ષ્યા માંડી વાળો.

તમે કદાચ કહેશો 'પણ એ માળો બહુ પૈસાથી હરામીવેડા કરે છે, નાલાયકતા કરે છે, તેથી બળતરા કેમ ન થાય ?'

પરંતુ એમાં સમજવા જેવું છે કે તો પછી એના પૈસા પર ઈર્ષ્યા કરવા જેવી નથી; અને એના હરામીવેડા તથા નાલાયકી જોઈને ય બળવા જેવું નથી, કેમ કે એમાં એની એટલી પાત્રતા નથી કે ઉપકારને પચાવી શકે. એ પર તો દિલની દયા જ વરસાવવી જોઈએ. પ્રભુના ઉપકારે આપણને મળેલ મન દયા રાખવાથી કૃતાર્થ થઈ શકે. પ્રભુ પ્રત્યે કૃતજ્ઞતા અદા કરવા માટે પણ મનમાં પ્રભુની આજ્ઞાને ય જગા આપો. એ આજ્ઞા, ઈર્ષ્યા ન કરતાં મૈત્રી રાખવાનું કહે છે.

**વિવિધ અસહિષ્ણુતા ટાળવા ઉપકાર સ્મરણ**

ત્યારે અસહિષ્ણુતા શા સારુ થાય છે ? બીજાના દોષ, બીજાની ભૂલ કે જાતના સ્વાર્થ ભંગ પર ઊંચા-નીચા શું કામ થાઓ ? ત્યાં ય પ્રભુના પ્રત્યેની કૃતજ્ઞતા સ્ફુરાયમાન રહેવા દો. કૃતજ્ઞતા આ, કે 'પ્રભુના મને સુંદર મન મળવા સુધીના મારા પર અનેકાનેક ઉપકાર છે, તો એના બદલામાં કૃતજ્ઞતારૂપે ભૂલતા જીવો પર નીતરતી ભાવ દયા કરવાની પ્રભુની આજ્ઞાને મારું મન આપું; સામાને ભાવ દયાથી નવરાવી દેવાય, 'બિચારો કર્મવશ જીવ છે, ભૂલ થઈ જાય, એમ તો મેં ય આ જીવનમાં ક્યાં ભૂલો નથી કરી ? પ્રભુ ! એને સદ્‌બુદ્ધિ મળો' આ વિચારાય, તો પછી અસહિષ્ણુતા ક્યાં ઊભી રહી શકે ? એમ સ્વાર્થ ભંગ થાય, જાતને પ્રતિકૂળતા આવે ત્યાં પણ અસહિષ્ણુ બનવાનું શું કામ છે ? કૃતજ્ઞતા યાદ કરો, પ્રભુના ઉપકારે બીજી કેટલીય અનુકૂળતા મળી છે, તો કૃતજ્ઞતાની રૂએ આ

પ્રતિકૂળતામાં ઊંચો-નીચો ન થવાય એમ મનમાં લાવો. પ્રભુનો ઉપકાર એટલે ધર્મની સડક એ સડકે ચાલવામાં કસર રાખી હશે અંતરાય વગેરે કર્મ બાંધ્યાં હશે તેથી સ્વાર્થભંગ થયો, પ્રતિકૂળતા આવી તો હવે પ્રભુને વધારે ભજું, પ્રભુનાં શરણે વધું ઝૂકું.

પંચસૂત્ર શાસ્ત્રમાં આ વાત કરી છે કે

ચિત્તમાં રાગદ્વેષાદિના સંક્લેશ થતા હોય, તો વારંવાર અરિહંતાદિનું શરણ યાદ કરો. સ્વાર્થભંગ થયો, કે પ્રતિકૂળતા આવી, એટલે ધૈર્ય ખૂટી જાય છે, જીવ અસહિષ્ણુ-આકળો-ઉતાવળો બને છે, એ સંક્લેશ છે. એના પ્રતિકાર રૂપે અરિહંતાદિનું શરણ વારંવાર યાદ કરવાનું છે. આ અરિહંત પ્રભુનું શરણ વધુ તેજસ્વી બને એ માટે ગદ્‌ગદ દિલે અરિહંત નાથનો આપણા પર અપરંપાર ઉપકાર યાદ કરવો જોઈએ અને વિચારવું કે 'પ્રભુ ! તારા અથાગ ઉપકારે બીજું ઘણું ઘણું સારું મળ્યું છે તો હવે મારા પાપે જરા આટલું બગડ્યું એની શી બહુ કિંમત છે ? તારા ઉપકારની કૃતજ્ઞતા રૂપે આવા અવસરે કમમાં કમ તારું સ્મરણ કેમ ભૂલું ? તને કેમ વીસરું ? નાથ ! મારે તું જ એક શરણ છે, એક આધાર છે.'

**પ્રભુના સ્મરણથી સત્ત્વવિકાસ :-**

આમ કૃતજ્ઞતા જો સ્મરણ રૂપે ઝળહળે તો અસહિષ્ણુતા ઘણી ઓછી થઈ જાય; કેમ કે પરમાત્માનું સ્મરણ બળ આપે છે. સત્ત્વ ખીલવે છે. મનને એમ થાય કે,

'મારા પ્રભુએ પોતાના સાધનાકાળમાં કેટકેટલું સહ્યું છે ! અને એમણે સર્વજ્ઞતાથી જીવોનું હિત પણ સહન કરવામાં જોઈને, ઉપદેશ પણ એ જ સહન કરવાનો આપ્યો છે. તો પછી મારે પણ એમ જ કરવું રહ્યું, સહિષ્ણુ જ બનવું રહ્યું, મારા તાત પ્રત્યેની કૃતજ્ઞતારૂપે એમના અને એમના ઉપદેશના પગલે જ ચાલવું જોઈએ,' આ વિચારથી બળ કેમ ન મળે ? સત્ત્વ ઓજસ કેમ ન ખીલે ? સહન કરવાનું આવ્યું ત્યાં છે શું ?' એમ કરીને જ ઊભા રહીએ ને ?

તમે પૂછો કે આ તો ખરું, પણ એમાં કૃતજ્ઞતા બજાવવાની ક્યાં આવી ?

**મરતા બાપની ભલામણનું દૃષ્ટાન્ત :-**

ત્યારે એ સમજવા જગતમાં જુઓ કે ડાહ્યો બાપ મરતાં પહેલાં કેટલીક વાર દીકરાને કહેતો જાય છે 'જો ભાઈ ! આ તને વારસો સોંપ્યો છે એ તો ઠીક, પરંતુ આટલું ખાસ કરજે કે તારી માને બરાબર રાખજે એના મનને જરાય ઓછું આવવા દેતો નહિ. એમાં તારે થોડું ખમવું પડતું હોય તો ખમી લેજે.' હવે બાપ તો ગુજરી ગયો, દીકરો ઘર નભાવે છે પણ પત્ની તરફથી એવું કાંઈક બને છે કે માને ઓછું



આવે એ વખતે શાણો દીકરો એમ વિચારે છે કે મારે તો એક બાજુ પત્ની છે, બીજી બાજુ માતા છે. પરંતુ પિતાજીનું છેલ્લું વચન છે કે 'તારી માને બરાબર સાચવજે.' પિતાજીનો મારા પર અથાગ ઉપકાર છે, તો કૃતજ્ઞતાની રૂએ પણ એ વચન મારે પાળવું જ જોઈએ, ભલે પછી પત્ની તરફથી સહન કરવું પડે ! આમ પિતાનું વચન પાળે એમાં, બોલો કૃતજ્ઞતા બજાવવાનું આવ્યું કે નહિ ?

બસ, એ રીતે પરમાત્માના વચન ખાતર પણ સહિષ્ણુ બનીએ, ત્યાં એમ વિચારીએ કે 'પ્રભુનો મારા પર અસીમ ઉપકાર છે, અને એમનો આદેશ છે, કે 'સહન કરવું.' તો એ ઉપકારની કૃતજ્ઞતાની રૂએ પણ મારે એમનો આદેશ પાળવો જ જોઈએ.' આમ કરીએ ત્યાં કૃતજ્ઞતા બતાવ્યાનો તોષ માની શકાય.

**પવિત્ર, અવિકારી વગેરે બનવા આલંબનો**

ધ્યાન રાખજો કે ગમે તેમ પણ આપણે (૧) અપવિત્રતાથી પવિત્ર બનવાનું છે, (૨) વિકારીમાંથી અવિકારી થવાનું છે. (૩) દોષ ભર્યાને બદલે હવે ગુણભર્યા બનવાનું છે; (૪) બહાર ઇન્દ્રિયોના વિષયોમાં ભટકતારામ રહેવાને બદલે અંદરમાં ગુણો અને જ્ઞાનરૂપી આત્મ સંપત્તિમાં વિહરતા રહેવાનું છે. આ વસ્તુ બનાવવા અનેક ઉપાય અને અનેક આલંબન છે,

(૧) પરલોકના ભયથી, કે

(૨) ભવવૃદ્ધિના ભયથી પણ એમાં લાગી જવાય,

(૩) જિનવચનના રાગથી પણ લાગી જવાય;

(૪) આત્માના શુદ્ધ સ્વરૂપનો વિચાર કરીને પણ એમ બની શકે;

(૫) જીવો પરની અનહદ દયા આવવાથી ય એમાં મંડી પડાય.

અનેક આલંબન છે. એમાં પ્રસ્તુતમાં આપણે આ,

(૬) પરમાત્મા પ્રત્યેની કૃતજ્ઞતાનું આલંબન લઈને સત્ પુરુષાર્થી બનવાની વિચારણા કરી રહ્યા છીએ.

અને આ અનુભવ કરી જુઓ તો સમજાશે કે એક જબરદસ્ત આલંબન છે. એના આલંબને ઘણું ઘણું સાધી શકીએ, હુંપદ-ઈર્ષ્યા-અસહિષ્ણુતા વગેરે કેટલાય જડ ઘાલી બેઠેલા દોષોને ધક્કે ચઢાવી શકીએ, નામશેષ દૂર કરી શકીએ.

**વારંવાર ગદ્‌ગદ અને પ્રાર્થના :-**

વાત એટલી છે કે પહેલા નંબરમાં નાથ અરિહંત પ્રભુના અસીમ-અમાપ ઉપકાર યાદ લાવી લાવી વારંવાર હૈયું ગદ્‌ગદ અને આંખ ભીની કરવી જોઈએ, અને કાકલૂદીભરી પ્રાર્થના કરવી ઘટે કે,

નાથ ! આટલા તારા અનહદ ઉપકારોના ભાર નીચે દબાયેલો હું શું શું કરું

કે જેથી હું કૃતજ્ઞ બન્યો રહું ? તેં અમારા જેવો પામર જીવો માટે આટઆટલું કર્યું તો હું કાંઈ ન કરું એ મારી કેવી કૃતઘ્નતા ? કેવા હરામીવેડા ? નાથ ! તારા નિઃસ્વાર્થ ઉપકારોને, તારી અકારણ વત્સલતા, તારી સાગર સમી દયાને કોણ પહોંચી શકે ? આખા જગતભરમાં શોધું તો ય તારા સમો ઉપકારી, વત્સલ અને દયાળુ બીજો કોણ મળે ? તાત ! તેં મારા માટે કરવામાં કાંઈ બાકી રાખી નથી, પાછું વાળીને જોયું નથી, અ હા હા હા ! તને 'હૈયે જડું કે મનમાં મઢું ? માથે ધરું કે દિલમાં વણું ? ઝંખું છું પ્રભુ ! કે તારા ઉપકારની સ્મૃતિ રગેરગમાં વહેતી અને રોમેરોમમાં સ્ફુરતી થઈ જાઓ; જેથી તારા પ્રત્યે વાતે વાતે કૃતજ્ઞતા બજાવવાનું થાય.'

આમ પરમાત્માના ઉપકારનું સ્મરણ અને પ્રાર્થના વારંવાર ગદ્‌ગદ દિલે કર્યા કરશો ત્યારે હૈયું કૂણું બનશે, દિલ પ્રભુ તરફ ઢળશે, એકલા જાતના સુખભોગ ખૂંચશે, મનને થશે 'હાય ! નાથને વિસારી નાથનું મેં હોઈયા કર્યું ?' એ પસ્તાવામાંથી હવે નાથની સેવા, નાથના વચનની સાધના પહેલી જનમશે. પણ આ બધું ય પૂર્વે કહ્યું તેમ પહેલાં પરમાત્મા પ્રત્યેની કૃતજ્ઞતાથી હૈયું વારંવાર ગદ્‌ગદ ને ભાવિત કરશો ત્યારે બનવું સુલભ થશે. દિવસમાં અનેકવાર પ્રભુના ઉપકાર યાદ આવે, ને હૈયું હર્ષથી રૂડું રૂડું થાય. કવિ કહે છે,

**'નિશદિન સૂતાં જાગતાં રે, રહો ન હૈડા દૂર રે,**

**જબ ઉપકાર સંભારીએ, તબ ઊપજે આણંદ પૂર... જગતગુરુ જાગતો સુખકંદ.**

આ સ્તુતિ કરનાર ઉપાધ્યાયજી યશોવિજયજી મહારાજને કેવાંક આંતર સંવેદન થતાં હશે ? પણ એ સંવેદન કાંઈ એકદમ ઉપરથી ટપકી પડેલાં નહિ ! વર્ષો સુધી રોજ ને રોજ દિવસમાં કેટલીયવાર પ્રભુના ઉપકાર યાદ કરેલા, યાદ કરી કરી એ ગદ્‌ગદ બનેલા, અને એથી જ મનને, મતિને ખૂબ ખૂબ ભાવિત કરતા રહેલા ! ત્યારે દિવ્ય સંવેદનો જાગે છે; એમ ને એમ નહિ.

**દર્શન કરી ગયા પછી પ્રભુ યાદ આવે ?**

બોલો તો ખરા કે એક વાર પ્રભુનાં દર્શન કરી આવ્યા પછી ચોવીસ કલાકમાં ક્યારે ક્યારે એ પ્રભુ યાદ આવે છે ? દર્શન કરતાં તો ભાળ્યું 'અહો ! કેવી સુંદર મૂર્તિ !' પણ પછી બહાર નીકળીને જાઓ, તે વખતે એ મૂર્તિ, એ ભગવાન જ યાદ આવ્યા કરે છે ને ? ઘરે પણ ? કે પછી યાદ જરાય નથી આવતા ? માત્ર બીજે દિવસે પાછા દહેરે જઈ પ્રભુ સામા ઊભા રહો ત્યારે જ મનમાં એ પ્રભુ ઉપસ્થિત થાય છે ? માટે

**પ્રથમ નંબરે જરૂરી** આ છે કે પ્રભુના ઉપકારના રોજ વારંવાર ગદ્‌ગદ



સ્મરણથી, પ્રાર્થનાથી અને કૃતજ્ઞભાવથી દિલને ભાવિત કરો, મતિને ભાવિત કરતા રહો, અને,

**બીજા નંબરે કરવાનું** આ, કે કૃતજ્ઞતા અમલમાં મૂક્તા રહેવાની.

**એ કૃતજ્ઞતારૂપે** એક તો સુકૃત કરતા રહેવાનું અને બીજું આત્માના દોષો દબાવતા જવાનું. આ બે કાર્ય ધમધોકાર ચાલુ રાખો, અને સાથે પેલું ઉપકારોનું ગદ્‌ગદ સ્મરણ ચાલુ હોય પછી જુઓ જીવન કેટલું હળવું-ફોરું બને છે ! અને આત્મામાં કેવું મહાન પરિવર્તન અનુભવમાં આવે છે !

**કૃતજ્ઞતા પર નિરાશંસભાવ :-** નાથ પ્રત્યેની કૃતજ્ઞતાના પાયા ઉપર સુકૃતો આચરવાથી, નિરાશંસભાવ સિદ્ધ થતો આવશે, આ લોક પરલોકના સુખની આશંસા નહિ ઊઠે. ધર્મખર્ચ કરીને કે કોઈ તપ, શાસ્ત્રાધ્યયન, કે ગમે તે ધર્મકાર્ય કરવા ઉપર લોક વાહવાહ, કીર્તિ યા દુન્યવી સુખ મેળવવા તરફ દૃષ્ટિ નહિ જાય; કેમ કે મનને એક જ વાત મુખ્ય બની ગઈ છે કે 'તીર્થંકર નાથે મારા પર અનહદ ઉપકારો કર્યા તો હું કમમાં કમ કાંઈક ને કાંઈક એમની સેવા અને એમના કલ્યાણ આદેશનું પાલન બજાવતો રહું. તો જ કંઈકે કૃતાર્થ બનીશ. નહિતર તો મફતિયું ઝાપટનારો, બેશરમ, નઠોરમાં ગણાઉં.' વાત સાચી છે, કે મળેલું બધું સારું સારું ચાંઉ કરવું છે, અને પરમ ઉપકારીનો કંઈ ભાગ એમાં રાખવો નથી, તો નિર્લજ્જ અને નઠોર બનવાનું થાય છે. જેમ જેમ સારું મનમાન્યું મળતું જાય તેમ તેમ બધું જ જાત ખાતે જ જમે ? ઉપકારી ખાતે કશું જ નહિ ?

**બાપે છોકરાને ઉછેર્યો,** મોટો કર્યો, રૂપિયા પચીસ હજાર ખર્ચીને ઊંચી ડિગ્રી સુધી ભણાવ્યો, હવે ભાઈ મહિને રૂા. ૨-૩ હજારનો પગાર લાવતા થયા પણ બાપને દોઢિયું દેખાડે નહિ, પોતાને મોટર, ને બાપ ગામડે ટાંટિયા ઘસતાં ચાલે, પોતાને સરબતી મલમલનાં મુલાયમ કપડાં, ને બાપ જાડા ખરબચડાં પહેરે, પોતે માલ-મેવા-મીઠાઈ ઉડાવે ને બાપ રોટલો ને દાળ ખાય, તો તમને એ છોકરો નિર્લજ્જ અને નફ્ફટ-નઠોર લાગે કે નહિ ?

**"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૧૦,અંક-૪૨,તા.૨૧-૭-૧૯૬૨**

**અરિહંત પ્રત્યે નફટ છોકરાની જેમ :-**

એમ, અહીં વિચારો કે પ્રભુના અતુલ ઉપકારે આપણે સમસ્ત જીવરાશિની વચ્ચે આટલે બધે ઊંચે આવ્યા અને સારું સારું કેટલુંય પામ્યા, હવે કેમ ? તો કે આપણા માટે મોટર, પ્રભુ માટે રથ-સારી પાલખીય નહિ, આપણને રેશમી મુલાયમ

કપડાં પ્રભુને જાડાં-ખરબચડાં અંગલૂંછણાં ! આપણા પેટને ઊંચા માલ-મેવાના નૈવેદ, પ્રભુને કાંઈ નહિ, આ બધું કેવુંક લાગે છે ? નફટાઈ-નિર્લજ્જતા નહિ ?

સારાં કપડાંના ઠઠારા કરી મંદિરે જાઓ અને ત્યાં પ્રભુના નમૂનેદાર કાળાં પડી ગયેલાં જાડાં કર્કશ અંગલૂંછણાં જોઈ શરમ ન આવે ? પ્રક્ષાલ માટે દૂધમાં પાણી નહિ પણ પાણીમાં દૂધ જોઈ શરમ ન આવે ? મનને એમ ન થાય કે 'હાય ! ત્યારે આ પ્રભુના ઉપકારથી જ મને મળેલી લક્ષ્મી વગેરે સામગ્રી શું મને અંતે બાળવા કામ લાગશે ?

જિનના અનહદ ઉપકાર નીચે દબાયેલા જૈનોનાં મંદિર-ઉપાશ્રય, જો કૃતજ્ઞતા બજાવાય, તો ઊંચી સુંદર સામગ્રીથી કેવાં દીપતાં હોય ! સાધર્મિકને કેટલી બધી રાહત હોય ! સાધારણ ખાતામાં તોટો ? કે ભરચક ભરેલું હોય ?

'જે ધર્મ કાર્યો મને અથાગ પુણ્ય આપે છે એ ધર્મને સાધવાના સ્થાનભૂત મંદિર-ઉપાશ્રય પાછળ એ પુણ્યનો થોડા પણ અંશ જેટલું ય ન ખરચું ?' આ વિચાર સહૃદયને આવ્યા વિના રહે ખરો ? હા, હૃદય જ ન હોય તો જુદી વાત.

આજની સાધારણના તોટાની બૂમ પાછળ મોટું કારણ કૃતજ્ઞતાની ખામી એટલે મૂળના ગુણની ખામી !

**લહેરી માણસો સિદ્ધગિરિ** કે બીજા તીર્થની યાત્રાએ જાય છે, એમને પૂછો કે સહેલ-સવારી પાછળ કેટલું ખર્ચ્યું અને નાથના સ્થાનને સાચવનારા સાધારણ ખાતામાં કેટલું દઈ આવ્યા ? હજીય દેવદ્રવ્યની ઉછામણી મોટી બોલી આવશે. આંગી સારી રચાવશે કેમ કે એમાં નાક ઊંચું આવે છે, યા ધન-માલ આપનારું પુણ્ય મળે છે, પણ એ ભગવાનના સ્થાનમાં સગવડ સાચવનાર સાધારણ ખાતામાં ભરવા ગલ્લાં-તલ્લાં કે નહિ જેવું !

આ વિચારો કે 'નાક માટે ને નાણાં માટે તો આપણા જીવે ઊંચા દાન અને ચારિત્ર પણ વેચી નાખ્યા, ઉપકારી નાથ માટે ક્યારે કાંઈ કરવાના ? બીજા ગુણોના પાયાભૂત કૃતજ્ઞતાને દિલમાં ક્યારે સ્થાપિત-સ્થિર કરવાના ? અને ક્યારે અદા કરવાના ?'

**દોષો ટાળવા કૃતજ્ઞતા ઉપયોગી :-**

જેવું સુકૃત માટે, એવું આત્માના દોષો ટાળવા માટે, પણ કૃતજ્ઞતાને આગળ કરો. પરમાત્મા પ્રત્યેની કૃતજ્ઞતાનું આલંબન જબરું છે. એના આલંબને દોષો રવાના કરી શકાય એમ છે, ઊઠતાં દાબી શકાય એમ છે. દા.ત. જૂઠું બોલવાનું મન થયું ત્યાં જ જો યાદ આવે કે હું કોણ ? પ્રભુનો ઉપકૃત, નાથના લખલૂટ ઉપકારથી દબાયેલો. એવો મહા ઉપકારી પ્રભુનો સેવક ગણાઉં, જૈન કહેવાઉં અને



જૂઠ બોલું તો એમના શાસનને કેવું લાંછન લાગે ? કેવો હું કૃતઘ્ન ગણાઉં ! માટે કૃતજ્ઞતાની રૂએ મારે જૂઠ ન જ બોલાય. ખોટ આવશે તે ખમી લઈશ પણ ઉપકારી પ્રત્યે કૃતજ્ઞ બન્યો રહેવા માટે જૂઠ હરગિજ નહિ બોલું.' આમ કરીને જૂઠ અટકાવાય.

**પ્ર.-** પણ આપણા જૂઠની બીજાને ખબર જ ન પડવાની હોય તો શાસનને કલંક ક્યાં લાગવાનું હતું ? પછી કૃતજ્ઞતાનો વિચાર એવા જૂઠથી કેવી રીતે બચાવે ?

ઉ.- મૂંઝાશો નહિ, એનો ય રસ્તો છે, હવે બીજી રીતે વિચારો. અનંતાનંત જીવો જગતમાં છે. એમાંથી બહુ થોડા પૈકી આપણે પણ એક ઊંચે આવ્યા છીએ. એમાં મૂળ ઉપકાર નાથ અરિહંતદેવનો છે.

**સ્કોલર માટે ચૂંટાયેલાનું દૃષ્ટાન્ત :-**

હવે જુઓ કે કોલેજના પહેલા વર્ષમાં પાંચસો વિદ્યાર્થીઓમાંથી પાંચ સારા વિદ્યાર્થી પ્રિન્સિપાલે ચૂંટી કાઢ્યા અને એમાં ધારો કે તમારો છોકરો પણ ચૂંટાયો છે. પ્રિન્સિપાલ કહે છે 'કે તમે સારી મહેનત કરો, આગળ સ્કોલર બનો તમે ય ઊંચા આવશો અને બીજાને પણ ઉપયોગી થશો' એમ કહીને સ્પેશિયલ સ્કોલરશીપ વગેરે સગવડ આપે છે. હવે તમારા છોકરાએ કેવું વર્તવું જોઈએ ? કેવી મહેનત, કાળજી અને ખંત રાખવાં પડે ? જરાક કાંક ગફલતમાં પડે તો તમે એને શું કહો ? 'અલ્યા ! તને આ શોભે ? પ્રિન્સિપાલે તને ખાસ ચૂંટીને અને ખાસ સગવડ આપીને કેટલો ઉપકાર કર્યો છે ! એ હવે તારી પાસે આ અપેક્ષા રાખે છે કે તું જરાય ગફલતમાં ન પડ, ખૂબ કાળજી અને મહેનત રાખ, એક કૃતજ્ઞતાની રૂએ પણ ગફલત ન કરાય.' આમ કહો ને ? અને છોકરો લાયક હોય તો કૃતજ્ઞતાની રૂએ પણ ગફલત દૂર કરે ને ? ભૂલચૂક સુધારી નાખે કે નહિ ?

**અનંતાનંતમાંથી ચૂંટ્યાની કૃતજ્ઞતા :-**

બસ, એ રીતે હવે અહીં સમજો વિશ્વના અનંતાનંત જીવોમાંથી થોડા જ ચૂંટાયેલા પૈકીના આપણે અરિહંત નાથના ઉપકારે આટલા ઊંચે આવ્યા. એ ઉપકાર આપણી પાસેથી શી અપેક્ષા રાખે ? એ જ કે આપણે કાંઈ જ ગફલત કર્યા વિના સારી કાળજી, મહેનત અને ખંત-ઉત્સાહ રાખી આગળ વધીએ. અને યોગ્ય સમર્થ બની બીજાને ઉપદેશાદિ દ્વારા ઉપયોગમાં આવીએ.' તો પછી એ ઉપકારની કૃતજ્ઞતાની રૂએ આપણાથી ગફલત કરાય ? ના, પેલા સારા વિદ્યાર્થીને ગફલત કરતાં આંચકો આવે, 'અરે ! પ્રિન્સિપાલ સાહેબનો મારા પર કેટલો બધો ઉપકાર છે કે હું આટલે ઊંચે આવ્યો છું ! તો હવે મારાથી કેમ જ ગફલત કરાય ?'

**ચૂંટાયેલાથી જૂઠ વગેરે ગફલત ન થાય :-**

તેમ આપણને જૂઠ બોલવાનો વિચાર આવે ત્યાં એમ થવું જોઈએ કે

'અરે ! નાથ તીર્થંકર ભગવાનનો કેટલો બધો ઉપકાર છે કે હું અનંતામાંથી આટલે બધે ઊંચે આવ્યો, તો હવે મારાથી જૂઠ બોલવાની ગફલત કેમ કરાય ? એ નાથ પ્રત્યેની કૃતજ્ઞતાની રૂએ પણ મારાથી અસત્ય બોલાય જ નહિ. આ કે બીજી કોઈ ગફલત ન કરતાં મારે સાધનાના માર્ગે આગળ ધપવાનું જેથી પેલા કૉલેજ વિદ્યાર્થીની જેમ હું ય ઊંચે પહોચું, ને બીજાને ય ઊંચે લાવવામાં મદદગાર થાઉં. પ્રભુ ! તારો આભારી હું, આટલું ય ન સાચવી શકું ? તેં મારા પર પાર વિનાના ઉપકાર કર્યા અને હું જરા ભોગ આપીને જૂઠ જતું ન કરું ? અસત્ય રોકું નહિ ?'

કૃતજ્ઞતાનો વિચાર આમ જૂઠ બોલવાથી બચાવી શકે. એમ બીજા પણ દોષોથી બચી શકાય જો એ પ્રમાણે કૃતજ્ઞતાનો વિચાર કરાય.

**જૂઠ એ મોટું પાપ કેમ ? :-**

ત્યારે જૂઠને સામાન્ય ગફલત સમજતા નહિ એ મોટી ગફલત છે, કેમ કે મોક્ષમાર્ગની, ધર્મની સાધના કરવા માટે પહેલા પગથિયે પાપનો ભય જોઈએ, ત્યારે જૂઠ બોલવામાં પાપનો ભય ઊડી જાય છે. હજી ચોરી કે દુરાચાર કરનાર કદાચ પાપના ભયવાળો હોય, કે 'અરે ! સંયોગવશ બની આ ચોરી કરું છું યા કામાવેશમાં આવી દુરાચાર સેવું છું, પરંતુ કેવું આ પાપનું કાર્ય ? મારું ભવાંતરે શું થશે !!' પરંતુ જૂઠ બોલવાની આદતવાળાને તો પાપનો ભય શાનો ? એને તો જૂઠું બોલવું એટલે રમત વાત ! 'જીભનો લોચો જરા આમને બદલે આમ ફેરવ્યો એમાં શું બગડી ગયું ? અને એ તો સંસારમાં એમ જ ચાલે,' આવાં એનાં ધોરણ બંધાયેલાં હોય છે, આમ પાપનો ભય ઊડ્યો પછી ધર્મની પ્રાથમિક ભૂમિકા જે અપુનર્બંધક અવસ્થા છે, એ ક્યાંથી આવે ? કેમ કે એમાં તો પહેલું લક્ષણ આ જોઈએ છે કે 'તીવ્રભાવે પાપ ન કરે.' કહ્યું છે,

**'પાપ નવિ તીવ્ર ભાવે કરે, જેહને નવિ ભવરાગ રે;**
**ઉચિત સ્થિતિ જેહ સેવે સદા, તેહ અનુમોદવા લાગ રે;**
**ચેતન ! જ્ઞાન અજવાળીએ.'**

તીવ્ર ભાવે પાપ ન કરે, ક્યારે બને ? પાપનો ખૂબ ડર હોય.

જૂઠું બોલવાની આદતમાં પ્રાયઃ પાપનો ભય નહિ. તેથી આ પ્રાથમિક ધર્મભૂમિકાથી ભ્રષ્ટ થવાની કે રહિત હોવાની પરિસ્થિતિમાં આવી જાય છે.

ત્યારે બીજી બાજુ પાપના ભય વિના સેવેલું પાપ ચીકણાં કર્મ બંધાવી જઈ દુઃખદ દુર્ગતિની પરંપરા સર્જે છે.

માટે એથી બચવા આ કૃતજ્ઞતાનો વિચાર જરૂરી છે.



**કોઈપણ બદચાલથી બચવા કૃતજ્ઞતા :-**

પ્રભુ પ્રત્યેની કૃતજ્ઞતાનો વિચાર કેટલો સુંદર છે ! પ્રભુના ઉપકારથી આટલી માનવજન્મ અને બીજી પુરુષાર્થ-શક્તિ સાથે ધર્મ માનવાની ઊંચી સ્થિતિ ઊભી થઈ, એ અનંતાનંત જીવોમાંથી બહુ થોડા પૈકી આપણી થઈ, પેલા પ્રિન્સિપાલની માફક એ હવે અપેક્ષા રાખે છે કે 'આગળ વધો, સાથે બીજા નીચા જીવોને ઊંચે આવવામાં સહાયભૂત થાઓ, અને આ બધા માટે કોઈ બદચાલ આચરો નહિ.' તો આટલા બધા ઉપકાર પ્રત્યે કૃતજ્ઞતાની રૂએ શું પેલા ૫૦૦ માંથી પાંચ ચૂંટાયેલ વિદ્યાર્થીની માફક જૂઠ વગેરે બદચાલ સદંતર અટકાવવાનું અતિ આવશ્યક નથી ? છે જ. કૃતજ્ઞતાના વિચાર ઉપર એ અટકાવવી સરળ છે. જૂઠની જેમ બીજી પણ બદચાલ આ રીતે અટકાવી શકાય.

'નાથ ! તમારો અનંત ઉપકાર પામ્યો છું; એ હવે મારી પાસે ઉચ્ચ પુરુષાર્થની અપેક્ષા રાખે છે, તો હવે બદચાલ આદરું તો કૃતઘ્ન થાઉં ! એવું મારાથી કેમ કરાય ?'

આ વિચાર બદચાલને અટકાવવા બળ આપે છે, પછી ચાહ્ય તે બદચાલ બીજી ય હોય અર્થાત્ અનીતિની હોય, ખાવાની બહુ લોલુપતાની હોય, કે ઈન્દ્રિય વિષયોના સુખની લંપટતાની હોય, યા લક્ષ્મીના વધારે પડતા લોભની હોય.

**દોષથી બચવાની સુંદર ચાવી કૃતજ્ઞતા :-**

કોઈપણ દોષ, સ્વાર્થાંધતા, ઈર્ષ્યા, અભિમાન, પ્રપંચ, જૂઠ, ઈન્દ્રિયોના દુરાચાર વગેરે કોઈ પણ મનમાં ઊઠે ત્યાં આ ચાવી લગાડવાની કે,

'પરમાત્માનો મારા ઉપર ઉપકાર કેટકેટલો ? અનંત, અનંત, અનંત ! એની કૃતજ્ઞતા જો મારે સાચવવી હોય, તો મારાથી આ દોષ સેવાય ખરો ? એ સેવીને શું મારે કૃતઘ્ન બનવું છે ? ના, ના, ના, હરગિજ નહીં. દોષનું સેવન મને કયો કાયમી અને નક્કર લાભ પરખાવવાનું હતું ? ત્યારે પ્રભુ પ્રત્યેની કૃતજ્ઞતાનું પાલન તો મને એવા ઊંચા લાભ દેખાડશે. મારા આત્માનું એથી ઉત્થાન ઉન્નતિ, ઉત્ક્રાન્તિ થશે. આ જીવનની મળેલી મોંઘેરી ઘડી સફળ થશે.'

આવા હૃદયસ્પર્શી વિચારપૂર્વક દોષ ન સેવ્યો, તો દિલને સ્ફૂર્તિ, તોષ અને અનુમોદના ઊભી થશે. પછી કદાચ જૂઠ ન બોલ્યા, પ્રપંચ ન ખેલ્યો અને દેખીતું કંઈક નુકસાન થયું અગર દેખીતો લાભ ગુમાવ્યો તો પણ દિલને ખુમારી રહેશે, 'ફિકર નહિ, આવા કપરા સંયોગમાં દોષથી બચ્યો એ મારી કસોટી પસાર થઈ તેથી મારા આત્માનું નૂર વધ્યું, પ્રભુ પ્રત્યે કૃતજ્ઞતાનું પાલન થયું તેથી પ્રભુની પ્રત્યેનો સેવકભાવ ખીલ્યો. મારા મોહ પર એક જબ્બર પ્રહાર પડ્યો.'

**કૃતજ્ઞતાના જાગતા ખ્યાલમાંથી સેવકભાવ અને અનેક ઉન્નતિ :-**

આપણા રાગ-દ્વેષ-મોહને પ્રહાર એમ ને એમ નથી લાગતો; એ માટે ઘસાવું પડે છે, કસાવું પડે છે, ભોગ આપવો પડે છે. જેટલા જેટલા અંશે એ કર્યું, એટલા અંશે એ રાગ-દ્વેષાદિના સંસ્કાર જર્જરિત થયા સમજો. એ સરળ તો બને કે જો પ્રભુ પ્રત્યે સેવકભાવ ખીલતો આવે.

'પ્રભુના ખરા સેવક છીએ' એ ભાવ હૈયાને હૂંફ આપતો જાય છે. અધિકાધિક સત્ત્વ અને પરમાત્માની સાચી માયા વિકસતી જાય છે. કૃતજ્ઞતાના જાગતા ખ્યાલમાંથી આ બને છે. દયાદાનાદિ સુકૃતને પણ એ ખીલવે છે, અને એમાંય નિઃસ્વાર્થભાવ, નિરાશંસભાવ, નિસ્પૃહભાવ સરસ ઊભો થાય છે.

**કૃતજ્ઞતા ઉન્નતિનો અમરકંદ છે ? :-** મન કહે છે, 'પુણ્યનો લાભ થવાની બહુ લાલચનો મારે સવાલ નથી, પ્રભુ પ્રત્યે કૃતજ્ઞ બનાય એ જ મહાન કર્તવ્ય સધાય છે, એ વિચાર દૃઢ થાય છે, એ મારે સુંદર આત્મસંતોષ છે.'

આપણે જરા દૂર નીકળી ગયા છીએ. વાત ચાલતી હતી યશોમતીની માતાના પ્રસંગ પરથી માતાના ઉપકારની. એના પર પરમાત્માના આપણા પર ઉપકાર કેટલા અને એની સામે કૃતજ્ઞતા કેવી પાળવી જોઈએ, અને એ દોષત્યાગ અને સુકૃત આસેવનમાં કેવી ઉપયોગી છે એ વિચારમાં ઊતરી પડ્યા. પરંતુ આ બહુ જરૂરી વિચાર છે એ ભૂલશો નહિ.

પુણ્યના લોભમાં જે ઓજસ નથી ખીલતું એ કૃતજ્ઞતાના વિચારમાં ખીલે છે આનો અભ્યાસ કરો એટલે અનુભવ થશે.

**માતાના વાત્સલ્યે યશોમતી ગળગળી :-**

યશોમતીની માતાનું વાત્સલ્ય બોલાવી રહ્યું છે કે 'બેન ! તું મને નહિ કહે તો કોને કહીશ ? મારાથી તારે છુપાવવાનું હોય ? તારું દુઃખ એ અમારું દુઃખ છે.' બોલવા સાથે આંખમાં ઝળઝળિયાં આવે છે. એ વસ્તુએ યશોમતીને પણ ગળગળી કરી નાખી. 'અહાહાહા, હું ભયંકર અપરાધી છતાં મા આટલી બધી પુત્રીવત્સલ !'

**યશોમતીનો ખુલાસો :-** એ કહે છે 'ના રે ના બા ! તારાથી શું છુપાવું ? હું તો યાત્રાથી આવી ત્યારે જ કહેવાની હતી, પરંતુ તમને દુઃખ ન કરાવવું એથી જરા મન પાછું વાળ્યું. છતાં આ પાપ હવે પ્રગટ થયું છે તો ગુપ્ત રાખવાનો કોઈ અર્થ નથી.' આમ કહીને ઠેઠ આચાર્ય મહારાજે કરેલી સૂચનાથી માંડીને મુનીમના પ્રસંગ સુધીનો બધો અહેવાલ કહી બતાવ્યો, પછી કહે છે, 'આનાથી હવે છૂટું એટલે સંસાર છોડી દેવો છે, ચારિત્ર લેવું છે એ નિર્ધાર છે. હવે ફરી જિંદગીમાં આવું પાપ થવાની શંકા પણ રાખશો નહિ.'



**માતા-પિતાને ખાતરી :-** માતાએ એના પિતાને બોલાવ્યા, બધી વાત કરી. પિતા પણ કેવા દિલના ધાર્મિક છે એ એમણે મુનીમને રજા આપતાં આપણે જોયું છે. એટલે હવે માતા-પિતા બંને જણ એ શોધે છે કે 'થયું તે થયું, હવે કેમ શોભા રહે એ ગોઠવો' બંનેના મનમાં કાંક સંદેહ હશે તે પણ ત્યાં ફરી પધારેલા આચાર્ય મહારાજ પાસેથી ખુલાસો મેળવ્યો એટલે સંદેહ નીકળી ગયો, ઈરાદાપૂર્વક ખોટે રસ્તે જવાની પ્રવૃત્તિ નહોતી એની ખાતરી થઈ. બાકી સંયોગ ભલભલાને કેવા ભુલાવે છે એ વિચારતાં હવે અહીં બહુ નવાઈ ન લાગી.

**પિતાનો ભવ્ય ઉપદેશ :-** હવે પિતા પુત્રીને કહે છે,

'કાંઈ નહિ, બન્યું તે બન્યું. હવે એનો રસ્તો કાઢીશું જેથી તારી અને અમારી આબરૂ સચવાય. બાકી તને સંયોગોએ ભુલાવી છે, અને

**સંયોગ ભલભલાને ભુલાવે છે.** માટે તો જ્ઞાની ભગવંતો હલકા સંયોગ અને સારા દેખાતા પણ અનર્થના પડછાયારૂપ સંયોગથી દૂર જ રહેવાનું કહે છે. જો નંદિષેણ સંયોગથી ભૂલ્યા; અરણિકને સંયોગે ભુલાવ્યા; આર્દ્રકુમાર મુનિને સંયોગ મળતાં ભૂલા પડવાનું થયું. ભલભલા મહર્ષિને પણ નરસા સંયોગ ભૂલા પાડી દે ત્યાં બીજાના શા ગજા ? તારી શું વિસાત ? માટે જ એવા સંયોગથી દૂર રહેવું. હવે મૂંઝાઈશ ના, આ તો તને જીવનમાં એક જબરદસ્ત બોધપાઠ અનુભવવા મળ્યો. માટે હવે ભવિષ્યને માટે બરાબર સાવધાન થઈ જજે. નરસા સંયોગથી ખૂબ ચોકસાઈપૂર્વક માણસ દૂર રહે અને સારા સંયોગમાં સાધનાના માર્ગે ચાલ્યો જાય તો આગળ ને આગળ ધપ્યે જ જાય છે, ધપ્યે જ જાય છે.

**'એમાં શું ?'માંથી મહાઅનર્થ :-**

'ત્યારે હે દીકરી ! ધ્યાન રાખજે કે શું સંયોગ આપણને વળગી પડે છે ? ના, આપણે જ મનના સહેજ પણ ઢીલા બની સંયોગને વધાવીએ છીએ. ત્યાં જો ભાવી સંભવિત અનર્થનો ખ્યાલ કરી લઈએ તો ચેતી જવાય. આ બાબતમાં 'એમાં શું ? એટલામાં શું થઈ જવાનું હતું ?' એવું જરાય વિચારવા જેવું નથી. નહિતર એ સહેજમાંથી પણ મહાભયંકર અનર્થ સુધીય પહોંચી જવાય છે. માટે એવા સંયોગમાં તો 'એમાં શું ?' નહિ, પણ એમાં તો ભયંકર અનર્થ સંભવિત છે એ હાઉ મનમાં ઊભો થવો જોઈએ, જેથી ઝટ ત્યાંથી ખસી જવાય. નહિતર કેવો ભારી અનર્થ થાય અને પછી પસ્તાવાનો કેવો પાર ન રહે એ તારા અનુભવથી તું હવે સમજી શકે છે. હલકાં વાંચન, હલકાં દર્શન, પ્રલોભક પરિસ્થિતિ, આકર્ષક સંયોગ...ઈત્યાદિથી હંમેશાં દૂર રહેવું જોઈએ. નહિતર 'એટલામાં શું ?' માંથી મન વાસનાવશ-વિકારી બનતાં એટલામાં ભયંકર પરિણામ તરફ ઘસડાયા સમજો.

**મૂળ પરચિંતા :-** 'બાકી હે ભાગ્યવતી ! એથીય જરા ઊંડાણમાં ઊતરીને

જો તો તને દેખાશે કે આ બધાની પાછળ પણ મૂળમાં પરચિંતા કામ કરી રહી છે. માણસ વિલાસી વાંચન કરે છે ત્યાં પહેલાં કાંઈ વાસનાના આવેગથી કે વિષયચિંતાથી કરે છે એવું નથી હોતું પરંતુ પરચિંતા જરૂર હોય છે. 'લાવ જરા જોઉં, શું છે ? શું બન્યું, પછી શું થાય છે ?' આવી આતુરતા, પરચિંતા ઊભી કરી, એટલે એમાં ફસાય છે. પછી વાંચન પૂરું થતાં થતાં સજડ વાસના વિવશ બની જાય છે. પરચિંતા અધમાધમ છે. એ અર્થચિંતા અને વિષયચિંતારૂપી સૂતેલી સાપણને જગાડે છે !

હે પુત્રી ! પરચિંતાની બહુ ઘેરી અસર છે. માણસ એમાં પહેલાં પોતાના સત્ત્વને હણે છે. જીવને હણાયેલું સત્ત્વ મુડદાલ બનાવી દે છે. એની બીજા ક્ષેત્ર પર પણ અસર પડે છે. તું જો, કે યાત્રાએ જતાં રસ્તામાં બીજું કાંઈ કામ નહિ એટલે વાતોચીતોમાં પડી હોઈશ, ત્યારે તને ખબરેય નહિ હોય કે આની અસર ક્યાં ક્યાં પડી રહી છે. પરંતુ એ ચોક્કસ છે કે એ વાતોચીતો ને ગપ્પાંસપ્પાંની પરચિંતા તારું સત્ત્વ હણીને કેટલાય આત્મહિત પર ખરાબ અસર કરે છે, કેટલીય બાબતો પર અસર કરે છે. અને તે જોયું કે 'મુનીમને ખોટું લાગશે' એ વિચારમાં તું તણાઈ. પછી તો આ પરચિંતા તને ઠેઠ ક્યાં સુધી તાણી ગઈ ?

પુત્રી પૂછે છે, 'શું પરચિંતામાં તણાવાથી આટલું ભયંકર પરિણામ આવે ?'

બાપ કહે છે-'હા, એનું કારણ એક તો એ કે પરચિંતાથી જીવનું સત્ત્વ હણાય છે, પછી એવા નરસા સંયોગ કે નરસી પરિસ્થિતિ ઊભી થતાં એમાંથી બચવાનું સત્ત્વ નહિ એટલે ભયંકર પણ પરિણામ આવે એમાં શી નવાઈ ?

બીજું કારણ એ છે કે પરચિંતામાં જીવમાં અંતરાત્મભાવ વિલોપ થઈ બાહ્યભાવનું ઉત્થાન થાય છે. ચિત્ત સ્તંભને અંતરાત્મભાવની ભૂમિમાં સ્થિર રાખવો હોય તો ત્યાં બાહ્યભાવનાં પાણી ન રેલાવાય, એથી તો એ ભૂમિ ગાર જેવી ઢીલી બની જવાથી ચિત્ત સ્તંભને શી રીતે મજબૂત સ્થિર પકડી રાખી શકે ? ત્યારે તું પૂછ કે તો પછી બાહ્યભાવમાં પણ શી રીતે સ્થિર રહી શકવાનું હતું ? એનો ખુલાસો એ છે કે બાહ્યભાવની રેલમાં તો ચિત્ત ડૂબાડૂબ રહે છે, અને અહીંથી તહીં ને તહીંથી અહીં અથડાય છે.

હે વત્સ ! ધ્યાન રાખજે બાહ્યભાવનો રસ ખતરનાક છે, કેમ કે બાહ્યભાવનો રસ એટલે પોતાના આત્માને છોડી જડ કાયાથી માંડી આખા જગતનો રસ ! જડના ગુણ જડની વિશેષતાઓ, જડમાંના ગમતા-અણગમતા ભાવો, જડનો ઈતિહાસ આ બધાની ચિંતા-ભાંજગડ, તન્મયતા, એ બાહ્યભાવના રૂપકો છે, કાર્ય છે. જીવને અનાદિનો એનો જ અભ્યાસ છે. હવે એ જો અહીં તાજા રાખો એટલે એમાં જીવની તલાલીનતા કેટલી જામે ? પછી ત્યાં અંતરાત્મભાવના ગુણો શેં ટકે ? એનો



એટલો અથાગ રસ ક્યાંથી હોય ? પરચિંતાથી પોષણ કરાયેલો આ બહુ રસવાળો બાહ્યભાવ જીવને જોરદાર પકડે છે, તન્મય અંજાયેલો કરી દે છે. તેથી જ આત્મગુણોના સ્ક્રૂ ઢીલા પડી જાય છે. પરિણામ ? કટોકટી ઊભી થતાં એ જમીનદોસ્ત, અને બાહ્યભાવનું નાટક નિર્વિઘ્ન ખેલાતું થઈ જાય છે.

માટે જ હે ભાગ્યવતી દરેકે દરેક આત્માર્થીએ આ સાવધાની રાખવા જેવી છે કે પરચિંતામાં ફસાઈ ન જવાય. બાહ્યભાવના સીમાડામાં ય પગ ન મુકાય.

**જો અંતર્મુખ થવું છે તો બહિર્મુખ બને કેમ ચાલે ?** મોઢું પશ્ચિમ બાજુ રાખો તો એ પૂર્વ બાજુ ક્યાંથી હોઈ શકે ? આંતર અને બાહ્યના પૂર્વ-પશ્ચિમ જેવા અંતર છે. બહિર્મુખ રહો એટલે જડની ગડમથલ રહેવાની અને તે પણ, ભૂલવા જેવું નથી કે અનંતાનંત કાળની અભ્યાસ કરેલી ! એક વાર ભલે આન્તરભાવમાં ગયા'તા, પરંતુ પાછા જો બાહ્યભાવમાં આવી એને તાજો કર્યો એટલે પેલા અનંતકાળના અભ્યાસના જોરદાર સંસ્કારને જાગ્રત થતાં કેટલી વાર ? સાંભળવા મળે છે કે બાર મહિના પહેલાં સાપ કરડ્યો હતો પણ ખ્યાલ નહોતો એટલે એનું ઝેર છૂપું એમ જ પડ્યું હતું, પરંતુ એ પછી ઠેઠ બાર મહિને પણ કોકે યાદ દેવડાવ્યું કે 'તમને આ જગાએ સાપ કરડ્યો હતો' અને એ મન પર લીધું એટલે તરત તાજું થઈ આખા શરીરમાં ફરી વળ્યું અને માણસ ત્યાં જ મૃત્યુ શય્યામાં પોઢી ગયો ! આવો દાખલો સાંભળવા મળે છે. તો પછી આ તો અનંતાનંતકાળના બાહ્યભાવનાં ઝેર, એ તાજાં થતાં જીવને કેમ સુવાડી ન દે ? કેમ મૂર્ચ્છિત ન કરી દે ? માટે એને તાજું કરવું ભૂંડું !

**અંતર્મુખ બનવું ગમે છે તો પછી સતત અંતર્મુખ બન્યા રહેવા માટે બાહ્યભાવની સામે ઝગડતા રહેવાનું.** એ આકર્ષવા માગે, પણ આપણે સાવધાન રહી એનો સામનો જ કર્યે જવાનો.

હે દીકરી ! અફસોસી તો એ છે કે પરચિંતામાં પડ્યા ત્યાં બાહ્યભાવ સાથે ઝગડવાની વાત તો ક્યાં, પણ સાવધાની સરખી રહેતી નથી કે 'આ કઈ જાત છે ?' એટલે જ પરચિંતા કરતી વખતે અને કર્યા બાદ પણ એમાં કશું ખોટું કર્યું લાગતું નથી. પરચિંતાની વાત ભલેને મામૂલી હોય 'આજે ભીંડા ઘરડા આવ્યા હતા, ને દાળ દુણાઈ ગઈ હતી,' આવી આવી જ વાત હોય પરંતુ એ બાહ્યભાવની વાત છે એટલે એ અંતર્મુખતાના જીવન પ્રત્યે ઝેર છે. ઝેર જીવન નષ્ટ કરી નાખે ! પછી અંતર્મુખતાના ઘરની સળગતી આત્મચિંતા ગુણોની ધગશ, માથા ફરેલાના જેવી આત્મહિતની તમન્ના, એ બધું ઢીલું પડી જાય. તેથી એક યા બીજા ખૂણામાં દોષ-દુષ્કૃત્યનું અંધકારનૃત્ય ઊભું થાય એમાં શી નવાઈ ?

એટલે જ હે વત્સ ! બન્યું તે બન્યું, પરંતુ હવેથી આ રાક્ષસી પરચિંતામાં

ક્યારેય ઘસડાઈશ મા. બાકી વર્તમાન પરિસ્થિતિનો સારો ઉકેલ લાવીશું, ચિંતા કરીશ ના.'

યશોમતી પિતા કુશળચંદની આ ગંભીર તત્ત્વવાણી સાંભળી દિંગ થઈ ગઈ ! એને એમ થયું કે 'અહો ! આ બધું પહેલા મળ્યું હોત તો તો હું ન્યાલ થઈ જાત ! આ દહાડા શાના જોવાના આવે ? ત્યારે પિતાજીએ આ અમૂલ્ય વાત પહેલાં કેમ કોઈ વાર નહિ સમજાવેલી ?' પણ પાછું મન વાળ્યું કે મારું એટલું સદ્‌ભાગ્ય જોઈએ ને ? વળી અનુભવી જાણકાર તો ઘણું ય જાણતા હોય, પણ તેવા તેવા મોકા પર તેવા તેવા અનુભવની વાત કહે. ખેર ! પિતાજીનો અનહદ ઉપકાર છે.' એમ વિચારી ભારી ઉપકારના ખ્યાલથી ઝટ ઊભી થઈ અને પિતાના પગમાં પડી, કહે છે,

'તાત ! દિવ્ય અનુભવ આપ્યો, કેટલો બધો ગજબ ઉપકાર કર્યો ! ભવિષ્યમાં હવે આપની શિખામણ મુજબ જ હું વર્તવાની. આપ નિશ્ચિન્ત રહેશો. પરંતુ વર્તમાનની મને મોટી ચિંતા છે.'

કુશળચંદ કહે છે 'તને કહ્યું નહિ ? ચિંતા ન કરીશ, રસ્તો કાઢીશું; એવો કે જરાય તારું, અમારું કે ધર્મનું ખોટું ન દેખાય.'

યશોમતી રાજી થઈ ગઈ. કુશળચંદે કુશળ રસ્તો કાઢ્યો. પોતે, પત્ની અને પુત્રીને લઈ વેપાર અર્થે પરદેશ ચાલ્યો ગયો. ત્યાં પુત્રીને પુત્ર જન્મ્યો. તે પછી દોઢેક વરસ ત્યાં રહી દેશમાં બધા પાછા આવ્યા. પોતરાને પોતાના પુત્ર તરીકે જ ઉછેરી લાવ્યા. અહીં લોકોને કોઈ બીજી કલ્પના જ ન થઈ.

યશોમતીને હવે વૈરાગ્ય તો જોરમાં ખીલી ઊઠ્યો હતો, તે એણે સંસાર ત્યાગ કરી ચારિત્ર લીધું અને જીવનમાં સજ્જડ પછાડ ખાધેલી તેથી જાગૃતિ ગજબની હતી, એટલે કેવળ અંતર્મુખ બની ગુરુ સેવા, સંયમ, ત્યાગ, તપસ્યા અને જ્ઞાનધ્યાનમાં જ લયલીન બની ગઈ. બીજી બાજુ ગામેગામ બાઈઓને એનું આકર્ષણ ભારે થઈ જાય છે, છતાં આને કોઈ કૂથલી, કે બાહ્યભાવની લેશ પણ વાત કરતાં જાણે આવડતી જ નથી. તેમ જગતમાં કોઈ વિચિત્ર બનાવો જોવા-સાંભળવામાં આવી જાય છે પરંતુ એ તરફ કોઈ જ એને લક્ષ જ નથી. પરચિંતાનું તો એણે કાસળ જ કાઢી નાખ્યું છે. એને હવે એની એક ક્ષણની પણ ફુરસદ નથી, એટલી બધી ક્રિયામાં ઓતપ્રોતતા, પરમેષ્ઠી ધ્યાન અને શ્રુતનું-શાસ્ત્રનું ધોધમાર ચિંતન રાખ્યું છે.

પરચિંતા, અર્થચિંતા અને વિષયચિંતા ટાળવાના આ જ ઉપાય છે, આત્મચિંતામાં, ધર્મક્રિયામાં ઓતપ્રોત રહો, અર્હદ્‌ભક્તિ અને ગુરુભક્તિ તથા એમની પ્રત્યે કૃતજ્ઞભાવમાં જાણે ગાંડાતુર બની જાઓ અને શ્રુત-શાસ્ત્રતત્ત્વોનું



ચિંતન, લોભીને પૈસાની ચિંતા અને કામાંધને કામની ચિંતાની જેમ રાતદિવસ ધીખતું રાખો. આ વસ્તુ બરાબર ચાલી શકે એ માટે ઇન્દ્રિયોના ઉન્માદને વિગઈત્યાગ-રસત્યાગ વગેરેથી તોડી નાંખો.

યશોમતીએ એ રીતે સાધના કરી અંતે ઊંચા દેવલોકમાં પ્રયાણ કર્યું.

ચાર ચિંતા,-ઉત્તમ આત્મચિંતા, મધ્યમ વિષયચિંતા (કામચિંતા), અધમ અર્થચિંતા, અને અધમાધમ પરચિંતાની વિસ્તારથી વિચારણા કરી છે. એમાંથી પાછલી ત્રણેય ચિંતાઓના ભયંકર નતીજા ખૂબ ધ્યાનમાં રાખી એ ચિંતાઓને દૂર કરવા જેવી છે અને એકમાત્ર ઉત્તમ આત્મચિંતામાં લયલીન બનવા જેવું છે. આત્મચિંતા એવી સિદ્ધ કરી દેવી જોઈએ કે એ સહજ બની જાય. એ માટે ચાર ચિંતાની અત્યાર સુધી કરેલી વિચારણા વારંવાર યાદ કરવી જોઈએ. બીજી વાત,

**આત્મચિંતા સિદ્ધ કરવા માટે** લક્ષમાં લેવા જેવી એક વસ્તુ એ છે કે મનને લૌકિક ભાવોમાંથી હટાવી લોકોત્તર ભાવોમાં રમતું કરવું. ચિત્ત લૌકિક ભાવોમાં ડૂબ્યું રહે છે એટલે અર્થચિંતા, કામચિંતા અને પરચિંતાથી પીડાયા કરે છે. જો લોકોત્તર ભાવમાં રમતું રહે તો અર્થચિંતા વગેરેના આક્રમણથી ઘણો બચાવ મળે.

**પ્ર.- લોકોત્તર ભાવ કોને કહે છે ?**

**ઉ.- ષોડશક શાસ્ત્રમાં પાંચ લોકોત્તર ભાવ બતાવ્યા છે,**-ઉદારતા, દાક્ષિણ્ય, પાપ જુગુપ્સા, નિર્મળ બોધ અને જનપ્રિયતા. ચાર ચિંતાનો વિષય ઘણો લંબાઈ ગયો છે, તેથી અહીં આનો માત્ર શબ્દાર્થ જોઈ લઈએ.

**પહેલી ઉદારતા** એટલે ક્ષુદ્ર-તુચ્છ વૃત્તિ, નીચ-અધમ વૃત્તિનો ત્યાગ કરી વિશાળ દિલ રાખવું, ઉદાર ધોરણ રાખવું, અને વડીલજન પ્રત્યે તેવી તેવી અને દીન-અનાથ-નિરાધાર પ્રત્યે તેવી તેવી ઉચિત વૃત્તિ રાખવી.

(૨) **દાક્ષિણ્ય એટલે** બીજાનું કાર્ય કરવાનો ઉત્સાહ, સાથે ગંભીર પેટ અને સ્થિરતા, તથા ઈર્ષ્યા-અસૂયાનો ત્યાગ.

(૩) **પાપજુગુપ્સા** એટલે અતીત પાપનો ખેદ, વર્તમાનમાં પાપ ત્યાગ, ભાવી પાપનો વિચાર નહિ.

**"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૧૦,અંક-૪૩,તા.૨૮-૭-૧૯૬૨**

(૪) **નિર્મળ બોધ** એટલે સાચી તત્ત્વ જિજ્ઞાસાપૂર્વક ઉપશમને મુખ્ય કરનારા શાસ્ત્ર સાંભળી શ્રુતજ્ઞાન, ચિન્તાજ્ઞાન અને ભાવનાજ્ઞાન, મેળવવાં, અર્થાત્ બરાબર ગ્રહણ, ચિંતન-મનન અને ઠેઠ તાત્પર્યાર્થના નિર્ણય સુધી પહોંચવું.

**(૫) જનપ્રિયત્વ** એટલે જીવન લોકલાગણી અને સદાચાર-સત્કૃત્યોથી એવું ભર્યું ભર્યું રાખવું કે જેથી બીજાઓમાં ધર્મબીજ પડે અને સ્વ-પરને ધર્મસિદ્ધિ તરફ પ્રેરક બને.

આ પાંચેય ભાવ આત્મચિંતાના ખપીને બહુ જરૂરી છે. જુઓ એમાં ઉદારતામાં બીજાઓ પ્રત્યે તેવો તેવો ઉચિત ભાવ, અને દાક્ષિણ્યમાં પર કાર્ય કરવાનો જાગતો ઉત્સાહ આવે છે, પરંતુ એ 'પરચિંતા નથી, આત્મચિંતા જ છે. ઊલટું એની પરવા ન કરે ને હું તો મારે મારું સંભાળું' આમ કરવા જાય તો આત્મચિંતા એટલે આત્મહિતની ચિંતા ગુમાવે.

લોકોત્તર ભાવ પરથી લૌકિક ભાવ સમજી શકાય છે. ક્ષુદ્રતા, સ્વાર્થાંધતા, પાપરતિ, મૂઢતા-અજ્ઞાનતા, એ લૌકિક ભાવ છે. એમ જનદ્વેષ ઊભો થાય એવા અધમ કૃત્ય અધમ જીવન-એ લૌકિકભાવ છે.

**પાપ વિકારો :-** આત્મચિંતા માટે આ લૌકિક ભાવ ત્યજી દેવા જ જોઈએ. એ તો જ ખસે કે જો પાપ વિકારો શમાવવામાં આવે. જેમ રોગિષ્ઠ શરીરમાં વાત-પિત્ત-કફના અનેક વિકાર હોય છે, એમ રોગિષ્ઠ આત્મામાં પણ અનેક પાપ વિકારો હોય છે. **ષોડશક**માં તે પણ કહ્યું છે કે અતિ વિષય તૃષ્ણા, દૃષ્ટિસંમોહ, ધર્મપથ્યની અરુચિ અને ક્રોધની ચળ એ પાપ વિકારો છે, ત્યાજ્ય છે. આ આત્મચિંતાના બાધક છે, એનું જોર હોય તો અર્થચિંતા વગેરે ચાલ્યા કરવાની, આત્મચિંતા નહિ. માટે એને શમાવવાના.

**(૧) અતિ વિષયતૃષ્ણા** એનું નામ કે જ્યાં જીવ ભોગ્ય-અભોગ્યનો વિચાર કર્યા વિના શબ્દ-રૂપ-રસ-ગંધ-સ્પર્શમાં સદા અણધરાયેલો જ રહે.

**(૨) દૃષ્ટિસંમોહ** એટલે પાપક્રિયાને પણ ધર્મનું નામ આપી એમાં કર્તવ્યદૃષ્ટિ-હિતકારી તરીકેની દૃષ્ટિ રાખે. દા.ત. યજ્ઞ, હિંસા, ગૃહસ્થ સ્ત્રી સંબધ વગેરેને ધર્મ તરીકે દેખે.

**(૩) ધર્મપથ્યમાં અરુચિ** એટલે દુનિયાદારીની માયા-મમતા એવી કે ધર્મશ્રવણનો અનાદર, અજ્ઞાન રાખે તથા ધર્મીજનનો સંપર્ક ન ગમે.

**(૪) ક્રોધની ચળ** એનું નામ કે સાચો ખોટો પોતાનો દોષ સાંભળતાં વેંત વસ્તુ રહસ્ય કાંઈ જ વિચાર્યા વિના આંતર અને બાહ્યથી ઉકળાટ ઊછળી આવે.

આ પાપવિકારો છે; આત્મા કિલષ્ટ કર્મના રોગોથી એવો ઘેરાયો છે કે એમાંથી આ વિકારો એને પીડ્યા કરે છે. આત્મચિંતાના અર્થીએ આ પણ શાંત કરવાની જરૂર છે.

**પ્ર.**- કર્મ બેઠાં હોય ત્યાં સુધી એ શાંત શી રીતે થાય ?



ઉ.- કર્મો બધાં જ એવાં નથી હોતાં કે દાબ્યાં દબાય જ નહિ. દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ અર્થાત્ સંયોગ-પરિસ્થિતિ ફરી જાય તો ઉદયમાં આવતા અટકી જાય. ને ઊલટું એનો ક્ષયોપશમ થવા લાગે. રેડિયો-એક્ટ્રેસનું ગીત સાંભળતાં મોહ ઉદય પામે છે, અને મુનિની વૈરાગ્યવાણી સાંભળતાં મોહનો ઉદય અટકી ક્ષય થવા લાગે છે. માટે પાપ વિકારોને સારા સંયોગથી દાબી શકાય, દાબવા જ જોઈએ.

**મૈત્રી આદિ ગુણોની જરૂર :-**

ઉદારતા વગેરે લોકોત્તર ભાવો પ્રગટ થાય, ક્ષુદ્રતા આદિ લૌકિક ભાવો અને અતિ વિષયાસક્તિ વગેરે પાપ વિકારો શમી જાય, નાબૂદ થઈ જાય, એટલે આત્મામાં મૈત્રી આદિ ગુણ પ્રગટ થાય છે. આ પણ આત્મચિંતાની વસ્તુ છે, એનાથી પણ અર્થચિંતા, કામચિંતા અને પરચિંતાના પાપથી બચાય છે.

**પરચિંતા એ પરચિંતા નથી, આત્મચિંતા છે :-**

**અહીં એક ખૂબી જોવાની છે** કે મૈત્રી, કરુણા, પ્રમોદ અને માધ્યસ્થ્ય એ પરને અનુલક્ષીને છે, છતાં એ ચોથી અધમાધમ કોટિની જે પરચિંતા કહીએ એ નથી, **ત્યાજ્ય પરચિંતા તો પરની ખોટી 'તથા' છે, જ્યારે મૈત્રી આદિ ગુણોમાં તો પર સાથે આત્માનો સાચો સંબંધ છે, એટલે આત્મચિંતા છે.** દા.ત. વિચાર્યું કે બીજાનું હિત થાઓ યા દુઃખીને જોઈને દિલ દ્રવિત થયું, અથવા ગુણીને જોઈને આનંદ થયો, કે બીજાના દોષ પર દૃષ્ટિ જતી હતી તેને બદલે ઉપેક્ષા કરી, આ બધું પરને લક્ષીને છે છતાં એ પરચિંતા નથી, પણ પરની સાથે આત્માનો ગુણ સંબંધ છે, તેવી સુંદર આત્મચિંતા છે. પરહિત ચિંતા, પરદુઃખસમવેદન, પરગુણદર્શન, અને પરદોષ ઉપેક્ષણ એ બધાં આત્મચિંતાનાં રૂપક છે, આત્મચિંતામાં સહાયક-પ્રેરક છે, અર્થ-કામ-પરચિંતાથી બચાવનાર છે.

આનું કારણ એ છે કે આત્મા અનાદિકાળના મોહવશ પૌદ્‌ગલિક સુખોનો એવો લંપટ બનેલો છે કે એમાં બીજાના ગુણ જોવા તરફ અંધ જેવો છે, તેમજ બીજાનાં હિત ઘવાય, સુખ લોપાઈ દુઃખ ઊભાં થાય, એના તરફ એ બેપરવા છે, ધિઠ્ઠ છે, કઠોર છે. આ મહાદુર્ગુણ છે. આ મલિનતા છે. એ કાઢવા માટે પરહિતચિંતા, પરકરુણા, પરપ્રમોદ ઉપયોગી બને છે. ગમે તેટલાં પોતાને કષ્ટ પડે પણ કોઈનું ય અહિત ન થાય બીજાનાં દુઃખ પ્રત્યે કઠોર ન બનાય, કે બીજાના દોષ તરફ દૃષ્ટિ ન જાય એ કાળજી, એ કોમળતા પહેલી રાખે તો બેપરવાઈ, ધિઠ્ઠાઈ વગેરે દોષથી બચાય. પરહિતચિંતાથી એ કાળજી-કોમળતા આવે છે. એટલે એમાં આત્મચિંતા મુખ્ય બને છે, અને ત્યારે અર્થચિંતા-વિષયચિંતા-પરચિંતા અતિ ગૌણ બની જાય છે. એને બહુ જગા મળતી નથી; ધીમે ધીમે એ નીકળી જાય છે.

ચારચિંતાની વિસ્તારથી વિચારણા કરી છે. એ દર્શાવનાર વીતરાગ પરમાત્માની વાણી અનંત કલ્યાણ-કારિણી છે. એને જે ભવ્યાત્મા પોતાના જીવનમાં ઉતારશે એનું અનંત કલ્યાણ થશે. એવી વાણીનું પ્રકાશન કરતાં કોઈ અન્યથાભાવ થયો હોય તેનો મિચ્છા મિ દુક્કડમ્.

❋ ❋ ❋

**''દિવ્ય-દર્શન''-''પ્રવચન મહોદધિ'' વર્ષ-૧૦,અંક-૪૪,તા.૪-૮-૧૯૬૨**

## ધર્મસાધના ધર્મસંજ્ઞાથી કરો, પાપસંજ્ઞાઓ તોડવા કરો.

(ચોમાસી વ્યાખ્યાન)

### ચાતુર્માસિક આરાધના ક્યારે જામે ?

શાસ્ત્રકાર ભગવંતો ફરમાવે છે કે માનવભવની સફળતા એકમાત્ર ધર્મસાધનામાં છે. ધર્મસાધના કરો તો જ માનવજીવન સફળ થયું સાર્થક બન્યું ગણાય. ખાનપાન, વિષય વિલાસ, વેપાર રોજગાર, ધનકમાઈ વગેરેથી જીવન સફળ થયું ન ગણાય. કેમ કે માનવજીવન જીવ્યાનું કોઈ વિશિષ્ટ પ્રયોજન છે; તિર્યંચભવ અને દેવ-નરકભવથી ન સાધી શકાય એવું પ્રયોજન છે; ને એ છે ધર્મસાધના. તે જો સધાયું નહિ તો પશુ નહિ પણ એક મનુષ્ય તરીકે જીવ્યા કેમ ગણાય ? એ તો ખાસ પ્રયોજન વિશિષ્ટ ધર્મસાધના કરી લેવાય તો જ જીવનનું ફળ આવ્યું, જીવન સફળ બન્યું ગણાય.

**સંસાર કયા વલણ પર ? :-**

**ધર્મસાધનામાં શી એવી વિશેષતા છે ?** એવું પૂછાય તો કહેવાય કે શ્રી વીતરાગ પરમાત્માએ ફરમાવેલી ધર્મની સાધના સંસારને ટૂંકો કરી દે છે, કેમ કે એ સંસારને લંબાવનારા આત્માના વલણમાં પલટો લાવી એનાથી વિરુદ્ધ વલણને ઊભું કરી દે છે. સંસાર જે વલણ ઉપર ચાલે છે એ વલણને મોળું પાડ્યા વિના એનાથી વિરુદ્ધ વલણ ઊભું નહિ થઈ શકે. કંઈક પણ નરસા વલણમાં મંદતા આવે ત્યારે ધર્મની સંજ્ઞા ઊભી થઈ ધર્મસાધના તરફ જીવ વળે છે, અને એ સાધના કરતાં કરતાં નરસા વલણમાં ઘણી ઘણી મંદતા અને ધર્મવલણ-ધર્મસંજ્ઞામાં સતેજતા આવે છે, માત્ર વાત આ છે કે અનાદિનું વલણ બદલવાની ઝંખના રહ્યા કરે છે ?

**એ અનાદિનું વલણ કેવું છે ?** આહાર, વિષયો, પરિગ્રહ અને આરામીની સંજ્ઞાનું. એ પાપસંજ્ઞાઓ ઠેઠ એકેન્દ્રિય અવસ્થાથી માંડી કીડા, કીડી,... યાવત્



પશુના અવતારમાં ખુબ ખુબ સેવેલી છે. અરે ! અનંતા માનવના અવતાર મળ્યા એમાં ય એ જ ધંધો કર્યો છે ! જીવ આઘો ગયો પાછો ગયો પણ એ જ ધૂનમાં રમ્યો કે 'ખાનપાન, વિષયો, ધનમાલ કે આરામીનું શું ?' એની જ ખણજ ઊઠ્યા કરી.

ખાધું, પેટ ભરી લીધું તોય આહારની સંજ્ઞા ઊભી તે મોંમાં સોપારી કે એવું કાંઈ મમરાવ્યા કરવાનું ગમે છે.

નાટક જોઈ લીધું તો ય સંજ્ઞા વિષયની ઊભી, તે આડુંઅવળું જોવા-સાંભળવા વગેરે ઇન્દ્રિયો વિષયો પાછળ ભટક્યા કરે છે. ઠંડી હવાથી કંટાળ્યો તો ગરમ હવા, અને એનાથી થાક્યો તો ઠંડા પવન સ્પર્શવાની સંજ્ઞા ઊભી જ છે.

ત્યારે, પરિગ્રહ ગમે તેટલો મળે તો ય ધરપત ક્યાં છે ? હજીય બીજું મેળવવાની સંજ્ઞા ખડી જ છે. કદાચ ધનની જરા શમી, તો માલની અને એ નહિ તો રાચરચીલાની,...કોઈ ને કોઈ પરિગ્રહની ખણજ ચાલુ જ છે !

આરામીની સંજ્ઞાનું તો પૂછવું જ શું ? મોકો મળે કે બેસવાની, બેઠા હોય તો ટેકો દેવાની, અવસર હોય તો આડા પડવાની, એથી આગળ ઊંઘવાની, ચાલતાં થાક્યા તો વાહનની આરામીની, અને એમાં થાક્યા તો ચાલવાની આરામીની...એમ કોઈ એક યા બીજા રૂપે આરામીની લત ઊભી જ છે !

**ધર્મસાધના માટે ધર્મસંજ્ઞા કેળવી છે ? :-**

વિચારો પાપ સંજ્ઞાનો ઘેરાવો કેવો અડીખમ ખડો રાખ્યો છે ! જીવનું વલણ એ તરફ જ ઝૂકેલું છે. અહીં ધર્મસાધના કરવી છે, તો ધર્મની સંજ્ઞા, ધર્મની ખણજ, ધર્મની લત ઊભી ને ઊભી રાખવી જોઈએ, જેવી પરિગ્રહની સંજ્ઞાનું જોર, ધન કેમ લાવું ક્યાં જાઉં, ક્યાં મળે,' એ લગની જોરદાર, એવી લગની હવે ધર્મની ઊભી રાખવી જોઈએ કે 'કેમ ધર્મ કરું,' ક્યાં જાઉં, શું કરું, કેમ ધર્મકમાઈ વધતી જ ચાલે !' એ પેલી સંજ્ઞાઓ દબાય તો બને ને ? પણ અફસોસ કે પશુ જીવનમાં સેવેલી આહારાદિની સંજ્ઞાઓ જીવ ભૂલતો નથી, એ સંજ્ઞાઓની પાછળ અમૂલ્ય માનવજીવનનો કાળ બરબાદ કર્યે જ જાય છે પછી ધર્મસંજ્ઞા ક્યાંથી જામે ?

**રંકને પણ ઠીકરા પર ચાર સંજ્ઞા :-**

રંક માણસ ઠીકરા ઉપર પણ ચારે સંજ્ઞાઓ પોષ્યે જાય છે, 'ખાવાનું કેમ સારું સારું ખાઉં, ક્યાંથી લાવું ? ભિક્ષા ક્યાં મળે ? મળ્યું છે પણ થોડું છે. ભિક્ષામાં બીજું ય સારું મળે તો કેવી મજા ? ભીખ માગતાં આ રૂપ ઠીક જોવા મળ્યું ! ગીત સારું સાંભળવા મળ્યું ! ખાઉં ને પછી મસ્તીથી ઊંઘું !' ભિખારીને પણ આ સંજ્ઞાઓ રાત ને દિવસ મૂકવી નથી. ત્યારે પુણ્યે થોડું મળે છે, સારું મળે છે. એની દશાનું પૂછવું જ શું ?

**આટલું બધું સંજ્ઞાઓનું જોર શાથી ?** કહો, અનાદિ કાળથી એનું ખૂબ રટણ કર્યું છે. જેનું ખુબ રટણ કર્યું, જે ખુબ ગોખ્યું, તે સહેજે યાદ આવે. વર્તમાન સંજ્ઞાઓના જોર પરથી એ પરખી લેવા જેવું છે કે આપણો અનંત ભૂતકાળ કેવો ગયો હશે ! એમાં શો ધંધો કર્યો હશે ! અહીં વારે વારે 'ખાઉં ચગળું-ચાખું, જોઉં-સાંભળું-સ્પર્શું, લાવું-સંઘરું-જમાવું, આરામ કરું - ઊંઘું - પડ્યો રહું' આમાંનું કાંઈ ને કાંઈ થયા કરે છે, તો જૂનો અભ્યાસ માત્ર એ આહારાદિની સંજ્ઞાઓનો જ કે બીજો કોઈ ?

પૂર્વે એ સંજ્ઞાઓમાં જ ડૂબેલા રહેલા, એટલે એણે અહીં પણ આપણને બોચીમાંથી પકડ્યા છે ! એ સંજ્ઞાઓની વસ્તુ જાણે કહે છે 'ક્યાં જાય ? અમારામાં ને અમારામાં જ તને વિચારતો-બોલતો-કરતો કરાવતો ન રાખીએ તો અમારું નામ નહિ.' અંતરને તપાસી જુઓ કે દિવસભરમાં વિચારવા-બોલવા-ચાલવાનું, પ્રવૃત્તિ કર્યા કરવાનું કોના સંબંધમાં થયા કરે છે ? કોઈ ખાવાની વસ્તુ, કે કોઈ શબ્દાદિ વિષય, યા કોઈ ધન-માલ-મિલકત, સત્તા અથવા આરામીના જ સંબંધમાં ને ? વિચાર પણ એના, ઉચ્ચાર પણ એના, ને આચરણ પણ એના. આ સ્થિતિમાં ધર્મસાધના શી રીતે રૂડી થાય ? પૂછો,

**પ્ર.- ધર્મસાધના કરવામાં આહારાદિની સંજ્ઞાઓ ક્યાં નડે ?**

ઉ.- નડે નહિ ? ધર્મસાધનામાં શું કરવું છે ? પહેલો ધર્મ દાનનો, એ કરવો હશે પણ પરિગ્રહસંજ્ઞા નહિ કરવા દે. બીજો ધર્મ શીલ-વ્રત-નિયમોનો, એ પેલી વિષયસંજ્ઞા નહિ લેવા દે. ત્રીજો ધર્મ તપનો, પણ આહારસંજ્ઞા તપ શાનો કરવા દે ? ચોથો ધર્મ ભાવનો એ આહારાદિ ચારેય સંજ્ઞાઓનાં જોર ચાલુ હોય તો સારા ભાવ જાગે જ શાના ? ધ્યાન રાખો સંજ્ઞા એટલે બહારની ક્રિયા નથી. એમ તો આહારની ક્રિયા કેવળજ્ઞાની પણ કરે છે, તો શું એમને સંજ્ઞા છે ? ના, માટે સંજ્ઞા તો અંદરની લત છે, લગની છે, વલણ છે, એ હોય એટલે એનાથી વિરુદ્ધ દાન-શીલ-તપ-ભાવનાં વલણ જાગે જ શી રીતે ? ધન લેવા-સંઘરવાનું જ વલણ છે. એટલે 'હું દઉં, આપી દઉં' એ શાનું થાય ? એમ જ્યાં ખાઉં ખાઉં હોય, હમણાં આ ખાઉં, બે કલાક પછી બીજું, કલાક પછી ચાહ, વળી બે કલાક બાદ નાસ્તો, આમ દિવસમાં આઠ વાર, છ વાર, ચાર વાર ખાઉંની વૃત્તિ હોય ત્યાં તપનું વલણ જ નહિ પછી તપ થાય તો ય એમાં સ્વાદ કેવો ?

**તપમાં વિચાર કર્યો :-** જુઓને આજે ઉપવાસ હશે, તો વિચાર શો આવે છે, 'આજે ચારે ય ટંક ખાવાનું નહિ. ઢીલાશ આવશે' એવો મુડદાલિયાગીરીનો ? કે 'અહો ! ધન્ય આજનો દિવસ ! આજ ખાઉં-ખાઉંની બલા ગઈ ! મરી ગયા'તા એ આહારસંજ્ઞામાં ! વરસના ત્રણસો સાઠે દહાડા એની ગુલામી ! આજે અહોભાગ્ય



એ પુદ્‌ગલની ગુલામીમાંથી છૂટ્યો !' આવો વિચાર આવે છે ? આવે તો તો એનાં મુખ ઉપર તેજ જુદાં હોય ! અવયવોની સ્ફૂર્તિ અનેરી હોય ! વાણીના બોલ અધ્યાત્મભર્યા હોય !

**પારણામાં વિચાર :-** બોલો, ઉપવાસ જ્યારે કર્યો જ છે, તો પછી હવે તપ નજરે ચઢે કે ખાવાનું ? આજે ખાવાનું નથી એ સાંભરે ! કે 'સુંદર તપ છે, આહાર ગુલામીનો આજે ત્યાગ છે' એ યાદ આવે ? જો તપ જ નજરે ચઢ્યા કરે, અર્થાત્ તપ કર્યો એટલે ઘરમાં આવ્યા એમ લાગે, તો પછી કાલે પારણું પહેલાં કરતાં જુદા જ ભાવે થશે. ત્યાં લાગશે કે 'હાય ! આ પાછું ઘર છોડી પારકે ઘેર બેસવાનો અવસર ક્યાં આવ્યો ?'

**તપ એ સ્વઘર કેવી રીતે ? :-**

તપમાં આવ્યા એટલે ઘરમાં આવ્યા અને ખાવામાં પડ્યા એટલે પારકે ઘર જઈ ચઢ્યા એવું લાગે છે ખરું ? પોતાનું ઘર અને પારકું ઘર, બેમાં શું ફરક છે એ વિચારો એટલે તપને ઘર માનવા માટે શું કરવું તે સમજાશે. પોતાનું ઘર એટલે જ્યાં શાંતિ લાગે, એમ લાગે કે અહીંથી કોઈ ઊઠાડનાર નથી, અહીં કોઈના પરાધીન નહિ, કોઈ મેણાં-ઠપકાં કરનાર નહિ, કોઈનો અહીં પા'ડ ચડવાનો નહિ, આવું બધું જ ને ? બસ એ રીતે તપમાં છે. તપમાં બેઠા એટલે શાંતિ લાગે; આહારમાં અનેક અજંપા, અશાંતિ ! અનુભવો છો ને ? તપમાંથી કોઈ ઊઠાડનાર નહિ, આહારમાં તો પેટ સવાયું ભરાયું ઝટ ઊભા કરે ! ઝાઝું બેસી ન રહેવાય. તપમાં તો શક્તિ કેળવી હોય તો મહિના સુધી બેસો ને, કોણ ઊઠાડનાર છે ? તપમાં કોઈનાં ટોણાં-ટપકાં નહિ, અને ખાનપાનમાં તો દેખો છો ને ? તપમાં પરાધીનતા કે કોઈનો પા'ડ ચડવાનો નહિ, આહાર પાછળ કેઈના અહેસાન ચડે, કેટલી પરાધીનતા ! આ બધું વિચારો તો લાગે કે ખરેખર ! તપ મારું ઘર છે, એ મૂકીને આ ખાવા બેસવું એટલે પારકે ઘેર બેસવાનો અવસર આવ્યો ! તપની શેઠાઈ મૂકી પાછી આ આહારની વેઠ આવી !' કોઈ તમને મોટરમાં શહેરમાં ફેરવી શેઠાઈનો અનુભવ કરાવે, પરંતુ પછી બજાર વચ્ચે ઊભા રાખી મોટર સાફ કરવાની વેઠ આપે તો એ કેવું લાગે ? અથવા સારી સ્થિતિમાં નોકરો રાખી શેઠાઈ કરી હોય, પરંતુ સ્થિતિ પલટાતાં હવે બીજાની વેઠ-નોકરી કરવાનો પ્રસંગ આવે તો કેટલી લજવામણ ? કેટલું બધું દિલ-દુઃખ ? એવું અહીં પારણામાં લજવામણ, દિલદુઃખ અને વેઠનો અનુભવ થાય ખરો ? થાય, પણ તપ અને વિવિધ ત્યાગમાં શેઠાઈની મસ્તી માણી હોય તો થાય. શેઠાઈ એટલા માટે કે એમાં ખાવા પાછળ જે કેટલીય વેઠ છે, ગુલામી છે, એ તપમાં નથી, શેઠાઈ એ આહારની સંજ્ઞાને

દબાવ્યા વિના સમજાય ? અને આહારની સંજ્ઞાને દબાવ્યા સિવાય તપની સંજ્ઞા જામે ખરી ? તો એના વગર તપ કરી લીધો, પણ એનો ઉજાસ ક્યાંથી આવે ?

**તપની તપસંજ્ઞા :-** તપસંજ્ઞા વિના તપ નકામો છે એમ કહેતા નહિ. તપ કરતાં કરતાં તપની સંજ્ઞા, તપનું આંતરિક વલણ ઊભું થાય છે. મહર્ષિઓ એ રીતે તપના વલણવાળા બન્યા છે. પરંતુ આ તપ કરતાં કરતાં તપનું વલણ ક્યારે ઊભું થાય ? કંઈકે મનમાં રાખ્યું હોય કે 'આ તપ કરીને મારે તપનું વલણ ઊભું કરવું છે, આહારનું વલણ, ખાઉં-ખાઉંનું વલણ ઘટાડી નાંખવું છે' એવી ભાવના, એવું લક્ષ રાખ્યું હોય ત્યારે જ ને ?

**આહાર સંજ્ઞા તોડવા ભાવના :-**

આહારસંજ્ઞા તોડનારા તપ કરવા માટે અને તપ કરતી વખતે આ ભાવના કર્યા કરવાની કે 'જીવ ! ધ્યાન રાખ, ખા ખા કરવાની સુંવાળાશથી ઊભાં કરેલ કર્મ અને સર્જેલો સંસાર એમ નહિ તૂટે, એ તો એની સામે 'ન ખાઉં, ભૂખ સહન કરું' એવી સ્વેચ્છાપૂર્વક વિવિધ તપ કરવાની કઠોરતાથી જ તૂટશે. અને આ ખાવું એ વળી જીવના સ્વભાવમાં છે જ ક્યાં ? જીવનો સ્વભાવ તો અણાહારી છે. ખાવાનું તો આત્માના સંસારનો વિકાર છે. તો શું વિકારો ખૂબ ખૂબ સેવવાના ? ના, એમાં તો મરવાનું છે. એકેન્દ્રિયો, બેઇન્દ્રિયાદિ, વિકલેન્દ્રિયો, પશુપંખી વગેરે વિશાળ જગત, ખાવા પાછળ મરી રહ્યું દેખાય છે. નરકના જીવને ખાવાની બાહ્ય ક્રિયા નથી પણ કારમી ભૂખના લીધે ખાવાની ઈચ્છા થતાં એવાં પુદ્ગલો રોમ વાટે શરીરમાં ખેંચાય છે કે તેજાબ પીધાની જેમ તે અંદર ભયંકર લાહાયો ઊભી કરે છે. પૂર્વ ભવે તપની તક ગુમાવી આહારસંજ્ઞા ભરચક પોષ્યે રાખી માટે એવું બને ને ? તો હવે એવી નાદાન ભૂલ શા સારું કરું ? આહાર-ઊંઘ તો વધાર્યા વધે, ઘટાડ્યા ઘટે. માટે એને ઘટાડવાનો ધંધો માંડી જીવન અજવાળું.'

એવું લક્ષ રાખીને એવી ભાવના સેવીને તપ કર્યે જવાય. ત્યાં પછી મનમાં કદાચ આવી જતા ખાવાના વિચાર અને આહારનાં વલણ તરફ ખેદ થશે, પછી એ ખેદ વારંવાર થયે અને પુનઃપુનઃ ભાવનાપૂર્વક તપના અભ્યાસમાં તપનો રસ વધતે વધતે આહારનાં વલણ બહુ મોળાં પડી જશે, તપનાં વલણ, તપની સંજ્ઞા જાગ્રત થઈ જશે, આ મહાન લાભ છે, માટે મન મારીને પણ વારંવાર તપનું આચરણ જરૂરી છે.

**પ્રભુ મહાવીર દેવ જેવા** લગાતાર કઠોર તપ આચરે તો પછી આપણા માટે એની આવશ્યક્તાનું પૂછવું જ શું ? કવિ કહે છે,

**'તે ભવ મુક્તિ જાણે જિનવર, ત્રણ ચઉ જ્ઞાને નિયમા;**



**તો પણ તપ આચરણ નવિ મૂકે, અનંતગુણો તપ મહિમા.**
**તપ પદને પૂજીજે હો પ્રાણી૦**

શ્રી જિનેશ્વરદેવ ગર્ભથી માંડીને મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન એ ત્રણ જ્ઞાન અને દીક્ષાથી માંડી મનઃપર્યાયજ્ઞાન સહિત ચાર જ્ઞાન નિશ્ચિત ધારણ કરનારા હોય છે, એથી પોતાનો નક્કી મોક્ષ જાણે છે, છતાં એ ત્રિલોકનાથ તપનું આચરણ મૂકી દેતા નથી. એથી એમની આંતરિક પરિણતિ અધિકાધિક વિકસતી ચાલે છે. માટે બાહ્ય તપ પણ ખૂબ સેવવાનું અતિ આવશ્યક છે. આહારસંજ્ઞા, આહારનું વલણ એનાથી તૂટતું આવશે.

**એવું જ, વિષયસંજ્ઞાનું જોર તોડવા માટે** વિવિધ ત્યાગના અભ્યાસ કરતા રહેવું જોઈએ. આ તો ખ્યાલ રાખવાનો કે કાંઈ પણ વ્રત, પચ્ચક્ખાણ, બાધા, નિયમ કરવાનો અને પાળ્યે જવાનો તે વિષયસંજ્ઞા તૂટતી આવે એ માટે. એટલે,

**વિષયસંજ્ઞા તોડવાની ભાવના :-**

એ ભાવતા જ રહેવાનું કે 'આ શબ્દાદિ વિષયોમાં આકર્ષણ મારાં કેમ ઓછાં થતાં આવે ! શો માલ છે આ વિષયોમાં ? એ બધા આવશે ને જશે કોઈ સ્થિર સ્થાયી ન તો ટકશે, કે ન સ્થિર કાયમી સુખ-આનંદ દેખાડશે, છતાં મારે વચમાં નાચંનાચ કરવાનું ? વિષયસંપર્કના વાયરાના ઝપાટામાં શું હું પવનચક્કી તે આમતેમ ફર્યા જ કરું ? ના, હું પવનચક્કી નહિ, હું તો સ્થિર થાંભલો, એ વિષય સંપર્કોરૂપી વાયરા આમ આવે કે તેમ આવે, હું મારે સ્થિર, જરાય ન હલું, ન ફરું, ન એની કોઈ અપેક્ષા રાખું ! અનિષ્ટ વાયરો જાય તો સારું એ ય નહિ, ને ઈષ્ટ વિષય સંપર્કરૂપી વાયરો આવે તો સારું એ ય નહિ. આમ અપેક્ષા તૂટી એ સંજ્ઞા તૂટી કહેવાય.

બધા ય વ્રત નિયમ કરીએ-પાળીએ બધી ય ધર્મસાધના કરીએ, એમાં આ ભાવવાનું અને નક્કી કરતા આવવાનું ચાલું. તો જ ધર્મસાધના સફળ થતી આવે, મોક્ષ જોઈએ છે ને ? તો મોક્ષ તો જગતના સમસ્ત પદાર્થોનાં આકર્ષણ વિનાનો છે, એ બધાને માત્ર જોયા કરવાનો છે. એ સ્થિતિ કેમ આવે ? શું એકાએક આવી જાય ? જ્યાં આત્મા પર સંજ્ઞા-આકર્ષણોના અનંતા આંટા વીંટાયેલા છે, ત્યાં કાળના કાળ એને ઉકેલ ઉકેલ કરતા રહેવું જોઈશે. એ વસ્તુ વ્રત-નિયમ-ધર્માનુષ્ઠાનો અને સુકૃતો કરતા રહેવાથી જ બનશે, પણ રંગ-રાગ-ભોગ અને આરંભ-સમારંભથી સાંસારિક પ્રવૃત્તિ તથા મોહભર્યા સાંસારિક વ્યવહારોથી નહિ.

**વિષયસંજ્ઞાની જેમ પરિગ્રહસંજ્ઞા તોડવા માટે** કૃતજ્ઞતા, દાનધર્મ, સેવાધર્મ, પરોપકારની ખૂબ ખૂબ પ્રવૃત્તિઓ જોઈશે. એ કર્યા વિના પરિગ્રહ કડવો નહિ

લાગે ! અનંત અનંત કાળથી મીઠો લાગેલો અને વહાલો કરેલો પરિગ્રહ શું એમ જ કડવો લાગી જાય ? અગર એની પ્રવૃત્તિ ધૂમધોખ ચાલુ રાખી વૈરાગ્ય ભાવનામાત્ર કરવાથી એ પરિગ્રહ કડવો લાગે ? ના, પરિગ્રહની સામે વિવિધ દાનની પ્રવૃત્તિ ભરચક ચાલવી જોઈએ, કૃતજ્ઞતા રૂપે ખર્ચ, સુપાત્રદાનમાં ખર્ચ, સાધર્મિક-ભક્તિમાં ખર્ચ, પ્રભુપૂજામાં સારો વ્યય, ધર્મક્ષેત્રો-તીર્થોમાં બધે જ શક્ય વ્યય કરતા રહેવાય, ત્યારે એટલા એટલા ખર્ચાતા પરિગ્રહ પરના રાગ ઊઠે, આકર્ષણ મોળાં પડે; એમ પરિગ્રહ સંજ્ઞા કપાતી આવે.

**પરિગ્રહસંજ્ઞા તોડવાની ભાવના :-**

પરંતુ એ વિવિધ દાનની પ્રવૃત્તિઓમાં પરિગ્રહ-સંજ્ઞા તોડવાનું લક્ષ રાખવાનું. એ માટે એમ ભાવવાનું કે 'અહો ! જગદ્ દયાળુ જિનેશ્વરદેવોનો કેવો ઉપકાર કે એમણે આ પરિગ્રહના નરકદાયી ભારથી બચાવવા સુંદર દાનધર્મ આપ્યો ! સંઘનો પણ કેવો ઉપકાર કે એ દાનની અનેક પ્રકારની પ્રવૃત્તિઓ સ્વયં આચરીને મારા જેવા પામરને એનાં દર્શન કરાવી સારી પ્રેરણા આપી રહ્યો છે ! જોઉં તો દેખાય છે કે,

**"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૧૦,અંક-૪૫,તા.૧૧-૮-૧૯૬૨**

(૧) દાન કરનારનાં મોં કેટલાં ઊજળાં છે ! દુનિયામાં ય કહેવાય છે કે 'લેનારો લાજે, દેનારો ગાજે.'

(૨) દાનની ક્રિયા પવિત્ર દેખાય છે તેવી પરિગ્રહની નહિ.

(૩) દાન બીજાને ય આનંદ આપે છે, ત્યારે પરિગ્રહ નહિ.

(૪) દાન કર્યાનો આનંદ અમર રહે છે, જ્યારે જ્યારે યાદ કરીએ ત્યારે ત્યારે આનંદ થાય છે 'અહો ! એક સારું સુકૃત થઈ ગયું,' પણ પરિગ્રહનો આનંદ તેવો નથી, એ તો ક્ષણજીવી વિનશ્વર છે; અનેક ચિંતા-સંતાપ-કષાય અગ્નિના તાપથી ભરેલો ! અને છેવટે મૃત્યુ વખતે તો ઊલટું જંગી દુઃખ કરાવનારો !

(૫) દાન ધર્મથી જ દેવ-ગુરુ-સંઘ સાથે દિલની સગાઈ થાય છે. દાન એટલે દેવ-ગુરુ-સંઘની કૃતજ્ઞતા સેવા, પૂજા, ભક્તિ વગેરેમાં જો ખર્ચવાનું ન હોય, પાસેની ગઠડીનું મોં બાંધી જ રાખવાનું હોય તો એમની સાથે દિલના સંબંધ શા ? એ તો એમના માટે કંઈક ઘસાઈએ તો એ દિલમાં પોતાના તરીકે વસે. પૈસા કરતાં એમને વધારે કિંમતી ગણીએ, એમની પાછળ પૈસા ખર્ચ્યા લેખે લાગ્યા બરાબર સમજીએ અને ખરચીએ, તો એમની સાથે આપણા દિલના સંબંધ બંધાય. એવા સંબંધ બંધાયા પછી તો એ દેવ-ગુરુના આદેશ-ઉપદેશને ઝીલવા ખરેખરી



તત્પરતા આવે અને આત્મકલ્યાણના માર્ગે ઝડપી પ્રયાણ થાય.

દાનના આવા ઉત્તમ લાભ દેખી પરિગ્રહમાં શું રાચવું'તું ? શાસ્ત્ર તો કહે છે,

**'પરિગ્રહ ભાર ભર્યા પ્રાણી; પામે અધોગતિ દુઃખ ખાણી.'**

પરિગ્રહ એ શિલા છે, એની સાથે બંધાયે પ્રાણી ભવસાગરમાં ડૂબે છે. ભાર વધારે તેટલો વહેલો અને વધુ નીચે જાય. પરિગ્રહમાં લેશ્યા કેટલી બધી બગડે છે! મન કેવું જડવાદી જડમય બની જાય છે ! પરિગ્રહથી સંબંધોમાં ભંગ, કલહ-કંકાસ, મદ, પ્રપંચ અને દુર્ધ્યાન વગેરે કેવી કેવી ખરાબીઓ સર્જાય છે ! અહાહાહા પ્રભુ! હું આવા કારમા પરિગ્રહને બદલે ક્યારે તને અને તારી આજ્ઞાને Wholesole સંપૂર્ણ સર્વથા બંધાયેલો બની જાઉં !'

આવી આવી ભાવના ભાવવામાં આવે તો એ દાનાદિ પ્રવૃત્તિમાં અને બહાર પણ પરિગ્રહસંજ્ઞા, પરિગ્રહનો આવેશ, ઓછો થતો જાય. એટલું ભૂલતા નહિ કે કોરી ભાવના નહિ કામ લાગે, સાથે દાનાદિ પ્રવૃત્તિ જોઈશે; આંખ મીંચીને, કાળા-ધોળા કરીને, પરિગ્રહ વધારવાનું બંધ કરવું પડશે. તો જ પેલી ભાવના હૈયામાં વણાશે અને પરિગ્રહ પ્રત્યે કડવાશ, તથા દાનની સંજ્ઞા ઊભી થશે.

આરામીની સંજ્ઞા તોડવા માટે કષ્ટ કરીને ધર્મનાં અનુષ્ઠાન કરતાં રહેવું જોઈએ. ધાર્મિક પ્રવૃત્તિ ચાલુ ને ચાલુ રાખવી પડે, કષ્ટ સહીને પણ સેવા-પરોપકાર અને કૃતજ્ઞતાનાં કાર્ય બજાવતાં રહેવું જોઈએ, એમ કરતાં કરતાં ખોટી આરામીની સંજ્ઞા ઓછી થતી આવે છે, હરામ હાડકાંની વૃત્તિ ઘટે છે. નહિતર આરામી અને ઊંઘ લીધ્યે એની સંજ્ઞા દૃઢ થાય છે. એટલું જરૂરી છે કે શુભ પ્રવૃત્તિની સાથે સાથે ચિત્તમાં આ ભાવના ભાવતા રહેવું પડે;-

'અરે ! મારી એશઆરામીની સંજ્ઞા કેમ માંદી પડે ? કેમ હું એને ફગાવી દઈ સત્કૃત્યો સુકૃત અને સેવા આદિમાં ખડે પગે રહું ! પરલોકમાં જવાબ આ આપશે. આરામી નહિ. આરામી તો માત્ર પૂર્વના પુણ્યખાતામાં પુણ્યને ઉધારવાનું કરશે. અને આવા સુંદર સ્ફુર્તિમય, બુદ્ધિમય, પ્રફુલ્લિતતામય, અને પુરુષાર્થ શક્તિભર્યા માનવ અવતારમાં વળી આરામી શી ? નિગોદમાં એકેન્દ્રિયના અવતારે આરામી બહુ લીધી. અહીં એનો ચડસ રાખીશ તો મહા કિંમતી પુરુષાર્થ શક્તિનો નાશ થશે અને એથી ગુનેગાર ઠરીને આરામીવાળા એકેન્દ્રિયપણામાં પાછું ચાલ્યું જવું પડશે ! અહાહાહા ! આવું થાય તો કેટલું દુઃખદ ? પછી તો ત્યાંથી બહાર કોણ કાઢે ? માટે મારે એ ન ખપે. છતી ઉદ્યમની સામગ્રીએ આરામી કરવી એ

નફફટતા છે.

વળી આરામીમાં આત્મહિત ચુકાય છે, ખોટા વિચાર ચાલે છે, ખોટાં સ્વપ્નો આવે છે, ખોટી બુદ્ધિ જાગે છે, આરામીના ચડસમાં છતી આંખે દેખાવા છતાં વિનય-વિવેક-મર્યાદા-આમન્યા-સેવા વગેરેનાં કાર્ય પ્રત્યે આંખમિચામણાં અગર ધિઢાઈ થાય છે. આરામી કેવી દુષ્ટ ! ધિક્કાર હો આવી આરામીને !'

આવી ભાવના કરતાં કરતાં આરામીની સંજ્ઞા, નિદ્રાની સંજ્ઞા તરફ ઘૃણા થાય છે, એ સંજ્ઞા મોળી પડતી આવે છે. આરામી છોડી એવાં સત્કૃત્યો બનાવતી વખતે આવો કંઈક ખ્યાલ રહેવો જોઈએ કે 'ઠીક થયું આ સુકૃતનો અવસર આવ્યો, તો હું હરામી આરામીથી બચ્યો !' આવા વારંવાર ખ્યાલથી આરામીની સંજ્ઞા-લત-લગનીનું જોર મંદ પડે છે. એની સામે ધર્મસંજ્ઞા, પરમાર્થસંજ્ઞા, સુકૃતસંજ્ઞા ઊભી થાય છે; કેમ કે ધર્મ-પરમાર્થ-સુકૃતનો રસ જાગે છે.

**ધર્મસંજ્ઞા આડે શિલા :-**

વાત એ હતી કે આહારાદિ સંજ્ઞા એટલે આહારાદિ પ્રત્યે હોંશભર્યા વલણ, એ અડીખમ ઊભાં હોય તો ધર્મસાધના એ નહિ કરવા દે ! કેમ કે ધર્મ છે દાનાદિ સ્વરૂપ; એ હોંશથી કરવા ધર્મસંજ્ઞા જરૂરી છે, પરંતુ દાનાદિ ધર્મની સંજ્ઞાની આડે પરિગ્રહાદિની લત-લગની શિલારૂપે આવી ઊભી રહે છે. માટે જ આ શિલાને હટાવવી જોઈએ, આ અવરોધક લગનીઓને મોળી પાડવી જોઈએ. અલબત્ત એને મંદી કરવા માટે પૂર્વે વિચાર્યું તેમ એને મંદી કરવાના લક્ષથી દાનાદિ પ્રવૃત્તિ અને યોગ્ય ભાવના ચાલુ રાખવી જોઈએ, ખરો ઉપાય એ છે, એ સેવતાં સેવતાં અનાદિની આહારાદિની સંજ્ઞાનાં જોર તૂટે છે, ધર્મસંજ્ઞાનાં જોર જામે છે.

**બે જાતની સંજ્ઞાનાં કાટલાં જુદાં :-**

પછી તો કેમ ? તો કે જેમ પહેલાં આહાર, વિષય, પરિગ્રહ અને નિદ્રા-આરામીની સંજ્ઞા જોર કરતી હતી ત્યારે બધા સરવાળા બાદબાકી વગેરે એના આધારે થતા, એ સંજ્ઞાના કાટલે જ બધું જોખાતું, બધી ગણતરી હિસાબ મંડાતા, એમ, હવે ધર્મસંજ્ઞાનું સામ્રાજ્ય જામવાથી બધી સરવાળા-બાદબાકી ધર્મસંજ્ઞાના આધારે મંડાવાના, ધર્મસંજ્ઞાની અપેક્ષાએ ગણતરી-હિસાબ મંડાવાના, એના કાટલે બધું જોખાવાનું. આ વસ્તુ જરા સ્પષ્ટતાથી જુઓ.

માણસ જ્યારે આહારાદિ સંજ્ઞામાં જકડાયેલો હોય છે, ત્યારે દા.ત. એને કોઈ બહારગામ જવું હોય તો ઝટ આ વિચારે છે કે 'ત્યાં ખાવા જમવાની સગવડ હશે ને ? ત્યાં ઊતરવા કરવાનું સુખે મળશે ને ? અહીં દુકાનનું, ધંધાનું શું થશે ?...' શું આ ? એ સંજ્ઞાના આધારે ગણતરી. પછી એમ લાગે કે અમુક ગામ



કરતાં ત્યાં બધી સગવડ ઠીક ઠીક છે તો ખુશી થશે. એ ખુશી શાના કાટલે માપી ? કહો, આહારાદિ સંજ્ઞાના જ કાટલેસ્તો ! એક ઠેકાણે સુખ સગવડનો સરવાળો, બીજે ઠેકાણે બાદબાકી માંડી તે આ સંજ્ઞાના ધોરણ પર જ. જુઓ ત્યાં ધર્મસાધના મળશે કે નહિ, મંદિર હશે ? ઉપાશ્રય ગુરુમહારાજ હશે ? પરોપકાર કરવાનો મળશે ? ત્યાંના સંઘની કોઈ સેવા કરવાની મળશે ? આવી કોઈ ગણતરી છે ? ના, કેમ કે એ તો ધર્મસંજ્ઞા ધર્મવલણ, ધર્મની લગની હોય તો જ બને. બેય સંજ્ઞાવાળાના હિસાબ-ધોરણ-મનોરથ-કાટલાં-આબાદી વગેરેનું માપ, એ બધું જુદું રહેવાનું.

તે પણ જીવનના મુદ્દે મુદ્દામાં જુદું ! આહારસંજ્ઞાવાળો ખાવા બેસે ત્યાં સ્વાદ રસ વગેરે જોવાનો; ધર્મસંજ્ઞાવાળો તો અભક્ષ્ય ત્યાગ, રસ ત્યાગ, દ્રવ્યસંક્ષેપ, આહારની નિંદા-પ્રશંસાનો ત્યાગ, ઈત્યાદિ ઉપર લક્ષ રાખવાનો. દુકાને બેઠો પેલો જરૂર પડ્યે જૂઠ-અનીતિ કઠોરતા કરીને ય ગમે તે ભોગે પૈસા ઊભા કરવા તરફ લક્ષવાળો, ત્યારે ધર્મસંજ્ઞાવાળો સત્ય, નીતિ, દયા, ધર્મપાલન વગેરે તરફ ખાસ લક્ષ રાખવાનો.

**બાળકને પતાસું આપી કલ્લી કાઢી લે તેમ :-** ધર્મસંજ્ઞા જામ્યા પછી ધર્મસાધનાની મજા જામે છે. જિનેશ્વર ભગવાનના ધર્મ સાથે ભેટાઈ તો ગયા છીએ, પરંતુ એને હૈયે સ્પર્શાવા માટે આ પહેલું જરૂરી છે કે આહારાદિ-સંજ્ઞાઓની ઉપરવટ ધર્મસંજ્ઞા થાય; ધર્મસંજ્ઞાને પોષવા માટે જે હોંશ, ધગશ, ગરજ, તાલાવેલી હોય એવી આહારાદિની સંજ્ઞા પોષવા માટે નહિ. આ જરૂરી છે કેમ કે જો આહારાદિની સંજ્ઞાઓ પોષવામાં જ હોશિયારી હશે તો તો જેમ બાળકને કોઈ પતાસું દેખાડતાં હાથની સોનાની કલ્લી ફેંકાવી દે છે, એમ જીવને આહારાદિની વસ્તુ મળતાં એ ધર્મને ગુમાવરાવે છે ! આપણે તો આહારના રસ અને અનેક ટંક, વિષયોના ભોગ, પરિગ્રહના સંગ અને આરામીની ગુલામી ફેંકી દઈને સોના જેવો જિનધર્મ હૈયે ઉતારવો છે. ચાતુર્માસ કાળ આ માટે બહુ યોગ્ય છે, ધર્મની મોસમ ગણાય છે, એમાં પાપસંજ્ઞાઓ તોડી નાખવા અને ધર્મસંજ્ઞા કેળવવા ઘણી ઘણી તક છે. શું આહાર-વિષયો ચાટવાની લાલસા અને પરિગ્રહભાર ભરવાની લાલસા પાછળ ચોમાસું આરાધવાની તક જતી કરવી છે ?